ભગવાન

શ્રી સ્વામિનારાયણ ચરિત ગાથા

ભાગ ૧



સ્વામી માધવપ્રિયદાસ

ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિતગાથા

ભાગ-૧

લેખક :

સ્વામી માધવપ્રિયદાસ

ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.
મુંબઈ ● અમદાવાદ

Bhagawan Shree Swaminarayan Chritgatha Bhag-1:
written by Madhavpriydas

પ્રકાશક :

ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.

૧૯૯/૧, ગોપાલ ભુવન	૧-૨, અપર લેવલ, સેન્ચૂરી બજાર
પ્રિન્સેસ સ્ટ્રીટ	આંબાવાડી સર્કલ, આંબાવાડી
મુંબઈ ૪૦૦ ૦૦૨	અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન:૨૨૦૦ ૨૬૯૧, ૨૨૦૦ ૧૩૫૮	ફોન:૨૬૫૬ ૦૫૦૪, ૨૬૪૪ ૨૮૩૬
Email-imagepub@gmail.com	Email :imageabad1@gmail.co
Website:www.suresh-dalal.in	E-book:www.e-shabda.com

પ્રાપ્તિ સ્થાન:

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ડ્રાઇવન રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન:(૦૭૯) ૨૭૯૧૨૫૯, મો. ૯૮૨૫૨ ૧૦૦૯૬
શ્રી સ્વામિનારાયણ ગુરકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્,(SGVP)છારોડી, અમદાવાદ
ફોન: (૦૨૭૧૭) ૨૪૨૧૪૧, મો. ૯૮૨૫૨ ૧૦૦૩૮

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૫
બીજી આવૃત્તિ : ૨૦૧૬

મૂલ્ય: રૂ.૫૦૦ (બંને ભાગના)
રૂ.૨૩૦ (સૌજન્યને આભારી)

ISBN : 81-7997-692-0

આવરણ:

લેઆઉટ/ટાઇપસેટિંગ: **બાલકૃષ્ણ સોલંકી**
ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ. અમદાવાદ

મુદ્રક : હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા. લિ., અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૬૪૨ ૧૦૦૮ – મો. ૯૮૨૫ ૮૫૦૫૫૯

ભગવાન શ્રી સ્વામિનારાયણ

ચરિતગાથાના

પ્રેરણાસ્રોત આદરણીય

શ્રી સુરેશ દલાલના દિવ્ય આત્માને

સાદર અર્પણ

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

सनातन धर्मधुरंधर आचार्य श्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री
श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी
संस्थान : वडताल - पीन : ३८७ ३७५

आचार्य जा. र. नं. २४/२०७१ ता. १ - ४ -२०१५

આર્શીવાદપત્ર

પ્રતિશ્રી,
શા.સ્વા.શ્રી માધવપ્રિયદાસજી ગુ.શા.સ્વા.શ્રી ધર્મજીવનદાસજી
"શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ, વિશ્વ વિદ્યા પ્રતિષ્ઠાનમ્"
છારોડી, અમદાવાદ.

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા આરાધ્ય ઈષ્ટદેવશ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણકમળથી લિ.વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પિઠાધિપતિ **પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ના શુભાશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષમાં આપશ્રી દ્વારા "ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ગાથા" નામક સુંદર સાહિત્ય ગ્રંથની રચના કરવામાં આવેલ છે. તેથી અમો ખૂબ રાજીપો વ્યક્ત કરીએ છીએ.

જીવ પ્રાણી માત્રના કલ્યાણને અર્થે ભગવાન શ્રી સ્વામિનારાયણનું પોતાના પરમહંસો સાથે આ અવનીમાં પધારવું તથા હિન્દુ સનાતન ધર્મ (ભાગવત ધર્મ) ના પોષણ તેમજ પોતાના પ્રેમી ભક્તોના મનોરથને પૂર્ણ કરવા અને સહેજે સહેજે પોતાના ધામની પ્રાપ્તી કરાવી આપવા રૂપ અનેક દિવ્ય ચરિત્રોથી સભર આ પ્રસ્તુત ગ્રંથમાં આપશ્રીએ આપની વિદ્વતા, વિવેક, સમજણ તેમજ સાંપ્રદાયિક, હિન્દુ તથા વૈશ્વિક ધર્મોના ગ્રંથોનો અભ્યાસ તેમજ સત્સંગમાં અહોનીશ વિચરણના કારણે ભગવાન શ્રી સ્વામિનારાયણનું ચરિત્ર આપશ્રીએ સત્સંગમાં પ્રસ્તુત કરવાનું વિચાર્યું છે. ત્યારે અમો હૃદયથીં આપના પ્રયાસને બિરદાવીએ છીંએ. પ્રસ્તુત ગ્રંથ દ્વારા અનેક મુમુક્ષ જીવાત્માઓંને ભગવાન શ્રી સ્વામિનારાયણનો યર્થાથ મહિમા સમજાય તેમજ જેઓ સંપ્રદાયનાં અનુયાયી નથી, તેવા જીજ્ઞાસુ ભક્તજનોને પણ શ્રીહરિનો મહિમા સમજાય તેવી વડતાલધામમાં પ્રગટ બીરાજમાન શ્રી હરિકૃષ્ણમહારાજના ચરણ કમળમાં પ્રાર્થના કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથમાં તન, મન, ધનથી સહયોગ આપનાર ભક્તોનું મહારાજ મંગળ વીસ્તારતા રહો તેવી અભ્યર્થના સહ અમારા ભાવથી જય સ્વામિનારાયણ.

આચાર્ય મહારાજ શ્રી

श्री निलकण्ठ ! हरिकृष्ण ! हरे ! दयालो, स्वामिन् ! परात्परवराक्षर धामवासिन् ॥
हारिप्रसाद ! पुरुषोत्तम ! धर्मपुत्र ! नारायणं सुखनिर्धिप्रणमाम्यह त्वाम् ॥

પ્રકાશકનો ઋણસ્વીકાર

પુસ્તકમાં સામાન્ય રીતે 'પ્રકાશકનું નિવેદન' મુકાતું હોય છે. માધવપ્રિયદાસજી એવા સાહિત્યરસિક સંત છે અને એમનો ઇમેજ પબ્લિકેશન્સના ચૅરમૅન મુ. નવીનભાઈ દવે તેમજ ઇમેજના જન્મદાતા સુરેશભાઈ (સુરેશ દલાલ) સાથે એવો આત્મીય સંબંધ છે કે એમનું કોઈ પુસ્તક અમે પ્રગટ કરીએ એનું નિવેદન ન હોય પણ ઋણસ્વીકાર જ હોય. એમની સાથે અમારું નામ જોડાય એ અમારું સદ્‌ભાગ્ય, એ અમારો આનંદ.

સન ૨૦૦૦માં સુરેશભાઈએ માધવપ્રિયદાસજીની દીર્ઘ મુલાકાત લીધી હતી અને એ મુલાકાતના ગુજરાતી અને અંગ્રેજીમાં એમ બે ભાષામાં પ્રકાશનથી અમારો ઘરોબો બંધાયો. સન ૨૦૦૯માં એક સુખદ યોગાનુયોગ એ રીતે થયો કે, માધવપ્રિયદાસજીની સાહિત્યપ્રીતિ અને પ્રતિભાનું દર્શન કરાવતાં બે પુસ્તકો ઇમેજે પ્રકાશિત કર્યાં. 'કીર્તનની કુંજગલી' મુક્તાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ જેવા સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ રચેલાં ભક્તિ કાવ્યોનો માધવપ્રિયદાસજી એ કરાવેલા રસાસ્વાદનો સંગ્રહ છે, તો 'જોગી ચલો આપણે ગામ'માં એમનાં સ્વરચિત કાવ્યો આપણને મળે છે.

આસ્વાદ અને સર્જન પછી 'ઈઝરાયલની ધર્મયાત્રા'ના ઇમેજના પ્રકાશનથી એક સંતના અભિગમથી આલેખિત પ્રવાસકથા આપણને પ્રાપ્ત થાય છે અને ગયા વરસે બે ભાગમાં પ્રકાશિત 'શ્રી સ્વામિનારાયણ ચરિતગાથા'થી જીવનચરિત્રનું આલેખન થાય છે. એમના દરેક પુસ્તકની પ્રથમ આવૃત્તિ તો ખૂબ ટૂંકા સમયમાં ખલાસ થઈ જાય છે. આ બે ભાગને પણ એવો જ આવકાર મળ્યો છે. એક વર્ષમાં પુનઃપ્રકાશનનો રાજીપો વ્યક્ત કરતાં સુરેશભાઈના જ શબ્દોમાં સમાપન કરું:

"માધવપ્રિયદાસ સ્વામી, કવિતાના સહૃદય ભાવક છે. માત્ર ભાવક જ નથી, પણ પોતે પોતાની રીતે કાવ્યો પણ લખે છે. વાંચવું, લખવું, ચિંતન, મનન અને પ્રવચન એ એમની નિરાસક્ત વૃત્તિ અને પ્રવૃત્તિ છે. 'સાધુ તો ચલતા ભલા' એમ તેઓ દેશપરદેશનો સતત પ્રવાસ કરે છે, અનેક માણસોને મળે છે. અનેક સ્થળની વિગતો જાણે છે. માત્ર પુસ્તકોને નહીં પણ ચહેરાઓને વાંચે છે, અને સૌથી વધુ તો પોતે પોતાની ભીતર રહેલી કિતાબની બારાખડી ઊકેલે છે. સંત છે પણ શુષ્ક કે નીરસ નથી. ચૈતન્યની વસંત મહોરેલી હોય છે!"

– ઉત્પલ ભાયાણી

બીજી આવૃત્તિ વેળાએ

ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિતગાથાની પ્રથમ આવૃત્તિને વાંચકોનો ખૂબ સારો પ્રતિસાદ પ્રાપ્ત થયો. ચરિતગાથાના પાઠ શરૂ થયા, પારાયણો થવા માંડી. સંપ્રદાયના સારા સારા સંતોના અંતરના આશીર્વાદપૂર્ણ અભિપ્રાયો પ્રાપ્ત થયા. ઉપરાંત સંપ્રદાયથી અજાણ હોય એવા જિજ્ઞાસુઓ અને વિદ્વદ્વર્ગ તરફથી પણ સારો આવકાર સાંપડ્યો.

ખાસ કરીને ચરિતગાથાનો વૈજ્ઞાનિક પક્ષ સર્વને ગમ્યો એથી અંતરમાં વિશેષ આનંદ થયો. ચરિતગાથાની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થતાની સાથે જ પૂરી થઈ ગઈ, એથી આ બીજી આવૃત્તિ બહાર પાડવી અનિવાર્ય બન્યું.

અનેક સુજ્ઞ વાચકો તરફથી સારા સારા સૂચનો પ્રાપ્ત થયા અને સંજોગવશાત્ રહી ગયેલી કેટલીક ત્રુટિઓ તરફ ધ્યાન પણ દોરવામાં આવ્યું. આ બીજી આવૃત્તિમાં એને સુધારવાનો પ્રયાસ થયો છે.

સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના વિવિધ નામો પ્રસિદ્ધ છે. બાળપણમાં તેઓ હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ, ઘનશ્યામ નામથી ઓળખાતા.

વનવિચરણ દરમિયાન તેઓ નીલકંઠવર્ણી, વર્ણી, વર્ણીરાજ, બ્રહ્મચારી વગેરે નામોથી ઓળખાતાં.

લોજના નિવાસીઓ એમને સરજુદાસ કહેતા. ગુરુદેવ રામાનંદ સ્વામીએ દીક્ષા આપી નારાયણમુનિ અને સહજાનંદ સ્વામી નામ રાખ્યાં હતાં.

રામાનંદ સ્વામીના અક્ષરવાસ બાદ ચૌદમાની સભામાં એમણે સ્વયં પોતાનું નામ 'સ્વામિનારાયણ' જાહેર કર્યું હતું.

સત્સંગ વિચરણ દરમિયાન તેમજ સભા પ્રસંગોએ ભક્તો એમને લાડમાં 'શ્રીજી મહારાજ' કે 'મહારાજ' કહીને પણ બોલાવતા.

ગઢાળીના આંબાશેઠે એમનું નામ 'ન્યાલકરણ' રાખ્યું હતું.

ચરિતગાથામાં મોટે ભાગે 'સ્વામિનારાયણ' તથા 'મહારાજ' નામો વપરાયા છે. પ્રસંગોપાત કોઈ કોઈ સ્થળે અન્ય નામો પણ વપરાયાં છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના નંદસંતોના નામ બ્રહ્માનંદસ્વામી, મુક્તાનંદસ્વામી વગેરે છે. તેઓ બ્રહ્મમુનિ, મુક્તમુનિ વગેરે નામથી પણ ઓળખાય છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું મૂળ નામ 'ઉદ્ધવ સંપ્રદાય' છે.

સંપ્રદાયથી અજાણ વાચકોને નામોને લીધે સમજવામાં મુશ્કેલી ન રહે એટલે આટલી સ્પષ્ટતા જરૂરી લાગી છે.

ખાસ કરીને આ બીજી આવૃત્તિમાં ગ્રંથના બીજા ભાગમાં પરિશિષ્ટ-૪નો ઉમેરો કરવામાં આવ્યો છે, જેનું નામ 'દલપત પ્રબંધ' છે.

વડતાલ ગાદીના ત્રીજા આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે કવીશ્વવર દલપતરામ દ્વારા શ્રીહરિલીલામૃત ગ્રંથની રચના કરાવી છે. આ ગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરિત્રોનું સુંદર અને રસાળ વર્ણન છે. આ ગ્રંથમાં કવીશ્વરે પ્રસંગોપાત્ જુદા જુદા છંદમાં અનેક પ્રબંધો ગૂંથ્યા છે.

આ પ્રબંધો બુદ્ધિની કસોટી કરાવે એવા કોયડા સમાન છે. આ પ્રબંધોની રચના પ્રતિભાસંપન્ન કવિઓ જ કરી શકે છે. આ પ્રબંધોમાં મનરંજન પણ ભારોભાર ભરેલું છે. આ પ્રબંધો ગુજરાતી સાહિત્યનો અણમોલો વારસો છે. આજે સાહિત્યક્ષેત્રે આ વારસો વિસરાઈ રહ્યો છે.

આશા છે કે ગુજરાતી સાહિત્યના બહુમૂલ્ય નજરાણાં સમા આ પ્રબંધો સર્વનું રંજન કરશે.

આ પ્રબંધોના કલાત્મક ચિત્રો શ્રી સ્વામિનારાયણ મંદિર સરધાર દ્વારા પ્રકાશિત માસિક 'ચિંતન'માંથી સાભાર લેવામાં આવ્યાં છે.

- સ્વામી માધવપ્રિયદાસ

અનુક્રમ

સુજ્ઞ વાચકોને નમ્ર વિનંતી છે કે,
આ ચરિતગાથા વાંચતા પહેલા ભાગ-૧ની ભૂમિકા અને ભાગ-૨ના પરિશિષ્ટ અચૂક વાંચવા. ભૂમિકા અને પરિશિષ્ટોનું વાંચન ન માત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણ, પરંતુ ભારતના મહાન અવતારો, યોગીઓ અને મહાપુરુષોના દિવ્ય જીવનને સમજવામાં માર્ગદર્શનરૂપ બનશે

– સ્વામી માધવપ્રિયદાસ

ભૂમિકા

સંકલ્પબીજનાં વાવેતર

ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવન ચરિત્ર ઉપર આધારિત આ 'ચરિતગાથા' ગ્રંથ આપ સર્વ સમક્ષ પ્રસ્તુત કરતા અંતર આનંદ, ધન્યતા અને કૃતાર્થતા અનુભવી રહ્યું છે.

ખાસ કરીને આ ગાથા લખવાની પ્રેરણા સુપ્રસિદ્ધ કવિ અને વિવેચક અ. નિ. શ્રી સુરેશભાઈ દલાલની રહી છે.

આદરણીય શ્રી સુરેશભાઈ દલાલે એમના અક્ષરવાસના એકાદ વર્ષ પહેલા પોતાના અંતરની ઇચ્છા મારી પાસે વ્યક્ત કરી હતી કે, 'તમે ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે લખો.' મારા સત્સંગ વિચરણના વ્યસ્ત કાર્યક્રમોને લીધે એમની હાજરીમાં આ ગ્રંથ પૂર્ણ ન થઈ શક્યો, એનો અંતરમાં રંજ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું ચરિત્ર લખવું એ કપરું કામ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણનું જીવન સાગર જેવું વિશાળ અને આકાશ જેવું ઉન્નત છે.

કવિકુલગુરુ કાલિદાસ રઘુવંશમાં કહે છે, કે 'નાનકડી નાવડીથી મહાસાગર તરી ન શકાય, ઊંચે લટકતાં ફળને ઠીંગણો આંબી ન શકે અથવા તો....

अथवा कृतवाग्द्वारे वंशेऽस्मिन् पूर्वसूरिभिः ।
मणौ वज्रसमुत्कीर्णे सूत्रस्येवास्ति मे गतिः ॥ (रघुवंश–सर्ग–१, श्लोक–४)

'દોરામાં શક્તિ નથી કે તે મણિમાં પરોવાઈ શકે પરંતુ એ જ મણિ જો વજ્રથી વીંધાયેલ હોય તો દોરો એમાં સરળતાથી પ્રવેશી જાય છે. એ જ રીતે આ મહાન રઘુવંશનું વર્ણન પૂર્વના મહાન કવિઓએ કરેલું છે, એટલે જ એ કંડારેલા માર્ગે મારાથી પ્રવેશ થઈ શકે છે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણની ચરિતગાથા લખવામાં મારી મતિની સ્થિતિ પણ આવી જ છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે દરિયા જેવું વિપુલ સાહિત્ય ઉપલબ્ધ છે; જેમાંથી કેટલુંક પ્રસિદ્ધ છે, કેટલુંક અપ્રસિદ્ધ છે. કોઈ પણ મહાપુરુષના જીવન દરમિયાન આટલા વિપુલ સાહિત્યનું સર્જન થવું એ વિરલ ઘટના છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સાગર જેવા વિશાળ જીવનને ગ્રંથરૂપી ગાગરમાં ભરવું એ કપરું કામ છે. જો પૂર્વના પરમહંસોએ ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે સાહિત્યનું સર્જન ન કર્યું હોત, તો આ ચરિતગાથા લખવી અશક્ય હતી.

જોકે, 'આ ચરિતગાથા છે' એમ કહેવું એ કરતાં 'આ ચરિતગાથા પૂર્વ સૂરિઓએ સર્જેલ વિશાળ સાહિત્યસાગરમાંથી વીણેલાં મુક્તકોની માળા છે' એમ કહેવું વધારે યોગ્ય ગણાશે.

ભારતીય સંસ્કૃતિમાં અવતારતત્ત્વ

વિશ્વમાં કેટલાક ધર્મો એવા છે કે જેઓ પરમાત્મામાં માને છે, પરંતુ પરમાત્માના અવતારોને સ્વીકારતા નથી. તેઓના મતે પરમાત્મા અવતરતા નથી, પરંતુ પરમાત્માનો પૈગામ લઈને પયગંબરો પૃથ્વી ઉપર અવતરે છે.

કેટલાક તો પયગંબરોનું પુનઃ અવતરણ પણ સહી શકે તેમ નથી. સનાતન ધર્મ આવો સંકુચિત કે બંધિયાર નથી. સનાતન હિન્દુ ધર્મ ગંગા નદીના પ્રવાહ જેવો અવિરત વહેતો ધર્મ છે. અહીં યુગે યુગે પરમાત્મા અને પયગંબરોના અવતરણ થતાં જ રહે છે અને ધર્મનાં નીરને નિર્મળ રાખે છે.

ગુલામીકાળથી માંડીને આજ સુધી સામ્યવાદી કે અંગ્રેજોના વારસાને વરેલા કેટલાંક કહેવાતા બૌદ્ધિકો તો ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણનું અસ્તિત્વ પણ સ્વીકારવા તૈયાર નથી.

કેટલાંક બૌદ્ધિકો ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણને મહામાનવ અથવા તો યુગ પ્રવર્તક તરીકે સ્વીકારે છે, પરંતુ 'એ પરમાત્માનો અવતાર છે' એવું સ્વીકારી શકતા નથી.

આ અસ્વીકાર પાછળ અનેક તર્કો છે. કેટલાંક કહે છે કે, 'વેદોમાં ક્યાંય અવતારતત્ત્વનું પ્રતિપાદન નથી, માટે અવતારવાદ અપ્રામાણિક છે.'

કેટલાંક કહે છે કે, 'પરમાત્મા સર્વ શક્તિમાન છે, તેઓ સંકલ્પ માત્રથી જે ધારે તે કરી શકે એમ છે, તો એમણે પૃથ્વી ઉપર શા માટે અવતાર ધરવો જોઈએ?'

કેટલાંક માને છે કે, 'પરમ શુદ્ધ પરમાત્મા માયાની અશુદ્ધિથી ભરપૂર જગતમાં શા માટે અવતરે? અને અવતરે તો એ પણ દૂષિત થઈ જાય.'

આ તર્કનું સમાધાન કરતાં વેદો કહે છે, 'જેમ આકાશ સર્વત્ર છે છતાં આકાશને કોઈ વિકાર સ્પર્શતા નથી, એ જ રીતે પરમાત્મા નિત્યશુદ્ધ અને નિર્વિકાર છે. માયામાં રહેવા છતાં પણ પરમાત્માને માયાની કોઈ અશુદ્ધિ સ્પર્શી શકતી નથી, માટે 'માયાના વિકારોથી પરમાત્મા દૂષિત થઈ જાય' એ માન્યતા ભ્રાન્તિપૂર્ણ છે અને પરમાત્માના મહિમાને ઓછી આંકનારી છે.'

અવતારવાદને નહીં સ્વીકારવાનું એક અન્ય પણ કારણ છે. આ દેશમાં ઘણા દંભી ગુરુઓને વાતવાતમાં ભગવાન થઈને પૂજાવાના કોડ જાગે છે. થોડી સિદ્ધિ-પ્રસિદ્ધિ કે માન-સન્માન મળે એટલે એમના મનમાં થઈ જાય છે, 'હું પણ ભગવાન હોઉં તો હોઉં!' ભૂતને પીપળો મળી રહે એમ આવા દંભીઓને માનનારો વર્ગ પણ મળી રહે છે.

ગુજરાતના સુપ્રસિદ્ધ 'જનકલ્યાણ' માસિકમાં એક ઉલ્લેખ જોવા મળ્યો હતો 'ભારતવર્ષમાં હાલમાં કેટલા ભગવાન છે? એનો સર્વે કરવામાં આવ્યો તો જાણવા મળ્યું કે, વર્તમાન સમયે આશરે ચારસો ઉપરાંત ભગવાન ભારતવર્ષની ભૂમિ ઉપર ભમી રહ્યા છે અને હજારો લોકોને ભમાવી રહ્યા છે!' દંભી ધર્માચાર્યોના આવા ખેલ જોઈને લોકોના હૃદયમાંથી અવતારો પ્રત્યેની શ્રદ્ધા ઓછી થાય તે સહજ છે.

ખલીલ જિબ્રાન કહે છે તેમ, 'અસત્ય હંમેશાં સત્યનો અંચળો ઓઢીને જ ફરે છે.' ખલીલ જિબ્રાનનું વિધાન સત્ય હોય તોપણ સત્યનું અસ્તિત્વ મટી જતું નથી. 'દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકીને પીએ' એ સમજી શકાય છે, પરંતુ એથી દૂધના અસ્તિત્વનો નિષેધ થઈ શકતો નથી; એ જ રીતે દંભી લોકો નાટક કરે એથી અવતારતત્ત્વનો નિષેધ થઈ શકતો નથી.

માનવને ભગવાન ઠરાવી દેવા એ અલગ વાત છે અને ભગવાન માનવ થઈને અવતરે એ અલગ વાત છે.

વેદોમાં અવતારતત્ત્વનું પ્રતિપાદન છે કે નહિ? એ વિશે લાંબા કાળથી શાસ્રાર્થ ચાલ્યા કરે છે.

વેદની અનેક ઋચામાં અવતારતત્ત્વનાં બીજ સમાયેલાં છે. યજુર્વેદનો મંત્ર છે,

प्रतद्विष्णुः स्तवते वीर्येण । मृगो न भीमः कुचरो गिरिष्ठः ॥
यस्योरुषु त्रिषु विक्रमणेषु । अधिक्षियन्ति भुवनानि विश्वे ॥ –

(यजुर्वेद – अ–५, श्लोक–२०)

વેદોના મહાન ભાષ્યકાર ઉવટે અને મહિધરે સુંદર અર્થ કર્યો છે, આ મંત્રમાં 'कुचरः' અને 'गिरिष्ठः' શબ્દ મહત્વના છે. 'कु' નો અર્થ છે, પૃથ્વી. 'गिरि' શબ્દના અનેક અર્થો છે. એને ધ્યાનમાં રાખીને આ ભાષ્યકારો કહે છે 'સિંહ સમાન નિર્ભય અને ભયંકર એ વિષ્ણુ આકાશની મેઘઘટાઓમાં ઇન્દ્ર રૂપે; વેદવાક્યોમાં પરમતત્ત્વ રૂપે; શરીરમાં આત્મા રૂપે અને પૃથ્વી ઉપર મત્સ્ય, કૂર્મ વગેરે અવતાર સ્વરૂપે વિહરે છે.

પોતાના પરાક્રમોથી પ્રસિદ્ધ એ વિષ્ણુની સર્વત્ર સ્તુતિ થાય છે. આ પરાક્રમી વિષ્ણુના ત્રણ પગલાંમાં સમસ્ત જડચેતન વિશ્વ સમાઈ જાય છે.'

આ રીતે વેદોની અનેક ઋચાઓ અવતારતત્ત્વમાં પ્રમાણભૂત છે. વેદોના વિસ્તાર માટે રચાયેલાં શાસ્રો શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ભગવદ્ ગીતા, રામાયણ વગેરે ગ્રંથો અનેક સ્થળે અવતારતત્ત્વની સ્પષ્ટપણે ઉદ્‌ઘોષણા કરે છે અને એમના મહિમાનું ગાન કરે છે.

વેદોના પરમ મર્મજ્ઞ ભગવાન શ્રી વેદવ્યાસ, ભગવાન શ્રીકૃષ્ણ, વાલ્મીકિ, તુલસીદાસ અનેક મહાન આચાર્યો તેમજ યુગપ્રવર્તક સંન્યાસી સ્વામી શ્રી વિવેકાનંદજી વગેરેએ એક અવાજે અવતારતત્ત્વનો સ્વીકાર કર્યો છે. અન્ય કોઈ પણ બુદ્ધિમાન મહાનુભાવો કરતાં આ મહાપુરુષોની પ્રામાણિકતા વિશેષ આદર અને શ્રદ્ધાપાત્ર છે.

જેમ ફૂલ ખીલે ત્યારે તેની સુગંધ પ્રસર્યા સિવાય રહેતી નથી, જેમ સૂરજ ઊગે ત્યારે એની રોશની ફેલાયા સિવાય રહેતી નથી, એ જ રીતે અવતારો પ્રગટે ત્યારે એમનો પ્રકાશ પથરાયા વિના રહેતો નથી.

અવતારો પ્રગટે છે ત્યારે એમનું લોકોત્તર ઐશ્વર્ય અને સામર્થ્ય એમના ભગવાનપણાની ગવાહી પૂરે છે. શાસ્રોની આગાહીઓ એમના આગમનની ઉદ્‌ઘોષણા કરે છે. શાસ્રોના મર્મજ્ઞ મહાપુરુષો એમની ગાથાઓ ગાય છે.

આખરે તો અવતારતત્ત્વના નિર્ણયમાં શાસ્રવેત્તા બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુઓ તેમજ પોતાની નીરક્ષીરનો ન્યાય કરનારી, હંસ જેવી વિવેકશાલિની બુદ્ધિ જ કામમાં આવે છે.

માનવ અને અવતાર વચ્ચે ભેદ

અવતારતત્ત્વને જાણનારા મહાપુરુષો કહે છે કે, સામાન્ય માનવ અને માનવરૂપે રહેલા ભગવાન વચ્ચે ભારે ભેદ હોય છે.

ભગવાન શ્રીકૃષ્ણ ગીતાજીમાં કહે છે :

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया ॥ (भगवद् गीता–अ–४,श्लोक–६)

'જીવ પ્રાણીમાત્ર પ્રકૃતિને આધીન થઈ જન્મે છે અને મરે છે, જ્યારે હું અજન્મા

છું, અવિનાશી છું, સર્વભૂત પ્રાણીમાત્રનો ઈશ્વર છું છતાં મારી પ્રકૃતિને આધીન કરીને યોગમાયાથી અવતાર ધારણ કરું છું.'

મનુષ્ય અલ્પજ્ઞ છે જ્યારે પરમાત્મા કોઈ પણ અવતાર સ્વરૂપમાં સર્વજ્ઞ હોય છે. તેઓ બધું જ જાણતા હોય છતાં અજ્ઞાની માનવની પેઠે જ લીલા કરતા હોય છે, પરંતુ સમયે સમયે એમનું સર્વજ્ઞત્વ પ્રગટ્યા સિવાય રહેતું નથી. જેમ કે, ગોવર્ધનધારણ લીલા વખતે ભગવાન શ્રીકૃષ્ણે ગોવર્ધનના ગુરુત્વબિંદુને સહજ રીતે શોધી લીધું હતું અને ત્યાં જ ટચલી આંગળીનો ટેકો દીધો હતો.

માનવનો આત્મા માત્ર પોતાના એકના જ શરીરમાં વ્યાપી શકે છે જ્યારે પરમાત્મા કોઈ પણ અવતાર સ્વરૂપમાં સર્વવ્યાપી હોય છે. એટલે તો પ્રહ્‌લાદની રક્ષા માટે એ સ્તંભમાંથી પણ નૃસિંહરૂપે પ્રગટે છે. કૃષ્ણાવતારમાં બ્રહ્માજીને અનેક રૂપે દર્શન આપે છે.

માનવ અસમર્થ છે જ્યારે પરમાત્મા માનવ શરીરમાં પણ સર્વશક્તિમાન હોય છે. ભગવાન શ્રીકૃષ્ણે ગોવર્ધનધારીને પોતાના સર્વશક્તિમાનપણાના દર્શન કરાવ્યા હતા.

ભગવાન રામ ભલે માનવલીલા કરતાં હોય છતાં સમયે સમયે આપણને એમના લોકોત્તર ઐશ્વર્યનું દર્શન થયા સિવાય રહેતું નથી, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનચરિત્રમાં પણ અનેકવાર સર્વવ્યાપીત્વ, સર્વજ્ઞત્વ અને સર્વશક્તિમત્તાના દર્શન થાય છે.

સામાન્ય માનવ અને અવતાર વિશે એક બીજો મહત્ત્વનો ભેદ છે.

સામાન્ય માનવ કે પંચભૂતના પદાર્થોનું ધ્યાન-ઉપાસન કરી કોડી-કાંકરા જેવી સિદ્ધિઓ મેળવી શકાય છે, પરંતુ દિવ્ય કે નિર્ગુણ થવાતું નથી, પરંતુ અવતાર રૂપે કે અર્ચા રૂપે રહેલા પરમાત્માના સ્વરૂપનું ધ્યાન-ઉપાસન કરનાર દિવ્ય અને નિર્ગુણ બની જાય છે એટલે તો ભગવાન શ્રીકૃષ્ણનો સંબંધ થતાં પૂતનાના મૃત શરીરમાંથી ચંદન જેવી દિવ્ય સુગંધ પ્રગટે છે. સામાન્ય ગોપગોપીઓ શ્રીકૃષ્ણને પામીને નિર્ગુણ બની ગયાં છે.

લોખંડનો ગોળો કાળો હોય, ઠંડો હોય પણ અગ્નિનો સંબંધ થતા એ જ ગોળો લાલ અને ગરમ થઈ જાય છે, એ જ રીતે નિર્ગુણ એવા પરમાત્માના ધ્યાન, ભજન-ઉપાસનથી જીવ ગુણાતીત બની જાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના માનવરૂપનું ધ્યાન કરીને સેંકડો નરનારીઓ નિર્ગુણ થયાં હતાં. નિરાવરણ સ્થિતિ અને નિરાવરણ દૃષ્ટિને પામ્યાં હતાં.

ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે :

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥ (भगवद्गीता–अ–४,श्लोक–९)

"મારાં જન્મ અને કર્મ સાધારણ માનવ જેવાં નથી, પરંતુ દિવ્ય છે, એમ જે યથાર્થ જાણે છે તે પુનર્જન્મ પામતો નથી, પરંતુ દિવ્ય બની મને જ પામે છે."

જેમ સામાન્ય માનવ અને અવતારમાં ભેદ છે, એ જ રીતે નારદ, સનકાદિક, વ્યાસ, પરશુરામ વગેરે મહાન સંતો, આચાર્યો કે વિભૂતિઓ અને અવતાર વચ્ચે આકાશ-પાતાળ જેવો ભેદ છે. શાસ્ત્રકારોએ નારદજી વગેરેને અવતાર નહીં, આવેશાવતાર કહ્યા છે.

સર્વકારણના કારણ ભગવાન વાસુદેવ સ્વયં પ્રગટે એ 'અવતાર' છે અને એ જ ભગવાન કોઈ પ્રયોજન સિદ્ધ કરવા થોડા સમય માટે કોઈને પોતાના ભગવાનપણાનું દાન કરે એ 'આવેશાવતાર' છે. કોઈને આપેલા 'પાવર ઑફ એટર્ની' જેવી આ વાત છે. પ્રયોજન પૂર્ણ થયે પરમાત્મા પોતાનું ઐશ્વર્ય પાછું ખેંચી લે છે. ભગવાન પરશુરામ આનું ઉત્તમ ઉદાહરણ છે.

અવતાર ધર્યાનું પ્રયોજન

પરમાત્માના અવતારો શા માટે થાય છે? આ પ્રશ્નના સમાધાનમાં શાસ્ત્રોએ ધર્મસ્થાપન, અધર્મનો નાશ વગેરે અનેક હેતુઓ દર્શાવેલા છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે,

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥७॥

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥८॥ (भगवद् गीता–अ–४)

'હે અર્જુન! જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મ વૃદ્ધિ પામે છે ત્યારે સાધુઓની રક્ષા માટે, દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સ્થાપના માટે હું યુગે યુગે અવતાર ધારણ કરું છું.'

તુલસીદાસજી રામાયણમાં કહે છે,

जब जब होई धरम की हानी । बाढहिं असुर अधम अभिमानी ॥
तब तब प्रभु धरि बिबिध सरीरा । हरहिं कृपानिधि सज्जन पीरा ॥
(रामचरितमानस–बालकाण्ड)

ભગવાન શ્રી સ્વામિનારાયણ પરમાત્માના અવતરણનો કોઈ અનોખો જ હેતુ દર્શાવે

છે. એક વાર મહારાજ કારિયાણીમાં બિરાજમાન હતા. પ્રશ્નોત્તરી ચાલી રહી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પરમહંસોને પ્રશ્ન કર્યો, "ભગવાન અવતાર ધારણ કર્યાં વિના પણ જીવનું કલ્યાણ કરવા સમર્થ છે. સંકલ્પમાત્રથી અસુરોને મારવા માટે સમર્થ છે. સપ્તર્ષિ વગેરે ઋષિઓ દ્વારા ધર્મનું સ્થાપન પણ કરાવી શકે છે તો ભગવાનને અવતાર ધર્યાનું શું પ્રયોજન છે? જો ભગવાન અવતાર ધર્યા વિના આ કાર્ય ન કરી શક્તા હોય તો ભગવાન એટલા અસમર્થ કહેવાય!"

સભામાં બેઠેલા મુનિઓ ઉત્તર કરવા માંડ્યા પણ કોઈથી સમાધાન થયું નહિ. તેથી મુનિઓએ હાથ જોડીને કહ્યું, "હે મહારાજ! હવે આપ જ આ પ્રશ્નનો ઉત્તર કરો."

ભગવાન શ્રી સ્વામિનારાયણ બોલ્યા, "ભગવાનને વિશે અત્યંત પ્રીતિવાળા ભક્તની ભક્તિને આધીન થઈને ભક્તને સુખ દેવાને અર્થે ભગવાન ભક્તની જેવી ઇચ્છા હોય, તેવા રૂપને ધારણ કરે છે. ભક્તના જેવા મનોરથ હોય એ મનોરથને પૂરા કરે છે."

"ભક્ત સ્થૂળભાવે યુક્ત છે અને દેહધારી છે, માટે ભગવાન પણ એના જેવા સ્થૂળભાવ સહિત દેહધારી થાય છે અને પોતાના ભક્તને જેવા મનોરથ હોય તે પૂરા કરીને લાડ લડાવે છે. ભગવાન પોતાની સામર્થી છુપાડીને ભક્ત સાથે પુત્રભાવે વર્તે છે, સખાભાવે વર્તે છે, મિત્રભાવે વર્તે છે, સગા-સંબંધીને ભાવે વર્તે છે; તેણે કરીને એ ભક્તને ભગવાનની ઝાઝી મર્યાદા રહેતી નથી."

"માટે પોતાના જે પ્રેમીભક્ત તેના મનોરથ પૂરા કરવા એ જ ભગવાનનું અવતાર ધર્યાનું પ્રયોજન છે અને તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ પણ કરે છે અને અધર્મનો નાશ કરી ધર્મનું સ્થાપન પણ કરે છે." (વ. કા.-૫ ને આધારે)

સર્વશક્તિમાન ભગવાન અન્ય સર્વ કાર્યો પોતાની સંકલ્પશક્તિથી કરી શકે છે, પરંતુ બાળકને તેડવા માટે માએ નીચે નમવું જ પડે, એ રીતે ભક્તો પ્રત્યેના પ્રેમ અને વાત્સલ્ય સર્વશક્તિમાન ભગવાનને અવતાર ધરવા મજબૂર કરે છે. એ અવતાર ધારણ કરે તો જ પોતાના વહાલા ભક્તોને લાડ લડાવી શકે છે.

અવતારો એક છે કે અનેક?

શાસ્ત્રોમાં બહુધા દશ અવતાર કે ચોવીશ અવતારનું વર્ણન મળતું હોવાથી લોકોના મનમાં ભ્રાન્ત ધારણા સ્થિર થયેલી છે કે ભગવાનના અવતારો સીમિત સંખ્યામાં છે.

વાસ્તવિકતા એ છે કે ભગવાનના અવતારોને દસ કે ચોવીસની સંખ્યામાં સીમિત કરી શકાતા નથી. જ્યારે જ્યારે જેવાં રૂપની જરૂર પડે ત્યારે ત્યારે પરમાત્મા દેવતાઓમાં, મનુષ્યોમાં, અરે જળચરોમાં પણ અવતાર ધારણ કરે છે. શ્રીમદ્ ભાગવતજીમાં કહે છે કે

अवतारा ह्यसंख्येयाः हरेः सत्त्वनिधेर्द्विजाः ।
यथाविदासिनः कुल्याः सरसः स्युः सहस्रशः ॥ भागवत –स्क–१,अ–३,श्लोक–२६)

"હે વિપ્રો! જેમ વિશાળ જળસ્રોતમાંથી હજારો નિઝરણાંઓ નીસરે, એમ સત્ત્વશીલ શ્રી હરિના સ્વરૂપમાંથી સેંકડો અવતારો પ્રગટે છે અને લીન થાય છે."

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અનેક અવતારોની વાત કરતા કહે છે કે

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ॥ (भगवद् गीता–अ–४,श्लोक–५)

'હે અર્જુન! તારા અને મારા ઘણા અવતારો થઈ ગયા છે જેની તને ખબર નથી, પણ હું બરાબર જાણું છું.'

ભગવાનના અસંખ્ય અવતારો થયા છે, જેમાં દશ કે ચોવીશ વિશેષ પ્રસિદ્ધ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અંગે જાતજાતની ધારણાઓ

ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે સમાજમાં જાતજાતની ધારણાઓ પ્રવર્તે છે. કોઈ ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે મનફાવે તેમ એલફેલ બોલે છે, કોઈને ભ્રાન્તિ છે કે દશ અવતાર કે ચોવીશ અવતારમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની ગણના નથી તો એમને ભગવાન કઈ રીતે કહી શકાય? કોઈ એમને પોતાના ધાર્મિક પૂર્વગ્રહોથી મૂલવે છે, કોઈ એમને સમાજસુધારક માને છે, કોઈ એમને મોટા સંત માને છે, તો કોઈ એમને ધર્મપ્રવર્તક મહાપુરુષ માને છે, કોઈ એમને પૂર્ણ પુરુષોત્તમ નારાયણ માનીને ઉપાસના કરે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અંગે પ્રસિદ્ધ આ સર્વ સારી-નરસી ભાવનાઓને હું આદરથી વંદન કરું છું. પૂર્વે થયેલા ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ વગેરે અવતારો તેમ જ અન્ય અનેક મહાપુરુષો પણ આવી જાતજાતની ધારણાઓથી બાકાત નથી.

પરમાત્માના પૂર્વના મહાન અવતારોને એમના જીવન દરમિયાન કોઈએ ભગવાન તરીકે સ્વીકાર્યા હોય એવા લોકો ઘણા ઓછા છે. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ એમનું ભગવાનપણું લોકહૃદયમાં સ્થિર થતું ગયું. રામાયણ તેમ જ ભાગવતજીની કથાઓએ આમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. નવાઈની વાત એ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણને એમના જીવન દરમ્યાન જ લાખો લોકોએ ભગવાન તરીકે સ્વીકાર્યા હતા, માન્યા હતા, પૂજ્યા હતા અને ઉપાસ્યા હતા. શ્રી કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા લખે છે કે,

'બુદ્ધ અને મહંમદ સિવાય કોઈ પણ અવતારને એ અવતારની હયાતીમાં જ આટલા મનુષ્યોએ સ્વીકાર્યા ન હતા. અવતાર લીન થયા પછી જ મનુષ્યોએ એમનું અવતારપણું કબૂલ કર્યું હોય એવું સાધારણતઃ દેખાય છે, પણ સહજાનંદસ્વામીને હજારો મનુષ્યોએ એમના છતાં જ અવતાર તરીકે સ્વીકાર્યા. એમના પડતા બોલ ઉપર પોતાના તન, મન અને ધન અર્પણ કરી નાખ્યાં. એમના હાથમાં પોતાનાં નાડીપ્રાણ સોંપી દીધાં. એવી સહજાનંદસ્વામીમાં શી શક્તિ હતી?' (સહજાનંદસ્વામી-પૃષ્ઠ-૫૭)

"અનેકનાં ચિત્તનું આકર્ષણ કરનાર, બ્રહ્મચર્ય આશ્રમના પુનઃ સ્થાપક, વ્યાસસિદ્ધાંતના પ્રબોધક એવા સહજાનંદસ્વામી હતા. જો અવતારો પૃથ્વી પર થતા હોય, તો બેશકપણે સહજાનંદસ્વામીને અવતારની સંજ્ઞા આપી શકાય છે."

(સહજાનંદસ્વામી - પૃષ્ઠ- ૫૯)

માનો યા ન માનો!

ઈશુ ખ્રિસ્ત વગેરે વિશ્વના લગભગ તમામ ધર્મોના મહાપુરુષોના જીવનમાં ઓછે-વત્તે અંશે ચમત્કારિક ઘટનાઓ જોવા મળે છે. ખ્રિસ્તી ધર્મમાં એક-બે ચમત્કારો કરી બતાવે એને 'સેન્ટલી હૂડ'નો ખિતાબ આપવાની પ્રથા છે.

ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ તથા ભારતવર્ષના મહાન યોગીઓ તેમજ મહાપુરુષો સાથે અનેક ચમત્કારો અને દિવ્ય ઘટનાઓ જોડાયેલી છે, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવન સાથે પણ અનેક દિવ્ય ચમત્કારિક ઘટનાઓ વણાયેલી છે.

પ્રાચીન કાળના નવ યોગેશ્વરો, વસિષ્ઠ, વિશ્વામિત્ર, નારદજી, હનુમાનજી મહારાજ, ઋષિમુનિઓ, યોગીઓ ઉપરાંત સાંપ્રત સમયના શ્રી રામકૃષ્ણ પરમહંસ, વારાણસીના સુપ્રસિદ્ધ તાંત્રિક ગોપીનાથ કવિરાજ, અરુણાચલના મહાન યોગી રમણ મહર્ષિ વગેરે અનેક મહાપુરુષોનાં જીવન દિવ્ય ઘટનાઓથી પૂર્ણ રહ્યાં છે.

મહાન યોગી સ્વામી શ્રી રામે 'હિમાલયના યોગીઓ' નામના પુસ્તકમાં અનેક ચમત્કારિક યોગીઓના પ્રસંગો વર્ણવ્યા છે. બંગાળના સુપ્રસિદ્ધ કૃષ્ણભક્ત દિલીપ રૉયે પુસ્તક લખ્યું છે, 'ચમત્કારો આજે પણ બને છે.' પરમહંસસ્વામી શ્રી યોગાનંદજીએ પણ 'એક યોગીની આત્મકથા'માં અનેક ચમત્કારિક પ્રસંગોનો ઉલ્લેખ કર્યો છે. 'એક મનીષી કી યાત્રા'માં ગોપીનાથ કવિરાજના ઘણા ચમત્કારિક પ્રસંગો વર્ણવાયા છે.

ભારતવર્ષના સિદ્ધપુરુષો અને ચમત્કારિક યોગીઓની નામાવલિ લખવા જઈએ તો પણ પાર આવે તેમ નથી.

સુપ્રસિદ્ધ સંગ્રહકાર રીપ્લેએ કલ્પી ન શકાય એવી અજાયબ વસ્તુઓનો સંગ્રહ

કરેલો છે, જેનું શીર્ષક 'બિલિવ ઈટ ઓર નોટ' અર્થાત્ 'માનો યા ન માનો' રાખવામાં આવ્યું છે.

ભારતીય યોગશાસ્ત્રમાં અનેક પ્રકારની સિદ્ધિઓનાં વર્ણન છે. આજના વૈજ્ઞાનિક યુગની એકવીસમી સદીમાં આ યોગસિદ્ધિઓની વાતો 'માનો યા ન માનો' જેવી છે.

પ્રાચીન ભારતના યોગીઓના જીવનમાં પ્રાણવાયુ કે વિમાન વગેરે સાધનો વિનાં માત્ર સંકલ્પ શક્તિથી આકાશમાં વિહાર કરવો, બ્રહ્માંડના આ છેડેથી પેલા છેડે પળમાત્રમાં પહોંચી જવું, પરકાયા પ્રવેશ કરવો, મરેલાંઓને જીવતાં કરવાં, એક સાથે અનેક રૂપો ધરવાં, દૂરશ્રવણ અને દૂરદર્શન કરવું, પ્રાર્થના અથવા આશીર્વાદથી હજારો ગાઉ દૂર રહેલાની રક્ષા કરવી વગેરે અનેક સિદ્ધિઓ સુલભ રહી છે. આ બધી સિદ્ધિઓને વિજ્ઞાનના ક્યા નિયમોથી બાંધી શકીશું?

વિજ્ઞાન અને દિવ્ય ઘટનાઓ

આજની માનવજાતે વિજ્ઞાન ગમે તેટલું વિકસે તો પણ વિજ્ઞાનની પહોંચની બહાર પણ કંઈક છે, એ સ્વીકાર્યા સિવાય છૂટકો નથી.

સદ્‌ભાગ્યે આજે વિજ્ઞાનક્ષેત્રે ક્વૉન્ટમ ફિઝિક્સ, જીનેટિક સાયન્સ તેમજ નેનો ટૅક્નોલૉજી વગેરેના વિકાસે વિજ્ઞાનની સેંકડો પૂર્વધારણાઓને ઉપરતળે કરી દીધી છે.

વિજ્ઞાનક્ષેત્રે 'પાણી હોય ત્યાં જ જીવન હોય' એ ધારણા આજે લાંબી ટકી શકે તેમ નથી. અનંત વિશ્વમાં અનંત પ્રકારના જીવો છે. એમનાં જીવવાનાં સાધનો પણ વૈવિધ્યથી ભરેલાં છે.

કોઈ અનાજ-પાણીથી જીવતા હોય, કોઈ માત્ર પાણીથી જીવતા હોય, કોઈ અગનગોળાઓ ભક્ષીને પણ જીવતા હોય, કોઈ પવન પીને રહેતા હોય, કોઈ માત્ર આત્મશક્તિથી જીવતા હોય! કોઈ આપણી આંખોથી જોઈ શકાય તેવા હોય અને કોઈ ન જોઈ શકાય તેવા પણ હોય!

ક્વૉન્ટમ ફિઝિક્સે એ સિદ્ધ કર્યું છે કે, 'વિશ્વ સેંકડો સંભાવનાઓથી ભરેલું છે' એટલું જ નહિ, પરંતુ આ રહસ્યમય વિશ્વમાં એક જ સ્થળે અને એક જ સમયે પરસ્પર વિરોધાભાસી સંભાવનાઓ પણ રહેલી છે.

સૂક્ષ્મ વિશ્વને દેશ, કાળ અને સંખ્યાના કોઈ સીમાડા નડતા નથી.

અહીં પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ, ઉપર-નીચે બધું જ એકાકાર બની જાય છે.

અહીં ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળની સમયગણના અર્થહીન બની જાય છે.

અહીં એક જ પદાર્થ એક જ સમયે અનેક રૂપે અને અનેક રંગે ભાસે છે.

ક્વૉન્ટમ ફિઝિક્સે પ્રસિદ્ધ વિજ્ઞાનના નિયમોથી પર, અનિયમિત છતાં અકલ્પનીય નિયમથી ચાલતા રહસ્યમય વિશ્વનું અસ્તિત્વ ઉજાગર કર્યું છે.

QUANTUM PHYSICS

ક્વૉન્ટમ ફિઝિક્સ - પરમાણુ વિજ્ઞાન

અણુઓ અર્થાત્ ATOMનું સર્જન જે સૂક્ષ્મકણોથી થાય છે એને PARTICLES કહેવાય છે અને એ PARTICLESના પણ સૂક્ષ્મતમ કણોને SUB PARTICLES અથવા તો QUANTUM કહેવાય છે.

ભારતીય ઋષિમુનિઓ આ PARTICLES અથવા તો SUB PARTICLES ને માટે પરમાણુ શબ્દ વાપરે છે.

આધુનિક યુગના મહાન અને વિશ્વપ્રસિદ્ધ ભારતીય વૈજ્ઞાનિક ડૉ. શ્રીનિવાસન રામાનુજે કહ્યું હતું કે, 'ક્વૉન્ટમ ફિઝિક્સના મૂળ વેદોમાં છે.'

કોઈને ખ્યાલ હોય કે ન હોય, અણુભેદનની પ્રક્રિયા આઈન્સ્ટાઈને નહિ, પણ રામાનુજને શોધેલી હતી. અણુભેદનની પ્રક્રિયાના સૂત્રો લખતાં લખતાં એમનો હાથ ધ્રૂજ્યો હતો. અણુભેદનની વિનાશકતાની કલ્પનાએ એમના ભારતીય દિલે ભારે આંચકો અનુભવ્યો હતો અને એમણે આ પ્રક્રિયાનું પેપર પ્રકાશિત કર્યું ન હતું.

સંજોગવશાત્ આ જ પ્રક્રિયાના સૂત્રો સ્વયંભૂ અને સ્વતંત્ર રીતે મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનના મગજમાં પણ પાંગર્યાં હતાં. આ રીતે આકસ્મિક રીતે એકસરખા વિચારોનો ઉદ્ભવ એ પણ એક ચમત્કાર જ કહી શકાય અથવા તો અજાયબ શક્તિથી ભરેલા ક્વૉન્ટમનો પ્રભાવ ગણી શકાય.

ભારતના પ્રાચીન ઋષિ ગૌતમ અને કણાદે સેંકડો વર્ષ પહેલા પરમાણુ કારણવાદની સ્થાપના કરી છે. પરમાણુ કારણવાદનો અર્થ છે, 'આ અનંત વિશ્વ અણુઓના સૂક્ષ્મતમ અંશોથી બનેલું છે.'

શ્વેતાશ્વતર ઉપનિષદ્ કહે છે કે,

'अणोरणीयान् महतो महीयानात्मास्य जन्तोर्निहितो गुहायाम् ।
तमक्रतुः पश्यति वीतशोको धातुः प्रसादान्महिमानमीशम् ॥' (श्वे.उ.–३–२०)

'હૃદયગુહામાં રહેલ આત્મતત્ત્વ અણુથી પણ અત્યંત અણુ છે અને મહાનથી પણ અત્યંત મહાન છે, એ આત્મતત્ત્વ જીવપ્રાણીમાત્રના હૃદયગુહામાં બિરાજમાન છે, જે

અક્રતુ એટલે કર્તાપણાના અભિમાનથી મુક્ત થાય છે, હર્ષશોકથી રહિત છે, એવા સાધકો એ પરમાત્માની કૃપાથી સર્વકર્તા, સર્વનિયંતા નારાયણના મહિમાને યથાર્થ જાણી શકે છે.'

છાન્દોગ્ય ઉપનિષદ્‌નો મંત્ર છે, **'दहरोऽस्मिन् अन्तराकाशः ज्यायान् पृथिव्याः ज्यायान्तरीक्षात् ।' (छान्दोग्योपनिषद् , अ–८, खण्ड–१)**

'હૃદયકમળમાં એક સૂક્ષ્મ છિદ્ર છે, જે પૃથ્વી અને આકાશ કરતાં પણ વિશાળ છે.'

સામાન્ય બુદ્ધિને ચોક્કસ સવાલ થાય કે, 'એક નાનકડું છિદ્ર પૃથ્વી અને આકાશથી મોટું કેમ હોઈ શકે?' પરંતુ ક્વૉન્ટમ ફિઝિક્સમાં આવા સર્વ વિરોધાભાસો સંભવ છે.

ભારતીય મનીષિઓ કહે છે કે, 'પરમાણુઓ એટલા બધા સૂક્ષ્મ છે કે એને દેશ, કાળ અને દિશાઓના સીમાડાઓ કલ્પી શકાતા નથી.'

આ વાત સહેલાઈથી આપણા મગજમાં ઊતરે તેમ નથી, કારણ કે, આપણે કોઈ પણ પદાર્થને દેશ, કાળ અને દિશાના સંદર્ભમાં જ જોવા ટેવાયેલા છીએ.

આપણે દેશાતીત કે કાલાતીત પદાર્થની કલ્પના કરી શકતા નથી. પરમાણુ એક એવું સૂક્ષ્મતત્ત્વ છે કે જેને દેશ, કાળ કે દિશાનો સંબંધ કલ્પી શકાતો નથી છતાં એ શૂન્ય પણ નથી.

આપણે ભલે આ વાતને સહેલાઈથી સમજી ન શકીએ, પરંતુ ક્વૉન્ટમ ફિઝિક્સના આવિર્ભાવ પછી આ વાત વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થઈ ચૂકી છે કે, ક્વૉન્ટમને અર્થાત્ પરમાણુરૂપ સૂક્ષ્મતમ અંશોને દેશ, કાળ, દિશા કે સંખ્યાના કોઈ સીમાડા નડતાં નથી. ક્વૉન્ટમ એક સાથે અનેક દેશ, અનેક દિશા અને અનેક સમયે પોતાનું અસ્તિત્વ જણાવે છે.

Quantum Entanglement

પરમાણુઓના સૂક્ષ્મતમ અંશો વચ્ચે સંકલન

પરમાણુના સૂક્ષ્મતમ કણો અનેક પ્રકારની અજાયબી અને લાક્ષણિકતાઓથી ભરપૂર છે.

ક્યારેક એવું બને છે કે, પરમાણુઓના આ સૂક્ષ્મતમ કણ એક જગ્યાએથી સંપૂર્ણપણે અદૃશ્ય થઈ જાય છે અને એ જ સમયે આશ્ચર્યકારક રીતે સેંકડો ગાઉ દૂર બીજા એવા જ સૂક્ષ્મતમ કણોનો આવિર્ભાવ થાય છે; જેમાં પહેલા જેવી જ લાક્ષણિકતાઓ હોય છે. આનો અર્થ એ થયો કે, એ સૂક્ષ્મતમ કણોએ પોતાના અસ્તિત્ત્વને એક જગ્યાએ શૂન્યમાં સમાવી દીધું અને ફરીથી બીજી જગ્યાએ પોતાના સર્વ ગુણધર્મો સાથે નવું

કલેવર ધારણ કર્યું.

ક્યારેક એવું પણ જણાય છે કે, પરસ્પર સેંકડો ગાઉ દૂર રહેલા સમાન ગુણધર્મો ધરાવતા સૂક્ષ્મતમ કણો એક જ સમયે સમાન અસરો ધરાવે છે.

આ સર્વનું કારણ Quantum Entanglement છે. ક્વૉન્ટમ ફિઝિક્સમાં Quantum Entanglement ખૂબ જ મહત્ત્વનો અને પાયાનો વિષય છે. Quantum Entanglementનો અર્થ છે, બ્રહ્માંડના અતિસૂક્ષ્મ કણોનું પરસ્પર સંકલન અથવા તાલમેલ.

બ્રહ્માંડમાં ક્યારેક અનુભવાતા અને ક્યારેક નહીં પણ અનુભવાતા એવા આ સૂક્ષ્મતમ કણો વચ્ચેનું સંકલન અદ્‌ભુત રીતે થાય છે. જેનું રહસ્ય ભલભલા વૈજ્ઞાનિકો પણ પામી શકતા નથી.

અનંત બ્રહ્માંડમાં હજારો માઈલ દૂર દૂર વિસ્તરેલા સૂક્ષ્મતમ કણો વચ્ચે તાલમેલ સાધવામાં કોઈ અદૃશ્ય શક્તિ કાર્ય કરી રહી છે. જો આ અદૃશ્ય શક્તિના રહસ્યમય ગુણધર્મો સમજી શકાય તો અનેક દિવ્ય અને ચમત્કારિક લાગતી ઘટનાઓનું વૈજ્ઞાનિક અર્થઘટન શક્ય બને છે.

આ Quantum Entanglement અનેક પ્રકારે થતું હોય છે, જેને આપણે મુખ્યત્વે ચાર પ્રકારમાં વિભાજીત કરી શકીએ છીએ.

પ્રથમ પ્રકાર છે : One-to-Half

ઉદાહરણ તરીકે લોહચુંબક લોખંડને આકર્ષે છે પણ લોખંડ લોહચુંબકને આકર્ષતું નથી.

અહીં વાસ્તવિકતા એ છે કે, લોહચુંબકમાં જે ચુંબકત્વ છે તે એમાં રહેલા ઈલેક્ટ્રોન્સના Configuration અર્થાત્ વિશિષ્ટ ગોઠવણીને લીધે છે. આ Configurationના કારણે Weak-Boson નામના સૂક્ષ્મતમ કણો ઉત્પન્ન થાય છે. જેને Virtual Photon કહેવામાં આવે છે અને એ ફોટોન લોખંડને આકર્ષે છે.

અહીં ઈલેક્ટ્રોન્સની વિશિષ્ટ ગોઠવણીને કારણે વીકબોઝોનનું અસ્તિત્ત્વ જળવાય રહ્યું છે પરંતુ ઈલેક્ટ્રોન્સનું અસ્તિત્ત્વ બોઝોનના Configuration ઉપર આધારિત નથી એટલે આપણે એને One-to-Half કહી શકીએ.

બીજો પ્રકાર છે : One-to-One

ઉદાહરણ તરીકે બે ઈલેક્ટ્રોન્સ વચ્ચે સંકલન પ્રસ્થાપિત કરી, પછી તેમને છૂટા પાડી પરસ્પર સેંકડો ગાઉં દૂર લઈ જવામાં આવે અને તેમાંથી કોઈ પણ એક ઈલેક્ટ્રોનને ચૂંબક દ્વારા તેની લાક્ષણિકતામાં ફેરફાર કરવામાં આવે તો સેંકડો ગાઉ દૂર રહેલા

બીજા ઈલેક્ટ્રોનની લાક્ષણિકતામાં તેવો જ ફેરફાર જોવા મળે છે.

આવા સંકલિત ઈલેક્ટ્રોન્સના જોડકાઓ હાઈડ્રોજન સિવાયના દરેક પરમાણુઓમાં હોય છે. આવા સંકલિત ઈલેક્ટ્રોન્સની સ્પીન અર્થાત્ ફરવાની ગતિ એકબીજાથી વિપરિત હોય છે. એકની સ્પીન અપ અર્થાત્ ઉપર હોય તો બીજાની સ્પીન ડાઉન અર્થાત્ નીચે હોય છે. આને આપણે One-to-One કહી શકીએ.

ત્રીજો પ્રકાર છે : Many-to-One

જેમાં અનેક સૂક્ષ્મતમ કણોની અસર એક સબપાર્ટીકલ ઉપર વર્તાય છે.

જેમ કે, પ્રોટોન અને ઈલેક્ટ્રોન બન્નેનો સ્વભાવ પરસ્પર આકર્ષાવાનો છે પરંતુ બે ઈલેક્ટ્રોન્સની વચ્ચે રાખેલો પ્રોટોન સ્થિર થઈ જાય છે એટલે કે બે ઈલેક્ટ્રોન્સે ભેગા મળી એક પ્રોટોન ઉપર અસર વર્તાવી. આનું નામ Many-to-One કહેવાય.

ચોથો પ્રકાર છે : One-to-Many

જેમાં કોઈ એક અતિસૂક્ષ્મ કણની અસર અનેક સૂક્ષ્મતમ કણો ઉપર વર્તાય છે, પરંતુ એ પ્રભાવક અકળ સૂક્ષ્મતમ તત્ત્વ કયું છે? તે હજુ વૈજ્ઞાનિકો જાણી શક્યા નથી, એટલે તેઓ હજુ સુધી એનું ઉદાહરણ પ્રસ્થાપિત કરી શક્યા નથી, ક્વૉન્ટમ એન્ટેંગલમેન્ટને લીધે બ્રહ્માંડમાં કલ્પના બહારના ચમત્કારો સર્જાઈ રહ્યા છે.

ટેલિપોર્ટેશન થિયરી

Quantum Entanglement ને આધારે વિજ્ઞાન જગતમાં Tele-portation થિયરીનો આવિષ્કાર થયો છે.

ટેલિપોર્ટેશનના ત્રણ અર્થ કરી શકાય છે, પદાર્થ એક જગ્યાએથી અદૃશ્ય થઈ જાય અને બીજી જગ્યાએ પોતાનું અસ્તિત્ત્વ જણાવે. પદાર્થ એક જગ્યાએ રહીને પણ બીજી જગ્યાએ પોતાનું અસ્તિત્ત્વ જણાવે. એક જ પદાર્થ અનેક જગ્યાએ પોતાનું અસ્તિત્ત્વ જણાવે. એક સમયે કોઈ ટેલિફોન, ટેલિવિઝન અને ટેલિપથીની વાત કરે તો કોઈ માની ન શકતું, પરંતુ આજે એનું મહત્ત્વ સર્વસ્વીકૃત થઈ ચૂક્યું છે.

એક સમયે પદાર્થ અચાનક અદૃશ્ય થઈ જાય એવી વાત દંતકથાઓ કે સાયન્સ ફિક્શનમાં જ હતી પરંતુ આજે માનવજાતે વિજ્ઞાનના પ્રભાવે અદૃશ્ય થવાની કળા સિદ્ધ કરી લીધી છે. આજે વિજ્ઞાન હરણફાળ નહીં, રૉકેટફાળ ભરી રહ્યું છે.

આવું જ કંઈક ટેલિપોર્ટેશન વિશે છે. આજે ટેલિપોર્ટેશનની વાત ભલભલાના મગજમાં ઊતરે એવી નથી પરંતુ વૈજ્ઞાનિકો બરાબર જાણે છે કે હવે પછીના સમયમાં ટેલિપોર્ટેશન સુલભ હશે.

ટેલિપોર્ટેશનમાં માત્ર થ્રીડી ઇમેજ પ્રસારણની વાત નથી, પરંતુ જીવતો જાગતો વ્યક્તિ એક જ સમયે એક જગ્યાએથી દૂર દૂર બીજી જગ્યાએ પણ હાજર હોય છે. બિલીવ ઈટ ઓર નોટ જેવી આ વાત સાકાર થવાને ઉંબરે ઊભી છે.

આપણા પ્રાચીન ધર્મગ્રંથોમાં એક સાથે અનેક રૂપ ધરવાની અનેક કથાઓ આવે છે.

ભાગવતજીમાં સૌભરી ઋષિની ભારે આશ્ચર્યકારી કથા છે. સૌભરી ઋષિએ પોતાના હજારો વર્ષના તપના પ્રભાવે એક જ સમયે પચાસ રૂપ ધરી માંધાતા રાજાની પચાસ કન્યાઓ સાથે લગ્ન કર્યાં હતાં. તેઓ એક સાથે પચાસ રૂપ ધરીને પચાસ ભવનોમાં રહેતા હતા. એમણે પોતાના તપના પ્રભાવે પૂરી સૌભરી સોસાયટી ઊભી કરી દીધી હતી!

ભગવાન શ્રી રામચંદ્રજીએ અનેક રૂપ ધરીને સતી પાર્વતીજીને ભ્રમમાં નાખ્યા હતા!

ભગવાન શ્રીકૃષ્ણે વ્રજમાં બ્રહ્માજીને મોહ પમાડવા માટે અનેક રૂપ ધર્યાં હતાં.

ભગવાન શ્રીકૃષ્ણ દ્વારિકામાં એક જ સમયે અનેક રૂપ ધરીને અનેક રાણીઓના મહેલોમાં રહેતા હતા! ભગવાન શ્રીકૃષ્ણ મિથિલા પધાર્યા ત્યારે એક રૂપે મહારાજ જનકને ત્યાં અને એ જ સમયે બીજા રૂપે વિપ્રવર્ય શ્રુતકીર્તિને ત્યાં પધરામણી કરી હતી!

ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનમાં પણ આવા અનેક પ્રસંગો જોવા મળે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વન-વિચરણ સમયે નવલખા પર્વત ઉપર પધાર્યા ત્યારે એમણે નવલખા પર્વતના સેંકડો સિદ્ધોના મનોરથ પૂર્ણ કરવા માટે એકસાથે અનેક રૂપ ધર્યાં હતાં અને સર્વ સિદ્ધોની પૂજા એક સાથે સ્વીકારી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ધર્મધુરા સ્વીકાર્યા પછી આખા અને પીપલાણા બન્ને ગામના ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે બે રૂપ ધર્યાં હતાં અને બન્ને ગામોમાં છ-છ મહિના સુધી એકસાથે નિવાસ કરીને વિષ્ણુયાગ, રુદ્રયાગ અને ભવ્ય ચોરાશીઓ કરાવી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પંચાળામાં પાંચસો પરમહંસો સાથે રાસ રમતી વખતે જેટલા સંત હતા એટલાં રૂપ ધર્યાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણ કચ્છ, કાઠિયાવાડ અને ઝાલાવાડ વગેરે પ્રદેશોમાં એક જ સમયે એક સાથે વિચરતા હોય એવા અનેક પ્રસંગો ઉપલબ્ધ છે.

બૌદ્ધિક દૃષ્ટિએ આ બધી કથાઓ મીમાંસા માગી લે તેવી છે, પરંતુ ક્વૉન્ટમ ફિઝિક્સના વિકાસે ભારતીય યોગીઓ અને અવતારોની આવી કથાઓને સમજવામાં ભારે સહાયતા કરી છે.

ભગવાન વામનનાં ત્રણ પગલાં

ક્વૉન્ટમ ફિઝિક્સના ક્ષેત્રે પરમાણુઓના સૂક્ષ્મતમ કણો વચ્ચે અદ્‌ભુત સંકલન છે, એ વાત સિદ્ધ થઈ ચૂકી છે, પરંતુ આવું ન કલ્પી શકાય એવું સંકલન કયાં પરિબળથી થાય છે એ હજુ જાણી શકાયું નથી.

ક્વૉન્ટમ ફિઝિક્સની સરહદ જ્યાં પૂરી થાય છે ત્યાંથી આગળ વધવું હોય તો ભારતના વેદવિજ્ઞાનનો સહારો લેવો આવશ્યક છે.

ભારતીય વેદો જ્ઞાનવિજ્ઞાનનો અગાધ સાગર છે. વેદોના મહર્ષિઓના વિજ્ઞાનને ત્રણ ભાગોમાં વહેંચી શકાય છે — ભૌતિકવિજ્ઞાન, માનસવિજ્ઞાન અને અધ્યાત્મવિજ્ઞાન.

આ ત્રણેય વિજ્ઞાન ઉત્તરોત્તર સૂક્ષ્મ અને ઉત્તરોત્તર વધારે અજાયબીથી ભરેલાં છે.

યજુર્વેદ વિષ્ણુસૂક્તનો મંત્ર છે,

ईदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम् ॥ – विष्णुसूक्तम् – यजुर्वेद

વામનરૂપે રહેલા ભગવાન વિષ્ણુએ વિરાટરૂપે ત્રણ પગલાં ભર્યાં અને અનંત બ્રહ્માંડને માપી લીધું.

ત્રણ વિજ્ઞાન — વામનમાંથી વિરાટ બનેલા વિષ્ણુનાં ત્રણ પગલાં છે,

જો આપણે આપણી સર્વ જિજ્ઞાસાઓના સમાધાન ઇચ્છતા હોઈએ તો કેવળ ભૌતિક વિજ્ઞાનના એક પગલાથી કામ નહીં ચાલે. હજુ આપણે બે પગલાં વધારે ભરવાં પડશે.

ભૌતિક વિશ્વથી પાર એક સૂક્ષ્મ વિશ્વ છે, જે વિશ્વને આપણે આપણી ઇન્દ્રિયો કે ટેલિસ્કોપ, માઈક્રોસ્કોપ જેવા આધુનિક વૈજ્ઞાનિક સાધનોથી અનુભવી શકતા નથી.

વિરાટનું બીજું પગલું માનસવિજ્ઞાન દ્વારા આ સૂક્ષ્મ વિશ્વને માપવાનું છે. માનસ વિજ્ઞાન એટલે માત્ર આજનું મનોવિજ્ઞાન નહીં, આજનું મનોવિજ્ઞાન માત્ર મનોવિશ્લેષણમાં જ કેન્દ્રિત થયેલું છે જ્યારે વેદોનું માનસવિજ્ઞાન મનોવિજેતા બનવાની અને મનની અગાધ શક્તિઓના સ્વામી બનવાની વાત કરે છે.

મન પ્રકાશની ગતિથી પણ વધારે વેગવાન છે. મન અગાધ શક્તિઓથી ભરપૂર છે. મન એવું શક્તિશાળી સાધન છે જે આપણને ભૌતિક જગત અને આધ્યાત્મિક વિશ્વ સાથે જોડે છે.

યોગવાસિષ્ઠમાં મહર્ષિ વસિષ્ઠ ભગવાન શ્રીરામને કહે છે કે, ‘હે રામ! ભૌતિકશરીર અને ભૌતિકવિશ્વનું કારણ મન છે.’

શક્તિશાળી મન સમસ્ત ભૌતિકવિશ્વને પ્રભાવિત કરે છે. ભૌતિકવિશ્વનું ચાલક બળ મન છે. કોઈ અગમ અગોચર પરમતત્ત્વની સંકલ્પશક્તિ વિશ્વનું સંચાલન કરી રહી

છે. ક્વૉન્ટમ ફિઝિક્સના જે કોયડાઓ વણઉકલ્યા છે, એનું રહસ્ય માનસ વિજ્ઞાનમાં છુપાયેલું છે.

આજે માનસશક્તિના પ્રભાવે અનેક રહસ્યમય ઘટનાઓનો તાગ મેળવી શકાયો છે, પરિણામે સદ્‌ભાગ્યે આજનું વિજ્ઞાન માનસશક્તિઓ પ્રત્યે સજાગ બન્યું છે. પવિત્ર સંતોના આશીર્વાદ ફળે છે, એની પાછળ પણ માનસવિજ્ઞાન જ છે. મનની દૃઢ સંકલ્પશક્તિ પરિસ્થિતિઓને બદલાવી શકે છે. વ્યક્તિગત કે સામૂહિક રીતે થતા શુભ વિચારોનો જબરો હકારાત્મક પ્રભાવ હોય છે.

મનની શક્તિઓનો નકારાત્મક પ્રભાવ પણ પેદા થતો હોય છે, જે વિનાશક હોય છે.

ક્વૉન્ટમને પણ પ્રભાવિત કરનાર પરિબળ કોઈ અદૃશ્ય વૈશ્વિક માનસશક્તિ છે.

૧૬ મે, ૧૯૬૫માં ઑસ્ટ્રેલિયાના દુર્ગમ પહાડોમાં અકસ્માતથી એક વિમાન નષ્ટ થઈ ગાયબ થઈ ગયું, જેનો કોઈ રીતે પતો મળતો ન હતો ત્યારે વિશિષ્ટ માનસશક્તિ ધરાવતા અમેરિકન માનસવૈજ્ઞાનિક હેરાન્ડ સરમને માનસશક્તિના ઉપયોગ દ્વારા એ વિમાન શોધી આપેલું. ત્યારથી લોકોને માનસશક્તિમાં રસ જાગ્યો. સદ્‌ભાગ્યે આજે ઠેર ઠેર માનસશક્તિઓ ઉપર સંશોધનો થઈ રહ્યાં છે અને એનાં હેરતજનક પરિણામો સામે આવ્યાં છે.

માનસવિજ્ઞાનની પણ મર્યાદા છે. માનવમન 'ગુડ એન્ડ ઈવીલ' અર્થાત્ 'દૈવી અને આસુરી' શક્તિથી ભરપૂર છે એટલે મનની શક્તિઓનો સદુપયોગ અને દુરુપયોગ થઈ શકે છે. માનસશક્તિનો જે સદુપયોગ કરે તે દેવ કહેવાય છે, જે દુરુપયોગ કરે તે દાનવ કહેવાય છે.

માનસવિજ્ઞાનથી પર અધ્યાત્મવિજ્ઞાન છે. પરમાણુઓનું નિયમન મન કરે છે, મનનું નિયમન પરમતત્ત્વ કરે છે. વેદો કહે છે, 'આ સમસ્ત વિશ્વ પરમાત્માની સંકલ્પ શક્તિથી પેદા થયેલું છે.'

'एकोऽहं बहुस्याम् प्रजायेय' પરમાત્માએ સંકલ્પ કર્યો કે, 'હું પરમાત્મા એક છું તે અનંત રૂપે થાઉં' આ સંકલ્પ માત્રથી અનંત વિશ્વો પ્રગટ થયાં.

ભૌતિકવિજ્ઞાનમાં યંત્રશક્તિનો પ્રભાવ હોય છે. માનસવિજ્ઞાનમાં મંત્રશક્તિનો પ્રભાવ હોય છે. ભારતીય શાસ્ત્રોમાં મંત્રશક્તિથી ભરપૂર મહાપુરુષોની સેંકડો કથાઓ છે. મહાપુરુષોનું કલ્પવૃક્ષ સમાન મન ધારે તે સર્જન કરી શકે છે. એક સમયે સમસ્ત અસ્ત્ર-શસ્ત્ર અને ઐશ્વર્ય વિજ્ઞાન મંત્રશક્તિથી ભરપૂર હતું.

અધ્યાત્મવિજ્ઞાનમાં આત્મશક્તિનો પ્રભાવ છે. આત્મશક્તિની તુલનામાં મંત્રશક્તિ તણખલાં જેવી છે.

યંત્રશક્તિ, મંત્રશક્તિ અને આત્મશક્તિ ઉત્તરોત્તર શ્રેષ્ઠ અને બળવાન છે.

ભૌતિકવિજ્ઞાનની સિદ્ધિઓ ગજબની હોય તો માનસવિજ્ઞાનની સિદ્ધિઓ એથી વિશેષ ગજબની છે. એમાં પણ અધ્યાત્મવિજ્ઞાનની સિદ્ધિઓની તો વાત જ ન્યારી છે. એની તોલે કોઈ સિદ્ધિ આવે તેમ નથી.

ક્વૉન્ટમ ફિઝિક્સમાં અનેક સંભાવનાઓ છે. જ્યારે અધ્યાત્મવિજ્ઞાનમાં 'સર્વ સંભવ' છે. ભૌતિકવિજ્ઞાનના સર્વ વિરોધાભાસો અહીં શમી જાય છે. ભૌતિકવિજ્ઞાનના વણ ઉકલ્યા ઈક્વેશનો-કોયડાઓનો અહીં ઉકેલ મળે છે.

ભૌતિકવિજ્ઞાન બે ડાયમેન્શન (પરિમાણ), ચાર ડાયમેન્શન, અગિયાર ડાયમેન્શનની વાત કરે છે જ્યારે અધ્યાત્મવિજ્ઞાનમાં અનંત ડાયમેન્શન છે.

વેદોએ પુરુષસૂક્તમાં કહ્યું છે કે, **'सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात् ।'**

પરમાત્માને હજારો હજાર મસ્તકવાળા, હજારો હજાર નેત્રવાળા, હજારો હજાર ચરણવાળા કહ્યા છે.

શ્વેતાશ્વતર ઉપનિષદ્માં કહે છે, **'विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतोबाहुरुत विश्वतस्पात् ।' (श्वे.उ.–३–३)**

'પૃથ્વી અને આકાશનું સર્જન કરનાર પરમાત્માના ચક્ષુઓ સર્વવ્યાપી છે, મુખ સર્વવ્યાપી છે, હાથ સર્વવ્યાપી છે અને ચરણ સર્વવ્યાપી છે.'

વાસ્તવમાં અધ્યાત્મવિજ્ઞાનમાં ડાયમેન્શનનું જ અસ્તિત્વ નથી. સર્વવ્યાપી તત્ત્વમાં ડાયમેન્શનની કલ્પના કરવી અજ્ઞાનતા છે.

અધ્યાત્મવિજ્ઞાન કાલાતીત અને દેશાતીત હોવાથી અહીં દેશકાળની સીમાઓ પૂરી થઈ જાય છે. સમય અને સ્થળ અહીં શૂન્ય થઈ જાય છે. અહીં સર્વ જિજ્ઞાસાઓનો અંત આવે છે. અહીં સર્વ સમસ્યાઓ અને સંઘર્ષો શમી જાય છે. અહીં વાદ-વિવાદોને બદલે સંવાદિતાની વીણાના સંગીત પ્રગટે છે.

ભૌતિકવિજ્ઞાન અને માનસવિજ્ઞાન સાપેક્ષ છે. એનાં સારાં-નરસાં પરિણામો છે જ્યારે અધ્યાત્મવિજ્ઞાન સર્વથા નિરપેક્ષ છે, સર્વદા શુભ અને આનંદકારી છે, માટે જ આ વિજ્ઞાન પ્રાપ્ત કરવું પરમ આવશ્યક છે. એ પ્રાપ્તિમાં જ જડચેતન વિશ્વનું કલ્યાણ સમાયેલું છે.

અધ્યાત્મવિજ્ઞાનના વૈભવને પામ્યા પછી આપણી નજર સામેનું વિશ્વ સત્યમ્-શિવમ્-સુન્દરમ્ બની જાય છે. વિજ્ઞાનની શાશ્વત સુખની ખોજ પૂર્ણ થાય છે.

વૈજ્ઞાનિક સાધનોનો પુનર્વિચાર

ભગવાન શ્રી સ્વામિનારાયણની ચરિતગાથામાં આ વૈજ્ઞાનિક વિષય આટલા વિસ્તારથી લખવાનો આશય માત્ર દિવ્ય ઘટનાઓ યા ચમત્કારોને સત્ય સિદ્ધ કરવાનો જ નથી.

આ લખવાનો મુખ્ય હેતુ તો વિસરાઈ ગયેલા પ્રાચીન વેદવિજ્ઞાનને પુનઃ સ્થાપિત કરવાનો છે, જેથી આપણે પૂર્ણ વિકાસ તરફ પગલાં માંડી શકીએ.

ભૌતિકવિજ્ઞાન ક્ષેત્રે ન્યૂટનના ચરણ જ્યાં રૂક્યા ત્યાંથી આઈન્સ્ટાઈને યાત્રા આગળ વધારી આઈન્સ્ટાઈનની યાત્રા પ્રકાશની ગતિએ આગળ વધી પરંતુ બ્રહ્માંડના રહસ્યને પાર પામી શકી નથી.

અહીંથી આગળની યાત્રા કરવા માટે આપણે આપણાં સાધનોનો પુનઃવિચાર કરવો જરૂરી છે, કારણ કે, આપણી પાસે જે સાધનો ઉપલબ્ધ છે, તેની મર્યાદાઓ છે. આપણી આંખો નિશ્ચિત ફ્રિક્વન્સીવાળા પ્રકાશ તરંગોને જ જોઈ શકે છે. આપણા કાન નિશ્ચિત ફ્રિક્વન્સીવાળા શબ્દ તરંગોને સાંભળી શકે છે. આપણાં અતિ આધુનિક વૈજ્ઞાનિક સાધનો પણ અપૂરતાં છે.

આપણી યાત્રા પ્રકાશની ગતિએ અટકી ગઈ છે. અહીંથી આગળ વધવા માટે કોઈ ભૌતિક સાધન કામ આવી શકે એમ નથી.

અહીંથી આગળ વધવા માટે ભગવાન પતંજલિના યોગસૂત્રો આપણા પથપ્રદર્શક બની શકે છે. ભગવાન પતંજલિના યોગસૂત્રોને આધારે આપણે માનસવિજ્ઞાન અને અધ્યાત્મવિજ્ઞાનની યાત્રા કરી શકીએ એમ છીએ.

વેદો કહે છે, **'तन्मे मनः शिवसंकल्पमस्तु ।'**

શ્રેષ્ઠ ગતિમાન અને શ્રેષ્ઠ શક્તિમાન અમારું મન શુભ વિચારોથી ભરપૂર બનો.

વિશુદ્ધ મન શક્તિશાળી સાધન છે. અધ્યાત્મશક્તિથી મન ઉપર વિજય મેળવી શકાય છે. મનોવિજેતા મહાપુરુષો માટે આ દુનિયામાં કશું જ અશક્ય નથી.

મહાન ભારતીય ઋષિમુનિઓ કે યોગીઓની શક્તિઓનું માપ કાઢવું, એ આપણા જેવા સામાન્ય ગજાના માનવીનું કામ નથી.

વર્તમાન ક્વૉન્ટમ ફિઝિક્સે ભારતના મહાન યોગીઓની ક્ષમતાઓને સત્ય સિદ્ધ કરી છે. એક વખતની દંતકથાઓ આજે સત્ય સાબિત થઈ રહી છે. યોગીઓની કથાઓને 'દંતકથાઓ' કહીને હાંસી ઉડાવનારા બૌદ્ધિકો આજે વામણાં અને અબૂઝ પુરવાર થઈ રહ્યા છે.

આજે એ સિદ્ધ થઈ ચૂક્યું છે કે આપણે જે ભૌતિક વિશ્વમાં જીવીએ છીએ એથી પર પણ એક અભૌતિક વિશ્વ છે, જેને ભૌતિકવિજ્ઞાનના કોઈ નિયમો બંધનકર્તા નથી.

આપણે જેને ચમત્કાર કહીએ છીએ તે વાસ્તવમાં તો આપણા અનુભવથી પર અભૌતિક વિશ્વના દિવ્ય નિયમોથી થતી ઘટના જ હોય છે, પરંતુ એ ઘટનાનો કાર્ય-કારણ સંબંધ આપણી સામાન્ય બુદ્ધિ સમજી શકતી નથી. એટલે આપણે એને ચમત્કારમાં ઘટાવીએ છીએ અથવા તો દંતકથા માની લઈએ છીએ.

વાસ્તવિકતા એ છે કે, અધ્યાત્મવિજ્ઞાનના વૈભવને માણનારા મહાપુરુષો માટે ભૌતિક કે માનસિક સિદ્ધિઓ શૃંખલા કે છીપલાં જેવી નગણ્ય હોય છે. જેમ અમૃતનો આસ્વાદ માણનારા ખાટી છાસમાં રાચતા નથી, એ જ રીતે અધ્યાત્મના અમૃતને માણનારા મહાપુરુષોને ખાટી છાસ જેવી સિદ્ધિઓ રુચતી નથી. તેઓ ક્યારેક સિદ્ધિઓનો ઉપયોગ કરે તો પણ કરુણાથી કરે છે, પ્રદર્શન માટે નહીં.

આજે સિદ્ધિઓ અને ચમત્કારોના નામે ઘણું બધું પાખંડ ચાલી રહ્યું છે. પ્રબુદ્ધ વર્ગે પોતાની હંસ જેવી વિવેકશાલિની બુદ્ધિ દ્વારા સત્ય-અસત્યનો નિર્ણય કરવો જરૂરી છે.

એક વાત ચોક્કસ છે, 'જાતજાતની સિદ્ધિઓ અધ્યાત્મપંથના પ્રવાસીઓ માટે અવરોધરૂપ છે અને લક્ષ્યથી ભટકાવનારી છે.' એમ સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને એકાદશ સ્કંધમાં કહે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ઐશ્વર્યનો સાગર હતા, પરંતુ એમણે પોતાના ઐશ્વર્યનો ઉપયોગ અનિવાર્ય સંજોગોમાં જ કર્યો હતો. ભગવાન શ્રીકૃષ્ણનો વેણુનાદ જેટલો સહજ હતો એટલો જ ભગવાન શ્રી સ્વામિનારાયણના ઐશ્વર્યનો વરસાદ સહજ હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્પષ્ટપણે ઘોષણા કરી હતી, 'પરચા-ચમત્કાર કે સમાધિના સત્સંગ કરતા પણ અમે સમજણના સત્સંગને અધિક માનીએ છીએ.'

મનુષ્યના ચિત્તમાં રહેલાં કામ, ક્રોધ, લોભ વગેરે વાસનામય સંસ્કારોનો નાશ થવો, દેહભાવ દૂર થવો, બ્રહ્મભાવ પ્રગટવો અને પરબ્રહ્મની પ્રાપ્તિ થવી એનાથી બીજો મોટો કોઈ ચમત્કાર નથી.

જીવનચરિત્રની લેખન શૈલી

અવતારો અને મહાપુરુષોના ઐતિહાસિક જીવનચરિત્રોની લેખનશૈલી વૈવિધ્યથી ભરેલી છે. આધુનિક સમયમાં કેટલાક સત્ત્વશીલ સાહિત્યકારોએ ભારતવર્ષના આ મહાન અવતારોનું માનવીયકરણ કરી એમનાં જીવનચરિત્રને બુદ્ધિગમ્ય કરવાનો પ્રયાસ કર્યો છે.

કેટલાંક સત્ત્વશીલ સાહિત્યકારોએ ભગવાનનું ભગવાનપણું અબાધિત રાખીને એમને લોકભોગ્ય કરવાનો પ્રયાસ કર્યો છે.

ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર આદરણીય શ્રી કનૈયાલાલ મુનશીએ 'કૃષ્ણાવતાર' નામની ઐતિહાસિક નવલકથાની અનેક ભાગોમાં રચના કરી છે. આ નવલકથામાં મુનશીજીએ ભગવાન શ્રીકૃષ્ણના જીવનના ચમત્કારિક અંશોનું તર્કસંગત રીતે માનવીયકરણ કરીને ભગવાન શ્રીકૃષ્ણને ભારતવર્ષના 'મહાનાયક' તરીકે રજૂ કર્યા છે. મુનશીજીના આ મહાનાયક શ્રીકૃષ્ણ બુદ્ધિજીવી વર્ગને સરળતાથી ગળે ઊતરી જાય એવા છે.

ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર પન્નાલાલ પટેલે ભગવાન શ્રીકૃષ્ણને કેન્દ્રમાં રાખીને 'પાર્થને કહો ચડાવે બાણ' એ મહાકાય ઐતિહાસિક નવલકથા લખી છે.

શ્રી પન્નાલાલ પટેલની વાત મુનશીજી કરતાં જૂદી પડે છે. પન્નાલાલ પટેલ સ્વયં કૃષ્ણભક્તિથી રંગાયેલા છે, એટલે એમણે આ નવલકથા ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેની પ્રેમભક્તિને કેન્દ્રમાં રાખીને લખેલ છે.

આદરણીય શ્રી પન્નાલાલ પટેલે કોઈને ગમે કે ન ગમે, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણનું ભગવાનપણું તેમજ તેમના જીવનના ચમત્કારિક પ્રસંગો મહદંશે જેમના તેમ જાળવીને આ ઐતિહાસિક નવલકથાની રચના કરેલી છે અને પોતાની કૃષ્ણભક્તિની પુષ્પમાળા ભગવાન શ્રીકૃષ્ણના કંઠમાં આરોપી છે.

આદરણીય શ્રી નાનાભાઈ ભટ્ટે ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણને કેન્દ્રમાં રાખીને 'રામાયણનાં પાત્રો' , 'મહાભારતનાં પાત્રો' , 'લોકરામાયણ', 'લોકભાગવત' વગેરે ગ્રંથોનું અનેક ભાગોમાં સુંદર સર્જન કર્યું છે.

ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણની લોકમાનસમાં કોઈ અનેરી મૂર્તિ બિરાજમાન છે. આદરણીય શ્રી નાનાભાઈ ભટ્ટે લોકહૃદયમાં પ્રતિષ્ઠિત ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિ ખંડિત ન થાય એની ખાસ કાળજી લીધી છે.

સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી કરશનદાસ માણેકે મહાભારત કથાઓ અને ભાગવત કથાઓ આગવી રીતે આલેખી છે. આમાં એમણે કથાવસ્તુનું દૈવીતત્ત્વ જાળવી રાખ્યું છે અને માનવીય સંવેદનશીલતાને ઉજાગર કરી છે.

આ મહાન સાહિત્યકારોની રચનાઓની આધારભૂમિ તો મહર્ષિ વાલ્મીકિજી રચિત 'વાલ્મીકિ રામાયણ', મહર્ષિ તુલસીદાસ રચિત 'રામચરિતમાનસ' તેમજ મહર્ષિ વેદવ્યાસ રચિત 'શ્રીમદ્‌ભાગવત' વગેરે ઐતિહાસિક જીવનચરિત્ર ગ્રંથો છે, જેમાં પરમાત્માના અવતારો તેમ જ પરમહંસોના ચરિત્રોનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની આ ચરિતગાથા નવલકથા નથી, પરંતુ ઐતિહાસિક

જીવનચરિત્ર છે. આ જીવનચરિત્ર ક્યારેક સમજાય એવું છે, ક્યારેક સમજમાં ન આવે એવું છે, છતાં તે વાસ્તવિક છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનમાં અષાઢી મેઘની જેમ વર્ષેલા ઐશ્વર્યના વરસાદને ઉવેખી શકાય એમ નથી, છતાં પણ આ ચરિતગાથામાં એમના ઐશ્વર્ય ઉપર વિશેષ ભાર દેવાને બદલે જીવનને ઉન્નત અને સદાચારી બનાવે એવા પ્રેરક પ્રસંગો ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે.

મનમોહક વ્યક્તિત્વ

ભગવાન શ્રી સ્વામિનારાયણનું વ્યક્તિત્વ ભારે મનમોહક હતું.

એમનો શ્રી વિગ્રહ અર્થાત્ શરીર સપ્રમાણ અને સુંદર હતું.

એમનું ભાલ ભવ્ય અને વિશાળ હતું. એમાં આડી-ઊભી ત્રિપુંડ અને ઊર્ધ્વપુંડ રેખાઓ શોભતી હતી. આ રેખાઓ એમના જીવનમાં રહેલી ધાર્મિક સમરસતા અને અદ્‌ભુત વ્યક્તિત્વની દ્યોતક હતી.

જમણા ગાલે શ્યામબિંદુથી શોભતું એમનું તેજસ્વી મુખારવિંદ ભારે આકર્ષક હતું.

એમનાં નેત્રો કમળની પાંખડી જેવાં અણિયાળાં અને જાદુભર્યાં હતાં. એમના નેણ અને વેણના જાદુએ ભલભલાને વશ કરી લીધા હતા.

એમના કર્ણ સપ્રમાણ, સુંદર અને શ્યામબિંદુઓથી શોભતા હતા. એમની નાસિકા શુકની ચાંચને લજાવે એવી નમણી અને રમણીય હતી. એમના અધરોષ્ઠ આછા ગુલાબી હતા. એમનો કંઠ ઘેરો અને મધુર હતો. તેઓ સ્વયં કીર્તનો બોલતાં, ઝિલાવતાં, તાલી વગાડી ઘેરે સ્વરે નારાયણ ધૂન કરતા ત્યારે શ્રોતાવર્ગ ભાવસમાધિમાં મગ્ન બનતો.

બ્રહ્માનંદસ્વામી કીર્તનમાં કહે છે કે,

તમે મીઠું બોલીને મન લીધું રે, મીઠડા બોલા જી;
કંઈ કામણ એવું કીધું રે, મીઠડા બોલા જી.

એમની લાંબી ભુજાઓ ગોઠણ સુધી પહોંચતી હતી, એટલે તેઓ 'આજાનભુજ' કહેવાતા. એમની આ ભુજાઓ શરણાગતોને અભયદાન આપનારી, પતિતોને પાવન કરનારી, અધમનો ઉદ્ધાર કરનારી અને ભવસાગરને તારનારી હતી. એટલે તો નંદ સંતો એમને 'પતિતપાવન' અને 'અધમઉદ્ધારક' કહેતા હતા.

એમના હસ્તારવિંદની હથેળીઓ આછી ગુલાબી હતી, એમાં રહેલી ઘેરી રેખાઓ એમના દિવ્યજીવનની દ્યોતક હતી.

એમનું વક્ષ:સ્થળ વિશાળ હતું અને હૃદય ઉદાર હતું. એમનું ઉદર પીપળાના પાન જેવું સુંદર હતું અને એ ઉદરમાં ત્રિવળી ઓપતી હતી. એમની નાભિ ઊંડી, ગોળ, ગંભીર હતી. એ નાભિકમળના ધ્યાનમાં મુનિવરોનાં મન ડૂબી જતાં હતાં.

પ્રેમસખી પ્રેમાનંદસ્વામીએ એમની નાભિને વિરાટ નારાયણની વિશ્વના કેન્દ્ર સમી નાભિ સાથે સરખાવી છે.

'નાભિ ઊંડી રે રૂપાળી, બ્રહ્મા બેસે જ્યાં આસન વાળી...'

એમની કેડ્ય સિંહની કેડ્ય જેવી પાતળી હતી; સાથળ કદળીના સ્તમ્ભ સમાન હતા; એમની પીંડીઓ પોચી અને મુલાયમ હતી.

ચરણારવિંદના તળાઓ ભારે કોમળ અને લોકોત્તર ચિન્હોથી શોભતાં હતાં. ચરણારવિંદના સોળ ચિન્હો એમના પૂર્ણ પુરુષોત્તમ નારાયણપણાની સાક્ષી પૂરતા હતા.

અપૂર્વ સૌન્દર્ય

ભગવાન શ્રી સ્વામિનારાયણને શ્વેત વસ્ત્ર અને ફૂલના શણગાર અત્યંત પ્રિય હતાં. મોટે ભાગે તેઓ શ્વેત વસ્ત્ર અને પુષ્પનાં અલંકારો જ ધારણ કરતાં. આ એમનો કાયમનો 'ડ્રેસકોડ' હતો.

શ્વેત વસ્ત્રમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની સુંદરતા અપૂર્વ રીતે નિખરતી હતી.

પોતાને શ્વેત વસ્ત્ર પ્રિય હોવા છતાં તેઓ ક્યારેક પ્રેમીભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે ભાતભાતના, ભારે ભારે વસ્ત્ર-અલંકારો પણ સ્વીકારતાં, થોડીવાર ધારણ કરતાં, પછી સેવકો અથવા તો ગરીબોને આપી દેતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણની સુંદરતાએ ભલભલા વિતરાગી મુનિવરોના મનને પણ મોહી લીધા હતાં. નંદ સંતોએ પોતાનાં કીર્તનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની સુંદરતાનું અદ્‌ભુત વર્ણન કરેલું છે.

સામાન્ય રીતે નરનારીઓને પરસ્પરની સુંદરતાને જોઈને ભોગવવાનું મન થતું હોય છે, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણની સુંદરતા અનોખી હતી. એમની સુંદરતાનું દર્શન કરતા સંસારના ભોગ સુખ હરામ થઈ જતાં હતાં અને મુમુક્ષુઓ સંન્યાસ લઈને એમને ચરણે સમર્પિત થઈ જતા હતા.

વિશેષ આશ્ચર્યકારી વાત એ છે કે, એમના શ્રી વિગ્રહના દર્શન કરતા અનેક લોકોને લક્ષ થઈ જતો હતો અને સમાધિ લાગી જતી હતી.

લક્ષ્યને નીરખતા નાડીપ્રાણ ખેંચાઈ જાય અને મન એકાગ્ર થઈ જાય એને 'લક્ષ' કહેવાય છે. લક્ષ સમાધિની પૂર્વ અવસ્થા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન સંત સદ્‌ગુરુ આધારાનંદસ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણનું દર્શન કરનાર ભક્તોની ભાવદશાનું સુંદર વર્ણન કર્યું છે,

હરિકે દર્શન કરીકે જાકુ; હોત અતિ આનંદ જો તાકુ |
અતિ આનંદ કે વેગ કરીકે; જનકે નેત્ર તબ જાત ઠરીકે ||૯||

નિજ તન તાકે રહત ન ભાના; મૂર્તિ તામે રહતહિ લોભાના |
શ્રી હરિ તાકુ જગાવત જબહી; નિજતનમેં આવત રહ તબહી ||૧૦||

(પુર-૧૭, તરંગ-૫૭)

શ્રી હરિના દર્શન કરતાંની સાથે જ દર્શન કરનારના અંતરમાં આનંદના ઓઘ ઉભરાવા માંડતા હતા; આંખો અત્યંત ઠંડક અનુભવતી હતી; દર્શનમાં મગ્ન બનેલ ભક્તો દેહભાન ભૂલી ભાવાતીત દશામાં સરી જતા હતા પછી તો સ્વયં શ્રી હરિ જ્યારે જગાડે ત્યારે જ પાછા ભાનમાં આવતા હતા.

લોકોના ચિત્ત તેમજ નાડીપ્રાણને આ રીતે આકર્ષી લેતા હોવાથી નંદ સંતો એમને 'શ્રીકૃષ્ણ' કહેતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો શ્રી વિગ્રહ સામાન્ય મનુષ્ય જેવો જ જણાતો હતો છતાં તે દિવ્ય અને નિર્ગુણ હતો, પરિણામે એમના આ સુંદર શરીરના ધ્યાનને પરિણામે અનેક ભક્તોને નિરાવરણ સ્થિતિ અને નિરાવરણ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી. તેઓ યોગીઓ જેવી ઉત્તમ સ્થિતિ પામ્યા હતા અને છતે દેહે બ્રહ્મરૂપ થયા હતા.

માનવસહજ સ્વાભાવિક ચેષ્ટાઓ

નવાઈની વાત એ છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ ઐશ્વર્યનો સાગર હતા, છતાં તેઓ મોટે ભાગે પોતાના સમસ્ત ઐશ્વર્યને છુપાવીને મનુષ્ય જેવું જ જીવન જ જીવતા હતા.

લાખો લોકો એમને પ્રત્યક્ષ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ રૂપે માનતા હતા અને ઉપાસતા હતા છતાં તેઓ એક આદર્શ સંતને છાજે તે રીતે નિયમિત માળા કરતા, પૂજા કરતા, ધ્યાન કરતા, તીર્થાટન કરતા, વિવિધ દેવોના મંદિરોમાં દર્શન કરતા, દેવોની ભાવથી પૂજા કરતા, પૂજારીઓને દાન-દક્ષિણા આપી પ્રસન્ન કરતા.

એમની પ્રત્યેક ક્રિયા બાળક જેવી નિર્મળ, નિખાલસ અને સહજ રહેતી. તેઓ રાજી પણ થતા અને રીસાઈ પણ જતાં, પ્રસન્ન પણ થતા અને રોષ પણ કરતા, મંદ મંદ હસતા અને ગંભીર પણ થઈ જતા, હર્ષ પણ કરતા અને શોક પણ કરતા, કોઈને પ્રેમથી હસીને બોલાવતા, તો કોઈ સાથે અબોલા પણ લઈ લેતા.

સ્વભાવથી નિર્ભય હતાં છતાં ક્યારેક ભયભીત થવાનું નાટક પણ કરતા, આકરું તપ પણ કરતા અને ભોજન માટે નાના બાળકની જેમ આકુળવ્યાકુળ પણ થઈ જતા.

આનંદ અને પ્રેમનો સાગર

ભગવાન શ્રી સ્વામિનારાયણનું સુપ્રસિદ્ધ નામ 'સહજાનંદસ્વામી' હતું. નામ પ્રમાણે જ તેમનામાં ગુણ હતા. તેઓ સહજ આનંદનો સાગર હતા. પોતે સદૈવ આનંદમાં રહેતા અને અન્યને આનંદમાં રાખતા હતા. એટલે તો એમનું 'સહજાનંદસ્વામી' નામ સાર્થક હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રેમનો સાગર હતા. એમના પ્રેમના જાદુએ ભલભલા ચોર-લૂંટારાઓનાં જીવનને બદલાવી નાખ્યાં હતાં. એમના પ્રેમના સાગરમાં રાજા-રંક, નાના-મોટા સર્વ સમાઈ જતા હતા.

જેમ માને નાનો દીકરો વધારે વહાલો હોય એ જ રીતે એમના પ્રેમનો પ્રવાહ નાના અને એ સમયે ઊતરતા ગણાતા વર્ણો તરફ વિશેષપણે વહેતો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણને સંતો અત્યંત પ્રિય હતા. સંતોને દૂરથી આવતા સાંભળે ત્યારે તેઓ હરખથી સામે જતાં, પોતે સંતોના ઈષ્ટદેવ હતા, છતાં સંતોને ભાવથી દંડવત્ પ્રણામ કરતા, બાથમાં ઘાલીને મળતા, હર્ષથી ગદ્‌ગદ્ થઈ જતા અને નેત્રોમાંથી આંસુઓ વરસવા માંડતાં.

ક્યારેક પોતે પ્રેમથી જાતે રસોઈ કરતા અને સંતોને જમાડતા, ક્યારેક પંક્તિમાં સંતોને આગ્રહ કરી કરીને પીરસતા અને પરમહંસોને તૃપ્ત કરી દેતા, ક્યારેક રંગ ભરી પિચકારીઓની ઝડીઓ વરસાવી સંતોને ભીંજવી દેતા. આ રંગઝડીઓનો વરસાદ એમના અંતરના પ્રેમસાગરમાંથી પ્રગટતો અષાઢી મેઘ હતો.

એમના પ્રેમને વશ થયેલા મોટા મોટા સિદ્ધ સંતો અને હરિભક્તો પોતાના પ્રાણોની પરવા કર્યા સિવાય એમના વચનમાં ટૂક-ટૂક થઈ જતા હતા.

હાસ્યથી હળવાફૂલ

મોટે ભાગે જ્ઞાની પુરુષો ચડાવેલાં તબલાંની જેમ ભારેખમ થઈને ફરતા હોય, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણની રીત સાવ ઊલટી હતી. તેઓ ભગવાનપણાના ભારથી મુક્ત, હળવાફૂલ જેવા હતા.

રમૂજ અને હાસ્ય એમના સ્વભાવમાં સહજ રીતે વણાયેલાં હતાં. એમનું મંદ મંદહાસ્ય ભારે મનમોહક હતું. તેઓ જ્યારે મોકળે મને ખિલખિલાટ હસતા ત્યારે જાણે પારિજાતના પુષ્પોનો વરસાદ વરસતો! એમની દાડમની કળીઓ જેવી દંતપંક્તિ

અત્યંત સુંદર લાગતી.

એમાંય બ્રહ્માનંદસ્વામી, સુરા ખાચર જેવા સખાઓ સાથે હોય ત્યારે તો હાસ્યરસ મહાસાગરની જેમ હિલોળા લેવા માંડતો.

ક્યારેક ક્યારેક રમૂજમાં તેઓ પાસેના હરિભક્તના હાથમાંથી માળા લઈને પોતે ફેરવવા માંડતા અને રમૂજ કરતાં કરતાં માળા તોડી પણ નાખતા, પારા ચારે બાજુ વેરાઈ જતા અને પોતે હસવા માંડતા. સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી લખે છે...

'રમૂજ કરતાં રે, રાજીવ નેણ રૂપાળાં,
કોઈ હરિજનની રે, માગી લઈને માળા.

બેવડી રાખી રે, બબે મણિકા જોડે,
ફેરવે તાણી રે, કંઈક માળા તોડે.'

માળા તોડીને જાણે પોતે સંકેત કરતા હોય કે, 'માળા સાધન છે, ભગવાન સાધ્ય છે. સાધનમાં આસક્તિ ન કરવી, સાધ્ય સાથે પ્રેમ કરવો. સાધનના અભિમાનને તોડી નાખવું. સાધન ગમે તેવું સુંદર હોય, તોપણ આખરે તેને છોડી દેવાની હિંમત હોવી જોઈએ.'

રહસ્યભરી ચેષ્ટાઓ

ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્વાભાવિક ચેષ્ટાઓમાં કંઈક રમૂજ કે કંઈક રહસ્ય અવશ્ય છુપાયેલું રહેતું.

કવીશ્વર દલપતરામ ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્વાભાવિક ચેષ્ટાઓનું સુંદર અર્થઘટન કરેલું છે, સભામાં બેઠા હોય ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણને રૂમાલને છેડે વળ દેવાની ટેવ હતી.

કવીશ્વર દલપતરામ લખે છે કે,

भेद पढे हो वेदके वृषते, वृषकुलभूप
हिमजोगी गोपालसे पढि अष्टांग अनूप;
पढि अष्टांग अनूप आय रामानन्दहूपे,
भक्तिअंगके भेद सुगम किय सो ईक रुपे;
दाखत दलपतिराम, जगत आहि जाहि चढे है,
पट वल देत पलाय, कहां यह भेद पढे है

'હે મહારાજ! તમે પિતાજી પાસેથી વેદના ભેદ શીખ્યા, ગોપાલયોગી પાસેથી યોગ

શીખ્યા, સદ્‌ગુરુ રામાનંદસ્વામી પાસેથી નવધા ભક્તિના ભેદ ભણ્યા, આ બધાની તો અમને ખબર છે, પરંતુ ગારુડી જેમ વસ્ત્રને વળ દઈને વિષધરના વિષ હરે, એ રીતે રૂમાલને વળ દઈને અમારા મનના વિષને હરવાનું ક્યાંથી શીખ્યા? એ તો અમને કહો.'

ભગવાન શ્રી સ્વામિનારાયણને જીભને દાંત તળે દબાવવાની ટેવ હતી. આ અંગે કવીશ્વર લખે છે કે,

बारीको उजारी, लंका जारी, शत्रु म्हारी भारी,
जनककुम्हारी ल्याये जनकजामात है;
लोक अपवाद सुनी दिलहुसे दयालजी,
बनमें निकारी नारी, जो सती साक्षात है;
कोटी दयाकन्द जगवंद्य वृषनन्दनके,
अन्तरमें जब यह बात याद आत है;
कहे दलपतिराम, जानी निज कूर काम,
दांतनकी पांतनसे जीह्वाको दबात है ।

'અશોકવાટિકા ઉજ્જડ કરી, લંકાને બાળીને રાખ કરી, રાવણનો વિનાશ કરી, જનકદુલારી સીતાને પાછા લાવ્યા, પરંતુ પછી દુઃખદ ઘટના બની. પ્રભુ સ્વયં સર્વ માટે વંદનીય અને દયાનો સાગર હતા, છતાં લોકાપવાદે કરીને નિર્દોષ સતી સીતાજીને પાછા વનમાં મોકલવા મજબૂર બન્યા હતા. પોતે રામાવતારમાં કરેલું આ નિષ્ઠુર કાર્ય જ્યારે જ્યારે યાદ આવે છે ત્યારે ત્યારે કરુણાસાગર ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાની જીભને દાંત તળે દબાવે છે.'

કવીશ્વર દલપતરામે ભગવાન શ્રી સ્વામિનારાયણની આવી અનેક સ્વાભાવિક ચેષ્ટાઓના રહસ્યને ઉજાગર કરનારા અનેક છંદો રચેલા છે.

અનોખી ભોજનલીલા

ભગવાન શ્રી સ્વામિનારાયણની ભોજનલીલા ભારે આશ્ચર્યકારક હતી. પોતે આત્મારામ અને આત્મરતિ હતા, છતાં ક્યારેક નાના બાળકની જેમ ભોજન માટે ઉતાવળા અને આકુળવ્યાકુળ થઈ જતા હતા, ક્યારેક અર્ધી રાતે જાગીને ભોજન માગતા.

ક્યારેક ભૂખથી આકુળવ્યાકુળ થઈ ભાવિક ભક્તને ઘરે પહોંચી જતા, જમવાનું માગતા; ક્યારેક તો જાતે કોઠલો ઉઘાડી, જે મળે તે લઈને ટાઢા ઊનાની પરવાહ કર્યા વિના જમવા માંડતા. ક્યારેક સ્વાગત-સમૈયાના પ્રસંગે શોભાયાત્રા નીકળી હોય, હજારો નરનારીઓ દર્શન કરતાં હોય, છતાં કોઈની શેહ-શરમ રાખ્યા સિવાય ભરબજારે અશ્વે

બેઠાં બેઠાં મોજથી કાકડી અને ચીભડાં જમવા માંડતા.

એક બાજુ તેઓ એવી ચતુરાઈથી જમતાં કે માત્ર આંગળીના ટેરવાં જ એઠાં થતાં, હોઠ સુધ્ધાં બગડતા નહીં! બીજી બાજુ ક્યારેક તેઓ એવી અઘોર લીલા કરતા કે દહીંના રેગાડા કોણી સુધી પહોંચતા અને કોણીને જીભથી ચાટતા!

તેઓ જ્યારે જમવા બેસે ત્યારે માથે ચાદર એવી રીતે ઓઢતા કે, કાન ઉઘાડા રહે. આશય એ હતો કે, જમતી વખતે કોઈ ભૂખ્યાના સાદ સંભળાય.

પોતાને જમવાનું પદાર્થ સ્વાદિષ્ટ લાગે તો તરત જ બીજાને આપી દેતા. પોતે ભોજન કરતા હોય અને કોઈ ભૂખ્યાને જૂએ તો તરત જ જમતાં જમતાં ઊભા થઈ જતા અને ભોજનનો થાળ એને આપી દેતા.

કથાશ્રવણમાં અસાધારણ પ્રીતિ

ભગવાન શ્રી સ્વામિનારાયણને કથાશ્રવણમાં જબરી રુચિ હતી. પોતે સહજ જ્ઞાન સ્વરૂપ હતા, છતાં એમની પાસે દરરોજ શ્રીમદ્‌ભાગવત વગેરે વિવિધ શાસ્ત્રોની કથાઓ થયા જ કરતી હતી.

કથાશ્રવણ કરતાં કરતાં વચ્ચે તેઓ શાસ્ત્રોના મર્મોને સમજાવતા જતા હતા અને ઘણીવાર પોતે મોડી રાત સુધી કથાવાર્તા કરતા રહેતા હતા.

ક્યારેક તો ભારે રમૂજ થતી. કથાશ્રવણ કર્યા પછી તેઓ જમવા બેસે, ત્યારે પણ એમનું ચિત્ત તો કથાના વિષયમાં જ પરોવાયેલું રહેતું. પરિણામે તેઓ જમતાં જમતાં પણ અચાનક 'હરે હરે' બોલવા માંડતા.

મહારાજના મુખથી ભોજન સમયે 'હરે હરે' શબ્દ સાંભળી હરિભક્તો આશ્ચર્યથી એમની સામે જોવા માંડતા અને મહારાજ પણ વાસ્તવિકતાનું ભાન થતાં હસવા માંડતા!

પ્રેમાનંદસ્વામી લખે છે કે,

'ભાન કથામાં રે, બીજી ક્રિયામાંય,
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય.
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની,
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બેની.'

પોતે કથાવાર્તા કરતા હોય, કીર્તન સાંભળતા હોય, કંઈક મનન-ચિંતન કરતા હોય ત્યારે વચ્ચે કોઈ વિક્ષેપ કરે એ એમને રુચતું નહીં. આવા સમયે કોઈ આવીને હાર પહેરાવે, પૂજા કરવા આવે કે જમવાનું પૂછવા આવે તો પોતે ખીજાઈ જતાં અને રીસાઈ પણ જતા. આશ્ચર્યની વાત એ છે કે એમના કોપ અને રીસ ક્ષણિક રહેતાં.

સાહિત્યકારોએ મહાપુરુષો માટે કહ્યું છે, **वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि** એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ ક્યારેક ઉપરથી કઠોર ભાસતા પણ અંદર તો કમળથી પણ કોમળ હતા.

એમની કઠોરતા નાળિયેરના કોચલા જેવી ઉપર ઉપરની હતી, અંદરથી તો તેઓ ભારે મુલાયમ અને રસસભર હતા.

અનોખી ઉપદેશ શૈલી

એમની ઉપદેશની શૈલી સાવ અનોખી હતી. ગંભીરમાં ગંભીર તત્ત્વજ્ઞાનની વાતને તેઓ સીધાં-સાદા દૃષ્ટાંતથી વધુ સરળ રીતે સમજાવી દેતા અને રમૂજી શૈલીથી ગંભીર જ્ઞાનને હળવુંફૂલ કરી દેતા.

જ્ઞાનપ્રાપ્તિ માટે જિજ્ઞાસા મહત્ત્વની છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ જિજ્ઞાસાવૃત્તિને પ્રોત્સાહિત કરવા માટે સભામાં પ્રશ્નોત્તરી અચૂક કરાવતા. પોતે પ્રશ્નો પૂછતા અને સંતોને પ્રશ્ન પૂછવાની પ્રેરણા આપતા. ક્યારેક સંતોને પરસ્પર પ્રશ્નોત્તર કરાવી એમની પરીક્ષા લેતા.

વાદ-વિવાદ કે પ્રશ્નોત્તરીમાં એમને ક્યારેય કોઈ પહોંચી શકતું ન હતું. પ્રશ્ન સામે પ્રતિપ્રશ્નો કરી પ્રશ્ન કરનારને ગૂંચવણમાં મૂકી દેતા અને આખરે પોતે જ એ પ્રશ્નનું સરળ સમાધાન કરતા.

પ્રશ્નકર્તાને ગમે તેવો પ્રશ્ન નિઃસંકોચપણે પૂછવા માટે પ્રોત્સાહન આપતા. જિજ્ઞાસુની પ્રત્યેક જિજ્ઞાસાનું પ્રેમથી સમાધાન કરવું મહારાજના સ્વભાવમાં હતું.

એક સમયે પૂર્ણાનંદસ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણને ભારે સંકોચ સાથે પ્રશ્ન કર્યો, “મહારાજ! ન્યાયશાસ્ત્રનો એક નિયમ છે કે, ‘સજાતીયથી સજાતીયનું ગ્રહણ થાય’. ઇન્દ્રિયો-અંતઃકરણ માયિક છે, માટે તે માયિક પદાર્થનો અનુભવ કરી શકે, પરંતુ માયિક ઇન્દ્રિયો-અંતઃકરણથી અમાયિકનો અનુભવ કેમ થાય?”

મહારાજે હસતાં હસતાં કહ્યું, “સ્વામી! તમારે એમ જ કહેવું છે ને કે, તમારી માયિક આંખોથી અમારા દર્શન થયા તો અમે પણ માયિક ઠર્યા!”

પૂર્ણાનંદસ્વામીનો પ્રશ્ન ભગવાન શ્રી સ્વામિનારાયણના ભગવાનપણા ઉપર સીધો પ્રહાર કરતો હતો, છતાં મહારાજે ભારે હળવાશ અને ધૈર્યથી એ પ્રશ્નને સાંભળ્યો અને પ્રશ્નના હાર્દને ખોલી સંતના સંકોચને દૂર કરી દીધો.

પૂર્ણાનંદસ્વામીએ ભારે સંકોચ સાથે કહ્યું, “હા, મહારાજ! પ્રશ્ન તો એ જ છે, પણ સીધુ પૂછવાની હિંમત હાલતી ન હતી.”

પૂર્ણાનંદસ્વામીના પ્રશ્નનું સમાધાન કરતાં મહારાજ મંદ મંદ હસતા બોલ્યા, "સ્વામી! જેમ ભમરી ઈયળને ચટકો ભરે છે, ત્યારે ઈયળ તીવ્રતાથી ભમરીને યાદ કરી ભમરીરૂપ થઈ જાય છે, એ જ રીતે મનુષ્યરૂપે અવતરેલા કે અર્ચા સ્વરૂપે બિરાજતાં પરમાત્માનું જે કોઈ ભક્ત ભાવપૂર્ણ હૃદયે એકાગ્રતાથી દર્શન અને ધ્યાન કરે છે, ત્યારે એના ઇન્દ્રિયો-અંતઃકરણ પુરુષોત્તમરૂપ થઈ જાય છે અને એ પુરુષોત્તમરૂપ થયેલા ઇન્દ્રિયો-અંતઃકરણથી પુરુષોત્તમનો યથાર્થ અનુભવ થાય છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉત્તરમાં વેદ-વેદાંતના રહસ્યનું સરળ દૃષ્ટાંત સાથે ઉદ્‌ઘાટન થઈ રહ્યું હતું.

પ્રામાણિકતા અને આધ્યાત્મિકતાના પોષક

ભગવાન શ્રી સ્વામિનારાયણે સદૈવ પ્રામાણિકતા અને સદાચારનું પોષણ કર્યું હતું. પ્રામાણિકતા ધર્મનો પ્રાણ છે. પ્રામાણિકતા વગરની ધાર્મિકતા પ્રાણ વિનાના હાડપિંજર જેવી છે.

ઇજિપ્તના પિરામિડોના મમીઓને સોનેથી મઢવામાં આવેલાં છે, પરંતુ એ મમી આખરે તો હાડપિંજર જ છે, એ જ રીતે ધાર્મિકતામાં જો પ્રામાણિકતા ન હોય તો, એ ગમે એટલી અલંકૃત હોય છતાં પણ એ પિરામિડના 'મમી' જેવી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ભક્તોને સ્પષ્ટ આદેશ કર્યો હતો કે, 'અમારા આશ્રિતોએ ધર્મને અર્થે પણ ચોરી ન કરવી. ધણિયાતી કાષ્ઠ-પુષ્પાદિક જેવી તુચ્છ વસ્તુ પણ ધણીની આજ્ઞા વિના ન લેવી.' પ્રામાણિકતા વિષયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સદૈવ સાવધાન રહેતા. ક્યારેક કોઈ ભક્તો કેરી, પોંક જેવા પદાર્થો એમને અર્પણ કરવા આવતા ત્યારે તેઓ અચૂક પૂછતા કે, 'આ પદાર્થ કોના ખેતરના છે? તમારા કે બીજાના? અને જો બીજાના હોય તો એના ધણીને પૂછીને લાવ્યા છો કે એમ ને એમ?' જો ભગવાન શ્રી સ્વામિનારાયણને ખબર પડે કે, એ ભક્ત એ પદાર્થ ધણીને પૂછ્યા સિવાય લાવ્યો છે, તો તેઓ એવા પદાર્થોનો સ્વીકાર ન કરતા. કોઈ ગજાબહારનો દાન-ધર્માદો કરે એ એમને ગમતું નહીં. ભક્તને કોચવીને કોઈ દાન-ધર્માદો લાવે તો તેઓ નારાજ થતા, લાવનારને ઠપકો આપતા અને દાન-ધર્માદો પરત મોકલાવી દેતા. ધર્મક્ષેત્રમાં આવી નિઃસ્વાર્થતા અને વિવેક વિરલ હોય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુયાયીઓની ભક્તિધારા ગંગા-જમુના અને સરસ્વતીના સંગમ સમાન હતી. એક બાજુ સત્સંગીઓનો એવો વિશાળ વર્ગ હતો, કે જે પ્રામાણિક રહીને સીધું-સાદું-સરળ જીવન જીવી ભજન-સ્મરણ કરી મનુષ્યજીવનને

કૃતાર્થ કરી રહ્યો હતો.

બીજો સમુદાય એવો હતો કે, જેને આપણે જ્ઞાનીઓની હરોળમાં મૂકી શકીએ. ગામડાંઓમાં રહેતા હોય, અભણ જેવા જણાતા હોય, છતાં આ જ્ઞાની ભક્તો એવા હતા કે, જેમને વાદવિવાદમાં ભલભલાં શાસ્ત્રી-પુરાણીઓ પણ પહોંચી શકતા ન હતા.

વિશેષ વાત તો એ હતી કે, એમનું જ્ઞાન પાંકડી ગાય જેવું વાંઝિયું ન હતું. અનુભૂતિથી ભરપૂર એમના જ્ઞાનની સુગંધ એમના વાણી અને વર્તન દ્વારા પ્રસરતી હતી.

ત્રીજો એવો ભક્ત સમુદાય હતો કે, જે ગહન ધ્યાન અને સમાધિમાં મગ્ન રહેતો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી આ ભક્તો જીવનમુક્ત સ્થિતિને પામ્યા હતા.

સામાન્ય રીતે આ ત્રણેય પ્રકારના સમુદાયનું એક વ્યક્તિ દ્વારા એકસાથે પોષણ કરવું, કપરું કાર્ય છે. કેટલાંક ધર્મગુરુઓ સાધારણ સમુદાય સાથે જોડાયેલા હોય છે, કેટલાંક ધર્મગુરુઓ ઉચ્ચ કક્ષાની બુદ્ધિમત્તા ધરાવનારા લોકો સાથે સંકળાયેલા હોય છે, કેટલાંક ધર્મગુરુઓ ગહન સાધના પરાયણ સાધક વર્ગ સાથે સંકળાયેલા હોય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની રીત અનોખી હતી. એમણે ત્રણેય પ્રકારના વર્ગને એકસાથે અનોખી રીતે પોષ્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણની ધર્મક્રાંતિ માત્ર ઉપરના સ્તરે જ ન હતી, આ ક્રાંતિમાં અધ્યાત્મનું ઊંડાણ પણ ભારોભાર હતું. અષ્ટસિદ્ધિઓ કે નવનિધિઓ એમના ભક્તોને લોભાવી શકતી ન હતી. ભગવદ્પ્રાપ્તિની સામે એમને સર્વ સિદ્ધિઓ તણખલાં જેવી લાગતી હતી. ભગવાન સામે ચાલીને સિદ્ધિઓ આપે તોપણ એ ભક્તો સ્વીકારવા તૈયાર ન હતા.

દીનબંધુ અને દયાસિંધુ

સંગ્રહ તો ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વભાવમાં જ ન હતો. જે આવે એને સત્કાર્યમાં વાપરી નાખવામાં એમને આનંદ આવતો. એમની ઉદારતા અજોડ હતી. તેઓ ઊંચનીચ, જાત-કુજાત્ય જોયા સિવાય સર્વનું ભલું કરતા.

ભૂખ્યાને જમાડવામાં, દીનદુઃખિયાઓને દાન દેવામાં તેઓ સદૈવ આતુર રહેતા. પ્રેમાનંદસ્વામી લખે છે કે,

'અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો,
પરદુઃખહારી રે, વારી બહુનામીનો.

કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય,
દયા આણી રે, અતિ આકળા થાય.

અન્ન-ધન-વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે,
કરુણાદષ્ટિ રે, દેખી વાનજ વાળે.'

એમના ઔદાર્યને જોઈને નંદ સંતો તેમને 'દીનબંધુ' અને 'દયાસિંધુ' કહેતા.

ભાવિક ભક્તો એમને ભાવથી અલંકારો અર્પણ કરતાં, તેને થોડીવાર સ્વીકારતાં. પછી દીન-દુઃખી અને જરૂરિયાતમંદોને આપી દેવામાં એ જરાય કસર ન રાખતા.

ક્યારેક પોતે માથે બાંધેલી પાઘ માથેથી ઉતારી બીજાને માથે પહેરાવી દેતા. ક્યારેક ખેસ અને અંગરખી અંગ ઉપરથી ઉતારી અર્ધનગ્ન માનવીની કાયાઓને ઢાંકતા. ક્યારેક પગમાં પહેરેલી મોજડી ઉતારી ઉઘાડા પગવાળા પગમાં પહેરાવી દેતા. ક્યારેક હાથમાં પહેરેલી સોનાની વીંટી, કંઠમાં પહેરેલો સોનાનો હાર ગરીબોને દાનમાં આપી દેતા. ક્યારેક ભક્તોએ અર્પણ કરેલા રૂપિયાની મુઠ્ઠીઓ ભરી ભરીને ગરીબોને વહેંચી દેતા.

એમની ઉદારતાનો એક પ્રકાર તો અતિ અદ્ભુત છે. એક વાર તેઓ ગાંફ ગામના પાદરમાંથી પસાર થયા, ત્યારે એક બીબડીએ એમને દાતણ અર્પણ કર્યું. તો એ સામાન્ય દાતણના બદલામાં એમણે બીબડીને અક્ષરધામ આપ્યું.

ભૂજના લોભી વાણિયાએ ખોટું નારિયેળ અર્પણ કર્યું. તો મહારાજે ઉદારતાથી ખોટા નારિયેળના બદલામાં વાણિયાનું કલ્યાણ કર્યું. અંત સમયે વાણિયાને તેડવા મહારાજ પધાર્યા અને બોલ્યા, "શેઠ! તમે ખોટા, તમારું નાળિયેર ખોટું, પણ અમે ખોટા નથી. માટે તમને તેડવા આવ્યા છીએ."

આ જ રીતે જે કોઈ ભક્તોએ એમને ફળ-ફૂલ અર્પણ કર્યાં, કોઈએ એમના ભૂખ્યા-તરસ્યા ઉપવાસી સંતોને ભોજન સામગ્રી અર્પણ કરી, તો એનાં બદલામાં પણ એમણે આપનારને અક્ષરધામની પદવી આપી. આથી શ્રેષ્ઠ ઉદારતા બીજી કઈ હોઈ શકે!

નિર્ભયતા

નિર્ભયતા એમનો જન્મજાત સ્વભાવ હતો. એમણે ક્યારેય પણ મોતની પરવાહ કરી ન હતી.

ભગવાન શ્રીકૃષ્ણ જેમ અઘાસુરના મુખમાં પ્રવેશે એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ જાતજાતના જોખમોમાં નિર્ભય રીતે પ્રવેશતા. એમને ખબર હોય કે, 'એમને કેદ કરવાનું કે મારી નાખવાનું ષડ્યંત્ર રચાયું છે' છતાં પણ તેઓ કોઈની પરવાહ કર્યા સિવાય ત્યાં જતા અને અસાધારણ કુશળતાથી જોખમોને પાર કરતા. ષડ્યંત્રકારીઓ હાથ ઘસતા રહી જતા.

ત્રીસ વર્ષના એમના ટૂંકા કાર્યકાળમાં એમના ઉપર અનેકવાર જીવલેણ હુમલાઓ થયા હતા, પરંતુ તેઓ ક્યારેય ડર્યા ન હતા કે ન કોઈના પેચમાં આવ્યા હતા.

એમની તરવાની કળા અજોડ હતી. વિશાળ પટવાળી અને ભરપૂર વહેતી નદીઓને પાર કરવી એમના માટે રમત વાત હતી. પાણીના ધસમસતા પૂરની કે મોતની પરવાહ કર્યા સિવાય તેઓ અજાણ્યા પાણીમાં જંપલાવી દેતા હતા.

તેઓ તરનારા પણ હતા અને ભવસાગરથી તારનારા પણ હતા.

સહજ ઉતાવળી ચાલ

ભગવાન શ્રી સ્વામિનારાયણની ચાલવાની ટેવ અત્યંત ઉતાવળી હતી. સામાન્ય માણસ તો એમની સાથે ચાલી પણ ન શકતો.

મહારાજની ઉતાવળી ચાલ એમનામાં ભરપૂર ભરેલી દિવ્ય ઊર્જાની દ્યોતક અને નેતૃત્વગુણને ઉજાગર કરનારી હતી.

ક્યારેક પોતે માણકી ઘોડીને એવી તેજગતિથી દોડાવતા કે, ભલભલા કુશળ અસ્વારો પણ એમને આંબી ન શકતા.

ભક્તો મર્મમાં કહેતા, “મહારાજ! તમને ભલભલા આંબી શકે નહીં! વેદ-વેદાંતિઓ, શાસ્રી-પુરાણીઓ, જોગી-જતિઓ તમને આંબવા મથે છે, પરંતુ આખરે થાકીને ‘નેતિ નેતિ’ કહી વિરમી જાય છે તો અમારું શું ગજું? માટે હે મહારાજ! જો તમે દયા કરીને અમારી ચાલે ચાલશો તો જ અમે તમને આંબી શકીશું.”

ભક્તોની વાતમાં અવતારતત્ત્વનું રહસ્ય પ્રગટ થતું હતું.

કલાપારખું અને કલાપોષક

ભગવાન શ્રી સ્વામિનારાયણ ભારે કલાપારખું અને કલાપોષક હતા. કવિઓ, સંગીતકારો અને કારીગરોને તેઓ ભારે પ્રોત્સાહન આપતા. પરિણામે સંપ્રદાયના અનેક મહાન કવિઓ, સંગીતકારો, શિલ્પકારો અને ચિત્રકારો તૈયાર થયા હતા. જેમનું સર્જન આજે પણ બેનમૂન ગણાય છે.

ભરનિદ્રામાં પણ સજાગતા

ભગવાન શ્રી સ્વામિનારાયણની નિદ્રા ભારે વિસ્મયકારક હતી. કોઈ ઝેન ફકીરની જેમ તેઓ ભરનિદ્રામાં પણ ભારે સજાગ રહેતા. સહેજ અવાજ થાય તો ઝબકીને જાગી જતા અને ‘કોણ છે?’ એમ પૂછતા. પ્રેમાનંદસ્વામી લખે છે કે,

ભર નિદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય,
કોઈ અજાણે રે, લગાર અડી જાય.

ત્યારે ફડકી રે, જાગે સુંદર શ્યામ,
કોણ છે? પૂછે રે, સેવકને સુખધામ.

નંદ સંતોએ એમની માનવ સહજ ચેષ્ટાઓને પ્રેમથી નીરખી નીરખીને પોતાના કીર્તનોમાં ગૂંથી છે. પ્રેમસખી પ્રેમાનંદસ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્વાભાવિક ચેષ્ટાના દશ પદો લખ્યાં છે. હજારો ભક્તજનો રોજ રાત્રિ સમયે નિયમિત રૂપે એ પદોનું ગાન કરે છે પછી જ શયન કરે છે.

નવાઈની વાત એ છે કે, શુક અને વ્યાસ જેવા મહાપુરુષોને જેમ પરમાત્માની મનુષ્યલીલામાં મોહ થતો ન હતો, એ જ રીતે આ સંતો-ભક્તોને પણ મહારાજની મનુષ્યલીલામાં ક્યારેય મોહ થતો ન હતો.

હજારો સંતો-ભક્તોને ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રત્યેક ક્રિયા ભારે દિવ્ય અને આનંદદાયક લાગતી હતી. એમની સર્વ દિવ્ય અને માનુષી ચેષ્ટાઓ સંતો માટે ધ્યાનનું આલંબન બની જતી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના વ્યક્તિત્વને ઉજાગર કરનારા થોડા ગુણ અને સ્વભાવનું નિર્દેશન અહીં કરેલું છે, બાકી એમના ગુણ, સ્વભાવ અને ઐશ્વર્યનું વર્ણન અપરંપાર છે.

વિચારબીજના વાવનારા

ખેડૂત જેમ ખેતરમાં બી વાવે એમ મહાપુરુષો માનવમનમાં ઉત્તમ વિચારરૂપી બીજોનું વાવેતર કરે છે.

ઘણાંને વિચાર ઘણા આવે, પણ એ વિચાર ઊગતા નથી. એમના વિચારો વાંઝિયા રહે છે. જ્યારે મહાપુરુષોએ વાવેલાં બીજો અવશ્ય ઊગે છે, કારણ કે એ બીજમાં મહાપુરુષોના સંકલ્પનું તપ હોય છે.

ભારતીય ઋષિમુનિઓના ઉત્તમ વિચારોને કાળ પણ ખાઈ શક્યો નથી. અનેક ઉતાર-ચઢાવ વચ્ચે પણ એ બીજો ઊગતાં જ રહ્યાં. એટલે તો એ 'સનાતન ધર્મ'ના નામે ઓળખાય છે.

મહાપુરુષો બે પ્રકારના હોય છે : એક વિચાર બીજનું વાવેતર કરે છે અને બીજા એ વિચારોના પ્રચારક હોય છે. પ્રચારક કરતા વાવેતર કરનાર મહાન છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે વિચારનાં બીજોનું સફળ વાવેતર કર્યું હતું.

એમણે નીતિ-નિયમનાં બીજ વાવ્યાં તો હજારો ભક્તોના દિલમાં એ ઊગ્યાં, હજારો પ્રામાણિક ભક્તો તૈયાર થયા.

એમણે વ્યસનમુક્તિનાં બીજ વાવ્યાં. આ વાવેતરે અનોખી આર્થિક ક્રાંતિ સર્જી. ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિતો આર્થિક અને આરોગ્ય બન્ને રીતે સમૃદ્ધ થયા.

એમણે અનોખા એકેશ્વરવાદનાં બીજ વાવ્યાં. પરિણામે લોકોના અંતરમાં દૃઢ ભરોંસો ઊગ્યો કે, જગતના કર્તા-હર્તા એકમાત્ર ભગવાન નારાયણ છે. આ દૃઢ વિશ્વાસને લીધે લોકો કામણ-ટૂમણ અને દેવી-દેવતાઓને નામે ચાલતા વહેમોથી મુક્ત થયા.

એમણે ભક્તિનાં બીજ વાવ્યાં તો હજારો એકાંતિક ભક્તો થયા.

એમણે વૈરાગ્યનાં બીજ વાવ્યાં પરિણામે શુકદેવ અને જડભરતથી પણ સવાયા સેંકડો સંતો તૈયાર થયા. એટલું જ નહીં, મહારાજ જનકની જેમ સંસારમાં રહીને પણ અનાસક્ત રહેનારા હજારો કર્મયોગી ગૃહસ્થો તૈયાર થયા.

એમની અહિંસક ક્રાંતિ અનોખી હતી. એમણે સર્વપ્રકારની હિંસાનો નિષેધ કર્યો. એમાં પણ એમણે સ્પષ્ટ આદેશ કર્યો કે 'જર, જમીન અને જોરુ માટે પણ મનુષ્યની હિંસા તો કરવી જ નહીં.'

ગાંધીજીના અંતેવાસી કિશોરલાલ મશરૂવાલા લખે છે કે, 'ગાંધીજીની અહિંસક ક્રાંતિના મૂળ શિક્ષાપત્રી સાથે જોડાયેલાં છે.'

એમણે સ્વચ્છતા અને પવિત્રતાનાં બીજ વાવ્યાં, પરિણામે એ જૂના જમાનાના માણસો સ્વચ્છતા અને પવિત્રતા વિશે સભાન થયા; ઘી, તેલ, દૂધ, પાણી ગાળતાં થયાં; પાણીનું કામ પાણાથી પતાવનારા માણસો આચારથી ઉજળા થયા; સ્નાન, ધ્યાન, પૂજા-પાઠ કરતાં થયા; આજના સ્વચ્છતા અભિયાનના મૂળ શિક્ષાપત્રીમાં છે.

એમણે સામાજિક અને ધાર્મિક સમરસતાનાં બીજ વાવ્યાં. ગાંધીજીના સમયમાં એ બીજોએ ક્રાંતિનું રૂપ ધારણ કર્યું.

એમણે સદ્‌વિદ્યા પ્રવર્તનનાં બીજ વાવ્યાં, જે એમના સ્વધામ ગમન બાદ વર્ષો પછી ઊગ્યાં અને એ એમાં નિમિત્ત બન્યાં ગુરુદેવ શાસ્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી, કે જેમણે પ્રાચીન ગુરુકુળ પરંપરાને અર્વાચીન યુગમાં ઉજાગર કરી. પરિણામે લાખો નવયુવાનો સંસ્કાર સાથે શિક્ષણ લેતા થયા.

ન જાણે કેટકેટલાં ક્રાંતિ બીજોનું ભગવાન શ્રી સ્વામિનારાયણે વાવેતર કર્યું છે અને સમયે સમયે એ બીજો પાંગરતાં રહ્યાં છે.

જીવનચરિત્ર વિશે વિપુલ સાહિત્ય

સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનચરિત્ર વિશે સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં વિપુલ સાહિત્ય ઉપલબ્ધ છે. સાથે સાથે એમાં સ્થળ, સમય અને નામની વિસંગતિઓ અને વિરોધાભાસો પણ વિપુલ માત્રામાં છે, જેની પાછળ અનેક કારણો હોઈ શકે છે.

એક તો એ સમયમાં આજના જેવા શીઘ્ર સંવાદનાં સાધનો ન હતાં એટલે વિસંગતિ થાય તે સહજ છે.

બીજું, કર્ણોપકર્ણ સાંભળેલી વાતોમાં પણ વિસંગતિ અને વિરોધાભાસ થાય તે સહજ છે. એમાં પણ ભક્તહૃદયની ભાવનાઓ ભળે એટલે મૂળ વાતનું સ્વરૂપ જ બદલાઈ જતું હોય છે.

ત્રીજું, ઈષ્ટદેવ પ્રત્યે અપાર શ્રદ્ધાને લીધે અતિશયોક્તિ અને અર્થવાદ પણ સંભવ છે.

ખાસ કરીને કાવ્યસાહિત્યમાં અર્થવાદનો ઉપયોગ કરવાની પ્રાચીન પરંપરા છે. ભારતવર્ષના મહાન કવિઓની રચનામાં આ વસ્તુ લગભગ સાર્વત્રિક જોવા મળે છે.

ભારતીય સનાતન ધર્મનાં મૂળ સમાન વેદ પણ અર્થવાદથી મુક્ત નથી, અર્થવાદને રસનિષ્પત્તિ માટે પ્રયોજાતા અલંકારોના ભાગરૂપ જ ગણવામાં આવ્યો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનચરિત્રમાં સ્થળ અને સમયની જે વિસંવાદિતાઓ છે એનું એક કારણ રીપ્લેના 'માનો યા ન માનો' જેવું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ એકસાથે અનેક જગ્યાએ અનેકરૂપે દર્શન દેતા, એક જ સમયે અનેક સ્થળોએ વિચરણ કરતા. આવા અનેક પ્રસંગો સંપ્રદાયના શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. આને લીધે પણ સ્થળ, સમયની વિસંવાદિતા સંભવ છે.

આ વિશાળ સાહિત્યના સંશોધનનો પ્રથમ પ્રયાસ વડતાલ ગાદીના ત્રીજા આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજના સમયમાં થયો.

શ્રી વિહારીલાલજી મહારાજ સાચા અર્થમાં ધર્મસંરક્ષક અને મહાન આચાર્ય હતા. એમણે સંપ્રદાયના વિકાસ માટે સર્વાંગી પ્રયાસો કર્યા હતા. એમનો કાર્યકાળ સંપ્રદાય માટે સુવર્ણકાળ રહ્યો છે.

વિહારીલાલજી મહારાજે મંદિરોનાં નિર્માણોની સાથોસાથ સાધુઓની કેળવણી તેમજ સંપ્રદાયના પ્રાણસમાન સાહિત્યની રચના ઉપર વિશેષ ભાર મૂક્યો હતો.

શ્રી વિહારીલાલજી મહારાજના સમયમાં અનેક નંદ સંતો પણ હયાત હતા, કે જેમણે શ્રીજી મહારાજને નજીકથી જોયા હતા, જાણ્યા હતા અને ઉપાસ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનચરિત્ર તેમજ ઉપદેશોને લગતી અનેક

હસ્તલિખિત પ્રતો તેમજ ખરડાઓ સંગ્રહાયેલા હતાં.

શ્રી વિહારીલાલજી મહારાજે શક્ય એટલી તમામ પ્રતો અને પ્રસાદીના ખરડાઓ એકઠા કર્યાં, વિદ્વાન સદ્‌ગુરુ સંતોની હાજરીમાં મોટા પાયા ઉપર સંશોધન હાથ ધર્યું.

આ સંશોધન કાર્યના પરિપાક રૂપે કવીશ્વર દલપતરામે ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનને કેન્દ્રમાં રાખીને 'શ્રીહરિલીલામૃત' નામના મહાકાવ્યની રચના કરી.

કવીશ્વર દલપતરામે ચોપાઈના ઢાળમાં આ ગ્રંથની રચના કરી છે. છંદ, અલંકાર, રસપરિપાકની દૃષ્ટિએ આ ગ્રંથ અજોડ છે.

કવીશ્વર દલપતરામે આ ગ્રંથમાં સાહિત્યશાસ્ત્રમાં પ્રસિદ્ધ મોટા ભાગના છંદો અને પ્રબંધોનું અદ્‌ભુત ગુંફન કર્યું છે.

એમણે સુંદર છંદોમાં ગૂંથેલા હસ્તિપ્રબંધ, અશ્વપ્રબંધ, રથપ્રબંધ, છત્રપ્રબંધ વગેરે પ્રબંધો તો આજના સગવડિયા 'રગડછંદ'ના ઉપાસક સાહિત્યકારોને સ્વપ્ને પણ આવે એમ નથી! ભવિષ્યમાં કદાચ આ પ્રબંધોને ઉકેલનારા પણ નહીં મળે.

આ પ્રબંધો એટલે કવીશ્વર દલપતરામે ગુજરાતી સાહિત્યને આપેલ 'અણમોલ નજરાણું'. સાંપ્રદાયિકતાની પૂર્વ ગ્રંથિમાંથી મુક્ત થઈને આ ગ્રંથને સાહિત્યશાસ્ત્રની દૃષ્ટિએ મૂલવવાની જરૂર છે.

આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ પ્રત્યે કવીશ્વર દલપતરામની ગુરુભક્તિ અનન્ય હતી એટલે એમણે આ ગ્રંથના રચયિતા તરીકે આચાર્ય મહારાજ શ્રી વિહારીલાલજી મહારાજનું નામ જોડીને સમર્પણ ભક્તિનું અનેરું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનચરિત્રને જાણવા અને માણવા માટે શ્રી ભક્તચિંતામણિ, શ્રીમદ્ સત્સંગિજીવન, સત્સંગિભૂષણ ઉપરાંત આ શ્રીહરિલીલામૃત ગ્રંથ વિશેષ પ્રામાણિક ગણી શકાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરિત્રને કાળ ક્રમાનુસાર લખવું, અત્યંત કપરું કાર્ય છે, એટલે આ ગાથામાં વણાયેલા પ્રસંગોમાં કાળક્રમનો બહુ મેળ નથી, છતાં પણ જ્યાં શક્ય લાગ્યું છે ત્યાં કાળનિર્દેશ કરવામાં આવ્યો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અનેક નામો છે, જેમાં 'શ્રી સ્વામિનારાયણ' તથા 'સહજાનંદસ્વામી' આ બે નામ વિશેષ પ્રસિદ્ધ છે. ઉપરાંત, ભક્તો એમને ભાવથી 'શ્રીજી મહારાજ, મહારાજ કે શ્રીહરિ' કહેતા. આ ગાથામાં મોટા ભાગે 'સ્વામિનારાયણ' અને 'મહારાજ' આ બે નામોનો વધારે પ્રયોગ થયેલો છે.

મારી માનસિક ભૂમિકા

ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા ઈષ્ટદેવ છે. એમના પ્રત્યે મારા અંતરમાં ભારોભાર શ્રદ્ધા, ભક્તિ અને નિષ્ઠા ભરેલાં છે. સાથોસાથ મારે સ્વીકાર કરવો જોઈએ કે, ભગવાન શ્રી સ્વામિનારાયણને ભગવાન તરીકે સ્વીકારવાની મારી યાત્રા સરળ નથી રહી. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેની મારી શ્રદ્ધા અનેક પ્રકારના બૌદ્ધિક વાવાઝોડાઓમાંથી પસાર થયેલી છે. ધરતીમાં ધરબાયેલું બીજ અનેક વેદનાઓ વેઠીને ઊગે, એમ આ શ્રદ્ધાબીજ પાંગરેલું છે.

મારા પૂર્વાશ્રમમાં કોઈ સ્વામિનારાયણનું આશ્રિત ન હતું. બાળપણમાં હું ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે જાતજાતની મજાક કે કટાક્ષો સાંભળતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે મારી પૂર્વધારણાઓ બહુ સારી ન હતી.

પૂર્વાશ્રમના નાના ગામમાં સાત ધોરણ પાસ કર્યા બાદ, મારે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-રાજકોટમાં ભણવા આવવાનું થયું.

ગુરુદેવ શાસ્રીજી મહારાજે એ સમયે મને પૂછ્યું ન હતું કે, 'તેં સ્વામિનારાયણની કંઠી બાંધી છે કે નથી બાંધી?' એમનું દિલ ધાર્મિક દષ્ટિએ ઘણું ઉદાર હતું. એ માનતા હતા, કે 'સમસ્ત વિશ્વ એક જ પરમાત્માનું સંતાન છે.' એમના હૃદયમાં સત્સંગી-બિનસત્સંગીનો કોઈ ભેદ ન હતો. જો એ સંત રૂઢિચુસ્ત હોત તો મને ગુરુકુળમાં પ્રવેશ જ ન મળ્યો હોત.

ગુરુકુળમાં પ્રવેશ મળ્યા બાદ ભગવાન શ્રી સ્વામિનારાયણની વાતો સાંભળવા મળે એ સહજ હતું.

મારું બચપણ ધાર્મિક શ્રદ્ધાથી ભરેલું હતું. મહાભારત અને રામાયણની કથાઓ મને ખૂબ ગમતી, પરંતુ શાળાના અભ્યાસે મારા હૃદયમાં ધર્મ પ્રત્યે પૂર્વગ્રહો પેદા કર્યા હતા.

જેમ જેમ વિજ્ઞાન પ્રત્યેનો અભિગમ વધતો ગયો, તેમ તેમ મારું મન કેટલીક પૌરાણિક કથાઓને હાસ્યાસ્પદ માનવા લાગ્યું હતું. આવી પરિસ્થિતિમાં માત્ર બસો વર્ષ પહેલાં બ્રાહ્મણ પરિવારમાં પ્રગટેલા, નવાંસવાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો સ્વીકાર તો સંભવે જ ક્યાંથી?

ગુરુકુળમાં રહેવા છતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે મારી નિષ્ઠા ભાતભાતના તર્ક અને વિતર્કોના વાવાઝોડાઓમાંથી પસાર થઈ રહી હતી. બહાર કહેવાય નહિ અને અંદર સહેવાય નહીં એવો આ સંઘર્ષ ઘણો લાંબો ચાલ્યો.

સદ્‌ગુરુની કૃપાથી મારા જીવનમાં બે વાત બની. એક તો ધીરે ધીરે ભગવાન શ્રી સ્વામિનારાયણનો સાચો પરિચય થતો ગયો અને મારી શ્રદ્ધાનું બીજ પાંગરતું ગયું.

બીજું, ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય સધાતો ગયો અને મારું મન વિજ્ઞાન અને ભારતના મહાન ઋષિઓ પ્રત્યે એકસાથે અહોભાવ અનુભવવા લાગ્યું.

મને લાગ્યું કે, અંધ ધાર્મિકતા ભારે નુકસાનકારક છે. એ જ રીતે માત્ર બુદ્ધિ કે વિજ્ઞાનના માપદંડથી જ દરેક વસ્તુને મૂલવવી એ પણ નર્યું અજ્ઞાન જ છે.

આપણે આપણી બુદ્ધિ કે વિજ્ઞાનના આધુનિક સાધનોથી જે અનુભવીએ છીએ, એથી પર પણ સૂક્ષ્મતમ વિશ્વનું અસ્તિત્વ છે. આ અલૌકિક સૃષ્ટિના રહસ્યોને ઉકેલવામાં આપણી બુદ્ધિ તેમજ આધુનિક વિજ્ઞાનના માપદંડો ભારે ટૂંકા પડે તેમ છે. આપણા માપદંડોની આ મર્યાદા આપણે ખુલ્લા દિલે સ્વીકારી લેવી જોઈએ.

આ દૃષ્ટિએ વિચારતા આજની શાળાઓનું શિક્ષણ પૂર્વગ્રહથી ભરપૂર અને ભારે અધૂરિયું લાગે છે.

આખરે એ સમય આવ્યો કે જ્યારે મારા અંતરના સર્વ વાવાઝોડાંઓ શાંત થવા લાગ્યાં અને મારી બુદ્ધિરૂપી પંખીણીએ નિષ્ઠાની ડાળીએ વિરામ લીધો. આને હું સદ્‌ગુરુઓની કૃપાનું જ પરિણામ માનું છું.

મારા ઉપર જે સદ્‌ગુરુઓની કૃપા વરસી એ સદ્‌ગુરુઓ હતા, રાજકોટ ગુરુકુળના સંસ્થાપક ગુરુદેવ શાસ્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી, પુરાણીસ્વામી શ્રી પ્રેમપ્રકાશદાસજી અને અખંડ ભગવદ્‌ પરાયણ શ્રી જોગીસ્વામી.

મારી શ્રદ્ધાનાં બીજને પાંગરવામાં આ સદ્‌ગુરુઓના ઉપદેશ ઉપરાંત એમના શુદ્ધ સુવર્ણ જેવા સદાચારી જીવને મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

તુલસીદાસજી લખે છે તેમ, **'સરલ સુભાવું, ન મન કુટિલાઈ, યથા લાભ સંતોષ સદાઈ.'**

આ સદ્‌ગુરુઓનાં જીવન સીધાં-સાદાં, સરળ, નિર્મળ અને નિખાલસ હતાં. અંગત સ્વાર્થ એમને સ્પર્શ્યો ન હતો. એમની જીવનજરૂરિયાત સાવ ઓછી હતી. જાણે એમણે સેવા અને સ્મરણ માટે જ ભેખ ધર્યા હતા.

એમનાં હૃદય અકારણ પ્રેમ અને કરુણાથી ઉભરાતાં હતાં. ગુરુકુળ દ્વારા અનેક પ્રકારની સર્વજીવહિતાવહ સેવા-પ્રવૃત્તિઓ ચાલતી હતી. આ સદ્‌ગુરુઓના અંતરમાં આ સત્પ્રવૃત્તિઓ માટે પણ ધન-સંપત્તિની કોઈ લાલસા ન હતી, કોઈ યુક્તિ-પ્રયુક્તિઓ ન હતી, એમના અંતરમાં માન-સન્માનની પણ ખેવના ન હતી, શ્રીમંતોની ખુશામતખોરી ન હતી, એમની દૃષ્ટિમાં રાજા અને રંકના ભેદ ન હતા.

આ સદ્‌ગુરુઓ જે કંઈ સેવા-પ્રવૃત્તિઓ કરી રહ્યા હતા તે માત્રને માત્ર પોતાના ઈષ્ટદેવની આજ્ઞા તેમજ જીવપ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ અને કરુણાથી કરી રહ્યા હતા.

વિશેષ મહત્ત્વની વાત એ હતી કે આ મહાન સદ્‌ગુરુઓ કલ્યાણકારી પ્રવૃત્તિઓના

કર્તૃત્વના ભારથી પણ મુક્ત હતા. એમના જીવનનું સૂત્ર હતું, 'જે કંઈ થાય છે એ માત્ર શ્રીજી મહારાજની મરજીથી થાય છે, આપણે તો નિમિત્ત છીએ, જે કંઈ કરવું તે માત્ર શ્રીજી મહારાજને રાજી કરવા કરવું.' આ સદ્‌ગુરુઓની જીવન સરિતાઓ ભગવાન શ્રી સ્વામિનારાયણ રૂપી મહાસાગરમાં લીન થઈ ચૂકી હતી.

આ સદ્‌ગુરુઓને પણ મેં તર્કને ત્રાજવે તોળવામાં કોઈ કસર રાખી ન હતી. આખરે મારા તર્કો ઉપર એમની દિવ્ય અનુભૂતિઓએ વિજય મેળવ્યો હતો.

મારી નજર સામે કેટલીક એવી દિવ્ય ઘટનાઓ ઘટી રહી હતી, કે જ્યાં વિજ્ઞાન કે બુદ્ધિના તર્કનો તાળો જ બેસતો ન હતો. પરિણામે મારું મન 'વિજ્ઞાન અને તર્કથી પર પણ કોઈ અસ્તિત્વ છે' એ માનવા મજબૂર બન્યું હતું. એમના જીવનની અનેક દિવ્ય ઘટનાઓએ મારાં તર્કના જાળાંને તોડી નાખ્યાં હતાં.

ધર્મના ક્ષેત્રમાં ચાલાક ધર્મગુરુઓ કાંઈ ઐશ્વર્ય ન હોય, છતાં જાતજાતના નેટવર્ક ઊભા કરી, પરચા-ચમત્કારોનો પ્રચાર કરી ધન અને માન મેળવવાની અનેક પ્રકારની યુક્તિ-પ્રયુક્તિઓ કરતા હોય છે.

સાધુજીવનમાં સંપત્તિની લાલસા કદાચ છૂટી શકે છે, પરંતુ માન-સન્માનની લાલસા ભાગ્યે જ છૂટતી હોય છે. ઐશ્વર્યનો અલ્પ અંશ પ્રાપ્ત થઈ જાય તો જેમ ઉંદરડાએ દારૂ પીધો હોય એવી દશા થતી હોય છે.

જ્યારે આ સદ્‌ગુરુઓએ પોતાની દિવ્ય અનુભૂતિઓને પચાવી જાણી હતી. તેઓ ઐશ્વર્યથી અભરે ભરેલા હોવા છતાં વ્યક્તિપૂજા અને માન-સન્માનથી પર રહ્યા હતા. કોઈ પ્રશંસા કરે, એ એમને ગમતું ન હતું. કોઈ માને કે ન માને, એની એમની કાંઈ પડી ન હતી.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રીરંગ અવધૂતજીના સૂત્રને ટાંકીને કહેતા, **'प्रतिष्ठा सूकरी विष्टा'** 'સાધુઓ માટે પ્રતિષ્ઠા ભૂંડની વિષ્ટા સમાન છે.'

મારા જીવનનું સત્ય એ છે, કે જો આ મહાન સદ્‌ગુરુઓનો મને જોગ ન થયો હોત તો મારી જીવનનૌકા બુદ્ધિના તોફાની સાગરમાં અથડાઈને ભાંગીને ભૂકો થઈ ગઈ હોત.

ભગવાન શ્રી સ્વામિનારાયણની આ ચરિતગાથાને લખવા પાછળની મારી માનસિક ભૂમિકા સ્પષ્ટ કરવી આવશ્યક માનું છું.

આભાર દર્શન

આ ચરિતગાથા લખવામાં સુપ્રસિદ્ધ કથાકાર પુરાણી શ્રીહરિસ્વરૂપદાસજી સ્વામીનું બહુમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું છે. એ માર્ગદર્શનને લીધે જ આ લેખનકાર્યને સાચી દિશા પ્રાપ્ત થઈ છે.

સાહિત્ય જગતમાં મૂર્ધન્ય વિદ્વાન શ્રી રઘુવીરભાઈ ચૌધરીએ આ ચરિતગાથા અંગે સુંદર પ્રસ્તાવના લખીને ખરેખર ઉપકૃત કરેલ છે.

શ્રેષ્ઠ ઐતિહાસિક નવલકથાકાર શ્રી દિનકરભાઈ જોશી માટે આ ગાથા વિશે કંઈક લખવું, એ રઘુવીરભાઈ જેટલું સરળ નહોતું. રઘુવીરભાઈ તો જન્મજાત રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણથી પરિચિત છે, જ્યારે આદરણીય શ્રી દિનકરભાઈ માટે આ વિષય સાવ નવો હતો, એટલે એમના મનની અવઢવ સમજી શકાય એવી છે. છતાં એમણે મારી લાગણીને માન આપી ભગવાન શ્રી સ્વામિનારાયણ અંગે પોતાના ભાવો નિખાલસપણે વ્યક્ત કર્યા છે. એટલું જ નહીં એમણે રૂબરૂ મારી સાથે બેસી આ લેખનકાર્યમાં જરૂરી માર્ગદર્શન પૂરું પાડેલ છે. જેને લીધે આ ચરિતગાથાને જૂદાં જ દૃષ્ટિકોણથી ઓપ આપી શકાયો છે. આ અંગે એમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય વિવેચક શ્રી લાભશંકરભાઈ પુરોહિતે ભલે કંઈ લખ્યું નથી, પરંતુ એમણે અવારનવાર ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવન અંગે નવો જ પ્રકાશ પૂરો પાડ્યો છે. 'બિનસત્સંગી વર્ગ ભગવાન શ્રી સ્વામિનારાયણને કઈ દૃષ્ટિથી જુવે છે' એ સમજવામાં લાભુદાદા સાથેનો સત્સંગ મને વધુ ઉપયોગી રહ્યો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની એ જમાનામાં નાના અને ઊતરતા ગણાતા વર્ગને પ્રેમ કરવાની રીત કેટલી અદ્‌ભુત છે, એ અંગે એમણે મને અનેક પ્રસંગો એમની આગવી રીતે સંભળાવ્યા છે. જેના પરિપાકરૂપે આ ચરિતગાથામાં કેટલાંક પ્રસંગો આલેખાયા છે. જેમ કે લોયાનો શાકોત્સવ, જૂનાગઢમાં ભરસ્વારીએ કાકડી ખાવાનો પ્રસંગ, સગરામ વાઘરીનો પ્રસંગ, વગેરે... ખાસ તો મારી આંતર જાગૃતિમાં એમની મીઠી ટકોર ભારે સહાયરૂપ રહી છે. એ અંગે એમનો હું સદૈવ ઋણી છું.

સાંઈ મકરંદ આજ સદેહે હાજર નથી, પરંતુ એમની ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેની અપાર શ્રદ્ધા અને ભક્તિથી હું વર્ષોથી સારી પેઠે પરિચિત છું. એવી જ વાત શ્રેષ્ઠ સહિત્યકાર અને કમળ જેવા કોમળ દિલના કવિ શ્રી હરીન્દ્રભાઈ દવેની છે.

આ ચરિતગાથાના અંતભાગમાં કેટલીક દિવ્ય સત્ય ઘટનાઓ આલેખાયેલી છે. જેમાં પ્રો. મકરંદ મહેતાની દિવ્ય અનુભૂતિ છે. આ ઘટનાને એમણે સ્વહસ્તે પત્ર

લખીને પ્રમાણિત કરી છે, એ જ રીતે વિમલા તાઈનો પ્રસંગ પણ આદરણીય અ.નિ. શ્રી બાલકૃષ્ણભાઈ દવેના પરિવારજનોએ પ્રમાણિત કરેલ છે. એ બદલ એ સર્વનો પણ હૃદયથી આભાર માનું છું.

મહત્ત્વની વાત એ છે કે આ બધા જ પ્રતિભાવંત સાહિત્યકારો સંપ્રદાયના બાહ્ય માળખાને બદલે સંપ્રદાયના પ્રાણતત્ત્વને પ્રેમ કરનારા છે. સંપ્રદાયના સત્સંગીઓએ પણ આ સત્ય વહેલા મોડું સમજવું જ પડશે. પ્રાણત્ત્વની અવગણના અને બાહ્યવૈભવની આસક્તિ સંપ્રદાયને ક્ષીણ કરે છે. આ ગાથામાં એ પ્રાણત્ત્વ અનેક જગ્યાએ નિરૂપાયું છે.

વિશેષ આભાર તો વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદીના પીઠાધીશ્વર આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજનો માનવાનો છે. આ ચરિતગાથાને એમના આશીર્વાદ મળે તે અનેક રીતે આવશ્યક હતું. પૂજ્ય મહારાજશ્રીએ આશીર્વાદ પત્ર લખીને ખરેખર આ ગાથારૂપી મંદિર ઉપર સુવર્ણ કળશ ચઢાવેલ છે.

સંતોના કૃપાપાત્ર શ્રી દિલીપ ભટ્ટ જાણીતા કટાર લેખક અને સાહિત્ય જગતના છૂપારુસ્તમ છે. એમણે આ ગાથાને સાંગોપાંગ વાંચીને બહુમૂલ્ય સૂચનો કર્યાં છે. એ માટે એમનો આભાર માનવો આવશ્યક છે.

આ ચરિતગાથાને ગ્રંથબદ્ધ કરવામાં અનેક સંતોનો સહકાર પ્રાપ્ત થયો છે. સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી, સ્વામી શ્રી ભક્તિવેદાંતદાસજી, સ્વામી શ્રી યજ્ઞવલ્લભદાસજી, સ્વામી શ્રી મુનિવત્સલદાસજી વગેરે સંતોએ રાત્રિ-દિવસ મહેનત કરીને આ ગ્રંથને કમ્પ્યૂટર દ્વારા લિપિબદ્ધ કરવામાં અભુતપૂર્વ સેવા બજાવી છે.

પ્રસંગોને ટાઈપ કરવા, પ્રૂફ જોવું, સુધારવું આ બધુ જ કાર્ય ભારે જહેમત માગી લે એવું હોય છે. આ સંતોએ આ સેવાકાર્ય ભારે ખંતથી કર્યું છે. સાથે સાથે એમના ભાગે આવતી આશ્રમની જવાબદારીઓ પણ નિષ્ઠાથી નિભાવી છે. આ સંતોનો આભાર માનવામાં શબ્દો ટૂંકા પડે છે.

આ ગ્રંથની પ્રૂફરિડિંગની સેવા ઇમેજના ઉત્સાહી કાર્યકર બાલકૃષ્ણભાઈ સોલંકી, પ. ભ. શ્રી જનકભાઈ ઠક્કર તથા પ. ભ. શ્રી રમણીકભાઈ રૂપારેલિયાએ ખંતથી કરેલ છે.

સ્વામી શ્રી નરનારાયણદાસજીએ તથા કુંડળના સદ્‌ગુરુ શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામીના શિષ્ય સ્વામી શ્રી બ્રહ્મપ્રકાશદાસજીએ પણ ચરિતગાથાના પ્રસંગોની પ્રામાણિકતા અને સંશોધન કાર્યમાં ખૂબ જ સહકાર આપ્યો છે.

પ્રસ્તુત ભૂમિકામાં વૈજ્ઞાનિક પાસાં વિશે લખવામાં ગુરુકુળના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી ધવલ જોશીનું સારું એવું માર્ગદર્શન મળ્યું છે.

માનનીય શ્રી નવીનભાઈ દવેએ ઇમેજ પબ્લિકેશનના માધ્યમથી આ ગાથા પ્રકાશિત

કરી છે. એ બદલ એમને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.

શ્રી સુરેશભાઈ દલાલનો સંકલ્પ આ રીતે પૂર્ણ થતાં મારું હૃદય આનંદ અને સંતોષ અનુભવી રહ્યું છે.

સદ્‌ગુરુઓની કૃપા સિવાય આ કાર્ય પૂર્ણ ન થઈ શકે, માટે નાનપણથી મારા ઉપર જેમણે કૃપા વરસાવી છે એવા મહાન સદ્‌ગુરુઓ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી સ્વામી અને અખંડ ભગવદ પરાયણ શ્રી જોગીસ્વામીના ચરણોમાં વંદન કરું છું.

ઈષ્ટદેવ રૂપે મારા હૃદયમાં વિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં આ ગાથા સમર્પિત કરીને ધન્યતા અનુભવું છું.

– સ્વામી માધવપ્રિયદાસજી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ
વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ

" સંપ્રદાયમાં દઢ પણ સાંપ્રદાયિક નહીં "

જેમના દર્શનથી શાંતિનો અનુભવ થાય એ સાધુ પ્રત્યે આદર જાગે છે. અટપટા પ્રશ્નથી પણ એમના મુખ પરની પ્રસન્નતા વિચલિત થતી નથી. આવા સાધુ વળી લેખક હોય તો એમનો અનુગ્રહ આત્મીયતા રૂપે અજાણ્યાને પણ સ્પર્શે છે. આવા એક સાધુ છે માધવપ્રિયદાસજી. કવિ હરીન્દ્ર દવે અને સુરેશ દલાલ સાથે પહેલી વાર એમને મળવાનું બનેલું. તાજેતરમાં છારોડી પાસે આવેલા ગુરુકુળમાં એમની સાથે ચાલવાનું બન્યું. પશ્ચિમ અમદાવાદથી ગાંધીનગર જતાં સોલા ભાગવત વિદ્યાપીઠ અને આ 'એસ. જી. વી. પી' વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ જેવી સંસ્થાઓ દર્શનીય છે. બાલસ્વામીએ રચેલાં ભવનોનાં સ્થાપત્ય પર પ્રકૃતિની સુંદરતા સરસાઈ ધરાવે છે. માધવસ્વામી નિર્સગના ઉપાસક છે.

છારોડી ગુરુકુળના સંસ્કૃત વિદ્યાલયનું સ્વરૂપ અખિલ ભારતીય છે. ક્યાં ક્યાંથી છાત્રો અને અધ્યાપકો આવે છે! એમની તેજસ્વિતાની ઝલક પામ્યા પછી પ્રાંગણના બાગમાં ગોઠવાયેલાં માટલાં શોભારૂપ લાગ્યાં. ત્યાં માધવપ્રિયદાસ સ્વામી કહે: રાત્રે આ માટલામાં પાણી ભરવાનું, પ્રાતઃકાળે શીતળ થયેલાં પાણીથી છાત્રો સ્નાન કરે. માગસર-પોષની શીતલહરમાં પણ આ ક્રમ જળવાય. સાધના દ્વારા કેળવાયેલું શરીર સંવેદના અને બુદ્ધિને સતેજ કરે... નમી શકે એવું – વિનમ્ર બનાવે.

આ વિનમ્ર અને પ્રસન્ન સાધુ માધવપ્રિયદાસજી ગુજરાતી સાહિત્ય અને સાક્ષરો વિશે ઉમળકાથી વાત કરે. એ જ રીતે કેટલાયે સર્જકો એમના પ્રત્યે સમાદર ધરાવે. છાત્રાલયોમાં સાહિત્ય પ્રત્યે રુચિ કેળવાય. છાત્રો નિમંત્રે, સ્વામીજી વિદેશ પ્રવાસે જાય, લેખન થાય. માધવપ્રિયદાસજી પ્રવાસ સાહિત્યના ઉલ્લેખનીય લેખક છે. ઈઝરાયેલ, પુલહાશ્રમ, તિબેટ અને અન્ય સ્થળોની એમની ધર્મયાત્રાઓ ગ્રંથસ્થ થઈ છે. અભ્યાસપૂર્ણ જીવનચરિત્રો એમણે આપ્યાં છે અને કવિ તો છે જ. એમના ભજન

શૈલીના ગીત 'કપૂરનાં કોડિયાં'નો સુરેશ દલાલે આસ્વાદ કરાવેલો છે. મનુષ્ય કપૂરનું કોડિયું બને તો ધન્ય! ગીતનો ઉપાડ જુઓ :

કપૂરનાં કર્યાં રે સાજન કોડિયાં, પલપલ ઊડતાં રે જાય,
અગનિ ભર્યાં રે એના ઉદરે, સુગંધ છલકાતી જાય.

સાત વર્ષ વારાણસીમાં અભ્યાસ કરી આચાર્યની પદવી પ્રાપ્ત કરી માધવપ્રિયદાસજી ગુરુકુળના માધ્યમથી વિશ્વવિદ્યાની પ્રતિષ્ઠામાં જોડાયા. કથા-વાર્તા સત્સંગ સાથે સતત લખતા રહ્યાં તેથી એમની પાસેથી ધર્મ-અધ્યાત્મના ગ્રંથો મળતા રહ્યા. હવે એમની પાસેથી 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' જેવો સર્વગ્રાહી ગ્રંથ મળે છે.

શ્રીજી મહારાજ વિશે ગુજરાતીમાં શતાધિક ગ્રંથો છે. ચારેક ખંડમાં વિસ્તૃત હર્ષદભાઈ દવેનો ગ્રંથ તો કેમ ભુલાય? આદરણીય ઈશ્વરસ્વામીના પૂર્વાશ્રમના પિતાશ્રી હર્ષદભાઈ સંપ્રદાયના જ્ઞાનકોશ સમા હતા.

સંપ્રદાયની પ્રત્યેક શાખા વિદ્વાનોની મૂડી ધરાવે છે. માધવપ્રિયદાસ સ્વામી ગુરુકુળના આચાર્ય હોઈ એ ખુલ્લી તટસ્થ દૃષ્ટિથી અવતારને સમજવા મથે છે. કહી શકાય કે સંપ્રદાયમાં દૃઢ હોવા છતાં એ સાંપ્રદાયિક નથી. એમણે ચમત્કારોનો પ્રચાર નથી કરવો તેમ બાદબાકી પણ નથી કરવી. નજીકના સમયમાંથી પણ ઇતિહાસના અધ્યાપક અને વિદ્વાન લેખક પ્રો. મકરંદ મહેતાના જીવનમાંથી પ્રમાણ મળી આવે છે.

દ્વિશતાબ્દીની ઉજવણી થઈ ત્યારે મકરંદ ભાઈએ આ સંપ્રદાયની ટીકા કરવામાં સવિશેષ ઉત્સાહ દાખવ્યો હતો. એમનો લેખ જાણીતો થયો હતો. પછી શિરીનબહેન સાથે ઇટાલીના પ્રવાસ દરમિયાન હેન્ડબૅગ ગુમાવી. એમાં પાસપોર્ટ, પૈસા બધું જ હતું. શિરીનબહેને બૅગ મળવાની આશા ગુમાવ્યા પછી પતિશ્રીને સલાહ આપી : 'તમે ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે બેફામ લખ્યું છે. એનો તમને દોષ લાગ્યો છે.... તમે હૃદયથી પ્રાર્થના કરશો તો કદાચ એમની કૃપાથી કંઈક રસ્તો મળશે.'

મકરંદભાઈએ બુદ્ધિવાદને બાજુ પર રાખી શિરીનબહેને પ્રેરેલા ભક્તિભાવથી પ્રાર્થના કરી હશે. રાત્રે શ્રીજી મહારાજનાં દર્શન થયાં અને સવારે ભારતીય ઍમ્બેસીમાંથી સમાચાર મળ્યા. શૉપિંગ સેન્ટરમાંથી એક સજ્જને અગત્યના ડોક્યુમેન્ટ્સ જોઈને બૅગ ઍમ્બેસીમાં પહોંચાડી હતી. બૅગ મળતાં દંપતીએ ધન્યતા અનુભવી. મકરંદભાઈ લખે છે : 'મારા કેટલાક બુદ્ધિજીવી મિત્રોને મારી આ વાત ગમે કે ન ગમે, પરંતુ આ મારો પ્રત્યક્ષ અનુભવ છે અને એક સત્યશોધક તરીકે મારાથી આવો અનુભવ અવગણી શકાય તેમ નથી.'

પરિશિષ્ટમાં સર જોન માલ્કમના શ્રીજી સાથેના પત્રવ્યવહારની નકલ આપીને પણ લેખકે પ્રમાણભુત રહેવાનું કર્તવ્ય બજાવ્યું છે. સમગ્રપણે પરબ્રહ્મ રૂપે એકેશ્વરવાદની પ્રતિષ્ઠા કરી છે. સ્વામીજીએ દર્શનોના સ્વધ્યાયને અત્યંત સંક્ષેપમાં રજૂ કર્યો છે, જે એમને આત્મસાત્ હોવાની પ્રતીતિ થાય છે.

૧૪૪ પ્રકરણો નામના લેખમાં ૧૧૪ સૂચનો આપીને સ્વામીજીએ કેટલાંક આજના સત્સંગી માટે તારવ્યાં છે. કેટલાંક વ્યાપક સૂત્રો જેવાં છે. સદાવ્રતમાં શીરો-પૂરી દેવાં પણ પોતે સાવ સાદું ભોજન કરવું, મન માગે તે ન આપવું, શરીરે ખરજ આવે તો પણ ખંજોળવું નહીં, શરીરે સર્પ-વીંછી ચડે તોય બેસી રહેવું, સારી ભિક્ષા મળે ત્યાં ફરીથી ન જવું, જે વસ્ત્ર પોતાને ગમે તે બીજાને આપી દેવું, કોઈ અપમાન કરે તો સહન કરવું, ભૂત-પ્રેત, મૂઠ, ચોટ, વાઘને દેખીને બીવું નહીં, દિવસ ઊગતાં પહેલાં ટાઢે પાણીએ નહાવું, લીલાં તૃણ ઉપર પગ ન મૂકવો. આ છેલ્લું સૂત્ર સહુએ અમલમાં મૂકવા જેવું છે.

'ખરજ આવે તોપણ ખંજોળવું નહિ' આ સૂત્રનો મને અનુભવ છે. ખેતમજૂર ગવાર વાઢવાની ત્રણ ગણી મજૂરી લેતા હોય છે. એનાં બે કારણ છે, છોડ વાઢવાનું પણ કાઠું અને એ હાથ-પગે ઘસાય તેથી ખંજવાળ આવે. હું પણ ગવાર વાઢવામાં જોડાઉં પણ ખંજવાળ આવે ત્યારે કાબૂ રાખું, એથી આપોઆપ થોડા વખત પછી ખંજવાળ શમી જાય. પછી ઠંડા પાણીથી હાથપગ ધોઈ લેવાય.

શરીરે સર્પ-વીંછી ચઢે તોય બેસી રહેવું — આ અંગે ગાંધીજીની પ્રાર્થના વખતનો પ્રસંગ જાણીતો છે. એમના ખુલ્લા શરીર પર સાપ ચઢ્યો અને ઊતરી ગયો. ગાંધીજી પ્રાર્થનાની મુદ્રામાં જ રહ્યા. ભૂત-પ્રેતમાં ન માનવા અંગે શ્રીજી મહારાજે વારંવાર ભાર મૂક્યો છે. તાંત્રિકોની વ્યર્થતા જણાવી છે. 'જો જંત્રે-મંત્રે કરીને સિદ્ધિ થતી હોય તો લાખો રૂપિયા ખર્ચીને રાજાઓ લશ્કર રાખે છે ત્યાં આયુધ સામગ્રી રાખે છે, એવું શા માટે કરે? એક ભારે મંત્રશાસ્રી રાખે ને મંત્ર-જંત્રની સિદ્ધિઓ કરીને સર્વ પ્રતિપક્ષીને મારી નંખાવે.'

'સજની શ્રીજી મુજને સાંભર્યા રે!' એ ચોસર શ્રી લાભશંકર પુરોહિત જેવા પંડિતવર્ય ગાતા હોય ત્યારે સંતકવિ પ્રેમસખીની ભાવદશાની કલ્પના થઈ શકે. શ્રીજી મહારાજ ધામમાં ગયા પછી પ્રેમસખીએ સારંગી મૂકી દીધી હતી. વરિષ્ઠ સંતોની આગ્રહ ભરી વિનંતીથી છેવટે વિરહ ગાયો -

સજની શ્રીજી મુજને સાંભર્યા રે, સજની નિમખ ન વીસરે નાથજી રે....

કવીશ્વર દલપતરામ પ્રેમસખીની ભાવદશાના સાક્ષી હતા.

અવતાર વિશેની વિવિધ માન્યતાઓની ચર્ચા કરીને સ્વામીજી શ્રીજી મહારાજના ઐશ્વર્યનાં પોતાની શ્રદ્ધા દૃઢ કરે છે. ઐશ્વર્યનો સાતમો પ્રકાર છે, ભક્તોને અંત સમયે દર્શન દઈને પોતાના ધામમાં તેડી જવા. આનું સમર્થન 'દર્શક'ની નવલકથા 'ઝેર તો પીધાં છે જાણી જાણી'માં પણ મળે છે.

આ ગ્રંથ એક પ્રબંધ છે. આદિથી અંત સુધી ક્રમબદ્ધ પ્રકરણોથી સંકલિત છે પણ એમાં મુક્તક શૈલીનો આશ્રય લીધો હોવાથી અનુક્રમમાંથી સંદર્ભ જોઈને અભિપ્રેત ભાગ વાંચી શકાય. મારી સ્મૃતિ અને સમજણ સાથે તાળો મેળવવા મેં પુસ્તકના અંત ભાગનો સ્વાધ્યાય પહેલાં કર્યો પછી સમગ્ર ગ્રંથ પર નજર કરતાં જોયું કે સ્વામીજીએ વ્યાપક અને સઘન અભ્યાસ કરીને, પૂરતો સમય આપીને આ સર્વાશ્લેષી ગ્રંથ રચ્યો છે. એથી સત્સંગીઓ સાથે સર્વ અભ્યાસીઓ કૃતજ્ઞતા અનુભવશે.

રઘુવીર ચૌધરી

તા-૧૩-૨-૨૦૧૫

સચ્ચાઈનું સુ-દર્શન

કોઈ કહેશો કે ભગવાન કેવા હશે?
કેવા હશે ને શું કરતા હશે?
કોઈ કહેશો કે ભગવાન કેવા હશે?

સાઠી વળોટી ગયેલા મોટા ભાગના ગુજરાતીઓને કવિતાની આ પંક્તિઓ કંઠસ્થ જ હશે. શાળાજીવનના આરંભે જ આ કવિતા પાઠ્યપુસ્તકના પહેલા પાઠ તરીકે શીખવવામાં આવતી. પંક્તિઓ કંઠસ્થ હોવા છતાં એમાં રહેલા પ્રશ્નોનો ઉત્તર પોતાને મળ્યો છે એવું આજ સુધી કોઈ કહી શકે એમ નથી. આ પ્રશ્ન અનુત્તર જ રહે છે. એનું મૂળ કારણ ભગવાન વિશેની આપણી વિભાવના છે. ભગવાન એટલે નિર્ગુણ, નિરાકાર પરબ્રહ્મ નહિ પણ અચાનક આપણી વચ્ચે જ પ્રગટતી એવી કોઈક ભગવત્તા કે જેનો સંસ્પર્શ થતાવેંત માણસ મહોરી ઊઠે, એ ભગવાન છે. આ ભગવાન ક્યારેક માતા-પિતારૂપે હોઈ શકે, ક્યારેક પુત્રરૂપે હોઈ શકે, ક્યારેક ગુરુરૂપે હોઈ શકે, ક્યારેક સાથીરૂપે હોઈ શકે તો ક્યારેક સંબંધ વિહોણા અશબ્દ આકારે પણ હોઈ શકે. એટલું નિશ્ચિત છે કે આ ભગવાન જાતક છે, એ આપણને ઢંઢોળવા બ્રહ્માંડની યાત્રા પથે ઘડીક અહીં રોકાય છે અને પછી પુનઃ પોતાની પરમયાત્રાએ અદૃશ્ય થઈ જાય છે.

આવા એક ભગવાનની વાત અહીં માંડીને કરવામાં આવી છે. આ ભગવાન નિર્ગુણ, નિરાકાર, પરબ્રહ્મ નથી એ વાત સતત યાદ રાખવાની છે. આ પુસ્તકના હવે પછીના પૃષ્ઠોમાં જે કથા મંડાય છે એમાં આ ભગવાન સ્વયં પરબ્રહ્મની શોધમાં નીકળેલા છે અને પોતાની આ પરબ્રહ્મની શોધની યાત્રાની કેડીએ એમને જે કોઈ મળ્યા એ સહુને પોતાની યાત્રામાં સામેલ થવાનું સૌભાગ્ય સાંપડ્યું એ સહુની વાત અહીં સ્વામી માધવપ્રિયદાસજીએ આલેખી છે.

જે ભગવાને બસ્સો વરસ પહેલાં આ યાત્રાનું નેતૃત્ત્વ સંભાળ્યું હતું એ ભગવાન તો

પછી પરબ્રહ્મમાં વિલીન થયા પણ પેલી યાત્રા હજુ ચાલુ છે. આ યાત્રા કેડીએ આજે જેઓ આગળ વધી રહ્યા છે એમાં સ્વામી માધવપ્રિયદાસજી અગ્રણી અને આદરણીય છે. ગંભીર વાત પણ કેવી સહજતા અને સરળતાથી કહી શકાય એનું ઉદાહરણ આ ગ્રંથમાં પ્રગટ થતી એમની લેખીની છે.

બસ્સો વરસ પહેલાં ઉત્તર પ્રદેશના અયોધ્યા નગર પાસે આવેલું છપૈયા ગામ. આ ગામમાં જન્મેલા દેહરૂપધારી એક બાળકે ભારતયાત્રા કરી અને આ યાત્રાનો અંતિમ મુકામ પણ એણે ગુજરાતમાં નાખ્યો. ભાગવત કથા એવું કહે છે કે 'ભક્તિનો જન્મ દક્ષિણમાં કર્ણાટકમાં થયો અને પછી એ જ્યારે ગુજરાત પહોંચી ત્યારે ક્ષીણ થઈ ગઈ હતી.' ભાગવતનો ચોક્કસ સમયકાળ આપણે જાણતા નથી, પણ છપૈયાના આ બાળકનો ચોક્કસ સમય કાળ આપણે જાણીએ છીએ. એના દેહ અને દિલમાં વસેલી ભક્તિએ ભારતભરમાં પોતાને પુષ્ટ થતી માત્ર ગુજરાતમાં જ જોઈ. ભક્તિની આ કૃપા ગુજરાતના લોકો અને ગુજરાતની ધરતી ઉપર વરસી અને આ વરસાદ એટલે ફોરે ફોરે ટપકેલો સ્વામિનારાયણ સંપ્રદાય.

બાળક નીલકંઠ ઘનશ્યામ બને, સહજાનંદ બને, સ્વામિનારાયણ બને અને આ બધા ક્રમિક વિકસિત દર્શનમાં અવારનવાર ચમત્કૃતિઓ પણ સર્જાતી જાય એ પહેલી નજરે કદાચ કોઈને તર્કાતીત લાગે એવી સંભાવના ખરી! 'કર લો દુનિયા મુઠ્ઠી મેં' આ સૂત્ર એક ઉદ્યોગગૃહે વ્યાપક સ્વરૂપે પ્રચલિત કર્યું, ત્યારે આજે ઈલેક્ટ્રોનિક મીડિયાએ જે ચમત્કારો સર્જ્યા છે એની કોઈ કલ્પના દશ-વીસ વરસ પહેલાં આપણને કોઈને હતી ખરી? બુદ્ધિમત્તાના માપદંડથી બધું જ માપી કે સમજી શકાય છે, એવું માનવું એ સ્વયં બુદ્ધિમત્તાનું જ અપમાન છે. મારાથી જે થઈ શકતું નથી એ તમારાથી થઈ શકે એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે? એ કામ તમારાથી થઈ શક્યું માટે સહુ કોઈથી પણ થઈ શકે એવો તર્ક આગળ ધરવો એ પણ બુદ્ધિમત્તાનું અપમાન જ છે. ચકમકના બન્ને પથ્થરમાં અગ્નિ તો હોય જ છે, પણ એ તણખો પેટાવીને પ્રકાશ રેલાવવા માટે બે કુશળ હાથની જરૂર પડે છે. ચકમકના પેલા બે પથ્થર પ્રાકૃતિક છે અને એને પરસ્પરથી ઘર્ષણ કરીને પ્રકાશ રેલાવતા પેલા બે હાથ ભગવત્તા છે. સહજાનંદસ્વામીનો પચાસ વરસનો આયુકાળ એટલે આ પ્રકૃતિ સાથે ભગવત્તાનું મિલન.

ચકમકના પથ્થરોના ઘર્ષણથી એ તણખો ઝરે અને આ તણખા દ્વારા જે અગ્નિ પ્રગટે એમાં ઉષ્મા અને પ્રકાશ બન્ને મળે છે. આમાં કોઈ ચમત્કાર નથી. તદ્દન સાહજિક પ્રક્રિયા છે, છતાં જેને આ સમજાતું નથી એને આ ચમત્કાર લાગે છે. અધ્યાત્મ માર્ગે ચમત્કારોને ક્યારેક વિધાયક સ્વરૂપે જોવાતા નથી. કબીરે તો ત્યાં સુધી કહ્યું છે કે 'જો જાનત હૈ વો કહત નાહી ઔર જો કહત હૈ વો જાનત નાહી' કબીરની વાત ખોટી નથી, સાવ સાચી છે અને આમ છતાં 'જો જાનત હૈ વો કહત હૈ' આ અવસ્થામાં

મુકાય એનું કારણ કારુણ્યભાવ હોય તો ઉન્મેષ બદલાઈ જાય છે. કહે છે કે રાજકુમાર સિદ્ધાર્થે જ્યારે પરમ જ્ઞાન પ્રાપ્ત કર્યું, ત્યારે એટલા બધા શાંત અને પ્રસન્ન થઈ ગયા કે કોઈનેય કશું કહેવાની જ એમને ઇચ્છા ન થઈ. પોતાના પરમાનંદ સાથે જ બ્રહ્મલીન થઈ જવાની ઇચ્છા જ બળકટ બની હતી, ત્યારે બ્રહ્મલોકમાંથી એમને અવાજ આવ્યો, 'તને જે મળ્યું છે એની જો તારે વહેંચણી ન કરવી હોય તો અમે તને આ આપ્યું જ શા માટે હોત?' બુદ્ધ બનેલા રાજકુમાર સિદ્ધાર્થ ચોંકી ઊઠ્યા અને જગતને બૌદ્ધ દર્શન મળ્યું.

આદરણીય સ્વામી માધવપ્રિયદાસજીએ જ્યારે પોતાના આ ગ્રંથનો આમુખ લખવાનું મને સૂચન કર્યું ત્યારે ખરું કહું તો મારા મનમાં ભારે અવઢવ પેદા થઈ હતી. જે વિષય ઉપર આ ગ્રંથનું આલેખન થયું છે એ વિષયમાં સ્વામી મારા પૂર્વસૂરિ જ કહેવાય. પૂર્વસૂરિના ગ્રંથ વિશે આમુખ સ્વરૂપે કંઈ પણ લખવું એમાં ઔચિત્ય ભંગ તો નથી થતો ને? એવો પ્રશ્ન મારા મનમાં ઘોળાયા કરતો હતો. આનાકાનીના આ તબક્કે ભાઈ નવીન દવેએ મને કહેણ મોકલ્યું, 'તારે લખવાનું છે અને લખવાનું જ છે. સ્વામીનું આ સૂચન નથી, આદેશ છે.'

હવે એની અવગણના કેમ થાય? મેં એનો સ્વીકાર કર્યો. સૂચન કહો તો સૂચન અને આદેશ કહો તો આદેશ. જે કંઈ કહો એને હું મારું ગૌરવ સમજું છું. ઈન્ટરનેટના આ જમાનામાં નવી પેઢીના વાંચનનો પ્રવાહ બદલાયો છે. એકવીસમી સદીના બીજા દશકામાં સવારનો પ્રવાહ સાંજે જૂનો થઈ જાય એટલી તેજ ગતિ વચ્ચે અધ્યાત્મના નામે આંખના પોપચાં ઊંચા કરવા એ આગવું લક્ષણ બન્યું છે. આ લક્ષણ તત્કાલીન છે. બહુ બહુ તો એને સમકાલીન કહી શકાય. અધ્યાત્મ અને અધ્યાત્મકથાઓ એના ઉપદેશકો એને સદૈવ જીવંત રાખનારા મહામનાઓ આ બધું તત્કાલીન કે સમકાલીન હોતું નથી, શાશ્વતી હોય છે. સ્વામી માધવપ્રિયદાસજીએ સહજાનંદસ્વામીના જીવનના જે પ્રસંગો અહીં આલેખ્યા છે એ પ્રસંગો માત્ર ઘટનાઓ નથી, એમાં એક રહસ્ય છે, એક સંદેશ છે. એ સંદેશ બસ્સો વરસ પહેલાં જેટલો પ્રેરક અને જીવંત હતો એટલો જ પ્રેરક અને જીવંત આજે પણ છે.

કેટલાક વિદ્વાનો સહેલી વાતને અઘરી બનાવીને પાઠકો સામે મૂકવાની કલામાં માહેર હોય છે. આ કલાને તેઓ વિદ્વાત્તા માને છે. હકીકત સાવ ઊલટી જ છે. કોઈક રહસ્યને કોઈક સંદેશને એ દુષ્કર હોય તો પણ સહેલાઈથી મૂકીને પાઠકના ગળા હેઠળ શીરાની જેમ ઉતારી દેવો એ સુપેરે સાધ્ય થઈ છે એ સચ્ચાઈનું આ સુ-દર્શન આ પુસ્તકના પાને પાને દેખા દે છે. એમને વંદના કરીને હું આ ગ્રંથને શુભેચ્છા આપું છું.

દિનકર જોષી

૩૦/૦૩/૨૦૧૫

હરિકથાનો શીતળ છાયો

પરમ આદરણીય વંદનીય

શ્રી માધવપ્રિયદાસ સ્વામીજી

આપના દ્વારા લિખિત 'શ્રી સ્વામિનારાયણ ચરિતગાથા'માંથી ચાર-પાંચવાર પસાર થયો.

પહેલી વાર ભાવિકભક્ત રૂપે.

બીજી વાર કૌતુક અને જિજ્ઞાસાથી.

ત્રીજી વાર જોડણીની ભૂલો માટે.

ચોથી વાર સિદ્ધાન્તયજ્ઞ અને કથનરીતિનાં આકરાં મૂલ્યાંકન માટે.

પાંચમી વાર ઉચ્ચભ્રૂ અને સાશંક વિવેચકોની દુરારાધ્ય પરંપરા પ્રમાણે.

પરંતુ દરેક વખતે વિશુદ્ધ આનંદનો જ અંતઃકરણ પર અભિષેક થયો. ધાર્યું હતું એના કરતા બહુ જ લગભગ નહિવત્ સુધારાઓ સૂચવવાના થયા છે, અને તે પણ આપને યોગ્ય લાગે તો. સમગ્ર કૃતિ કથારસમાં ભીંજાયેલી છે.

પ્રસંગોના ઢગલા છે, જાણે કે પ્રસંગવસંત ખીલી છે, ચોતરફ. ક્યાંક મઘમઘ મોગરા, ક્યાંક સૂક્ષ્મ કેડપાતળી ચમેલી, તો ક્યાંક ભાંગતી રાતવેળાની સત્સંગી રાતરાણી. આખી કથાકંદરા આમ્ર ઝૂમખાંઓની જેમ પ્રસંગ ઝૂમખાંઓમાં પથરાયેલી છે. ઉપરાઉપરી ઘા પડતા હોવાને કારણે ચિત્તનું પ્રભુમય થવું સાવ સ્વાભાવિક છે.

પ્રસંગોનાં ઉપશીર્ષકો વ્યવસ્થિત, પ્રભાવક અને અનુલિખિત ગદ્યખંડનું પ્રતિનિધિત્વ કરનાર છે. કથાકથનમાં વચ્ચે વચ્ચે મોકો મળે ત્યાં લાઘવપૂર્ણ રીતે લેખકે જે જે બોધક ટકોર કરી છે, તે આ ગ્રંથનું આભૂષણ છે.

શ્રીમદ્ ભાગવતમાં દશમસ્કંધ સિવાય ભક્તિ નથી, જે છે તે ભક્તિ સહિતના વિવિધ વેશમાં વૈરાગ્ય છે. રામચરિતમાનસમાં ઉત્તરકાંડ અને અયોધ્યાકાંડ બેમાં વૈરાગ્ય

છે, બાકી વચ્ચે બધે ભક્તિ પ્રવાહિત છે. આમ તો આ બધી વાતો સર્વમાન્ય ભલે ન હોય, પરંતુ કથામાં જ્યાં ભક્તિધારા પ્રબળ હોય તે કથાગંગા જ આગળ જતા લોકગંગા બને છે. આરણ્યકોના બોધ કથાખંડમાં ત્રૂટક થઈ પ્રજાથી દૂર ઊંચી ડાળીએ જઈ વસ્યા છે. વૈરાગ્યશૂન્ય અને ભક્તિસભર એવા ચતુર લોકોનું જ એ કથન હોવું જોઈએ કે શ્રીમદ્ ભાગવત્ એટલે માત્ર દશમસ્કંધ!

આ પૂર્વભૂમિકા સાથે આપના દ્વારા લિખિત કથાનું અંતઃકરણમાં પુનરપિ અનુરણન કરીએ તો ખ્યાલ આવશે કે એમાં ઉદ્ધારક ભક્તિ અને દુઃખનાશક વૈરાગ્યનો અદ્‌ભુત સમન્વય છે. આપ સમજી શકો છો કે હું શું કહેવા ચાહુ છું. કારણ કે આખરે તો કોઈ પણ ગ્રંથ એના કર્તાના સ્વયંમ્‌ના ચરિત્રના પડછાયાથી મુક્ત તો નથી!

ગ્રંથનો ઉત્તરાધિક ઉત્તરાર્ધ તો અદ્‌ભુત વસ્તુ અને રીતિથી મંડિત છે. ભાગ-૨ના અંદાજે પાના નંબર ૨૦૦થી ૩૦૦નું આ પૃષ્ઠશતક તો અલગ તારવીને મેં વારંવાર અનુશીલન કર્યું છે. આ પાનાઓમાં આટલી પ્રીતિ થવાનું રહસ્ય જાણી શક્યો નથી.

જેમ શ્રીમદ્ ભાગવત્ માત્ર અવતારોનું વર્ણન નથી, અનેકાનેક સત્પુરુષોના ચરિત્રોની મહાન ગાથા છે, પણ તેમાં જે સત્પુરુષો છે તે જન્મે કે લક્ષણે કે ઘડનારાએ ઘડ્યા ત્યારના સત્પુરુષો છે, આપના આ ગ્રન્થમાં એવો જે સમાન્તર પ્રવાહ વહે છે, તે દુષ્ચરિત્રોના સત્ચરિત્રોમાં રૂપાંતર થવાનો પ્રવાહ છે અને તે મહારાજનું મહત્‌પ્રદાન-મહત્‌કૃપા છે. પ્રસંગોની ભીતરે આ મહાનંદ આપે વહેતો છલકતો રાખ્યો છે.

આપ સાહિત્યાનુરાગી છો અને લેખનમાં તથા વાણીમાં ગદ્ય-પદ્ય સવ્યસાચી છો. અહીં કથાજ્ઞાનમાં આપની સર્જકતા સારી રીતે કામે લાગી છે, છતાં કથનરીતિ લોકાભિમુખ રહે અને તથાકથિત સાહિત્યિક્તામાં સરી ન પડે એની સાવચેતી રાખી છે, એ પણ સ્વયંની કસોટી કરનાર ઉપક્રમ છે.

આ ગ્રંથ આપણા અલ્પ થતા નવા શ્રેષ્ઠસાહિત્યમાં એક મોટું પ્રદાન છે. આ જગતને અત્યારે કલા-અનુભવ આપનારા સર્જનાત્મક કલા-સાહિત્ય-સંગીત જેટલી જ જ્ઞાનગ્રંથોના શીતળ છાંયાની જરૂર છે. લોકસાગરની તરસને આપે ઓળખી છે, એનો આનંદ છે.

દિલીપ ભટ્ટ
ડાયરેક્ટર-ભરાડ એન્જિનિયરિંગ કૉલેજ
ત્રંબા-રાજકોટ
તારીખ: ૫, એપ્રિલ ૨૦૧૫

કલ્યાણકારી ગ્રંથ

મને જણાવતા આનંદ થાય છે કે હું શાસ્ત્રી માધવપ્રિયદાસજી કૃત 'શ્રી સ્વામિનારાયણ ચરિતગાથા' ગ્રંથ ધ્યાનથી વાંચી ગયો છું. તાજેતરમાં મારે તેઓશ્રીને મળવાનું થયું હતું. માત્ર અડધો કલાકની વાતચીત ઉપરથી મારા મનમાં એવી છાપ પડી છે કે માધવપ્રિયદાસજી એકીસાથે બૌદ્ધિક અને માનવતાવાદી ધાર્મિક અને આધ્યાત્મિક નેતા છે અને તેમનાં જીવન અને કવન દ્વારા લાખો લોકોએ સર્વાંગી વિકાસ કર્યો છે. તેમનું આ વ્યક્તિત્ત્વ તેમનાં ગ્રંથમાં ઠેર ઠેર ઉપસી આવે છે.

ગ્રંથની ભાષા સામાન્ય માણસ સમજી શકે તેવી સરળ છે, શૈલી અને રજૂઆત કરવાની રીત સાહજિક અને મીઠી છે. આ ગ્રંથના અંતમાં મેં મારા અનુભવો શબ્દશઃ કંડાર્યા છે. તે વાંચવાથી વાચકને ખ્યાલ આવશે કે નેપાળનાં ધરતીકંપ જેવી ઘટનાઓ વખતે જેવી રીતે શ્રીજી ભગવાને કેટલાંક શ્રદ્ધાળુઓનો જીવ બચાવ્યો હતો, તેવી રીતે તેમણે મને પણ વિદેશમાં મોટી આફતમાંથી ઉગાર્યો હતો.

આવા સુંદર, સરળ અને આજના લોકજીવનને હૃદય અને મનથી સ્પર્શી જાય તેવો ગ્રંથ લખવા બદલ હું શાસ્ત્રીજી માધવપ્રિયદાસજીને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું અને ઇચ્છા રાખું છું કે તેઓ તેમના પોતાના દેશવિદેશનાં અનુભવોનો લાભ સમાજને આપે.

પ્રો. મકરંદ મહેતા
જાણીતા ઇતિહાસકાર, લેખક અને સંશોધક
તા-૨૮-૪-૨૦૧૫

અનુક્રમ-૨


श्रीभक्तिधर्मात्मजवासुदेवस्वामी
श्रीभक्तिदेवी
श्रीधर्मदेवः

"શ્રી સ્વામિનારાયણ ચરિતગાથા"

ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્ય

ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્ય વિ. સં. ૧૮૩૭ ચૈત્ર સુદી નવમીના રોજ રાત્રે ૧૦:૧૦ મિનિટે અયોધ્યા પાસેના છપૈયા ગામમાં થયું હતું.

એમના પિતાનું નામ ધર્મદેવ અને માતાનું નામ ભક્તિમાતા હતું. તેઓ સામવેદી બ્રાહ્મણ હતા. તેઓનું ગોત્ર સાવર્ણિ હતું. તેમની શાખા કૌથુમી હતી. ભાર્ગવ, વૈતહવ્ય અને સાવેતસ એ ત્રણ પ્રવર હતા. અટક પાંડે હતી. તેઓ સરયુ નદીના કિનારે નિવાસ કરતા હોવાથી 'સરયુપારિણ' બ્રાહ્મણ કહેવાતા.

એ સમયમાં સરયુપારિણ અર્થાત્ સરવરિયા બ્રાહ્મણો, બ્રાહ્મણ જ્ઞાતિમાં શ્રેષ્ઠ ગણાતા.

કૌશલદેશના શિરનેત્ર રાજાએ એમના પરદાદાને ઈટાર ગામની જાગીર દાનમાં આપી હતી.

તેમનું નાનપણનું નામ 'ઘનશ્યામ' હતું. એમના મોટા ભાઈનું નામ રામપ્રતાપ અને નાના ભાઈનું નામ ઇચ્છારામ હતું.

બાળ ઘનશ્યામના બાળપણ સાથે અનેક ચમત્કારિક કથાઓ જોડાયેલી છે.

બાળ ઘનશ્યામનો એક દૂરનો મામો હતો. એનું નામ કાલિદત્ત હતું. કાલિદત્ત વિન્ધ્યવાસિની દેવીનો ઉપાસક હતો. કાલિદત્ત માંત્રિકો અને તાંત્રિકોમાં અગ્રણી ગણાતો.

એ જમાનો મંત્ર-તંત્ર, કામણ-ટૂમણ અને અંધશ્રદ્ધાનો હતો. સેંકડો તાંત્રિકો અને માંત્રિકો અનેક પ્રકારની ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત કરવાની કામનાથી દેવી-દેવતાઓને પ્રસન્ન કરવા માટે પશુ-પંખીઓ અને નાનાં નાનાં બાળકોની બલિ ચઢાવતા.

આ મંત્ર-તંત્રની સાધનામાં મદ્યપાન, માંસભક્ષણ, પરસ્રીનો સંગ, નવજાત શિશુઓનાં બલિદાન સહજ હતાં. કહેવાતા માંત્રિકો અને તાંત્રિકો કામણ-ટૂમણ મંત્ર-તંત્રથી લોકોમાં ધાક બેસાડતા અને પોતાનો મલિન સ્વાર્થ સિદ્ધ કરતા.

કાલિદત્તે માંત્રિકો અને તાંત્રિકોની એક ભયંકર ટોળી ઊભી કરી હતી. આસપાસના

ઈલાકાઓમાં આ ટોળીની ધાક હતી. લોકો એના નામથી ધ્રૂજતા હતા.

કાલિદત્તે મલિન મંત્રોથી યજ્ઞ કરી ભયંકર કાળી બિહામણી કૃત્યાઓ ઉત્પન્ન કરી. બરાબર મધ્યરાત્રિના સુમારે આ કૃત્યાઓ ઘનશ્યામનું અપરહરણ કરીને ભાગી.

કાલિદત્તનો આશય આ સર્વ લક્ષણે સંપન્ન ઘનશ્યામનું બલિદાન આપી વિશેષ તાંત્રિક શક્તિઓ પ્રાપ્ત કરવાનો હતો.

એક બાજુ કૃત્યાઓ ઘનશ્યામનું અપહરણ કરીને ભાગી, બીજી બાજુ ધર્મદેવ અને ભક્તિમાતા અત્યંત આર્ત હૃદયે પોતાના પુત્રની રક્ષા માટે હનુમાનજી મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા.

કોણ જાણે શું થયું! કૃત્યાઓ ઘનશ્યામનું કંઈ બગાડી ન શકી, ઘનશ્યામનો ચમત્કારિક રીતે બચાવ થયો!

ઘનશ્યામને મારવા માટે કાલિદત્તે અનેક પ્રયાસો કર્યા હતા પણ સર્વ પ્રયાસો વિફળ રહ્યા હતા. ઘનશ્યામ અઢી વર્ષના થયા ત્યારે કાલિદત્તે ફરીથી ઘનશ્યામને મારવાનો પ્રયાસ કર્યો હતો. આ વખતે પણ જાણે શું થયું! ઘનશ્યામનો તો વાળ વાંકો ન થયો, પરંતુ સ્વયં કાલિદત્ત તોતિંગ આંબાના વૃક્ષ તળે દબાઈને મરણને શરણ થયો હતો અને એ જ આંબાના વૃક્ષ નીચે ખિલખિલાટ હાસ્ય કરતા બાળ ઘનશ્યામ સુરક્ષિત રીતે બેઠા હતા.

આ દૃશ્ય જોઈને છપૈયાવાસીઓના આશ્ચર્યનો પાર ન હતો. કોઈને થયું હતું કે, જરૂર હનુમાનજી મહારાજ આ બાળકની રક્ષા કરે છે, કોઈને થતું હતું કે, આ બાળક જ કોઈ દૈવી શક્તિથી ભરપૂર છે, નહીંતર આમ ન બને!

જે હોય તે પણ ઘનશ્યામે નાનપણથી સિદ્ધ કર્યું હતું કે જો જીવન સાત્ત્વિક શક્તિથી ભરપૂર હોય તો મલિન તત્ત્વો કાંઈ બગાડી શકતા નથી.

કાલિદત્તના મૃત્યુથી લોકોએ ત્રાસમાંથી છૂટકારો મેળવ્યો હતો. સમસ્ત સરવાર દેશમાં આ અલૌકિક ઘટના ખૂબ જ ખ્યાતિ પામી હતી.

નામકરણ સંસ્કાર

બાળ ઘનશ્યામના નામકરણ પ્રસંગે હિમાલયના સિદ્ધયોગી માર્કંડેય સ્વયં ધર્મદેવના આંગણે પધાર્યા હતા. એમણે આ દિવ્ય બાળકના લલાટ, હાથ-પગની રેખાઓ અને શરીરના લોકોત્તર ચિહ્નો જોઈને ભવિષ્ય ભાખ્યું હતું કે, ‘આ બાળક સામાન્ય નથી, પરંતુ દિવ્ય અવતારી બાળક છે. ભવિષ્યમાં એ મહાન ધર્મપ્રવર્તક થશે અને પરમાત્માના અવતાર તરીકે પ્રસિદ્ધ થશે.’

આ રીતે ભવિષ્યકથન કરીને માર્કંડેય મુનિએ બાળ ઘનશ્યામનો નામકરણ વિધિ કરતા કહ્યું હતું કે, "આ બાળકનો જન્મ કર્ક રાશિમાં થયો છે. એના જન્માક્ષરમાં 'ડ' અને 'હ' અક્ષરો છે." આ બાળક હજારો જીવોના દુઃખ હરનાર હોવાથી 'હરિ' કહેવાશે. બાળક અતિ સુંદર અને આકર્ષક છે, માટે જ એનું બીજું નામ 'કૃષ્ણ' કહેવાશે.

"આ બાળકનો વર્ણ સ્હેજ શ્યામ હોવા છતાં ઉજ્જ્વળ કાંતિમાન છે, જેથી આ બાળક મહાજ્ઞાની થશે અને એ જ્ઞાન દ્વારા હજારો જીવોના અનાદિ અજ્ઞાનરૂપી આવરણોને દૂર કરી, એમને બ્રહ્મરૂપ બનાવી, આનંદસાગર પરબ્રહ્મમાં જોડશે; માટે એનું ત્રીજું નામ 'હરિકૃષ્ણ' કહેવાશે."

માર્કંડેય ઋષિએ આ નાનકડાં બાળકનો નામકરણ વિધિ કર્યો, પણ ભક્તિમાતા અને પરિવારજનો તો આ નાના બાળકને લાડમાં 'ઘનશ્યામ' કહીને જ બોલાવતા હતા.

વૃત્તિ પરીક્ષણ

પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં નાનાં બાળકનાં મનોવલણની એક સુંદર અને સરળ પરીક્ષા લેવાતી. આ પરીક્ષા ઉપરથી બાળકનું મનોવલણ કેવું છે? બાળકની સાહજિક રુચિ શું છે? અને બાળક ભવિષ્યમાં કેવો બનશે? એનું અનુમાન થતું.

આજે એકવીસમી સદીમાં આ મનોવિજ્ઞાન પદ્ધત્તિસર વિકસેલું છે. આ મનોવૈજ્ઞાનિક પરીક્ષણને આધારે બાળકની શિક્ષા-દીક્ષા કેવી હોવી જોઈએ? તે નક્કી કરવામાં આવે છે. ભારતવર્ષમાં આવું પરીક્ષણ સહજ હતું. દુર્ભાગ્યે ભારત પોતાના જ વારસાને ભૂલી ગયું છે અને પશ્ચિમના જગતે આ જ વારસાને વ્યવસ્થિત અભ્યાસનું રૂપ આપ્યું છે!

ભારતીય સંસ્કૃતિમાં પ્રબોધેલ વિધિ અનુસારે ધર્મદેવે બાળઘનશ્યામની મનોવૈજ્ઞાનિક પરીક્ષા કરી. એમણે કુળદેવતાનુ પૂજન કર્યું. રંગોળી પૂરેલી પવિત્ર ધરતી ઉપર ફૂલોથી શણગારેલાં ત્રણ બાજોઠ રાખ્યા. એક બાજોઠ ઉપર સુવર્ણમહોર મૂકી, બીજા બાજોઠ ઉપર તલવાર મૂકી, ત્રીજા બાજોઠ ઉપર હસ્તલિખિત ગ્રંથ પધરાવ્યો.

ગ્રંથ જ્ઞાન-વિજ્ઞાનનું પ્રતીક છે, તલવાર સુરક્ષાધર્મ સૂચવે છે અને સોનામહોર વ્યાપારધર્મ સૂચવે છે. જ્ઞાન-વિજ્ઞાન, સુરક્ષા અને સંપત્તિ જીવન અને સમાજનાં મહત્ત્વનાં અંગો છે.

ધર્મદેવે આનંદ-કિલ્લોલ કરતા ઘનશ્યામને બાજોઠ તરફ જવા ઈશારો કર્યો. ઘૂંટણિયાંભર ચાલતા ઘનશ્યામ હાસ્યવિનોદ કરતાં કરતાં બાજોઠ સુધી પહોંચ્યા. ત્રણેય બાજોઠ ઉપર કુતૂહલભરી નજર ઠેરવી. પછી ખિલખિલાટ હસતાં હસતાં પુસ્તક ઉપર હાથ ધર્યો.

ઘનશ્યામે સત્તા અને સંપત્તિ કરતાં જ્ઞાનને પ્રાધાન્ય આપ્યું. જગતમાં કોઈ ગમે એટલો સંપત્તિવાન હોય કે સમ્રાટ હોય, પણ આખરે શાસન તો જ્ઞાનીઓ જ કરતા હોય છે. પછી ભલે એ શાસન રાજ્યશાસન હોય કે ધર્મશાસન. સત્તા, સંપત્તિ, યશ, કીર્તિ અને મુક્તિ આ સર્વનું કારણ જ્ઞાન છે.

ઘનશ્યામે પુસ્તક ઉપર હાથ મૂકીને પોતાના અંતરમાં રહેલી સુષુપ્ત જ્ઞાનશક્તિને પ્રગટ કરી દીધી હતી.

દરેક માતાપિતાના મનમાં સહજ ભાવ હોય કે 'બાળક અમારા જેવો થાય. અમારા વારસાને જાળવે!'

ધર્મદેવ સહજ સ્વભાવે બ્રાહ્મણધર્મને વરેલા હતા. જ્ઞાનોપાસના એમનાં જીવનનું મહત્ત્વનું અંગ હતું. અને એટલે જ પોતાના પુત્રે જ્યારે પુસ્તક ઉપર હાથ મૂક્યો, ત્યારે એમના અંતરમાં મહર્ષિ માર્કંડેયના શબ્દો પડઘાવા લાગ્યા, 'આ બાળક મહાજ્ઞાની થશે.'

ધર્મદેવના અંતરમાં આનંદ થઈ રહ્યો હતો કે, 'મારો ઘનશ્યામ મારા જ્ઞાનવારસાનું જતન કરશે.'

કાશીમાં શાસ્રાર્થ

ઘનશ્યામ જ્યારે ત્રણ વર્ષના થયા, ત્યારે એમના માતા-પિતાએ છપૈયા છોડી અયોધ્યામાં નિવાસ કર્યો.

ઘનશ્યામ પાંચ વર્ષના થયા ત્યારે પિતાશ્રી ધર્મદેવે એમને વિદ્યાભ્યાસ આરંભ કરાવ્યો. આ તેજસ્વી ઘનશ્યામ ભણવામાં ભારે કુશાગ્ર બુદ્ધિ ધરાવતા હતા.

ધીરે ધીરે ઘનશ્યામ આઠ વર્ષના થયા. પિતાશ્રી ધર્મદેવે આઠ વર્ષના ઘનશ્યામનો યજ્ઞોપવિત સંસ્કાર કરાવ્યો.

યજ્ઞોપવિત સંસ્કાર પછી ઘનશ્યામ પિતાશ્રી પાસેથી વેદ ભણવા લાગ્યા. આઠ વર્ષના ઘનશ્યામની પ્રતિભા લોકોત્તર હતી. ન કલ્પી શકાય એટલી હદે શીઘ્રતાથી તેઓ વેદોની શ્રુતિઓ કંઠસ્થ કરી રહ્યા હતા.

નાની ઉંમરે બાળ ઘનશ્યામ મોટા-મોટા પંડિતો સાથે પ્રશ્નોત્તર કરતા ત્યારે એમના પ્રશ્નોનું સમાધાન પ્રખર પંડિતો માટે પણ સરળ ન હતું.

શ્રી ધર્મદેવ કુળપરંપરાથી ભગવાન શ્રીકૃષ્ણના ઉપાસક હતા. સગુણ-સાકાર બ્રહ્મની ઉપાસનામાં એમની સહજ રુચિ હતી. ધર્મદેવના ગુરુ ઉદ્ધવાવતાર શ્રી રામાનંદસ્વામીએ પણ ધર્મદેવની આ નિષ્ઠા તથા જ્ઞાનને પુષ્ટ કર્યાં હતાં.

બાળ ઘનશ્યામે ગળથૂથીમાં જ સગુણ-સાકાર બ્રહ્મની ઉપાસનાનું અમૃત પીધું હતું.

એક વાર શ્રી ધર્મદેવ બાળ ઘનશ્યામને સાથે લઈને કાશી પધારેલા. કાશીમાં ગંગાજીને કિનારે નૃસિંહજીના મંદિરમાં શાસ્ત્રચર્ચાનુ આયોજન કરવામાં આવ્યું હતું.

પંડિતોની આ સભામાં નાનકડા ઘનશ્યામે જોરદાર તર્કોથી નિર્ગુણ-નિરાકાર બ્રહ્મવાદનુ ખંડન કરી સગુણ સાકાર બ્રહ્મવાદનું સ્થાપન કર્યું ત્યારે કાશીના દિગ્ગજ પંડિતો પણ દંગ રહી ગયા હતા.

પિતાશ્રી ધર્મદેવ પણ પોતાના નાનકડા પુત્રની આ લોકોત્તર પ્રતિભા જોઈને આશ્ચર્યચકિત રહી ગયા હતા. એમને પોતાના પુત્રની વાણીમાં કોઈક દિવ્ય પ્રભાવ રહેલો હોય એમ જણાતું હતું.

ભાભી! તમારા હાથનું આ છેલ્લું ભોજન!

બાળ ઘનશ્યામની રુચિ એમની જ ઉંમરના બાળકો કરતાં વિલક્ષણ હતી. એમને બાળસહજ રમત-ગમત કરતાંય સાધુ-સંતો સાથે બેસી સત્સંગ કરવો વિશેષ ગમતો.

તેઓ રોજ વહેલી સવારે ઊઠતા, સરયૂ નદીએ સ્નાન કરવા જતા, સ્નાન કરી સરયૂના કેડ સમાણા જળમાં ઊભા રહીને સૂર્યોદય થાય ત્યાં સુધી ગાયત્રીના મંત્રનો જપ કરતા, આહ્નિક વિધિ તેમ જ સંધ્યાવંદન કરતા. ત્યાર પછી સરયૂ કિનારેથી સીધા હનુમાનગઢીએ દર્શને જતા.

હનુમાનગઢીથી તેઓ ભગવાન શ્રી રામચંદ્રજીની જન્મભૂમિએ દર્શન કરતા અને ત્યાંથી કનકભવન પધારતા. કનકભવનમાં દર્શન કરી તેઓ રામાયણનું ગાન કરતા અને સંતો સાથે બેસી સત્સંગ કરતા. ક્યારેક ક્યારેક તો બપોર થઈ જાય તો પણ ઘરે જવાનું નામ લેતા નહોતા. આ તેમનો નિત્યક્રમ હતો.

એમના અંતરમાં સહજભાવે વૈરાગ્યવૃત્તિ પાંગરી રહી હતી. એમના હૃદયમાં અવાર-નવાર ઘર છોડી હિમાલય તરફ નીકળી જવાનો તીવ્ર વેગ જાગતો. ઘનશ્યામે નાની ઉંમરે નક્કી કર્યું હતું કે, 'મારે લગ્ન તો કરવા જ નથી, ઘરમાં રહેવું નથી, હિમાલયમાં જઈને તપ કરવું છે.'

સાથે સાથે ઘનશ્યામે એ પણ નિર્ધાર કર્યો હતો કે 'જ્યાં સુધી માતા-પિતા હયાત છે, ત્યાં સુધી એમની સેવા કરવી અને એ સ્વધામ સિધાવે ત્યાર પછી જ ઘર છોડવું અને હિમાલયની વાટ લેવી.' ઘનશ્યામનો વૈરાગ્ય વિવેકથી પૂર્ણ હતો. એમનાં અંતરમાં માતાપિતા પ્રત્યેની ભક્તિ અનન્ય હતી.

ઘનશ્યામની ઉંમર અગિયાર વર્ષની થઈ, ત્યારે પ્રથમ ભક્તિમાતા અને પછી પિતા ધર્મદેવ સ્વધામ સિધાવ્યાં.

ઘનશ્યામને હવે ઘરમાં રોકી શકે એમ હોય, તો માત્ર એક સુવાસિની ભાભી હતા. સુવાસિની ભાભીને ઘનશ્યામમાં અસાધારણ હેત હતું.

ભક્તિમાતાએ શરીર છોડતા પહેલા સુવાસિનીને ભલામણ કરી હતી કે 'સુવાસિની! હું તો ભગવાનના ધામમાં જાઉં છું, પરંતુ હવેથી તારે મા બનીને આ ઘનશ્યામનું ધ્યાન રાખવાનું છે.'

સુવાસિની ભાભીએ ભક્તિમાતાનું એ વેણ બરાબર પાળ્યું હતું અને એમણે પોતાના પતિ રામપ્રતાપભાઈ કરતાં પણ અદકેરા હેતથી ઘનશ્યામને સાચવ્યા હતા.

જૂનો જમાનો હતો. નાની ઉંમરે સગપણ અને લગ્ન એ કાંઈ નવાઈની વાત નહોતી! મોટા ભાઈ રામપ્રતાપજીએ વૈરાગી સ્વભાવના ઘનશ્યામની સગાઈ કરવાનું નક્કી કરી નાખ્યું હતું, પણ કમળના વેલાથી હાથીને બાંધી શકાય નહિ, એ જ રીતે ઘનશ્યામને સંસારના બંધનોથી બાંધી શકાય એમ હતા નહીં.

ઘનશ્યામ અનંત જીવોના કલ્યાણ માટે પ્રગટ્યા હતા. એમને ઘર-સંસારના બંધન પાલવે એમ ન હતા. તેઓ સગાઈ થાય એ પહેલા જ ઘર છોડી હિમાલયની વાટ લેવા માગતા હતા. એટલે હવે એમણે સર્વ પ્રકારના સ્નેહબંધનોને કાપી નાખવાનો અડગ નિરધાર કર્યો.

ઘર છોડવાની આગલી સાંજે સુવાસિની ભાભી ઘનશ્યામને ભારે સ્નેહથી જમાડી રહ્યા હતા. ત્યારે ઘનશ્યામે મર્મ ભરેલી વાણીમાં કહ્યું, "ભાભી! તમારા હાથનું આ છેલ્લું ભોજન છે!"

સુવાસિની ભાભીએ હાસ્યવિનોદ કરતા કહ્યું, "હજુ તો સગાઈ થઈ નથી, પરણીને વહુ ઘરે આવી નથી, વહુ ઘરે આવે ત્યાં સુધી તો તમારે મારે હાથે જ જમવાનું છે! તો છેલ્લું ભોજન શાથી?"

ઘનશ્યામે મુખ ઊંચુ કર્યા સિવાય ઉત્તર દીધો, "ભાભી! મારી વાત તમને અત્યારે નહીં સમજાય!"

ઘનશ્યામની વાત સાંભળી ભાભીના હૈયામાં ન કળી શકાય એવો ધ્રાસકો અવશ્ય પડ્યો હતો, પરંતુ ખરેખર ઘનશ્યામની વાતના મર્મને ભાભી સમજી શક્યા નહોતા અને જ્યારે એ વાતનો મર્મ સમજાયો ત્યારે તો જેમ પીંજરામાંથી મુક્ત બનેલુ પંખી નીલ ગગનમાં ઊડી જાય એમ ઘનશ્યામ ઘર છોડી હિમાલયના જંગલો ભણી દૂર દૂર નીકળી ગયા હતા.

મહાભિનિષ્ક્રમણ

વિક્રમ સંવત ૧૮૪૮ની સાલ હતી. વર્ષાઋતુનો સમય હતો. અષાઢ સુદી નવમીની મધ્યરાત્રિ પૂરી થઈ હતી. અષાઢ સુદી દસમીની વહેલી સવારે ઘનશ્યામે ઘર છોડી વનની વાટ લીધી.

આકાશમાંથી અવિરત મેઘવૃષ્ટિ થઈ રહી હતી. એકબાજુ સારી અયોધ્યા ભર ઊંઘમાં સૂતી હતી. બીજી બાજુ સમસ્ત વિશ્વ માટે અનોખા જાગરણનો સંદેશ લઈને અવતરેલા ઘનશ્યામ હિમાલયને માર્ગે પગલાં માંડી રહ્યા હતા.

ઘનશ્યામનું આ મહાભિનિષ્ક્રમણ લાખો જીવોના કલ્યાણ માટે હતું.

ઘર છોડ્યું ત્યારે ઘનશ્યામની સ્થિતિ કેવી હતી? તેનું રોચક વર્ણન કવીશ્વર દલપતરામે હરિલીલામૃત ગ્રંથમાં કર્યું છે.

કંઠી માળ કમંડળું વળી ધર્યો સત્શાસ્ત્રનો ગુટકો,
શાળગ્રામ તથા સુપાત્ર જમવા પાસે ન પૈસો ટકો |
પાણીગાળણ વસ્ત્ર કૌપીન તથા બીજું બહિર્વાસ છે,
કૂવેથી જળ કાઢવા સુતરની દોરી હરિ પાસ છે ||

(હરિલીલામૃત-ક-૪,વિ-૧-૩૯)

ઘનશ્યામની ઉંમર માત્ર અગિયાર વર્ષની હતી; પાતળા સોટા જેવી કાયા હતી. માથે પિંગલવરણા કેશની જટા હતી; કંઠમાં તુલસીની બેવડી કંઠી હતી; હાથમાં જપમાળા હતી; પાણી ગાળવાનો નાનકડો વસ્ત્રનો ટુકડો હતો; શાસ્ત્રોનો ગુટકો હતો; જળપાત્ર રૂપે નાની કાષ્ઠ કઠારી હતી; ડાબે ખભે જનોઈ હતી; કેડ ઉપર કૌપીન અને ઢીંચણ સુધી પહોંચતું બહિર્વાસ હતું; ઉઘાડા પગ હતા; પૂજન-આરાધન માટે શાલિગ્રામ અને બાળમુકુંદ ભગવાનની નાનકડી મૂર્તિ હતી! બસ, આટલી સામગ્રી સાથે એમણે પોતાની અનોખી યાત્રા આરંભી હતી.

પરમ વિતરાગી અને નિઃસ્પૃહી ઘનશ્યામ વાટખર્ચી માટે ધન રાખે, એવી તો કલ્પના પણ ન થઈ શકે! વરસતા વરસાદે તેઓ સરયૂના કિનારે પધાર્યા. સરયૂના પાણી પૂરબહાર વહી રહ્યાં હતાં.

આ ઘોર રાત્રિના સુમારે કોઈ ભયંકર અઘોરી તાંત્રિક નિશાચરની જેમ ભટકતો હતો.

ઘનશ્યામ નાનપણથી જ મંત્રતંત્રના વિરોધી હતા. એમણે નિર્ભયતાથી આ માંત્રિકો અને તાંત્રિકોનો સામનો કરી એમના દંભ અને પાંખડને ખુલ્લા પાડ્યા હતા. એમણે લોકોને સમજાવ્યા હતા કે, “આ દુનિયામાં ધાર્યું એક માત્ર શ્રી હરિનું જ થાય છે. આ કહેવાતા માંત્રિકો આપણું કાંઈ બગાડી શકે તેમ નથી.”

નાનકડાં ઘનશ્યામના આ હિંમતભર્યા પડકારથી આ તાંત્રિકો ઘનશ્યામ ઉપર ભારે રોષે ભરાયા હતા. એમણે અનેકવાર ઘનશ્યામને મારવા પ્રયાસો કર્યાં હતા, પરંતુ તેઓ દિવ્યશક્તિ સંપન્ન ઘનશ્યામનો વાળ વાંકો કરી શક્યા ન હતા!

તાંત્રિકોની જમાતને ઘનશ્યામ સાથે વેર બંધાયું હતું. તેઓ ઘનશ્યામને મારવાનો લાગ શોધતા જ રહેતા હતા. એવામાં અંધારી ઘોર રાત્રિમાં પેલા અઘોરી તાંત્રિકે નાનકડા સુકલકડી ઘનશ્યામને એકલા ભાળ્યા.

'આજે આ છોકરાને મારી નાખવાનો ખરો લાગ આવ્યો છે' એમ માની પેલા તાંત્રિકે અટ્ટહાસ્ય કરી ઘનશ્યામને ઉઠાવ્યા અને સરયૂ જળમાં ફેંકી દીધા. પરંતુ આ અનાચારીને ખબર નહોતી કે, ઘનશ્યામ જબરા તરવૈયા તો હતા જ સાથે સાથે અન્યને તારનારા પણ હતા. જગના તારણહાર ઘનશ્યામને સરયૂ મહારાણી કેમ ડૂબવા દે! સરયૂ નદીએ પોતાના તરંગો સાથે તાલ દેતા ઘનશ્યામને બાર ગાઉ ઉપર કિનારે મૂકી દીધા.

પેલી બાજુ ઘનશ્યામને મારી નાખ્યાના ઉન્માદમાં અઘોરી ભાન ભૂલ્યો. અટ્ટહાસ્ય કરવા લાગ્યો. પોતાના સાગરીતોને સમાચાર દેવા ઉતાવળો દોડ્યો, પરંતુ દૈવયોગે અંધારી રાત્રે સૂકા લાકડાના શૂળી જેવા ઠૂંઠા સાથે જોરથી અથડાયો. તીણી અણીવાળો લાકડાંનો ખીંપો તેના શરીરની આરપાર નીકળી ગયો, શરીર વીંધાઈ ગયું. ઉન્માદી અઘોરીનો અંત આવ્યો.

આ બાજુ આશરે બાર ગાઉ ઉપર સરયૂકિનારે બહાર નીકળેલા ઘનશ્યામ થોડા સ્વસ્થ થયા, એમણે પ્રાતઃક્રિયા પૂર્ણ કરી, સંધ્યાવંદન કર્યાં અને હિમાલયની વિકટ વાટે યાત્રા આરંભી.

તીર્થે જવું સદ્ગુરુ શોધવાને

માણસની યાત્રાના અનેક હેતુઓ હોય છે. કોઈ આત્મકલ્યાણ માટે શ્રદ્ધાથી તીર્થાટન કરે છે. કોઈ પાપ ધોઈને પુણ્ય કમાવા તીર્થાટન કરે છે. કોઈ જોવા-જાણવાની જિજ્ઞાસાથી દેશાટન કરે છે. કોઈ આજીવિકા માટે દરિયા ખેડે છે, પરંતુ ઘનશ્યામનો મહાભિનિષ્ક્રમણનો હેતુ સર્વથી ન્યારો હતો. એમને તીર્થ કરવાની કોઈ જરૂર ન હતી. ઘનશ્યામ જ્યાં ચરણ ધરે ત્યાં તીર્થોનું સર્જન થતું હતું. તીર્થોમાં વિચરીને ઘનશ્યામને તીર્થોના તીર્થત્વને વિશેષ જાગૃત કરવું હતું!

ઘનશ્યામનું આ મહાભિનિષ્ક્રમણ તથાગત બુદ્ધની જેમ બુદ્ધત્ત્વની પ્રાપ્તિ માટે પણ ન હતું. કારણ કે તેઓ સ્વયં બુદ્ધોના પણ ઉપાસ્ય હતા. એમનું આ તીર્થાટન લીલામાત્ર હતું.

ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે,

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किञ्चन।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥

(भगवद् गीता–अ–३, श्लोक–२२)

"હે પાર્થ! મારે કર્મ કરવાની કોઈ જરૂર નથી. કારણ કે આ ત્રિલોકીમાં કોઈ પદાર્થ એવો નથી કે જે મને પ્રાપ્ત ન હોય કે પ્રાપ્ત કરવાનું હોય! છતાં લોકશિક્ષાને માટે હું કર્તવ્ય બજાવી રહ્યો છું."

ભગવાન શ્રીકૃષ્ણની જેમ ઘનશ્યામ પણ લોકશિક્ષાને માટે તીર્થયાત્રાની લીલા કરી રહ્યા હતા. આ લીલા દ્વારા તેઓ મુમુક્ષુઓને શિક્ષા દેવા માગતા હતા. એ શિક્ષા હતી તપશ્ચર્યા, યોગસાધના અને ભગવાનનો સાક્ષાત્કાર કરાવે એવા સદ્‌ગુરુની શોધ.

આ મહાભિનિષ્ક્રમણ લીલા દ્વારા ઘનશ્યામ મોક્ષમાર્ગના યાત્રિકોને માર્ગદર્શન પૂરું પાડવા માગતા હતા. તેઓ આ યાત્રા દ્વારા સંકેત કરવા માગતા હતા કે 'હું પરમેશ્વર છું. મારે આ બધું કરવાની કાંઈ જરૂર નથી, છતાં કરું છું. તો સાધકોએ તો તપ, યોગ, સદ્‌ગુરુનું સેવન અવશ્ય કરવું જોઈએ.'

નિષ્કુળાનંદસ્વામીએ ભક્તચિંતામણિમાં ઘનશ્યામની આ લીલામય યાત્રાના કારણોનું નિરૂપણ કર્યું છે, ઘનશ્યામ સ્વયં પોતાના મુખે કહે છે,

કોશળ દેશમાં મેલી સંબંધી, કૃષ્ણ મળવા વનવાટ લીધી |
પછી ફર્યો હું સર્વે તીરથે, કૃષ્ણ પ્રગટ મળે એહ અર્થે ||૯||
એમ કરતાં આવ્યો લોજ આંઈ, રહ્યો છું તમારા સંત માંઈ |
કૃષ્ણ પ્રત્યક્ષ મળવા કાજ, કરું આગ્રહ તે કહું મહારાજ ||૧૦||

(ભ.ચિ.પ્ર-૪૨)

અવતારી ઘનશ્યામના મહાભિનિષ્ક્રમણનું એક બીજું કારણ પણ હતું.

તેઓએ અનંત જીવોના કલ્યાણ માટે અવતાર ધારણ કર્યો હતો. ભારતવર્ષના તીર્થોમાં અને હિમાલયની કંદરાઓમાં અનેક યોગીઓ યોગસાધના કરી રહ્યા હતા. ઘનશ્યામ આ યોગીઓની યોગસાધનાને પૂર્ણ કરાવવા માગતા હતા. ભારતનાં વિવિધ સ્થળોમાં વસતા યોગભ્રષ્ટ મુમુક્ષુઓનું કલ્યાણ કરવા ઇચ્છતા હતા!

ઘનશ્યામની આ યાત્રા સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'વનવિચરણ' તરીકે પ્રસિદ્ધ છે. ઘનશ્યામનું આ વનવિચરણ અનેક દિવ્ય, માનુષી ચરિત્રો અને ચમત્કૃતિઓથી ભરપૂર છે.

આ વનવિચરણ દરમ્યાન ઘનશ્યામનું અનેક મહાન સિદ્ધો અને યોગીઓ સાથે મિલન થયું હતું.

જિસને આજ દિયા વો કલ ભી દેગા

બાળજોગીના વેશમાં ઘનશ્યામ હિમાલયના માર્ગે પ્રયાણ કરી રહ્યા હતા.

'સાધુને દેહ-ગેહ કે સ્થાનના કોઈ જાતના બંધન ન હોવા જોઈએ.' એ ભાવનાથી તેઓ રોજ જુદાં જુદાં વૃક્ષ નીચે રાત્રિ રહેતા. મોટે ભાગે વસ્તીમાં જવાનું ટાળતા. ઈશ્વર ઇચ્છાથી જે ફળ-ફૂલ મળે તે શાલિગ્રામ અને બાળમુકુંદજીને અર્પણ કરી આરોગતાં.

આ કઠિનમાં કઠિન વનવિચરણ દરમ્યાન ઠાકોરજીની સેવાની વૈષ્ણવી રીતિ અને આત્મનિવેદી ભક્તિનો એમણે સહેજ પણ ભંગ થવા દીધો નહોતો.

જીવન-જરૂરિયાતની વસ્તુઓનો પણ સંગ્રહ કરવાનું ઘનશ્યામના સ્વભાવમાં ન હતું.

રસ્તામાં કોઈ ભાવિકો ઘનશ્યામને આગ્રહ કરતા કે, 'આ થોડાં ફળ-ફૂલ સાથે લઈ જાઓ, આગળ ઉપર કામ લાગશે.'

ત્યારે ઘનશ્યામ ખુમારીથી ઉત્તર દેતા, 'જિસને આજ દિયા વો કલ ભી દેગા, સાધુ સંગ્રહરહિત હોના ચાહિયે.' આટલું કહી ઘનશ્યામ ચાલી નીકળતા.

શ્રીપુરમાં રાત્રિવાસ

વિકટવાટમાં અડવાણે પગે એકલા-અટૂલા ચાલતા ઘનશ્યામ હરિદ્વાર થઈને ઋષિકેશ પહોંચ્યા. ઋષિકેશમાં ભરતમંદિર, ભગવાન શ્રીરામ, લક્ષ્મણ તથા ધ્રુવજીની તપસ્થલીઓના દર્શન કરતાં કરતાં ઘનશ્યામ બદ્રીનાથને માર્ગે ચાલતા થયા. એ જમાનામાં આ રસ્તો ઘણો વિકટ હતો. આજના જેવી સગવડતાનું ત્યારે કોઈ નામનિશાન નહોતું.

ઘનશ્યામ માટે અગવડતા-સગવડતાનો સવાલ જ ઊઠતો નહોતો. વિકટવાટની કઠિનાઈઓ એમના ઉત્સાહને બેવડાવતી હતી. હિમાલયના વિકટમાર્ગે ચાલતાં ચાલતાં દેવપ્રયાગ થઈને ઘનશ્યામ 'શ્રીપુર' પહોંચ્યા. શાસ્ત્રમાં આ સ્થાનનો ભારે મહિમા છે.

શ્રીપુરમાં ગંગાજીને કિનારે કમલેશ્વર મહાદેવજી અને ભગવાન નૃસિંહજીનું મંદિર છે. વર્ષો પહેલા ઘનશ્યામ જ્યારે અહીં પધાર્યા, ત્યારે આ મંદિર એકદમ ગંગાજીના કિનારે હતું. આજે પણ એના અવશેષો મોજૂદ છે.

અહીંયા મોટો મઠ હતો. મઠ પાસે ઘણી જાગીરો હતી. મઠ ખૂબ સમૃદ્ધ હતો. મઠાધિપતિ ખૂબ દૈવી અને વૃદ્ધ હતા. મઠની બહાર દરવાજા પાસેના ઓટલે ઘનશ્યામે ઉતારો કર્યો.

સાંજનો સમય થવા આવ્યો હતો. મઠના મહંતનું મન ઘનશ્યામ તરફ આકર્ષાયું હતું, 'આ બાળા જોગી કોણ હશે?' એવી જિજ્ઞાસા એના અંતરમાં જાગી હતી. એમણે ઘનશ્યામને કહ્યું, "બાળબ્રહ્મચારીજી! શામ કા સમય હૈ, આપ ભોજન કરને કે લિયે ભીતર આ જાઓ."

ઘનશ્યામે કહ્યું, "મહંતજી! ભોજન કરને કી ઇચ્છા નહીં હૈ, ઈસલિયે હમ ભીતર નહીં આયેંગે."

મહંતજીએ કહ્યું, "બાલયોગી! સૂર્યાસ્ત હો ચૂકા હૈ, અંધેરા હોને જા રહા હૈ, મઠ કે દરવાજે બંધ કરને કા સમય હૈ, ક્યોંકિ યહાં શેર કા ભારી ઉપદ્રવ હૈ, બાહર રહને મેં જાન કા જોખમ હૈ."

ઘનશ્યામે કહ્યું, "મહંતજી! જન્મ-મરણ શ્રીહરિ કે હાથ મેં હૈં. સાધુ કો મૌત સે ડરના નહીં ચાહિયે, ઈસલિયે હમ તો યહીં બાહર હી ઠહરેંગે." ઘનશ્યામના જવાબમાં નિર્ભયતા ભરી હતી.

મહંતજીએ ઘનશ્યામને અંદર આવવા ભારે આગ્રહ કર્યો, પરંતુ ઘનશ્યામ ન માન્યા એટલે મહંતજીને થોડું માઠું લાગ્યું. સાથે હૃદયમાં દયા પણ આવી. મહંતજીના મનમાં થયું, 'ભારે જ્ઞાની થવા જાય છે, પરંતુ રાત્રે સિંહ આવશે ત્યારે જ્ઞાન ક્યાંય હવામાં ઊડી જશે! હે ભગવાન નરસંગ! આ હઠીલા છોકરાની રક્ષા કરજે.' આમ મનોમન પ્રાર્થના કરતાં કરતાં એમણે મઠના દરવાજા બંધ કર્યાં. આ બાજુ ઘનશ્યામે મઠને ઓટલે વજ્રાસન વાળી ધ્યાન જમાવ્યું.

રાત્રિના સમયે ભયંકર ગર્જના કરતો ડાલામથ્થો સિંહ આવ્યો. થોડી વાર ઘનશ્યામની સામે જોઈ રહ્યો. ઘનશ્યામે સિંહની સામે મીટ માંડી. ઘનશ્યામની નજરે સિંહની હિંસક વૃત્તિને હરી લીધી. સિંહે ઘનશ્યામની પ્રદક્ષિણા કરી, પછી સામે આવી બેસી ગયો.

સિંહગર્જના સાંભળી ભયભીત થયેલા મહંતજીના હૃદયમાં ઘનશ્યામની ભારે ચિંતા થઈ. બાળ ઘનશ્યામની મૂર્તિએ મહંતજીનું મન હરી લીધું હતું. મહંતજીને થયું, 'નક્કી, સિંહ બાળજોગીને મારી નાખશે.'

દરવાજો ઉઘાડવાની તો એમના હૈયામાં હામ નહોતી, એટલે એમણે મઠની ઊંચી બારીએથી બહાર નજર કરી. ત્યાં તો મહંતની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

પૂનમની અજવાળી રાત હતી, ઘનશ્યામ ધ્યાનમાં બેઠા હતા અને ડાલામથ્થો સિંહ પણ ધ્યાન કરતો હોય એમ આંખો મીંચીને ઘનશ્યામની સામે બેઠો હતો!

આ અદ્‌ભુત દૃશ્ય જોતા જ મહંતજીના મનમાં થયું, 'અરે! આ બાળક તો કોઈ અસાધારણ લાગે છે!'

મહંતજી ઘણી વાર સુધી આ દૃશ્ય નિહાળતા રહ્યા! ધીરે ધીરે રાત્રિ પસાર થઈ. સવારનો સમય થવા આવ્યો. ઘનશ્યામ ધ્યાનમાંથી જાગ્યા અને સ્નાન માટે ગંગાજી તરફ પ્રયાણ કર્યું. પેલો સિંહ પણ પાલતુ જાનવરની પેઠે ઘનશ્યામની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

ઘનશ્યામના મનમાં થયું, 'સવારનો સમય થઈ ચૂક્યો છે, લોકોનો પ્રવાહ નદી તરફ આવવા લાગ્યો છે, સિંહને જોઈને લોકો ભયભીત થશે.' આમ વિચારી ઘનશ્યામે સિંહના મસ્તક પર હાથ ફેરવીને કહ્યું, "વનરાજ! હવે તમે વનમાં પધારો."

ઘનશ્યામનો સંકેત સમજી સિંહ જાણે પ્રણામ કરતો હોય એમ આગલા પગ લાંબા કર્યાં અને વનની વાટે વિદાય લીધી. ગંગાજીમાં સ્નાન-સંધ્યાદિ પૂર્ણ કરી ઘનશ્યામ પાછા મઠ પાસે પધાર્યા.

રાત્રિનું અલૌકિક દૃશ્ય મહંતજી ભૂલી શકે તેમ નહોતા. એમણે ભારે ભાવથી ઘનશ્યામનું સ્વાગત કર્યું અને મઠમાં જ રોકાઈ જવાની વિનંતી કરતા કહ્યું કે, "બાળયોગી! મૈંને આપ કો ભોલાભાલા બાલક સમજા થા, લેકિન આપ કોઈ બાલક નહીં હો, આપ તો કોઈ દિવ્ય અવતારી મહાપુરુષ હો. અબ મૈં બુઢ્ઢા હો ગયા હૂં, મેરી ઇચ્છા હૈ કિ અબ આપ હી ઈસ મઠ કી બાગડોર સંભાલ લો."

ઘનશ્યામે વિનમ્રભાવે મહંતજીની વિનંતીનો અસ્વીકાર કર્યો અને કહ્યું, "સાધુ કો તો ગંગા કી ધારા કી તરહ ચલતે રહના ચાહિયે. કિસી એક સ્થાન સે બંધે રહના નહીં ચાહિયે."

સહજ વિતરાગી ઘનશ્યામને મઠ-મંદિરોની સંપત્તિ અને સત્તા બાંધી શકે તેમ નહોતી. મહંતજીની વિનંતીનો અસ્વીકાર કરી ઘનશ્યામે બદરિકાશ્રમની વાટ લીધી.

પાતંજલ યોગસૂત્ર અનુસાર મન, કર્મ, વચનથી અહિંસા વ્રતનું જે પાલન કરે છે એની મનોવૃત્તિ નિર્વૈર બને છે.

આવા મહાપુરુષને કોઈ સાથે વેરભાવના નથી હોતી, સર્વજીવપ્રાણીમાત્ર પ્રત્યે માત્ર પ્રેમ જ હોય છે. આ સર્વવ્યાપી પ્રેમથી નિર્ભયતા પ્રગટે છે.

મહાપુરુષ તો નિર્ભય હોય છે. એમની આસપાસ પણ નિર્ભયતાનું વાતાવરણ સર્જાય છે. પરમાત્માએ પશુ-પંખીઓને માણસની આંખમાં પ્રેમ છે કે વેર, એ વાંચવાની ગજબની શક્તિ આપી છે. પ્રેમાળ સાંનિધ્યમાં પશુ-પંખીઓ નિર્ભય બને છે, એટલું જ નહિ, હિંસક વૃત્તિવાળા પશુઓ પણ હિંસાવૃત્તિથી મુક્ત બને છે.

પ્રાચીન ઋષિમુનિઓના આશ્રમો વાસ્તવમાં આવા અભયરણ્યો હતા. એટલે તો કહેવાતું કે 'આવા મહાપુરુષોના સાંનિધ્યમાં સિંહ અને બકરાં એક જ ઘાટે પાણી પીએ છે.'

સૂક્ષ્મદૃષ્ટિએ જોઈએ તો પ્રેમ અને અહિંસા એકબીજાના પર્યાય છે. ઘનશ્યામ પ્રેમમૂર્તિ હતા એટલે હિંસક પશુઓ પણ એમને વશ થઈ જતા. ઘનશ્યામ માત્ર હિંસક પશુઓની હિંસક વૃત્તિ હરનારા ન હતા, તેઓ ભવિષ્યમાં સેંકડો હિંસક મનુષ્યોના મન પણ બદલાવી નાખવાના હતા. ક્રૂરમાં ક્રૂર માણસોના મનને એમણે પ્રેમથી ભરી દેવાના હતા.

માનસરોવરને મારગે

નીલકંઠ હવે બદ્રિકાશ્રમને મારગે પ્રયાણ કરી રહ્યા હતા. રસ્તામાં રુદ્રપ્રયાગ, વિષ્ણુપ્રયાગ, કર્ણપ્રયાગ, નંદપ્રયાગ વગેરે પ્રયાગોમાં સ્નાન કરતાં કરતાં જોશીમઠ થઈને ઘનશ્યામ બદ્રિનાથ પહોંચ્યા. દિવાળીના દિવસો અને પ્રબોધિની એકાદશીનો મહોત્સવ ઘનશ્યામે બદ્રિનાથના મંદિરમાં ઉજવ્યાં.

શિયાળાના દિવસો શરૂ થતા બદ્રિનાથના પટ બંધ થયા અને ઠાકોરજીની પાલખી જોશીમઠ પહોંચી. નીલકંઠ જોશીમઠમાં થોડો સમય રોકાયા.

ભયંકર શિયાળો ચાલી રહ્યો હતો, ઘનશ્યામને માનસરોવરની યાત્રા કરવાનો તીવ્ર સંકલ્પ હતો. બદ્રિનાથના પૂજારીએ ઘનશ્યામને ખૂબ વાર્યા અને કહ્યું, “બ્રહ્મચારી! આવા શિયાળામાં અહીંથી માનસરોવર જવું એ મોતને નિમંત્રણ આપવા જેવું છે.” પણ મોતથી ડરે તો ઘનશ્યામ નહીં. ઘનશ્યામ પોતાના નિર્ણયમાં અડગ રહ્યા.

આખરે પૂજારીએ એક ધાબળો આપ્યો અને કહ્યું, “બ્રહ્મચારી! કૃપા કરી આ ધાબળો સ્વીકારો, તમને કામ લાગશે.” પૂજારીના આગ્રહથી ઘનશ્યામે ધાબળો સ્વીકાર્યો અને માનસરોવરના માર્ગે પ્રયાણ કર્યું.

હિમાલયમાં ચારે તરફ હિમવર્ષા થઈ રહી હતી. હાડ ગાળી નાખતી ઠંડીમાં, બરફીલા વરસાદોની વચ્ચે બાર વર્ષની નાની વયના ઘનશ્યામે માનસરોવરની યાત્રા આરંભી હતી. બદ્રિનાથથી આદિબદ્રિના માર્ગે ઘનશ્યામ આગળ વધ્યા હતા. આદિબદ્રીમાં ઘનશ્યામ થોડો સમય રોકાયા.

ભગવાન નરનારાયણની કઠિન તપશ્ચર્યાનું અનુકરણ કરતા હોય તેમ ઘનશ્યામે આદિબદ્રીમાં નિરાહાર રહીને એક માસ નિવાસ કર્યો હતો.

કહેવાય છે કે આદિબદ્રિમાં ઘનશ્યામને ભરતખંડના અધિપતિ અને બદ્રિકાશ્રમમાં તપશ્ચર્યા કરતા ભગવાન નારાયણ અને અનેક સિદ્ધ મહાત્માઓનું દિવ્યરૂપે મિલન થયું હતું.

અનેક ઊંચા બર્ફીલા પર્વતો, ગ્લેસિયરો, ઘાટ અને હિમનદીઓને પાર કરતાં કરતાં

ઘનશ્યામ આદિબદ્રિથી માનસરોવર પધાર્યાં. માનસરોવરમાં હાડકાં થીજાવી દે એવા બરફીલા જળમાં સ્નાન કરી, કૈલાસનાં દર્શન કરી, ઘનશ્યામે પાછી બદ્રિનાથની વાટ લીધી.

શિયાળામાં આરંભાયેલી ઘનશ્યામની આ યાત્રા અક્ષય તૃતીયાના દિવસે પૂર્ણ થઈ હતી. બદ્રિનાથના પટ ખુલી ગયા હતા. બદ્રિનાથના પૂજારીઓએ ઘનશ્યામને હેમખેમ પાછા આવેલા જોઈને ભારે આશ્ચર્ય અનુભવ્યું. નાનકડાં ઘનશ્યામની આ અલૌકિક યાત્રાથી સહુને આશ્ચર્ય થાય તે સહજ હતું. સામાન્ય માણસની બુદ્ધિમાં બેસે નહીં એવી આ વાત હતી.

પૂજારી અને તીર્થવાસીઓને બાર વર્ષના ઘનશ્યામ ભારે અલૌકિક લાગ્યા. બધાં બદ્રિનાથ નિવાસીઓ ઘનશ્યામને વંદન કરવા લાગ્યા.

'આટલી નાની ઉંમરે માત્ર એક ધાબળાના સહારે હાડ ગાળી નાખે એવી ઠંડીમાં ઘનશ્યામ કેવી રીતે રહ્યા હશે? બરફીલા પહાડોમાં કઈ રીતે પદયાત્રા કરી હશે? ક્યાં રાત્રિ રહ્યા હશે? શું આહાર કર્યો હશે?' આવાં અનેક કુતૂહલ સર્વના મનમાં ઊઠી રહ્યાં હતાં. બદ્રિનાથના પૂજારીએ ઘનશ્યામને પ્રશ્ન કર્યો, "ઘનશ્યામ! આ યાત્રા દરમ્યાન આપ ભોજનનું શું કરતા હતા?"

ઘનશ્યામે મંદ મંદ હસીને ઉત્તર દીધો, "પૂજારીજી! યાત્રાના આરંભમાં આપે મને ભોજન કરાવ્યું હતું અને આજે ફરીથી આપના જ હાથે પારણાં કરું છું!" આટ આટલા દિવસો ઘનશ્યામે અનાજ વિના પસાર કર્યાં છે એ વાત સાંભળી પૂજારી અત્યંત વિસ્મિત થઈ ગયા!

ભારતવર્ષના યોગસિદ્ધ મહાપુરુષોની કથાઓ ભારે અલૌકિક અને અકલ્પનીય રહી છે. એમની સિદ્ધિઓ અને ઐશ્વર્યો તર્ક અને વિજ્ઞાનથી પર રહ્યાં છે. ઘનશ્યામની આ કથા પણ એવી જ અલૌકિક અને કલ્પનાતીત છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન કવિ સદ્‌ગુરુ આધારાનંદસ્વામીએ શ્રી હરિચરિત્રામૃતસાગરમાં આ પ્રસંગનું રોચક વર્ણન કરેલું છે.

અંધારી ગુફામાં પ્રવેશ!

બદ્રિનાથ અને માનસરોવરની કઠિન યાત્રા પૂર્ણ કરી ઘનશ્યામે પુરાણ પ્રસિદ્ધ તીર્થ પુલહાશ્રમની વાટ લીધી. પુલહાશ્રમની વાટ પણ ભારે વિકટ હતી. હિમાલયના દુર્ગમ પહાડોની ખીણમાંથી નાનકડી પગદંડી પસાર થતી હતી. પગદંડીની બન્ને બાજુ આકાશને આંબતા ઊંચા ઊંચા પર્વતો હતા.

પગદંડીએ પગદંડીએ ઘનશ્યામ આગળ વધી રહ્યા હતા. એવામાં સામે પણ ઊંચો પર્વત આવ્યો. પર્વતની ગુફામાંથી વહેતો જળપ્રવાહ ધોધરૂપે ધરતી ઉપર પડી રહ્યો હતો. પગદંડી અહીં પૂર્ણ થઈ જતી હતી. આગળનો માર્ગ બંધ હતો.

ઘનશ્યામ સુંદર જળધોધને નીરખતા ઊભા રહ્યા અને આગળ વધવાનો માર્ગ શોધવા લાગ્યા, પણ માર્ગ મળતો નહોતો.

સૂરજ અસ્તાચલ તરફ ઢળવા માંડ્યો હતો. પાછા વળવું ઘનશ્યામના સ્વભાવમાં ન હતું.

એ જ સમયે અચાનક એક તેજસ્વી પુરુષ ઘનશ્યામની સામે પ્રગટ થયા અને ઘનશ્યામને વંદન કર્યાં. ઘનશ્યામે પણ સામે વંદન કર્યાં.

પેલા અજનબી પુરુષે પૂછ્યું, “બાળજોગી! આ ઘોર અટવિમાં એકલાઅટૂલા શું કરો છો?”

ઘનશ્યામે કહ્યું, “અમે પુલહાશ્રમ જઈ રહ્યા છીએ, પણ માર્ગ મળતો નથી. આપ કૃપા કરી અમને માર્ગ બતાવી શકશો?”

અજનબી પુરુષ મંદમંદ હસીને બોલ્યા, “વર્ણીરાજ! વાટ તો છે પણ ભારે વિકટ છે! આવા સુકલકડી શરીરે તમે એ માર્ગે કઈ રીતે જઈ શકશો?”

ઘનશ્યામે કહ્યું, “માર્ગ તો બતાવો, પછી આગળ જવાનું જોયું જશે.”

પુરુષે કહ્યું, “જુઓ, બાળજોગી! સામેની ઊંચી ગુફામાંથી જળ આવે છે. એ ગુફા ઘણી લાંબી છે. એ ગુફાને મારગે આગળ વધશો, તો પહાડને પેલે પાર પહોંચી શકશો અને આપને સામેનો માર્ગ મળી જશે, જે તમને પુલહાશ્રમ પહોંચાડશે.”

ઘનશ્યામે કહ્યું, “મહાપુરુષ! આપે ખૂબ કૃપા કરી માર્ગ બતાવ્યો, હવે અમે એ જ માર્ગે આગળ વધીશું.” ઘનશ્યામના જીવનમાં વિકટ પરિસ્થિતિઓનો સામનો કરવાની સાહસિકતા જબરી હતી. બાળજોગીની હિંમત જોઈને અજનબી પુરુષ આશ્ચર્ય પામ્યા.

અજનબી પુરુષે બતાવેલ મારગે આગળ વધતા પહેલા ઘનશ્યામે એમને વંદન કર્યાં અને પૂછ્યું, “મહાપુરુષ! આપનો પરિચય તો આપો!”

અજનબી પુરુષ મંદ મંદ હસીને બોલ્યા, “બાળજોગી! આપથી કાંઈ અજાણ્યું નથી છતાં કહું તો, હું દેવતાત્મા હિમાલય છું.” આટલું કહીને એ અજનબી પુરુષ ઘનશ્યામની નજર સામે જ અદૃશ્ય થઈ ગયા.

આપણે ભલે કલ્પી ન શકીએ પણ આ સમસ્ત વિશ્વ ‘મેટર ઍન્ડ લાઈફ’ અર્થાત્ જડ અને ચેતનનું સંયોજન છે. ભારતીયશાસ્ત્રો કહે છે કે, ન માત્ર વૃક્ષવેલીમાં પરંતુ પર્વતોમાં પણ ચેતન છે. પર્વતોનું ચેતન અત્યંત સુષુપ્ત અવસ્થામાં હોય છે.

ભારતીય ઋષિમુનિઓએ હિમાલયને 'દેવતાત્મા' કહ્યો છે. કવિ કુલગુરુ કાલિદાસ રઘુવંશમાં લખે છે કે,

'अस्त्युत्तरस्यां दिशि देवतात्मा हिमालयो नाम नगाधिराजः ।'

(कुमारसम्भव–सर्ग–१,श्लोक–१)

'હિમાલય સર્વ પર્વતોનો રાજા છે અને દેવતા સ્વરૂપ છે.'

પર્વતરાજ હિમાલય ભગવાન શ્રી નરનારાયણની તપોભૂમિ છે; ભગવાન શ્રી શંકરની નિવાસ ભૂમિ છે; મા ઉમા જગદંબા પાર્વતીજીની પ્રાગટ્યભૂમિ છે; દેવતાઓની રમણભૂમિ છે; સિદ્ધોની સિદ્ધભૂમિ છે; યોગીઓની સાધનાભૂમિ છે; ગંગા જેવી અનેક પવિત્ર નદીઓની ઉદ્‌ગમભૂમિ છે.

નગાધિરાજ હિમાલય હાર્યે અનેક દિવ્ય કથાઓ જોડાયેલી છે.

પર્વતરાજે બતાવેલા માર્ગે આગળ વધવાના દૃઢ મનોરથ સાથે ઘનશ્યામ ધીરે ધીરે પગ માંડતા ઊંચા પહાડ પર ચડ્યા અને ગુફાના મુખ સુધી પહોંચ્યા અને ગુફામાં પ્રવેશ કર્યો. એ જ સમયે સૂર્યનારાયણના રથે પણ અસ્તાચલ ઉપર અવતરણ કર્યું.

અંધારી ગુફા હતી, સામો જળપ્રવાહ હતો, પ્રવાહનું પાણી બરફ જેવું ઠંડું હતું, જળમાં જળજંતુઓનો પાર નહોતો, જળ ક્યાં ઊંડું? અને ક્યાં છીછરું? એનો કોઈ અંદાજ ન હતો. ગુફા કેટલી પહોળી? કેટલી સાંકડી? કેટલી ઊંચી? કેટલી નીચી? એનું પણ માપ થઈ શકે એમ ન હતું.

બાર વર્ષના સાહસી ઘનશ્યામ ધીરે ધીરે સાવધાનીથી પગલાં માંડતાં માંડતાં જળનાં સામા પ્રવાહે આગળ ધપી રહ્યા હતા. ઘનશ્યામ ઘણાં સમય સુધી સામા પ્રવાહે ચાલતા રહ્યા. અંધારી ગુફામાં કેટલો સમય વીત્યો? એની ગણતરી થઈ શકે એમ ન હતી. ઘનશ્યામની આ યાત્રા ખરેખર દિલધડક, રોમાંચક અને સાહસ ભરેલી હતી.

આખરે ઘનશ્યામે દૂરથી ગુફામાં અજવાળું આવતું જોયું. ઘનશ્યામ ગુફાના સામે પારના મુખ સુધી પહોંચી ચૂક્યા હતા. સવારના સૂર્યોદયનો સમય થયો હતો. હિમાલયની ધરતીમાં સૂર્યોદય અને સૂર્યાસ્તના સમય ભારે અલૌકિક હોય છે. સૂરજનારાયણના સોનેરી કિરણો હિમાલયની ધરતી ઉપર વરસી રહ્યાં હતાં. જાણે મારગમાં સુવર્ણ પુષ્પો પાથરીને સૂર્યનારાયણ ઘનશ્યામનું સ્વાગત કરી રહ્યાં હતાં! પ્રાતઃકાળના કોમળ કિરણોથી સ્નાન કરી રહેલો નગાધિરાજ સુવર્ણના સુમેરુ જેવો શોભી રહ્યો હતો. સવારના સૂર્યોદયે સાક્ષી પૂરી કે ઘનશ્યામ આખી રાત્રિ અંધારી ગુફામાં ચાલ્યા હતા.

ગુફાના મુખ પાસે વિશાળ સરોવર હતું. સરોવરમાંથી છલકાતું જળ ગુફાના મુખમાં પ્રવેશ કરતું હતું અને પર્વતને પેલે પાર જળધોધનું રૂપ ધરતું હતું.

ઘનશ્યામે સરોવરનાં ઠંડા જળમાં સ્નાન કરી પ્રાતઃક્રિયામાં પરોવાયા. આત્મનિવેદી ઘનશ્યામે સંધ્યાવંદન કરી આસપાસથી થોડાં ફળો એકઠાં કરી, ઠાકોરજીને ધરાવી પ્રસાદ લીધો.

સિદ્ધોનું સાંનિધ્ય

વિશાળ સરોવરની ચારે બાજુ ફરતી પર્વતોની સુંદર હારમાળા હતી. પર્વતોની તળેટીનો આ વિશાળ ભાગ અત્યંત મનોહર હતો. સરોવરનું પાણી અત્યંત સ્વચ્છ અને નિર્મળ હતું. તળિયે રંગબેરંગી પથ્થરો શોભતા હતા, કિનારે ફરતાં જાતજાતનાં વૃક્ષો હતાં, જાતજાતનાં ફળો હતાં, જાતજાતનાં ફૂલો હતાં, જાતજાતનાં પંખીઓ કલરવ કરી રહ્યાં હતાં.

કાળા માથાનો માનવી અહીં ક્યારેય પ્રવેશી ન શકે એવી આ અલૌકિક દિવ્ય ભૂમિ હતી. ઘનશ્યામ સરોવરને કિનારે ધ્યાન કરવા લાગ્યા.

અનુભવી મહાત્માઓ કહે છે કે, 'દેવતાત્મા હિમાલયની પવિત્ર ભૂમિમાં આજે પણ સેંકડો દિવ્ય અને સિદ્ધ યોગી પુરુષો વસે છે. કોઈ દુન્યવી માણસને એમનાં દર્શન થતાં નથી. એ યોગીઓ ધારે તો જ એમનાં દર્શન થઈ શકે છે.'

હિમાલયના પવિત્ર સરોવરને કિનારે વિરાજમાન ઘનશ્યામની આગળ આવા જ કોઈ દિવ્ય સિદ્ધપુરુષોનું વૃંદ પ્રગટ થયું. આ સિદ્ધ પુરુષો ઘનશ્યામના તેજસ્વી મુખારવિંદને નીરખી રહ્યા.

થોડી વારે ઘનશ્યામે નેત્રો ખોલ્યાં. સામે સિદ્ધોને જોઈને વંદન કર્યાં, સિદ્ધોએ પણ ઘનશ્યામને સામે પ્રણામ કર્યાં. ઘનશ્યામે સિદ્ધોને વંદન કરી અને પૂછ્યું, "હે મહાપુરુષો! આપ કોણ છો?"

સિદ્ધપુરુષોએ કહ્યું, "બાળજોગી! અમે દુર્વાસાઋષિના શિષ્યો છીએ. હઠયોગની સાધનાથી અમે કાળ ઉપર વિજય મેળવેલો છે. અમારી આ કાયા યોગસિદ્ધ છે. પ્રાણયોગ અને સૌરસાધના અમને નિત્ય નીરોગી રાખે છે. અમે વર્ષોથી આ દિવ્યભૂમિમાં યોગસાધના કરીએ છીએ. આ એવી દિવ્યભૂમિ છે, અહીંથી તપ કરીને બદ્રિકાશ્રમમાં જવાય છે અને શ્વેતદ્વીપમાં પણ જવાય છે."

"આ વિસ્તારમાં અમારી ઇચ્છા સિવાય કોઈનો પ્રવેશ થઈ શક્તો નથી. પાંડવોના સમયમાં ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી અર્જુનજી અહીં પધાર્યા હતા અને તપ કરી દિવ્ય

શક્તિઓ મેળવી હતી. સાધારણ માનવીથી અહીં આવી શકાતું નથી. અમે અમારી દિવ્યશક્તિથી જાણી લીધું હતું કે આપ મહાન યોગી છો, કારણ કે કોઈ સાધારણ માનવ આ ગુફા ઓળંગીને અહીં સુધી પહોંચી શકે જ નહીં."

"અહીંથી થોડે દૂર યોગીઓની વસાહત છે. જેમાં અનેક મહાન યોગીપુરુષો નિવાસ કરે છે. આ વસાહતના રાજા પણ મહાન યોગી છે અને અમારા શિષ્ય છે. રાજા અમારી જેમ જ યોગસાધનાને લીધે ભૂત-ભવિષ્યની વાત જાણી શકે છે. આપ અહીં પધાર્યા છો, એ વાતને રાજાએ યોગશક્તિથી જાણી લીધી છે. રાજાના હૃદયમાં આપને મળવાની તીવ્ર ઇચ્છા છે, તેથી થોડી જ વારમાં એ અહીં આપનાં દર્શને આવી રહ્યા છે."

આમ સંવાદ ચાલે છે, ત્યાં જ રાજા પોતાના સેવકોની સાથે પધાર્યા અને એમણે ઘનશ્યામ સહિત સર્વ સિદ્ધવૃંદને પ્રણામ કર્યાં અને ઘનશ્યામને હાથ જોડી વિનંતી કરી, "હે બાળજોગી! તમે અમારી યોગનગરીમાં પધારો."

ઘનશ્યામ આ દિવ્ય સિદ્ધોના દર્શનથી પોતાનાં અંતરમાં આનંદ અનુભવી રહ્યા હતા, પરંતુ આશ્ચર્યની વાત એ હતી, કે સિદ્ધોની આ અલૌકિક યોગશક્તિનો એમના ઉપર કોઈ પ્રભાવ વરતાતો ન હતો.

ઘનશ્યામે વિનમ્રભાવે રાજાને કહ્યું, "અમને વન-પર્વત વહાલાં છે. અમે કોઈ ગ્રામ-નગરમાં જતા નથી, એટલે અમે તમારી વસાહતમાં તો નહીં આવીએ પરંતુ અહીં જ બેસીને સત્સંગ કરીશું."

ઘનશ્યામની વાતનો મર્મ હતો કે, 'યોગના ચમત્કારોથી આપ અમને લોભાવી નહીં શકો.' રાજાએ ખૂબ આગ્રહ કર્યો, પરંતુ ઘનશ્યામ જવા તૈયાર ન થયા.

હિમાલયના પવિત્ર વાતાવરણમાં, સુંદર સરોવરને કિનારે આ મહાન યોગીઓ તથા નાનકડા ઘનશ્યામ વચ્ચે પરસ્પર સંવાદ થયા. યોગના અનેક પ્રકારો અને યોગમાર્ગની અનેક પ્રકારની આંટીઘૂંટીઓની તેમ જ અવરોધોની ચર્ચા થઈ.

બાળ ઘનશ્યામનું યોગ વિશેનું અગાધ જ્ઞાન જોઈને બધા જ સિદ્ધપુરુષોને ભારે આશ્ચર્ય થયું.

આખરે વાતવાતમાં ઘનશ્યામે સિદ્ધપુરુષોને માર્મિક ટકોર કરી, "મહાપુરુષો! માઠું ન લગાડો તો અમારે એક વાત કહેવી છે!"

સિદ્ધોએ કહ્યું, "બાળજોગી! આપને જે કહેવું હોય તે નિઃસંકોચ કહો."

ઘનશ્યામે યોગના રહસ્ય સમાન વાતનો આરંભ કર્યો. "સિદ્ધપુરુષો! આપની સાધનાને હું વંદન કરું છું; આપ હજારો વર્ષથી યોગસિદ્ધ કાયા ધારી રહ્યા છો પરંતુ અમે એને યોગનું ફળ માનતા નથી."

"યોગ નિમિત્તે પણ કાયાના પીંજરમાં પુરાઈ રહેવું યોગ્ય નથી."

"મનુષ્ય દેહ ભગવદ્દપ્રાપ્તિનું અનુપમ સાધન છે. આ સાધનને વર્ષો સુધી ટકાવી રાખવા માટે પરિશ્રમ કરવો એના કરતાં આ સાધનનો સમજણપૂર્વક સદુપયોગ કરી, પરમતત્ત્વની પ્રાપ્તિરૂપ પરમપદાર્થ સિદ્ધ કરી, સર્પ જેમ કાંચળી ઉતારે એમ કાયાને તજી દેવી જોઈએ."

"હે યોગીઓ! પરમતત્ત્વની પ્રાપ્તિ માટે યોગ કરતાંય સત્સંગ શ્રેષ્ઠ છે. ભગવાન શ્રીકૃષ્ણે પણ ભાગવતજીમાં સર્વ સાધનોમાં સત્સંગને શ્રેષ્ઠ કહેલ છે. ભગવાન શ્રીકૃષ્ણે યોગની સિદ્ધિઓને ભગવદ્દપ્રાપ્તિમાં અવરોધરૂપ ગણાવી છે. ભગવદ્દપ્રાપ્તિ એ જ સાચી સિદ્ધિ છે, એ સિવાય અન્ય સિદ્ધિઓ તણખલા જેવી છે."

"હે યોગીઓ! માત્ર હઠયોગથી જ ભગવદ્દપ્રાપ્તિ થાય, એમ માની લેવું એ ભ્રાન્તિ છે. ભગવદ્દપ્રાપ્તિનું સાધન ભક્તિયોગ છે, જેને રાજયોગ પણ કહી શકાય છે. પ્રાણનો નિરોધ કર્યાં સિવાય પ્રેમાતુર મનથી પ્રેમીભક્તો પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે અને સમાધિથી શ્રેષ્ઠ સુખ ભોગવી શકે છે."

સિદ્ધપુરુષો ઘનશ્યામની વાણીનું અમૃતની પેઠે પાન કરી રહ્યા હતા. ઘનશ્યામની વાણીથી એમને પોતાની અપૂર્ણતાનું ભાન થઈ રહ્યું હતું.

સિદ્ધપુરુષોએ પૂછ્યું, "હે બાળયોગી! અમને અમારા પરમ ગુરુ મહર્ષિ દુર્વાસાએ હજારો વર્ષ પહેલા વરદાનરૂપ વાત કહી હતી કે, 'ભવિષ્યમાં તમને મહાન યોગેશ્વરની પ્રાપ્તિ થશે અને તમારા યોગનું ફળ મળશે. તમારાં દર્શનથી અને તમારી અમૃતમય વાણીના શ્રવણથી અમને લાગે છે કે અમને દુર્વાસા ઋષિએ જે આશીર્વાદ આપ્યા હતા, તે આજે ફળી રહ્યા છે. હવે આપ જ કહો કે અમારે શું કરવું જોઈએ?"

ઘનશ્યામે કહ્યું, "હે સિદ્ધપુરુષો! હવે તમે તમારી આ યોગસિદ્ધ કાયાઓનો ત્યાગ કરો. ભરતખંડમાં મનુષ્ય દેહ ધારણ કરો. ભગવાનના ઉત્તમ ભાગવત પરમહંસોનો સંગ કરો. ભાગવત પરમહંસો તમને સાચો યોગ શીખવશે."

સિદ્ધપુરુષોએ ઘનશ્યામનાં વચનોનો સહર્ષ સ્વીકાર કર્યો. દુર્વાસા ઋષિના સમયના આ સિદ્ધપુરુષોને યોગનો સાચો મર્મ સમજાવી ઘનશ્યામે ફરીથી પુલહાશ્રમની વાટ પકડી.

પુલહાશ્રમમાં કઠિન તપશ્ચર્યા

પુલહાશ્રમની યાત્રા અત્યંત કઠિન હતી. એમાં પણ ઘનશ્યામની ઉંમર તો માત્ર બાર-તેર વર્ષની હતી. એમના માટે તો આ યાત્રા કલ્પનાતીત ગણાય. તપશ્ચર્યા કરવા નીકળેલા ઘનશ્યામ માટે મુશ્કેલીઓનો સામનો કરવો એ રમત વાત હતી.

ઘનશ્યામ ધવલગિરી અને નીલગિરીની મધ્યમાં વહેતી ગંડકી નદીના કિનારે કિનારે આગળ વધ્યા અને અનેક અવરોધોનો સામનો કરતાં કરતાં, દુર્ગમ પહાડોને વીંધતાં વીંધતાં તેઓ પુલહાશ્રમ પહોંચ્યા.

આશરે ત્રણ હજાર મીટરની ઊંચાઈએ, બારે માસ બરફથી આચ્છાદિત પર્વતશ્રૃંખલાની ગોદમાં આ પવિત્ર તીર્થ આવેલું છે. પુલહાશ્રમ પુરાણપ્રસિદ્ધ તીર્થ છે. પુલહાશ્રમ સાથે અનેક પાવનકારી ગાથાઓ જોડાયેલી છે. સૃષ્ટિના આદિકાળમાં બ્રહ્માજીના માનસપુત્ર પુલહ પ્રજાપતિએ અહીં તપશ્ચર્યા કરેલી એટલે આ સ્થળ 'પુલહાશ્રમ' તરીકે પ્રસિદ્ધ છે.

સૃષ્ટિના આરંભે બ્રહ્માજીએ અહીં મહાન યજ્ઞ કર્યો હતો અને એ યજ્ઞ માટે તેમણે અગ્નિની ત્રણ જ્યોતે પ્રગટાવી હતી, જે આજે પણ અખંડ પ્રજ્વલિત છે. આ સ્થળ આજે 'જ્વાલામંદિર' તરીકે ઓળખાય છે. આશ્ચર્યની વાત એ છે કે, આ ત્રણ અગ્નિની જ્યોતની નીચે જળપ્રવાહ વહે છે અને ઉપરના ભાગે ત્રણ જ્યોત અખંડ પ્રજ્વલે છે! આવો જળ-અગ્નિનો સંગમ હરકોઈને આશ્ચર્ય ઉપજાવે એવો છે.

આ પવિત્ર ક્ષેત્રમાં ભગવાન નારાયણ મુક્તિનાથ રૂપે સાક્ષાત વિરાજમાન છે.

પુરાણોમાં **મહાસતી વૃંદાદેવીએ ભગવાન શ્રી નારાયણના શાપથી અહીં ગંડકી નદીનું રૂપ ધારણ કર્યું છે.**

મુક્તિનાથથી ઉપરના ભાગે દૂર 'દામોદરકુંડ' નામે વિશાળ બરફીલું સરોવર આવેલું છે. આ સરોવર ગંડકી નદીનું ઉદ્‌ગમ સ્થળ છે. આજ દામોદરકુંડમાં **મહાસતી વૃંદાના શાપથી ભગવાન શ્રી નારાયણ અહીં શાલિગ્રામ શિલાસ્વરૂપે પ્રગટે છે.** દામોદરકુંડથી શરૂ થઈ મુક્તિનાથ ક્ષેત્ર સુધી પહોંચેલી ગંડકી નદી ૧૦૮ ધારા રૂપે થઈને ભગવાન શ્રી મુક્તિનાથને ફરતી અર્ધચંદ્રાકારે વહે છે.

ભગવાન નૃસિંહજી અને શરભરૂપે થયેલા શિવજીની આ સંગ્રામભૂમિ છે. જેની યાદીરૂપે શ્રી મુક્તિનાથથી થોડે દૂર ભગવાન શ્રી નૃસિંહજીનું મંદિર છે.

ભગવાન ૠષભદેવના પુત્ર ભરતજીએ આ પવિત્ર ક્ષેત્રમાં આકરી તપશ્ચર્યા કરી હતી, પરંતુ દૈવવશાત્ એમને અંત સમયે હરણબાળમાં આસક્તિ થતા બીજા જન્મમાં કાલંજર પર્વતમાં હરણબાળ રૂપે થયા હતા અને ત્યાર બાદ બ્રાહ્મણ પરિવારમાં જડભરતરૂપે જન્મ્યા હતા.

નાનકડા ઘનશ્યામે આ પવિત્ર વૈષ્ણવ ક્ષેત્રમાં ભરતજી તથા કાર્તિકસ્વામીની પેઠે કઠિન તપશ્ચર્યા કરવાનો દઢ નિરધાર કર્યો હતો.

વિક્રમ સંવત ૧૮૪૯ની સાલ હતી, અષાઢ માસનો આરંભ હતો. રથયાત્રાના પરમ પવિત્ર દિવસે ઘનશ્યામ પુલહાશ્રમ પધાર્યા હતા. શ્રી મુક્તિનાથની તળેટીમાં આવેલી

રાનીપૌવા ધર્મશાળામાં તેમણે ઉતારો કર્યો હતો.

તેઓ દરરોજ વહેલી સવારે બ્રાહ્મમુહૂર્તમાં ભગવાન શ્રી મુક્તિનાથજીના મંદિરે જતા; ગાત્રો થીજાવી નાખે એવાં ઠંડાં જળમાં દિવસમાં ત્રણ વખત સ્નાન કરતા. ભારે ભક્તિભાવથી શ્રી મુક્તિનાથ ભગવાનની પૂજા કરતા, પછી શ્રી મુક્તિનાથ ભગવાનના સાંનિધ્યમાં રહેલી વિષ્ણુપદી શિલા ઉપર એક પગે ઊભા રહીને ગાયત્રીમંત્રનો જપ કરતા.

ભાગવતજીમાં નિરુપિત ભરતજીના આખ્યાનને લક્ષ્યમાં લઈને ઘનશ્યામે સર્વનો સંગ વિસારી દીધો હતો. ચોમાસાના ચાર માસ દરમ્યાન ઘનશ્યામે અસંગભાવે સંપૂર્ણપણે નિરાહાર રહીને કઠોર તપશ્ચર્યા કરી હતી.

આકરી તપશ્ચર્યાને લીધે ઘનશ્યામનું શરીર સુકાઈને મલોખડાં જેવું થઈ ગયું હતું, શરીરમાં લીલીછમ નાડીઓ દેખાવા માંડી હતી, શરીરમાં રુધિર નામમાત્રનું રહ્યું હતું. એમની કાયા પવન આવે તોય ઊડી જાય એવી પાતળી અને હળવીફૂલ બની હતી, તપથી કૃશકાયાને ફરતાં દિવ્ય તેજોવલય રમતાં હતાં.

કહેવાય છે કે, આ આકરી તપશ્ચર્યાના અવસરે સાક્ષાત્ શ્રી ધર્મદેવ અને ભક્તિદેવીએ ઘનશ્યામની બન્ને બાજુએ ઊભા રહીને એમની કૃશકાયાને સહારો આપ્યો હતો. ઘનશ્યામના આ ચરિત્રનો મર્મ એવો છે કે, 'એક તો તપ મનમુખી નહિ, ધર્મશાસ્રને સંમત હોવું જોઈએ અને બીજું, તપ સુકાયેલાં કાષ્ઠ જેવું શુષ્ક નહિ પણ ભક્તિથી ભરપૂર હોવું જોઈએ.'

મુક્તિનાથના નિવાસી મહાત્માઓને આ તેજસ્વી બાળકની તપશ્ચર્યા જોઈને અત્યંત આશ્ચર્ય થતું હતું. આટલી નાની ઉંમરનું અને આવી કુમળી કાયાવાળું બાળક આવી કઠોર તપશ્ચર્યા કરી શકે એ વાત કોઈની કલ્પનામાં બેસતી નહોતી, છતાં આ વાસ્તવિકતા હતી.

મુક્તિનાથ ક્ષેત્રમાં નિવાસ કરતા સંત-મહાત્માઓના મનમાં વારંવાર ભાવ ઊઠતા, 'આ બાળજોગી કોણ હશે? સનકાદિક હશે! કાર્તિકસ્વામી હશે! કે સ્વયં તપોમૂર્તિ નીલકંઠ મહાદેવ હશે!'

સમુદ્રમંથન વખતે વિષપાન કરીને ભગવાન શંકરે નેપાળમાં આવેલી ત્રિશૂળી ગંગાના ઉદ્‌ગમ સ્થળે આકરી તપશ્ચર્યા કરી હતી અને તેઓ 'નીલકંઠ' તરીકે ઓળખાયા હતા. શ્રી મુક્તિનાથ નિવાસીઓને ઘનશ્યામના તપમાં એવા જ નીલકંઠભાવનો આભાસ થતો હતો, તેથી તેઓ ઘનશ્યામને 'નીલકંઠવર્ણી' કહીને બોલાવતા હતા. આ રીતે ઘનશ્યામ હવે 'નીલકંઠવર્ણી'ના નામે પ્રસિદ્ધ થયા હતા.

જે રીતે ભગવાન શંકરે વિષપાન કરીને જગતના જીવોની રક્ષા કરી હતી, એ જ

રીતે આ નીલકંઠવર્ણી પણ કાળરૂપી સર્પનું વિષ હરવા માટે તેમ જ કામ, ક્રોધ, લોભ, માન વગેરે અંતઃશત્રુઓના ઝેરનું હરણ કરી જીવોને અભય કરવા માટે અવતર્યા હતા.

ચાતુર્માસની કઠિન તપશ્ચર્યાને અંતે વિક્રમ સંવત ૧૮૫૦, પ્રબોધિની એકાદશીના પવિત્ર દિવસે સાક્ષાત્ શ્રી સૂર્યનારાયણ તેજસ્વી માનવરૂપ ધરી નીલકંઠવર્ણીની આગળ પ્રગટ થયા.

નીલકંઠવર્ણીએ સૂર્યનું સ્તવન કર્યું. સૂર્યનારાયણ પણ આ લીલાવિગ્રહધારી નીલકંઠવર્ણીના અસલ સ્વરૂપને ઓળખી ગયા હતા એટલે એમણે પણ નીલકંઠના લોકોત્તર મહિમાનું ગાન કર્યું અને વરદાન માગવા કહ્યું.

નીલકંઠે કહ્યું, "હે ભુવન ભાસ્કર! મારે બીજું તો કાંઈ જોઈતું નથી, પરંતુ અંતરમાં રહેલા કામ-ક્રોધાદિક શત્રુઓથી અમારી રક્ષા કરજો."

નીલકંઠવર્ણીની વાત સાંભળી સૂર્યનારાયણ મંદ મંદ હસીને બોલ્યા, "નીલકંઠ! આપ તો સાક્ષાત્ ત્રિગુણાતીત નારાયણ છો. સર્વથા નિર્દોષરૂપ છો. આપને અંતઃશત્રુઓ પીડી શકે એ વાત જ અસંભવ છે. એટલું જ નહિ, હે નીલકંઠ! આપનું ઉપાસન કરશે તે પણ અંતઃશત્રુઓ ઉપર સરળતાથી વિજય મેળવશે. આપના આશ્રિતો અન્ન-ધન-ધાન્યથી સર્વપ્રકારે સુખી રહેશે." આટલું કહી સૂર્યનારાયણ અદૃશ્ય થયા.

આ બાજુ નીલકંઠવર્ણીએ પણ પોતાના આકરા તપની પૂર્ણાહુતિ કરી.

નોંધ - સંપ્રદાયના કેટલાક ગ્રંથોમાં ગોપાલયોગીએ 'નીલકંઠ' નામાભિધાન કર્યું, એવી કથા છે.

સાચી સુવર્ણ સિદ્ધિ

પુલહાશ્રમની આકરી તપશ્ચર્યા પૂર્ણ કરી નીલકંઠવર્ણી જોમસોમ અને પોખરાના માર્ગે કાલી ગંડકીના કિનારે કિનારે નેપાળની ભૂમિમાં વિચરી રહ્યા હતા.

માર્ગમાં એક નાનકડું નગર આવ્યું. નગરને ફરતું જંગલ હતું, થોડે દૂર હિમાલયની હારમાળાઓ શોભતી હતી. પંખીના માળામાં નાનકડાં બચ્ચાં જેવું આ નાનકડું નગર હિમાલયની ગોદમાં શોભતું હતું.

નગરનો રાજા સદ્‌ગુણી હતો, પરંતુ ધનની લાલસાએ એના માનસપટલ ઉપર અજગર ભરડો લીધો હતો. રાજાને કોઈ પણ રીતે સુવર્ણસિદ્ધિ મેળવી ધનવાન બનવાની લાલસા હતી.

અંધશ્રદ્ધાનો જમાનો હતો. લોકો એવું માની રહ્યા હતા કે, 'ઘણા બધા સાધુઓ પાસે આવી સિદ્ધિ હોય છે.'

લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે, એ રીતે લોકોની આ અંધશ્રદ્ધાને ઓથે ઘણા કીમિયાગરો, સાધુ-બાવાઓ લોકોને છેતરી રહ્યા હતા અને પોતાનો સ્વાર્થ સાધી રહ્યા હતા.

નગરનો રાજા પણ આવી અંધશ્રદ્ધાથી મુક્ત ન હતો. સુવર્ણસિદ્ધિની લાલસાથી જે કોઈ સાધુ-સંતો નગરમાં આવે એની રાજા સેવા કરતો અને બદલામાં સુવર્ણસિદ્ધિના આશીર્વાદ માગતો. રાજાએ આજ સુધી અનેક સાધુ-સંતોની સેવા કરી હતી. અનેક વખત છેતરાયો હતો. એનો મનોરથ ફલીભૂત થયો નહોતો, પરંતુ સુવર્ણસિદ્ધિની લાલસા છૂટતી નહોતી!

નીલકંઠવર્ણીએ નગરની બહાર નદીને કિનારે વૃક્ષની નીચે ઉતારો કર્યો. જોતજોતામાં વાયુવેગે નગરમાં વાત પ્રસરી કે, 'નગરની બહાર કોઈ તેજસ્વી 'બાળયોગી' પધાર્યા છે.'

નગરના લોકો નીલકંઠવર્ણીના દર્શને આવવા લાગ્યા. રાજાને ખબર પડી એટલે એ પણ વર્ણીરાજના દર્શને આવ્યો. એણે ભાવથી નીલકંઠવર્ણીનું પૂજન-અર્ચન કર્યું. પૂજન-અર્ચન કરતી વખતે પણ રાજાના મનમાં સુવર્ણસિદ્ધિની પ્રાપ્તિના જ વિચારો રમતા હતા.

રાજાના મનોભાવને જાણીને નીલકંઠે વેધક પ્રશ્ન કર્યો, "નરેશ! તમે આ પૂજન-અર્ચન શા માટે કરી રહ્યા છો?"

રાજાએ નિખાલસભાવે બે હાથ જોડીને કહ્યું, "વર્ણીરાજ! હું આ નગરીનો રાજા છું. મારે મારી પ્રજાને સુખી કરવી છે. એ માટે અઢળક ધનની જરૂર છે, એટલે હું સુવર્ણસિદ્ધિ મેળવવા ઇચ્છું છું. જો આપ જેવા સિદ્ધપુરુષના આશીર્વાદ મળી જાય તો મારો મનોરથ પૂર્ણ થઈ જાય."

રાજાના મનનો મોહ અને અંધશ્રદ્ધાને ટાળવા માટે નીલકંઠવર્ણીએ કહ્યું, "રાજન્! તમારી બુદ્ધિ નાના બાળક જેવી નાદાન છે. આ હળાહળ કળિયુગ છે. આ યુગમાં સુવર્ણસિદ્ધિ સંભવે નહિ. સુવર્ણસિદ્ધિની વાત માત્ર વાર્તાઓમાં છે, હકીકતમાં નહિ."

હરિલીલામૃતમાં આ સંવાદનું વર્ણન કરતા કવિશ્રી દલપતરામ લખે છે કે,

(ઉપજાતિ વૃત્ત)

કહે હરિ સાંભળ હે નરેશ! લોભીજનોને નહિ બુદ્ધિ લેશ |
અત્યંત લોભીજન જ્યાં વસાય, ત્યાં ધૂર્તનું પેટ પૂરું ભરાય ||૪૧||
સુવર્ણસિદ્ધિ નહિ પ્રાણીયોમાં, એ તો કહી વાત કહાણીઓમાં |
નહિ કળિમાં નજરે જણાય, તથાપિ ભોળાજન ભોળવાય ||૪૨||
સુવર્ણસિદ્ધિ કરનાર જોગી, દીસે ભિખારી નહિ ભવ્ય ભોગી |

ધનાર્થ પોતે પરદેશ ધાય, તથાપિ ભોળાજન ભોળવાય ||૪૩||
સુવર્ણસિદ્ધિ કરી કોઈ ઠામ, કર્યું નહિ કાંચન કેરું ધામ |
સુણ્યા ઘણા જે ધન ધૂતી જાય, તથાપિ ભોળાજન ભોળવાય ||૪૪||
કોઈ કહે હું નથી અન્ન ખાતો, કોઈ કહે હું નથી શૌચ જાતો |
કોઈ કહે વાત ભવિષ્ય જાણું, ભોળાજનોનું ઠગી જાય નાણું ||૪૫||
કોઈ કહે હું ધન પુત્ર આપું, કોઈ કહે મારણમંત્ર જાપું |
એવા થકી કાંઈ નથી થવાનું, એ કામ તો છે ધન ધૂતવાનું ||૪૬||

(હરિલીલામૃત-ક-૩,વિ-૫)

"રાજન્! લાલચુ લોકોને છેતરવા માટે ધુતારાઓએ આવી જાતજાતની યુક્તિઓ શોધી કાઢી છે."

"માછીમાર લોટની ગોળીઓ વેરી માછલાંઓને જાળમાં ફસાવે, એ જ રીતે ધુતારા લોકો સંતાન અને સંપત્તિની લાલસા આપી ભોળા લોકને ભરમાવે છે."

"રાજન્! ઉઘાડી આંખે દેખાય એવી વાત છે કે, જો બાવા-સાધુ સુવર્ણસિદ્ધિ જાણતા હોય તો તેઓ ભિખારી થઈને ઘરે ઘરે ભીખ શા માટે માગે?"

"નરેશ! સાચી સિદ્ધિ તો મનુષ્યના હાથમાં છે અને તે પુરુષાર્થથી ફળે છે. માટે ટૂંકા મારગે સુખી થવાના માર્ગો મનુષ્યે છોડી દેવા જોઈએ."

"રાજન્! સાચી સુવર્ણસિદ્ધિ તો આત્મતત્ત્વ અને પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ એ જ છે. સાચા સંતો હંમેશાં જીવોને સાચું જ્ઞાન આપે છે, સિદ્ધિઓ નહિ. સાચા સંતોનું કામ જીવને ભવસાગરથી પાર ઉતારવાનું છે, લોભ-લાલચના સાગરમાં ડુબાડવાનું નહિ. માટે તમે તમારા મનને આવી લાલસાથી મુક્ત કરો."

નીલકંઠવર્ણીની સાચી વાત રાજાના દિલ સોંસરવી ઊતરી રહી હતી. રાજાને આજ સુધી સાચી વાત સમજાવનાર કોઈ મળ્યું નહોતું. નીલકંઠવર્ણી પ્રત્યે રાજાના અંતરમાં અહોભાવ જાગ્યો.

રાજાએ નિત્યવિહારી નીલકંઠને રોકાવા માટે આગ્રહ કર્યો. નીલકંઠવર્ણી પણ રાજાનો ભાવ જોઈને થોડા દિવસ રોકાયા. રાજા રોજ નીલકંઠવર્ણી પાસે સત્સંગ કરવા આવતો હતો. નીલકંઠવર્ણીએ પણ જ્ઞાનોપદેશ કરીને ધીરે ધીરે રાજાના હૃદયમાંથી સુવર્ણસિદ્ધિનો મોહ ઉતારી નાખ્યો.

જીવે માન કે રંગ

એક દિવસ વાતમાંથી વાત નીકળતા રાજાએ નીલકંઠને કહ્યું, "વર્ણીરાજ! નગરથી થોડે દૂર ઊંચા પર્વતની ગુફામાં એક સિદ્ધ વસે છે. આસપાસના ઈલાકામાં એ ભારે પ્રસિદ્ધ છે. એ આખું વર્ષ ગુફામાં જ રહે છે, નિરાહાર રહીને તપશ્ચર્યા કરે છે. આસો સુદી પૂનમના રોજ માત્ર ચાર દિવસ માટે એ સિદ્ધ શિષ્યોને દર્શન દેવા માટે બહાર આવે છે. એ સિદ્ધના દર્શન માટે મોટો મેળો ભરાય છે. સેંકડો લોકો ભેગા થાય છે. એ સિદ્ધ ચાર દિવસ ફલાહાર કરી ફરી પાછા ગુફામાં પ્રવેશ કરી જાય છે."

નીલકંઠ એકાગ્ર ચિત્તે રાજાની વાત સાંભળી રહ્યા હતા. અધ્યાત્મમાર્ગની આંટીઘૂંટીના ભોમિયા નીલકંઠ જાણી ચૂક્યા હતા કે, 'આ તપસ્વીનું તપ માત્ર પોતાના માનને પોષવા માટે છે, આધ્યાત્મિક ઊંચાઈઓને પ્રાપ્ત કરવા માટે નથી. માનને પોષવા તપ કરવું એ તો દળી દળીને ઢાંકણીમાં ઉધરાવવા જેવું છે. 'આંધળો વણે અને પાડરું ચાવે' એ રીતે તપસ્વીના તપને અહંકાર ચાવી જાય છે.

નીલકંઠે રાજાને સાધનાનો મર્મ સમજાવતા કહ્યું, "રાજન્! આ સિદ્ધના આકરા તપનો હું આદર કરું છું, પરંતુ એ તપનું ધ્યેય માત્ર અહંકારને પોષવા માટે છે. ચાર દિવસના મેળામાં લોકોનું જે માન-સન્માન મળે છે એને લીધે એ તપસ્વી આખું વર્ષ કાઢી નાખે છે. જો એ માન-સન્માન ન મળે તો એના તપનું વિપરિત પરિણામ પણ આવી શકે છે."

"રાજન્! મહાત્મા તુલસીદાસજીનાં વચન છે, 'જીવે માન કે રંગ.' જો તમને મારી વાત ન મનાય તો તમે પ્રયોગ ખાતર આ વર્ષે એ કહેવાતા સિદ્ધપુરુષને જ્યારે બહાર આવવાનો સમય થાય, ત્યારે મેળો ભરવાનું બંધ રાખો અને પછી જુઓ કે શું થાય છે?" આટલું કહી નીલકંઠ તો ચાલતા થયા.

સમય જતાં આસો માસ આવ્યો. રાજાએ નીલકંઠનાં વચનોને માનીને મેળો બંધ રખાવ્યો. હજારો લોકોના માન-સન્માનની લાલસાથી જ્યારે એ સિદ્ધપુરુષ બહાર આવ્યા અને જોયું તો પોતાના સત્કાર કે જયજયકાર માટે ચકલુંય ફરકતું નહોતું. આ જોઈને એ તપસ્વીને ભારે આઘાત લાગ્યો અને એ આઘાતને લીધે એ જ સમયે એનું મૃત્યુ થયું.

રાજસેવકોએ રાજાને વાત કરી; રાજા સ્વયં તપાસ કરવા આવ્યો. એણે મૃત્યુ પામેલ તપસ્વીને જોયા. રાજા અને લોકોના અંતરમાં આશ્ચર્યનો પાર ન રહ્યો.

નીલકંઠના શબ્દો સાચા પડ્યા, "જીવે માન કે રંગ"

બુટોલપુરના મયારાણી

નીલકંઠવર્ણી બુટોલપુર (બુટવલ) નામના નગરમાં પધાર્યા. નગરની બહાર ઉપવનમાં તેઓએ ઉતારો કર્યો.

હિમાલયની તળેટીમાં આવેલા આ નગરના મહારાજાનું નામ મહાદત્ત હતું. મહાદત્ત રાજાને કોઈ સંતાન ન હતું. એમના એક બહેન હતા. બહેનનું નામ મયારાણી હતું. મયારાણીને બે કુંવરીઓ હતી.

તેજસ્વી નીલકંઠવર્ણીનાં દર્શન કરતાં મહારાજા મહાદત્ત, બહેન મયારાણી અને બન્ને કુંવરીઓનાં હૃદયમાં અપાર સ્નેહ પ્રગટ્યો હતો. મયારાણી અને મહાદત્ત રાજાને સંકલ્પ થયો કે, 'જો આ બ્રહ્મચારી માને તો આ રાજકુમારીઓનાં લગ્ન તેમની સાથે કરાવી બુટોલપુરનું રાજ્ય એમને સોંપી દેવું.'

મહારાજા મહાદત્ત અને મયારાણીએ રાજ અને કુંવરીઓનાં બંધનથી નીલકંઠને બાંધવાનો પ્રયાસ કર્યો. પરંતુ નીલકંઠનું અવતરણ સત્તા, સંપત્તિ કે સ્ત્રીના બંધનથી બંધાવા માટે ન હતું; એમનું અવતરણ તો અનેક મોક્ષભાગી આત્માઓને માયાના બંધનથી મુક્ત કરાવવા માટે હતું.

મહારાજા મહાદત્તે અને મયારાણીએ નીલકંઠને મનાવવા ખૂબ પ્રયાસ કર્યો. પરંતુ નીલકંઠ ન માન્યા અને એક દિવસ કોઈ ન જાણે તેમ રાતોરાત બુટોલપુરથી નીકળી ગયા.

છાણી ગામના હરિજન કવિશ્રી નારાયણદાસે મયારાણી અને નીલકંઠવર્ણી વચ્ચેના સંવાદનું રોચક અને મનોરંજક કીર્તન રચેલું છે.

રાગ-લાવણી

મળી બુટોલપુરની માંહી, કહે માયારાણી સુણો
નીલકંઠવર્ણીન્દ્ર સુખદ મમ વાણી... મળી૦
કેમ ત્યાગ્યું તમે ઘરબાર ઉંમર છે છોટી,
નથી જાણી મારા નાથ વાત છે મોટી... મળી-૧
શોભે સુંદર માથે કેશ કોમળ છો અંગે,
કેમ વિચરો મહા વનમાંહી નથી કોઈ સંગે... મળી-૨
લીધો બાળપણમાં ભેખ જુવાની છે ભારી,
તમે પરણો સુંદર શ્યામ કે નૌતમ નારી... મળી-૩
થયા તેના સારું ખુવાર ઋષિ મુનિરાયા,
પડ્યા દેવ તપસ્વી સિદ્ધ એવી એ માયા... મળી-૪

ગયો સૌભરી કેરો ત્યાગ એકલશૃંગી લૂંટ્યા,
પડ્યો નહુષ સ્વર્ગથી સોમ ગુરુ એથી ખૂટ્યા...મળી-૫
શિવ બ્રહ્મા ને સુરરાય નારદ મુખ કાળું,
દશમસ્તક કેરું કુળ શ્રીરામે સંહાર્યું... મળી-૬
ગ્રહો કુંવરી મારી દોય રાજા કરી સ્થાપું,
ઘણા ગામ દંતી ને આ પેદલ હું આપું... મળી-૭
જ્યારે થાશે જોબન જોર પછે પસ્તાશો,
મળી કોઈ વેરાગણ નાર લઈ ભાગી જાશો... મળી-૮
મહા મર્મ ભરેલાં વાક્ય સુણી સુખધામી,
બોલ્યા શુકજી જેવા કૈંક કરું નિષ્કામી... મળી-૯
નવ આવે જોબન જોર પાસ પસીનો અંગે,
કરું વ્રત દઢ તપ હું નેમ અતિશે ઉમંગે... મળી-૧૦
કર્યાં અસંખ્ય જીવ નાથે બહુ નિષ્કામી,
કહે નારાયણમુનિદાસ ભજો બહુનામી... મળી-૧૧

ગોપાળયોગી સાથે મિલાપ

નીલકંઠવર્ણી બુટોલપુરથી નીકળી નેપાળના તળેટીના પ્રદેશોમાં વિચરણ કરતાં એક વિશાળ સરોવરને કિનારે પધાર્યા. સરોવરની ચારેય બાજુ ફરતું વિશાળ જંગલ હતું. જંગલમાં હાથીઓનાં વૃંદો વિહાર કરતા હતા.

સરોવરને કિનારે એક નાનકડી ઘાસની કુટીર હતી. કુટીરની બાજુમાં ઘેઘૂર વડલો હતો. વડલાના વૃક્ષની નીચે એક વયોવૃદ્ધ યોગી બેઠા હતા. યોગીના મસ્તક ઉપર શ્વેત જટા શોભતી હતી. યોગીના તેજસ્વી મુખારવિંદ ઉપર લાંબી શ્વેત દાઢી હતી. યોગીના હાથમાં ગીતાજીનો ગુટકો હતો. યોગી ગીતાજીનો પાઠ કરી રહ્યા હતા. આ યોગીનું નામ 'ગોપાળયોગી' હતું.

આ યોગીના દર્શનથી નીલકંઠના હૃદયમાં અજબનું આકર્ષણ અનુભવાયું. નીલકંઠે યોગીરાજ સામે મીટ માંડી. બરાબર એ જ સમયે ગોપાળયોગીની દૃષ્ટિ પણ નીલકંઠવર્ણી ઉપર પડી. યોગીના અંતરમાં પણ આ સુકલકડી તેજસ્વી બ્રહ્મચારી પ્રત્યે ગજબનું આકર્ષણ જાગ્યું. નીલકંઠવર્ણી અને ગોપાળયોગીનું મધુર મિલન થયું.

હિમાલયની ભવ્ય હારમાળા મહાન યોગીઓની સાધનાભૂમિ છે. એમાં પણ નેપાળ તો ભગવાન ગોરખનાથની માનીતી યોગભૂમિ ગણાય છે. દર્શનશાસ્ત્રમાં જેમ અનેક

શાખા-પ્રશાખાઓ છે તેમ યોગ પરંપરાઓ પણ અનેક પ્રકારની છે. હિમાલયની પાવન ભૂમિમાં અનેકવિધ યોગ પરંપરાઓને અનુસરનારા મહાન યોગીઓ થયા છે.

નેપાળ અને તિબેટના બૌદ્ધ ધર્મ ઉપર ભારતીય યોગ પરંપરાનો જબરજસ્ત પ્રભાવ રહ્યો છે. સનાતન યોગમાર્ગ પ્રબોધિત સાધનાને પરિણામે તિબેટ અને નેપાળમાં અનેક બૌદ્ધ લામાઓએ ચમત્કારિક સિદ્ધિઓ મેળવી હતી. અનેક બુદ્ધિશાળી લોકોએ એ સિદ્ધિઓની સત્યતા અનુભવીને ગ્રંથો લખ્યાં છે.

હિમાલયમાં નીલકંઠવર્ણીને અનેક દિવ્ય સિદ્ધો અને યોગીઓનો જોગ થયેલો, પરંતુ નીલકંઠવર્ણીનું મન કોઈ ચમત્કારિક સિદ્ધિઓમાં લોભાયું નહોતું. નીલકંઠને મન તો છતે દેહે 'બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરવો' એ જ શ્રેષ્ઠ યોગ અને સિદ્ધિ હતા.

નીલકંઠવર્ણીએ અનેક સિદ્ધયોગીઓને માર્મિક ટકોર કરતાં કહ્યું હતું કે, 'હજારો વર્ષ દેહ ટકાવી રાખવો એ કોઈ સિદ્ધિ નથી. આ પર્વતો પણ હજારો વર્ષ દેહ ધારે છે. મનુષ્યદેહની સફળતા તો પરમતત્ત્વની પ્રાપ્તિમાં છે અને એ પ્રાપ્તિ તો ભગવાન શ્રીકૃષ્ણે ભાગવતજીમાં કહ્યું છે એમ 'સત્સંગરૂપી જોગ'થી જ થાય છે.'

ગોપાળયોગી હિમાલયના યોગીઓથી કોઈ જુદી જ ભાતના યોગી હતા. તેઓ વૈષ્ણવી યોગ પરંપરાના ઉપાસક હતા. તેઓએ અષ્ટાંગયોગ સિદ્ધ કરીને સમાધિની સ્થિતિ પ્રાપ્ત કરેલી. એમને પરમાત્માના પરોક્ષરૂપની તો પ્રતીતિ હતી જ, હવે તો તેઓનું મન પ્રત્યક્ષ પરમાત્માના સાક્ષાત્કાર માટે ઝંખતુ હતું.

નીલકંઠવર્ણી દૃષ્ટિમાત્રથી જ આ ગોપાલયોગીની મહત્તાને પારખી ચૂક્યા હતા. નીલકંઠવર્ણી ગોપાલયોગી પાસે અષ્ટાંગયોગ શીખવા માટે લગભગ એક વર્ષ સુધી રોકાયા. હઠયોગની કઠિનમાં કઠિન પ્રક્રિયાઓ પણ નીલકંઠે રમતાં રમતાં સરળતાથી શીખી લીધી.

ગોપાલયોગીને પણ થયું કે, 'આ નાનકડા બ્રહ્મચારી સામાન્ય નથી, પણ જન્મસિદ્ધ યોગી છે.' પોતાની સર્વ યોગવિદ્યા સુપાત્ર વર્ણીને સોંપીને ગોપાળયોગી કૃતાર્થ થયા.

શંખનાદે વન નિર્ભય કર્યું

ગોપાલયોગીના આશ્રમથી થોડે દૂર ગોવાળિયાઓનાં નેસ હતાં. આસપાસના જંગલોમાં સિંહ જેવા હિંસક પ્રાણીઓનો ત્રાસ હતો. અવાર-નવાર આ હિંસક જાનવરો ગોવાળિયાઓની ગાયોનો શિકાર કરતા હતા. પોતાના પ્રાણથીય વહાલા ગોધનનો નાશ ગોવાળિયાઓથી સહન થઈ શકતો ન હતો.

ગોવાળોમાં ગોપાલયોગી મહાસિદ્ધ તરીકે પ્રસિદ્ધ હતા. તેઓએ ગોપાળયોગીને

પોતાનાં ગોધનની રક્ષા માટે કંઈક કરવા વિનંતી કરી. ગોપાળયોગીએ સાંકેતિક નજરે નીલકંઠવર્ણીની સામે જોયું.

યોગીનો ઈશારો નીલકંઠ પારખી ગયા. એમણે હાથમાં શંખ લીધો અને શંખનાદ કર્યો. દૂર દૂર જંગલો અને પહાડોની ખીણોમાં શંખનાદના ઓમકાર જેવા પ્રતિઘોષ થયા.

નીલકંઠવર્ણીએ ગોવાળોને કહ્યું, “જ્યાં સુધી આ શંખનાદ ફેલાયો છે ત્યાં સુધીનું જંગલ હવે અભયારણ્ય બન્યું છે. હવે આ વિસ્તારમાં કોઈ હિંસક જાનવર તમારા ગોધનનો શિકાર નહીં કરે.”

નીલકંઠવર્ણીની વાત સાંભળી ગોવાળિયાઓના અંતરમાં અત્યંત આનંદ થયો.

ગોપાળયોગીની ઊર્ધ્વગતિ

ગોપાળયોગી વર્ષોથી કોઈ સુપાત્ર શિષ્યની રાહ જોઈ રહ્યા હતા. હવે એમને પોતાનું જીવનકાર્ય પૂર્ણ થયું લાગતું હતું. નીલકંઠવર્ણીને યોગાભ્યાસ કરાવ્યા પછી એમનું હૃદય કૃતાર્થતા અને સંતોષ અનુભવી રહ્યું હતું.

એવામાં એક દિવસ અલૌકિક ઘટના બની. ગોપાળયોગી ધ્યાનમાં બેઠા હતા. ધ્યાનની ગહન અવસ્થાએ સમાધિનું રૂપ લીધું. ગોપાળયોગીની સમસ્ત ચિત્તવૃત્તિઓ દિવ્ય એકરસ ચિદ્‌ઘન તેજમાં ડૂબી ગઈ. દૃષ્ટા, દર્શન અને દૃશ્યના ભેદ લીન થયા. આવા સર્વવ્યાપી અક્ષરબ્રહ્માત્મક તેજમાં ગોપાળયોગીને સાક્ષાત્ પરબ્રહ્મરૂપે નીલકંઠવર્ણીના દર્શન થયા.

ગોપાળયોગીના ગાત્રો રોમાંચિત થયાં. એમના અંતરમાં આનંદનો ઓઘ ઉભરાવા લાગ્યો. **“पश्यन्ति यं योगिनः”** એ ન્યાયે ગોપાળયોગીને પરોક્ષ બ્રહ્મમાં પ્રતીતિ તો હતી જ, હવે એમને પરબ્રહ્મનો અપરોક્ષ અનુભવ થઈ રહ્યો હતો.

ગોપાળયોગી દીર્ઘકાળ સુધી સમાધિમાં નિમગ્ન રહ્યા. ધીરે ધીરે એ પુનઃ સચેત થયા. સમાધિમાંથી જાગ્યા તો સામે નીલકંઠવર્ણી મંદ મંદ હસતાં હસતાં વિરાજમાન હતા.

સમાધિની દિવ્ય અનુભૂતિએ ગોપાળયોગીની નીલકંઠવર્ણી પ્રત્યેની સર્વ ધારણાઓ બદલી નાખી હતી.

ગોપાળયોગીને થયું, ‘હું જેને બાળજોગી માનું છું, તે તો સાક્ષાત્ યોગેશ્વર નારાયણ છે!’

યોગીરાજે નીલકંઠને વંદન કર્યા અને કહ્યું, “વર્ણીરાજ! આપે મને ઘણાં સમય સુધી અંધારામાં રાખ્યો. વાસ્તવિકતા એ ન હતી કે તમે મારી પાસે યોગ શીખી રહ્યા હતા, વાસ્તવિક્તા એ હતી કે તમે મારી યોગસાધનાને સફળ બનાવી રહ્યા હતા! શરભંગ

ઋષિની પેઠે મને પ્રત્યક્ષ બ્રહ્મના દર્શનની ઝંખના હતી, જે આજે આપે પૂર્ણ કરી છે.” ગોપાળયોગી ગદ્‌ગદ્‌ કંઠે બોલ્યે જતા હતા.

કવિશ્રી રસખાનજી કહે છે,

ब्रह्म मैं ढूंढ्यो पुरानन गानन वेद रुचा सुनि चौगुने चायन,
देख्यो सुन्यो कबहु ना कहा वह कैसे स्वरुप अरु कैसे सुभायन ।
हेरत हेरत हारी पर्यो रसखानी बतायो न लोग लुगायन,
देखो दूरे वह कुंजकुटिर में बैठ्यो पलोटत राधिका पायन ॥

“જુઓ! જુઓ! શાસ્રોમાં અને સમાધિમાં જે પરબ્રહ્મને શોધી શોધીને થાકી ગયો એ જ પરબ્રહ્મ પેલી દૂરની કૂંજ કુટિરમાં રાધાજીના ચરણની ચંપી કરતો બેઠો છે!”

ગોપાળયોગીની સ્થિતિ પણ રસખાનજી જેવી જ હતી. સમાધિમાં જેનો સાક્ષાત્કાર થયો, એ જ પરબ્રહ્મ પરમાત્મા નીલકંઠવર્ણી સ્વરૂપે ગોપાળયોગીની સામે બિરાજમાન હતા અને મંદ મંદ હસતાં હસતાં યોગીરાજની વાતનું શ્રવણ કર્યે જતા હતા.

પોતાના જીવનનો હેતુ પૂર્ણ થતાં ગોપાળયોગીને માટે હવે શરીરરૂપી સાધનને સાચવી રાખવાનો કોઈ અર્થ ન હતો. એમણે કહ્યું, “વર્ણીરાજ! આપે મારું જીવન સફળ કર્યું છે. મારે જે પ્રાપ્ત કરવું હતું, તે છતે દેહે પ્રાપ્ત થયું છે. હવે આ શરીરરૂપી સાધનને સંઘરી રાખવાનો કોઈ અર્થ નથી. આવતી કાલે મધ્યાહ્ને મારું શરીર શાંત થશે અને એ પણ પ્રત્યક્ષ નારાયણની હાજરીમાં! આથી મારાં બીજાં મોટાં સદ્‌ભાગ્ય ક્યાં હોઈ શકે!”

યોગી અને યોગેશ્વરનો સંવાદ ઘણા સમય સુધી ચાલતો રહ્યો. ગોપાળયોગીએ યોગેશ્વર નીલકંઠને કહ્યું, “નીલકંઠ! મારી પાસે નિત્યપાઠ માટેનો આ ગીતાજીનો ગુટકો છે તે હવે આપ રાખો. ગીતાજીનું અમૃત હવે મને મળી ચૂક્યું છે, એટલે હવે મારે આ ગુટકાની આવશ્યકતા રહી નથી.”

પરબ્રહ્મનો સાક્ષાત્કાર થયા પછી ગોપાલયોગી માટે શબ્દબ્રહ્મના સીમાડા પૂરા થઈ ચૂક્યા હતા. બીજા દિવસે મધ્યાહ્ન થવા આવ્યો. ગોપાળયોગીએ પોતાનાં શરીરને છોડવાની પૂર્ણ તૈયારી કરી.

ભગવાન શ્રીરામની હાજરીમાં શરભંગઋષિએ પોતાની અમોઘ યોગશક્તિથી બ્રહ્મમેધસમાધિ દ્વારા પાંચ ભૌતિકશરીર છોડી દિવ્ય દેહધારી દિવ્યગતિને પ્રાપ્ત કરી હતી, એ જ રીતે ગોપાળયોગી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની હાજરીમાં શરીર છોડી પરમ દિવ્યગતિને પામ્યા.

નીલકંઠવર્ણી અને ગોવાળિયાઓએ મળીને ગોપાળયોગીની ઔર્ધ્વદૈહિક ક્રિયાઓ પૂર્ણ કરી. હવે નીલકંઠવર્ણી આશ્રમ છોડી જવા તૈયાર થયા.

ભોળા વનવાસી ગોવાળિયાઓએ નીલકંઠવર્ણીને રોકાઈ જવા આગ્રહ કર્યો, પરંતુ નીલકંઠ ન રોકાયા. અનંત જીવોના કલ્યાણ માટે અવતરેલા નીલકંઠ એક સ્થળે રોકાઈ રહે તે કેમ પાલવે!

નીલકંઠે ગોપાળયોગીએ સ્વહસ્તે લખેલો ગીતાજીનો ગુટકો પોતાની સાથે લીધો. આ ગુટકામાં એક મહાન યોગીની પાવનકારી સ્મૃતિઓ સચવાયેલી હતી.

ગોવાળોની ભાવભીની વિદાય લઈ નીલકંઠે પૂર્વ ભારત તરફ પ્રયાણ કર્યું.

વિક્રમ સંવત ૧૮૫૧, મહાવદી ચતુર્થીથી આરંભીને વિક્રમ સંવત ૧૮૫૨, મહા સુદી અષ્ટમી સુધી નીલકંઠ ગોપાલયોગી પાસે રોકાયા હતા.

નોંધ:- ગોપાલયોગીએ આપેલો ગુટકો આજે પણ વડતાલ ખાતે પ્રસાદીના સંગ્રહસ્થાનમાં સચવાયેલો છે.

વાણીને શ્રાપ

નીલકંઠવર્ણી નેપાળથી પૂર્વ ભારત તરફ આગળ વધી રહ્યા હતા. નીલકંઠને વસ્તીમાં જવાનું કે રહેવાનું ગમતું નહોતું.

તેઓ મોટે ભાગે વન-પર્વત કે નદી-તળાવના કિનારે રાત્રિ રહેતા. એમાં પણ એક વૃક્ષની નીચે બીજી રાત્રિ નહિ રહેવી, એવો એમનો અસંગી સ્વભાવ હતો.

વનવિચરણ કરતાં કરતાં એક દિવસ નીલકંઠ 'બંસીપુર' પહોંચ્યા. નગરની બહાર વહેતી નદીના કિનારાના ઉપવનમાં એમણે ઉતારો કર્યો. ખુલ્લું આકાશ એમનું ઓઢણું હતું, કુદરતનો ખોળો એમનું વિરામસ્થાન હતું. વન, પર્વત, નદીઓ એમના મિત્રો હતા. એક સુંદર વૃક્ષની નીચે નીલકંઠે આસન જમાવ્યું અને ધ્યાન કરવા લાગ્યા.

નદીમાં નિર્મળ નીર વહી રહ્યું હતું. કિનારાની બન્ને બાજુએ હરિયાળી વનરાજી શોભતી હતી. પંખીઓ કલરવ કરી રહ્યાં હતાં. એવામાં અચાનક આનંદમગ્ન પંખીઓનાં કલરવો આક્રંદમાં ફેરવાયાં! આ આક્રંદે નીલકંઠના ધ્યાનમાં વિક્ષેપ પેદા કર્યો. નીલકંઠે નેત્રો ખોલ્યાં અને સામેનું દૃશ્ય જોતાં જ કરુણામય નીલકંઠ કંપી ઊઠ્યા.

નગરના રાજસેવકો નિર્દોષ પંખીઓનો શિકાર કરી રહ્યા હતા. તીરો અને ગિલોલોથી વીંધાતાં કોમળ પંખીઓ ચિત્કાર કરતાં હતાં. નિર્દોષ પંખીઓની મરણચીસો ઉપર ક્રૂર શિકારીઓ હાસ્ય કરી રહ્યા હતા.

નીલકંઠનાં અંતરમાં અરેરાટી છૂટી. એમણે રાજસેવકોને વારવા પ્રયત્ન કર્યો, પણ માને તો રાજસેવકો શાના?

તમસા નદીના કિનારે તીરથી વિંધાયેલા ક્રૌંચ પક્ષીને જોઈને મહર્ષિ વાલ્મીકિ

જે રીતે વ્યથિત થયા હતા, એ જ રીતે નીલકંઠનું હૃદય કરુણાથી ઊભરાઈ ઊઠ્યું. નિર્દોષ પંખીઓને મારનારા શિકારીઓ તરફ એમને સાત્ત્વિક ક્રોધ પેદા થયો. જેમ વાલ્મીકિજીના મુખમાંથી શાપ નિસર્યો હતો, એ જ રીતે નીલકંઠના મુખમાંથી શાપવાણી પ્રગટી, “બળ્યું આ શહેર...!”

નીલકંઠના મુખમાંથી જેવા આ શબ્દો સર્યા, કે એ જ સમયે નદીને સામે કિનારે નગરમાંથી આગની લપટો સાથે ધૂમાડાના ગોટા ઊઠ્યા! રાજસેવકો શિકાર પડતો મેલી બળતા નગર તરફ ભાગ્યા.

નીલકંઠ આ દૃશ્ય જોતાં જ ફરીથી કંપી ઊઠ્યા. નીલકંઠને થયું, અહીં નિર્દોષ પંખીઓ મરી રહ્યાં હતાં તો સામે આગમાં કેટલાય નિર્દોષ માણસો મરશે...!

નીલકંઠે મનને સંયમિત કર્યું. એના અંતરમાં પોતાની શાપવાણીની વેદના થઈ. તેઓએ એકદમ ઉતાવળે નદીના જળમાં જઈને ડૂબકી મારી. કેડ સમા જળમાં ઊભા રહી, નેત્ર મીંચી, ધ્યાનસ્થ અવસ્થામાં ‘ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ’ મંત્રનો જપ કરવા લાગ્યા.

આજ સમયમાં કલ્પી ન શકાય એવો ચમત્કાર સર્જાયો. ૐ શાંતિના જાપ સાથે જ નગરમાં લાગેલી આગ શાંત થઈ ગઈ.

કેડ સમાણા જળમાં ઊભા રહેલા નીલકંઠનાં હૈયાને નિરાંત થઈ. જળમાં ઊભાં ઊભાં નીલકંઠ વેદનાસભર હૈયે વિચારવા લાગ્યા. ‘કળિયુગી લોક તો અજ્ઞાની છે એટલે એના આચાર-વિચારમાં વિવેક ન હોય તે સહજ છે, પરંતુ સાધુના મુખમાંથી શાપ નીકળે એ ન શોભે. એ શાપથી બે બાજુ નુકસાન થાય, એક તો સામેની વ્યક્તિનું અનિષ્ટ થાય અને બીજું સાધુના તપના તેજ ઝાંખાં થાય.’

ફરીથી આવું ન બને એ માટે નીલકંઠે એક અદ્‌ભુત નિર્ણય કર્યો. એમણે નદીના જળની અંજલિ ભરી એક અનોખો જ શાપ ઉચ્ચાર્યો. “આજથી અમે વાણીને શાપ આપીએ છીએ કે, વાણીમાંથી નીકળતા આશીર્વાદ ફળે પણ શાપ ક્યારેય ન ફળે.”

નીલકંઠના આ પવિત્ર સંકલ્પને પરિણામે વાતાવરણમાં ચોમેર સાત્ત્વિકતા પ્રસરી ગઈ. નદીના નિર્મળ નીર મધુર સ્વરે નીલકંઠનું સ્તવન કરવા લાગ્યાં, ઝૂલતાં વૃક્ષો વંદન કરવા લાગ્યાં, પંખીઓ ફરીથી કલરવ કરી નીલકંઠનું યશોગાન ગાવા લાગ્યા. નીલકંઠે પૂર્વ ભારતની યાત્રા આગળ ધપાવી.

સિરપુરના સિદ્ધવલ્લભ

નેપાળના તરાઈ પ્રદેશોને વીંધતાં-વીંધતાં નીલકંઠવર્ણી પૂર્વ ભારત, બંગાળના સિરપુર નગરમાં પધાર્યા. સિરપુરના મહારાજાનું નામ 'સિદ્ધવલ્લભ' હતું. રાજામાં નામ એવા જ ગુણ હતા.

લોકોને જાત-જાતના શોખ હોય છે. સિદ્ધવલ્લભ રાજાને સિદ્ધો ભેગા કરવાનો શોખ હતો, પરિણામે સિરપુરમાં અનેક નાના-મોટા સાચા-ખોટા સિદ્ધો ભેગા થયા હતા. જેમાં મોટા ભાગના દાંભિકો હતા અને ઉદરપૂર્તિ માટે એકઠા થયા હતા.

રાજાએ આ બધા સાધુ-સંતોને નગર બહારના વિશાળ ઉપવનમાં વસાવ્યા હતા. રાજ તરફથી બધાની ખૂબ જ સારી રીતે સેવા-ચાકરી કરવામાં આવતી હતી.

નીલકંઠવર્ણી સિરપુર પધાર્યા. રાજાને આ બાળજોગી પ્રત્યે ભારે ભાવ જાગ્યો અને ઉપવનમાં ઉતારો આપ્યો.

એવામાં ચાતુર્માસનો સમય શરૂ થયો. આકાશમાં મેઘાડંબર છવાયો, અનરાધાર વર્ષાની હેલી શરૂ થઈ. ચોતરફ પાણીનાં પૂર રેલાયાં.

ઉપવનમાં ખુલ્લા ગગન નીચે વૃક્ષોની ઓથે સાધુઓના બેસણાં હતાં. સાધુઓએ પોતાની સિદ્ધાઈ દેખાડવા એક-બે દિવસ તો મુશળધાર વર્ષાને સહન કરી લીધી, પણ પછી ધીરજ રહી નહી. પાણીનાં પૂરમાં કંથા અને ગોદડીઓ સાથે એમની સિદ્ધાઈ પણ તણાઈ ગઈ!

સિદ્ધાઈનો અંચળો ઊતરી ગયો અને બધાયે ભાગીને નગરમાં ઓથ ગોતી લીધી! એક માત્ર નીલકંઠવર્ણી સાત-સાત દિવસ સુધી વરસાદની ધારાઓને ઝીલતા મુશળધાર વર્ષા વચ્ચે પણ બેસી રહ્યા.

સાધુ-સંતો માટે અનેક આકરા તપ-વ્રત કરવાનાં હોય છે. વ્રત-તપ કરવાથી શરીર કસાય છે, આરોગ્ય વધે છે, મન નિર્મળ થાય છે. સાધકની દેહાસક્તિ ક્ષીણ થાય છે અને આત્મબળ વૃદ્ધિ પામે છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ મનોબળ નબળુ પડતું નથી. અધ્યાત્મને માર્ગે આગળ વધવામાં વ્રતો ભારે ઉપકારક છે.

વ્રત-તપના અનેક પ્રકારો છે. જેમાં એક તિતિક્ષા વ્રત છે. આ વ્રતમાં ટાઢ-તડકો, વરસાદ-વાવાઝોડું, ભૂખ-તરસ વગેરેને ધીરજથી સહેવાના હોય છે. આવી સહનશીલતાને શાસ્ત્રમાં 'તિતિક્ષા' કહેવામાં આવે છે.

એક 'આસારસાટ્' નામનું વ્રત છે, જેમાં વરસાદની ધારાઓ સહન કરવાની હોય છે. આ વ્રતનું અનુસરણ કરનારા યોગીઓ ગમે તેવી મુશળધાર વર્ષા વચ્ચે પણ કોઈ આધાર કે ઓથ વગર ખુલ્લામાં બેસી રહેતા હોય છે. ઘર છોડ્યા પછી નીલકંઠવર્ણીએ

વર્ષો સુધી 'આસારસાટ્' વ્રતનું પાલન કર્યું હતું.

સિરપુરમાં આઠ-આઠ દિવસ સુધી મુશળધાર વરસાદ પડ્યો, પરંતુ પર્વત જેવા અડગ નીલકંઠ ઉપર જાણે એની કોઈ અસર ન હોય, એ રીતે તેઓ ખુલ્લા ગગન નીચે પાણી કાદવથી ખરડાયેલા શરીરે બેસી રહ્યા. નીલકંઠવર્ણીનું આ અદ્‌ભુત ચરિત્ર જોઈને રાજા સિદ્ધવલ્લભને થયું, 'આ નીલકંઠવર્ણી ખરેખર સાચા સિદ્ધ છે.'

રાજાને નીલકંઠવર્ણીમાં અપાર શ્રદ્ધા પ્રગટી. તેઓ નિયમિત રીતે નીલકંઠવર્ણીનાં દર્શન કરી સમાગમ કરવા લાગ્યા.

રાજા તરફથી નીલકંઠવર્ણીને આટલા બધા આદર-સત્કાર મળતા જોઈને કેટલાક દંભી સિદ્ધોને નીલકંઠવર્ણીની ભારે અદેખાઈ આવી. તેઓએ એક રાત્રે નીલકંઠવર્ણીને મારી નાખવા માટે પથ્થરોનો વરસાદ વરસાવ્યો, પરંતુ નીલકંઠવર્ણીનો વાળ પણ વાંકો ન કરી શક્યા. કોઈ અદ્‌ભુત દૈવી શક્તિથી પથરાઓની પાળ બંધાણી અને નીલકંઠની રક્ષા થઈ!

રાજા સિદ્ધવલ્લભે જ્યારે આ વાત જાણી, ત્યારે એમને ભારે દુઃખ થયું અને આ અનાડી તત્ત્વોને પકડીને સજા કરવાનો આદેશ આપ્યો.

રાજસૈનિકોએ એ દુષ્ટ લોકોને પકડ્યા અને દંડ દેવાની તૈયારી કરી ત્યારે નીલકંઠવર્ણીએ રાજાને કહ્યું, "જીવ તો અજ્ઞાની જ હોય, એને ક્ષમા કરવી એ આપણો ધર્મ છે."

નીલકંઠવર્ણીની સૂચનાથી રાજાએ એમને છોડી મૂક્યા.

ચાતુર્માસનો સમય પૂરો થયો એટલે નીલકંઠવર્ણી સિરપુરથી ચાલતા થયા. હવે એમનું લક્ષ્ય આસામનું સુપ્રસિદ્ધ ક્ષેત્ર 'કામાક્ષી' હતું. નીલકંઠવર્ણીની આ યાત્રામાં સિરપુરમાં નિવાસ કરતા સીધા-સાદા-સરળ હૃદયના કેટલાક સંત-મહાત્માઓ પણ જોડાયા.

પિબેકનો પરાભવ

નીલકંઠવર્ણીએ પૂર્વ ભારતમાં વામાચારી-તાંત્રિકોનો ભારે પ્રભાવ જોયો. આમજનતા અત્યંત ભોળી અને અંધશ્રદ્ધાળુ હતી.

વામાચારીઓ ભોળી જનતાનું શોષણ કરી રહ્યા હતા. મૂઠ-ચોટ, કામણ-ટૂમણને બહાને આ શક્તિપંથીઓ લોકોને છેતરી રહ્યા હતા. એમના જાદુ જેવા ખેલથી લોકો ભરમાઈ રહ્યા હતા. અંધશ્રદ્ધાળુ લોકો આ તાંત્રિકોને સિદ્ધ માનીને પૂજતા હતા.

પારધી પશુને ફાંસલામાં બાંધે, એમ આ તાંત્રિકો શાપનો ભય અને આશીર્વાદની

લાલચોથી લોકોને ફસાવતા હતા. તાંત્રિક વિધિઓને નામે દારૂ, માંસ અને વ્યભિચારના અખાડા જામ્યા હતા. આજના અત્યંત આધુનિક ગણાતા નિર્લજ્જ નાચ-ગાનને પણ શરમાવે એવા દુરાચાર ગાંડી વેલની જેમ વધ્યા હતા.

તાંત્રિકો, અઘોરીઓ અને શક્તિપંથીઓની ટોળીઓ સામ, દામ અને દંડથી લોકોને લૂંટતી હતી. મોટા ભાગની ધાર્મિક પ્રજા ધર્મના નામે ઊભા થયેલા ભયના ઓથાર નીચે જીવતી હતી.

ધર્મક્ષેત્રની આ અધોગતિ જોઈને નીલકંઠવર્ણીને ભારે વેદના થઈ હતી. એમણે સમાજને વામાચારની નાગચૂડમાંથી છોડાવવાનો દૃઢ સંકલ્પ કર્યો.

આસામનું કામાક્ષીદેવીનું ક્ષેત્ર વામાચારીઓનું મુખ્ય મથક હતું. નીલકંઠવર્ણીએ વામાચારીઓના ગઢમાંથી જ ક્રાંતિનો આરંભ કરવાનો નિર્ણય કર્યો.

નાનકડા નીલકંઠનો આ નિર્ણય જબરો અને જોખમ ભર્યો હતો, પરંતુ એમની નિર્ભયતા દાદ માગી લે એવી હતી. તેઓ વામમાર્ગીઓના ગઢ સમા કામાક્ષી ક્ષેત્રમાં પધાર્યા. નગરની બહાર ઉપવનમાં ઊતર્યા.

અહીં પિબેક નામનો મહાન વામાચારી તાંત્રિક રહેતો હતો. જાતિએ બ્રાહ્મણ હતો, પરંતુ વેદ ભૂલીને વામાચારમાં વળ્યો હતો. પિબેક રજોપાન અને સુરાપાનમાં અજોડ ગણાતો અને એટલે જ એનું નામ પિબેક પડ્યું હતું.

પિબેકે પોતાના સાગરીતોની જબરી ટોળી વિકસાવી હતી. આ ટોળી એક પ્રકારની ત્રાસવાદીઓની જ ટોળી હતી. આ ટોળી મંત્રતંત્રના નામે લોકોને ભયભીત કરતી હતી અને યેન કેન પ્રકારેણ ડરાવી-ધમકાવી લોકોમાં ધાક જમાવતી હતી. પરિણામે આ સમસ્ત વિસ્તારમાં પિબેકની હાક વાગતી હતી.

નીલકંઠ સંત-સમુદાય સાથે નગરના ઉપવનમાં ઊતર્યા હતા. પિબેકને આ વાતની ખબર પડી એટલે તે પોતાની તાંત્રિક ટોળી લઈને ઉપવનમાં આવ્યો. એણે વૃક્ષો નીચે શાંતિથી ભજન-સ્મરણ કરનારા સંતોને પડકાર કરીને કહ્યું કે, “છોડો તમારા છાપાં-તિલક, તોડો તમારી કંઠીઓ અને મારે શરણે આવી જાવ, નહિતર મારા મંત્રને પ્રભાવે તમે બધા માર્યા જશો.”

પિબેકની હાક સાંભળી સાધુ-સંતો ભયભીત થયા ત્યારે નાનકડા નીલકંઠે કહ્યું, “તમારે ડરવાની જરૂર નથી. પિબેક પહેલા મને ચેલો બનાવે, પછી તમે બનજો!”

‘આ નાનકડો બ્રહ્મચારી સાધુઓને રોકી રહ્યો છે’ એ જોઈને પિબેક અતિ ગુસ્સે થયો અને બોલ્યો, “બ્રહ્મચારી! મારી તાકાતની તને ખબર નથી. હું આ પ્રદેશનો મહાસિદ્ધ પિબેક છું. મારા મંત્રો ક્યારેય નિષ્ફળ જતા નથી.”

વજાસને બિરાજમાન નીલકંઠ કંઈ બોલ્યા નહિ. તેઓ માત્ર મંદ મંદ હસતા પિબેકની સામે જોઈ રહ્યા.

નીલકંઠના નેત્રમાંથી નીકળતું તેજ પિબેક સહન કરી શકતો નહોતો. નીલકંઠના મૌન પ્રતિભાવથી પિબેકના અહંકારને ઠેસ પહોંચી. એણે મંત્ર-તંત્ર અને ધાક-ધમકીના જોરથી નીલકંઠને નમાવવાનો પ્રયાસ કર્યો અને કહ્યું, "છોકરા! સાનમાં સમજી જા, નહિતર પળવારમાં તને ભસ્મ કરી નાખીશ."

કામાક્ષીપુરીના ઉપવનમાં નીલકંઠવર્ણી સાથે પિબેકે પોતાની કહેવાતી મંત્રશક્તિથી મોરચો માંડ્યો હતો.

નાની ઉંમરના નીલકંઠનું આત્મબળ જબરું હતું. વામતાંત્રિકોના ગઢમાં જ એમણે વામાચારીઓને પડકાર્યા હતા.

નીલકંઠે કહ્યું, "પિબેક! મારવું અને જીવાડવું એ હરિના હાથમાં છે, તારા હાથમાં નથી! તારાથી થાય તે કરી લે."

ચોટ ખાધેલા સર્પની જેમ ફૂંફાડા મારતો પિબેક બોલ્યો, "છોકરા! તારી નાની ઉંમર જોઈને મને દયા આવે છે. જો મારી તાકાતનો પરચો તને બતાવું!"

આમ કહીને પિબેકે હાથમાં પાણીની અંજલિ ભરી. અગડમ બગડમ મંત્ર બોલ્યો અને સિદ્ધો જેની નીચે ઊતર્યા હતા એ વડલાના વૃક્ષની ડાળી ઉપર અંજલિ છાંટી. વડલાની શાખા પળવારમાં ભસ્મીભૂત થઈ ગઈ.

આસપાસના બધા જ લોકો સ્તબ્ધ બનીને જોઈ રહ્યા. નીલકંઠ સાથે આવેલા મહાત્માઓ વિશેષ ભયભીત થયા. આ બાજુ નીલકંઠે પિબેકને કહ્યું, "પિબેક! સંહાર કરતાં સર્જન શ્રેષ્ઠ છે. પરમાત્માએ આપેલી શક્તિનો ઉપયોગ સર્જન માટે કરાય, વિનાશ માટે નહીં."

આટલું કહી નીલકંઠ બ્રહ્મચારીએ સુકાયેલી વડલાની ડાળ સામે દૃષ્ટિ માંડી અને એ અમૃત ભરેલી દૃષ્ટિના પ્રભાવે જોત-જોતામાં સળગીને કાળીભઠ્ઠ થયેલી ડાળીમાં હરિયાળી ફૂટી અને શાખા હતી એવી ને એવી હરીભરી થઈ ગઈ!

પિબેક આ જોઈને સ્તબ્ધ થઈ ગયો. એને પોતાનો પ્રતિસ્પર્ધી ભારે બળવાન લાગ્યો. એના અહંકારે વધારે ચોટ ખાધી. આ રીતે એને પડકારનાર હજી સુધી મળ્યો નહોતો.

પિબેકના સાગરીતો પણ નીલકંઠની દૃષ્ટિના અલૌકિક પ્રભાવને જોઈને દંગ થઈ ગયા હતા. એમના મનમાં થયું, 'પિબેક હવે આ છોકરાને નહીં છોડે!'

પિબેકે સીધું નીલકંઠવર્ણી ઉપર મંત્ર-શક્તિથી આક્રમણ કર્યું. તંત્રવિદ્યાના અનેક જાતના મલિન મંત્રો દ્વારા નીલકંઠને પરાજિત કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ એ કોઈ

પણ મંત્ર-શક્તિ નીલકંઠના દિવ્ય-તેજોમય વર્તુળને ભેદી ન શકી.

મલિન મંત્રોનો સ્વભાવ હોય છે, જો એ લક્ષ્યમાં સફળ ન થાય તો પ્રયોગ કરનારાને જ પીડે છે. દીવાલ સાથે જોરથી અથડાયેલો દડો એટલા જ વેગથી પાછો આવે, એ રીતે પિબેકની શક્તિઓ પાછી પડી અને પિબેકને જ પછાડી મૂર્છિત કર્યો.

પિબેક પોતાની જ શક્તિઓનો શિકાર બન્યો. એ મૃતઃપ્રાય થઈ ગયો; એની આંખોના ડોળા ફાટી ગયા; મોઢે ફીણ આવી ગયાં અને શરીર લાકડાં જેવું થઈ ગયું. પિબેકની આ દશા જોઈ તેમની સાથેની સિદ્ધ ટોળી પલાયન થઈ ગઈ.

પિબેકના સગાં-સંબંધીઓ પિબેકની અવદશા સાંભળી દોડતાં આવ્યાં અને નીલકંઠવર્ણીને પ્રાર્થના કરી, “આપ કૃપા કરી પિબેકને ક્ષમા કરો અને એને જીવિત કરો.”

નીલકંઠે કૃપા કરી પિબેકને મલિન વિદ્યાના પાશથી મુક્ત કર્યો. પિબેક પરાજિત થયો અને નીલકંઠવર્ણીને શરણે થયો. પિબેકે નીલકંઠવર્ણી સાથેના બધા સાધુ-સંતોને સીધાં-પાણી આપી જમાડ્યા અને નીલકંઠ પાસે પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત માંગ્યું.

નીલકંઠે કહ્યું, “પિબેક! તું હવે તારા મલિન મંત્રોને ભૂલી જા; વામાચારનો ત્યાગ કર અને સાત્ત્વિક ભાવે ભગવાન નારાયણની આરાધના કર. નિર્દોષોને રંજાડવાનું છોડી દે, એ જ તારું પ્રાયશ્ચિત છે.” પિબેકે નીલકંઠની વાતને હૃદયથી સ્વીકારી લીધી.

વામમાર્ગીઓના ગઢમાં જ વામમાર્ગીઓને પરાસ્ત કરી કામાક્ષી દેવીનાં દર્શન કરી નીલકંઠ આસામના ગાઢ જંગલોમાંથી પસાર થતાં થતાં બંગાળ તરફ આગળ વધ્યા.

સિદ્ધોને અનેકરૂપે દર્શન

બંગાળની ભૂમિમાં આગળ વધતાં રસ્તામાં નવલખો પર્વત આવ્યો. અડાબીડ જંગલોથી ઘેરાયેલા આ વિશાળ પર્વતમાં સેંકડો સિદ્ધપુરુષો ગુપ્ત રીતે વસતા હતા. યોગશક્તિથી તેઓ હજારો વર્ષનું આયુષ્ય ભોગવતા હતા. નવલખો પર્વત એમની સાધનાની ભૂમિ હતી. લોકવાયકા પ્રમાણે નવ લાખ સિદ્ધોનો અહીં નિવાસ હોવાથી આ પર્વત ‘નવલખા પર્વત’ તરીકે પ્રસિદ્ધ હતો.

દિવ્ય અને સૂક્ષ્મ રીતે વિરહતા આ દિવ્ય સિદ્ધો સામાન્ય માનવીઓ માટે અગોચર હતા. આ સિદ્ધો દિવસે અદૃશ્ય રહેતા અને રાત્રે સિદ્ધ દેહે પ્રગટ થઈ સાધના કરતા. આ સિદ્ધપુરુષોને નીલકંઠરૂપે પધારી રહેલ પરમાત્માના આગમનની આગોતરી જાણ થઈ ચૂકી હતી.

આ યોગીઓને માત્ર સમાધિમાં નહીં પરંતુ સદેહે વિચરણ કરતા પ્રત્યક્ષ પરબ્રહ્મને નીરખવા હતા. એટલા માટે તો એમણે હજારો વર્ષની પોતાની સિદ્ધ કાયાને ટકાવી

રાખી હતી. આજે નવલખા પર્વત ઉપર નીલકંઠની પધરામણીથી યોગીઓના મનોરથ ફલીભૂત થઈ રહ્યા હતા.

નીલકંઠના આગમન સમયે આ બધા સિદ્ધપુરુષો પોતાના ગુપ્ત સ્વરૂપોને છોડી સદેહે પ્રગટ થયા, એમણે નીલકંઠવર્ણીનું સ્વાગત કર્યું. સિદ્ધોની વિશાળ સભા થઈ.

નીલકંઠવર્ણીએ સિદ્ધોને કહ્યું, "હે મહાન યોગીપુરુષો! તમારાં દર્શનથી અમને ખૂબ આનંદ થયો છે."

યોગીઓએ કહ્યું, "વર્ણીરાજ! ધન્ય તો અમે છીએ કે અમને અમારી યોગસાધનાના ફળસ્વરૂપે સાક્ષાત્ વિચરતા પરબ્રહ્મનાં દર્શન થયાં. અમે કૃતાર્થ થયા છીએ. હે નીલકંઠ! અમારું હિત થાય એવા શુભ વચનો કહો."

નીલકંઠવર્ણીએ કહ્યું, "હે યોગીપુરુષો! સત્સંગ જેવો કોઈ શ્રેષ્ઠ યોગ નથી. હઠયોગની સાધના કરી હજારો વર્ષ દેહ ધારવો એના કરતાં સત્સંગ કરી મનુષ્યદેહને સફળ કરી મુક્તિની પ્રાપ્તિ કરવી એ વિશેષ શ્રેષ્ઠ છે."

"હજારો વર્ષ દેહ ધારવાથી શું વળે? આ પર્વતો પણ હજારો વર્ષથી દેહ ધારીને ઊભા છે. માટે હવે તમે તમારી યોગસાધનાની સમાપ્તિ કરો, આ યોગસિદ્ધ અમર કાયાનો ત્યાગ કરો, સત્સંગમાં જન્મ ધારણ કરો, અમારા એકાંતિક સત્પુરુષોનો સમાગમ કરો, અમારા સ્વરૂપનો યથાર્થ મહિમા સમજો અને માયાથી પર જે અક્ષરધામ, તેનાથી પર જે અમારું પુરુષોત્તમ સ્વરૂપ તેની પ્રાપ્તિ કરો."

"હે યોગીપુરુષો! મોટા ભાગના યોગીઓ અક્ષરબ્રહ્મની ઉપાસનામાં અટકી જાય છે, પરંતુ **'अक्षरात् परतः परः'** અક્ષરથી પર પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરવી એ જ ચાર વેદ અને સર્વ શાસ્ત્રોનો સાર છે." (मुंडकोपनिषद् २-२)

નીલકંઠવર્ણીની વાત સાંભળી યોગીઓ અત્યંત ભાવવિભોર થયા અને બોલ્યા, "હે નીલકંઠ! અમે ભાગ્યશાળી છીએ કે અમને અક્ષરબ્રહ્મના અધિપતિ પૂર્ણપુરુષોત્તમ નારાયણની સદેહે પ્રાપ્તિ થઈ. આપના આ દર્શનથી અમારી યોગ-સાધના ફલીભૂત થઈ. હવે આપના આદેશ પ્રમાણે અમે સર્વ યોગમાં શ્રેષ્ઠ એવા 'સત્સંગયોગ'નું સેવન કરીશું."

આ રીતે સંવાદ ચાલતો હતો ત્યારે સિદ્ધપુરુષોના મનમાં સંકલ્પ થયો કે, 'આપણે નીલકંઠવર્ણીની પૂજા કરવી છે.'

અંતર્યામી નીલકંઠવર્ણીએ સિદ્ધોનો શુભ મનોરથ જાણીને પોતાના અલૌકિક ઐશ્વર્યના પ્રભાવે સેંકડો સ્વરૂપ ધારણ કર્યાં અને સર્વ સિદ્ધોને એકસાથે મળ્યા. એમનાં પૂજન-અર્ચનનો સ્વીકાર કર્યો! જોતજોતામાં અનેક નદીઓ મહાસાગરમાં સમાય એમ સર્વરૂપો નીલકંઠમાં સમાયાં.

નીલકંઠવર્ણીના આ અદ્‌ભુત ઐશ્વર્યને જોઈને સર્વ સિદ્ધો આભા બન્યા અને ગદ્‌ગદ્ કંઠે સ્તુતિ કરતાં કરતાં પૂજન-અર્ચન કરવા લાગ્યાં.

ભારતીય યોગીઓના ઐશ્વર્ય-સામર્થ્યની કથાઓ 'માનો યા ન માનો' જેવી છે. એમના માટે અદશ્ય રહેવું, પ્રત્યક્ષ થવું, એકસાથે અનેકરૂપ ધરવાં વગેરે કોઈ નવાઈની વાત નથી. ભગવાન શ્રીરામ, શ્રીકૃષ્ણ જેવા અવતારો, સૌભરી જેવા તપોધન યોગીઓના ચરિત્રોમાં આવા અનેક પ્રસંગોનું વર્ણન છે.

આ વર્ણનો દંતકથાઓ નથી. વિજ્ઞાનક્ષેત્રે ક્વૉન્ટમ ફિઝિક્સના વિકાસે આવી સંભાવનાઓનો સ્વીકાર કર્યો છે, જેની વિશેષ ચર્ચા આ ગ્રંથની પ્રસ્તાવનામાં કરવામાં આવી છે.

જયરામદાસનું આખ્યાન

નવલખા પર્વતના યોગીઓનો ઉદ્ધાર કરી, નીલકંઠવર્ણી સુપ્રસિદ્ધ તીર્થ બાલવાકુંડ થઈને ગંગાસાગર પધાર્યા. ગંગાસાગર અનુપમ તીર્થ છે. અહીં ગંગાજી સાગરને મળે છે. અહીં ભગવાન કપિલ નારાયણનો આશ્રમ છે. હજારો વર્ષ પહેલા ભગવાન કપિલ નારાયણે અહીં તપશ્ચર્યા કરી હતી.

આ જ તીર્થસ્થળે ભગવાન કપિલજીના કોપરૂપી અગ્નિથી સગર રાજાના સાંઈઠ હજાર પુત્રોનો વિનાશ થયો હતો. રઘુકુળભૂષણ મહારાજ ભગીરથ સ્વર્ગવાહિની ગંગાજીને ધરતી ઉપર ઉતારી અહીં લાવ્યા હતા અને સગરપુત્રોનો ઉદ્ધાર કર્યો હતો.

મકરસંક્રાંતિનું મંગલ પર્વ નીલકંઠવર્ણીએ કપિલાશ્રમમાં ઊજવ્યું. ત્યાર બાદ એમણે જગન્નાથપુરીની વાટ લીધી.

કપિલાશ્રમથી નીકળીને જગન્નાથપુરી તરફ દરિયાકિનારે આગળ વધતાં વધતાં નીલકંઠ એક ગામમાં પધાર્યા. આ ગામમાં બે બાવાજી રહેતા હતા. એક બાવાજી સંસારમાં રહીને હરિભજન કરતા હતા, બીજા બાવાજી સંસારનો ત્યાગ કરીને હરિભજન કરતા હતા.

પહેલા બાવાજી કર્મયોગી કહેવાતા, બીજા બાવાજી વૈરાગી તરીકે ઓળખાતા. બન્ને અલગ-અલગ મંદિરોમાં ભગવાન રામચંદ્રજીની સેવા-પૂજા કરતા હતા. બન્નેના અંતરમાં ભગવાન શ્રીરામચંદ્રજી પ્રત્યે અપાર ભક્તિ હતી.

કર્મયોગી બાવાજીને બે પુત્રીઓ અને જયરામ નામે એક પુત્ર હતો. બીજા બાવાજી વૈરાગી હોવાથી સહજ રીતે એમને કોઈ પરિવાર નહોતો. તેઓ એકલા જ રહેતા અને ભજન-ભક્તિ કરતાં.

નીલકંઠવર્ણી વૈરાગી મહંતના મંદિરમાં ઊતર્યા. મંદિરમાં રોજ રાત્રે તુલસીકૃત રામાયણની કથા થતી હતી. અનેક લોકો સાંભળવા માટે એકઠા થતા હતા.

રામાયણની ચોપાઈઓનો દુર્ગમ અર્થ સમજવા માટે લોકો પ્રશ્ન કરતા, ત્યારે પેલા વૈરાગી મહાત્મા ઊલટો-સૂલટો અર્થ સમજાવતા હતા.

નીલકંઠને આ વાત રુચિ નહિ. એમણે સવિનય હાથ જોડીને કહ્યું, "મહંતજી! જો તમે રાજી થઈને આજ્ઞા આપો તો આ ચોપાઈઓનો અર્થ હું સમજાવું."

નીલકંઠનો વિનય જોઈ મહંતજી રાજી થયા અને સંમતિ આપી. નાના નીલકંઠ બ્રહ્મચારી રામાયણની ચોપાઈઓનો અર્થ સમજાવવા લાગ્યા.

નીલકંઠવર્ણીના મુખેથી રામાયણનું સુંદર નિરૂપણ સાંભળીને ગુણગ્રાહી મહંતજી અને લોકો અત્યંત રાજી થયા. પછી તો નાના નીલકંઠ બ્રહ્મચારીના મુખેથી રામાયણની કથાનું શ્રવણ કરવા માટે લોકોની ભીડ જામવા લાગી.

ગામમાં બીજા જે કર્મયોગી બાવાજી હતા, એમણે નીલકંઠની કીર્તિ સાંભળી. તેઓ પોતાની બે દીકરીઓ અને પુત્ર જયરામદાસ સાથે કથાશ્રવણ કરવા આવવા લાગ્યા.

નીલકંઠના મુખેથી કથાનું શ્રવણ કરતા કર્મયોગી બાવાજીના અંતરમાં અત્યંત આનંદ થયો. તેઓએ વૈરાગી મહંતની રજા લઈને નીલકંઠને પોતાનાં મંદિરે પધરાવ્યા.

સંસારમાં રહેવા છતાં પણ બાવાજીના ચિત્તની વિતરાગી અવસ્થા જોઈને નીલકંઠ અત્યંત રાજી થયા. બાવાજીએ પોતાના પુત્ર જયરામદાસનો હાથ નીલકંઠ વર્ણીના હાથમાં સોંપ્યો અને વિનંતી કરી કે, "તમે મારા આ પુત્રને શાસ્ત્રાભ્યાસ કરાવો."

જયરામદાસની ઉંમર નાનકડા નીલકંઠ જેટલી જ હતી, એટલે બન્ને વચ્ચે ભારે મિત્રતા જામી. નીલકંઠ બ્રહ્મચારી જયરામદાસને શાસ્ત્રાભ્યાસની સાથોસાથ યોગાભ્યાસ પણ કરાવવા લાગ્યા. જયરામદાસ પણ શ્રદ્ધા અને ઉત્સાહથી અભ્યાસ કરવા લાગ્યા.

જયરામદાસની પાત્રતા ઉત્તમ હતી. તેઓ પૂર્વના યોગભ્રષ્ટ જીવ હતા. એમાં નીલકંઠની કૃપા ભળી, પરિણામે જયરામદાસને શાસ્ત્રોનું જ્ઞાન થવા લાગ્યું.

એક સમયે નીલકંઠવર્ણી સ્વસ્વરૂપનું ધ્યાન ધરી રહ્યા હતા. કર્મયોગી બાવાજી અને એમનો સમગ્ર પરવાર નીલકંઠવર્ણીના દર્શન કરી રહ્યો હતો. એ જ સમયે નીલકંઠવર્ણીના સૂકલકડી શરીરમાંથી દિવ્ય શીતળ-શાંત તેજ નીસરવા લાગ્યું. ચોતરફ પ્રસરી રહેલા તેજો મંડળમાં નીલકંઠની શ્યામ-સુંદર મૂર્તિ અત્યંત શોભી રહી હતી.

સમગ્ર પરિવાર આ દિવ્ય તેજોમંડળમાં બિરાજમાન નીલકંઠના દર્શન કરતાં કરતાં ભાવવિભોર બની ગયો અને સમાધિમાં સરી પડ્યો ! કેટલો સમય પસાર થયો એની સૂધબૂધ રહી નહીં. નીલકંઠની જ ઇચ્છાથી ભાવસમાધિમાંથી જાગ્યા તો હજુ પણ

નીલકંઠ એ જ ધ્યાનમુદ્રામાં વિરાજમાન હતા.

સર્વના અંતરમાં અહોભાવ છલકાઈ રહ્યો હતો. નીલકંઠના વેશમાં સાક્ષાત્ શ્રીહરિ પોતાને ત્યાં પધાર્યા છે, એવો અહેસાસ સર્વના અંતરમાં થઈ રહ્યો હતો.

જયરામદાસનાં માતા-પિતા અને પરિવારજનો નીલકંઠને કાયમને માટે પોતાને ત્યાં રાખવા ઇચ્છતાં હતાં, પરંતુ વિતરાગી નીલકંઠવર્ણીને આવાં બંધન પાલવે એમ નહોતાં. એક દિવસ રાતોરાત નીલકંઠ બ્રહ્મચારી કોઈ ન જાણે તેમ ત્યાંથી નીકળી ગયા.

સવારમાં નીલકંઠને નહીં જોતા સમસ્ત પરિવાર અત્યંત આકુળવ્યાકુળ થયો. જયરામદાસના માતુશ્રી તથા બન્ને પુત્રીઓ અત્યંત રૂદન કરવા લાગ્યાં અને અન્ન-જળ છોડી દીધું. જયરામદાસના માતુશ્રીએ જયરામદાસને આજ્ઞા કરી, “તું ગમે એમ કરીને નીલકંઠને શોધીને પાછા લઈ આવ.”

જયરામદાસ નીલકંઠવર્ણીને શોધતાં શોધતાં જગન્નાથપુરીને માર્ગે આગળ વધ્યા. દેવ ઇચ્છાએ માર્ગમાં નીલકંઠનો ભેટો થયો. જયરામદાસજીએ નીલકંઠવર્ણીને પાછા વળવાનો ખૂબ આગ્રહ કર્યો. પરિવારજનોની કરુણ દશાનું વર્ણન કર્યું, પરંતુ નીલકંઠ ન માન્યા તે ન જ માન્યા.

જયરામદાસના મનની સ્થિતિ દ્વિધાથી ભરેલી હતી. એક બાજુ તેઓ નીલંકઠનો સાથ છોડવા માગતા નહોતા, બીજી બાજુ માતા-પિતા અને દેહ-ગેહ પ્રત્યેનું મમત્વ એના હૈયામાંથી છૂટતું ન હતું.

આશ્ચર્યની વાત એ છે કે, જયરામદાસે નીલકંઠવર્ણીના અનેક ચમત્કારો નજરોનજર નિહાળ્યા હતા. નીલકંઠે કૃપા કરીને એને સમાધિ પણ કરાવી હતી. પ્રેમમૂર્તિ નીલકંઠની હાજરીમાં હિંસક પ્રાણીઓની હિંસકવૃત્તિ હરાઈ જતી હતી. સિંહ, વાઘ અને હરણાઓ એક ઘાટે પાણી પીતાં હતાં. જયરામદાસે આ બધુ પોતાની સગી આંખે જોયું હતું, છતાં એના સાંસારિક રાગોનો અસ્ત થયો ન હતો.

મર્મની વાત એ છે, કે ચમત્કારો કે સમાધિથી સાંસારિક રાગોનું શમન થતું નથી. રાગોનું શમન તો જ્ઞાન અને વૈરાગ્યથી થાય છે. જ્ઞાન અને વૈરાગ્યનું કારણ સત્સંગ છે. એટલે જ સત્સંગને સમાધિ કરતાં પણ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. ભાગવતજીના એકાદશ સ્કંધમાં ભગવાન શ્રીકૃષ્ણે આ મર્મ સમજાવ્યો છે. વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ આ જ વાત સમજાવી છે કે, ‘સમાધિ કરતાં પણ સત્સંગ શ્રેષ્ઠ છે. સમાધિઓ થતી હોય છતાં હૃદયના અવ્યક્ત રાગો યોગીઓને સમાધિમાંથી સંસારમાં પાછા લાવે છે, પરંતુ જો સાચા સંતોનો સમાગમ કરીને જ્ઞાન-વૈરાગ્ય કેળવ્યા હોય તો અંતરના અવ્યક્ત રાગો પણ નિર્મૂળ થઈ જાય છે.’

બીજી મહત્વની વાત એ છે, કે ઉત્તમ સદ્‌ગુરુનો સંગ મળે છતાં જીવમાં બાળકબૃદ્ધિ હોય, તો પણ જ્ઞાન અને વૈરાગ્યનો ઉદય થતો નથી. નાદાન માણસોને સર્વ મનોરથ સિદ્ધ કરનાર ચિંતામણિ મળે પણ એ ચિંતામણિથી કાગડા જ ઉડાડે ! કારણ કે એને ચિંતામણિનો જોઈએ એવો પ્રભાવ જણાયો નથી.

જયરામદાસની સ્થિતિ આવી જ હતી. એને સદ્‌ગુરુ વેશે સાક્ષાત્ શ્રીહરિ મળ્યા હતા, છતાં બાળકબુદ્ધિ હોવાથી એના અંતરમાં હજું જ્ઞાન અને વૈરાગ્ય પાક્યાં ન હતાં. પરિણામે એના રાગ પણ શમ્યા નહોતા.

જ્ઞાન અને વૈરાગ્ય ઉદય થયાનો બીજો માર્ગ છે 'અણધાર્યા દુ:ખનો.' વાર્યા ન રહે એ હાર્યા રહે એ ન્યાયે ઘણાં મુમુક્ષુઓ માટે દુ:ખ વૈરાગ્યના ઉદયનું કારણ બનતું હોય છે.

જયરામદાસના હૃદયમાં જ્ઞાન અને વૈરાગ્ય ઉપજાવવા માટે હવે એ જ એકમાત્ર માર્ગ બચ્યો હતો. નીલકંઠ વર્ણી આ વાત સારી પેઠે સમજતા હતા. તેઓ ભારે ધૈર્યથી આ મુમુક્ષુનું જતન કરવા માગતા હતા. એમણે જયરામદાસને જગન્નાથપુરી સુધી સાથે રાખ્યા. એક દિવસ નીલકંઠ વર્ણીએ કહ્યું, "જયરામદાસ ! તમે પાછા વળો, ઘરે જાઓ. તમારાં માતા-પિતા તમારી ચિંતા કરતા હશે."

જયરામદાસે કહ્યું, "વર્ણીરાજ! હું તમને લીધા સિવાય પાછો જવાનો નથી. તમે પાછા નહિ વળો ત્યાં સુધી હું તમારી સાથે રહીશ."

નીલકંઠ વર્ણીએ કહ્યું, "જયરામદાસ! તમારો વૈરાગ્ય હજુ પાક્યો નથી. તમારા મનની સ્થિતિ દેહ અને ગેહ પ્રત્યે આસક્તિ અને વૈરાગ્ય વચ્ચે ઝોલા ખાઈ રહી છે, તેથી તમે અમારી સાથે ન રહી શકો. તમારા ભવિષ્યને અમે જાણીએ છીએ. તમે ઘર-સંસાર માટે સર્જાયા નથી, પરંતુ હાલમાં તમારા હૃદયમાં વૈરાગ્યના બીજ જોઈએ એવાં પાંગર્યાં નથી."

"જયરામદાસ ! સંસારની આસક્તિનો નાશ કાં તો જ્ઞાન અને વૈરાગ્યથી થાય છે અથવા તો દુ:ખોથી થાય છે. દેશ-કાળને પ્રભાવે તમારી દેહ-ગેહની આસક્તિનો નાશ થાય, ત્યાર બાદ પશ્ચિમ ભારતમાં અમને મળજો. એ સમયે અમે તમને ભાગવતી દીક્ષા આપી સાધુ કરીશું." નીલકંઠે જયરામદાસને સમજાવીને પાછા વાળ્યા.

નીલકંઠના વચનોમાં ભવિષ્યમાં જયરામદાસને આવનાર દુ:ખોનો સંકેત હતો.

ઘર તરફ પાછા વળતા જયરામદાસને અનેક આપત્તિઓનો સામનો કરવો પડ્યો. ભૂખ, તરસ વગેરે અનેક પ્રકારની પીડાઓ ભોગવવી પડી. અધૂરામાં પૂરું શરીરમાં શીતળાનો રોગ થયો. જયરામદાસ એકલા અટૂલા હતા. ચાકરી કરનાર કોઈ હતું નહિ. શરીરમાં અસહ્ય પીડા થઈ રહી હતી.

શરીરની આ પીડા જયરામદાસ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ. શીતળાના રોગે જયરામદાસના મનમાંથી શરીર પ્રત્યેની આસક્તિ હરી લીધી. જાતજાતની ઉપાધિઓને લીધે જયરામદાસના અંતરમાં સંસાર પ્રત્યે વૈરાગ્ય મજબૂત થયો. જયરામદાસે ઘરે જવાનું માંડી વાળ્યું અને નીલકંઠવર્ણીનાં દર્શન માટે પશ્ચિમ ભારતની વાટ પકડી.

આ દરમ્યાન નીલકંઠવર્ણી સૌરાષ્ટ્રના લોજ ગામે પહોંચી ચૂક્યા હતા. ઉદ્ધવાવતાર સમર્થ સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનું મિલન થઈ ચૂક્યું હતું. ચારે દિશામાં નીલકંઠની કીર્તિ પ્રસરી ચૂકી હતી.

નીલકંઠવર્ણીને શોધતા શોધતા જયરામદાસ લોજ પહોંચ્યા. જેવા નીલકંઠનાં દર્શન થયા, એ જ સમયે બન્ને પરસ્પર એકબીજાને ઓળખી ગયા. આનંદના આવેગથી ઉભરાતા હૈયે જયરામદાસે દોડીને નીલકંઠવર્ણીના ચરણ પકડી લીધા. પછી હાથ જોડીને બોલ્યા,

વળી હેતે બોલ્યો જોડી હાથ, તમે મુજને કહ્યું ઘણું નાથ |
પણ મુજથી ન વાત મનાણી, હવે વાત જથારથ જાણી ||૨૮||
ક્ષણભંગુર જાણીયો દેહ, સગાં-સંબંધીથી તજ્યો સ્નેહ |
તેથી આવિયો છું તમ પાસ, સદા સેવામાં રહેવાની આશ ||૨૯||

(હરિલીલામૃત-ક-૩,વિ-૧૦)

'હવે આનો વૈરાગ્ય પરિપક્વ થયો છે', એમ જાણીને નીલકંઠવર્ણીએ જયરામદાસને સાધુ કર્યા અને 'જિજ્ઞાસાનંદસ્વામી' નામ રાખ્યું.

પૃથ્વીનો ભાર હળવો થયો

પૂર્વ ભારતમાં બંગાળ પ્રદેશમાંથી પસાર થઈ રહેલા નીલકંઠવર્ણીએ જોયું હતું કે, એક સમયે ચૈતન્ય મહાપ્રભુએ બંગાળમાં ભક્તિની ભાગીરથીનાં જે નીર વહાવ્યાં હતાં, એ નીરને વામાચારીઓ, તાંત્રિકો અને માંત્રિકોએ પ્રદૂષિત કર્યાં હતાં. નીલકંઠવર્ણી આ વૈષ્ણવી ગંગાના નીરને ફરીથી નિર્મળ કરવા માગતાં હતાં.

પૂર્વ ભારતમાં ધર્મક્ષેત્રે એક બીજો પ્રવાહ વહેતો હતો, જે કેટલાક ભેખધારી વૈરાગીઓની જમાતોનો પ્રવાહ હતો. આ લોકોને શાસ્ત્રો સાથે કશી લેવા દેવા ન હતી. શાસ્ત્રોને બદલે શસ્ત્ર જ એના શણગાર હતાં. જાતજાતના અંગ-કસરતના દાવો કરવા, હથિયારોની પટ્ટાબાજી ખેલવી, એ એમની સાધના હતી.

કહેવાય છે કે એક સમયે ધર્મની રક્ષા માટે આ હથિયારધારી સાધુઓનો સમૂહ રચવામાં આવેલો, પરંતુ સમય જતાં ધર્મની રક્ષાને બદલે આ લોકો ધર્મના નામે લોકોનું

શોષણ કરતા થઈ ગયા હતા. એ જમાનામાં લોકો આ ભેખધારીઓને 'નાગડા બાવા' તરીકે ઓળખતા.'

આ ભેખધારી બાવાઓ નાની-મોટી ટોળીઓમાં ભારતવર્ષમાં ઘૂમતા રહેતા, લોકોને ભયભીત કરતા, ધાક જમાવી ધન-સંપત્તિ લૂંટી લેતા. બળજબરીથી 'કાલી રોટી' અને 'સફેદ દાળ'નાં સીધાં માગતાં. 'કાલી રોટી અને સફેદ દાળ' એ એમનો સાંકેતિક શબ્દ હતો. મફતના માલપૂડા અને દૂધપાક માટે તેઓ આ શબ્દનો પ્રયોગ કરતા. એ સમયના રાજા, મહારાજાઓ કે અંગ્રેજો પણ આ ટોળીઓને નાથી શક્યા નહોતા.

જોકે, આ જમાતોમાં ખારા રણમાં મીઠી વીરડી જેવા ભજનાનંદી મહાત્માઓ અને મહંતો પણ હતા, પરંતુ એમની સંખ્યા આંગળીના વેઢે ગણાય એટલી હતી. માથાભારે ભેખધારીઓના ઝૂંડમાં એમનું કાંઈ ઊપજતું નહોતું.

વિક્રમ સંવત ૧૮૫૩ની સાલ હતી, ચૈત્ર સુદ પૂર્ણિમાનો દિવસ હતો. ભારતવર્ષના તીર્થોમાં ભ્રમણ કરતાં કરતાં નીલકંઠવર્ણી જગન્નાથપુરી પધાર્યા હતા અને વિક્રમ સંવત ૧૮૫૪, મહા વદી સપ્તમીના દિવસ સુધી, અર્થાત્ આશરે દસ માસ સુધી નીલકંઠ જગન્નાથપુરી રોકાયા હતા.

નીલકંઠવર્ણી નિયમિત સમુદ્રસ્નાન કરી, જગન્નાથપુરીમાં ભગવાન જગન્નાથના દર્શન કરતા અને આરાધના કરતા. ભજનાનંદી વૈરાગીઓને નીલકંઠ સાથે સત્સંગ કરવાનું ત્યારે ગમતું હતું. આ વૈરગીઓને નીલકંઠમાં કોઈ દૈવી પ્રભાવના દર્શન થતાં હતા પરંતુ અનાડીઓની સંખ્યા અનેકગણી વધારે હતી.

ભારતવર્ષના ભ્રમણ દરમ્યાન દેવભૂમિ ભારતમાં નીલકંઠે અધર્મનો વિસ્તાર નજરોનજર નિહાળ્યો હતો. નીલકંઠ આ અધર્મને કોઈ પણ ભોગે દૂર કરવા ઇચ્છતા હતા. જગન્નાથપુરીના નિવાસ દરમ્યાન એમણે એક સુંદર યુક્તિ વિચારી.

નીલકંઠ સત્સંગ અને સાધનાને બહાને અલગ અલગ ટોળીઓના મહંત પાસે રહેવા લાગ્યા. નીલકંઠ જ્યાં રહે ત્યાં દોડીદોડીને ટેલચાકરી કરતા, એટલે જમાતના આગેવાનને એના ઉપર ભાવ થતો. થોડા સમય બાદ નીલકંઠ બીજી ટોળીના આગેવાન પાસે જતા રહેતા.

ગૃહસ્થોને જેમ પુત્રોની તૃષ્ણા હોય, એમ સાધુ-બાવાઓને શિષ્યોની તૃષ્ણા હોય! આ ટોળીઓમાં પરસ્પર ભારે સ્પર્ધા અને સંઘર્ષ હતાં જ, એમાં પણ શિષ્યની તૃષ્ણાએ અગ્નિનું કામ કર્યું. નીલકંઠવર્ણી બીજા મહંત પાસે જાય એટલે પેલા મહંતને એમ થાય કે, "મારા ચેલાને ભોળવીને પડાવી ગયો!"

એક દિવસ એક ઘટના બની. એક ભેખધારીએ નીલકંઠને ભાજી-તરકારી તોડવાનો

આદેશ કર્યો. નીલકંઠે કહ્યું, "હમ ભાજી-તરકારી નહીં તોડેંગે. ઈસસે જીવહિંસા કા પાપ લગતા હૈ."

નીલકંઠવર્ણીએ ભાજી-તરકારી તોડવાની ના પાડી, એટલે પેલા અડબંગી વૈરાગીના અહંકારને ભારે ઠેસ પહોંચી. એણે હાથમાં તલવાર લઈ નીલકંઠને ડારો દીધો.

આ સમયે નીલકંઠ જે જમાતમાં રહેતા હતા તેનો આગેવાન આ જોઈ ગયો, એટલે એ તુરંત જ નીલકંઠનું ઉપરાણું લઈ તલવાર સાથે પેલા બાવા તરફ ધસ્યો.

ગુરુ મહારાજને તલવાર સાથે ધસતા જોઈ એના ચેલાઓએ પણ હથિયાર સજાવ્યાં. પેલી બાજુ પેલા ભેખધારીની ટોળીના સભ્યો પણ હથિયાર સાથે દોડ્યા. ભયંકર કોલાહલ થયો અને પરસ્પર ખાંડાં ખખડવાં લાગ્યાં.

નિષ્કુળાનંદસ્વામી લખે છે કે,

'પ્રથમ તો બોલી ઠોલી થઈ, પછી ઊઠ્યા લઠા મોટા લઈ |૩૭| (ભ.ચિં.પ્ર-૩૪)

સૂકા વનમાં ચિનગારી દાવાનળનું રૂપ ધરે, એમ નીલકંઠની યુક્તિથી નાનકડા સંઘર્ષે ભયંકર લડાઈનું રૂપ લીધું.

નીલકંઠે જોયું કે ભૈરવીશક્તિ ભૈરવને જ ખાઈ જાય, એમ હવે આ પરસ્પરનો સંઘર્ષ ધર્મના કલંકને ધોઈ નાખશે. સંઘર્ષ ચાલતો રહ્યો અને નીલકંઠવર્ણી ત્યાંથી ચૂપચાપ ચાલી નીકળ્યા. હવે એમણે વેંકટાદ્રિની વાટ પકડી.

આ બાજુ પરસ્પરના યુદ્ધમાં આશરે આઠેક હજાર જેટલા નાગડા બાવાઓનો સમુદાય નાશ પામ્યો. કેટલાક ત્યાંથી પલાયન કરી ગયા.

અંગ્રેજ ગૅઝેટની અંદર પણ આ લડાઈની નોંધ લેવામાં આવી છે.

માનસપુરના રાજા સત્રધર્મા

દક્ષિણ ભારતની પુણ્યભૂમિમાં વિચરણ કરતાં કરતાં નીલકંઠવર્ણી પ્રસિદ્ધ તીર્થ આદિકૂર્મ થઈને માનસપુરમાં પધાર્યા. અહીં નગરની બહાર ઉપવનમાં ઊતર્યા.

માનસપુરમાં સત્રધર્મા રાજાનું રાજ હતું. સત્રધર્મા રાજા ખૂબ જ ધાર્મિક સ્વભાવના હતા. નગરની બહાર કોઈ તપસ્વી વર્ણીનું આગમન સાંભળીને રાજા દર્શને આવ્યા.

નીલકંઠનાં દર્શન કરતાં જ સત્ત્વગુણી રાજાની ચિત્તવૃત્તિ ખેંચાઈ ગઈ અને રાજાને સમાધિ લાગી ગઈ. રાજાને સમાધિમાં અક્ષરધામના અધિપતિરૂપે નીલકંઠના દર્શન થયા. સમાધિના અલૌકિક દિવ્ય આનંદમય અનુભવથી રાજાના મનમાં થયું, 'આ નીલકંઠ સામાન્ય માણસ નથી પણ સાક્ષાત્ નારાયણ છે.'

રાજાએ વર્ણીને પ્રાર્થના કરી કે, "વર્ણીરાજ! તમે સાક્ષાત્ નારાયણ છો. કૃપા કરીને

મને તમારે શરણે લો.”નીલકંઠવર્ણીએ રાજાને શરણે લઈ ધર્મોપદેશ આપ્યો.

આ માનસપુરમાં પણ જગન્નાથપુરીની જેમ જ ભેખધારીઓ વૈરાગીઓના અખાડા હતા. આ માથાભારે ભેખધારીઓ વારંવાર ઉપદ્રવ કરતા રહેતા, નિર્દોષ લોકોને રંજાડતા રહેતા. નીલકંઠે આ ત્રાસ જોયો. નીલકંઠને થયું, 'ધરતીનું આ પાપ પણ ઓછું થાય તો સારું!'

આ અરસામાં કોઈ કારણોસર આ ભેખધારીઓ સત્રધર્મા રાજાના સૈનિકો સાથે સંઘર્ષમાં ઊતર્યા. રાજા આ ભેખધારીઓથી કંટાળી ગયો હતો. એણે પોતાના સૈનિકોને છૂટો દોર આપ્યો. સૈનિકોએ સેંકડો ઉદ્ધત બાવાઓનો સંહાર કર્યો.

માનસપુરના સત્રધર્મા રાજાને પોતાનાં સ્વરૂપનું જ્ઞાન આપી, વર્ણીરાજ તૈલંગદેશના ત્રિપદીપુરમાં પધાર્યા.

કૃતઘ્ની સેવકરામ

સિરપુરથી નીલકંઠવર્ણી ભારતના સુપ્રસિદ્ધ તીર્થ વેંકટાચલ પધાર્યા. આ સુપ્રસિદ્ધ તીર્થમાં બિરાજતા ભગવાન તિરૂપતિ બાલાજી અને બાજુના પર્વત પર બિરાજતા પદ્માવતી દેવીના દર્શન કર્યાં. ત્યાર બાદ તેમણે સેતુબંધ રામેશ્વર તરફ પ્રયાણ કર્યું. સેતુબંધ રામેશ્વરને માર્ગે ચાલતાં ચાલતાં નીલકંઠવર્ણીને સેવકરામ નામના સાધુનો ભેટો થયો.

નીલકંઠવર્ણી થોડા દિવસ એમની સાથે ચાલ્યા. એવામાં સંજોગોવશાત્ સેવકરામ માંદો પડ્યો. એને લોહીખંડ પેટબેસણું થયું. નીલકંઠ કરુણામૂર્તિ હતા. તેઓ માંદા સેવકરામની સેવા ભારે ખંતથી કરવા લાગ્યા.

કેળનાં પાંદડાંની હાથ એક ઊંચી પથારી કરી એના ઉપર નીલકંઠ સેવકરામને સૂવડાવતા, એના બગડેલાં વસ્રો ધોતાં. નીલકંઠવર્ણીએ કરેલી સેવાને લીધે સેવકરામ થોડા સમયમાં સાજો થયો અને પછી તો ધીરે ધીરે શેર ઘી પચાવે એવો થયો.

સેવકરામની પાસે રૂપિયા એક હજારની સોનામહોર હતી, પરંતુ સેવકરામ સ્વભાવે ભારે કંજૂસ અને સ્વાર્થી હતો. સેવકરામને જરૂર પડે ત્યારે એમાંથી થોડા સિક્કા નીલકંઠને આપતો અને જે જોઈએ તે ખાવાની સામગ્રી મંગાવતો અને મોજથી આરોગતો. જ્યારે નીલકંઠ આસપાસની વસ્તીમાં ભિક્ષા માગી જમી આવતા.

લોભી સેવકરામે ક્યારેય પણ નીલકંઠને એવો વિવેક ન કર્યો કે, 'મારી પાસેના પૈસાથી ખરીદીને તમે પણ પાશેર અન્ન જમો.'

હવે એની તબિયત ઘોડા જેવી થઈ ગઈ હતી. નીલકંઠવર્ણીને એ મફતિયો ચેલો માનતો, એટલે બધું કામકાજ કરાવતો અને મણ એકનો ભાર ઉપડાવતો.

નીલકંઠવર્ણીનો સ્વભાવ એવો હતો કે, ભારને નામે નાનકડો રૂમાલ પણ રાખતા નહીં, છતાં પણ એમણે સેવકરામને સાધુ જાણી એમની સેવા કરી.

આખરે નીલકંઠે જોયું કે, 'આ માણસ કૃતઘ્ની છે, માટે એની સાથે રહેવામાં સાર નથી.' નીલકંઠવર્ણીએ સેવકરામનો ત્યાગ કર્યો અને પોતાની રીતે એકલા જ દક્ષિણ ભારતની યાત્રા કરતાં કરતાં ભૂતપુરી પધાર્યા.

નીલકંઠવર્ણીએ પોતાનો આ જાતનો અનુભવ સ્વમુખે વચનામૃતમાં કહ્યો છે અને ભક્તોને ટકોર કરતા કહ્યું છે, "કોઈએ પોતા ઉપર ઉપકાર કર્યો હોય એ ઉપકારને ભૂલી જવો એ કૃતઘ્નીપણું છે. પંચ મહાપાપ કરતાં પણ કૃતઘ્નીપણું મહાપાપ છે."

શૈવો અને વૈષ્ણવોનો સંગમ

દક્ષિણ ભારતમાં ધર્મક્ષેત્રના બે પ્રવાહો હતા. એક શિવપંથી પ્રવાહ અને બીજો વિષ્ણુપંથી પ્રવાહ. ભૂતપુરી પાસેના શિવકાંચી અને વિષ્ણુકાંચી આ બન્ને પ્રવાહોના મુખ્ય મથકો હતાં. આ બન્ને પ્રવાહો સનાતન ધર્મરૂપી ગંગોત્રીમાંથી જ પ્રગટ્યા હતા, છતાં શિવપંથીઓ નિરાકાર અદ્વૈત માર્ગનું અનુકરણ કરતા હતા અને વિષ્ણુમાર્ગીઓ ભક્તિ અને શરણાગતિના માર્ગને અનુસરતા હતા.

એક શિવપૂજક હતાં; બીજાની આસ્થા વિષ્ણુમાં હતી. બન્ને પ્રવાહોના ચિંતન અલગ હતા. ઉપાસના પદ્ધતિઓ અલગ હતી. આ બન્ને પ્રવાહોના અનુયાયીઓ 'સત્ય એક છે, દર્શન અલગ છે' આ સનાતન સત્ય ભૂલી ગયા હતા. પરિણામે બન્ને પ્રવાહો એક-બીજા સાથે સતત ટકરાતા રહેતા. એ ટકરાવે ભૂતકાળમાં ભયંકર યુદ્ધનાં સ્વરૂપ પણ ધારણ કરેલાં.

દેવાધિદેવ શિવ અને ભગવાન વિષ્ણુ પરસ્પર એકબીજા પ્રત્યે ભારે પ્રેમ અને આદર ધરાવે છે, છતાં એમના જ અનુયાયીઓ ભાન ભૂલીને સંઘર્ષે ચઢ્યા હતા. નીલકંઠને આવો સંઘર્ષ પસંદ નહોતો. નીલકંઠને વિવાદને બદલે સંવાદમાં રુચિ હતી. સંઘર્ષને બદલે સમન્વય પસંદ હતો. એટલા માટે નીલકંઠ આ બન્ને પ્રવાહોનો સુભગ સંગમ રચી, અનોખી ધર્મક્રાંતિ કરવા માગતા હતા.

મલિન નીરને ફટકડીથી શુદ્ધ કરવામાં આવે છે, એ જ રીતે નીલકંઠે સનાતન ધર્મની આ વિવિધ ધારાઓમાં રહેલી મલિનતાને દૂર કરી, સનાતન ધર્મનું વિશુદ્ધ સ્વરૂપ ફરીથી પ્રગટાવવું હતું. આ રીતે નીલકંઠના હૃદયમાં ભારતભ્રમણ દરમ્યાન સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપનાનાં અનોખાં બીજ પાંગરી રહ્યાં હતાં.

શિવજીનો સાથવો

શિવકાંચીમાં શિવજી અને વિષ્ણુકાંચીમાં વરદરાજ સ્વરૂપે બિરાજતા ભગવાન શ્રી વિષ્ણુનાં દર્શન કરી નીલકંઠવર્ણી શ્રી રંગક્ષેત્રમાં પધાર્યા.

કાવેરી ગંગાના કિનારે આવેલ આ તીર્થમાં તેઓએ થોડા દિવસ નિવાસ કર્યો પછી વર્ણીરાજે ભારતવર્ષના સુપ્રસિદ્ધ તીર્થ સેતુબંધ રામેશ્વરમ્ તરફ પ્રયાણ કર્યું. સેતુબંધ રામેશ્વરમ્ ખાતે નીલકંઠવર્ણી બે મહિના સુધી રોકાયા.

સંજોગવશાત્ નીલકંઠવર્ણીના હૃદયમાં દક્ષિણ ભારતના સુંદરરાજ તીર્થ તથા ભગવદ્‌પાદ્ રામાનુજાચાર્યજીની પવિત્ર ભૂમિ ભૂતપુરીનાં દર્શનની ઇચ્છા બાકી રહી ગઈ હતી, તેથી તેઓએ સેતુબંધ રામેશ્વરમ્‌થી પાછી ભૂતપુરીની વાટ લીધી.

માનવીય લૌકિક બુદ્ધિમાં બેસે કે ન બેસે, ભારતવર્ષના મહાપુરુષોના જીવન અનેક અલૌકિક દિવ્ય ઘટનાઓ, સાક્ષાત્કારો અને ચમત્કારોથી ભરપૂર રહ્યાં છે. નીલકંઠવર્ણીનું જીવન પણ આવી અનેક દિવ્ય ઘટનાઓથી ભરપૂર હતું.

સુંદરરાજ ભગવાનનાં દર્શન કરી નીલકંઠવર્ણી ભૂતપુરી તરફ જઈ રહ્યા હતા. રસ્તામાં અહલ્યાના શાપિત અરણ્ય જેવું નિર્જન વન આવ્યું. વરસાદનો અભાવ હોય કે ધરતીનો સ્વભાવ હોય; જંગલ તો હતું પરંતુ કોરું ભઠ્ઠ હતું; પથરાળ ધરતી હતી; નદી-નાળાં સુકાયેલાં હતાં; વૃક્ષો હતાં પણ ફળ-ફૂલનું નામનિશાન ન હતું; આ અઘોર અને ઉજ્જડ વનમાં વાંકી-ચૂકી કાંટાળી કેડીએ નીલકંઠ દિશા સાધીને ચાલી રહ્યા હતા.

પાંચ-પાંચ દિવસથી નીલકંઠને ફળ કે જળ મળ્યાં નહોતાં; અવિરત યાત્રાને લીધે શરીર અત્યંત શ્રાંત થયું હતું; તરસને લીધે કંઠ સુકાઈ રહ્યો હતો. શરીરનાં સુખ-દુઃખની પરવાહ કર્યા સિવાય નીલકંઠવર્ણી અનોખી મસ્તીથી વાટ કાપી રહ્યા હતા.

પાંચમા દિવસની સાંજ પડવા આવી હતી. નીલકંઠનાં શરીરે હવે સાથ દેવાનું છોડી દીધું. નીલકંઠ અચેત થઈને ધરણી ઉપર ઢળી પડ્યા. થોડી વાર સુધી એમને એમ પડી રહ્યા. સંધ્યાના શીતળ પવનોની લહેરોએ નીલકંઠને પાછા સચેત કર્યા.

ભૂખ હતી, તરસ હતી, અશક્તિ હતી, પરંતુ નીલકંઠના અંતરનો નિર્ધાર અનોખો હતો. એમણે શરીરનાં કષ્ટને ગણકાર્યા સિવાય ફરીથી યાત્રા આરંભી દીધી. દૈવસંજોગે નીલકંઠ થોડા આગળ વધ્યા, ત્યાં નાનકડું સુંદર તળાવ જોયું. તળાવમાં નિર્મળ નીર ભર્યું હતું. નીલકંઠ તળાવને કિનારે પધાર્યા, સ્નાન કર્યું.

નીલકંઠ સ્વયં નારાયણ હતા, છતાં લોકશિક્ષાને માટે એમણે અંબરીષ રાજાના જેવી આત્મનિવેદી ભક્તિ સ્વીકારી હતી. પવિત્રપણે પ્રેમપૂર્વક ઠાકોરજીની સેવા કરવી, ઠાકોરજીને અર્પણ કર્યા સિવાય અન્ન કે જળ ગ્રહણ ન કરવાં એ નીલકંઠના વ્રત હતાં.

ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ નીલકંઠ આવી આત્મનિવેદી ભક્તિ છોડતા નહોતા.

સ્વયં સ્નાન કર્યા બાદ નીલકંઠે શાલિગ્રામને અભિષેક કર્યો. અભિષેક તો થયો, પરંતુ શાલિગ્રામને નૈવેદ્ય શું ધરવું? એ પ્રશ્ન હતો.

નીલકંઠના મનમાં પોતાના ભૂખ-તરસ કરતાં પણ શાલિગ્રામની સેવા વિશેષ મહત્ત્વની હતી.

કોઈ ફળ-ફૂલ મળે એવી આશાથી નીલકંઠે ચારે તરફ દૃષ્ટિ કરી, તો થોડે દૂર એમણે પરબોળિયાના વેલા જોયા. નીલકંઠ ઊભા થયા, થોડી પરબોળિયાની શીંગો વીણી, શેકી, શાલિગ્રામને ધરાવી. પછી પ્રસાદરૂપે ત્રણ-ચાર શીંગો પોતે જમ્યા અને જળપાન કર્યું. શરીરમાં થોડી સ્ફૂર્તિ આવી.

એ જ સમયે સૂર્યનારાયણે નીલકંઠના તપના તેજથી ઓપતાં શરીર ઉપર પોતાના સોનલવરણાં કિરણોથી અભિષેક કર્યો અને અસ્ત થયા. નીલકંઠે એ જ તળાવને કિનારે વિશ્રામ કર્યો. રાત્રિનો એકાદ પ્રહર પસાર થયો, કે તુરત જ નીલકંઠ જાગ્રત થયા અને ધ્યાન કરવા લાગ્યા.

મધ્યરાત્રિનો સમય હતો, સમસ્ત જગત ઘોર અંધકારની કાળી ચાદર ઓઢીને પોઢ્યું હતું. જગતનાં કલ્યાણ માટે પ્રગટેલા એકમાત્ર નીલકંઠ જાગી રહ્યા હતા. અંધારી રાત્રે જ દિશા સાધીને નીલકંઠ પોતાના લક્ષ્ય તરફ આગળ વધ્યા.

છઠ્ઠા દિવસનો મધ્યાહ્નકાળ થવા આવ્યો હતો. નીલકંઠવર્ણીએ વાટમાં એક વડલો જોયો. વડલાની બાજુમાં જ નાનકડો કૂવો હતો. કૂવો નિર્મળ નીરથી ભર્યો હતો. નીલકંઠવર્ણીએ કૂવાને કિનારે પ્રાતઃ સ્નાનાદિ વિધિ પતાવી, ભાવપૂર્ણ હૃદયે સ્તુતિ-ગાન કરતાં કરતાં કાષ્ઠની કઠારીમાં પધરાવેલ ભગવાન શાલિગ્રામનો અભિષેક શરૂ કર્યો.

એ જ સમયે એક આશ્ચર્યજનક દિવ્ય ઘટના બની. નીલકંઠ શાલિગ્રામને અભિષેક કરી રહ્યા હતા અને શાલિગ્રામ જાણે ભારે તૃષાતુર થયા હોય તેમ કઠારીમાં પડતા સમસ્ત જળને શોષી રહ્યા હતા. નીલકંઠે બીજી વાર અભિષેક કર્યો, તો એ જળ પણ શાલિગ્રામ શોષી ગયા.

પ્રેમભક્તિને વરેલા નીલકંઠને મનમાં થયું, 'અરે! આ મારા શાલિગ્રામ તો ખૂબ જ તરસ્યા થયા હોય તેવું લાગે છે!' નીલકંઠ વારંવાર કૂવામાંથી જળ સીંચવા લાગ્યા અને શાલિગ્રામ ઉપર અભિષેક કરવા લાગ્યા અને શાલિગ્રામ પણ વારંવાર જળપાન કરવા લાગ્યા. આમને આમ શાલિગ્રામ સાત કઠારી પાણી પી ગયા!

નીલકંઠને મનમાં થયું, 'અરે! શાલિગ્રામને આટલી બધી તૃષા લાગી છે, તો એમને ભૂખ પણ કેટલી લાગી હશે!' શાલિગ્રામને નૈવેદ્ય ધરાવવા માટે નીલકંઠ પાસે કાંઈ

હતું નહિ.

આત્મનિવેદી ભક્તની રીત અનોખી હોય છે. નીલકંઠ સ્વયં છ-છ દિવસથી ભૂખ્યા-તરસ્યા હતા, પણ પોતાની એને કાંઈ પડી નહોતી. એનું હૃદય તો શાલિગ્રામની ક્ષુધાના વિચારે વેદના અનુભવી રહ્યું હતું. એમનાં નેત્રમાંથી અશ્રુબિંદુઓ પડી રહ્યાં હતાં. પ્રેમસભર હૈયે નીલકંઠ નેત્ર મીંચી માનસભાવે શાલિગ્રામનું સેવન કરવા લાગ્યા.

આ જ સમયે બીજી એક અલૌકિક ઘટના બની. નીલકંઠવર્ણીનું કષ્ટ નીલકંઠ મહાદેવ અને સતી પાર્વતીથી સહન ન થયું. એમણે કાપડીનો વેશ લીધો. કાપડી સાધુઓનો એક પ્રકાર છે. જેઓ ભગવાં વસ્ત્રો ધારણ કરે છે.

જગતના માતા-પિતા કાપડીના વેશમાં નંદી ઉપર સવાર થઈને નીલકંઠની સામે આવીને ઊભા રહ્યાં. શિવજી કાપડીના વેષે શોભી રહ્યા હતા. સતી પાર્વતીજીના હાથમાં સાથવાથી ભરેલું પાત્ર હતું.

થોડી વારે નીલકંઠે નેત્રો ખોલ્યાં તો સામે કાપડીના વેષે પધારેલા શિવ-પાર્વતીનાં દર્શન થયાં. નીલકંઠવર્ણીએ પૂછ્યું, "આ નિર્જન જંગલમાં વિહાર કરતા આપ કોણ છો?"

મા જગદંબાએ મંદ મંદ હસીને કહ્યું, "વર્ણીરાજ! પહેલા આ સાથવો જમો, પ્રશ્નોત્તર પછી કરીશું!" આમ કહી સતીએ સાથવાનું પાત્ર નીલકંઠવર્ણીની આગળ ધરી દીધું. અન્નપૂર્ણા પાર્વતીજી નીલકંઠવર્ણી માટે મેવા-મીઠાઈના થાળ લાવી શક્યા હોત, પરંતુ તપસ્વીના વેષે વિચરતા નીલકંઠ માટે સાથવાના ભોજનની જ પસંદગી ઉચિત હતી.

નીલકંઠવર્ણીએ સાથવો શાલિગ્રામને ધરાવ્યો. શાલિગ્રામમાંથી તેજની રેખાઓ પ્રસરવા લાગી. એ તેજરેખાઓમાં ભગવાન નારાયણ નાના બાળમુકુંદ રૂપે પ્રગટ થયા અને મંદ મંદ હસતાં હસતાં પાંદડાંના પાત્રમાંથી સાથવો જમવા લાગ્યા.

નીલકંઠવર્ણી, નીલકંઠ મહાદેવ, સતી પાર્વતી ભાવવિભોર થઈને આ અદ્ભુત દૃશ્ય નિહાળવા લાગ્યા. થોડી વારમાં બાળમુકુંદ ભગવાન અદૃશ્ય થયા અને નીલકંઠવર્ણીએ પ્રસાદ તરીકે સાથવાનો સ્વીકાર કર્યો. નીલકંઠે મનુષ્યભાવે કાપડીના વેશમાં રહેલા શિવ-પાર્વતીને વંદન કરી પૂછ્યું, "આ રીતે અચાનક પધારી મને ધન્ય કરનાર આપ કોણ છો?"

શિવ-પાર્વતીએ મંદ મંદ હસીને પોતાના મૂળ રૂપ પ્રગટ કર્યાં. કાપડીના વેષમાંથી પ્રગટેલાં શિવ-પાર્વતીનાં દર્શન કરી વર્ણીરાજ ભાવવિભોર થઈ ગયા અને ગદ્ગદ્ કંઠે સ્તુતિ કરવા લાગ્યા,

"હે સદાશિવ! તમે સદા કલ્યાણકારી છો, પ્રશાંતમૂર્તિ છો, દેવોના પણ દેવ મહાદેવ છો, તમને હું વંદન કરું છું."

મા ઉમાદેવીને ઉદ્દેશીને નીલકંઠવર્ણીએ કહ્યું, “હે મા! તમે જગતજનની છો, મહાસતી છો, આદ્યશક્તિ છો, યોગમાયા છો, હિમાલયના પુત્રી હૈમવતી છો, હે મંગળસ્વરૂપા ઉમાદેવી! હું તમને પણ પ્રણામ કરું છું.”

નીલકંઠવર્ણીનું સ્તવન સાંભળી મંદ મંદ હસતાં હસતાં શિવ-પાર્વતી બોલ્યાં, “હે નીલકંઠ! તમે પણ સાધારણ નથી. આપ સ્વયં નારાયણ છો, આપે અનંત જીવોના અનાદિ અજ્ઞાનને હરવા માટે આ લીલાવિગ્રહ ધારણ કર્યો છે, અનેક કષ્ટો વેઠી કઠિન તપશ્ચર્યા કરી રહ્યા છો.”

નરવિગ્રહધારી નીલકંઠે શિવજીની વાત સાંભળી માત્ર મંદ હાસ્ય કર્યું. શિવ-પાર્વતી પણ મંદ મંદ હસતાં હસતાં અદૃશ્ય થઈ ગયાં. નીલકંઠે હવે ભૂતપુરીની વાટ લીધી.

દૂધાધારી બાવો

નીલકંઠવર્ણી ભૂતપુરી તરફ પ્રયાણ કરી રહ્યા હતા, ત્યારે રસ્તામાં ગીચ ઝાડીવાળો પ્રદેશ આવ્યો. ઝાડી પૂરી થતી હતી, ત્યાં એક નાનકડું નગર હતું. નીલકંઠવર્ણી નગરથી આશરે ચારેક ગાઉ દૂર હતા. એવામાં એમણે એક ઘેઘૂર વડલો જોયો. આ વડલાની નીચે એક કહેવાતો દૂધાધારી બાવો રહેતો હતો. ‘બાવો માત્ર દૂધનો જ આહાર કરે છે’ એવી માન્યતાથી લોકો એને દૂધાધારી કહેતા.

આ કહેવાતો દૂધાધારી બાવો ઉપરઉપરથી મહા તપસ્વી જણાતો હતો. દિવસે દૂધ પીને રહેતો, રાતે માલ-મલીદા ઝાપટતો! આખા શરીરે રાખ ચોપડતો, માત્ર એક કૌપીનભર રહેતો, માથે મોટી જટા રાખતો, મોટો ચીપિયો રાખતો, ધૂણી અખંડ ધખતી રાખતો, આખો દિવસ ગાંજો, ભાંગ અને ચરસ પીધે રાખતો, પરિણામે એની આંખો આઠે પહોર લાલચોળ રહેતી. એણે ચાર-પાંચ કૂતરા પાળ્યા હતા અને આઠ-દસ સ્વાર્થી ચેલા ભેગા કર્યા હતા. હકીકતમાં આ સાધુના વેષમાં ઠગોની જ ટોળી હતી.

આ દંભી ગુરુના ચેલાઓ લોકોમાં એવો પ્રચાર કરતા રહેતા કે, ‘ગુરુ મહારાજની તો હજારો વર્ષની આયુષ્ય છે. આહાર કરતા નથી, અરે મળ-મૂત્ર પણ કરતા નથી. વસ્તીમાં જતા નથી, પૈસો-ટકો રાખતા નથી, આજીવન મૌનવ્રત ધારણ કરેલું છે. કામરુ દેશની વિદ્યા ભણ્યા છે, ભારે સિદ્ધ અને ચમત્કારી છે. એમના આશીર્વાદથી દીકરા ન હોય તેને દીકરા મળે છે, ધન ન હોય તેને ધન મળે છે. એમના આપેલા મંત્રથી પત્ની પતિને અને પતિ પત્નીને વશ કરી શકે છે!’

અંધશ્રદ્ધાનો જમાનો હતો, તેથી દંભી ગુરુઓ ભોળા લોકોને સહેલાઈથી ભોળવી શકતા હતા. બાહ્યઆચાર-વિચાર જોઈને લોકો આ દૂધાધારી બાવાને મહાસિદ્ધ માનતા.

દેશ-દેશાંતરથી નાની રૈયતથી માંડીને રાજા સુધીના લોકો દૂધાધારીના દર્શને આવતા. જાતજાતની ભેટ-સામગ્રી લાવતા, દૂધાધારીને ચરણે ધરતાં. બાવાજીને રોજનો મોટો વકરો થતો!

આ ઢોંગી બાવાએ વડલાની નીચે એક ભોંયરું કર્યું હતું. બાવો અને એના ચેલાઓ એ ભોંયરામાં સારી સારી સીધા-સામગ્રી અને ધન-સંપત્તિ સંતાડી રાખતાં. ભોંયરાના મુખ ઉપર બાવાએ મોટી પાટ બિછાવી ગાદી બનાવી હતી, જેથી લોકોને ખ્યાલ પણ નહોતો આવતો કે આ ઢોંગી બાવો ધન-સંપત્તિના ખજાના ઉપર બેઠો છે!

ધર્મના ક્ષેત્રમાં મોટા ભાગના લોકો બાહ્યઆડંબરથી અંજાઈ જતા હોય છે. અંતરની આંખ ખુલ્યા સિવાય સાચા-ખોટાના ભેદ પરખાતા નથી. બહારનો આટાટોપ દેખીને દુનિયા ઝૂકી જાય છે, ભોળા લોકો છેતરાય છે અને પુણ્યને નામે આડકતરી રીતે પાપના ભાગીદાર બને છે.

'જ્યાં લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખ્યે મરતા નથી', એ ન્યાયે લાલચુ લોકો આવા ઢોંગીઓની જાળમાં માછલાંઓની જેમ ફસાયા કરે છે. વડલાના વૃક્ષની નીચે આવા જ લોભિયા, લાલચુડા અને ધુતારાઓની મંડળી જામી હતી.

યોગાનુયોગ ભૂતપુરી જઈ રહેલા નીલકંઠવર્ણી આ વટવૃક્ષની સમીપે પધાર્યા. સાંજનો સમય થવા આવ્યો હતો એટલે વર્ણીરાજે આ જ વટવૃક્ષની નીચે રાત્રિનિવાસ કરવાનો નિરધાર કર્યો.

નીલકંઠે દૂધાધારી બાવાની ધૂણીથી થોડે દૂર આસન જમાવ્યું. અવનિ ઉપર અંધારું પથરાવા લાગ્યું હતું. દૂધાધારીના ચેલાઓએ, 'હવે ગુરુ મહારાજને ધ્યાન-સમાધિનો સમય થયો છે' એમ કહીને સર્વને કાઢી મેલ્યા!

નીલકંઠવર્ણીએ તો જોતાવેંત જ કપટી દૂધાધારીને પારખી લીધો હતો. એમણે બાળાભોળા બ્રહ્મચારીનું નાટક કર્યું અને દૂર ધરતી ઉપર પડી રહ્યા. પેલા દૂધાધારીએ પણ આ દૂબળા-પાતળા નાના છોકરા જેવા નીલકંઠવર્ણીની કોઈ દરકાર ન કરી.

રાત્રિ જામવા લાગી હતી, લોકો વિખરાઈ ગયા હતા. હવે પેલો કહેવાતો સિદ્ધ દૂધાધારી બાવો ઊભો થયો. ચેલાઓએ ગુરુ મહારાજની ગાદી ઉઠાવી, ભોંયરાનું મુખ ખુલ્લુ થયું. ચેલકાઓ અંદરથી સીધું-સામાન કાઢવાં લાગ્યાં. બધાએ સાથે મળી 'કાળી રોટી અને ધોળી દાળ'ની રસોઈ કરી મિજબાની માણી.

દૂર દૂર ધરતી ઉપર સૂતેલા નીલકંઠવર્ણી એક નજરે આ બધો તાલ જોઈ રહ્યા હતા. દૂધાધારી બાવાને દૂબળાપાતળા નીલકંઠની દયા આવી અને જમવા માટે સાદ કરીને બોલાવ્યા, પણ નીલકંઠવર્ણી આ પાપનું અનાજ પેટમાં નાખવા માગતા નહોતા. એટલે

એમણે જે-તે બહાનું બતાવી જમવાની ના પાડી. દૂધાધારીએ પણ ઝાઝો આગ્રહ ન કર્યો.

એક બાજુ નીલકંઠે સૂવાનું નાટક કર્યું, બીજી બાજુ ગુરુ અને ચેલકાઓએ આજની કમાણીનો હિસાબ માંડ્યો, 'કેટલું કમાણા' એનો તાળો મેળવ્યો અને 'હવે પછી ભોળા લોકોને કઈ રીતે ભરમાવવા?' એની નવી નવી યુક્તિ-પ્રયુક્તિઓ રચવા લાગ્યા.

રાત્રિના અંધારામાં આ ઢોંગીઓના અસલ રૂપ પ્રગટ થયા. દૂધાધારીના ચાર-પાંચ શિષ્યો નગરમાં ગયા. અંધારી રાત્રે અંધારપછેડો ઓઢેલા ઢોંગીઓએ નગરશેઠને ત્યાં ખાતર પાડ્યું. અઢળક ધન-સંપત્તિ લૂંટી લાવ્યા અને ગાદી નીચેના ભોંયરામાં ભંડારી દીધી!

આ બધું જોઈને નીલકંઠના મનમાં અત્યંત દુઃખ થયું અને નીલકંઠ વિચારવા લાગ્યા, 'આવા પાપી અને કપટી ગુરુઓ ભૂમિના ભારરૂપ છે. ભોળા લોકોને ભરમાવીને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરનારા આવા પાપી લોકોની પાસે રહેવું એ પણ પાપ છે.'

એક બાજુ મફતના માલ-મલીદા ખાઈને આ પાપીઓ ઘોર ઊંઘમાં ઘારોડી રહ્યા હતા, બીજી બાજુ પોતાની નજર સામે થઈ રહેલ પાપને નિહાળીને નીલકંઠને નયણે નિંદર આવતી નહોતી. ઘોર અંધારી રાત્રિએ જ વર્ણીરાજ ઊભા થયા અને કોઈ ન જાણે તેમ ધીરે રહીને ચાલતા થઈ ગયા.

આ બાજુ સવારનો સમય થયો. નગરશેઠને ત્યાં ચોરી થયાની વાત જાહેર થઈ. રાજા પાસે ફરિયાદ પહોંચી. રાજાએ પોતાના મંત્રીને આદેશ કર્યો, 'ગમે તેમ કરીને ચોરને પકડીને હાજર કરો.' એણે ચોરનું પગેરું દબાવ્યું. પગેરું દૂધાધારી બાવાના પડાવ સુધી પહોંચ્યું. રાજાનો કારભારી ખૂબ કુશળ હતો. એને ઘણા સમયથી દૂધાધારી પ્રત્યે શક તો હતો જ.

કારભારીએ રાજસૈનિકોની સહાયથી દૂધાધારી બાવાની પોલ છતી કરી. બાવાની ગાદી નીચેના ભોંયરામાંથી લૂંટની અઢળક ધન-સંપત્તિ મળી આવી. કારભારીએ બાવાને અને એમના ચેલકાઓને બંદીવાન બનાવ્યા.

રાજાએ બાવાની જટા ઊતરાવી, માથે ચૂનો ચોપડાવ્યો. એક બાજુની મૂછ અને એક બાજુની દાઢી મૂંડાવી નાખી, ગળામાં ખાસડાંની માળા પહેરાવી, મોંઢે કાળી શાહી લગાવી, અવળે ગધેડે બેસાડી, ઢોલ-નગારાં વગડાવી આખા ગામમાં ફેરવ્યો.

કપટી બાવાનું કપટ ખુલ્લું થતા લોકો ફિટકાર વરસાવવા લાગ્યા. નગરની શેરીએ શેરીએ માણસોના ટોળા ઉભરાયા. લોકો પથરા ફેંકી ગાળો ભાંડવા લાગ્યા. દૂધાધારીને હાથના કર્યાં હૈયે વાગ્યા. ફજેતીનો પાર ન રહ્યો. રાજાએ આ પૂરી ચોરમંડળીને જેલમાં પૂરી.

વટેમાર્ગુઓ દ્વારા આ વાતની ખબર નીલકંઠ સુધી પહોંચી. કપટીનું કપટ ખુલ્લું થયું, એ જાણીને નીલકંઠના અંતરમાં નિરાંત થઈ.

ત્યાગ અને રાગની ભેળસેળ

નીલકંઠવર્ણી ભૂતપુરી પધાર્યા. ભૂતપુરી ભગવદ્‌પાદ્‌ રામાનુજાચાર્યનું પ્રાગટ્યસ્થળ છે. અહીં ભગવદ્‌પાદ્‌ રામાનુજાચાર્યે સ્થાપેલ 'શ્રી' સંપ્રદાયની એટલે કે 'વૈષ્ણવ' સંપ્રદાયની પીઠ છે. જેના અધિપતિ જીયર સ્વામી તરીકે ઓળખાય છે.

ભગવદ્‌પાદ્‌ રામાનુજાચાર્યે અદ્વૈત પરંપરાના શુષ્ક સંન્યાસને સ્થાને વૈષ્ણવી ત્રિદંડી સંન્યાસીઓની પરંપરા સ્થાપિત કરી હતી. આ પરંપરાના સંન્યાસીઓ ત્રિદંડ ધારણ કરે છે અને શિખા-સૂત્ર પણ રાખે છે. વૈષ્ણવી ઉપાસના પદ્ધતિ પ્રમાણે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ દેવ તેમ જ નૃસિંહ, હયગ્રીવ, વરાહ વગેરે અવતારોના યુગલ સ્વરૂપોનું પૂજન-અર્ચન કરે છે.

ભારતભ્રમણ દરમ્યાન નીલકંઠે ધર્મક્ષેત્રની એક બીજી વાત પણ નિહાળી હતી.

ભગવદ્‌પાદ્‌ શંકરાચાર્યજી ભલે નિર્ગુણ-નિરાકાર-અદ્વૈત બ્રહ્મના પ્રવર્તક હતા, છતાં મહાન ભક્ત હતા. એમણે 'ભજ ગોવિંદમ્‌ ભજ ગોવિંદમ્‌' જેવા રસાળ સ્તોત્રો રચ્યાં છે. તેઓ નિયમિત વિષ્ણુસહસ્ર નામના પાઠ સાથે શાલિગ્રામ સ્વરૂપ નારાયણની ભક્તિભાવે ઉપાસના કરતા હતા, પરંતુ સમય જતાં એમનો જ્ઞાનમાર્ગ સૂકા રણ જેવો શુષ્ક થઈ ગયો હતો.

જ્યારે સામેપક્ષે મહાન વૈષ્ણવાચાર્યોએ પ્રવર્તાવેલ રસાળ ભક્તિમાર્ગ ભોગપ્રધાન બન્યો હતો. ભક્તિમાર્ગની રક્ષા માટે રચાયેલી ત્યાગ-વૈરાગ્યની વાડોમાં ઠેર ઠેર છીંડાં પડી ગયાં હતાં. પરિણામે ભક્તિના અણમૂલા પાકને રાગપ્રધાન પ્રવૃત્તિઓ જોખમમાં મૂકી રહી હતી.

કેટલાક ત્યાગી, વૈરાગી, સંન્યાસી ગણાતા મહંતોના ઠાઠ-માઠ રાજા-મહારાજાઓને પણ શરમાવે એવા રાજસી હતા. નીલકંઠ નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, નિઃસ્નેહી અને નિર્માની – આ પંચ વર્તમાનના ભારે આગ્રહી હતા. સનાતન ધર્મમાર્ગના ત્યાગ અને વૈરાગ્યના ક્ષેત્રે પ્રવેશેલ દૂષણો નીલકંઠના હૈયામાં ભારે ખટકતાં હતાં.

ભૂતપુરીમાં નીલકંઠને આવા જ એક મઠાધીશનો ભેટો થયો. તેઓ ત્રિદંડી સંન્યાસી હતા છતાં ભારે રાજસી ઠાઠમાઠથી રહેતા હતા. નીલકંઠવર્ણીને આ રાજસી વૈભવ રૂચ્યો નહીં. એમણે આ અંગે માર્મિક ટકોર કરતાં કહ્યું, "સંન્યાસીઓની શોભા ત્યાગ અને વૈરાગ્ય છે, આ રાજસી શણગારો નહીં."

નીલકંઠની સત્ય વાણી મહંતજીને તીખા તીર જેવી આકરી લાગી. એણે નાની ઉંમરના નીલકંઠવર્ણીને બાળક જાણી અનાદર કર્યો અને કહ્યું, "ધર્મની બાબતમાં તારા જેવા છોકરાઓને શી ખબર પડે?"

નીલકંઠવર્ણીએ વિચાર્યું, "લોખંડી તાળાં વાસેલાં વજ્રના કમાડ જેવા આ ધર્મપુરુષ પાસે રહેવું, એ સમય બરબાદ કરવા જેવું છે."

નીલકંઠવર્ણીના મનમાં હોંશ હતી કે, આ ભગવદ્‌પાદ્ રામાનુજાચાર્યની તીર્થભૂમિમાં કોઈ મહાન ભાગવત્ સંતનું મિલન થશે તો એમની સાથે રહીને થોડા દિવસ સત્સંગ કરીશું, પરંતુ અહીંનું વાતાવરણ ભક્તિમાર્ગની મૂળ ધારાથી ઘણું દૂર નીકળી ગયેલું જોઈને નીલકંઠે આગળની વાટે પ્રયાણ કર્યું.

દક્ષિણ ભારતના આ મહાન તીર્થમાં થોડા દિવસ રોકાઈ, નીલકંઠવર્ણી ત્યાંથી મદુરાઈ પધાર્યા. અહીં મીનાક્ષીદેવીના દર્શન કર્યાં. ત્યાર પછી સાગરકિનારે આગળ વધતાં નીલકંઠવર્ણી ત્રિવેન્દ્રમ્ પધાર્યા.

પંઢરપુરના વિઠ્ઠલનાથ

ત્રિવેન્દ્રમ્‌માં ભગવાન પદ્મનાભની વિશાળ અને ભવ્ય મૂર્તિ છે. આ તીર્થ નીલકંઠના અંતરમાં વસી ગયું. દક્ષિણ ભારતમાં ત્રિવેન્દ્રમ્‌નું રાજ્ય ભગવાન પદ્મનાભનું રાજ્ય કહેવાય છે. અહીંના રાજાઓ રાજ અને તમામ રાજસંપત્તિ ભગવાન ત્રિવેન્દ્રમ્‌ને સમર્પિત કરી ભગવાનના અદના સેવકરૂપે દીવાન તરીકે રાજ્યનો કારોબાર ચલાવતા હતા.

આશ્ચર્યની વાત તો એ છે કે, આ રાજાઓ સેવકભાવે મંદિરની નીચામાં નીચી ટેલચાકરી કરતા. ભગવાન પદ્મનાભની ઉત્સવમૂર્તિની જ્યારે શોભાયાત્રા નીકળે, ત્યારે સ્વયં મહારાજા શોભાયાત્રાની આગળને આગળ સાવરણો લઈને પ્રદક્ષિણા માર્ગ વાળતા, એ દૃશ્ય આંખોને ઠારે એવું હોય!

નીલકંઠવર્ણી અહીંથી જનાર્દન તીર્થ થઈને આદિકેશવ પધાર્યા. અહીંયા ભગવાન શ્રી વરાહ નારાયણનું દિવ્ય મંદિર છે. અહીંના કાષ્ઠમંડપમાં રામાયણનું અદ્‌ભુત કોતરકામ છે. નીલકંઠવર્ણીએ ભગવાન આદિકેશવના દર્શન કરી થોડો સમય નિવાસ કર્યો.

આ આદિકેશવમાં જગન્નાથપુરીની જેમ જ બે હજાર નાગડાબાવાઓનાં ઝૂંડ રહેતાં હતાં, જેમાંથી કેટલાક તો જગન્નાથપુરીની લડાઈમાંથી છટકીને અહીં ધામા નાખ્યા હતા. નીલકંઠને થયું કે, 'હજી પાપનો ભાર થોડો રહી ગયો છે, તે દૂર થવો જોઈએ.'

સંજોગોવશાત્ અહીં પણ માનસપુરની ઘટનાનું પુનરાવર્તન થયું. બન્યું એવું કે, આ ભેખધારીઓનાં ઝૂંડ નિર્દોષ પ્રજાની રંજાડ કરી રહ્યાં હતાં, તે જોઈ રાજસૈનિકો એમને

રોકવા ગયા તો આ કહેવાતા વૈરાગીઓ હથિયારો લઈને સામા થયા. રાજાએ આ વાત જાણીને આ અધર્મીઓનો નાશ કરવા માટે રાજસૈનિકોને આજ્ઞા આપી. કેળવાયેલા રાજસૈનિકોએ આ અડબંગી નાગડા બાવાઓનો વિનાશ કર્યો.

આદિકેશવથી નીકળી નીલકંઠ મલયાચલ તરફ પધાર્યા. સાક્ષીગોપાલના દર્શન કરી હવે નીલકંઠ પંપાસર, કિષ્કિન્ધા વગેરે તીર્થોમાં વિહાર કરતાં કરતાં મહારાષ્ટ્ર તરફ આગળ વધ્યા અને ચંદ્રભાગા નદીના કિનારે પંઢરપુર પધાર્યા.

પંઢરપુર મહારાષ્ટ્રનું પ્રમુખ તીર્થ છે. અહીંયા ભગવાન વિઠ્ઠલનાથજી બિરાજે છે, જેને વિઠ્ઠોબા પણ કહે છે. ભગવાન વિઠ્ઠોબા સાથે પિતૃભક્ત પુંડરિકની કથા જોડાયેલી છે. અહીંયા ભગવાન વિઠ્ઠોબા પિતૃભક્ત પુંડરિક જેવા ભક્તની પ્રતીક્ષા કરતા હોય એમ કેડે હાથ દઈને ઊભા છે. અહીંયા દર્શન માટે નાતજાતનો કોઈ પ્રતિબંધ નથી. અહીંયા ભગવાનને મન કોઈ ઊંચ કે નીચ નથી, બધા જ સરખા છે.

આ મંદિર સાચા અર્થમાં વ્યાપક અને ઉદાર સનાતન ધર્મનું પ્રતીક છે. દેવપૂજામાં પવિત્રતા જળવાય એ જરૂરી છે, પરંતુ દર્શન માટે ઊંચ-નીચના ભેદ જલદી ગળે ઊતરે એવા નથી.

ભગવાન નીલકંઠવર્ણી અહીં બે મહિના રોકાયા. અહીંથી નીલકંઠવર્ણી બુરાનપુર પધાર્યા. અહીં ગુજરાતની પ્રસિદ્ધ નદી તાપીગંગાનું ઉદ્ગમ સ્થળ છે. નીલકંઠે તાપીગંગામાં સ્નાન કર્યું. પછી માલેગાવ, દંડકારણ્ય થઈને નાસિક-ત્ર્યંબક પધાર્યા. અહીં પવિત્ર નદી ગોદાવરીમાં સ્નાન કરી, ત્ર્યંબકેશ્વર ભગવાનનાં દર્શન કર્યાં.

હવે તેઓએ ગુજરાતની ધરતી તરફ પ્રયાણ કર્યું.

અમારા જેવા તો અમે એક જ છીએ

નાસિકથી નીકળેલા નીલકંઠવર્ણીએ ગુર્જરધરામાં પ્રવેશ કર્યો. નીલકંઠના પાવન પગલાંથી ગરવી ગુર્જરધરા વિશેષ ગૌરવવંતી બની.

નીલકંઠ સુરત પધાર્યા. અહીં તાપી ગંગાને કિનારે ત્રણ પાંદડાંના વડલા પાસે હાલ જ્યાં રૂસ્તમબાગ છે, ત્યાં ઉતારો કર્યો. આ ભૂમિ દાનેશ્વરી રાજા કર્ણના અગ્નિસંસ્કારની ભૂમિ ગણાય છે.

તાપી નદીને પાર કરી, નીલકંઠવર્ણી ગુજરાતની ભાગીરથી ગણાતી પુરાણપ્રસિદ્ધ નદી નર્મદાજીને કિનારે પધાર્યા. અહીં ભૃગુઋષિનો આશ્રમ, શુક્લતીર્થ, અનસૂયા તીર્થ, ચાણોદ-કરનાળી વગેરે તીર્થોમાં વિચરણ કરતાં કરતાં નીલકંઠવર્ણી વડોદરા થઈને મહીસાગરને કિનારે પધાર્યા.

મહીસાગરમાં સ્નાન કરી, નીલકંઠે સાબરમતી તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં ડાકોર, ઉમરેઠ, વડતાલ, બોચાસણ વગેરે સ્થળોમાં વિચરણ કરતાં કરતાં નીલકંઠવર્ણી ખંભાત પધાર્યા. અહીં હરિદાસના અખાડામાં નિવાસ કર્યો.

ખંભાતથી થોડે દૂર પુરાણપ્રસિદ્ધ નારેશ્વર તીર્થ રહેલું છે. અહીં બ્રહ્માજીની રમણીય મૂર્તિ છે. નીલકંઠવર્ણીએ સૃષ્ટિના સર્જનહાર બ્રહ્માજીની રમણીય મૂર્તિના દર્શન કર્યાં અને ત્રણ વાર બાથમાં લઈને મળ્યા.

વિ. સં. ૧૮૫૫ હુતાશનીનો દિવસ હતો. સવારનો સમય હતો, સૂર્યનારાયણનો રથ ઉદયાચળથી આગળ વધી રહ્યો હતો, ધરતી ઉપર સોનેરી પાથરણાં પથરાયાં હતાં.

સૌરાષ્ટ્રના ભાલબારાના બુધેજ ગામનું ગોધણ જંગલોમાં ચારો ચરવા જઈ રહ્યું હતું. ગોરજથી સમગ્ર વાતાવરણ પવિત્ર બન્યું હતું, વૃક્ષો ઉપર પક્ષીઓ કલરવ કરી રહ્યાં હતાં. ગામની બહાર સુંદર તળાવ હતું. તળાવની બાજુમાં એક કૂવો હતો. નીલકંઠે કૂપજળથી સ્નાન કરી પ્રાતઃસંધ્યા-પૂજાનો ક્રમ પૂર્ણ કર્યો.

એવામાં એક દૈવી માણસ ત્યાં આવ્યો. તપસ્વીવર્ણીને જોઈને તેને હૃદયમાં ખૂબ ભાવ થયો. એણે નીલકંઠને પ્રણામ કરી ઘઉંનો તાજો પોંક ધર્યો. નીલકંઠવર્ણીએ તેનો ભાવ જોઈને પોંક સ્વીકાર્યો, શાલિગ્રામને ધર્યો, પછી પોતે થોડો પોંક જમ્યા.

ગામમાં ખોડાભાઈ નામના દરબાર રહેતા હતા, તેઓ ભારે મુમુક્ષુ હતા. એમના હૈયામાં સાધુ-સંતો પ્રત્યે ભારે આદર હતો. સાધુ-સંતો અને અભ્યાગતોની સેવા માટે તેઓ સદાવ્રત ચલાવતા હતા. આજે ખોડાભાઈની સદાવ્રતની સેવા જાણે ફળી રહી હતી, કારણ કે સ્વયં નારાયણ નીલકંઠવર્ણીના વેષે એમના સદાવ્રતમાં ભિક્ષા માગવા માટે પધારી રહ્યા હતા.

નીલકંઠવર્ણીએ ખોડાભાઈના દરબારગઢની ડેલીમાં પ્રવેશ કર્યો. ખોડાભાઈ પોતાના કાર્યાલયમાં આસન પર બેસી નામું લખી રહ્યા હતા.

વર્ણીએ ખોડાભાઈની સામે જોઈને ધીરે મધુર સ્વરે પ્રશ્ન કર્યો, “દરબાર! અમે સાંભળ્યું છે કે અહીં સદાવ્રત ચાલે છે, તો અમને ભિક્ષા મળશે?”

અનેક સાધુ-સંતો, અભ્યાગતોના આગમન ખોડાભાઈ માટે રોજિંદો ક્રમ હતો. નીલકંઠનો મધુર સ્વર ખોડાભાઈના કાનમાં સર્યો, પરંતુ નામું લખવામાં વ્યસ્ત ખોડાભાઈએ ઊંચું જોયા વિના જ રોજની આદત પ્રમાણે જવાબ આપ્યો કે, “બાવાજી! સામે ઓરડે સદાવ્રત ચાલે છે ત્યાં જાવ, તમને ભિક્ષા મળશે.” ખોડાભાઈની આંખો એક અણમોલ અવસર ચૂકી ગઈ.

નીલકંઠવર્ણી સદાવ્રતને ઓરડે પધાર્યા. ખોડાભાઈ દરબારની એક દાસી હતી,

રળિયાત તેનું નામ હતું, ઘરકામ કરવું અને જે કોઈ સાધુ-સંતો, અભ્યાગતો આવે તેને સીધુ આપવું, એ એનું કામ હતું.

નીલકંઠે ઓરડાની ઓસરીમાં આવી 'સચ્ચિદાનંદ હરે!' નો સાદ કરી ભિક્ષાયાચન કર્યું.

સવારનો સમય હોવાથી રળિયાત દાસી ઘરકામમાં વ્યસ્ત હતી, એટલે એણે કહ્યું, "બાવાજી! હું ખૂબ જ કામમાં છું, તમે ધીરજ ધરો અને ઊભા રહો. થોડી વારમાં ભિક્ષા આપુ છું."

દાસીની વાત સાંભળી અખિલ ભુવનનું ભરણ-પોષણ કરનાર વિશ્વંભર આજે ભિક્ષા માટે ઓસરીમાં ટહેલવા લાગ્યા. આમને આમ નીલકંઠે ઓસરીમાં સાત આંટા માર્યા. પછી ઘરના આડસરે લટકતું લોખંડનું કડું પકડીને ઊભા રહ્યા. એવામાં પેલી દાસી એક નાની પવાલીમાં કાચી જુવાર લઈને આવી અને કહ્યું, "બાવાજી! લ્યો, ભિક્ષા."

કાચી જુવાર જોઈને નીલકંઠ મર્મમાં બોલ્યા, "અરે મૈયા! યે કચ્ચે ધાન કા મૈં ક્યા કરું? થોડા પક્કા સીધા દે દો, હમ બાટી બનાયેંગે ઔર પ્રસાદ પાયેંગે."

દાસી પણ માથાફરેલી હતી. એણે તોછડાઈથી કહ્યું, "બાવાજી! આ સદાવ્રતમાં તો રોજ તમારા જેવા અનેક બાવા-સાધુ આવે છે. બધાને પાકા સીધા આપીએ, તો પૂરું કેમ થાય? માટે અમે તો બધાને કાચી જુવાર આપીએ છીએ. તમને ફાવે તો લ્યો, નહિતર રસ્તે પડો!"

નીલકંઠવર્ણીએ હસીને મર્મમાં કહ્યું, "મૈયા! તુમ્હારે સદાવ્રત મેં ભિક્ષા કે લીયે બહુત સાધુલોગ આતે હોંગે, લેકિન મેરે જૈસા કોઈ સાધુ આજ તક નહીં આયા હોગા ઔર નહિ આયેગા!"

વર્ણીની વાતના મર્મને સમજવાની બુદ્ધિ દાસીમાં ક્યાંથી હોય! એણે ઠાવકું મોંઢુ રાખીને કહ્યું, "બાવાજી! તારામાં તો કાંઈ નથી, તું તો પવન આવે તોય પડી જા એવો સુકલકડી છો, અહીં તો તારા કરતાંય ક્યાંય ઊંચા અને પાડા જેવા જાડા કેટલાય બાવા આવે છે અને જુવાર લઈને ચાલતા થાય છે. તું પણ લઈને ચાલતો થા, નહિતર ભૂખ્યા મરવાનું થશે."

કવીશ્વર દલપતરામે હરિલીલામૃતમાં દાસી અને નીલકંઠનો રોચક સંવાદ લખ્યો છે.

કહે કૃષ્ણ છે જોગી અનેક, અમો જેવા છૈયે અમે એક |
સુણી દાસી લાગી સમજાવા, બીજા આવે છે બહુ બહુ બાવા ||૬૨||
ઊંચા તમથી ને તમ થકી જાડા, જેવા પાળેલા ઉન્મત્ત પાડા |
મોટા મોટા તે ચીપિયાવાળા, માથા ઉપર મોટી જટાળા ||૬૩||

કોટે બાંધે મોટા મોટા પારા, રોજ પાશેર ગાંજો પીનારા |
આખે અંગે ભભૂત લગાવે, નાના બાળકને બિવરાવે ||૬૪||

(હરિલીલામૃત-ક-૩,વિ-૧૭)

નીલકંઠવર્ણીના મનમાં થયું, 'આ જાડી બુદ્ધિ અને જાડા સ્વભાવવાળી દાસી સાથે માથાફોડ કરવી નકામી છે.'

ખોડાભાઈ દરબાર પૂર્વના સંસ્કારી જીવ હતા. નીલકંઠને કોઈ પણ રીતે સદાવ્રતી ખોડાભાઈનું કલ્યાણ કરવું હતું. તેથી જુવારની ભિક્ષા સ્વીકારી પાંચ દાણા મોઢામાં મૂક્યા અને ચાલતા થયા અને ગામની બહાર મુસલમાનની દરગાહ પાસે ઊભા રહ્યા.

પાદરમાં વૃક્ષો ઉપર પારેવડાંઓ બેઠાં હતાં અને પ્રાતઃકાલીન ભિક્ષા યાચતા હોય એમ કલરવ કરી રહ્યાં હતાં. કરુણામય નીલકંઠે ભિક્ષામાં મળેલી જુવારની ચણ પારેવડાંઓને નાખી દીધી. પ્રભુના હાથનો પ્રસાદ પામી પારેવડાંઓ ધન્ય બન્યાં અને નીલકંઠ આગળના માર્ગે ચાલતા થયા.

કહેવાય છે કે, પારેવડાંઓને ચણ નાખતી વખતે નીલકંઠે સંકલ્પ કર્યો કે, 'આ બધાં જ પારેવડાંઓ બીજાં જન્મે અમારા સત્સંગમાં દેહ ધારણ કરો.' સંપ્રદાયની લોકવાયકા પ્રમાણે એ જ પારેવડાંઓ કચ્છના સત્સંગીઓ રૂપે જનમ્યાં.

સદાવ્રતી ઓરડાના આડસરનું જે કડું નીલકંઠે પકડ્યું હતું, એ ઓરડો, ઓસરી, આડસર અને કડું આજે પણ જેમના તેમ મોજૂદ છે. સમય જતાં ખોડાભાઈ દરબાર ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન સત્સંગી થયા હતા અને ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ બુધેજમાં બત્રીસ-બત્રીસ વખત પધાર્યા હતા.

વડગામનો લાખો કોળી

હવે નીલકંઠવર્ણીનું લક્ષ્ય સૌરાષ્ટ્રની ધરણીને ધન્ય કરવાનું હતું. બુધેજથી ગોરાડ, ઋણી, વડગામ વગેરે ગામોને પાવન કરતાં કરતાં નીલકંઠવર્ણી દરિયાની ખાડીની પાસે આવેલ ધનકા તીર્થ પધાર્યા.

પર્વણીનો દિવસ હોવાથી અહીં માનવીઓનો મેળો ભરાયો હતો.

ધનકા તીર્થની વિશિષ્ટતા એ હતી કે, અમુક વર્ષે અહીં સમુદ્રના નીર પાછા ઠેલાતા અને કિનારે અનેક નાના નાના શિવલિંગોનાં દર્શન થતા અને પ્રત્યેક શિવલિંગ પાસે પાણીનો નાનો નાનો કુંડ રહેતો.

ધનકા તીર્થનાં દર્શન કરી નીલકંઠવર્ણી શિકોતરીને આરે પધાર્યા.

આ અરસામાં વડગામનો લાખો કોળી સાબરમતીમાં માછીમારી કરવા આવેલો.

નદીના જળમાં જાળ પાથરી માછલીઓનો થેલો ભર્યો હતો.

નીલકંઠના અંતરમાં લાખાની પામરતા અને માછલીઓનાં મરણની વેદના પ્રગટી. કરુણાસભર હૈયે નીલકંઠે કહ્યું, “લાખા! જીવહત્યા મહાપાપ છે. જેટલો માણસને જીવવાનો અધિકાર છે, એટલો જ માછલાંઓને અને પશુ-પંખીઓને છે.”

યુવાન વયના નીલકંઠવર્ણીના મુખારવિંદ ઉપર તેજોવલય રમતાં હતાં. તેમની વાણીમાં જાદુ જેવો પ્રભાવ હતો. નીલકંઠવર્ણીની વાત સાંભળી લાખાના મનમાં પાપની લાગણી પેદા થઈ. લાખો કોળી નીલકંઠના પ્રતાપી નેત્રો સામે મીટ ન માંડી શક્યો એટલે નીચું જોઈ ગયો અને બોલ્યો, “બ્રહ્મચારીજી! હું તો ગરીબ માણસ છું. આ માછલાં ઉપર મારો આખો પરિવાર નભે છે. માછલાં ન મારું તો છોકરાં ભૂખે મરે. એમાંય હમણાં તો દુકાળ જેવું વર્ષ છે. અમારા પરિવાર માટે આ માછલાં જ જીવવાનો આધાર છે.”

નીલકંઠે કહ્યું, “લાખા! પાશેર પેટના ખાડાને ભરવા આટલા જીવ મારવા એ મહાપાપ કહેવાય. માણસ જે પાપ કરે છે તે પાપનાં હજાર ઘણાં ફળ જમપુરીમાં ભોગવવાં પડે છે.”

જમપુરીની વાત સાંભળી લાખો હસવા લાગ્યો અને બોલ્યો, “બ્રહ્મચારીજી! જમપુરીની વાત તો તમે બાવા-સાધુઓએ ભોળા લોકોને ભરમાવવા માટે ઉપજાવી કાઢેલી છે!”

નીલકંઠે કહ્યું, “લાખા! શાસ્રોની વાતો મહાપુરુષોના અનુભવથી સિદ્ધ હોય છે, એને ઉપજાવી કાઢેલ ન કહેવાય.”

લાખાએ કહ્યું, “બ્રહ્મચારીજી! હું જ્યાં સુધી નજરે નિહાળું નહીં, ત્યાં સુધી આવી વાતોને માનતો નથી.” નીલકંઠને થયું, ‘જાડું કપડું ધોકાના માર સિવાય ધોવાતું નથી. આ જાડા જીવને શુદ્ધ કરવા માટે ચમત્કાર દેખાડ્યા સિવાય છૂટકો નથી!’

નીલકંઠે લાખાની સામે મીટ માંડી. કોણ જાણે શું થયું કે લાખાના નાડી-પ્રાણ ખેંચાયા. લાખાની ઉઘાડી આંખ સામે દેખાતું જગત અદૃશ્ય થયું. લાખો ધરણી ઉપર ઢળી પડ્યો. લાખાને સમાધિ લાગી ગઈ. અહીંયા શાસ્રમાં જેવી વર્ણવી છે એવી વિવિધ પ્રકારની યમયાતનાઓ લાખાએ નજરે નિહાળી.

જમપુરીના જાતજાતના દુ:ખોને વેઠતાં જીવોને જોઈને લાખો કંપી ઊઠ્યો. એ જ વખતે માછલાંઓના આકારવાળા ભયંકર યમદૂતોએ લાખા ઉપર આક્રમણ કર્યું. લાખો ‘બચાવો બચાવો’ ના ચિત્કાર કરવા લાગ્યો.

નીલકંઠવર્ણીએ કરુણામય દૃષ્ટિથી લાખાની સામે જોયું. લાખાની સમાધિ પૂરી થઈ. લાખો જાગ્યો, પણ એની કાયા થરથર કંપી રહી હતી.

લાખાએ નીલકંઠને હાથ જોડ્યા અને કહ્યું, “બ્રહ્મચારી! મને બચાવો.”

નીલકંઠે કહ્યું, “લાખા! તને ઉગારવા માટે તો અમે અહીંયા આવ્યા છીએ. તારા એકનો નહિ, અમારે તો તારા જેવા હજારો જીવોનો ઉદ્ધાર કરવો છે.”

લાખાએ બે હાથ જોડીને કહ્યું, “બાપજી! હું તમારે શરણે છું. મેં બહુ પાપ કર્યાં છે. મારું શું થશે?”

નીલકંઠે કહ્યું, “લાખા! તું અમારે શરણે થવાથી હવે નિર્ભય થઈ ગયો છો. ખરા દિલથી તારા પાપોનો એકરાર કરી પાપોના પ્રાયશ્ચિતરૂપે આજથી દારૂ, માટી અને ચોરીનો ત્યાગ કર. ખેતી-મજૂરી કરી પરિવારનો નિર્વાહ કર. અમારા આશીર્વાદ છે કે તું સુખી થઈશ.”

લાખાએ બે હાથ જોડી નીલકંઠે આપેલાં વ્રતોને હૃદયમાં ધાર્યાં. નીલકંઠે કહ્યું, “લાખા! હવે આ તારા પાપના થેલાને સાબરગંગાના જળમાં બોળી દે અને જળના જીવને જળમાં પધરાવી દે.”

લાખાએ મરેલાં માછલાંઓનો થેલો ઉઠાવ્યો અને સાબરમતીના જળમાં પધરાવી દીધો. એ જ સમયે અદ્‌ભુત ચમત્કાર થયો. મૃત માછલીઓના શરીરમાં સળવળાટ થયો. એમના દેહમાં જીવ આવ્યો અને સજીવન થયેલી માછલીઓ સાબરગંગાના જળમાં ફરેરા મારવા માંડી.

નીલકંઠના પ્રતાપથી પાપાત્મા લાખો પુણ્યાત્મા બન્યો અને માછલીઓનો પણ ઉદ્ધાર થયો. આ જ સમયે સમગ્ર વાતાવરણમાં જાણે ભગવાન શ્રીકૃષ્ણની વાણી ગુંજી ઊઠી.

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥

(भगवद् गीता–अ–९,श्लोक–३०)

“ગમે તેવો દુરાચારી હોય, પણ જો અનન્યભાવે મારો આશ્રય કરે તો એ જ પળે એ પવિત્ર સંત બની જાય છે. એના સર્વ પાપ નાશ થઈ જાય છે, કારણ કે એનો નિર્ણય શ્રેષ્ઠ છે. અર્થાત્ મારી શરણાગતિ સર્વ પાપોનો નાશ કરનારી છે.”

નીલકંઠને ધર્મક્ષેત્રે અનોખી ક્રાંતિ કરવી હતી. નાનામાં નાના વર્ણને ઉપર ઉઠાવી બ્રાહ્મણો જેવા સદાચારી બનાવવા હતા. આ પવિત્ર કાર્યની શરૂઆત લાખા કોળીથી થઈ રહી હતી.

આ અરસામાં દરિયામાં ભરતીનો સમય હતો. મહીસાગર અને સાબરમતીના સંગમમાં વેળ્ય આવી હતી. નીલકંઠને સામે કિનારે પહોંચવું હતું.

લાખાએ નીલકંઠવર્ણીને વિનંતી કરી, "વર્ણીરાજ! આજે મારે ઘરે રાત્રિવાસ કરો અને આ પાપીના ઝૂંપડાંને પાવન કરો."

નીલકંઠે કહ્યું, "લાખા અમારે આજે જ મહી અને સાબરના સંગમને સામે પાર જવું છે, માટે તારે ઘરે નહીં આવીએ."

લાખાએ નીલકંઠને વારતા કહ્યું, "વર્ણીરાજ! આજે તો પૂનમની ભરતી છે. પાણીનો પટ ખૂબ પહોળો બન્યો છે; હાલમાં જળમાં ઝંપલાવવું જોખમભર્યું છે; અધૂરામાં પૂરું સામે કાંટાળી ઝાડી છે; જેમાં જંગલી જાનવરોનો ભારે ભય છે; માટે આજે જવાનું માંડી વાળો; મારું ગરીબનું માનો. આજે મારે ઘરે રાત રહો; કાલે વેળ્ય ઊતરી જાય પછી સામે પાર જવું સરળ રહેશે." પણ માને તો નીલકંઠ શાના? મૃત્યુના ભયને તો નીલકંઠ ઘોળીને પી ગયા હતા. સાહસ એના સ્વભાવમાં હતું.

નીલકંઠે કહ્યું, "લાખા! અમે તો અત્યારે જ સામે પાર જઈશું."

લાખાએ કહ્યું, "બ્રહ્મચારી! મારા જીવને ચેન નહીં પડે."

નીલકંઠે કહ્યું, "લાખા! તરવું અને તારવું એ બન્નેમાં અમે કુશળ છીએ. ભવસાગર તો સાબરમતીના પાણી કરતાંય અનેકગણો અગાધ અને વિશાળ છે. અમે ભવસાગરમાં ડૂબકાં ખાતા લાખો જીવોને તારવા માટે અવતર્યા છીએ."

નીલકંઠની મર્મ ભરેલી વાણી સમજવાની શક્તિ લાખા કોળીમાં ક્યાં હતી!

લાખાના હૈયાને ધરપત આપવા નીલકંઠ બોલ્યા, "લાખા! તું ચિંતા કરીશ નહીં, અમે સામે કિનારે પહોંચીને અમારા આ સફેદ વસ્રને હલાવીશું, એટલે તું માનજે કે અમે સામે કિનારે પહોંચી ગયા છીએ."

આટલું કહીને પૂનમની અજવાળી રાતે નીલકંઠે જળમાં ઝંપલાવી દીધું. એકબાજુ નીલકંઠની સુકલકડી કાયા સનસનાટ કરતાં તીરની જેમ પાણીને કાપવા માંડી હતી, તો બીજી બાજુ લાખો ચિંતાતુર હૈયે નજર માંડીને નીરખી રહ્યો હતો.

વેગથી હિલોળા લેતાં જળમાં નીલકંઠ અદૃશ્ય થઈ જાય, ત્યારે લાખાનું અંતર ભારે આકુળવ્યાકુળ થઈ જતું હતું. થોડા સમયના અંતે નીલકંઠ સામે કિનારે પહોંચ્યા. નીલકંઠે પોતાના બહિર્વાસના સફેદ વસ્રને લહેરાવી 'સબસલામતી'નો સંકેત કર્યો. પૂનમની અજવાળી રાતે દૂર દૂર સફેદ વાવટાને ફરકતો જોઈને લાખાનો જીવ હેઠો બેઠો.

કોણ જાણે કેમ... થોડી ક્ષણોના સંગમાં આ કોળીને નીલકંઠ સાથે સ્નેહનો અનોખો નાતો જોડાઈ ગયો હતો અને એ જ નાતાને લીધે લાખો અક્ષરધામનો અધિકારી બની ગયો હતો.

નોંધ: આજે પણ વડગામમાં લાખા કોળીના વંશજો સારો સત્સંગ રાખી રહ્યા છે.

ધન્ય હો ધન્ય સૌરાષ્ટ્ર ધરણી

આ બાજુ નીલકંઠે સૌરાષ્ટ્રના ધોલેરા બંદર પાસેના ભાલપ્રદેશમાં પગ મૂક્યા. સ્વર્ગના સોનેરી ટૂકડા જેવી સૌરાષ્ટ્રની ધરા ધન્યતા અનુભવવા લાગી.

નીલકંઠની પદરજથી સૌરાષ્ટ્રની ધરણીની કાયાપલટ થવાની હતી. સાથે સાથે ધરમની ધરણીમાં જામેલા અધર્મના મેલ ધોવાઈ જવાની પણ તૈયારી થઈ ચૂકી હતી.

નીલકંઠે જ્યારે સૌરાષ્ટ્રની ધરા ઉપર પગ મૂક્યો ત્યારે સૌરાષ્ટ્રની સ્થિતિ ભારે દયાજનક હતી. રોજબરોજની હિંસા અને મારકાટથી આ પ્રાચીન-પવિત્ર ધરા શોણિત ભીની થઈ ચૂકી હતી.

ભારત નાનાં નાનાં રજવાડાંઓમાં વહેચાયેલો દેશ હતો, જ્યારે સૌરાષ્ટ્રમાં તો ગામડે ગામડે રજવાડું હતું. 'હાંકે તેની ભેંસ અને મારે એની તલવાર' હતી.

એક બાજુ ચોર, લૂંટારા અને બહારવટિયાઓ આમજનતા ઉપર કાળો કેર વર્તાવી રહ્યા હતા. બીજી બાજુ ખાખી બાવાઓની કેટલીક જમાતો રીતસરનો ત્રાસ વર્તાવી લોકોને લૂંટતી હતી.

ત્રીજી બાજુ રક્ષકો જ ભક્ષકો બન્યા હતા. વાડો જ ચીભડાં ગળી રહી હતી.

સામાન્ય પ્રજાની દાદ-ફરિયાદ સાંભળે એવા ઓછા હતા. પ્રજાની પુત્રની પેઠે રક્ષા કરે એવાં રાજ્યોની સંખ્યા આંગળીને વેઢે ગણી શકાય એટલી હતી. ક્યાંક ગાયકવાડી સત્તા હતી, તો ક્યાંક ક્ષત્રિયો અને કાઠી દરબારોના રાજ્ય હતાં. જૂનાગઢ બાજુના પ્રદેશોમાં મુસલમાની રાજ્યોના લીલાં નેજાઓ ફરકી રહ્યા હતા.

લોકો વહેમ અને વ્યસનોમાં ડૂબ્યા હતા. મોટા ભાગની પ્રજા અભણ હતી અને અજ્ઞાનની ઘોર ઊંઘમાં સૂતી હતી. અજ્ઞાન અને અંધશ્રદ્ધાને પરિણામે પ્રજા ચારે બાજુથી લૂંટાઈ રહી હતી.

ભક્તિના નિર્મળ માર્ગનો ભોગવાદે ભરડો લીધો હતો. ક્યાંક ક્યાંક તો સેવા, ભક્તિ, સમર્પણના નામે વામમાર્ગના વામાચારીઓને શરમાવે એવા ભ્રષ્ટાચાર થઈ રહ્યા હતા.

ધર્મના ક્ષેત્રમાં બાવળ અને બોરડી જેવા અધર્મના અડાબીડ જાળાં જામ્યાં હતાં.

ઘંટીના બે પડની વચ્ચે દાણા પીલાય એમ ધર્મસત્તા અને રાજસત્તાની વચ્ચે પ્રજા પીલાઈ રહી હતી.

સદ્‌ભાગ્યે સૌરાષ્ટ્રમાં સતીઓ અને સંતોની શક્તિ જાગ્રત હતી અને લોકોને સચેત કરી રહી હતી. સતી પાનબાઈ, સંત ભોજલરામ, મહાત્મા મૂળદાસ, જામનગરના આણદાબાવા, કચ્છનો દાદો મેકરણ વગેરે આમજનતા માટે આશીર્વાદરૂપ હતા.

આવી આછી અજવાળી-અંધારી રાતે નીલકંઠે સૌરાષ્ટ્રની ધરતીમાં પ્રવેશ કર્યો.

નીલકંઠનું આ આગમન ધરમની ધરતીના મેલને ધોવા માટે ક્રાંતિકારી સિદ્ધ થવાનું હતું.

સૌરાષ્ટ્રની ધરામાં ધોલેરાથી લોએજ સુધીની નીલકંઠવર્ણીની યાત્રા અનેક પાવનકારી પ્રસંગોથી ભરપૂર છે. મોટા ભાગની આ યાત્રા સાગરના કિનારે કિનારે થયેલી છે.

નીલકંઠવર્ણી ધોલેરાથી ભાલ પ્રદેશને વીંધતાં વીંધતાં ગોરાસા, વાગડ વગેરે ગામોમાં વિચરણ કરતાં કરતાં નીલકા નદીને કિનારે રહેલા ભીમનાથ મહાદેવ પધાર્યા. કહેવાય છે કે, આ પ્રાચીનતમ ભીમનાથ મહાદેવજીની પ્રતિષ્ઠા મધ્યમ પાંડુપુત્ર ભીમસેને કરી હતી.

નીલકંઠવર્ણીએ નીલકા નદીમાં સ્નાન કર્યું, ભીમનાથ મહાદેવજીનાં દર્શન કર્યાં. મંદિરના મહંતજીએ નીલકંઠવર્ણીને પ્રતાપી મહાપુરુષ જાણીને ભારે ભાવથી આવકાર્યાં.

ભીમનાથથી નીકળી નીલકંઠવર્ણી પોલારપુર પધાર્યા. બરવાળા થઈને કુંડળ પધાર્યા. અહીં એમણે ઉતાવળી નદીમાં સ્નાન કર્યું. કુંડળથી નીકળીને નીલકંઠવર્ણી વડા-વલ્લભીપુર થઈને સિહોર પધાર્યા. અહીં બ્રહ્મકુંડ, ગૌતમકુંડ વગેરે તીર્થમાં સ્નાન કરી ગૌતમેશ્વર મહાદેવજીનું પૂજન કર્યું.

સિહોરથી નીકળીને નીલકંઠવર્ણી ભાવનગર પધાર્યા અને અહીં દેવજીભગતની ધર્મશાળામાં ઊતર્યા. અહીંના મહંતજી વૃદ્ધ થયા હતા. તેમણે નીલકંઠવર્ણીને આ જગ્યા સંભાળી લેવા વિનંતી કરી, પરંતુ નીલકંઠવર્ણીએ એ વાત સ્વીકારી નહિ. આજે આ સ્થળે સુંદર સ્વામિનારાયણ મંદિર છે.

આ બ્રહ્મચારી સાધારણ નથી!

ભાવનગરથી નીલકંઠવર્ણી કુકડ ગામે પધાર્યા. કુકડ નરેશ ભગવાનસિંહજી ગોહિલ કુળના ક્ષત્રિય હતા. તેઓ ડેલીએ ડાયરો ભરીને બેઠા હતા. નીલકંઠવર્ણી ત્યાંથી પસાર થયા. ભગવાનસિંહજી પૂર્વના યોગભ્રષ્ટ જીવ હતા. નીલકંઠવર્ણી થોડી વાર ડેલી પાસે ઊભા રહ્યા.

યુવાન તેજસ્વી બ્રહ્મચારીને જોઈને રાજાના દિલમાં ભારે આકર્ષણ જાગ્યું. એમણે પ્રશ્ન કર્યો, "બ્રહ્મચારીજી! આપ ક્યાંથી પધારો છો? અને આપનું નામ શું છે?"

નીલકંઠવર્ણીએ મર્મમાં ઉત્તર દીધો, "અમે અનિર્દેશથી આવીએ છીએ, ફરતારામ છીએ, અમારા નામ અને ગામનાં કોઈ ઠેકાણાં નથી!"

આટલું કહી વર્ણીરાજ ત્યાંથી સડસડાટ ચાલતા થયા, પરંતુ દરબાર ભગવાનસિંહજીના અંતરમાં પોતાની તેજસ્વી મૂર્તિની અમીટ છાપ પાડતા ગયા. નીલકંઠે ગામની બહાર નદીને તીરે વિશ્રાંતિ લીધી.

રાજાના કારભારી ખોજા જીવા ઠક્કર મુસલમાન હતા, પણ ભારે બુદ્ધિશાળી

હતા. યુવાન તેજસ્વી વર્ણીરાજનાં દર્શન કરતાં જ એમના અંતરમાં થયું હતું કે, 'આ બ્રહ્મચારી કોઈ સાધારણ નથી. કોઈ અવતારી પુરુષ જણાય છે.' એમણે ભારે વિવેક સાથે ગોહિલકુળભૂષણ ભગવાનસિંહજીને કહ્યું, "નરેશ! આપણે અનેક ભેખધારીઓને જોયા છે, પરંતુ કોણ જાણે કેમ...? આ યુવાન જોગી મને કોઈ જુદી ભાતના જ જણાય છે!"

"નરેશ! છૂપાવેશમાં અલ્લાના ઓલિયા ફરતા હોય છે. આવા કોઈ અભ્યાગત આપણે આંગણેથી ભિક્ષા લીધા સિવાય જાય એ ઠીક નથી. આપણે ગૃહસ્થ છીએ. આંગણે આવેલા અતિથિઓનો સત્કાર કરવો આપણી ફરજ છે. આપણે આ વર્ણીનો સત્કાર નહિ કરીને અતિથિધર્મમાંથી ચૂકી ગયા છીએ."

કારભારીના વિવેકસંમત સત્ય વચનો ભગવાનસિંહજીના અંતરમાં આરપાર ઊતરી ગયાં. તેઓ જીવા ઠક્કરને સાથે લઈ વર્ણીને શોધતાં શોધતાં નદીને કિનારે પધાર્યા. નીલકંઠવર્ણી નદી કિનારે ધ્યાન કરી રહ્યા હતા.

રાજા અને રાજાના કારભારી આ અલૌકિક સુકલકડી બ્રહ્મચારીના દર્શન કરતાં કરતાં થોડી વાર બેઠા. થોડી વારે નીલકંઠે નેત્ર ખોલ્યાં. રાજાએ હાથ જોડી ક્ષમા માગીને કહ્યું, "વર્ણીરાજ! આપ અમારો કણિકો ગ્રહણ કરો."

નીલકંઠવર્ણીએ ભગવાનસિંહજીનો ભાવ પૂરો કરવા ભિક્ષા સ્વીકારી, થોડી વાર સત્સંગ કર્યો. રાજાએ વર્ણીરાજને ગામમાં પધારવા આગ્રહ કર્યો, પણ નીલકંઠ નદી કિનારે જ રાત રોકાયા. વહેલી સવારે નીલકંઠ જાગ્યા. પ્રાતઃ ક્રિયામાંથી પરવારી આગળની વાટ પકડી.

સમય પાણીના પ્રવાહની જેમ વહેતો રહ્યો. નીલકંઠવર્ણી ભગવાન શ્રી સ્વામિનારાયણ તરીકે પ્રસિદ્ધ થયા. સૂર્યોદય થાય ત્યારે બધાને આનંદ થાય પણ ચામાચીડિયાં કે ઘુવડોને મજા ન આવે, એ જ રીતે આદિ અનાદિનો ક્રમ છે કે મહાપુરુષોની ખ્યાતિ બધાને ગમતી નથી એટલે તેઓ તેજોદ્વેષથી પીડાતા રહે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસિદ્ધિ પણ ઘણાંને પીડા આપી રહી હતી એટલે તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણને ઉતારી પાડવા પ્રયત્નશીલ રહેતા. દરબાર ભગવાનસિંહજી પાસે એક ચારણ રહેતો હતો. ચારણ ભારે ચાટુકાર અને બોલકો હતો. તે અવનવી રમૂજભરી વાતો કરી દરબારનું મન બહેલાવતો રહેતો. દરબારે એને વર્ષાસન બાંધી આપ્યું હતું. ચારણના અંતરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ભારે દ્વેષ હતો. એ ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે એલફેલ બોલતો.

ચારણના કુસંગને લીધે ભગવાનસિંહજી પણ ભગવાન શ્રી સ્વામિનારાયણને પાખંડી અને કામણિયા-ટૂમણિયા માનતા. ચારણના સંગથી એમનું અંતર ભગવાન શ્રી

સ્વામિનારાયણ પ્રત્યેના પૂર્વગ્રહથી ભરાઈ ગયું હતું.

રોજ પ્રાતઃકાળે ચારણ ભગવાન શ્રી સ્વામિનારાયણને ગાળો દેતો. રાજાને એ સાંભળવામાં ભારે આનંદ આવતો. દરબાર ભગવાનસિંહજીએ જાણે સ્વામિનારાયણ ભગવાનને ગાળો દેવા માટે જ ચારણને પગારદાર રાખ્યો હતો, પરંતુ સમય જતાં દરબાર ભગવાનસિંહજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણનો અલૌકિક પ્રતાપ અનુભવ્યો. એમનો દૈવીભાવ પુનઃ જાગૃત થયો. એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રય કર્યો એટલું જ નહિ, પોતે મહાન આત્મનિવેદી ઉત્તમ સત્સંગી થયા.

આ બાજુ ચારણે પોતાનો સ્વભાવ છોડ્યો નહીં. એણે એલફેલ બોલવાનું ચાલુ રાખ્યું એટલે દરબારે એનું વર્ષાસન બંધ કર્યું અને કાઢી મૂક્યો.

મારા શરીરને અગ્નિસંસ્કાર કરશો નહીં!

આ બાજુ નીલકંઠવર્ણી કુકડથી દિયોર, લાકડિયા વગેરે સ્થળોમાં વિચરણ કરતાં કરતાં નાના ગોપનાથ પધાર્યા અને અહીં ગોપનાથ મહાદેવનું ભાવથી પૂજન કર્યું. ત્યાર પછી નીલકંઠવર્ણી પીપરલા થઈને તળાજા પધાર્યા. અહીં શેત્રુંજી નદીમાં સ્નાન કરી સાગરને તીરે આવેલ નકલંક મહાદેવ પધાર્યા.

નકલંક મહાદેવ પુરાણપ્રસિદ્ધ તીર્થ છે. કહેવાય છે કે, પાંડવોએ યુદ્ધમાં થયેલ હિંસાના પાપને ધોવા આ નકલંક મહાદેવ પધરાવ્યા હતા અને નિષ્પાપ બન્યા હતા. સાગરકિનારાનું આ તીર્થ અત્યંત રમણીય અને પાવનકારી છે. ભરતીના સમયમાં સાગરની લહેરો નકલંકજીને અભિષેક કરે છે. ભરતીના પાણી ઓસરે છે, ત્યારે ખારા સાગરને કિનારે મીઠા પાણીના વીરડા પ્રગટે છે. નીલકંઠવર્ણીના મનમાં નકલંક તીર્થ વસી ગયું. એમણે મહાદેવજીનું પૂજન કર્યું, પછી મોટા ગોપનાથની વાટ લીધી.

સાગરને કિનારે આવેલ ગોપનાથ સૌરાષ્ટ્રનું પુરાણપ્રસિદ્ધ તીર્થ છે. એક સમયે સાગરની ભરતીના મોજાંઓ ગોપનાથ મહાદેવના મંદિરના શિવલિંગને અભિષેક કરતા હતા. આજે સાગરના પાણી થોડા દૂર ગયા છે.

ગોપનાથમાં ગોપાળયોગી નામના મહાન સિદ્ધ થઈ ગયા. તેમના શિષ્ય આત્માનંદસ્વામી પણ ભારે પ્રતાપી સિદ્ધપુરુષ હતા. ઉદ્ધવાવતાર રામાનંદસ્વામીના તેઓ પ્રથમ ગુરુ હતા.

નીલકંઠવર્ણીને હજુ સદ્‌ગુરુ રામાનંદસ્વામી મળ્યા નહોતા. યોગીરાજ આત્માનંદસ્વામીનો પ્રૌઢ પ્રતાપ જાણ્યો નહોતો છતાં એમનાં અંતરનાં ઊંડાણમાંથી આ સ્થળ પ્રત્યે ગજબનું આકર્ષણ ઉદ્‌ભવી રહ્યું હતું.

નીલકંઠવર્ણીએ સાગરમાં સ્નાન કરી, ગોપનાથ મહાદેવનું પૂજન કર્યું. અહીંના મહંતજીને નીલકંઠવર્ણી સાથે ભારે સ્નેહ બંધાયો. મહંતજીએ નીલકંઠવર્ણીને રોકવા માટે ભારે આગ્રહ કર્યો, પરંતુ વર્ણીરાજનું ધ્યેય કંઈક જૂદું જ હતું.

ગોપનાથ થઈને નીલકંઠવર્ણી ઝાંઝમેર, કલસાર, કતપર વગેરે સ્થળોમાં વિચરણ કરતાં કરતાં માલણ નદીને કિનારે પહોંચ્યા. માલણ નદીમાં સ્નાન કરી વર્ણીરાજ મહુવા પધાર્યા. મહુવામાં શ્રી લક્ષ્મીનારાયણ દેવના પ્રાચીન મંદિરમાં દર્શન કરી આંબલીના ઝાડ નીચે ઉતારો કર્યો. પછી માલણ નદીને કિનારે કિનારે વિહાર કરતા વર્ણીરાજ તલગાજરડા પધાર્યા અને અહીં બાવાના કોઠાના આરે બે દિવસ રોકાયા.

તલગાજરડાથી ડોળિયા, પટવા, ચાંચવા ડુંગર વગેરે સ્થળોમાં વિહાર કરતા વર્ણીરાજે પીપાવાવમાં પીપા ભગતની પ્રસિદ્ધ અને પાવનકારી જગ્યામાં વિશ્રામ કર્યો.

હવે નીલકંઠવર્ણી બાબરિયાવાડની ધરતીમાં પ્રવેશ કરી રહ્યા હતા. વાવેરા, રાજુલા, વડગામ વગેરે સ્થળોમાં વિચરતાં વિચરતાં વર્ણીરાજ રામપર પધાર્યા. રામપર ગામથી થોડે દૂર ધાતરવડી નદી વહે છે. બાજુમાં ચાંચુડા મહાદેવ બિરાજે છે. શિવાલયથી થોડે દૂર તમરાનું ઝાડ છે.

બાબરિયાવાડની આ ધરતી યોગીરાજ આત્માનંદસ્વામીની યોગભૂમિ રહી છે. આત્માનંદસ્વામીએ આ ધરા ઉપર સ્વતંત્ર થકા પોતાના શરીરનો ત્યાગ કર્યો હતો. શરીર છોડતા પહેલા એમણે પોતાના શિષ્યોને સૂચના આપી હતી કે મારી પાછળ રોકકળ કરશો નહિ, મારાં શરીરને અગ્નિસંસ્કાર કરશો નહિ, વાજતેગાજતે ધૂન-કીર્તન કરતાં કરતાં મારા શરીરને આ તમરાનાં વૃક્ષ નીચે પધરાવી દેજો. આગળનું કાર્ય દિવ્ય આત્માઓ સંભાળી લેશે.'

આત્માનંદસ્વામીના શરીરત્યાગ બાદ એમના શિષ્યોએ ગુરુદેવના કહેવા પ્રમાણે એમનાં શરીરને તમરાનાં વૃક્ષ નીચે પધરાવી દીધું હતું. કહેવાય છે કે થોડા સમય બાદ એ યોગસિદ્ધ શરીરે આકાશમાર્ગે ગતિ કરી હતી અને દૂર દૂર અંતરિક્ષમાં અદશ્ય થઈ ગયું હતું. સીમમાં ગાયો-ભેંસો ચારતા ગોવાળિયાઓએ આ દશ્ય નજરોનજર નિહાળ્યું હતું.

મોટા ગોપનાથની જેમ જ આ સ્થળ પણ વર્ણીરાજનાં અંતરને અવશપણે આકર્ષી રહ્યું હતું, કારણ કે આત્માનંદસ્વામી જેવા મહાન યોગી આ ભૂમિમાં વિચર્યા હતા.

નીલકંઠવર્ણી રામપરથી કોવાયા પધાર્યા. કોવાયાથી થોડે દૂર પ્રાચીન વારાહી તીર્થ છે. અહીં ભગવાન આદિવરાહ નારાયણનું સુંદર મંદિર છે. સાગર કિનારાનું આ તીર્થ નીલકંઠનાં અંતરમાં વસી ગયું.

સીમર બંદરના સૂર્યકુંડે

વારાહી ક્ષેત્રથી ગાંગડા થઈને નીલકંઠવર્ણી સીમર બંદર પધાર્યા. સીમર દરિયાકાંઠાનું પુરાતન તીર્થ છે.

અહીં પુરાણપ્રસિદ્ધ સૂર્યકુંડ છે. નીલકંઠે કુંડમાં સ્નાન કર્યું.

સૂર્યકુંડની બાજુમાં સુંદર ધર્મશાળા હતી. અહીં વર્ણીરાજ બે રાત્રિ રોકાયા.

સીમરમાં અનેક વણિક પરિવારો વસતા હતા. એમાં વેણી પરિવાર અગ્રણી અને સુપ્રસિદ્ધ હતો. વેણી પરિવારના પૂર્વજ શાહ વેણીદાસે વિ. સં. ૧૬૫૦માં સીમરમાં વસવાટ કર્યો હતો.

વેણીદાસ ભારે પરોપકારી જીવ હતા. એમણે સીમર ગામના પાદરમાં 'વેણીવાવ' ગળાવી હતી. આ પુણ્યકાર્યને લીધે આ પરિવાર આજે પણ 'વેણી પરિવાર' તરીકે ઓળખાય છે.

સત્કાર્યની સુગંધ સૈકાઓ સુધી પ્રસર્યા રાખતી હોય છે. પ્રગટ પરમાત્મા વર્ણીરાજે વેણીવાવે વિસામો લીધો એટલે વેણીદાસે વર્ષો પહેલા કરેલ સત્કાર્ય સફળ થયું.

સીમરના પ્રસિદ્ધ વેણી પરિવારના ગાંડાલાલ શાહ તથા એમના સુપુત્ર જીવાશાએ વર્ણીરાજની આગતા-સ્વાગતા કરી ભાવથી ભોજન કરાવ્યા. વર્ણીરાજે એમના ઉપર અમીદૃષ્ટિ કરી. પરિણામે વેણીદાસના વંશજોનો ભાગ્યોદય થયો.

સીમરમાં એક વાણિયો રહેતો હતો. એ વ્યવહારે દુબળો હતો. એને સસ્તામાં ધન મેળવી સમૃદ્ધ થવું હતું. એના મનમાં હતું કે, જો મને કોઈ સાધુ-સંતના આશીર્વાદ મળે, મને કોઈ કીમિયો બતાવે તો પુષ્કળ ધનની પ્રાપ્તિ થાય.

'લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે' એ ન્યાયે એ જમાનામાં આવા કીમિયાગરોનો પણ પાર ન હતો. આ ધુતારાઓ ધનપ્રાપ્તિ તથા સોનું બનાવવાના ખોટા કીમિયાઓ બતાવી લાલચુ લોકોને લૂંટતા હતા.

જ્યારે જ્યારે સીમરમાં કોઈ 'સંત-મહાત્મા પધાર્યા છે' એવી જાણ થતી, ત્યારે એ લોભી વાણિયો એમની પાસે દોડી જતો અને ધન માટેના આશીર્વાદની લાલચે એમની સેવા કરતો, કાલાવાલા કરતો અને પુષ્કળ ધન મળે એવા આશીર્વાદ માગતો; પણ નિરાશા સિવાય કાંઈ ન મળતું !

નીલકંઠને આવેલા સાંભળીને વાણિયો નીલકંઠ પાસે પહોંચ્યો અને દોડીદોડીને સેવા કરવા લાગ્યો. નીલકંઠનું તેજસ્વી સ્વરૂપ જોઈ વાણિયાને થયું, 'નક્કી આ કોઈ ચમત્કારી મહાત્મા છે, એ મારો મનોરથ પૂર્ણ કરશે.' નીલકંઠને જમાડવા માટે વાણિયાએ દૂધપાક-પુરી તૈયાર કરાવ્યાં અને નીલકંઠની આગળ ધર્યાં.

નીલકંઠ વાણિયાની મનોવૃત્તિને જાણી ગયા હતા. નીલકંઠને વાણિયાની લોભી વૃત્તિ જોઈને દયા આવતી હતી અને એની મૂઢતા ઉપર હસવું પણ આવતું હતું. નીલકંઠે વાણિયાના જીવના ભલા માટે દૂધપાક-પુરી સ્વીકાર્યાં.

વાણિયાને મનમાં હતું કે, 'આ બ્રહ્મચારી હવે મને આશીર્વાદ આપશે અને પુષ્કળ ધન પ્રાપ્ત થશે.'

વાણિયો આશીર્વાદની આશાએ નીલકંઠ સામે જોઈ રહ્યો, પરંતુ નીલકંઠે એની આશા પૂરી થાય એવો કોઈ પ્રતિભાવ મુખ ઉપર જણાવા દીધો નહીં. દૂધપાક-પુરી આરોગી, વજાસને બેસી નીલકંઠ ધ્યાનમાં ઊંડા ઊતરી ગયા.

વાણિયો લાલચુ નજરે નીલકંઠ સામે જોતો જોતો બેઠો રહ્યો. ઘણીવાર પછી નીલકંઠ ધ્યાનમાંથી જાગ્યા. એમણે વાણિયાની સામે જોયું પણ નહીં.

વળતે દિવસે નીલકંઠ સીમરથી રવાના થયા. પેલો વાણિયો વળાવવાને બહાને સાથે ચાલ્યો. વાણિયાના મનમાં હતું કે 'ચાલતી વખતે આ વર્ણી મને અવશ્ય આશીર્વાદ આપશે.' પરંતુ નીલકંઠે વાણિયા સામે નજર પણ કરી નહીં અને હાથમાં જળની કઠારી સાથે ઉતાવળી ચાલ્યે ચાલતા થયા.

વાણિયો પણ આશીર્વાદની આશાએ નીલકંઠની પાછળ પાછળ ચાલવા લાગ્યો. ઘણે દૂર ગયા પછી નીલકંઠે પાછા વળીને વાણિયાની સામે જોયું અને કહ્યું, "ક્યોં પીછે આતે હો ?"

વાણિયાએ કહ્યું, "જોગીરાજ ! મેં તમારી સેવા કરી છે, એના બદલામાં મને પુષ્કળ ધન મળે એવા આશીર્વાદ આપો."

નીલકંઠે કહ્યું, "પુરુષાર્થ કરો, પુરુષાર્થ સે હી ધન મિલતા હૈ. હમ તો બાવા-સાધુ હૈ, હમારે પાસ ભી ધન નહીં હૈ તો તુમ્હેં કૈસે દેંગે ?"

વાણિયાએ કહ્યું, "મહારાજ ! મહેનત પડે એવી માથાકૂટ મારે કરવી નથી. મને આશીર્વાદ આપો એટલે મારું કામ તુરંત પૂરું થઈ જાય."

નીલકંઠને વાણિયાની દયા આવી. તેઓ થોડી વાર થોભ્યા અને વાણિયાને ઉપદેશ દેવા લાગ્યા. અર્થમાં કેટલા અનર્થ સમાયા છે તે બધી વાત સમજાવી, પણ લાલચુ વાણિયાના મનનું સમાધાન ન થયું.

વાણિયો બોલ્યો, "યોગીરાજ ! મારે ઉપદેશ જોતો નથી, મને ધન આપો."

નીલકંઠે કહ્યું, "દેખો ! તુમ ચાહતે હો વૈસા ધન હમારે પાસ નહીં હૈ ઔર હમારે પાસ જો ધન હૈ વો તેરે કામ કા નહીં હૈ !"

લોભથી મૂઢ બનેલી વાણિયાની મતિમાં નીલકંઠની માર્મિક વાત ઊતરે એમ નહોતી.

વાણિયાને મનમાં થયું, 'આ બાવામાં કાંઈ દમ લાગતો નથી. મારા દૂધપાક-પુરી નકામા ગયાં !"

અંતર્યામી નીલકંઠ વાણીયાના વિચારો વાંચી મનોમન હસ્યા. એમણે અચાનક અનોખો નિર્ણય લીધો. ધરતીમાં ખાડો કર્યો. નૌલી ક્રિયા કરી ઉદરના નળ રવૈયાની જેમ ફેરવ્યા, પછી કુંજર ક્રિયા કરી ખાડામાં વમન કર્યું.

વાણિયો તો આશ્ચર્યથી જોતો જ રહ્યો. નીલકંઠ શું કરી રહ્યા છે ? એની એને ગતાગમ પડતી નહોતી.

નીલકંઠ બોલ્યા, "યે તેરે દૂધપાક-પુરી વાપિસ લે લો. ઐસી નિકમ્મી ચીજ કે બદલે મેં તુમ ધન માંગતે હો ? યદિ ઐસી ચીજોં સે સમૃદ્ધિ મિલ જાતી, તો દુનિયામેં કોઈ દરિદ્ર હી નહીં રહતા. ઔર સુનો, દુનિયા કી સારી ધનસમૃદ્ધિ સે ભી જ્યાદા મૂલ્યવાન ચીજ તેરે પાસ હૈ, લેકિન તુમ મંદમતિ ન ઈસકો પહચાન પાઓગે ઔર ન પ્રાપ્ત કર પાઓગે."

નીલકંઠની ગહન વાત વાણીયાની લોભાંધ મતિમાં ઊતરે એમ હતી નહીં. એણે કાલાવાલા ચાલુ રાખ્યા, "બ્રહ્મચારી ! દૂધપાક-પુરી માટે મેં કેટલો બધો ખર્ચો કર્યો ! થોડી તો દયા કરો !"

નીલકંઠને દયા આવી. વાણીયા ઉપર અમીદૃષ્ટિ કરી અને બોલ્યા, "જાઓ તુમ્હે જીવન નિર્વાહ કે લિયે જીતના ઉપયોગી હોગા ઉતના ધન મિલ જાયેગા." આમ આશીર્વાદ આપીને નીલકંઠ તીર વેગે રવાના થયા.

વાણિયો મોં વકાસીને જોઈ રહ્યો. ચિંતામણિ હાથમાં આવીને નીકળી ગઈ. અભાગી વાણિયો અવસર ચૂકી ગયો !

નોંધ :- સમય જતા ઊનાના ગણેશ શેઠ તથા હંસરાજ ગાંધીના જોગથી જીવા શાહ સત્સંગી થયા. ગુણાતીતાનંદ સ્વામી તથા વ્રજ્યાનંદ સ્વામી જેવા મહાન સદ્‌ગુરુઓના સમાગમથી એમને ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપમાં દૃઢ નિષ્ઠા થઈ.

જીવા શાહે એકલે હાથે સીમરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું મંદિર બનાવડાવ્યું.

વર્ષો પછી મંદિર જીર્ણ થયું, ત્યારે સદ્‌ગુરુ બાલમુકુંદદાસજીની પ્રેરણાથી જીવા શાહના પૌત્ર હેમચંદ લક્ષ્મીચંદ શાહે વિ. સં. ૧૯૬૬માં મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી હનુમાનજી-ગણપતિજી પધરાવ્યા.

સમય જતાં મંદિર પાછું જીર્ણ થયું. ત્યારે આ વેણીપરિવારના મોભી શ્રી હરીન્દ્રભાઈ વેણીએ પોતાના પૂર્વજોના પગલે ચાલીને એકલે હાથે આ લેખકની પ્રેરણાથી ફરીથી જીર્ણોદ્ધાર કરાવ્યો છે.

આજે મોટા ભાગનો વેણીપરિવાર મુંબઈમાં વસે છે અને નીલકંઠવર્ણીની કૃપાથી સુખી છે.

કૃપા માગી મળતી નથી, હૃદયના રાજીપાથી મળે છે.

તુલસીશ્યામને માર્ગે

સીમર બંદરથી નીકળીને નીલકંઠ તુલસીશ્યામને માર્ગે આગળ વધ્યા. અત્યાર સુધી સાગર કિનારે કિનારે વિચરણ કરતા નીલકંઠે હવે સાગર કિનારો છોડ્યો અને સૌરાષ્ટ્રના હૃદય સમાન ગાંડી ગીરની વાટ લીધી.

સીમરથી તુલસીશ્યામનો માર્ગ અડાબીડ જંગલોથી ઘેરાયેલો હતો. ગીરનું પૂરું જંગલ ડાલામથા સાવજ, લુચ્ચા દીપડાઓ અને અનેક પ્રકારના જંગલી પ્રાણીઓનું ઘર ગણાય.

જંગલમાં નાના નાના માલધારીઓના નેસડાઓ હતા. તેઓ ગાયો-ભેંસો રાખીને ગુજરાન ચલાવતા હતા. એક સમય હતો, જ્યારે આ ગીરની ગાયો અને ભેંસો પૂરાએ પંથકમાં પંકાતી હતી. સામાન્ય રીતે આળસુ અને સ્વભાવે ઠંડી ગણાતી ભેંસો સિંહને ભાળે ત્યારે એકદમ ભૂરાઈ થાય. એકસંપ કરી ડાલામથા સિંહો માથે ત્રાટકે, માથાં મારી સિંહોના હાડકાં ખોખરાં કરે અને ભગાડી મૂકે!

ગીરના માલધારીઓ પણ સિંહો સાથે બથોડા લ્યે એવા શૂરવીર! માલધારીઓના નાના નાના છોકરાંઓ પણ જંગલમાં નિર્ભય રીતે ફરે.

ગાંડી ગીરના જંગલમાં ભલભલા ભોમિયાના પણ માથાં ભમી જાય! જવું હોય ક્યાંય અને નીકળી જાય ક્યાંય! એક સમયે ગીરનાં જંગલનો વિસ્તાર આજે છે એના કરતાં અનેકગણો વધારે હતો. ગીરનું જંગલ પ્રાચીન પાંચાળ દેશના ઘેલા સોમનાથથી માંડીને ગરવા ગીરનાર સુધી ફેલાયેલું હતું. નીલકંઠ જે સમયે ગીરમાં વિચરી રહ્યા હતા, ત્યારે ગીરનાર અને ગીર એક હતાં.

જ્યાં પગલે પગલે જોખમ હોય એવા ગીરના જંગલમાં, વનની કેડીએ કેડીએ, દિશા સાધીને એકલાઅટૂલા નીલકંઠવર્ણી તુલસીશ્યામ તરફ પ્રયાણ કરી રહ્યા હતા.

નિર્ભયતા અને સાહસિકતા નીલકંઠનો સહજ સ્વભાવ હતો. જોખમોથી એ ક્યારેય ડરતાં નહીં. એટલું જ નહીં એમની પ્રેમ અને કરુણાથી ભરેલી દૃષ્ટિ પડતાં જ જંગલી પ્રાણીઓ પણ પાલતુ જાનવરો જેવા થઈ જતાં હતાં. નીલકંઠ જ્યાં જ્યાં ફરતા એ જંગલ અભ્યારણમાં ફેરવાઈ જતું. માલધારીના નેસડાઓને પાવન કરતાં કરતાં, જંગલની નદીને કિનારે કે ઝાડવાં નીચે રાત્રિ પસાર કરતાં કરતાં નીલકંઠ તુલસીશ્યામ પહોંચ્યા.

તુલસીશ્યામના મહિમા વિશે કંઈ પણ કહેવું એ સૂરજને દીવો દેખાડવા સમાન

છે. સૃષ્ટિના આદિકાળથી આ તીર્થ પૃથ્વી ઉપર પ્રગટ થયેલું છે. હજારો વર્ષ પહેલા ભગવાન નરનારાયણે અહીં આકરી તપશ્ચર્યા કરી હતી. અહીં ગરમ પાણીના વિશ્વપ્રસિદ્ધ કુંડો છે. કહેવાય છે કે, ભગવાન નરનારાયણના તપની ગરમીથી અહીંના પાણીના સ્રોત ગરમ થયેલા છે.

અહીં ચતુર્ભુજ ભગવાન શ્યામ વિરાજે છે. અહીંથી થોડે દૂર ડુંગરાની ટોચે રુક્મિણી દેવીનું મંદિર છે. કહેવાય છે કે, એક વાર ભગવાન શ્યામ અને રુક્મિણી દેવી વચ્ચે વૃન્દા નિમિત્તે મધુર કલહ થયો. રસોઈ કરતાં કરતાં રુક્મિણી દેવી રિસાયા અને ડુંગરાની ટોચે પહોંચ્યા. આજ સુધી રુક્મિણીજીના રુસણાં પૂરાં થયાં નથી! રસોઈ કરતાં કરતાં રિસાયેલા હોવાથી, આજે પણ માતાજીના હાથમાં લોટનો પીંડો છે!

આજે પણ ડુંગરાની તળેટીમાં બિરાજતા શ્યામ ડુંગરા તરફ મીટ માંડીને રુક્મિણીજી રુસણાં છોડી નીચે ઊતરે એની રાહ જોઈ રહ્યા છે!

લોકો તો એવું પણ કહે છે કે, 'રુક્મિણીના વિરહમાં રડતા શ્યામના નેત્રોમાંથી ગરમ આંસુડાંની ધારાઓ વહે છે, માટે કુંડના પાણી ગરમ છે.'

લોકહૃદયની ભાવના તર્કના ત્રાજવે તોળી શકાય એવી હોતી નથી. આવી મીઠડી કથાઓ લોકહૃદયને ભાવભક્તિથી ભરેલાં રાખે છે, કહેવાતા બૌદ્ધિકો એનાથી વંચિત રહે છે. બાળકનું નિર્મળ સૌંદર્ય મા માણી શકે છે, ઍક્સ-રે લેનાર ટેક્નિશિયન નહિ.

આ તીર્થ અને ભગવાન શ્યામની નયનરમ્ય મૂર્તિ નીલકંઠના મનમાં વસી ગયા. નીલકંઠ અહીં બે-ચાર દિવસ રોકાયા.

યહાં તો ગુપ્તગંગા બહતી હૈ!

તુલસીશ્યામથી નીકળીને નીલકંઠવર્ણી ઊના પાસેના ગુપ્તપ્રયાગ પધાર્યા. અહીં ભગવાન શ્રી લક્ષ્મી-નૃસિંહજીનું પ્રાચીન મંદિર છે. બાજુમાં મહાપ્રભુજીની રમણીય બેઠક અને સુંદર હવેલી છે. જળથી છલકાતા કુંડો છે. ઉપરના જળકુંડમાંથી સ્વયંભૂ પાણી પ્રગટે છે અને અન્ય જળકુંડોને ભરેલાં રાખે છે. ફરતા તાલવૃક્ષનાં વન છે. થોડે દૂર દીવનો હિંદ મહાસાગર હિલોળા મારે છે.

નીલકંઠ જ્યારે ગુપ્તપ્રયાગ પધાર્યા, ત્યારે ઉનાળાની આકરી ગરમીના દિવસો હતા. સૂરજના આકરા તાપથી કુંડોનું જળ સુકાઈ ગયું હતું. પાણીની ભારે તંગી હતી. દૂર દૂરથી કાવડો ભરી ભરીને પાણી લાવવું પડતું હતું.

નીલકંઠનુ આગમન જાણે આ સુકાયેલાં જળસ્રોતોને સજીવન કરવા માટે હતું. તપથી તેજસ્વી કાયાવાળા નીલકંઠને જોઈને મંદિરના મહંતજીને નીલકંઠ પ્રત્યે અત્યંત

આદર થયો. એમણે નીલકંઠને આવકાર્યા.

વનવિચરણ દરમ્યાન નીલકંઠ મોટે ભાગે દિવસમાં ત્રણ વાર સ્નાન કરતા. ગુપ્તપ્રયાગમાં પાણીની તંગી હતી, કુંડમાં પાણી સુકાઈ ગયું હતું.

નીલકંઠે પૂજારીને પૂછ્યું, “પૂજારીજી! ઈધર કહીં સ્નાન કે લિયે જલ મિલેગા?”

મહંતે નીલકંઠને પાણીની તંગીની વાત કરતા કહ્યું, “બ્રહ્મચારી! પાણી-બાણીની વાત છોડો, અહીં પાણી કેવું? અહીં તો દૂર દૂરથી ખંભે કાવડો ઉપાડી પાણી લાવવું પડે છે, ત્યારે પાણી ભેગા થઈએ છીએ.”

નીલકંઠે કહ્યું, “મહંતજી! યહાં તો ગુપ્તગંગા બહતી હૈ. આપ પાની કે લિયે ક્યોં ઈતને પરેશાન હો?”

નીલકંઠની વાત સાંભળી મહંતજીને અણગમો આવ્યો, મગજનો પારો ઊંચો ગયો અને કટાક્ષ કર્યો, “જો ગુપ્તગંગા વહેતી હોય તો આ પડ્યા ત્રિકમ અને પાવડો, ખોદી લ્યો અને ના’ઈ લ્યો!”

મહંતજીનો કટાક્ષ સાંભળી નીલકંઠ હસતાં હસતાં ઊભા થયા. ત્રિકમ-પાવડો હાથમાં લીધાં. કુંડના સુકાયેલા તળિયે થોડા ટચકા માર્યા, ત્યાં તો પાતાળ ફોડીને પાણીનો પ્રવાહ પ્રગટ થયો.

આ અલૌકિક ચમત્કાર નિહાળીને મહંતજી તથા તીર્થવાસીઓ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. જળની શીતળ સરવાણીઓ જોઈને મહંતજીના મગજનો પારો નીચે ઊતર્યો; મનમાં થયું, ‘આ નીલકંઠ કોઈ સાધારણ નથી!’ એણે નીલકંઠને બે હાથ જોડ્યા અને કટાક્ષ બદલ ક્ષમા માગી.

નીલકંઠ તો માન-અપમાનથી પર હતા. એમણે કહ્યું, “મહંતજી! ઐસા કુછ નહીં હૈ. આપ તો મુજસે બડે હો. આપ કો કહને કા અધિકાર હૈ.”

નીલકંઠના નિર્માની ભાવે મહંતજીનું દિલ જીતી લીધું. મહાન હોવા છતાં નાના થઈને રહેવું એ જ નીલકંઠવર્ણીની ખરી મહત્તા હતી.

નીલકંઠ આ પ્રાચીન તીર્થમાં થોડા દિવસ રોકાયા.

ઊનાના ગણેશ શેઠ

ગુપ્તપ્રયાગથી નીલકંઠ ઊના પધાર્યા. ઊનાના પાદરમાં પૂર્વ ભાગે ઋષિતોયા મચ્છુન્દ્રી નદી વહી રહી હતી. મચ્છુન્દ્રીના નિર્મળ નીરમાં નીલકંઠે સ્નાન કર્યું. થોડી વાર ધ્યાન ધર્યું અને પછી ઊના શહેરની આથમણી બાજુ પધાર્યા.

નગરની આથમણી બાજુ ચક્રાકાર તળાવ હતું. તળાવની બાંધણી અત્યંત આકર્ષક

અને મનોહર હતી. તળાવમાં નિર્મળ નીર ભર્યું હતું. વધારાના પાણીનાં નિકાલ માટે મોટા ગોળાકાર ગરનાળા હતા. ગરનાળાના ગોળાકાર મુખ ઉપર પથ્થરોની સુંદર કોતરણી હતી. નીલકંઠે ગરનાળામાં ઉતારો કર્યો.

નીલકંઠ તળાવની પાળે બેઠા હતા. સંધ્યાનો સમય થવા આવ્યો હતો. અસ્તાચળ પર ઊતરી રહેલા સૂર્યનારાયણનાં સપ્તરંગી કિરણો આભ અને ધરતીમાં કસુંબલ ભાત ભરી રહ્યાં હતાં. આથમતા સૂરજનાં કિરણો સરોવરના તરંગો સાથે ગેલ કરતાં હતાં.

નીલકંઠવર્ણીની તેજસ્વી કાયા અને પીંગલવર્ણી જટા સૂર્યકિરણોનાં સ્નાનથી વિશેષ દીપી ઊઠી હતી! નીલકંઠ સાયં સંધ્યા-વંદનની તૈયારી કરવા લાગ્યા.

એ જ સમયે ઊનાના ગણેશ શેઠ અને હંસરાજ ગાંધી તળાવની પાળ્યે ફરવા નીકળ્યા હતા. ગણેશ શેઠ ઊનાના નગર શેઠ હતા. એમને ત્યાં ધીકતા વેપારધંધા હતા. ઘરે દોમદોમ સાહ્યબી હતાં.

ઊના જૂનાગઢના નવાબી રાજ્યનો મહાલ અર્થાત્ તાલુકા મથક હતું. જૂનાગઢ રાજ્યવતી ઊનાનો બધો જ કારભાર ગણેશ શેઠ સંભાળતા હતા. ઊના મહાલની તમામ મહેસૂલી આવક ગણેશ શેઠની પેઢીએ એકઠી થતી અને ત્યાંથી જૂનાગઢ નવાબના રાજખજાને પહોંચતી. નવાબે નીમેલી આરબ સૈનિકોની બૅરક ગણેશ શેઠની તહેનાતમાં રહેતી.

ગણેશ શેઠ જેટલા શ્રીમંત હતા એટલા જ ઉદાર અને દયાળુ હતા. હજારો ગરીબોના હમદર્દી હતા. ગણેશ શેઠ ધર્મે જૈન હતા. હંસરાજ ગાંધી ઉદ્ધવાવતાર રામાનંદસ્વામીના શિષ્ય હોવાથી પરમ વૈષ્ણવ હતા. જૈન અને વૈષ્ણવની આ જોડી ગજબની હતી. ગણેશ શેઠ ભારે શ્રીમંત હતા જ્યારે હંસરાજ ગાંધી નાનકડી હાટડીથી ગુજરાન ચલાવતા હતા. પરંતુ બન્ને વચ્ચે કૃષ્ણ અને સુદામા જેવી ગાઢ પ્રીતિ હતી.

તળાવની પાળે ફરતાં ફરતાં બન્ને શેઠિયાઓની દૃષ્ટિ નીલકંઠ બ્રહ્મચારી તરફ ગઈ. તેજસ્વી બ્રહ્મચારીને જોઈને એમના અંતરમાં ખેંચાણ અનુભવાયું અને એમના પગલાં હઠાત્ નીલકંઠ તરફ વળી ગયા.

બન્નેએ નીલકંઠને પ્રણામ કર્યાં. નીલકંઠે પણ મંદ મંદ હસીને બન્નેને આશીર્વાદ આપ્યા. શેઠિયાઓનું નીલકંઠ સાથેનું આ મિલન ભવિષ્યમાં ઐતિહાસિક સિદ્ધ થવાનું હતું.

અતિથિ અને અભ્યાગતો, ભગવંતો અને સાધુ-સંતોની સેવા જેમના સ્વભાવમાં સહજ રીતે વણાયેલી હતી, એવા ગણેશ શેઠે હાથ જોડીને નીલકંઠને કહ્યું, “બ્રહ્મચારીજી! અમારે આંગણે વો’રવા આવશો?” જૈન ધર્મમાં ભિક્ષા માટે ‘વો’રવું’ શબ્દ પ્રસિદ્ધ છે.

નીલકંઠે કહ્યું, “હમ બસ્તી સે દૂર રહના પસંદ કરતે હૈ, ઈસલિયે ભિક્ષા કે લિયે

નગર મેં તો નહીં આયેંગે, ફિર ભી યદિ કુછ ભોજન તૈયાર હો તો ઈધર હી લે આઓ."

નીલકંઠનો ઘંટડી જેવો મધુર અવાજ શેઠિયાઓના અંતરને આંદોલિત કરી ગયો. ગણેશ શેઠે તાબડતોડ ઘરેથી ખીચડી મંગાવી. એ દરમ્યાન નીલકંઠે સંધ્યાવંદન કર્યાં. થોડી વારમાં ખીચડી હાજર થઈ. નીલકંઠે તળાવની પાળના પથ્થરની શિલાને પાણીથી ધોઈ શુદ્ધ કરી એના ઉપર ખીચડી પધરાવી, પોતે થોડા કોળિયા જમ્યા.

શેઠિયાઓ નીલકંઠની સર્વ ક્રિયાઓ અહોભાવથી જોઈ રહ્યા હતા. એમને નીલકંઠની સર્વ રીત અલૌકિક લાગતી હતી.

નીલકંઠનાં દર્શનથી શેઠિયાઓ અંતરમાં ભારે શાંતિનો અનુભવ કરતા હતા. નીલકંઠ સાથે થોડો સમય સત્સંગ કરી શેઠિયાઓએ વિદાય લીધી. નીલકંઠે તળાવની પાળે રાત્રિ વીતાવી, વહેલી સવારે આગળની વાટ લીધી.

લાલજી ગણેશની પેઢી

નીલકંઠનાં દર્શનથી શેઠિયાઓનાં અંતરમાં રોપાયેલાં ભક્તિનાં બીજ સમય જતાં પાંગર્યાં અને તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન ભક્ત થયા.

એક વાર ગણેશ શેઠ સંઘ લઈને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન માટે ગઢપુર આવેલા. ગણેશ શેઠને કોઈ સંતાન નહોતું.

કોઈકે માર્મિક ટકોર કરતા મહારાજને કહ્યું, "મહારાજ! આ ગણેશ શેઠ તમારા સત્સંગી થયા, પણ એને સંતાન તો છે નહીં."

શેઠ બોલ્યા, "મહારાજ! મેં મોક્ષ માટે કંઠી બાંધી છે, સંતાન માટે નહીં."

શેઠની સમજણભરી વાત સાંભળી ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ પોતાના નિષ્કામ ભક્ત ઉપર ખૂબ રાજી થયા અને બોલ્યા, "શેઠ! અમને કોઈ મે'ણાં મારે એવું રાખવું નથી. અમારે તમને દીકરો દેવો છે!"

આટલું કહી મહારાજ અટક્યા. પછી હસતાં હસતાં શેઠને પૂછ્યું, "તો બોલો, તમને મરી જાય એવો દીકરો આપીએ કે ન મરે એવો?"

બુદ્ધિશાળી વાણિયાના દીકરાએ પળનો પણ વિલંબ કર્યાં સિવાય કહ્યું, "મહારાજ! દીકરો દેવો જ હોય તો ન મરે એવો જ આપો ને!"

ગણેશ શેઠનો જવાબ સાંભળી ભગવાન શ્રી સ્વામિનારાયણ હસ્યા અને બોલ્યા, "શેઠ! તમે ખરી પસંદગી કરી!"

આટલું કહી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના નિત્ય પૂજાના લાલજી મંગાવી ગણેશ શેઠના હાથમાં આપતા કહ્યું, "લ્યો શેઠ! આ ન મરે એવો દીકરો!"

ગણેશ શેઠ પણ ભારે જબરા હતા. એમણે એ જ સમયે કારભારી પાસે કાગળ અને કલમ મંગાવી પોતાની તમામ મિલકત લાલજીને નામે કરી અને સમર્પણનો એ પત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણે ધરી દીધો.

અંતર્યામી મહારાજે અજાણ્યા થઈને પૂછ્યું, "શેઠ! આ શું છે?"

ગણેશ શેઠ બોલ્યા, "મહારાજ! અમારે લોકમાં રિવાજ છે કે, સમય આવ્યે સર્વ જવાબદારી દીકરાને સોંપી દેવી જોઈએ. આજથી હું મારી તમામ પેઢી લાલજીને નામે સમર્પિત કરું છું."

ગણેશ શેઠનું સમર્પણ જોઈને સભામાં બેઠેલા સર્વે સંતો-હરિભક્તો ધન્ય ધન્ય કહેવા લાગ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલા લાલજીને લઈને ગણેશ શેઠ ઊના પધાર્યા અને એક વિશાળ ઓરડામાં પધરાવ્યા. ગણેશ શેઠની પ્રસિદ્ધ પેઢી હવે 'લાલજી ગણેશ'ની પેઢીના નામે ઓળખાવા લાગી. શેઠ જ્યાં સુધી જીવ્યા, ત્યાં સુધી એમણે પેઢીનો સઘળો વ્યવહાર લાલજીના વાણોતર તરીકે સંભાળ્યો. સમય જતાં જે જગ્યાએ લાલજી પધરાવવામાં આવ્યા હતા, તે જગ્યાએ ભગવાન શ્રી સ્વામિનારાયણનું શિખરબદ્ધ મંદિર થયું. લાલજી ગણેશ શેઠની પેઢીનો ઇતિહાસ સત્સંગમાં સુવર્ણ અક્ષરે લખાયો.

હંસરાજ ગાંધી પણ મહાન એકાંતિક ભક્તરાજ થયા. આજ અરસામાં ઊનામાં જેચંદ ગાંધી થયા. ગણેશશેઠ તથા હંસરાજ ગાંધીને લીધે જેચંદ ગાંધી સત્સંગી થયા તેઓ વ્યવહારે ગરીબ હતા. પરંતુ સમય જતા મોટા સદ્‌ગુરુઓની કૃપાથી એમના વંશ-વારસો મુંબઈ કમાવા ગયા અને ભારે સમૃદ્ધ થયા. એમની પેઢી 'ગાંધી સન્સ'ની પેઢી તરીકે પ્રસિદ્ધ થઈ. આ મંગલ પ્રસંગના બોલતા પુરાવાઓ આજે પણ ઊનામાં વિદ્યમાન છે.

નીલકંઠવર્ણી જે તળાવની પાળે ઊતરેલા એ તળાવ તેમ જ ગરનાળા આજે પણ મોજૂદ છે. તળાવની બાંધણી મજબૂત હોવાથી સલામત છે, પરંતુ તળાવના ભીતરની દશા કહેવાતા સુધરેલા જમાનાના લોકોએ દયાજનક બનાવી દીધી છે.

જૂના જમાનામાં જે તળાવમાં નિર્મળ નીર ભર્યું રહેતું, ત્યાં આધુનિક જમાનાના સુધરેલા લોકોએ ગામની ગંદકીના ગંજ ખડક્યા છે! એક સમયે જે તળાવ ઊના શહેરની જીવાદોરીરૂપ હતું, એ જ તળાવની જીવાદોરીને લોકોએ ટૂંકાવી દીધી છે. પહેલાના અભણ ગણાતા પૂર્વજોના અણમૂલા વારસાને આજના કહેવાતા ભણેલાઓએ નષ્ટપ્રાય બનાવ્યો છે.

સદ્‌ભાગ્યે સાંભળવા મળ્યું છે કે, હાલમાં એ તળાવમાંથી ગંદકીના થર હટાવી, તળાવનો જીર્ણોદ્ધાર કરી તળાવને મૂળ અવસ્થામાં પાછું આણવાનો પ્રયાસ થયો છે, જે

અભિનંદનને પાત્ર છે. આશા રાખીએ કે આ પુરુષાર્થ સફળ થાય, કારણ કે ભારતમાં માનવીઓના સ્વભાવમાંથી ગંદકીના થર હજુ દૂર થયા નથી એટલે જોખમ જેમનું તેમ ઊભું છે.

શું અમે અને રામ જુદા છીએ?

ઊનાથી નીકળીને નીલકંઠવર્ણી ડોળાસા ગામ પધાર્યા. ડોળાસામાં એક ભાવિક ભરવાડ રહેતો હતો. મોટા ભાગે સાધુ-સંતો એ ભરવાડ ભગતને ઘરે ઊતરતા. ભરવાડ ભગત તીર્થયાત્રીઓ તેમ જ સાધુ-સંતોની સેવા ભાવથી કરતો.

સાચા હૃદયથી કરેલી સંત-સેવાના ફળ સ્વરૂપે આજે નીલકંઠવર્ણી એને ત્યાં પધાર્યા હતા. આ જ સમયે બીજા એક વયોવૃદ્ધ સંત પણ ભરવાડને ત્યાં ઊતર્યા હતા. તેઓ રામાનંદી સંત હતા. સ્વભાવે ભારે ભજનિક હતા. હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં 'હે રામ! હે રામ!' બોલવાની એમને ટેવ હતી. નીલકંઠને ભજનાનંદી સંતો ખૂબ જ ગમતા.

સાંજનો સમય થયો. ભરવાડ ભક્તે બન્નેને ભોજન માટેનો આગ્રહ કર્યો, પરંતુ તેઓએ માત્ર દૂધનો સ્વીકાર કર્યો. રાત્રિના સમયે સત્સંગ થયો. સત્સંગનું કેન્દ્રબિંદુ રામગાથાઓ હતી.

નીલકંઠને નાનપણથી જ રામાયણના શ્રવણમાં પ્રીતિ હતી. તેઓ જ્યારે અયોધ્યામાં રહેતા ત્યારે નિયમિત રીતે હનુમાનગઢી, જન્મભૂમિ વગેરે પવિત્ર સ્થળોએ દર્શન કરતાં કરતાં કનકભવન જતાં. ત્યાં સંત-મહાત્માઓના મુખેથી કલાકો સુધી રામાયણનું શ્રવણ કરતા અને સત્સંગ કરતા. સત્સંગ કરતાં કરતાં નીલકંઠ સ્થળ અને સમયનું ભાન પણ ભૂલી જતા. ક્યારેક તો બહુ મોડું થઈ જાય, ત્યારે એમના મોટા ભાઈ રામપ્રતાપજી એમને શોધવા નીકળતા અને મીઠો ઠપકો આપી ઘરે લઈ જતા.

ડોળાસામાં ભરવાડ ભગતે પાથરી દીધેલા કોથળા ઉપર બિરાજમાન નીલકંઠ જ્યારે રામાયણ ઉપર સત્સંગ કરી રહ્યા હતા, ત્યારે એમને પોતાનાં નાનપણના દિવસો યાદ આવી રહ્યા હતા. જે સમયે ભારતવર્ષની ધરતી ઉપર સંતબીજોનો હ્રાસ થઈ રહ્યો હતો, એ સમયે કોઈ પણ સાચા સંતને જોઈને નીલકંઠના દિલમાં અત્યંત આનંદ થતો હતો.

ભરવાડને ઝૂંપડે યુવાન તેજસ્વી બ્રહ્મચારી નીલકંઠ સાથે સત્સંગ કરવામાં પેલા વયોવૃદ્ધ મહાત્માને પણ ભારે આનંદ આવતો હતો. એણે પોતાની જિંદગીમાં આવા યુવાન જોગી જોયા નહોતા. મોડી રાત સુધી સત્સંગ ચાલ્યો. રાત્રે ભરવાડ ભગતે આંગણામાં ઢાળી આપેલા ખાટલામાં યુવાન નીલકંઠે અને મહાત્માજીએ શયન કર્યું. એ ભજનાનંદી સંતે વર્ષો સુધી ભજન કરી સાધના કરી હતી. આજે એમને એમના

ભજનનું ફળ પ્રાપ્ત થવાનું હતું.

રાત્રિના સમયે જ્યારે આ સંત પડખું ફેરવતા ત્યારે પોતાની સાહજિક ટેવ પ્રમાણે 'હે રામ! હે રામ!' એમ બોલી રહ્યા હતા.

નીલકંઠના અંતરમાં પણ આજે ખરી મોજ ઊભરાણી હતી, એટલે જ્યારે પેલા સંત 'હે રામ!' એમ બોલે ત્યારે નીલકંઠ સામે હોંકારો ભણતા.

નીલકંઠના હોંકારામાં મહાત્માને અવિવેક લાગ્યો. એમણે ટકોર કરી કહ્યું, "બ્રહ્મચારી! હું તો રામને સંભારું છું, તમને નહીં."

નીલકંઠે હસીને કહ્યું, "મહાત્માજી! અમે અને રામ જુદા નથી, જો દૃષ્ટિ ઊઘડશે તો તમને અમારામાં પણ રામ દેખાશે."

નીલકંઠની વાત સાંભળી સંતને આશ્ચર્ય થયું. તેઓ બેઠા થઈ ગયા, તે સાથે નીલકંઠ પણ બેઠા થયા.

મહાત્માજી ટગર ટગર નીલકંઠની સામે જોવા લાગ્યા. એ જ સમયે નીલકંઠના શરીરમાંથી શીતળ-શાંત તેજ પ્રગટવા લાગ્યું અને એ તેજમાં મહાત્માજીને ધનુર્ધારી રઘુનાથજીના દર્શન થયાં. આ દિવ્ય સાક્ષાત્કારથી ભજનાનંદી મહાત્મા 'અહો! અહો!' કરવા લાગ્યા અને આંખમાંથી અશ્રુની ધારાઓ વહેવા લાગી! થોડી વારમાં એ શીતળ-શાંત તેજ નીલકંઠની મૂર્તિમાં સમાઈ ગયું.

જ્યારથી નીલકંઠનાં દર્શન થયાં ત્યારથી મહાત્માજીનું મન નીલકંઠ પ્રત્યે કોઈ ગજબનું આકર્ષણ તો અનુભવતું જ હતું, પરંતુ આ દિવ્ય અનુભૂતિ થયા પછી એના મનમાં તીવ્ર જિજ્ઞાસા ઊઠી, 'આ બ્રહ્મચારી કોણ હશે? આ મેં જોયું તે શું હતું? મને નીલકંઠમાં રઘુનાથજી કેમ દેખાયા? શું આ પાછલી રાત્રિનું સ્વપ્ન હતું કે સત્ય?'

મહાત્માજીનું મન વિચારોના વમળે વહેતું હતું, જ્યારે નીલકંઠ એમની સામે જોઈને મંદ મંદ હસી રહ્યા હતા. અજવાળી રાત્રિ હતી. આકાશમાંથી ચંદ્રના કિરણો ધરતી ઉપર વરસી રહ્યાં હતાં. ભરવાડને ખાટલે સંત અને ભગવંત સામે સામે બેઠા હતા.

મહાત્માએ નીલકંઠને પૂછ્યું, "બ્રહ્મચારી ! સાચું બોલો, મને તમારી સાચી ઓળખાણ આપો. તમે કોણ છો?"

નીલકંઠે કહ્યું, "મહાત્માજી! સાધુ-બાવાની બીજી ઓળખાણ તો શું હોય? અમે તો તીર્થયાત્રા કરવા નીકળેલા ફરતા રામ છીએ, મન ચાહે ત્યાં ફરીએ છીએ, મન ચાહે ત્યાં વિશ્રામ કરીએ છીએ અને મારગમાં ક્યાંક તમ જેવા સાધુ મળે તો બે ઘડી સત્સંગનો આનંદ માણીએ છીએ."

મહાત્માજીએ કહ્યું, "તમે સાધારણ યાત્રિક નથી. મને હમણાં જ તમારામાં

રઘુનાથજીનાં દર્શન થયાં. મને કાંઈ સમજાતું નથી!"

નીલકંઠે હસીને મર્મમાં કહ્યું, "મહાત્માજી! કેટલીક વાતો જલદી સમજાય એવી નથી હોતી અને તમે જે કાંઈ જોયું હોય તે સ્વપ્ન પણ હોઈ શકે છે અને સત્ય પણ. સ્વપ્ન અને સત્યનો ભેદ પારખવો ભારે કઠણ છે!"

આમ કહી વાતને ટાળતા હોય એમ નીલકંઠ બોલ્યા, "મહાત્માજી! લ્યો હવે બ્રાહ્મમુહૂર્તનો સમય થવા આવ્યો છે. મારે હવે પ્રાતઃક્રિયા કરવા બહાર જવું પડશે."

આટલું કહી નીલકંઠ ભરવાડના ઘરેથી નીકળી ગયા.

લખુ ચારણના નેસમાં

ડોળાસાથી નીકળીને નીલકંઠ લોઢવા બંદર પધાર્યા. અહીં લખુ ચારણનો નેસ હતો. લખુબાઈ વિધવા હતા; ખાધે-પીધે સુખી હતા; પવિત્રતાની મૂર્તિ હતા; આસપાસના પંથકમાં તેમની કીર્તિની સુગંધ પ્રસરેલી હતી; લોકો એમને પવિત્ર માનીને પૂજતા હતા.

લખુબાઈ મહાયોગી આત્માનંદસ્વામીના શિષ્યા હતા. સદ્‌ગુરુની કૃપાથી તેઓ બ્રહ્મજ્ઞાની બન્યા હતા અને નિર્ગુણ-નિરાકાર બ્રહ્મની ઉપાસના કરતા હતા.

એને એક દીકરો હતો; દીકરાનું નામ વીરો હતું. લખુબાઈને ત્યાં હાથણી જેવી ત્રણસો ભેંસો હતી. લખુબાઈ બ્રહ્મવાદિની હતાં; 'બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા'માં માનતા હતા, છતાં એને પોતાનો એકનો એક દીકરો વીરો અને ભેંસોનું ખાડુ જીવથી પણ વહાલાં હતાં!

નીલકંઠ લોઢવા બંદર પધારી રહ્યા હતા. લખુબાઈ જેવા મુમુક્ષુઓનો ઉદ્ધાર કરવો એ નીલકંઠની યાત્રાના કેટલાંક લક્ષ્ય માંહેનું એક લક્ષ્ય હતું.

આજે લખુબાઈને સોનાનો સૂરજ ઊગવાનો હતો. એનું બ્રહ્મજ્ઞાન આજે પ્રત્યક્ષ પરબ્રહ્મનાં દર્શનથી સફળ થવાનું હતું!

નીલકંઠ લખુ ચારણને નેસડે પધાર્યા. પાતળી સોટી જેવી કાયાવાળા તેજસ્વી બ્રહ્મચારીનું દર્શન કરતાં લખુ ચારણની ચિત્તવૃત્તિ નીલકંઠ પ્રત્યે આકર્ષાવા લાગી. એણે અનેક સાધુ-સંતોને જોયા હતા, પરંતુ આ યુવાન તપસ્વી બ્રહ્મચારી એને જુદી ભાતના જણાયા.

લખુ ચારણે નીલકંઠને મીઠો આવકાર દીધો. નીલકંઠ પણ લખુ ચારણનો ભાવ જોઈને અતિ પ્રસન્ન થયા. નીલકંઠે લખુબાઈની મુમુક્ષુતાને પારખી લીધી હતી.

લખુબાઈ સદાવ્રત ચલાવતા હતા. એમની સહાયતામાં બે સંન્યાસીઓ હતા. એમના નામ હતા, વિઠ્ઠલાનંદ અને બાળાનંદ. વિઠ્ઠલાનંદ સદાવ્રત ચલાવતા અને બાળાનંદ

વીરાની સાથે ભેંસો ચારવા જતા. આમાં હવે નીલકંઠનો ઉમેરો થયો હતો.

લખુ ચારણને નીલકંઠ પોતાના દીકરા વીરા કરતાં પણ વધારે વહાલા લાગવા માંડ્યા હતા. અવાર-નવાર જવાની ઉતાવળ કરનારા નીલકંઠને લખુબાઈ આગ્રહ કરીને રોકી રાખતા હતા.

નવાઈની વાત તો એ હતી કે, મોટે ભાગે તીર્થો સિવાય એક દિવસ કરતાં પણ વધારે નહીં રોકાવાના સ્વભાવવાળા નીલકંઠ લખુ ચારણના પ્રેમને વશ થઈને એમના નેસડે એક મહિનો રોકાયા. એટલું જ નહિ, ભાવને આધીન ભગવાને લખુ ડોશીની ભેંસો પણ ચારી!

નીલકંઠ બ્રહ્મચારી માત્ર દૂધનો આહાર કરતા હતા. લખુ ચારણને આ સુકલકડી નીલકંઠની ભારે દયા આવતી હતી.

લખુ ચારણ નીલકંઠને હંમેશાં હેતથી તુંકારે જ બોલાવતા. તેઓ ભેંસોના રગડા જેવા ગરમ દૂધની ઘાટી તર ભેગી કરી, એમાં સાકર નાખી વાત્સલ્યપૂર્ણ હૈયે નીલકંઠને ખવડાવતા અને મીઠા ઠપકાના સૂરે કહેતા, "એલા બ્રહ્મચારી! નકરી જ્ઞાનની અને ધ્યાનની જ વાતો કરે છે, હાર્યે હાર્યે શરીરનું પણ થોડું ધ્યાન રાખ્ય!"

નીલકંઠ કહેતા, "મૈયા તુમ તો બ્રહ્મવાદિની હો, શરીર કી ચિંતા ક્યોં કરતી હો?" નીલકંઠનો પ્રશ્ન સાંભળી લખુ ચારણ હસીને મૌન થઈ જતા.

લખુ ચારણ અને બન્ને સંન્યાસીઓ રોજ નીલકંઠ સાથે બ્રહ્મજ્ઞાનની ગંભીર ચર્ચા કરતા. નીલકંઠ પણ ભારે યુક્તિપૂર્વક નિર્ગુણ નિરાકાર બ્રહ્મવાદની ખામીઓ સમજાવતા અને સર્વના અંતરમાં સગુણ-સાકાર પરબ્રહ્મની ઉપાસનાનાં બીજ રોપતાં.

નીલકંઠની વાતને સહેલાઈથી માની લે તો લખુ ચારણ શેના? નીલકંઠ અને લખુ ચારણ વચ્ચે પ્રશ્ન-ઉત્તરની ઝડી વરસતી.

યોગીરાજની અનોખી કૃપા

એક દિવસ રાત્રિનો સમય હતો. લખુ ચારણ અને નીલકંઠ જ્ઞાનચર્ચા કરી રહ્યા હતા. બ્રહ્મવાદિનીનું બ્રહ્મજ્ઞાન જોઈ નીલકંઠના અંતરમાં આનંદ થયો અને પૂછ્યું, "મા! આવું જ્ઞાન તમને ક્યાંથી પ્રાપ્ત થયું?"

લખુ ચારણે કહ્યું, "નીલકંઠ! મારા ગુરુનું નામ આત્માનંદસ્વામી છે. તેઓ ગોપનાથના મહાસિદ્ધ ગોપાળયોગીના શિષ્ય હતા અને સ્વયં પણ મહાન યોગી હતા; તેઓ અષ્ટાંગયોગમાં પારંગત હતા; તેમણે સમાધિ સિદ્ધ કરી હતી; તેઓ વચનસિદ્ધ મહાપુરુષ હતા.

આત્માનંદસ્વામી અવારનવાર લોઢવા બંદર પધારતા; એમના પ્રભાવને લીધે અહીં અનેક લોકો એમના શિષ્ય થયા હતા. આ વિઠ્ઠલાનંદ અને બાળાનંદ પણ એમના શિષ્ય છે.

આટલી વાત કરી લખુ ચારણે સદ્‌ગુરુ આત્માનંદસ્વામીની કૃપાથી બ્રહ્મચારી વિઠ્ઠલાનંદના જીવનમાં બનેલી એક અલૌકિક ઘટનાની વાત માંડી!

લખુ ચારણે કહ્યું, “નીલકંઠ! આત્માનંદસ્વામીના ઐશ્વર્ય-પ્રભાવ કેવાં હતાં, એની તને વાત કરું. આ બાળાનંદ અને વિઠ્ઠલાનંદ બન્ને બાપ-દીકરા છે. આ વિઠ્ઠલાનંદ સંન્યાસી બન્યા પહેલા આ જ ગામના વિપ્ર હતા, વિઠ્ઠલ નામ હતું, પોતે પરણેલા હતા, ઘરમાં સુલક્ષણી સ્રી હતી.”

સમય જતાં એમને ત્યાં આ બાળાનંદનો જન્મ થયો. એની ઉંમર માત્ર ત્રણ મહિનાની હતી. દૈવસંજોગે બાળાનંદની મા મૃત્યુ પામી. નાનો બાળાનંદ દૂધ વિના કલ્પાંત કરી રહ્યો હતો. મા વગરના નોંધારા બાળકનું રુદન વિઠ્ઠલથી સહેવાતું નહોતું. બાળકનું કલ્પાંત સાંભળીને વિપ્ર વિઠ્ઠલની છાતી ચિરાઈ જતી હતી.

યોગાનુયોગ આ જ અરસામાં સદ્‌ગુરુ આત્માનંદસ્વામી લોઢવા પધાર્યા હતા. વિપ્ર વિઠ્ઠલે આત્માનંદસ્વામીના પગ પકડી પોક મૂકી.

વિઠ્ઠલને રડતો જોઈ અલમસ્ત આત્માનંદજી બોલ્યા, “એલા બ્રાહ્મણ! શા માટે રડે છે?” વિઠ્ઠલે વિગતે બધી વાત જણાવી.

આત્માનંદસ્વામી બોલ્યા, “પાગલ! આટલા દિવસથી મારો જોગ કર્યો, છતાં મારું જ્ઞાન તારા અંતરમાં ન ઊગ્યું! જે જન્મે તેનો નાશ હોય જ, માટે મિથ્યા અને નાશવંત દુનિયાનો શોક શા માટે કરે છે?”

વિઠ્ઠલે કહ્યું, “સ્વામી! આપે કહેલી ‘બ્રહ્મ સત્યં જગત મિથ્યા’ની વાતને ખૂબ વાગોળુ છું, પણ આ નાનાં બાળકનું રૂદન સાંભળું છું ત્યારે મારું બ્રહ્મજ્ઞાન હવા થઈને આકાશમાં ઊડી જાય છે. આ છોકરાની મા તો મરી ગઈ અને હવે ધાવણ વગર છોકરો પણ મરી જશે.”

યોગીરાજ આત્માનંદસ્વામી હસતાં હસતાં મસ્તીથી બોલ્યા, “એલા વિઠ્ઠલ! એમાં રૂવે છે શું? આ છોકરાને તું ધવરાવ!”

આત્માનંદસ્વામીની વાત સાંભળી વિઠ્ઠલ આભો બની ગયો, રડવાનું ભૂલી ગયો. આત્માનંદસ્વામીની સામે જોવા લાગ્યો અને બોલ્યો, “પણ, ગુરુદેવ! હું તો પુરુષ છું. છોકરાને કઈ રીતે ધવરાવું?”

અલૌકિક મોજથી ઉભરાયેલા હૈયે અલમસ્ત આત્માનંદજીએ વિઠ્ઠલના માથા ઉપર

હાથ મૂક્યો અને એ જ સમયે ભલભલા બુદ્ધિશાળીની બુદ્ધિમાં પણ ન બેસે એવો ચમત્કાર સર્જાયો!! વિપ્ર વિઠ્ઠલની છાતીમાંથી દૂધની ધારાઓ પ્રગટી.

પુરાણોમાં ઇન્દ્રની આંગળી ધાવીને મોટા થયેલા મહારાજ માંધાતાની કથા પ્રસિદ્ધ છે. પરંતુ બાપે છોકરાને ધવરાવીને મોટો કર્યો હોય, એવી ઘટનાનો જોટો મળવો મુશ્કેલ છે.

ભારતવર્ષના યોગીઓની શક્તિને પારખવી એ સામાન્ય ગજાવાળાનું કામ નથી. આખું લોઢવા બંદર આ અલૌકિક ચમત્કાર જોઈને આશ્ચર્યચકિત થઈ ગયું. આખા પંથકમાં આ અલૌકિક ઘટનાની વાત વાયુવેગે પ્રસરી ગઈ.

વિપ્ર વિઠ્ઠલે છોકરાને ધવરાવીને મોટો કર્યો. સમય પસાર થતો રહ્યો. આત્માનંદસ્વામી અવારનવાર લોઢવા પધારતા રહ્યા અને બ્રહ્મજ્ઞાનનો વરસાદ વરસાવતા રહ્યા.

એક વાર વિઠ્ઠલે સદ્‌ગુરુ આત્માનંદસ્વામીને વિનંતી કરી, "ગુરુદેવ! આપની કૃપાથી હવે મને સંસારનો મોહ ઊતરી ગયો છે અને અમે બન્ને બાપ-દીકરાએ સંન્યાસ લેવાનો નિર્ણય કર્યો છે. "

આત્માનંદસ્વામીએ અંતરની આંખેથી જોઈ લીધું હતું કે 'હવે વિઠ્ઠલના અંતરમાં બ્રહ્મજ્ઞાન પરિપક્વ થયું છે અને વૈરાગ્ય ઉદય થઈ ચૂક્યો છે અને આ નાનો બાળક પણ પૂર્વનો યોગભ્રષ્ટ જીવ છે.' સ્વામીએ એમને દીક્ષા આપી. વિઠ્ઠલનું નામ 'વિઠ્ઠલાનંદ' રાખ્યું અને બાળકનું નામ 'બાળાનંદ' રાખ્યું.

સ્વામીએ લખુ ચારણને આદેશ કર્યો, "આ બન્ને બ્રહ્મચારીઓને તારે તારી પાસે રાખવાના છે. અમે અહીં સદાવ્રત સ્થાપ્યું છે, તે સદાવ્રતની જવાબદારી વિઠ્ઠલાનંદ સંભાળશે અને આ બાળાનંદ તારા વીરાની સાથે ભેંસો ચારવા જશે. તમે બધાં સાથે મળીને સત્સંગ કરજો અને અદ્વૈતબ્રહ્મની ઉપાસના કરજો."

❖❖❖

નોંધ:- એક વાર અમારે અમેરિકાના અલબુકર્કી શહેરમાં જવાનું થયું. અહીં રાજુભાઈ નામે સજ્જન વસે છે. તેઓ જિનેટીક સાયન્સની લેબોરેટરીમાં સેવા આપે છે. એમના દ્વારા અમારે આ લેબોરેટરીની મુલાકાત લેવાનું થયું.

અહીં જાણવા મળ્યું કે, ડૉ. ખુરાનાની જિન્સની શોધ પછી જીવવિજ્ઞાને ગજબની પ્રગતિ સાધી છે.

આપણા શરીરમાં આંખ, નાક, કાન, કીડની, હોજરી વગેરે અનેક ઑરગન્સ અર્થાત્ અવયવો આવેલાં છે. કુદરતની વ્યવસ્થા પ્રમાણે આ પ્રત્યેક અવયવ નિશ્ચિત સેલમાંથી જ વિકસિત થાય છે, પરંતુ આજના જીવ વૈજ્ઞાનિકો કોઈ પણ સેલમાંથી કોઈ

પણ અવયવને વિકસાવી શકે છે અર્થાત્ કાનના સેલમાંથી નાક અને નાકના સેલમાંથી કાન, કીડનીના સેલમાંથી હોજરી અને હોજરીના સેલમાંથી કીડનીનું નિર્માણ કરી શકે છે. બીજા અર્થમાં કહીએ તો આજના જીવવૈજ્ઞાનિકોએ સૃષ્ટિના સર્જનહાર બ્રહ્માજીની સમકક્ષ બનવાની તૈયારી કરી લીધી છે.

આજે જીવવિજ્ઞાનીઓ જે કાર્ય ભૌતિકવિજ્ઞાનને પ્રતાપે કરી રહ્યા છે, એ જ કાર્ય ભારતના યોગીઓ માનસવિજ્ઞાનને આધારે કરવા સમર્થ હતા. છાતીમાંથી દૂધ પ્રગટવાની વાત પણ એ જ માનસશક્તિનું પરિણામ છે. આપણે આપણી ભૂલાયેલી માનસશક્તિઓને પુનઃપ્રાપ્ત કરવાની પ્રયોગશાળાઓ સ્થાપવાની જરૂર છે.

આત્મજ્ઞાનનો અહંકાર

સમસ્ત સૃષ્ટિ અંધારપછેડો ઓઢીને સૂતી હતી. લખુ ચારણને ઝૂંપડે બ્રહ્મજ્ઞાનના દીવડાઓ ઉજાસ પાથરી રહ્યા હતા. નીલકંઠ બ્રહ્મચારી બ્રહ્મવેત્તા સંતનું ચરિત્ર રસપૂર્વક સાંભળી રહ્યા હતા.

લખુ ડોશીએ વાતને આગળ વધારતા કહ્યું, "બ્રહ્મચારી! આ દરમ્યાન એક પ્રસંગ બન્યો. ઉત્તર ભારતમાંથી રામાનંદસ્વામી નામના એક પ્રતાપી સંત આ બાજુ પધાર્યા. એમણે આત્માનંદસ્વામીને ગુરુ તરીકે સ્વીકાર્યા. આત્માનંદસ્વામીએ એમને સર્વે યોગકળાઓ શીખવી, સમાધિની સ્થિતિએ પહોંચાડ્યા."

હવે મુશ્કેલી એ હતી કે, "રામાનંદજી સગુણ-સાકાર બ્રહ્મના ઉપાસક હતા અને યોગી આત્માનંદજી નિરાકાર બ્રહ્મના ઉપાસક હતા. તેથી બન્ને ગુરુ-ચેલા વચ્ચે સાકાર-નિરાકારનો મીઠો ઝઘડો ચાલ્યા જ કરતો હતો. બેમાંથી એક પણ પરસ્પર મચક આપવા તૈયાર નહોતા."

"આખરે રામાનંદજીએ આત્માનંદજીનો ત્યાગ કર્યો અને કહેવાય છે કે તેમને દક્ષિણ ભારતમાં જગદ્‌ગુરુ રામાનુજાચાર્યજીએ સ્વયં દિવ્ય દેહે વૈષ્ણવી દીક્ષા આપી હતી."

"એવું પણ સાંભળવા મળ્યું છે કે, 'એમને વૃંદાવનમાં ભગવાન શ્રીકૃષ્ણે સાક્ષાત્ દર્શન દીધાં હતાં અને નવો પંથ સ્થાપવાની આજ્ઞા કરી હતી.' આમાં સાચું કેટલું એતો મારો રામ જાણે!" લખુ ડોશીની વાતમાં રામાનંદજી પ્રત્યે અણગમો અને અણવિશ્વાસ છતાં થયા સિવાય રહેતા નહોતા.

લખુ ડોશી બોલ્યા, "બ્રહ્મચારી! એક વાર તેઓ પાછા યોગીરાજ આત્માનંદસ્વામી પાસે પધાર્યા. કોણ જાણે કેમ? નવાઈની વાત તો એ હતી કે, સદ્‌ગુરુ આત્માનંદસ્વામી પણ રામાનંદસ્વામીના પ્રભાવમાં આવી ગયા. એમણે પોતાના બધા શિષ્યોને ભેળા

કરીને કહ્યું કે, "હવે મારું જીવનકાર્ય પૂર્ણ થવાને આરે છે. આ રામાનંદજી મારા કરતાં સવાયા નીકળ્યા છે. આજથી હવે તમે બધા રામાનંદજીના મતને અનુસરજો અને એ કહે એમ કરજો."

"સદ્‌ગુરુ આત્માનંદસ્વામીની આજ્ઞાથી એમનો મોટા ભાગનો શિષ્ય સમુદાય રામાનંદજીને અનુસરવા લાગ્યો, પણ અમારા મનમાં તો સદ્‌ગુરુ આત્માનંદસ્વામી એ જ સ્વયં ઈશ્વર હતા. અમારી આ નિષ્ઠાને બ્રહ્મા પણ ડોલાવી શકે તેમ ન હતો, એટલે અમે કેટલાકે સદ્‌ગુરુ આત્માનંદસ્વામીની વાત પણ સાંભળી ન સાંભળી કરી અને રામાનંદજીને અનુસરવાને બદલે અમે અમારી રીતે જ સદ્‌ગુરુ આત્માનંદસ્વામીએ શીખવેલા આત્મજ્ઞાનનો અભ્યાસ કરીએ છીએ. આસપાસના સેંકડો લોકો મને આત્માનંદસ્વામીની ઉત્તરાધિકારિણી માની પૂજે છે. રામાનંદજીએ પણ મારામાંથી મન વાળી લીધું છે."

એક તો લખુ ડોશીની વાતમાં આત્મજ્ઞાનનો અહંકાર પ્રગટ્યા સિવાય રહેતો નહોતો. નીલકંઠને એ વાત રૂચતી ન હતી. બીજું લખુ ચારણની વાતમાં વારંવાર રામાનંદસ્વામીનો ઉલ્લેખ થઈ રહ્યો હતો, ત્યારે કોણ જાણે કેમ 'રામાનંદ' નામ સાંભળતા જ નીલકંઠવર્ણીના અંતરમાં જાણે વીજળીના ઝબકારા થતા હતા.

નીલકંઠને પોતાનું નાનપણ સાંભરી રહ્યું હતું. બાળપણમાં પિતા ધર્મદેવ અવારનવાર સદ્‌ગુરુ રામાનંદસ્વામીને સંભારતા અને કહેતા, 'તેઓ સ્વયં ઉદ્ધવજીના અવતાર છે અને એમણે પશ્ચિમ ભારતમાં ઉદ્ધવ સંપ્રદાય સ્થાપ્યો છે. લખુ ચારણ જેની વાત કરે છે, એ જ રામાનંદજી શું ઉદ્ધવાવતાર રામાનંદસ્વામી હશે?' નીલકંઠવર્ણીનું મન આ રીતે ઉત્કંઠાથી ઉભરાઈ જતું હતું. સદ્‌ગુરુ રામાનંદસ્વામીનું અણદીઠેલું વ્યક્તિત્વ નીલકંઠનાં અંતરને આકર્ષી રહ્યું હતું.

લખુ ચારણે પોતાની વાત પૂરી કરી નીલકંઠવર્ણીને કહ્યું, "એલા બ્રહ્મચારી! મેં તો મારી વાત કરી, પરંતુ તું શા માટે નાની ઉંમરે ઘર છોડીને નીકળ્યો? હાલમાં જ્યારે રમવા-જમવાની નાની ઉંમર છે, ત્યારે આવી કઠણ તપશ્ચર્યા શા માટે કરે છે? તારા ગુરુ કોણ છે એ તો કહે?"

નીલકંઠવર્ણીએ કહ્યું, "મા! ભગવાનનો સાક્ષાત્કાર કરાવે એવા સદ્‌ગુરુને શોધવા અમે ઘરબાર છોડ્યાં છે. અમે વન-પર્વત ફરી વળ્યાં. આખા દેશમાં ઘૂમ્યા. અમને અનેક સંતો-મહંતો અને યોગીઓ મળ્યા, પરંતુ અમારા મનોરથને પૂર્ણ કરાવે એવા સદ્‌ગુરુની શોધ હજુ અધૂરી છે."

આમ બોલતી વખતે પણ નીલકંઠવર્ણીનાં અંતરમાં સદ્‌ગુરુ રામાનંદસ્વામીની

અણદીઠેલી છબી ઉપસવા માંડી હતી!

નીલકંઠવર્ણીને આ બ્રહ્મવાદિની લખુ ચારણ પ્રત્યે ભારે કરુણા ઊપજી હતી. એમણે આ ડોશીના અંતરમાં આત્મજ્ઞાનના અહંકારમાંથી ઉદ્‌ભવેલા અજ્ઞાનને દૂર કરવાનો નિર્ણય કર્યો!

નીલકંઠની અસલી ઓળખાણ

નાનકડા નેસડાની અભણ બાઈનું આત્મજ્ઞાન ભલભલા પંડિતો અને બ્રહ્મવાદીઓને આંજી દે તેવું હતું. આત્માનંદસ્વામી જેવા સિદ્ધયોગીની કૃપાનું આ ફળ હતું, પરંતુ નીલકંઠની પાસે લખુ ચારણ નિરુત્તર થઈ જતા હતા.

લખુ ચારણને આ બ્રહ્મચારીમાં અપાર સ્નેહ બંધાઈ ગયો હતો. લખુબાઈના દીકરા વીરાને અને બાળાનંદને પણ નીલકંઠ સાથે ખૂબ માયા બંધાઈ ગઈ હતી. વિઠ્ઠલાનંદ તો નીલકંઠવર્ણીનું અગાધ જ્ઞાન જોઈને અભિભૂત થઈ જતા હતા.

નીલકંઠવર્ણી રોજ બાળાનંદ અને વીરા સાથે ભેંસો ચારવા જતા, વનવગડામાં ફરતા, વીરાની સાથે મોજ-મસ્તી કરતા અને સાંજ પડ્યે નેસડે પાછા ફરતા, રાત્રે લખુબાઈ સાથે સત્સંગ કરતા.

એક માસ પૂરો થવા આવ્યો હતો. કોઈ સ્થળે આટલું રહેવું નીલકંઠને પાલવે એમ નહોતું. હવે તેઓ જવા અધીરા થયા હતા, પરંતુ જતાં પહેલા તેઓ લખુ ચારણને પોતાનાં સ્વરૂપની અસલી ઓળખાણ કરાવવા માગતા હતા, જેથી લખુબાઈની બ્રહ્મથી પરબ્રહ્મ સુધીની યાત્રા પૂર્ણ થાય.

રાત્રિનો સમય હતો. નીલકંઠ લખુબાઈ સાથે જ્ઞાનચર્ચા કરી રહ્યા હતા. જ્ઞાનચર્ચા કરતાં કરતાં નીલકંઠે લખુ ચારણની સામે કરુણામય નજરે જોયું. લખુ ચારણ અને નીલકંઠની નજરો એક થઈ. નીલકંઠનાં નેત્રોમાંથી શીતળ-શાંત તેજનો પ્રવાહ નીકળ્યો અને લખુબાઈને સમાધિ લાગી ગઈ.

લખુ ચારણને સમાધિમાં શીતળ-શાંત તેજ દેખાયું. શ્વેત વાદળાની ઘનઘોર ઘટા જેવું તેજ ચારેય દિશામાં પ્રસરી રહ્યું હતું. લખુબાઈને એ તેજને વિશે ભગવાન શ્રી નારાયણની દિવ્ય સાકાર મૂર્તિના દર્શન થયાં. સૂર્યમાંથી કિરણો નીસરે એમ એ દિવ્ય તેજોમય મૂર્તિમાંથી પ્રકાશના ઓઘ દશેય દિશામાં પ્રસરી રહ્યા હતા. લખુ ચારણના અંતરમાં આનંદનો મહાસાગર ઉછાળો મારવા લાગ્યો. એના રોમેરોમ નર્તન કરવા લાગ્યા.

એટલામાં અદ્‌ભુત દશ્ય સર્જાયું. લખુબાઈએ તેજના સમૂહમાં ભગવાન નારાયણની

જગ્યાએ મંદ મંદ હસી રહેલા નીલકંઠને વિરાજમાન જોયા. નારાયણને નીલકંઠ સ્વરૂપે જોઈને લખુ ચારણના અંતરમાં આશ્ચર્ય થયું. 'અરે! હું આ શું જોઈ રહી છું? અરે! હું જેને સાધારણ યોગી સમજુ છું, શું એ નીલકંઠ જ સ્વયં નારાયણ છે!'

લખુ ચારણની ભાવદશા અલૌકિક હતી. એમના નેત્રોમાંથી અશ્રુની ધારાઓ વહી રહી હતી. નીલકંઠે પોતાની યોગશક્તિથી લખુબાઈને સમાધિમાંથી જાગૃત કર્યાં. લખુબાઈએ નેત્રો ખોલ્યાં તો સામે નીલકંઠવર્ણી મંદ મંદ હસી રહ્યા હતા.

લખુ ચારણે નીલકંઠને હાથ જોડીને કહ્યું, "બ્રહ્મચારી! મેં તને આવો નહોતો જાણ્યો. હું તો તને સાધારણ જોગી માનતી હતી, પરંતુ તું તો સાક્ષાત્ નારાયણ નીકળ્યો. આત્માનંદસ્વામી જેવા મહાન સદ્‌ગુરુએ મારી ઉપર કૃપા કરી હતી એનું ફળ મને આજે મળ્યું." "નીલકંઠ આજ સુધી હું બ્રહ્મને જ શ્રેષ્ઠ માનતી હતી, પરંતુ આજની દિવ્ય અનુભૂતિથી મને બ્રહ્મ અને પરબ્રહ્મનો ભેદ સમજાઈ ગયો."

"સદ્‌ગુરુ આત્માનંદસ્વામીએ મને રામાનંદસ્વામીને અનુસરવાની આજ્ઞા કરી હતી. રામાનંદજીએ મને સમજાવવા ખૂબ પ્રયાસ કર્યો હતો, પરંતુ મેં અભાગણીએ મારા આત્મજ્ઞાનના અહંકારમાં એમની વાત માની નહોતી. આજે તેં મારા બધા ભેદ ટાળી દીધા. મને સાક્ષાત્ પરબ્રહ્મનો ભેટો થયો. આજે હું સદ્‌ભાગી બની."

બ્રહ્મ અને પરબ્રહ્મનો વિશેષ ભેદ સમજાવતા નીલકંઠે કહ્યું, "મા! મુમુક્ષુનું ધ્યેય બ્રહ્મ નથી, પરબ્રહ્મ છે. બ્રહ્મ ગમે તેટલું મહાન હોય પરંતુ પરબ્રહ્મની પાસે એની કાંઈ ગણતરી નથી. બ્રહ્મ તો પરબ્રહ્મનું સેવક છે. એટલે જ વેદો પરબ્રહ્મને 'અક્ષરાત્ પરતઃ પરઃ' અર્થાત્ સર્વથી પર જે અક્ષર તેનાથી પણ પર પરબ્રહ્મ છે. માટે ઉપાસ્ય પરબ્રહ્મ છે, બ્રહ્મ નહીં."

"સદાચારી જીવન જીવવું, દેહભાવ દૂર કરવો, બ્રહ્મભાવ પ્રાપ્ત કરવો અને પરબ્રહ્મની ઉપાસના કરવી, આ અમારો તેમ જ સર્વ સત્શાસ્રોનો સિદ્ધાંત છે." નીલકંઠે થોડા શબ્દોમાં સર્વ શાસ્રોનું રહસ્ય લખુ ચારણને સમજાવી દીધું.

નીલકંઠે મર્મમાં કહ્યું, "મા! તમારું અને અમારું કાર્ય પૂરું થયું છે. હવે અમે અહીંથી વિદાય લેશું."

વિદાયની વાત સાંભળી લખુ ચારણનું હૈયું ભરાઈ આવ્યું. એમણે નીલકંઠને રોકાવા માટે બહુ આગ્રહ કર્યો, પણ નીલકંઠ ન માન્યા.

અજ્ઞાનથી ઘેરાયેલું આત્મજ્ઞાન!

વિદાય વેળાએ નીલકંઠે લખુ ચારણને કહ્યું, "મા! તમે અમારા ભક્તિમાતાની પેઠે

જ અમને ખૂબ પ્રેમ આપ્યો. અમને રોજ દૂધની તર અને સાકર જમાડ્યા. આના બદલામાં હું તમને શું આપું?"

લખુબાઈ નીલકંઠનું અસલી રૂપ જાણી ગયા હતા. એમને ખબર હતી કે, 'નીલકંઠ નારાયણ છે અને જે ધારે તે કરવા સમર્થ છે.' નીલકંઠની વાત સાંભળી લખુ ચારણ પોતાનું બ્રહ્મજ્ઞાન થોડી વાર વિસરી ગયા. એનો સાંસારિક જીવ જાગી ઊઠ્યો અને બોલ્યા, "નીલકંઠ! તું ભગવાન છો, અને જે ધાર્ય તે કરવા સમર્થ છો. તો આ ડોશી ઉપર એટલી દયા કર્ય કે, મારું આ ભેંસોનું ખાડું અને મારો દીકરો વીરો સૂરજ અને ચાંદો તપે ત્યાં સુધી અમર રહે અને આ સદાવ્રત કાયમ ચાલતું રહે."

લખુબાઈની વાત સાંભળી નીલકંઠ હસ્યા અને બોલ્યા, "મા! તમે તો વર્ષોથી 'જગત મિથ્યા અને બ્રહ્મ સત્ય' માનતા આવ્યા છો. આવા વરદાન માગતી વખતે તમારું આ બ્રહ્મજ્ઞાન ક્યાં ઊડી ગયું? તમારા મનમાંથી મિથ્યા પદાર્થનો મોહ હજુ કેમ છૂટ્યો નથી? નાશવંત પદાર્થોને શાશ્વત કરવા માટે તમે શા માટે મથો છો?"

"બ્રહ્મજ્ઞાનની મોટી મોટી વાતો કરવી, એ અલગ બાબત છે અને માયાના બંધનોથી મુક્ત થવું, એ પણ અલગ બાબત છે. જે બ્રહ્મજ્ઞાન જીવનમાં ન ઊતરે એ બ્રહ્મજ્ઞાન આકાશમાં ભડાકા કરવા જેવું વ્યર્થ છે."

નીલકંઠની માર્મિક વાણી સાંભળી લખુબાઈ સચેત થઈ ગયા, શરમાઈ ગયા અને બોલ્યા, "નીલકંઠ! મારી ભૂલ થઈ. મેં વાતો તો બહુ મોટી કરી, પણ ટાણે ઓહાંણ ભૂલાઈ ગયું!"

નીલકંઠ બોલ્યા, "મા! તમને તો સમાધિ થાય છે, છતાં ભૂલા કેમ પડ્યા?" લખુબાઈ નીલકંઠના પ્રશ્નનો જવાબ આપી ન શક્યા.

નીલકંઠે કહ્યું, "મા! સાંભળો, ગમે તેટલી સમાધિ થતી હોય પણ સત્સંગ સિવાય જીવના હૃદયમાંથી માયાના રાગ નિર્મૂળ થતા નથી. એટલે જ અમે યોગસમાધિ કરતાંય ભાગવત પરમહંસોના પ્રસંગથી પ્રાપ્ત થતી જ્ઞાનસમાધિને શ્રેષ્ઠ માનીએ છીએ."

લખુ ચારણે નીલકંઠની વાતનો સ્વીકાર કર્યો અને બોલ્યા, "નીલકંઠ! તેં મારી અણસમજણ દૂર કરી. હવે મારે કાંઈ જોઈતું નથી. મારાં અંતરમાં તારા ચરણની અખંડ ભક્તિ રહે, મારા દીકરા વીરાનું કલ્યાણ થાય, એવું વરદાન દેતો જા અને બીજું તેં મારી આ ભેંસોનું દૂધ ખૂબ પીધું છે તો એ ભેંસોનું પણ કલ્યાણ થાય એવા આશીર્વાદ આપતો જા."

નીલકંઠે હસીને કહ્યું, "મા! હવે તમે ઠેકાણે આવ્યા! તમારો મનોરથ પૂર્ણ થશે. કાળનો ક્રમ હોવાથી તમારા દીકરા વીરાને અને તમારી ભેંસોને શરીર તો છોડવા પડશે.

શરીર છોડીને તેઓ સદ્‌ગતિ પામશે. એમના શરીર છૂટી જશે, પરંતુ એમની કીર્તિ ચાંદો અને સૂરજ તપશે ત્યાં સુધી અમર રહેશે.” આટલું કહી લખુબાઈની ભાવભરી વિદાય લઈ નીલકંઠ ત્યાંથી નીકળી ગયા.

સીંદરી બળે પણ વળ ન છોડે!

સીંદરી બળી જાય છે પણ વળ છોડતી નથી, એ જ રીતે ચિત્તના સંસ્કારો નાશ પામ્યા પછી પણ એના અસ્તિત્વનો ભાસ રહ્યા કરતો હોય છે. યોગશાસ્ત્ર આને બાધિતાનુવૃત્તિ કહે છે.

નીલકંઠે લખુ ચારણના જ્ઞાનના અહંકારનો નાશ કરી નાખ્યો હતો, છતાં એના અવશેષોએ એમનો પીછો છોડ્યો ન હતો.

થોડા સમય પછી નીલકંઠવર્ણી અને સદ્‌ગુરુ રામાનંદસ્વામીનું મિલન થયું. નીલકંઠવર્ણીએ રામાનંદસ્વામીને વિનંતી કરી કે ‘કૃપા કરી લખુ ડોશીને અપનાવી લ્યો.’

નીલકંઠની વાત માની સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ લખુ ચારણને સંદેશો મોકલ્યો, પરંતુ લખુ ચારણ તૈયાર ન થયા. એમણે પ્રત્યુત્તર પાઠવ્યો, “રામાનંદજીને કે’જો કે, મને માફ કરે, હવે મારે પાકે ઘડે કાંઠા નહીં ચડે. મેં જીવનભર મહાસિદ્ધ આત્માનંદજીને ઈશ્વરમૂર્તિ માનીને આરાધ્યા હતા, છતાં પણ મારામાં કેટલીક કસર રહી ગઈ હતી. નીલકંઠે એ કસર દૂર કરી. હવે મારું મન નીલકંઠમાં સ્થિર થઈ ચૂક્યું છે. હવે મારે મરવા ટાણે મારી વૃત્તિનું થાપન-ઉથાપન કરવું નથી.”

લખુ ચારણનો જવાબ સાંભળી નીલકંઠ અને રામાનંદસ્વામી મર્મમાં હસ્યા.

કહેવાય છે કે લખુ ચારણને અંતકાળે નીલકંઠવર્ણીએ દર્શન દીધાં હતાં અને પોતાના અક્ષરધામમાં તેડી ગયા હતા.

અધ્યાત્મ માર્ગના પ્રવાસીઓ માટે વડગામના લાખા કોળીનો પ્રસંગ આરંભબિંદુ છે અને લખુ ચારણનો પ્રસંગ વિરામબિંદુ છે. આ બે બિંદુઓની વચ્ચે અધ્યાત્મનો માર્ગ સમાયેલો છે.

સામાન્ય જીવથી માંડીને સમાધિનિષ્ઠો સુધી માયાનો પ્રભાવ પથરાયેલો છે. ઉત્તમ સદ્‌ગુરુના જોગ સિવાય સાંસારિક રાગ છૂટતા નથી અને આત્મજ્ઞાનના અહંકાર પણ છૂટતા નથી.

અધ્યાત્મમાર્ગનો આરંભ સદાચારથી થાય છે અને વિરામ અહંશૂન્ય સમાધિમાં થાય છે. લાખા કોળીનો સદાચાર અને લખુ ચારણની સમાધિ એનાં ઉદાહરણ છે.

પ્રાચીને પીપળે

લોઢવા બંદરથી નીકળીને નીલકંઠવર્ણી પ્રભાસ-પાટણ પધાર્યા. અહીં સાગરમાં સ્નાન કરી વિશ્વપ્રસિદ્ધ ભગવાન સોમનાથનાં દર્શન કર્યાં. નીલકંઠવર્ણી અહીં ત્રણ રાત્રિ રોકાયા.

આ પવિત્ર પ્રભાસક્ષેત્રમાં હિરણ, સરસ્વતી અને મધુવંતી ત્રણ નદીઓનો સંગમ થાય છે. નીલકંઠે આ ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યું.

પ્રભાસક્ષેત્રથી નીકળીને નીલકંઠ ભલકા તીર્થ પધાર્યા. પાંચ હજાર વર્ષ પહેલા ભગવાન શ્રીકૃષ્ણે અહીં પારધીના બાણથી વીંધાઈને અંતર્ધાન લીલા સ્વીકારી હતી. અહીં અતિ પ્રાચીન પીપળાનું વૃક્ષ છે.

નીલકંઠવર્ણી ઘણી વાર સુધી આ પીપળાના વૃક્ષની નીચે બેસીને ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓને સંભારી, ધ્યાન કરવા લાગ્યા.

ભગવાન શ્રીકૃષ્ણે જ્યારે શરીર છોડ્યું ત્યારે ભગવાન વેદવ્યાસ, મૈત્રેય ઋષિ, મહા ભાગવત ઉદ્ધવજી, સારથિ દારૂક અને પારાધી. આ પાંચ મહાપુરુષો ત્યાં હાજર હતા.

ભગવાન શ્રીકૃષ્ણની અંતર્ધાન લીલાના સાક્ષીરૂપે ભગવાન વેદવ્યાસજીએ પરમાત્માના અંતિમ નિવેદનોની નોંધ લીધી હતી.

ભગવાન શ્રીકૃષ્ણે કલ્પાંત કરી રહેલા પારધીને કહ્યું હતું કે, 'તારે કલ્પાંત કરવાની જરૂર નથી. પૂર્વ જન્મમાં તું 'વાલી' હતો. અમે 'રામ' હતા. અમે તને છુપાઈને માર્યો હતો. આજે તારા બાણથી અમે વીંધાઈ રહ્યા છીએ. આપણા કર્મનો હિસાબ સરભર થઈ રહ્યો છે.'

ભગવાન શ્રીકૃષ્ણે દારૂકને કહ્યું હતું કે, 'તમે દ્વારિકા જઈને વૃદ્ધ માતા-પિતા વસુદેવ-દેવકીને અમારા અંતિમ પ્રણામ કહેજો. હસ્તિનાપુરથી આવેલા અર્જુનને કહેજો કે, તેઓ બચેલી યાદવ સ્ત્રીઓને લઈને હસ્તિનાપુર જાય. ધર્મરાજને અમારો સંદેશ આપે કે, અમારા અંતર્ધાન થતાંની સાથે કળિયુગનો આરંભ થશે. કળિયુગના કૌતુકો ધર્મરાજ જેવા સજ્જન પુરુષો જોઈ નહિ શકે, માટે પરીક્ષિતને ગાદી સોંપી ભાઈઓની સાથે હેમાળાને મારગે હાડ ગાળવા જાય.'

ભગવાન શ્રીકૃષ્ણે મહર્ષિ મૈત્રેયને પોતાનાં સ્વરૂપનું જ્ઞાન આપીને કહ્યું કે, 'આ ભગવદ્ વિજ્ઞાન અત્યંત દુર્લભ છે. મારી કૃપા અથવા તો મારા ભાગવત સંતની કૃપા સિવાય આ જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. આ દુર્લભ વિજ્ઞાન અમે તમને થાપણ તરીકે સોંપીએ છીએ, જે તમારે સંત વિદુરજીને આપવાનું છે.'

'વિદુરજી મારા પ્રિય ભક્ત છે. એમના પ્રેમને હું વિસરી શકું એમ નથી. મારા પ્રિય ભક્તના ઋણમાંથી મુક્ત થવા માટે આ જ્ઞાનરૂપી થાપણ તમને આપું છું. વિદુર તમને

મળે, ત્યારે આ જ્ઞાન-થાપણ એમને સોંપજો.' આટલું કહી ભગવાન શ્રીકૃષ્ણે પોતાનો જમણો હાથ ઊંચો કર્યો, એ સાથે જ પરમાત્માના હાથમાંથી પ્રકાશના લેસર બીંબ જેવો શેરડો છૂટ્યો અને મૈત્રેયમાં સમાયો.

હવે ભગવાન શ્રીકૃષ્ણે ઉદ્ધવજી તરફ નજર ફેરવી સંકેત કર્યો કે, 'હે ઉદ્ધવ! દ્વારિકા છોડતાં પહેલા મેં તમને ભાગવત ધર્મનો મર્મ સમજાવેલો છે, તેનું જતન કરજો, અહીંથી બદ્રિકાશ્રમ જજો. બદ્રિકાશ્રમમાં હું નરનારાયણ સ્વરૂપે બિરાજું છું, તેની સેવા કરજો. ભવિષ્યમાં આ જ ભાગવત ધર્મ માનવજાત માટે ભારે ઉપકારક થશે.'

વર્ણીરાજના માનસ પટલમાં હવે ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓ એક પછી એક ઊભરવા માંડી હતી.

ભાગવતજીના દશમ સ્કન્ધના ઉત્તરાર્ધના આરંભે ભગવાન શ્રીકૃષ્ણ બલરામજીને કહે છે, "બલરામ! લાગે છે કે મારું આ જીવન તો આ અસુરોના વિશાળ સમુદાયને મારવામાં જ વીતી જશે. ભાગવત ધર્મની સ્થાપના માટે મારે બીજો અવતાર ધરવો પડશે."

ભગવાન શ્રીકૃષ્ણની લીલાનું ચિંતવન કરતાં કરતાં નીલકંઠવર્ણીનું હૃદય ગદ્‌ગદ્‌ થયું, ગાત્રો રોમાંચિત થયાં, નેત્રમાંથી અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો અને અચાનક અવશપણે, જાણે પોતાનાં પૂર્વ અવતાર સાથે એકતા સાધતા હોય એમ એમણે પાદ પ્રસાર્યા!

અંતર્ધાન સમયે ભગવાન શ્રીકૃષ્ણ જે વિરામ મુદ્રામાં બિરાજમાન હતા, એ જ મુદ્રામાં વર્ણીરાજ વિરાજમાન થયા. નીલકંઠના હૃદયમાં પોતાનાં અવતારનું પ્રયોજન પ્રાતઃકાલીન સૂર્યની જેમ ઉદય થઈ રહ્યું હતું અને એ પ્રયોજન હતું, 'ભૂમિ ઉપર એકાંતિક ભાગવત ધર્મની સ્થાપના.'

માતાના ઉદરમાં રહેલો ગર્ભ પરિપક્વ થતા વિશદ આકારને પામે, એ જ રીતે સાત સાત વર્ષના વિચરણ દરમ્યાન નીલકંઠના અંતરમાં ધરતી ઉપર વિશુદ્ધ ધર્મની સ્થાપના કરવાના જે બીજ ધરબાયેલાં હતાં, તે હવે સ્પષ્ટ રીતે અંકુરિત થઈ રહ્યાં હતાં.

ગરવા ગીરનારની ગોદમાં

સૌરાષ્ટ્રની સોનલવર્ણી ધરણી નીલકંઠના મનને ગમી રહી હતી. નીલકંઠે સમસ્ત ભારતવર્ષમાં ભ્રમણ કર્યું હતું, પરંતુ આ ધરતી નીલકંઠને નિરાળી લાગતી હતી. 'ભગવાન શ્રીકૃષ્ણે શા માટે આ ધરતીમાં ધામા નાખ્યા' એ એને સમજાઈ રહ્યું હતું.

અહીંના નેકીલા-ટેકીલા માયાળુ માનવીઓ સાથે નીલકંઠને અનોખો નાતો બંધાઈ રહ્યો હતો. અહીંના માનવીઓ ભોળા અને અંધશ્રદ્ધાળુ હતા અને એટલે જ ધાર્મિક

શોષણનો શિકાર થઈ રહ્યા હતા. નીલકંઠ આ અંધશ્રદ્ધાને સાચી શ્રદ્ધામાં ફેરવવા માગતા હતા.

શ્રદ્ધાને જો જ્ઞાન-વિજ્ઞાનની પાંખો ફૂટે, તો એ શ્રદ્ધા ગગનવિહારી ગરુડ જેવી બની જાય છે. નીલકંઠ જોઈ રહ્યા હતા કે, ચારે બાજુ વહેમ અને વ્યસનોનાં જાળાં બાઝ્યાં હતાં. નીલકંઠ સદાચાર અને સમજણના માધ્યમથી આ જાળાંઓને કાપી માનવીઓને મુક્ત અને સુખી કરવા માગતા હતા.

નીલકંઠનાં અંતરમાં પોતાનાં અવતારનો હેતુ સ્પષ્ટ થઈ ચૂક્યો હતો. એમણે નિર્ણય કર્યો કે ભાગવત ધર્મના મંડાણ આ પવિત્ર સંત, શૂરા અને સતીઓની ધરતીથી કરવા.

નીલકંઠવર્ણીએ પોતાનું અલૌકિક ઐશ્વર્ય આજ સુધી લગભગ છુપાવી રાખ્યું હતું. તેઓ દેહનું ભાન ભૂલીને તીવ્ર તપ કરનાર તપસ્વી અને સદ્‌ગુરુની શોધમાં નીકળેલા ઉત્તમ મુમુક્ષુ રૂપે જ રહેતા હતા.

સૌરાષ્ટ્રની ધરતીમાં પ્રવેશ કર્યાં પછી તેઓ ધીરે ધીરે પ્રસંગોપાત પોતાના ઐશ્વર્યને પ્રગટ કરી રહ્યા હતા અને આ ઐશ્વર્ય દર્શનમાં ભવિષ્યના ઉજળા સંકેતો સમાયા હતા.

ભલકા તીર્થથી નીકળીને નીલકંઠ ભંડુરી, માળિયા, શેરગઢ થઈને સીમાશી પધાર્યા. સીમાશીથી ગીરના અડાબીડ જંગલોને વીંધતાં વીંધતાં નીલકંઠવર્ણી ગરવા ગિરનારની ગોદમાં પધાર્યા.

ગિરિવર ગિરનાર પૃથ્વી ઉપરનો પ્રાચીનતમ પર્વત છે. આ ગિરિરાજ હિમાલય કરતાં પણ પ્રાચીન છે, એટલે તો ગિરનારી મહાત્માઓ આ પર્વતને 'સર્વ પર્વતોના દાદા' એવા હુલામણા નામે પુકારે છે. પુરાણોમાં ગિરનાર રૈવતાચળ તરીકે પ્રસિદ્ધ છે.

ભગવાન શ્રીકૃષ્ણ, બળદેવજી, મહારાજ રૈવત, એમની પુત્રી રૈવતી, મહારાજ મુચકુંદ વગેરે અનેક મહાપુરુષોની ગાથાઓ ગિરનાર સાથે જોડાયેલી છે.

ગરવા ગિરનારની ટોચ ઉપર યોગેશ્વર ભગવાન દત્તાત્રેયના બેસણાં છે. આ ગરવો ગિરનાર સાંખ્ય શાસ્રના પ્રવક્તા ભગવાન કપિલ નારાયણની સાધના ભૂમિ રહ્યો છે. એટલે જ ગરવા ગિરનારને સાંખ્ય અને યોગની સંગમ ભૂમિ કહી શકાય.

ગરવા ગિરનારની ગુફાઓ સહસ્ર સિદ્ધો અને સાધકોની સાધના ભૂમિ છે. યોગીઓએ ધખાવેલી ધૂણીઓ ગિરનારને ઊર્જાવંત રાખે છે અને અવધૂતોની આહ્‌લેકો ગિરનારના રોમેરોમને ધબકતા રાખે છે, એટલે જ ગિરનારને 'સિદ્ધ પ્રાણ દિવ્ય પર્વત' કહી શકાય.

આ ગરવો ગિરનાર અનેક ઐતિહાસિક ઊથલપાથલનો સાક્ષી પણ રહ્યો છે. નીલકંઠે નાનપણમાં આ ગરવા ગિરનારની ગૌરવ ગાથાઓ ખૂબ જ સાંભળી હતી. અયોધ્યાના

મહાત્માઓ નીલકંઠને અવારનવાર કહેતા કે, 'ગિરનાર કી છાયા મેં સિદ્ધ રહેતે હૈં.' આ શબ્દો નીલકંઠના અંતરમાં અવારનવાર ગૂંજ્યા કરતા હતા.

આવા જ કોઈ સિદ્ધની શોધમાં નીલકંઠ ગરવા ગિરનારની ગોદમાં પધાર્યા હતા, પરંતુ ઈશ્વરીય વિધાન કંઈક અલગ હતું. નીલકંઠ જે સિદ્ધને શોધતા હતા એ સિદ્ધ એમને ગિરનાર પર્વતની ગુફાઓમાં મળવાના ન હતા.

આકાશને આંબતા ગરવા ગિરનારની છાયા સૌરાષ્ટ્રની ધરતીને પોતાની ગોદમાં સમાવીને, પશ્ચિમ ભારતના હિંદ મહાસાગર સુધી ફેલાયેલી હતી.

નીલકંઠને જેનો ખપ હતો એ સિદ્ધ પુરુષ તો સૌરાષ્ટ્રને સાગરકાંઠે વિહરી રહ્યા હતા અને નીલકંઠના આગમનની આગમવાણી ભાખતાં ભાખતાં રાહ જોઈ રહ્યા હતા.

ગિરનારની છાયામાં રહેલા એક નાનકડાં ગામડાંમાં નીલકંઠવર્ણી અને એ સિદ્ધ પુરુષનું ઐતિહાસિક મિલન થવાનું હતું.

હરિ ઓમ તત્ સત્, જય ગુરુદત્તા!

નીલકંઠવર્ણીએ દામોદર કુંડમાં સ્નાન કર્યું. દામોદર ભગવાનના દર્શન કર્યાં. મંદિરના પૂજારીએ નીલકંઠને 'મહાજોગી' જાણીને ભાવથી આવકાર્યા.

શ્રાવણ મહિનો હતો, વરસાદી વાતાવરણ હતું, ચારે તરફ હરિયાળી છવાયેલી હતી. શંકરની જટામાંથી ગંગધારાઓ વહે એમ ગરવા ગિરનારના શિખરો ઉપરથી સહસ્ર જળધારાઓ ધરતી ઉપર અવતરતી હતી.

દામોદરજીના મંદિરથી થોડે દૂર રહેલી મુચકુંદ ગુફાના દર્શન કરી નીલકંઠ સુવર્ણ રેખા નદીને કિનારે પધાર્યા. અહીં એક નાનકડું મંદિર હતું. મંદિરની ખુલ્લી પ્રદક્ષિણામાં નીલકંઠ વજ્રાસન વાળી બિરાજમાન થયા અને સ્વસ્વરૂપના ધ્યાનમાં નિમગ્ન થયા.

એક બાજુ આકાશમાં વીજળીના ઝબકારા અને મેઘગર્જનાઓ થઈ રહી હતી. બીજી બાજુ ધરતી ઉપર સિંહોની ગર્જનાઓ ગિરનારના ગાળાઓને ગજવી રહી હતી.

નીલકંઠે આખી રાત વનરાજોની વચ્ચે વીતાવી. પ્રાતઃકાળે સંધ્યાવંદનાદિ પૂર્ણ કરી; દામોદર કુંડથી નીકળીને નીલકંઠ ભવનાથની તળેટીએ પધાર્યા, મૃગીકુંડમાં સ્નાન કર્યું.

ભવનાથથી ગૌમુખ ગંગા થઈ નીલકંઠ દત્તાત્રેયના શિખર ઉપર પહોંચ્યા. ભગવાન દત્તાત્રેયજીએ અહીં તપશ્ચર્યા કરેલી છે. આ શિખર ઉપર દત્તાત્રેયજીની પાદુકાઓ છે. નીલકંઠને ભગવાન શ્રીકૃષ્ણને વિશે અપાર સ્નેહ હતો, સાથે સાથે દત્ત, કપિલ, ઋષભ વગેરે અવતારો પણ ખૂબ જ ગમતા હતા.

ભગવાન દત્તાત્રેયની ટૂંકના દર્શન કરીને નીલકંઠ અત્યંત આનંદિત થયા. અહીં

એક તપસ્વી હતા. તેઓ બાર વર્ષથી આકરી તપશ્ચર્યા કરી રહ્યા હતા. નીલકંઠનાં દર્શન કરતાં તપસ્વીનું મન અત્યંત આકર્ષણ અનુભવવા લાગ્યું. નીલકંઠને પણ આ નિર્મળ અંતરનાં તપસ્વી પ્રત્યે પ્રેમ જાગ્રત થયો.

નીલકંઠે તપસ્વીને પૂછ્યું કે, "આપ શા માટે આવી આકરી તપશ્ચર્યા કરી રહ્યા છો?"

તપસ્વીએ કહ્યું, "વર્ણીરાજ! મારાં મનમાં બીજી કોઈ જાતની ઇચ્છા નથી. માત્ર એક જ ઇચ્છા છે કે, 'ભગવાન દત્તાત્રેયના સાક્ષાત્ દર્શન કરવા. આ ધ્યેયને સિદ્ધ કરવા હું સાધના કરી રહ્યો છું. મને ભરોસો છે, એક દિવસે ભગવાન દત્ત અવશ્ય મને દર્શન દેશે!' તપસ્વીનો અડગ ભરોસો જોઈને નીલકંઠને અંતરમાં આનંદ થયો. તપસ્વીના સંકલ્પને પૂર્ણ કરવાનો વર્ણીરાજે મનોરથ કર્યો.

સવારનો આશરે નવ-દસ વાગ્યાનો સુમાર હતો. સૂર્યનારાયણ વાદળાઓની ઓટમાં સંતાકૂકડી રમી રહ્યા હતા. વાદળાથી બહાર નીકળેલા સૂર્યનારાયણનાં કોમળ કિરણો દત્તાત્રેયની ટૂંક ઉપર વરસવાં લાગ્યાં. એ જ સમયે નીલકંઠવર્ણીના શરીરમાંથી પણ તેજકિરણો છૂટ્યાં.

પેલા તપસ્વીએ સૂર્યકિરણો અને વર્ણીરાજનાં કિરણોને એકાકાર થતા જોયાં. તેજના એ સમૂહમાં આસપાસની સર્વ સૃષ્ટિ વિલીન થતી ભાસી. એવામાં અચાનક એ તેજોમંડળના મધ્યમાં ગરવા ગિરનારી સિદ્ધ ભગવાન દત્તાત્રેયની તેજોમય મૂર્તિ ઉપસવા લાગી.

દંડ-કમંડલુ ધારી રહેલા ભગવાન દત્તાત્રેય તપસ્વીની સામે મંદ મંદ હસી રહ્યા હતા. ચારે બાજુ 'હરિ ઓમ્ તત્સત્ જય ગુરુ દત્તા, જય અવધૂતા' મંત્રોના ગુંજારવ થઈ રહ્યા હતા.

પવિત્ર તપસ્વી દેશ, કાળ અને દેહનું ભાન વિસરી ગયા હતા. એક બાજુ એમના નેત્રમાંથી ચોધાર આંસુડાંઓ વરસી રહ્યાં હતાં, બીજી બાજુ એમના ઉપર ભગવાન દત્તાત્રેયની કૃપા વરસી રહી હતી. ભાવસમાધિનું આ અદ્ભુત દૃશ્ય હતું.

થોડી વાર થઈ, ભગવાન દત્તાત્રેય અદૃશ્ય થયા, સૂર્યનારાયણ વાદળાંની વચ્ચે સંતાયા, નીલકંઠનું તેજ નીલકંઠમાં સમાયું, તપસ્વી ભાવસમાધિમાંથી જાગ્રત થયા.

એનું અંતર હિલોળે ચડ્યું હતું. એનું અંતર કહેતું હતું કે, 'કાં તો આ નીલકંઠવર્ણી જ સાક્ષાત્ ભગવાન દત્તાત્રેય છે અથવા તો એની કૃપાથી જ મને ભગવાન દત્તાત્રેયનો સાક્ષાત્કાર થયેલો છે.'

તપસ્વી અહોભાવથી નીલકંઠને વંદી રહ્યા. નીલકંઠ કંઈ પણ બોલ્યા સિવાય મંદ મંદ હસતાં હસતાં ત્યાંથી સરકી ગયા.

નાગરોની નગરીમાં

ગિરનાર ઊતરીને નીલકંઠ જૂનાગઢ પધાર્યા. જૂનાગઢ તો નાગરોની નગરી ગણાય. નીલકંઠવર્ણીને આ પ્રાચીન નગરીમાં આવેલાં તીર્થોનાં દર્શન કરવા હતા. ગિરિ તળેટીથી ચાલતાં ચાલતાં નીલકંઠવર્ણી ઇતિહાસ પ્રસિદ્ધ અશોકના શિલાલેખથી થોડે દૂર રહેલા રાયણનાં વૃક્ષ નીચે રાત રહ્યા. આ રાયણનું વૃક્ષ આજે પણ મોજૂદ છે. ત્યાંથી નીલકંઠવર્ણી ઉપરકોટ પાસેની ગોધાવાવે પધાર્યા. અહીં ધર્મદાસની જગ્યા હતી. અહીં સદાવ્રત ચાલતું હતું. અતિથિ-અભ્યાગતોને જમાડવામાં આવતા હતા.

અહીં નીલકંઠ ભોજન-પંક્તિમાં ભોજન માટે બેઠા. એમાં કોઈ માથાફરેલા પીરસણિયાએ આવીને તોછડાઈથી કહ્યું, "એય છોકરા, અહીં નહિ ત્યાં બેસ." નીલકંઠે બેસવાની જગ્યા બદલી. ત્યાંથી વળી કોઈએ ઊઠાડ્યા. કહેવાય છે કે, આમને આમ સાત વાર થયું, પરંતુ નિર્માની નીલકંઠના અંતરમાં આ અનાદરની કોઈ અસર વરતાતી નહોતી. આ જ નગરીમાં નાગરી નાત્યે નરસિંહ મહેતાનો વારંવાર અનાદર કર્યો હતો. સ્થાન અને સમય બદલાય છે, પરંતુ માણસોનો સ્વભાવ બદલાવો બહુ મુશ્કેલ હોય છે. નીલકંઠ પોતાનાં અંતરમાં નરસિંહ મહેતાને યાદ કરી ધૈર્યથી અનાદર સહતા રહ્યા.

ગોધાવાવથી નીલકંઠ નાગરોના પ્રિય મહાદેવ હાટકેશ્વર પધાર્યા અને ત્યાંથી નરસિંહ મહેતાને ચોરે પધાર્યા.

પુરાણપ્રસિદ્ધ કથા છે કે, મહારાજ મુચકુંદે જૂનાગઢમાં નાગરી નાતમાં નરસિંહ મહેતા રૂપે જન્મ ધર્યો હતો. નરસિંહ મહેતાના અંતરમાંથી પ્રગટેલી ભક્તિધારાએ જૂનાગઢ અને ગરવા ગિરનારની કીર્તિમાં ચાર ચાંદ લગાવ્યા છે.

નિર્ગુણ નિરાકાર બ્રહ્મના જ્ઞાનથી ભરપૂર કબીરના ભજનો કરતાં સગુણ-સાકારની ભક્તિથી ભરેલાં નરસૈંયાના કીર્તનો નીલકંઠને વિશેષ રુચતાં હતાં.

નરસિંહ મહેતાને ચોરે નીલકંઠ ત્રણ રાત્રિ રોકાયા. ત્યાર પછી ભૂતનાથ મહાદેવ વગેરે મંદિરોમાં દર્શન કરતાં કરતાં તેઓ ખેંગાર વાવે પધાર્યા. ખેંગાર વાવે સ્નાન-જળપાન કરીને નીલકંઠવર્ણી ભગવાન વામનજીની તપઃસ્થલી વંથલી પધાર્યા. અહીં સૂર્યકુંડમાં સ્નાન કર્યું.

વંથલીથી વિદાય લઈને વર્ણીરાજ પીપલાણા પધાર્યા. નીલકંઠ અચાનક એવી જગ્યાએ આવીને ઊભા રહ્યા હતા, કે જ્યાં ભવિષ્યમાં એમને એ સિદ્ધપુરુષ સાથે મિલન થવાનું હતું કે જેમની એમને શોધ હતી.

પીપલાણાના નરસિંહ મહેતા

પીપલાણા ગામ સૌરાષ્ટ્રની પ્રસિદ્ધ નદી ઓઝતને કિનારે વસેલું છે. પીપલાણામાં ઉનેવાળ નરસિંહ વિપ્ર રહેતા હતા. તેઓ અત્યંત પવિત્ર અને મુમુક્ષુ હતા. તેઓ સદ્‌ગુરુ રામાનંદસ્વામીના શિષ્ય હતા, પરમ વૈષ્ણવ હતા. શાલિગ્રામની સેવા કરતા અને આંગણે આવેલા સાધુ-સંતો અને અભ્યાગતોની સેવા કરતા. નરસિંહ મહેતાનું ઘર એટલે એક નાનકડું સદાવ્રત.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ નરસિંહ મહેતાને કહ્યું હતું કે, "નરસિંહ! ભેખની સેવા કરજે. ભેખમાં ભગવાન હોય છે."

નરસિંહ મહેતાના ભાગ્યનો આજે ઉદય થઈ રહ્યો હતો. સદ્‌ગુરુનાં વચન સિદ્ધ થઈ રહ્યા હતા. ભેખરૂપે ભગવાન નીલકંઠ અંતઃકરણની સહજ પ્રેરણાથી નરસિંહ મહેતાને આંગણે આવીને ઊભા રહ્યા.

સૂર્યોદયનો સમય હતો. સવારનો સમય હોવાથી નરસિંહ વિપ્ર શાલિગ્રામની સેવા કરી રહ્યા હતા. એમનો પુત્ર કલ્યાણજી આંગણામાં કોઈ પ્રવૃત્તિમાં રોકાયેલો હતો.

આંગણે આવેલા નીલકંઠે 'સચ્ચિદાનંદ હરે' કહીને ભિક્ષાની આહ્‌લેક જગાવી. રૂપાની ઘંટડી જેવા નીલકંઠના મધુર સ્વરોએ આંગણામાં ઊભેલા કલ્યાણજીને આકર્ષ્યો અને ઘરમાં શાલિગ્રામનું સેવન કરતા નરસિંહ મહેતાના અંતરને આંદોલિત કરી મૂક્યું.

કલ્યાણજીની દષ્ટિ નીલકંઠવર્ણી ઉપર પડી. તેજસ્વી બ્રહ્મચારીને જોતાં જ કલ્યાણજીના અંતરમાં અવનવા ભાવો ઉભરાવા લાગ્યા. બ્રહ્મચારીનું સ્વાગત કરતા કલ્યાણજીએ કહ્યું, "બ્રહ્મચારીજી! ક્ષમા કરજો, ભિક્ષામાં તૈયાર તો કાંઈ નથી, થોડી વાર રોકાવ તો ભોજન તૈયાર કરી આપીયે."

નીલકંઠે કહ્યું, "તીર્થ કરવા નીકળ્યા છીએ, રોકાવું અમને પાલવે તેમ નથી."

કલ્યાણજીએ કહ્યું, "બ્રહ્મચારી! આપ સંન્યાસી છો, હું સાધારણ સંસારી છું એટલે મારાથી કાંઈ અયોગ્ય કહેવાઈ જાય તો ક્ષમા કરજો. હું એવું સમજુ છું કે માત્ર તીર્થ કરવાથી કાંઈ ન વળે, સર્વ તીર્થો તો સદ્‌ગુરુના ચરણમાં રહેલાં છે."

કલ્યાણજીના મુખેથી સદ્‌ગુરુની વાત સાંભળી નીલકંઠના અંતરમાં આનંદ થયો. એમણે કહ્યું, "હમ તીર્થ ભી સદ્‌ગુરુ કી ખોજ કે લિયે હી કર રહે હૈ."

કલ્યાણજીએ કહ્યું, "બ્રહ્મચારી! જો સદ્‌ગુરુની જ શોધ કરતા હો તો લોજ પધારો. લોજમાં ઉદ્ધવાવતાર રામાનંદસ્વામીના શિષ્ય મુક્તાનંદસ્વામી રહે છે. બ્રહ્માંડમાં આવા સંત મળવા દુર્લભ છે."

નીલકંઠવર્ણી સદ્‌ગુરુ રામાનંદસ્વામીની કીર્તિ તો સૌરાષ્ટ્રની ધરતી પર પગ મૂક્યો

ત્યારથી સાંભળતા આવતા હતા, પરંતુ એમનાં નામ-શિરનામાનો સ્પષ્ટ નિર્દેશ આજે પ્રથમવાર પ્રાપ્ત થઈ રહ્યો હતો. નીલકંઠવર્ણીનાં અંતરમાં સદ્‌ગુરુ રામાનંદસ્વામીનાં દર્શનની ઇચ્છા બલવત્તર બનવા લાગી.

કલ્યાણજી અને નીલકંઠવર્ણીનો સંવાદ નરસિંહ વિપ્ર ઘરના પૂજાસ્થાનમાં બેસીને સાંભળી રહ્યા હતા. એ જ સમયે એક અલૌકિક ઘટના બની. એક બાજુ મહેતાની પૂજાના શાલિગ્રામમાંથી શીતલ શાંત તેજ પ્રસરવા લાગ્યું, બીજી બાજુ આંગણામાં ઊભેલા નીલકંઠવર્ણીનાં શરીરમાંથી પણ પ્રકાશના શેરડા પ્રગટ્યા. ગંગધારા સમી બન્ને તેજધારાઓનો અદ્‌ભુત સંગમ સર્જાયો!

નરસિંહ મહેતા આ અલૌકિક દર્શન કરતા ભાવવિભોર થઈ ગયા. આખરે શાલિગ્રામનું તેજ શાલિગ્રામમાં સમાયું, નીલકંઠનું તેજ નીલકંઠમાં સમાયું!

નરસિંહ મહેતા ઓરડામાંથી ઉતાવળે બહાર આવ્યા, ત્યાં તો ભોજનની દરકાર કર્યા સિવાય નીલકંઠ તીર વેગે નીસરી ગયા.

કલ્યાણજી તો જોઈ રહ્યો. નરસિંહ મહેતા બહાર આવ્યા અને પૂછ્યું, "પેલા બ્રહ્મચારી ક્યાં ગયા?"

કલ્યાણજીએ કહ્યું, "એ તો નીકળી ગયા!"

નરસિંહ મહેતાએ કહ્યું, "આવા મહાપુરુષો ભાગ્યે જ મળે છે! તેં એને જવા કેમ દીધા? હાલ્ય આપણે એને પાછા બોલાવીએ."

બાપ-દીકરો નીલકંઠની પાછળ દોડ્યા. ગામના પાદરમાં વહેતી ઓઝત ગંગાને કિનારે નીલકંઠનો ભેટો થયો.

બાપ-દીકરાએ અત્યંત આગ્રહ કરીને નીલકંઠને પાછા વાળ્યા. નીલકંઠ ફરીને નરસિંહ મહેતાને ઘેર પધાર્યા; નરસિંહ મહેતાએ ભારે ભાવથી વર્ણીરાજની આગતા-સ્વાગતા કરી.

ઓરડે બિછાવેલ આસને નીલકંઠ વિરાજમાન થયા. આ અલૌકિક વર્ણીરાજનાં દર્શન કરતાં કરતાં મહેતાના અંતરમાં અવનવા અને અવર્ણનીય ભાવો ઉભરાવા માંડ્યા.

પ્રાતઃકાળે અનુભવેલા અલૌકિક પ્રતાપે મહેતાના અંતરમાં ડેરાં-તંબુ તાણ્યાં હતાં.

નરસિંહ મહેતા બ્રહ્મચારી માટે ભોજનની તૈયારી કરવા લાગ્યા ત્યારે ફરીથી મધુર સ્વરે બ્રહ્મચારીએ કહ્યું, "મહેતાજી! હમેં જલદી જાના હૈ, ઘર મેં જો તૈયાર હૈ સો દે દીજીએ, નહીં તો હમ નીકલ જાતે હૈ |"

નીલકંઠવર્ણીનો દૃઢ નિરધાર જોઈને નરસિંહ મહેતાએ ઘરમાં સાંજનુ વધેલું જારનું ધાન અને ગાયનું તાજું દૂધ નીલકંઠને પીરસ્યું. નીલકંઠ જારના ધાનને દૂધમાં ચોળી પ્રેમથી આરોગવા લાગ્યા.

આ બ્રહ્મચારી કોણ હશે?

એક બાજુ નીલકંઠ ભોજન આરોગી રહ્યા હતા, બીજી બાજુ મહેતાના મનમાં વારંવાર એક પ્રશ્ન ઘોળાઈ રહ્યો હતો, 'આ તેજસ્વી બ્રહ્મચારી કોણ હશે?'

નરસિંહ મહેતાના અંતરમાં વારંવાર બે વાત ઊઠી રહી હતી. એક તો 'ગીરનારની આકાશવાણી' અને બીજું સદ્ગુરુ રામાનંદસ્વામીની 'ભવિષ્યવાણી!'

નરસિંહ મહેતા યોગભ્રષ્ટ જીવ હતા. બાળપણથી એના અંતરમાં પરમાત્માના સાક્ષાત્કારની તીવ્ર ઇચ્છા હતી. આ માટે એમણે બાર-બાર વર્ષ સુધી આકરાં વ્રત-તપ કર્યાં હતા, ગિરનારને ખૂણે ખૂણે પરમાત્મદર્શન કરાવે એવા સિદ્ધ પુરુષની શોધ કરી હતી, પરંતુ એની ઇચ્છા પૂર્ણ થઈ ન હતી, એટલે મહેતાએ આખરે ગિરનારની ઊંચી ટોચ ઉપરથી પડીને મરવાનો નિરધાર કર્યો હતો.

જેવું એ ઊંચા શિખર પરથી શરીરને પડતું મેલવા ગયા, એ જ સમયે આકાશમાંથી ત્રણ-ત્રણ વાર આકાશવાણી થઈ, 'મહેતા! માનવદેહ દેવોને પણ દુર્લભ છે, આત્મહત્યા ઘોર પાપ છે, મરવાનું માંડી વાળ્ય, ભગવાન સામેથી તારે ઘેર આવશે!'

નરસિંહ મહેતાએ જ્યારે પહેલીવાર આકાશવાણી સાંભળી ત્યારે એણે એ દિવ્યવાણીને મનની ભ્રમણા માની, ફરીવાર મરવાનો નિરધાર કર્યો, પણ જ્યારે આકાશવાણીએ બીજી વાર અને ત્રીજી વાર પણ રોક્યા, ત્યારે મહેતાએ મરવાનું માંડી વાળ્યું; આકાશવાણીમાં વિશ્વાસ રાખી ઘરઆંગણે પરમાત્માની પ્રતીક્ષા કરવાનો નિરધાર કર્યો.

આ જ અરસામાં એમને સદ્ગુરુ રામાનંદસ્વામીનો જોગ થયો અને નરસિંહ મહેતાનું અંતર સદ્ગુરુનાં ચરણમાં ઠરી ગયું. સદ્ગુરુ રામાનંદસ્વામી અવારનવાર ભક્તોની સભામાં કહેતા હતા કે, 'અમે તો ડુગડુગી વગાડનારા છીએ, ખરા ખેલ ભજવનારા તો હવે આવશે. અમે તો ગણેશનો વેષ લઈને પડ બાંધીએ છીએ, ખરો નટવર તો હવે આવશે.'

જારનું ધાન અને દૂધ આરોગી રહેલા તેજસ્વી મૂર્તિ નીલકંઠનું દર્શન કરતાં કરતાં નરસિંહ મહેતાના મનમાં થઈ રહ્યું હતું કે, 'આકાશવાણી અને ભવિષ્યવાણી બન્ને એકસાથે સત્ય તો નથી થઈ રહ્યા ને!'

એક બાજુ ભોજન આરોગી રહેલા નીલકંઠનાં શરીરમાંથી તેજોવલય પ્રસરી રહ્યા હતા અને બીજી બાજુ નરસિંહ મહેતાનું અંતર પોકારી ઊઠતું હતું કે, 'મહેતા! આકાશવાણીએ જેની વાત કરી હતી અને સદ્ગુરુએ જેનો સંકેત કર્યો હતો તે આ જ છે,' પરંતુ મહેતાનું મન હજુ પૂરી રીતે સ્વીકારવા તૈયાર નહોતું.

આખરે જ્યાં સુધી સદ્‌ગુરુ રામાનંદસ્વામી સ્પષ્ટ રીતે નિર્દેશ ન કરે, ત્યાં સુધી નરસિંહ મહેતાએ કોઈ પણ નિર્ણય કરવાનું માંડી વાળ્યું.

નરસિંહ મહેતા અને કલ્યાણજીના અંતરમાં પોતાનાં સ્વરૂપનાં નિશ્ચયનાં બીજ વાવીને નીલકંઠ ત્યાંથી નીકળી ગયા.

મઢડાના જેઠા મેર

પીપલાણાથી નીકળી નીલકંઠ આખા થઈ મઢડા ગામે જેઠા મેરને ઘેર પધાર્યા. જેઠો મેર અને એમના ધર્મપત્ની સદ્‌ગુરુ રામાનંદસ્વામીના શિષ્ય હતાં.

સંસારીઓની સમજમાં ન આવે તેવી વાત હતી. જેઠો મેર અને એમના પત્ની પરણ્યા પછી પણ ભરજોબન અવસ્થાએ છેડાવ્રત રાખીને રહેતાં હતાં, અર્થાત્ બ્રહ્મચર્યનું પાલન કરતાં હતાં. એથી પણ આશ્ચર્યની વાત એ છે કે આ પવિત્ર યુગલ સો-સો જન્મથી આ જ રીતે સાથે રહીને બ્રહ્મચર્યનું પાલન કરતું આવતું હતું.

કિનારે રહીને તો કોરા રહી શકાય, પરંતુ મઝધારમાં વહેવું ને કોરા રહેવું ભારે મુશ્કેલ છે. સંસાર છોડીને સાધના કરવી એ સરળ વાત છે, પરંતુ સંસારમાં રહીને વાસનારહિત વર્તવું, એ સાધારણ વાત નથી. ધરતી ઉપર આવા મહાપુરુષો વિરલ હોય છે.

બ્રહ્મચર્ય પાળવાની વાત તો ક્યાં કરવી, કેટલાય સંસારીઓ સંસારધર્મ પણ સારી રીતે બજાવી શકતા નથી; સંપીને સાથે રહી શકતા નથી. જ્યારે અહીં તો શિવ-પાર્વતીની જેમ જનમોજનમ સાથે રહેવાની વાત છે અને એથી વિશેષ સાથે રહીને આકરાં વ્રત પાળવાની વાત છે.

આજે જેઠા મેર અને એમના પત્નીની આકરી સાધનાનું ફળ ઉદય થઈ રહ્યું હતું. સાક્ષાત્ નારાયણ નીલકંઠ બ્રહ્મચારી એમને ઘેર પધાર્યા હતા!

નીલકંઠનાં દર્શન કરતાં વેંત જ આ દંપતીને નીલકંઠ પ્રત્યે ભારે અનુરાગ ઉદય થયો. આવા તેજસ્વી બ્રહ્મચારી એમણે ક્યારેય જોયા નહોતા.

જેઠા મેરે ભારે ભાવથી નીલકંઠને ઘરે પધરાવ્યા. નીલકંઠે માત્ર પયાહાર કર્યો, પછી ત્રણેય જણા સત્સંગ કરવા બેઠા. મોડી રાત સુધી સત્સંગ ચાલ્યો. જેઠા મેરે નીલકંઠને સદ્‌ગુરુ રામાનંદસ્વામીના અપાર ઐશ્વર્ય-પ્રતાપની વાતો કરી.

બ્રહ્મચારીએ મેર દંપતીને બ્રહ્મ અને પરબ્રહ્મના ભેદ સમજાવ્યા. જેઠા મેરને નીલકંઠની વાણીમાં સદ્‌ગુરુ રામાનંદસ્વામી જેવો જ પ્રભાવ વરતાયો!

આખરે સત્સગંને વિરામ આપી, નીલકંઠ ઓસરીની કોરે બેસી, સ્વ-સ્વરૂપનાં

ધ્યાનમાં નિમગ્ન થયા. જેઠા મેર અને એમના પત્ની દૂરથી દર્શન કરવા લાગ્યાં.

એવામાં અચાનક બન્નેએ નીલકંઠના સુકલકડી શરીરમાંથી અદ્ભુત પ્રકાશ પ્રસરતો જોયો. ઘરના ઓરડા અને ઓસરી એ તેજમાં લીન થયા, તેજ અનંત આકાશમાં વ્યાપ્યું. એ દિવ્ય અને શીતળ-શાંત તેજમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે અનેક દિવ્ય દેવતાઓ પ્રગટ થયા. આ બધા જ દિવ્ય દેવો નીલકંઠ ઉપર સુમનવૃષ્ટિ કરી રહ્યાં હતાં.

આ અલૌકિક દૃશ્ય જોઈને જેઠા મેર અને એમના પત્ની ભાવવિભોર બની ગયાં. એવામાં સાક્ષાત્ બ્રહ્માજી જેઠા મેરની સમીપે આવ્યા. જેઠા મેર અને એમના પત્નીએ ચતુરાનન બ્રહ્માજીને વંદન કર્યાં.

મંદ મંદ હસીને બ્રહ્માજીએ આ દંપતીને પોતાના પૂર્વનાં સો-સો જન્મનું જ્ઞાન આપ્યું અને કહ્યું, "તમારી સો-સો જન્મથી બ્રહ્મચર્યની સાધના આજ પરિપૂર્ણ થઈ છે, કારણ કે તમને તમારી સાધનાના પરિપાક રૂપે જ આ નારાયણસ્વરૂપ નીલકંઠનાં દર્શન થયાં છે!"

આટલું સાંભળતા જ જેઠો મેર અને એમના પત્નીને ભાવસમાધિ લાગી ગઈ. જ્યારે તેઓ ભાવસમાધિમાંથી જાગ્યા ત્યારે વહેલી સવારનો સમય થયો હતો. અવની ઉપરથી અંધારાં હજુ ઓસર્યાં નહોતાં. ઓસરીની કોરે વિરાજમાન નીલકંઠ ક્યાંય કળાતા નહોતા. મેર દંપતીને ભાવ સમાધિમાં ડુબાડીને નીલકંઠ ચૂપચાપ નીસરી ગયા હતા.

અમે આ શું જોયું? આ સ્વપ્ન હતું કે સત્ય? નીલકંઠ કોણ હતા? ક્યાં ગયા? આ બધા પ્રશ્નો આ દંપતીના અંતરને ઘેરી વળ્યા હતા.

આ મેર દંપતીને સદ્ગુરુ રામાનંદસ્વામીમાં અતૂટ નિષ્ઠા હતી. સાક્ષાત્ બ્રહ્મા પણ એ નિષ્ઠાને ડોલાવી શકે એમ ન હતા, પરંતુ આજે એ નિષ્ઠા હાલક-ડોલક થવા માંડી હતી.

આખરે મેર દંપતીએ ગાંઠ્ય વાળી, 'આ સુકલકડી તપસ્વી બ્રહ્મચારી કોઈક કામણ-ટૂમણ કરનાર હોઈ શકે, પણ નારાયણ તો ન જ હોઈ શકે!' સદ્ગુરુ રામાનંદસ્વામી મળે ત્યારે આ અનુભૂતિનું રહસ્ય પૂછવું, એવો એમણે નિશ્ચય કર્યો.

નોંધ- સમય જતાં જેઠા મેર સદ્ગુરુ મુક્તાનંદસ્વામીનાં વચને સર્વ પ્રકારે નિઃસંશય થયા હતા અને ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત થયા હતા.

ગોવર્ધનની ફોઈનું કલ્યાણ

પીપલાણાથી નીકળી સાગરકિનારા તરફ આગળ વધતા નીલકંઠવર્ણી માંગરોળ બંદર પધાર્યા. માંગરોળમાં એક પુરાતની વાવ હતી, જે વાવ 'ડોસાવાવ' તરીકે પ્રસિદ્ધ હતી. નીલકંઠે વાવને કિનારે ઉતારો કર્યો.

સ્નાનાદિથી પરવારી નીલકંઠ વજાસને વિરાજમાન થયા હતા. એ જ સમયે લગભગ

વર્ણીરાજ જેટલી જ વયનો એક યુવાન *ગોધાવાવે* આવ્યો. યુવાનનું નામ ગોવર્ધન હતું. યુવાન જ્ઞાતિએ વણિક હતો.

સોમનાથથી દ્વારકા જવાનો માર્ગ માંગરોળથી પસાર થતો હતો, એટલે આ માર્ગે અનેક સંત-મહાત્માઓ નીકળ્યા જ કરતા હતા. ગોવર્ધને અનેક સંતો-મહંતોનાં દર્શન કર્યાં હતાં, પરંતુ નીલકંઠની છટા કંઈક અનોખી જ હતી. નીલકંઠવર્ણીની તપથી કૃશ, પાતળી સોટા જેવી તેજસ્વી મૂર્તિએ ગોવર્ધનના મનને હરી લીધું. લોહચુંબકથી લોખંડ ખેંચાય, એમ ગોવર્ધન નીલકંઠવર્ણીની પાસે આવીને બેસી ગયો.

ગોવર્ધનના મુખ ઉપર નિર્દોષતા નીતરતી હતી, આંખો પારદર્શક હતી, અંતરના નિર્મળ ભાવો એની આંખોમાં વાંચી શકાતા હતા. જુવાન ઉંમર હોવા છતાંય આ યુવાનના મુખ ઉપર માયાના કોઈ ભાવ કળાતા નહોતા.

નીલકંઠને આ યોગભ્રષ્ટ જીવ ભારે નિરાળો લાગ્યો. નીલકંઠે ગોવર્ધનની સામે જોઈને મંદ સ્મિત કર્યું.

આ ભલાભોળા યુવાને નીલકંઠને હાથ જોડીને કહ્યું, "બ્રહ્મચારીજી! ક્યાંથી પધારો છો?"

નીલકંઠે મર્મમાં કહ્યું, "અનિર્દેશથી."

ગોવર્ધન કાંઈ સમજ્યો નહિ, એણે બીજો પ્રશ્ન કર્યો, "આપનું નામ?"

વર્ણીરાજે ઉત્તર વાળ્યો, "નીલકંઠવર્ણી."

ગોવર્ધને ફરીને પૂછ્યું, "વર્ણીજી! ભોજન કરશો?"

નીલકંઠે કહ્યું, "જો કાંઈ તૈયાર હોય, તો લઈ આવો."

આનંદઘેલો ગોવર્ધન ઊભો થયો, થોડી વારમાં સુખડી અને ગાંઠિયા લઈ પાછો આવ્યો.

નીલકંઠે આશ્ચર્યથી ગોવર્ધનને પૂછ્યું, "યુવાન! આટલી વારમાં સુખડી-ગાંઠિયા ક્યાંથી?"

ગોવર્ધને હાથ જોડીને કહ્યું, "બ્રહ્મચારીજી! આજે મારા ફઈ પૂતળીબાઈનું કારજ છે, એટલે જમણવારમાં આ સુખડી અને ગાંઠિયા બનાવેલા છે. આપ જેવા તપસ્વી જમે, તો મારી ફઈના જીવનું સારું થાય."

નિર્દોષ યુવાનના હૈયાનો ભાવ જોઈને નીલકંઠ સુખડી અને ગાંઠિયા જમવા લાગ્યા અને બોલ્યા, "યુવાન તારું નામ શું ?"

ગોવર્ધને કહ્યું, "બ્રહ્મચારી! મારું નામ ગોવર્ધન છે, જ્ઞાતિએ વણિક છું."

નીલકંઠવર્ણી થોડી વાર માટે એકાગ્ર નજરે ગોવર્ધન સામે જોઈ રહ્યા પછી બોલ્યા,

"ગોવર્ધન! તને આંચકો ન લાગે તો એક વાત કરું."

નિર્દોષ ગોવર્ધન બે હાથ જોડીને બોલ્યો, "બ્રહ્મચારી વગર સંકોચે જે કહેવું હોય તે કહો."

નીલકંઠ બોલ્યા, "ગોવર્ધન! મારી યોગદષ્ટિથી હું જોઈ રહ્યો છું. તારી ફઈ કુંભીપાક નામના નરકમાં ભારે યમયાતના ભોગવી રહી છે."

માથે વીજળી પડી હોય એમ ગોવર્ધન આંચકો ખાઈ ગયો! નીલકંઠની વાત એને મનાતી નહોતી.

પોતાના મનની દ્વિધાને વ્યક્ત કરતા ગોવર્ધન બોલ્યા, "વર્ણીરાજ! આવું કેમ બને? મારી ફઈ સમર્થ સદ્‌ગુરુ રામાનંદસ્વામીની શિષ્યા હતી, તે કુંભીપાકમાં કેમ જાય?"

નીલકંઠે હસીને કહ્યું, "મને હતું જ કે તું નજરે જોયા વિના નહિ માને!" આટલું કહેતાની સાથે જ નીલકંઠે ગોવર્ધનની સામે મીટ માંડી. કોણ જાણે શું થયું! ગોવર્ધનના નાડી-પ્રાણ ખેંચાવાં લાગ્યાં, એનું શરીર ધબ દઈને ધરતી ઉપર પડી ગયું. ગોવર્ધનને સમાધિ લાગી ગઈ! સમાધિમાં ગોવર્ધને પોતાની ફઈ પૂતળીને પણ કુંભીપાકની પીડા ભોગવતી જોઈ.

પૂતળીની દૃષ્ટિ ગોવર્ધન ઉપર પડી. એણે પોકાર કર્યો, "એ ગોવર્ધન! મને અહીંથી બહાર કાઢ્ય, બહાર કાઢ્ય!"

ફઈનો આર્તનાદ સાંભળી ગોવર્ધને ફઈને ઉગારવા પ્રયાસ કર્યો, પરંતુ યમના દૂતોએ ગોવર્ધનને ફાવવા ન દીધો.

આ જ સમયે નીલકંઠે ગોવર્ધનને સમાધિમાંથી જગાડ્યો. યમયાતનાને સંભારીને થરથર ધ્રૂજતા ગોવર્ધને હાથ જોડીને કહ્યું,"વર્ણીરાજ! આપની વાત સાચી નીકળી."

"વર્ણીરાજ! મારા મનમાં સવાલ ઊઠે છે, મારી ફઈ રામાનંદસ્વામી જેવા મહાન સદ્‌ગુરુની શિષ્યા હતી, છતાં કુંભીપાકે કેમ પડી?"

નીલકંઠ થોડી વાર નેત્ર મીંચી રહ્યા પછી બોલ્યા, "ગોવર્ધન! તારી ફઈએ ભયંકર ગુરુદ્રોહ કરેલો છે."

"રામાનંદસ્વામી સદાવ્રતો ચલાવે છે, એ જાણીને કોઈ ઉદાર ભક્તે રામાનંદસ્વામીને સદાવ્રતમાં વાપરવા માટે સુવર્ણ મહોરો આપી હતી. રામાનંદસ્વામીએ ભારે વિશ્વાસથી એ સુવર્ણ મહોરો તારી ફઈને સાચવવા માટે આપી હતી."

"સમય પસાર થયો; તારા ફઈની દાનત બગડી. રામાનંદસ્વામીએ સુવર્ણ મહોરો પાછી માગી ત્યારે તારી ફઈ ફરી ગઈ અને કહ્યું, "એ તો મેં તમને ક્યારનીય પાછી આપી દીધી છે."

"સદ્‌ગુરુ રામાનંદસ્વામી ઊંડો શ્વાસ લઈ ગયા. પૂતળી આવો વિશ્વાસઘાત કરશે, એવી એમને કલ્પના નહોતી. કરુણામૂર્તિસ્વામી કશું બોલ્યા નહિ અને વાત પૂરી કરી, પરંતુ અંતર્યામી નારાયણથી તારી ફઈએ કરેલું પાપ સહન ન થયું. આમાં એક તો ગુરુનો વિશ્વાસઘાત હતો, બીજું ધર્મદ્રવ્ય ઓળવી લેવાનું મહાપાપ હતું. પરિણામે પૂતળી કુંભીપાકની સજા ભોગવે છે."

ગોવર્ધને હાથ જોડીને કહ્યું, "વર્ણીરાજ! કૃપા કરો અને મારી ફઈની મુક્તિનો માર્ગ બતાવો."

કરુણામૂર્તિ નીલકંઠે ગોવર્ધનનો કણિકો સ્વીકાર્યો હતો. બદલામાં એમણે ગોવર્ધનની ફઈના ભૂલા પડેલા જીવના ઉદ્ધારનો સંકલ્પ કર્યો. એજ સમયે ન માની શકાય એવી ઘટના ઘટી. નીલકંઠની સંકલ્પશક્તિના પ્રભાવે પૂતળીનો જીવાત્મા કુંભીપાકથી મુક્ત થઈ, સૂક્ષ્મદેહધારી, નીલકંઠવર્ણી સામે હાજર થયો.

પૂતળીના આત્માએ આર્ત સ્વરે પોતાના પાપનો એકરાર કરી કહ્યું, "હે મહાન્ બ્રહ્મચારી! મેં બહું મોટું પાપ કર્યું. લોભ લાલચે મારી મતિને ભટકાવી દીધી. મેં ભગવાન જેવા ગુરુનો વિશ્વાસઘાત કર્યો. ધર્મદ્રવ્યને ઓળવી લીધું. આપે કૃપા ન કરી હોત તો હું ક્યારેય કુંભીપાકથી મુક્ત ન થઈ હોત! હે મહાનવર્ણી! હવે થોડી વિશેષ કૃપા કરો અને મારા આત્માની સદ્‌ગતિનો મારગ બતાવો!"

નીલકંઠે પૂતળીના આત્મા સામે કરુણાદષ્ટિ કરી મીઠો ઠપકો આપ્યો અને કહ્યું, "હે જીવાત્મા! તું હવે બદ્રિકાશ્રમમાં જા, ત્યાં તપ કર, તારા પાપનું પ્રાયશ્ચિત્ત કર. પ્રાયશ્ચિત પૂર્ણ થયે તને ફરીથી ભારતભૂમિમાં જન્મ મળશે, સત્સંગનો જોગ થશે અને તારું કલ્યાણ થશે."

નીલકંઠની વાત સાંભળી એ આત્માએ નીલકંઠને પ્રણામ કર્યાં અને આકાશ માર્ગે બદ્રિકાશ્રમ તરફ પ્રયાણ કર્યું. થોડી સુખડી અને ગાંઠિયાના બદલામાં નીલકંઠે પૂતળીના જીવને કાયમી સુખનો મારગ બતાવી દીધો.

નીલકંઠની કૃપાથી ગોવર્ધન આ બધું નજરોનજર નિહાળી રહ્યો હતો. નીલકંઠના આ અલૌકિક પ્રભાવને જોઈને ગોવર્ધનનું મસ્તક ઝૂકી ગયું.

ગોવર્ધનને હતું, 'નીલકંઠ હજુ અહીં રોકાય તો સારું' પરંતુ નીલકંઠનો કાયમી પડાવ હજુ આવ્યો નહોતો. ગોવર્ધનને વિરહમાં ઝૂરતો મેલીને નીલકંઠ ત્યાંથી નીકળી ગયા.

ધાર્મિક સંસ્થાઓના વહીવટકર્તાઓ માટે પૂતળીનો પ્રસંગ ચેતવણીની દીવાદાંડી સમાન છે.

સમય જતાં ગોવર્ધન મહાન ભક્તરાજ થયા, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં અગ્રણી

ગણાયા. આશ્ચર્યની વાત એ છે કે તેઓ દેહમાં રહેવા છતાંય જનક રાજાની પેઠે દેહભાવથી મુક્ત હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્યમૂર્તિના ધ્યાનને પ્રભાવે ગોવર્ધને ગુણાતીત અવસ્થા પ્રાપ્ત કરી હતી.

સંસારમાં રહેવા છતાં પણ ગોવર્ધનને સંસારના કોઈ વિકારો સ્પર્શ્યા નહોતા, તેઓ જળકમળવત્ નિર્લેપ હતા. ગોવર્ધન યોગભ્રષ્ટ જીવ હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાપ્તિથી એમની યોગસાધના પૂર્ણ થઈ હતી. તેઓના હૃદયમાં અખંડ હરિદર્શન થતું હતું.

ગોવર્ધન નાનકડી હાટડી ચલાવી જીવનનિર્વાહ કરતા હતા. વેપાર કરતાં કરતાં પણ એમના હૈયે અને હોઠે 'સ્વામિનારાયણ! સ્વામિનારાયણ!' રટણ ચાલુ રહેતું. કોઈ ગ્રાહક ઉધાર માલ લઈ જાય ત્યારે હસ્તે ગ્રાહકના નામને બદલે 'સ્વામિનારાયણ' એમ લખતા.

કોઈએ ભગવાન શ્રી સ્વામિનારાયણને કહ્યું, "મહારાજ! આ ગોવર્ધન 'હસ્તે સ્વામિનારાયણ' લખે છે તો ઉઘરાણી કરવા ક્યાં જશે? લોકો એને છેતરી જશે!"

ભગવાન શ્રી સ્વામિનારાયણ હસીને બોલ્યા, "માળા વાણિયાએ અમારી જવાબદારી વધારી દીધી!" આટલું કહી મહારાજ કહે, "હસ્તે સ્વામિનારાયણ! લખે એને વ્યવહારે ક્યારેય ખોટ્ય ન આવે અને આવે તો એ ખોટ્ય અમારે સરભર કરવી!"

ઉદ્ધવાવતાર રામાનંદસ્વામી

જેમ જેમ ફૂલના બગીચાની સમીપે જાવ તેમ તેમ એની સુગંધ વિશેષ વર્તાવા માંડે એમ હવે નીલકંઠવર્ણી રામાનંદસ્વામીની કીર્તિની સુગંધ વિશેષને વિશેષ અનુભવી રહ્યા હતા. એમનું મન હવે આ અણદીઠેલા સદ્‌ગુરુને મળવા આતુર થઈ રહ્યું હતું.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં રામાનંદસ્વામી ઉદ્ધવજીનો અવતાર મનાય છે.

ભાગવતજીના એકાદશ સ્કંધમાં ભગવાન શ્રીકૃષ્ણે શરીર છોડતા પહેલા પોતાના પ્રિય સખા અને પોતાના હૃદયસમાન ઉદ્ધવજીને ભાગવતધર્મનું જ્ઞાન આપી એના રક્ષણની જવાબદારી સોંપી હતી.

ઉપરાંત, ભગવાન શ્રીકૃષ્ણે ભાગવત ધર્મની સ્થાપના માટે બીજો અવતાર ધરવાનો સંકલ્પ બલરામજી પાસે વ્યક્ત કર્યો હતો. જેની નોંધ લેતા ભગવાન વેદવ્યાસ જણાવે છે કે,

अन्योऽपि धर्मरक्षायै देहः संध्रियते मया ।
विरामायाप्यधर्मस्य काले प्रभवतः कवचित् ॥

(भागवत–स्क–१०,अ–५०,श्लोक–१०)

"હે બલરામ! આ અવતાર તો મોટે ભાગે અસુરોના વિનાશમાં જ વીતી જશે. લોકોના અંતરમાં રહેલા અધર્મનો નાશ કરી, ભાગવત ધર્મની સ્થાપના માટે મારે બીજો અવતાર લેવો પડશે."

ભગવાન શ્રીકૃષ્ણના સંકલ્પની પૂર્તિના ભાગરૂપે જ ઉદ્ધવજીએ ધરતી ઉપર સદ્‌ગુરુ રામાનંદસ્વામી રૂપે અવતર્યા હતા.

ઉદ્ધવાવતાર રામાનંદસ્વામીનો જન્મ અયોધ્યા ખાતે સરયુપારીણ બ્રાહ્મણ પરિવારમાં વિ. સં. ૧૭૯૫, શ્રાવણ વદ આઠમ (જન્માષ્ટમી)ના રોજ સવારે થયો હતો. એમનું મૂળ નામ રામ શર્મા હતું. એમના પિતાનું નામ 'અજય' અને માતાનું નામ 'સુમતિ' હતું.

રામ નાનપણથી જ મેધાવી હતા. એમના અંતરમાં પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની તીવ્ર ઇચ્છા હતી. સાક્ષાત્કાર કરાવે એવા સદ્‌ગુરુની શોધમાં એમણે નાની ઉંમરે ઘર છોડી દીધું હતું. રામને સત્સંગ કરાવે એવા સાધુઓ ઘણા મળ્યા પણ સાક્ષાત્કાર કરાવે એવા સંત ન મળ્યા.

રણનો મુસાફર પાણી શોધે એમ સદ્‌ગુરુને શોધતાં શોધતાં રામ સૌરાષ્ટ્રમાં ગરવા ગિરનારની તળેટીએ પધાર્યા. અહીં એમણે મહાન યોગી આત્માનંદજીની ખ્યાતિ સાંભળી. આત્માનંદસ્વામી એ સમયે ગોપનાથમાં બિરાજતા હતા. આ ગોપનાથ એટલે સુપ્રસિદ્ધ ભક્તરાજ નરસિંહ મહેતાની સાક્ષાત્કાર ભૂમિ. સદ્‌ગુરુની શોધમાં નીકળેલા રામ ગોપનાથ પધાર્યા.

આત્માનંદસ્વામી સમાધિનિષ્ઠ યોગી હતા. રામ એમના શિષ્ય થયા. આત્માનંદજીએ રામને દીક્ષા આપી 'રામાનંદસ્વામી' નામ પાડ્યું હતું.

આત્માનંદસ્વામીએ રામાનંદસ્વામીને અષ્ટાંગયોગ શીખવી સમાધિ સિદ્ધ કરાવી હતી.

બન્ને ગુરુશિષ્યો મહાન હતા પણ બન્ને વચ્ચે પાયાનો મતભેદ હતો. આત્માનંદસ્વામી 'એકમેવાદ્વિતીયં નિરાકાર બ્રહ્મ'ની ઉપાસના કરતા હતા, જ્યારે રામાનંદસ્વામી 'સગુણ-સાકાર બ્રહ્મ'માં વિશેષ રુચિ ધરાવતા હતા.

ભગવાન શંકરાચાર્યજીની સુપ્રસિદ્ધ ઘોષણા છે, "બ્રહ્મ સત્યમ્ જગત્ મિથ્યા." બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે. 'બ્રહ્મ નિર્ગુણ-નિરાકાર છે.'

રામાનંદસ્વામીના અંતરમાં આ 'નિર્ગુણ-નિરાકાર બ્રહ્મ' વિશે અનેક પ્રશ્નો ઉદ્‌ભવી રહ્યા હતા.

'જગત મિથ્યા આભાસરૂપ હોય તો એ ભ્રાન્તિ કોને થઈ રહી છે?'

'અજ્ઞાન સિવાય ભ્રાન્તિ ન સંભવે. તો આ અજ્ઞાનનો આધાર કોણ છે?'

'નિર્ગુણ, નિરાકાર બ્રહ્મ સિવાય બીજું કોઈ તત્ત્વ જ ન હોય, તો આ ભ્રાન્તિ પેદા કરનાર અજ્ઞાન ક્યાંથી આવ્યું?'

'જો બ્રહ્મ સિવાય બીજું તત્ત્વ ન હોય, તો 'ભ્રાન્તિ અને અજ્ઞાનનો આધાર બ્રહ્મ છે' એમ માનવું પડે.'

'જો અજ્ઞાનને લીધે બ્રહ્મને ભ્રાન્તિ થતી હોય, તો અજ્ઞાનને બ્રહ્મ કરતાં પ્રબળ માનવું જોઈએ.'

'જો આમ માનવામાં આવે, તો મુક્તિના સિદ્ધાંતનો સર્વથા છેદ ઊડી જતો હતો.'

'આત્મા અને પરમાત્મા જો અલગ ન હોય, તો 'બંધન અને ભ્રાન્તિ ભગવાનને જ છે' એમ માનવું પડે.'

'જો ભગવાન સ્વયં ભ્રાન્ત અને બદ્ધ હોય, તો એ અજ્ઞાનહર્તા અને મુક્તિદાતા કેમ થઈ શકે?' રામાનંદસ્વામીનું અંતર આવા અનેક પ્રશ્નોથી ઘેરાયેલું હતું.

'આત્મા સો પરમાત્મા' – 'હું જ બ્રહ્મ કે ભગવાન છું' આમ કહેવું સહેલું છે, શીરા જેવું ગળ્યું છે, પ્રચ્છન્ન અહંકારને પોષે એવું છે, પરંતુ એનું પ્રતિપાદન કરવું ભારે મુશ્કેલ છે.

મહાસિદ્ધ આત્માનંદસ્વામી સમાધિનિષ્ઠ હોવા છતાં રામાનંદસ્વામીના આ પ્રશ્નોનો ઉત્તર આપી શકતા નહોતા.

એક વાર રામાનંદસ્વામીને સમાધિમાં નિર્ગુણ નિરાકાર, એક રસ બ્રહ્મચૈતન્યનું દર્શન થયું. પરંતુ રામાનંદસ્વામીને એ બ્રહ્મ તેજનાં દર્શનથી સંતોષ ન થયો. એમનું અંતર તો એ તેજના ઉદ્ગમ સ્થાન સગુણ સાકાર બ્રહ્મને શોધતું હતું. એમના મન અને પ્રાણ શ્રી હરિની શ્યામસુંદર મૂર્તિના દર્શન માટે આકુળવ્યાકુળ હતા.

ઘણા સમય સુધી બ્રહ્માનુભૂતિ કર્યા પછી રામાનંદજી સમાધિમાંથી જાગ્યા. એમના અંતરમાં આ દિવ્ય અનુભૂતિના આનંદને બદલે વ્યાકુળતા હતી. એમણે આત્માનંદજીને કહ્યું, 'ગુરુદેવ! આપે મને બ્રહ્મનું દર્શન તો કરાવ્યું, હવે મને પરબ્રહ્મનું દર્શન કરાવો. મારી આંખો સાકાર સુંદર સ્વરૂપનાં દર્શન માટે ઝંખે છે.'

આત્માનંદજી હસીને બોલ્યા, 'રામાનંદજી! આકાર માત્ર મિથ્યા છે. નામરૂપનો નાશ છે. આપને જે બ્રહ્મતેજનો અનુભવ થયો એ જ સત્ય છે.'

ગુરુ અને શિષ્ય વચ્ચે આ અંગે ભારે શાસ્ત્રાર્થ થયો, વિવાદ પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. રામાનંદજીની જિજ્ઞાસાઓનું સમાધાન આત્માનંદજી કરી ન શક્યા. આખરે રામાનંદસ્વામીએ નિરાકાર બ્રહ્મના ઉપાસક આત્માનંદજીનો ત્યાગ કરી શુષ્ક અદ્વૈત જ્ઞાનને બદલે કોઈ ભક્તિમાર્ગી ગુરુની શોધ આરંભી.

સદ્‌ગુરુની શોધમાં તેઓ શ્રીરંગ ક્ષેત્રમાં પહોંચ્યા. અહીં એમણે શેષાવતાર ભગવદ્‌પાદ્ રામાનુજાચાર્યજીની સાથે પોતાનો આત્મિકભાવ જોડ્યો. ભક્તિભાવ પૂર્વકની સાધનાની પરાકાષ્ઠાએ ભગવદ્‌પાદ રામાનુજાચાર્યજીએ રામાનંદસ્વામીને સમાધિની ભાવદશામાં દિવ્ય દર્શન દીધાં, વૈષ્ણવી દીક્ષા આપી.

શ્રી સંપ્રદાયમાં પ્રસિદ્ધ 'મંત્રદ્વય'નો ઉપદેશ કર્યો અને કહ્યું, 'આ મંત્રનો જપ કરજો. ટૂંક સમયમાં ભગવાન તમને સાક્ષાત્ દર્શન દેશે.'

આ દિવ્ય અનુભૂતિથી રામાનંદજી ભાવવિભોર થયા. એમનું ગાત્ર રોમાંચિત બન્યું. એમણે ગદ્‌ગદ્ કંઠે ભગવદ્‌પાદ રામાનુજાચાર્યજીની સ્તુતિ કરી.

રામાનુજાચાર્યજીએ રામાનંદજીને સાવધાન કરતા કહ્યું, "રામાનંદજી! તમારો ઉત્કર્ષ અહીંના વૈષ્ણવો સાંખી નહિ શકે, માટે તમારે પશ્ચિમ ભારતને તમારું કાર્યક્ષેત્ર બનાવવું!" આટલું કહી રામાનુજાચાર્યજી અદશ્ય થયા.

રામાનંદજી સમાધિમાંથી જાગ્યા. દિવ્ય સાક્ષાત્કારનો આનંદ એના રોમેરોમમાં રમતો હતો. રામાનંદજીના અંતરમાં સવાલ થયો, આ સમાધિ હતી કે સ્વપ્ન?' એ જ સમયે એમની દષ્ટિ પોતાનાં શરીર ઉપર પડી. વૈષ્ણવી દીક્ષાના પ્રતિકસમા દ્વાદશ ઊર્ધ્વપુંડ્ર તિલક એમનાં શરીરમાં વિદ્યમાન હતાં, જે દિવ્ય અનુભૂતિની સત્યતાની સાક્ષી પૂરી રહ્યા હતા!

ભગવદ્‌પાદ રામાનુજાચાર્યજીના સાક્ષાત્કાર બાદ તેઓ થોડો સમય શ્રીરંગક્ષેત્રમાં રહ્યા. અનેક મુમુક્ષુઓ તેમના તરફ આકર્ષાયા અને તેમનો સમાગમ કરવા આવવા લાગ્યા. કોઈ જાતના આડંબર વિનાની એમની સાધુતા મુમુક્ષુઓના અંતરને સ્પર્શી જતી હતી.

રામાનંદસ્વામીની ખ્યાતિ ચારે તરફ ફેલાવા લાગી. પરિણામ રામાનુજાચાર્યજીએ કહ્યું હતું એવું જ આવ્યું. કેટલાક સ્થાપિત હિતો ઈર્ષ્યાને લીધે એમનો દ્રોહ કરવા લાગ્યા. વિક્ષેપ વધતો જોઈને રામાનંદસ્વામી શ્રીરંગક્ષેત્ર છોડીને ગોકુલ-વૃંદાવન પધાર્યા.

ભગવદ્‌પાદ રામાનુજાચાર્યજીના "ટૂંક સમયમાં ભગવાન તમને દર્શન દેશે" એ વચનમાં વિશ્વાસ રાખી, રામાનંદસ્વામીએ યમુનાને કિનારે રમણ રેતીમાં ભગવાન શ્રીકૃષ્ણની આરાધના આરંભી.

પ્રસન્ન થયેલા ભગવાન શ્રીકૃષ્ણે એમને સાક્ષાત્ દર્શન આપ્યા અને પૂર્વ અવતારનો બોધ કરાવતા કહ્યું, "સ્વામી! તમે સાક્ષાત્ ઉદ્ધવજી છો, તમારું અવતરણ ભાગવત ધર્મની સ્થાપનારૂપી અમારાં અધૂરાં કાર્યને પૂર્ણ કરવા માટે છે. તમે એ માટે 'ઉદ્ધવ

સંપ્રદાય'ની સ્થાપના કરો. ટૂંક સમયમાં અમે પણ તમને સદેહે મળીશું." આટલું કહીને ભગવાન શ્રીકૃષ્ણે એમને કૃષ્ણાવતાર પ્રસંગે જે ભાગવત ધર્મનો ઉપદેશ આપ્યો હતો એની સ્મૃતિ તાજી કરાવી. પોતાના પૂર્વજન્મની સ્મૃતિ તાજી થતા રામાનંદસ્વામીના રોમેરોમમાં આનંદ વ્યાપ્યો. એમના હૃદયમાંથી વેદવાણી જેવા ભાગવત ધર્મના સૂત્રો પ્રગટવા માંડ્યાં.

પ્રસન્ન થયેલા ભગવાન શ્રીકૃષ્ણે એમને વૈષ્ણવી દીક્ષાના બે નવા મંત્રો આપ્યા.

॥ श्रीकृष्ण त्वं गतिर्मम ॥ तथा ॥ ब्रह्माहं कृष्णदासोऽस्मि॥

મંત્રોપદેશ કર્યા પછી ભગવાન શ્રીકૃષ્ણે મંદ મંદ હસીને કહ્યું, "સ્વામી! હવે તમે પશ્ચિમ ભારત તરફ પ્રયાણ કરો અને અમારા આગમનની રાહ જુઓ."

ભગવાન શ્રીકૃષ્ણના આદેશથી રામાનંદસ્વામી પશ્ચિમ ભારતમાં પધાર્યા. ગુજરાતની પુણ્યધરામાં ફરીથી એમનું પોતાના પૂર્વ ગુરુ આત્માનંદસ્વામી સાથે મિલન થયું. ફરીથી ભગવાન સાકાર કે નિરાકાર એ વિષય ઉપર શાસ્રાર્થ ચાલ્યો.

રામાનંદસ્વામીને થયેલ દિવ્ય અનુભૂતિ અને જ્ઞાન આત્માનંદજીના અંતરને સ્પર્શી ગયાં. આત્માનંદસ્વામી કોઈ સાધારણ સંત નહોતા. એ મહાન સમાધિનિષ્ઠ યોગી અને વચનસિદ્ધ મહાપુરુષ હતા. એમણે કહ્યું, "રામાનંદજી! તમારા સગુણ સાકાર પરમાત્મા પાસે મારું નિર્ગુણ નિરાકાર બ્રહ્મ હાર સ્વીકારે છે. તમે મારા કરતાં સવાયા નીકળ્યા."

ધર્મો અને પંથોના ઇતિહાસમાં ભાગ્યે જ જોવા મળે, એવી એક અનોખી ઉદારતાની ઘટના સર્જાણી! આત્માનંદસ્વામીએ પોતાના શિષ્યોને એકઠા કર્યાં અને કહ્યું કે, "આજથી તમો રામાનંદજીને અનુસરજો. એમની આજ્ઞામાં રહેજો. એ મારાથી પણ આગળ નીકળી ગયેલા મહાપુરુષ છે."

ધર્મના ક્ષેત્રમાં આવું ભાગ્યે જ બની શકે છે. મોટા ભાગે ધર્મગુરુઓને યુક્તિ-પ્રયુક્તિથી પોત-પોતાના ટોળાં સાચવવાની અને વાડા વધારવાની જ પડી હોય છે. નિર્ભેળ સત્યને સ્વીકારવાની ઉદારતા અને હિંમત ભાગ્યે જ કોઈમાં હોય છે.

પરમસિદ્ધ આત્માનંદસ્વામીની આ ઉદારતાને શતશત વંદન!!

ખરો ખેલ ભજવનારો હવે આવશે!

રામાનંદસ્વામીનું જીવન સાધુતાના ગુણોથી ભરપૂર હતું. એમનું જ્ઞાન અગાધ હતું. એમની પ્રગલ્ભતા સાગર જેવી ગંભીર હતી.

એમના લોકોત્તર પ્રભાવને લીધે હજારો લોકો એમના અનુયાયી થયા હતા. એમાંથી કેટલાય શિષ્યોએ એમની પાસેથી વૈષ્ણવી પરમહંસની દીક્ષા ગ્રહણ કરી હતી.

આ પરમહંસો પણ રામાનંદસ્વામી જેવા જ સમર્થ અને ઐશ્વર્યવાન હતા. આ સર્વ પરમહંસોમાં ભાઈ રામદાસજી, મૂળજી બ્રહ્મચારી, મુક્તાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, મોહનદાસ વૈરાગી, રૂગનાથદાસ, સુખાનંદસ્વામી વગેરે મુખ્ય હતા. આ સર્વમાં પણ મુક્તાનંદસ્વામી શ્રેષ્ઠ ગણાતા.

ગૃહસ્થવર્ગમાં મયારામ ભટ્ટ, અગતરાઈના પર્વતભાઈ, મઢડાના જેઠો મેર, શેખપાટના લાલજી સુથાર, ભાદરાના મૂળજી શર્મા, કચ્છના ગંગારામ મલ્લ અને સુંદરજી સુથાર વગેરે મુખ્ય હતા.

ગુર્જરધરામાં રામાનંદસ્વામીએ ભાગવત ધર્મનાં વાવેતર માટે ભવ્ય ખેડ કરી હતી. એમનાં શિષ્ય-સંતોના મંડળો તત્કાલીન વૈરાગી બાવાઓની જમાતોથી સાવ જૂદાં પડતાં હતાં.

રામાનંદસ્વામી તો ઠીક, એમના શિષ્યોને પણ કનક-કામિનીનાં કામણ અભિભૂત કરી શકતાં ન હતાં. એમના સરળ તેમ જ નિર્મળ જીવન, શાંત-સરળ ઉપદેશો અને સેવાભાવી સરળ સ્વભાવ સર્વેને આકર્ષતા હતા.

દાવાનળથી અકળાયેલા પશુ-પંખીઓને નિર્ભય અને શાંત આશ્રયસ્થાન મળવાથી જે આનંદ થાય, એવો જ આનંદ ધર્મમાં આસ્થા ધરાવનારી આમજનતાને રામાનંદસ્વામીની છત્રછાયામાં મળી રહ્યો હતો.

કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુર્જરધરામાં રામાનંદસ્વામીનો બહોળો શિષ્યવર્ગ તૈયાર થયો હતો.

લોજ, માંગરોળ, માણાવદર, અગતરાઈ, મેઘપર, ધોરાજી, સાંકળી, પીપલાણા, ભાડેર, ફરેણી, જેતપુર, સરધાર, કોટડા, ગઢડા, કારિયાણી, માણેકવાડા, મેથાણ, જેતલપુર, અમદાવાદ, જામવાળી, નવાનગર વગેરે અનેક સ્થળોએ રામાનંદસ્વામીએ સદાવ્રતો ખોલાવ્યાં હતાં.

પ્રાચીન ભારતમાં સેવાનાં સ્વરૂપો આજના સેવા-પ્રકલ્પો કરતાં જૂદાં સ્વરૂપનાં હતાં. વિદ્યાની વિવિધ શાખાઓ અવશ્ય હતી, પરંતુ એ માટે આજના જેવી સ્કૂલો, કૉલેજો ન હતી. મોટા ભાગની વિદ્યા વારસામાં મળતી. વેદ, શાસ્રો, જ્યોતિષ, રાજનીતિ, સમાજવિજ્ઞાન, આયુર્વેદ, ધનુર્વેદ વગેરે વિદ્યાશાખાઓનો અભ્યાસ ગુરુકુળોમાં થતો.

એ સમયે સદાવ્રતો ચલાવવાં, વાવ-કૂવા-તળાવો ગળાવવાં, ધર્મશાળાઓ બંધાવવી, વૃક્ષો રોપાવવાં, અતિથિ-અભ્યાગતોની સેવા કરવી, મૂંગા માલ-ઢોર, પશુ-પંખીઓની સાર-સંભાળ રાખવી વગેરે પ્રાચીન ભારતની સેવામય સંસ્કૃતિનાં મહત્ત્વપૂર્ણ સેવાક્ષેત્રો હતાં.

સેવાના આ પ્રકલ્પોથી કોઈ યાત્રાળુ, અભ્યાગત રોટલા અને ઓટલા વગરના રહેતા

ન હતા. જીવનનિર્વાહનાં સાધનો પર્યાવરણને હાનિ પહોંચાડ્યાં સિવાય ઉપલબ્ધ થતાં હોવાથી સમસ્ત જીવસૃષ્ટિ પ્રસન્ન રહેતી હતી.

આજનાં જેવાં જ્ઞાન-વિજ્ઞાનનાં સાધનો ઓછાં હતાં, પરંતુ જીવનવિજ્ઞાન ભરપૂર હતું.

સુખસગવડની સામગ્રી ઓછી હતી, પરંતુ લોકોના અંતરના અમી અને શાંતિ અમાપ હતાં. અબોલ પ્રાણીઓનાં આશીર્વાદને લીધે સમસ્ત ભારતવર્ષ 'સત્યમ્-શિવમ્-સુંદરમ્' હતું.

આજે સમયને અનુરૂપ સેવાના પ્રકલ્પોએ નવાં કલેવરો ધર્યાં છે. પરોપકાર અને દાનનો મહિમા ત્યારે પણ હતો અને આજે પણ છે. આજે દાનના પ્રવાહોએ નવી દિશા પકડી છે, પરિણામે સમાજમાં શિક્ષા, આરોગ્ય અને પર્યાવરણ ક્ષેત્રે નવી ક્ષિતિજો ઊઘડી છે.

રામાનંદસ્વામી કેટલાક સમયથી એક અદ્‌ભુત આગાહી કરી રહ્યા હતા. તેઓ કહેતા કે, "અમે તો ડુગડુગી વગાડનારા છીએ, ખરો નટવર તો હવે આવશે."

"અમે તો ગણેશનો વેષ લઈ પડ છાંટવા આવ્યા છીએ, પરંતુ ખરો ખેલનો ભજવનારો તો હવે આવશે." "અમે ખરા નટવરની રાહ જોઈ રહ્યા છીએ, એ આવશે ત્યારે અમારું અવતાર કાર્ય પૂર્ણ થશે."

જ્યારે જ્યારે રામાનંદસ્વામી આવી વાત કરતા ત્યારે ત્યારે એમના માનસપટલમાં, પોતાને ભાગવત ધર્મનો ઉપદેશ આપનાર ભગવાન શ્રીકૃષ્ણની મનોહર મૂર્તિ ઉપસી આવતી હતી. સાથે સાથે એ જ ભગવાન શ્રીકૃષ્ણે થોડાં વર્ષ પહેલા વૃંદાવનમાં પોતાને દર્શન દઈને કહ્યું હતું કે, "થોડાં જ સમયમાં અમે તમને સદેહે મળીશું." આ શબ્દો એમના કાનમાં ગુંજારવ કરતા હતા.

બરાબર આ જ સમયે આ મહાન સદ્‌ગુરુની આગાહી સત્ય થવાની હોય, એમ અઢાર વર્ષના નીલકંઠ બ્રહ્મચારીએ લોજ ગામના પાદરમાં વાવને કાંઠે વિસામો લીધો હતો.

લોજમાં ઉદ્ધવાવતાર સદ્‌ગુરુ રામાનંદસ્વામીનો આશ્રમ હતો. સોમનાથથી દ્વારકા જવાનો રાજમાર્ગ લોજના પાદરમાંથી પસાર થતો હતો. સદ્‌ગુરુ રામાનંદસ્વામીની આજ્ઞાથી અહીં સદાવ્રત ચાલતું હતું. યાત્રાળુ સાધુસંતો, અભ્યાગતોની આગતા-સ્વાગતા થતી હતી.

અહીં રામાનંદસ્વામીના પચાસ સાધુઓ રહેતા હતા. આ બધા સાધુઓ સ્વભાવે અત્યંત સરળ હતા; સદ્‌ગુરુએ ચીંધેલા રાહે સાધના કરી રહ્યા હતા; આસપાસની વસ્તીમાંથી ટુકડા માગી સદાવ્રત ચલાવી રહ્યાં હતાં. સેવા, સત્સંગ અને ભજન એમના જીવનવ્રતો હતાં. આ સંતો સર્વથા અપરિગ્રહી, વિતરાગી અને જગતની આળપંપાળથી

મુક્ત હતા. ગુરુદેવની પ્રસન્નતા અને પરબ્રહ્મની પ્રાપ્તિ એમના જીવનનું લક્ષ્ય હતું.

આ પચાસ સંતોમાં સ્વામીશ્રી મુક્તાનંદજી આગેવાન સંત હતા. મુક્તાનંદસ્વામીનું હૃદય માતા જેવું માયાળુ હતું; સ્વભાવે અત્યંત શાંત હતા; જ્ઞાનનો અગાધ સાગર હતા; અહંકારથી સર્વથા શૂન્ય હતા અને નખશિખ સાધુતાની મૂર્તિ હતા. દૂધમાં સાકર ઓગળી જાય, એમ એમણે પોતાનું જીવન સદ્‌ગુરુ રામાનંદસ્વામીનાં વચનમાં ઓગાળી નાખ્યું હતું.

મુક્તમુનિનો પ્રાદુર્ભાવ

મુક્તાનંદસ્વામીનો જન્મ વિ. સં. ૧૮૧૪ માં અમરેલી પાસેના અમરાપુર ગામે થયો હતો. એમના પિતાનું નામ આનંદરામ અને માતાનું નામ રાધાબાઈ હતું.

મુક્તાનંદસ્વામીના પ્રાદુર્ભાવ પાછળ એક મહાન સંતના સમર્પણની અદ્‌ભુત કથા રહેલી છે. અમરેલી-સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંત 'મૂળદાસ'ના નામથી કોઈ અજાણ નથી. સંતોના ઇતિહાસમાં મૂળદાસજીની કથા સુવર્ણ અક્ષરે લખાયેલી છે. 'પ્રીતમ વરની ચૂંદડી' અને 'અમે રે વટાવળા જીરે વાટના' જેવી એમની રચનાઓ લોકહૃદયમાં અમર છે.

વર્ષો પહેલાની વાત છે. મહાત્મા મૂળદાસ ઊના-દીવ બંદર વિસ્તારમાં વિચરણ કરતા હતા. એક દિવસ સંત મૂળદાસ ગામની બહાર ભજન કરતાં કરતાં વિહરી રહ્યા હતા; અજવાળી રાત હતી; ચાંદો માથા ઉપર આવ્યો હતો. એવામાં એમણે નિર્જન વગડામાં કૂવાને કાંઠે એક જૈન સાધ્વીબાઈને આત્મહત્યા માટે આવેલી જોઈ.

વસ્તુસ્થિતિ એ હતી કે, આ જૈન સાધ્વીબાઈના ઉદરમાં કોઈનો જીવ ઉછરતો હતો. સંજોગવશાત્ એનાથી સંયમની વાડ્યો તૂટી હતી. પોતાના પ્રેમીની લાજ બચાવવા એ બાઈ આત્મહત્યા કરવા તૈયાર થયેલી.

બાઈનો જીવ બચાવવા મહાત્મા મૂળદાસે કો'કનું પાપ પોતાના માથે ઓઢી લીધું અને જગજાહેર કહ્યું કે, 'આ પાપનો બાપ મૂળદાસ છે!'

લોકોને આબરૂ, માન-પ્રતિષ્ઠા જીવ કરતાંય વહાલાં હોય છે. ધર્મ, સમાજ, રાષ્ટ્ર માટે આત્મબલિદાન આપી ઉત્તમ કીર્તિ મેળવનારા મહાપુરુષોની કથાઓ ઘણી છે, પરંતુ બે જીવને બચાવવા પોતાના શીલને શૂળીએ ચઢાવી દેવાની આ કથા અજોડ છે.

પોતાના શીલની કુરબાની આપીને મહાત્મા મૂળદાસે પોતાનાં સંતત્વને કસોટીની એરણે ચડાવ્યું હતું. પોતે નિર્દોષ હતા, છતાં લોકો તરફથી પ્રાપ્ત થયેલ અપમાન અને તિરસ્કારરૂપી ભયંકર વિષને હસતે મુખે પી જાણ્યું હતું અને પચાવી જાણ્યું હતું. આવું સાહસ તો મૂળદાસ જેવા મોટા દિલના મહાત્માઓ જ કરી શકે! ક્ષમા, કરુણા,

સહનશીલતા અને સ્થિતપ્રજ્ઞતાનું આથી શ્રેષ્ઠ ઉદાહરણ મળવું મુશ્કેલ છે.

મૂળદાસજીએ આપઘાતમાંથી બચાવેલ એ જૈન સાધ્વીબાઈની કૂખેથી એક દીકરીનો જન્મ થયો, જેનું નામ રાધાબાઈ રાખવામાં આવ્યું. આ રાધાબાઈ એટલે મહાન સંત મુક્તાનંદસ્વામીના 'મા'.

મહાત્મા મૂળદાસના સાંનિધ્યમાં દીકરી રાધાબાઈનો ઉછેર થયો. મૂળદાસજીએ સદ્‌ગુણના ભંડારસમી આ દીકરીના હૈયામાં જ્ઞાન અને ભક્તિનાં સંસ્કારો સિંચ્યાં.

મહાત્મા મૂળદાસજીએ સમય જતાં રાધાબાઈનાં લગ્ન આનંદરામ નામના વિપ્ર સાથે કરાવ્યાં. આનંદરામ પણ અત્યંત ગુણિયલ અને સદાચારી હતા.

મહાત્મા મૂળદાસના સત્સંગથી આનંદરામ અને રાધાબાઈના હૃદયમાં ભગવાનની ભક્તિ સોળે કળાએ ખીલી હતી. આનંદરામ અને રાધાબાઈ અમરાપરના રામજી મંદિરની સેવા કરતા, રામાયણનું ગાન કરતા અને ગામલોકોને સત્સંગ કરાવતા હતા.

સમય જતાં વિક્રમ સંવત ૧૮૧૪ પોષ વદી સાતમના પવિત્ર દિવસે રાધાબાઈની કૂખેથી એક મહાન મુક્તાત્માનું પ્રાગટ્ય થયું, જેનું નામ 'મુકુંદદાસ' રાખવામાં આવ્યું. આ જ મુકુંદદાસ આગળ જતાં 'મુક્તાનંદસ્વામી' નામે પ્રસિદ્ધ થયા.

મુકુંદનું બાળપણ અમરાપરમાં વીત્યું. તેઓ નાનપણથી જ રામાયણના પ્રખર અભ્યાસી હતા. દેખાવે ખૂબ રૂપાળા હતા, કંઠ અત્યંત મધુર હતો, મુકુંદના મુખેથી રામાયણનું શ્રવણ કરવું એ જીવનનો અનેરો લ્હાવો હતો! તેઓ જ્યારે રામાયણની કથા કરતા, ત્યારે અમરાપરને ચોરે બાઈઓ-ભાઈઓની ભીડ જામતી.

રામ ઘટોઘટ મહુડી ફૂલી!

મહાત્મા મૂળદાસજી જેવા સંતની કૃપાથી મુકુંદના અંતરમાં નાનપણથી જ મુમુક્ષુતા પાંગરી હતી. મુકુંદનું મન સહજ વિતરાગી સંત જેવું હતું.

એમણે નાની ઉંમરે ભીષ્મપ્રતિજ્ઞા કરી હતી કે, 'આજીવન બ્રહ્મચર્ય પાળવું અને પોતાના આ સંકલ્પોને સિદ્ધ કરાવે એવા સદ્‌ગુરુને શોધી એમને ચરણે જીવન સમર્પિત કરી દેવું.'

ભગવદ્‌ભક્તિમાં ગુલતાન મુકુંદને સંસારનાં બંધનો ગમતાં નહોતાં. મુકુંદની મરજી નહોતી, છતાં જમાનાની રીત પ્રમાણે નાની ઉંમરે એમને પરણાવી દેવામાં આવ્યા હતા, પરંતુ જેમ કમળના વેલાથી હાથીને બાંધી શકાતો નથી, એમ સંસારનું આ બંધન મુકુંદને બાંધી શક્યું ન હતું.

પરણ્યા પછી પણ મુકુંદ પોતાના બ્રહ્મચર્યની પ્રતિજ્ઞામાંથી ચલાયમાન થયા ન

હતા; સામાન્ય સંસારીઓને મનાય નહિ એવી આ વાત છે.

મુકુંદનું હૈયું હાથ ઝાલી ભવસાગર પાર કરાવે એવા સદ્‌ગુરુની શોધ માટે તલસતું હતું. તેઓ કોઈ પણ ભોગે સંસારની જંજાળનાં બંધનોને તોડીને સદ્‌ગુરુની શોધમાં નીકળી જવા માગતા હતા, પરંતુ માતાપિતા અને સંબંધીજનો એમને છોડવા માગતા ન હતા.

આખરે સંસારીઓના મનના મોહપાશને તોડવા માટે મુકુંદે એક યુક્તિ વિચારી. મુકુંદે ભાગવતજીમાં જડભરતજીની કથા સાંભળી હતી. મુકુંદે આ કથાને પોતાનાં જીવનમાં વણી. પોતે જડભરતની જેમ ઉન્મત્તભાવે વિચરવા લાગ્યા. ગામની ગલીઓમાં મુકુંદ ગાંડાની જેમ હસતા જાય, નાચતા જાય અને ગાતા જાય, “રામ ઘટોઘટ મહુડી ફૂલી...રામ ઘટોઘટ મહુડી ફૂલી”

આટલો ડાહ્યોડમરો મુકુંદ આમ અચાનક ગાંડો કેમ થઈ ગયો... તે કોઈને સમજાતું ન હતું! કોઈ કાંઈ પણ પૂછે તો મુકુંદ પૂછનાર તરફ હાથ લાંબો કરી ખડખડાટ હસે અને રામબાણ જેવું મહાવાક્ય બોલે, “રામ ઘટોઘટ મહુડી ફૂલી!”

મુકુંદના મુખેથી નીકળેલા આ મહાવાક્યનો અર્થ અદ્‌ભુત હતો. ‘ઘટોઘટમાં રામ બિરાજે છે, કર્તાહર્તા એ જ છે, છતાં મોહની-મદિરાનું પાન કરી લોકો ‘મેં કર્યું, મેં કર્યું’ એમ મિથ્યા અભિમાનથી ફુલાતા ફરે છે, પરંતુ પરમહંસના વચનનાં મર્મને સમજવાની શક્તિ પામર સંસારીઓમાં ક્યાંથી સંભવી શકે?

ધીરે ધીરે મુકુંદના ગાંડપણનું નાટક વધતું ચાલ્યું. તેઓ એકની વસ્તુ બીજાને ત્યાં અને બીજાની વસ્તુ ત્રીજાને ત્યાં મૂકી આવવા માંડ્યા. મુકુંદના આવા ગાંડપણથી લોકો ત્રાસી ગયા. મુકુંદનાં માતાપિતા પણ મુકુંદના આવા ગાંડપણની ફરિયાદો ઉપર ફરિયાદો સાંભળીને થાકી ગયાં.

અમરાપર ગામના આગેવાન દરબાર ભારે શાણા હતા. મુકુંદના ગાંડપણમાં ડોકાઈ રહેલ ડહાપણને તે પારખી ગયા હતા. એક વાર એમણે મુકુંદને એકાંતમાં બોલાવીને કહ્યું, “મુકુંદ! સાચું બોલ, તું ગાંડો નથી, જાણી જોઈને ગાંડપણ કરે છે. તારા ગાંડપણનું રહસ્ય શું છે?”

પોતાનાં હૃદયની વાત સમજનાર વ્યક્તિ-વિશેષને પારખીને મુકુંદે દરબારને પેટછૂટી વાત કરી, “બાપુ! મારે સંસારમાં રહેવું નથી. મને રજા અપાવી દ્યો.” આખરે દરબારના દબાણથી માતાપિતાએ મુકુંદને છૂટા કર્યાં. પિંજરથી છૂટેલો હંસલો ઊડે તેમ મુકુંદે મુક્તિના માર્ગે ઉડાન ભરી.

સદ્‌ગુરુની શોધમાં

પોતાના માર્ગને પ્રશસ્ત બનાવે એવા સદ્‌ગુરુની શોધમાં મુકુંદ અનેક જગ્યાએ ફર્યા, પરંતુ હૈયું ઠારે એવા સદ્‌ગુરુ મુકુંદને ન મળ્યા. સદ્‌ગુરુની શોધ કરતાં કરતાં મુકુંદ ઝાલાવાડના ધ્રાંગધ્રા ગામે ગયા. અહીંયા વૈરાગી દ્વારકાદાસ રહેતા હતા. મુકુંદ એમની સેવામાં જોડાયા. વૈરાગી દ્વારકાદાસે પ્રશ્ન કર્યો, “મુકુંદ! તેં ઘર શા માટે છોડ્યું છે?”

મુકુંદે કહ્યું, “મારે આજીવન બ્રહ્મચર્ય પાળી શ્રીહરિનો સાક્ષાત્કાર કરવો છે. મારા માર્ગને સરળ બનાવે એવા સદ્‌ગુરુની શોધમાં હું નીકળ્યો છું.”

વૈરાગી દ્વારકાદાસ મુકુંદની મુમુક્ષુતા જોઈને આભા બની ગયા અને નિખાલસભાવે કહ્યું, “મુકુંદ! સ્વયં મારું અંતર સ્ત્રીની વાસનાથી મુક્ત થયું નથી, તો હું તને કઈ રીતે માર્ગ બતાવું? એમ કર્ય, તું વાંકાનેર જા. વાંકાનેરમાં વૈરાગી કલ્યાણદાસજી બિરાજે છે, એ ભારે બ્રહ્મચારી અને સિદ્ધ ગણાય છે. મને લાગે છે કે એ જ તને સાચો મારગ બતાવી શકશે ને તારું કાર્ય સિદ્ધ કરશે!” દ્વારકાદાસના કહેવાથી મુકુંદ વાંકાનેર પહોંચ્યા.

વાંકાનેરના કલ્યાણદાસ સુપ્રસિદ્ધ સંત હતા. તેઓ કેડ્યે પિત્તળની સાંકળ બાંધતાં. પિત્તળની લંગોટી પહેરતાં. લંગોટીએ તાળું મરતાં. ચાવી શિષ્યોની પાસે રહેતી. આ અવનવી રીતથી લોકોમાં તેઓ ભારે બ્રહ્મચારી તરીકે પ્રસિદ્ધ હતા.

મુકુંદ કલ્યાણદાસજીને મળ્યા. થોડો સમય રોકાયા. એક વાર કલ્યાણદાસજીએ એકાંતમાં મુકુંદને પૂછ્યું, “મુકુંદ! તેં આ ત્યાગનો માર્ગ શા માટે લીધો છે?”

મુકુંદે કહ્યું, “મારે અખંડ બ્રહ્મચર્ય પાળી, પરમાત્માને પ્રાપ્ત કરવા છે. મને કામ જીતવાનો ઉપાય બતાવે એવા સદ્‌ગુરુની શોધમાં નીકળ્યો છું.”

કલ્યાણદાસે મુકુંદની સાચી મુમુક્ષુતા પિછાણી લીધી. મુકુંદ પ્રત્યે એમને અત્યંત માન થયું. નીરવ એકાંત હોવાથી કલ્યાણદાસે પેટછૂટી વાત કરી...

“મુકુંદ! મારી વાત માન્ય. કળિયુગમાં કામ જીતવો કઠણ છે. મારી આ પિત્તળની કોપિન અને પિત્તળનાં તાળાં જોઈને લોકો મને મહાન બ્રહ્મચારી માને છે, પરંતુ આજે હું તને એક સાચી વાત કહું.”

“એક વાર હું કાશીની યાત્રા માટે જઈ રહ્યો હતો. રસ્તામાં ઉજ્જૈન આવતું હતું. ઉજ્જૈનથી થોડે દૂર ગામના પાદરમાં પાણીના શેરડે બાઈઓ પાણી ભરતી હતી. એક જુવાન રૂપાળી બાઈ માથે પાણીની હેલ્ય લઈને હાલી આવતી હતી. મેં એને ઉજ્જૈનનો માર્ગ પૂછ્યો, ત્યારે એણે આંખોનાં મટકાં મારી, હાથનું લટકું કરીને મને ઉજ્જૈનનો માર્ગ બતાવ્યો હતો.”

“આજે વર્ષો વીત્યાં પરંતુ એ બાઈની આંખોનાં મટકાં અને હાથનાં લટકાંને હું

વિસરી શક્યો નથી. ક્યારેક ધ્યાનમાં બેસું છું ત્યારે પણ મને એ જ દેખાયાં કરે છે!"

"મુકુંદ! કાન ખોલીને સાંભળ્ય, પિત્તળની કોપિનને તાળાં મારી શકાય છે, પરંતુ મનને તાળાં મારી શકાતાં નથી! ઉપરથી સ્રીનો ત્યાગ થઈ શકે છે, પરંતુ મનમાંથી સ્રીને કાઢવી ઘણી કઠણ છે. સાચી વાત કરું તો, હું તારો માર્ગદર્શક બની શકું તેમ નથી. કાં તો તું વાસ્તવિકતા સ્વીકારી લે અથવા બીજા ગુરુ ગોતી લે."

કલ્યાણદાસની વાત સાંભળીને મુકુંદ ભારે નિરાશ થયા. મનમાં થયું, "જો આવી જ વાત હોય, તો હજું મારું શરીર અભડાયું નથી, બ્રહ્મચર્યવ્રત તૂટ્યું નથી, ત્યાં જ શરીર પાડી નાખવું. આવતે ભવ જે થવાનું હશે તે થઈ રહેશે." નિરાશ થયેલા મુકુંદ આ રીતે આત્મહત્યાને વિચારે ચડી ગયા.

સરધાર જા, સદ્‌ગુરુ મળશે!

આત્મહત્યાની ધૂનમાં ને ધૂનમાં મુકુંદ મચ્છું નદીને કિનારે આવ્યા. મચ્છુંની ઊંચી ભેખડ ઉપર ચડ્યા અને નદીમાં કૂદી શરીરનો અંત આણવાનો સંકલ્પ કર્યો.

મુકુંદ જેવા જળમાં ઝંપલાવવા ગયા, એ જ સમયે આકાશવાણી થઈ. "મુકુંદ! સાવધાન! માનવદેહ દુર્લભ છે! આત્મહત્યા મહાપાપ છે."

આકાશવાણીના શબ્દોને મુકુંદે પોતાનાં મનની ભ્રમણા માની. તેઓએ ફરીથી ઊંચી ભેખડ્ય પરથી પથરાળ પાણીમાં પડવાનો નિર્ધાર કર્યો.

એ જ સમયે ફરીથી આકાશવાણી થઈ. "મુકુંદ! સરધાર જા! સરધારમાં સદ્‌ગુરુ મળશે!"

આકાશવાણીનો ગેબી અવાજ ચારેય દિશામાં ગૂંજવા લાગ્યા. "સરધાર જા...સદ્‌ગુરુ મળશે... સરધાર જા...સદ્‌ગુરુ મળશે!"

મુમુક્ષુ જ્યારે કરેંગે યા મરેંગેના નિર્ધાર સાથે નીકળી પડે છે, ત્યારે અંતરિક્ષના દેવતાઓ કોઈને કોઈ રીતે અવશ્ય દિશાનિર્દેશ કરતા હોય છે. આકાશવાણીના શબ્દોને અજમાવી જોવાના નિર્ધાર સાથે મુકુંદ સરધાર પહોંચ્યા.

સરધારમાં તુલસીદાસ નામના વૈરાગી હતા; રાજાના માનીતા હતા; માથા ભારે માણસ હતા; ગામના રામજી મંદિરના મહંત હતા.

તુલસીદાસે મુકુંદને આશ્રય આપ્યો. મુકુંદ તુલસીદાસની છત્રછાયામાં મંદિરની સેવામાં જોડાયા. મુકુંદે કથા અને સેવાથી તુલસીદાસ સહિત સર્વનાં દિલ જીતી લીધાં.

એક બાજુ આવો ડાહ્યો-ડમરો ચેલો મફતમાં મળ્યો, એનો તુલસીદાસના અંતરમાં આનંદ હતો; બીજી બાજુ મુકુંદનું મન ભારે મૂંઝવણ અનુભવતું હતું. એના મનમાં થતું

હતું કે, 'સંસારીની જેમ જ વ્યવહારની આળપંપાળમાં ગૂંચવાયેલા તુલસીદાસ મારો મનોરથ સિદ્ધ કરે એવા લાગતા નથી! આકાશવાણીએ મને આવા લોભી અને સ્વાર્થી માણસ પાસે શા માટે મોકલ્યો હશે?'

મુકુંદ તુલસીદાસ જે ચીંધે તે સેવા તો કરતા જ હતા, પણ એના અંતરમાં ભારે ઊથલપાથલ થઈ રહી હતી. એમનું મન તુલસીદાસમાં માનતું ન હતું. આ બાજુ તુલસીદાસને તો મફતિયો ચેલો મળ્યો હતો, એટલે મનમાં ખૂબ રાજી થતા હતા.

આમ ને આમ થોડા દિવસો પસાર થયા. એવામાં ઉદ્ધવાવતાર સદ્‌ગુરુ રામાનંદસ્વામી સરધાર પધાર્યા અને કોઈ શિષ્યને ઘરે ઉતારો કર્યો. રોજ સત્સંગ ચાલવા લાગ્યો. મધપૂડે માખીઓ જામે એમ મુમુક્ષુઓના વૃંદ સદ્‌ગુરુ રામાનંદસ્વામીની આસપાસ જામવા લાગ્યા.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીની કીર્તિ સાંભળીને મુકુંદ પણ રામાનંદસ્વામીના દર્શને આવ્યા. શ્વેત વસ્ત્રધારી, શાંતમૂર્તિ રામાનંદસ્વામીના દર્શન કરતાં જ મુકુંદના અંતરાત્મામાં અપાર શાંતિ થઈ ગઈ.

રામાનંદસ્વામીના મુખમાંથી વરસતા અમૃતવચનોથી મુકુંદના અંતરના સંતાપ શમવા લાગ્યા. ભીતરની ગ્રંથિઓ ભેદાવા લાગી. અંતરમાં અજવાળાં પથરાવાં લાગ્યાં.

મુકુંદના અંતરમાંથી અવાજ ઊઠ્યો, 'મચ્છુંને કિનારે આકાશવાણીએ જે સદ્‌ગુરુનો સંકેત કર્યો હતો, તે સદ્‌ગુરુ આ જ છે.'

મુકુંદે રામાનંદસ્વામીને ચરણે મસ્તક ધર્યું અને વિનંતી કરી કે, "શિષ્ય તરીકે મારો સ્વીકાર કરો."

રામાનંદસ્વામી જાણતા હતા કે, 'મુકુંદ તુલસીદાસજીના શિષ્ય છે; તુલસીદાસ માથાભારે માણસ છે; મુકુંદને રાખવાથી કલહ અવશ્યંભાવી છે.'

ચેલા માટેનો આ કલહ રામાનંદસ્વામીને મંજૂર ન હતો. એમણે ધીરગંભીર ભાવે કહ્યું, "મુકુંદ! તમારા ગુરુની રજા લઈ આવો તો અમે તમને રાખીએ, નહીંતર નહીં."

તુલસીદાસ કોઈ દિવસ રજા આપે એમ નહોતા. એમણે મુકુંદને ભારે ઠપકો આપ્યો. રામાનંદસ્વામી માટે એલફેલ બોલવા લાગ્યા. આટલાથી સંતોષ ન થયો એટલે રામાનંદસ્વામી પાસે જઈ, 'તમે મારા ચેલાને ભરમાવો છો' કહીને કજિયો માંડ્યો.

રામાનંદસ્વામી આ ક્લેશને નિવારવા માટે સરધાર છોડીને બંધિયા પધાર્યા. આ બાજુ સાચો પારસમણિ હાથમાં આવ્યો હોવાથી મુકુંદના મનમાંથી ખોટા પથરાનો મોહ ઊતરી ગયો હતો.

તુલસીદાસથી છૂટવા માટે એમણે પોતાની જૂની કળાનો ઉપયોગ કર્યો. જાણી જોઈને

જડ ઉન્મત્તની જેમ વર્તવાનું શરૂ કર્યું.

યાત્રાળુઓ આવે એમને મુકુંદ સીધુ-સામાન આપતાં, સાથે સાથે વાસણ અને પાગરણ પણ આપતાં.

વિદાય લેતા યાત્રાળુઓ વાસણ, પાગરણ પાછાં આપવાં આવે ત્યારે મુકુંદ કહેતા, 'અમારા ગુરુને તાણ્ય નથી લઈ જાઓ; તમને કામ લાગશે.' આમ ને આમ દાનેશ્વરી મુકુંદે થોડા સમયમાં તો મંદિરના કોઠાર ખાલી કરી નાખ્યા!

તુલસીદાસને આ વાતની ખબર પડી. એ ખૂબ જ ખિજાયા. તો સામે મુકુંદ ગાંડાની જેમ ખડખડાટ હસીને બોલ્યા, "ગુરુ મહારાજ! રામ ઘટોઘટ મહુડી ફૂલી!"

મુકુંદ જાણ્યે જડભરતના વચનોનું અનુકરણ કરતાં એમ બોલ્યા, "ગુરુ મહારાજ! રામ કી ચીડિયા રામ કા ખેત, મંદિર રામનું, સામગ્રી રામની, આવનારા ભક્તો પણ રામના, લઈ જાય તો વાંધો શું છે?.... રામ ઘટોઘટ મહુડી ફૂલી!"

તુલસીદાસને થયું કે, "આ છોકરો તો ગાંડો થઈ ગયો લાગે છે! આનું ગાંડપણ તો મને દેવાળુ ફૂંકાવશે!"

મુકુંદના ગાંડપણથી તુલસીદાસ કંટાળી ગયા અને કહ્યું, "તારે આવું જ ગાંડપણ કરવું હોય, તો અહીંથી ચાલતો થા."

મુકુંદે ભોળાભાવે હસીને કહ્યું, "ગુરુમહારાજ! આપ જેવા સમર્થ પુરુષને છોડીને હું ક્યાં જાઉં? મને ગાંડાને કોણ રાખે?"

તુલસીદાસે કંટાળીને કહ્યું, "જેને રાખવો હોય તે રાખે, ન રાખવો હોય તો ન રાખે! પણ અહીંથી હાલતો થા."

મુકુંદ લાગ જોઈને બોલ્યા, "મને ચબરખીમાં લખી દો. 'આને જેને રાખવો હોય તે રાખજો, મને કાંઈ વાંધો નથી.'

તુલસીદાસે કંટાળીને ક્રોધમાં ને ક્રોધમાં નાની ચબરખીમાં ફારગતીના શબ્દો લખ્યા. જાણી જોઈને ગાંડા કાઢતા મુકુંદે રજાચિઠ્ઠી લઈ લીધી અને બોલ્યા, "ભલે, ગુરુ મહારાજ! જાઉં છું. રામ..રામ.. પણ હાં, યાદ રાખજો... રામ ઘટોઘટ..! "

તુલસીદાસની રજા લઈને મુકુંદ બંધિયા રામાનંદસ્વામી પાસે આવ્યા. મુકુંદની સાચી મુમુક્ષુતા અને દૃઢ મનોબળ જોઈને રામાનંદસ્વામીએ એમનો સ્વીકાર કર્યો, પરંતુ હજુ તેઓ આ શિષ્યની કસોટી કરવા માગતા હતા.

રામાનંદસ્વામીએ કહ્યું, "મુકુંદ! કલ્યાણનો ખપ હોય, તો આ બંધિયાના દરબાર મૂળુભાઈનું હળ હાંકવા જાવ."

મુકુંદે ક્યારેય હળ હાંક્યું નહોતું. હાંકતાં આવડતુંય નહોતું, છતાં કોઈ જાતની

શંકા-કુશંકા કર્યા સિવાય તેઓ ખેતરે પહોંચ્યા અને હળ હાંકવા માંડ્યું. આવ્યા હતા હરિભજન માટે અને ગુરુએ મોકલ્યા હળ હાંકવા!

મૂળુભાઈએ રામાનંદસ્વામીની પાસે આવીને કહ્યું, "સ્વામી! તમે આ શું માંડ્યું છે? આ મુકુંદ કાં તો બળદનો પગ ભાંગશે કાં તો પોતાનો પગ ભાંગશે." આણે ક્યારેય બાપ-દાદાની જિંદગીમાં હળ હાંક્યું નથી! ભલભલા નીવડેલા ખેડૂતને પણ હળ હાંકતાં પરસેવો વળે, તો મુકુંદ જેવા સુંવાળી કાયાવાળા બાવાસાધુના દીકરા હળ કેમ હાંકી શકે?

મૂળુભાઈની વાત સાંભળી રામાનંદસ્વામી હસ્યા અને મુકુંદને ખેતરેથી પાછા બોલાવી લીધા. ગુરુદેવની કસોટીને મુકુંદે પાર કરી લીધી હતી. મુકુંદનો મનોરથ ફળ્યો, સદ્‌ગુરુચરણોમાં વાસ મળ્યો.

સદ્‌ગુરુની કૃપાથી મુકુંદનુ અંતર આકાશ વિનાના વાદળા જેવું નિર્મળ અને નિર્વાસનિક થયું. અંતરમાં ઊંડે ઊંડે રહેલા રાગનાં બીજ સમાપ્ત થયાં. મુકુંદે જે માટે ઘર છોડ્યું હતું, તે હેતુ સિદ્ધ થયો. આ સમર્પિત શિષ્યને રામાનંદસ્વામીએ વિ. સં.૧૮૪૨, વસંતપંચમીના મંગલ દિવસે અઠ્યાવીશ વર્ષના યુવાન મુકુંદને સાધુ કર્યા અને 'મુક્તાનંદસ્વામી' નામ રાખ્યું.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીની આજ્ઞાથી મુક્તાનંદસ્વામી લોજના આશ્રમની સર્વ સેવા-પ્રવૃત્તિઓ સંભાળી રહ્યા હતા અને પચાસ-પચાસ સાધુઓને મોક્ષના માર્ગે માર્ગદર્શન આપી રહ્યા હતા.

સદ્‌ગુરુની શોધ માટેની મુકુંદની આ યાત્રામાં અધ્યાત્મમાર્ગનો ઊંચો મર્મ સમાયેલો છે. મુકુંદે સર્વ પ્રથમ સંસારની માયાજાળ ભેદી હતી, ત્યાર પછી એમણે ધર્મને નામે રચાયેલી માયાજાળ પણ ભેદી હતી અને કરેંગે યા મરેંગેના સંકલ્પ સાથે યાત્રા ચાલુ રાખી હતી.

છેવટે બધી જ જાળો ભેદાયા પછી એમની સદ્‌ગુરુની શોધ પૂર્ણ થઈ હતી, પરંતુ હજી પરમાત્માના મિલનની પ્યાસ અધૂરી હતી અને એ પ્યાસ પૂર્ણ થવાનો મંગલ અવસર નજીક આવી રહ્યો હતો.

લોજની વાવે ઐતિહાસિક વિરામ

વિ. સં. ૧૮૫૬ની સાલ હતી. શ્રાવણ વદ છઠ્ઠનો દિવસ હતો. નીલકંઠવર્ણી લોજ ગામે પધારી ચૂક્યા હતા; ગામની બહાર વાવને કાંઠે વિશ્રાંતિ લીધી હતી; અઢાર વર્ષની ઉંમર હતી; તપથી કૃશ કાયા હતી; લીલીછમ નાડીઓ દેખાતી હતી; ખંભા ઉપર જનોઈ અને મસ્તક ઉપર જટામુકુટ શોભતાં હતાં.

નીલકંઠવર્ણીનું આ લોજ ગામે આગમન શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાવાનું હતું. લોજ ગામે નીલકંઠવર્ણીના જીવનમાં જબરો વળાંક આણ્યો હતો. આ વળાંક ધર્મક્ષેત્રે ક્રાંતિકારી સિદ્ધ થવાનો હતો.

નીલકંઠવર્ણી સ્નાનાદિથી પરવારી વાવને કાંઠે વિરાજમાન હતા. નાસાગ્ર દૃષ્ટિએ સ્વ-સ્વરૂપનું ધ્યાન કરી રહ્યા હતા.

પ્રાતઃકાળનો સમય થઈ રહ્યો હતો. આછું-આછું અજવાળું પથરાઈ રહ્યું હતું. પંખીડાંઓ પ્રભાતકાલીન ભૈરવીનું ગાન કરી રહ્યાં હતાં. એવા મંગલ સમયે રામાનંદસ્વામીના શિષ્ય સુખાનંદસ્વામી લોજની વાવે સ્નાન કરવા પધાર્યા. એમણે વાવને કિનારે, પથ્થરની શિલા ઉપર, વીરાસને બિરાજમાન ઊગતા સૂરજ જેવા તેજસ્વી નીલકંઠ બ્રહ્મચારીને જોયા.

લોહચુંબકથી લોખંડ ખેંચાય, એમ સુખાનંદજીનું મન આ યુવાન જોગીની મૂર્તિમાં આકર્ષાઈ ગયું.

સુખાનંદજીએ પાસે આવી સવિનય પ્રણામ કરી પ્રશ્ન કર્યો, "યોગીરાજ! આપ કહાં સે આતે હૈં?"

નાસાગ્ર દૃષ્ટિને હટાવ્યા સિવાય નીલકંઠ બોલ્યા, "અનિર્દેશ સે"

સુખાનંદજી આ ઉત્તરને સમજી ન શક્યા. એણે બીજો પ્રશ્ન કર્યો, "યોગીરાજ! આપ કા નામ ક્યા હૈ?"

નીલકંઠે ખુમારીથી ટૂંકો જવાબ દીધો, "આત્મા"

નીલકંઠનો ઉત્તર સાંભળી સુખાનંદજી આશ્ચર્યથી તેજસ્વી બ્રહ્મચારી સામે જોઈ રહ્યા.

સુખાનંદજીએ પ્રશ્ન-પરંપરા ચાલુ રાખી. "આપ કે માતા-પિતા કા નામ ક્યા હૈ?"

નીલકંઠને આ દુન્યવી પ્રશ્નો રુચતા ન હતા. એમણે પોતાની તેજ નજર સુખાનંદજી ઉપર ઠેરવી અને સ્હેજ તીખાશભર્યે સ્વરે કહ્યું, "સાધુરામ! એક સાધુ કે નાતે આપ જાનતે હોંગે કિ આત્મા અજન્મા હોતી હૈ. ઉસકે કોઈ માતા-પિતા નહીં હોતે. ઈસલિયે ઐસે લૌકિક પ્રશ્ન આપકો શોભા નહીં દેતે."

સુખાનંદસ્વામી નીલકંઠની નજરનું તેજ સહન કરી ન શક્યા. એણે પોતાની ભૂલ સ્વીકારી અને કહ્યું, "ક્ષમા કરજો વર્ણીરાજ! મારાથી આપને લૌકિક દૃષ્ટિએ પ્રશ્ન પુછાઈ ગયા." નીલકંઠ બ્રહ્મચારીએ માત્ર મંદ સ્મિત વેરી સુખાનંદજીનો ક્ષોભ ટાળી નાખ્યો.

સુખાનંદસ્વામીએ કહ્યું, "વર્ણીરાજ! અમે રામાનંદસ્વામીના શિષ્ય છીએ. અહીં લોજમાં રામાનંદસ્વામીનો આશ્રમ છે; પચાસ સંતો રહે છે; તેમાં મુખ્ય સંત સ્વામી મુક્તાનંદજી છે; આપ આશ્રમમાં પધારો; આપ જેવા યોગીઓનાં દર્શન માટે અમે

હંમેશાં આતુર હોઈએ છીએ.”

નીલકંઠવર્ણીએ કહ્યું, “સાધુરામ! હમ ભી સદ્‌ગુરુ કી ખોજ મેં ઘર છોડ કે ચલે હૈં, ચલો ચલતે હૈં, શાયદ હમારી ખોજ પૂર્ણ હો જાયે!” આટલું કહી નીલકંઠ ઊભા થઈ ગયા ને સુખાનંદજીની પાછળ ચાલતાં ચાલતાં રામાનંદસ્વામીના આશ્રમમાં પધાર્યા.

તેજસ્વી નીલકંઠને દૂરથી જોતાં જ મુક્તમુનિના મને વર્ણીરાજ પ્રત્યે ભારે આકર્ષણ અનુભવ્યું! મુક્તમુનિને થયું, ‘મારું મન સદ્‌ગુરુ રામાનંદસ્વામી સિવાય ક્યાંય ખેંચાય નહીં, છતાં આજે આ અજાણી મૂર્તિને જોતા આવું જબરું આકર્ષણ કેમ અનુભવાય છે?’ નીલકંઠવર્ણીએ મનના માલિક મુક્તમુનિને મીઠી મૂંઝવણમાં મૂકી દીધા હતા!

રામાનંદસ્વામીના આ પવિત્ર શિષ્યોને જોતા જ નીલકંઠનું અંતર પણ ઠરી ગયું. એણે જાતજાતના બાવાસાધુ જોયા હતા, પરંતુ આ સંતો એનાથી નોખી ભાતના લાગતા હતા. એમાં પણ શાંતમૂર્તિ મુક્તાનંદસ્વામીએ નીલકંઠનું મન હરી લીધું હતું.

વાત્સલ્યમૂર્તિ મુક્તાનંદસ્વામીએ નીલકંઠવર્ણીને મધુર સ્વરે આવકાર્યા. બેસવા માટે આસન આપ્યું. નીલકંઠવર્ણીએ આસનને હસ્તસ્પર્શ કર્યો, મુક્તમુનિની ભાવનાને આદર આપ્યો અને સવિનય કહ્યું, “સ્વામીજી! પચાસ કોટિ યોજન પૃથ્વી કી પીઠ જૈસા ઉત્તમ કોઈ આસન નહીં હૈ.” આટલું કહી વર્ણીરાજ જમીન ઉપર જ બેસી ગયા.

આ અદ્‌ભુત વર્ણીનાં દર્શનથી આકર્ષાયેલા સાધુઓ પણ જાતજાતની સેવા-સ્વાધ્યાયની પ્રવૃત્તિ છોડી નીલકંઠવર્ણી અને મુક્તાનંદસ્વામીની આસપાસ ગોઠવાઈ ગયા.

નીલકંઠવર્ણી મુક્તાનંદસ્વામીને મળ્યા, ત્યારે નીલકંઠવર્ણીની ઉંમર માત્ર અઢાર વર્ષની હતી અને સ્વામી આશરે બેતાળીસ વર્ષના હતા.

મુક્તમુનિ અને નીલકંઠનો સંવાદ

મહાપુરુષોએ કહ્યું છે કે, ‘જ્ઞાની સે જ્ઞાની મિલે, કરે જ્ઞાન કી બાત.’ સંસારીઓને સંસારી મળે ત્યારે સંસારની વાત કરે, એ જ રીતે સંતો સંતોને મળે ત્યારે સત્સંગ થયા સિવાય કેમ રહે! સામાન્ય કુશળ પ્રશ્ન પૂર્ણ થયા બાદ મુક્તમુનિ અને નીલકંઠવર્ણીનો અદ્‌ભુત સંવાદ શરૂ થયો.

નીલકંઠવર્ણી જ્યારે જ્યારે કોઈને કોઈ ધર્માચાર્યો, સંતો-મહંતો કે વિદ્વાનોને મળતાં ત્યારે જીવ-ઈશ્વર-માયા-બ્રહ્મ અને પરબ્રહ્મ, આ પાંચ અનાદિ ભેદ વિશે પ્રશ્નો પૂછતાં. સાત-સાત વર્ષના વન-વિચરણ દરમ્યાન વર્ણીરાજને આ પ્રશ્નોના સંતોષકારક જવાબ મળ્યા ન હતા.

નીલકંઠવર્ણીએ એ જ પ્રશ્નો મુક્તાનંદસ્વામીને પૂછવાનો સંકલ્પ કર્યો અને બોલ્યા,

"મુનિવર! મારાં અંતરમાં કેટલીક જિજ્ઞાસાઓ છે, આપ કૃપા કરીને એનું સમાધાન કરશો તો મારાં અંતરમાં આનંદ થશે."

મુક્તમુનિએ કહ્યું, "વર્ણીરાજ! બોલો, મારાથી શક્ય હશે તેટલો પ્રયાસ કરીશ; યથાર્થ ઉત્તર તો અમારા ગુરુ રામાનંદસ્વામી જ આપી શકશે!" મુક્તમુનિના વચનોમાં નીતરતો નિર્માનીભાવ નીલકંઠના અંતરને સ્પર્શી ગયો.

નીલકંઠવર્ણીનો પહેલો પ્રશ્ન હતો, "મુનિવર ! મને જીવાત્માનું સ્વરૂપ સમજાવો."

મુક્તમુનિએ કહ્યું, "નીલકંઠ! જીવ અણુ જેવો સૂક્ષ્મ છે, હૃદયમાં રહ્યો છે, ચૈતન્યરૂપ છે, જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખા પર્યંત વ્યાપક છે. અછેદ્ય, અભેદ્ય, અજર, અમર વગેરે એનાં લક્ષણ છે."

વર્ણીરાજે બીજો પ્રશ્ન કર્યો, "મુનિવર! મને ઈશ્વરનું સ્વરૂપ સમજાવો."

મુક્તમુનિએ કહ્યું, "આ બ્રહ્માંડના અભિમાની આત્માને ઈશ્વર કહેવાય છે. એનું બીજું નામ વૈરાજ નારાયણ છે. વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત આ ત્રણ એમનાં શરીર છે. ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય આ ત્રણ એમની અવસ્થાઓ છે. બ્રહ્માંડો અનંત છે એટલે એના નિયામક ઈશ્વરો પણ અનંત છે."

મુક્તમુનિનો જવાબ સાંભળીને વર્ણીરાજને સંતોષ થઈ રહ્યો હતો, કારણ કે ઈશ્વર અને પરમેશ્વર વચ્ચેનો ભેદ કોઈ વિરલા જ પારખી શકતા હતા.

વર્ણીરાજે કહ્યું, "મુનિરાજ! હવે મને માયાનું સ્વરૂપ સમજાવો."

મુક્તમુનિએ કહ્યું, "વર્ણીરાજ! માયા ત્રિગુણાત્મિકા છે, અંધકારમય છે, ભગવાનની શક્તિ છે, જીવને દેહ ને દેહના સંબંધીને વિશે અહં-મમત્વ કરાવનારી છે."

વર્ણીરાજે કહ્યું, "સ્વામી! હવે બ્રહ્મનું સ્વરૂપ સમજાવો."

મુક્તમુનિએ કહ્યું, "વર્ણીરાજ! બ્રહ્મ માયાથી પર છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે, સર્વત્ર વ્યાપક છે, પરમાત્માને રહેવાનું ધામ છે, દાસભાવે પરબ્રહ્મની ઉપાસના કરે છે."

વર્ણીરાજે અહોભાવથી મનોમન મુક્તમુનિને વંદન કર્યાં. આજ સુધી એમને બ્રહ્મ અને પરબ્રહ્મનો ભેદ સમજાવે એવા મહાપુરુષ મળ્યા નહોતા. મોટા ભાગે બધા આત્મા સો પરમાત્માની વાતો કહેનારા જ હતા. જ્ઞાનની સરસ્વતી બ્રહ્મના રણમાં અટકી ગઈ હતી! પરબ્રહ્મને પામ્યા વિના આ સરસ્વતી કુમારિકા હતી!

વર્ણીરાજે કહ્યું, "મુનિરાજ! હવે મને પરબ્રહ્મનું સ્વરૂપ કહો."

મુક્તમુનિએ ભાવસભર હૈયે પરબ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ માંડ્યું. સ્વામી બોલ્યા, "વર્ણીરાજ! મન-વાણીથી અગોચર એવા પરબ્રહ્મનું નિરૂપણ હું કઈ રીતે કરી શકું! પરબ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરવામાં તો ચારેય વેદની શ્રુતિઓ પણ 'નેતિ નેતિ'

કહીને વિરામ પામી જાય છે. એમનાં રૂપ, ગુણ, ઐશ્વર્ય અનંત અપાર છે. પૃથ્વીના પરમાણુઓ ગણી શકાય, સાગરના જળબિંદુઓ ગણી શકાય, આકાશના તારાઓ ગણી શકાય, પરંતુ પરબ્રહ્મના ગુણોનું વર્ણન શક્ય નથી. છતાં મારી મતિ અનુસાર કહું તો પરબ્રહ્મ – જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ આ ચારેયના નિયંતા છે, ચારેયના આધાર છે, ચારેયના સ્વામી છે."

"એ પરબ્રહ્મ અંતર્યામીભાવે ચારેયમાં વ્યાપક છે. સર્વ કારણના કારણ છે, સર્વથી પર છે. સર્વ કર્મ ફળપ્રદાતા છે. ઉપાસના કરવા યોગ્ય અને ધ્યાન કરવા યોગ્ય પણ એ જ છે."

જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ – આ પાંચ ભેદનું આટલું સુંદર નિરૂપણ સાંભળીને વર્ણીરાજને ભારે આનંદ થઈ રહ્યો હતો. મુક્તમુનિની સમજાવવાની શૈલી અનુપમ હતી. ગહન, ગંભીર તત્ત્વજ્ઞાનને તેઓ ભારે સરળ રીતે સમજાવી રહ્યા હતા. એમની પ્રત્યેક વાત શાસ્ત્રસંમત હતી. આવા જ્ઞાની સંત વર્ણીરાજને પ્રથમ વાર મળી રહ્યા હતા; તો સામે મુક્તાનંદસ્વામીને પણ આવા જિજ્ઞાસુ પ્રથમ વાર મળી રહ્યા હતા.

વાતનું સમાપન કરતાં મુક્તમુનિ બોલ્યા, "વર્ણીરાજ! આ બધી વાત તો મારી મતિ અનુસાર કરી છે. આનું યથાર્થ નિરૂપણ તો સદ્‌ગુરુ રામાનંદસ્વામી જ કરી શકે!"

મુક્તાનંદસ્વામીના ઉત્તર ભાવપૂર્ણ હૃદયવાળા ભક્તિમાર્ગી સંતને છાજે તેવા હતા. વિશેષ મહત્ત્વની વાત એ હતી, કે આ ઉત્તરોમાં કોઈ જાતનો અહંકાર કે આડંબર ન હતા. આ પારદર્શક ઉત્તરોમાં સરળમૂર્તિ સંતની અનુભૂતિની સુગંધ છલકાઈ રહી હતી. માટે જ મુક્તમુનિના ઉત્તરો નીલકંઠવર્ણીનાં અંતરને સ્પર્શી ગયા હતા.

રામાનંદસ્વામીના પચાસેય શિષ્યો મંત્રમુગ્ધ બનીને મુક્તમુનિ અને નીલકંઠવર્ણીનો સંવાદ સાંભળી રહ્યા હતા.

મુક્તમુનિના ઉત્તરોથી નીલકંઠ અત્યંત સંતુષ્ટ થયા હતા. એમને થતું હતું કે, 'હું વર્ષોથી આવા જ સંતની શોધ માટે વિચરી રહ્યો છું.'

વિશેષમાં વર્ણીરાજ વિચારી રહ્યા હતા કે, 'જેમના શિષ્ય આટલા શ્રેષ્ઠ છે, તો એમના ગુરુ કેટલા મહાન હશે!' નીલકંઠના અંતરની આ ઉત્કંઠા એમને રામાનંદસ્વામીને મળવા માટે વિશેષ ને વિશેષ અધીર બનાવી રહી હતી.

આજ સુધી ક્યાંય સ્થિર નહીં થયેલા નીલકંઠ આવા સંતોના સામીપ્યમાં વસવાનો વિચાર કરી રહ્યા હતા, તો સામે મુક્તમુનિ સહિત પચાસેય સંતોને મનમાં થઈ રહ્યું હતું કે, 'આવા તપસ્વી બ્રહ્મચારી અહીં જ રહે તો સારું.'

મુક્તમુનિના મનમાં એક બીજી મીઠી મૂંઝવણ થઈ રહી હતી. એમનું નિર્વિષયી મન

રામાનંદસ્વામી સિવાય ક્યાંય આકર્ષિત થયું નહોતું, પણ કોણ જાણે કેમ? નીલકંઠવર્ણીની મૂર્તિ એમના મનને હઠાત ખેંચી રહી હતી. મુક્તમુનિને થતું હતું, 'મારાં મનનાં આકર્ષણથી મારી ગુરુભક્તિનો ભંગ તો નથી થઈ રહ્યો ને?'

મુક્તમુનિને ખ્યાલ ન હતો કે, એમના ગુરુ પણ જેમની આતુર હૈયે રાહ જોઈ રહ્યા હતા, એ જ આ મૂર્તિ હતી!

ધર્મની વાડ્ય મજબૂત કરી

નીલકંઠે ભારતવર્ષના ભ્રમણ અને તીર્થાટન દરમ્યાન ધર્મના વિવિધ પાસાઓ નિહાળ્યા હતા.

ધર્મ પણ નિહાળ્યો હતો અને ધર્મને નામે ફૂલ્યાફાલ્યા અધર્મને પણ નિહાળ્યો હતો.

ભક્તિ પણ નિહાળી હતી અને ભક્તિના નામે ચાલતા ભ્રષ્ટાચારને પણ જોયો હતો.

જ્ઞાનીઓ પણ જોયા હતા અને આડંબરીઓ પણ જોયા હતા. વૈરાગીઓ પણ જોયા હતા અને ત્યાગી હોવા છતાં ગૃહસ્થને શરમાવે એવા વૈભવશાળીઓ પણ જોયા હતા.

નીલકંઠે ધર્મને નામે સ્ત્રીઓનું જે શોષણ થઈ રહ્યું હતું તે જોયું હતું. એમાંય વામાચારની વિકૃતિ તો હદ બહારની હતી. ભક્તમાળ જેવા પવિત્ર ગ્રંથોની કથાઓનો ઉપયોગ માત્રને માત્ર સંપત્તિ અર્જન અને સ્ત્રીઓનાં શોષણ માટે થઈ રહ્યો હતો. ભક્તિના નામે ચાલતો ભ્રષ્ટાચાર તો વામાચારથી પણ વરવો હતો. વામાચારમાં અનેક સ્ત્રી-પુરુષો પરસ્પર જારકર્મ આચરતાં હતાં, જ્યારે આમાં તો એક જ પુરુષ અનેક સ્ત્રીઓ સાથે દુષ્કર્મ આચરતો હતો.

આ તત્કાલીન ધાર્મિક વિકૃતિનું વર્ણન કરતાં નિષ્કુળાનંદસ્વામી લખે છે કે,

રમણીને કહે રાધિકા, રસિયા થઈ પોતે રમે ||૩૧|| (ભ.ચિં.પ્ર-૯)

કોઈ કોઈ સ્થળે આ ભ્રષ્ટાચારે હદ વટાવી હતી. પરણેલી સ્ત્રીઓને પ્રથમ ગુરુઓની સેવામાં મોકલવામાં આવતી, પછી જ એની સાથે સંસાર માંડી શકાતો. ગુરુઓને સર્વસ્વ સમર્પણ કરવાની ઘેલછાને લીધે ભક્તિનું ક્ષેત્ર અનાચારનો અખાડો બન્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે, 'ભક્તિનો માર્ગ રસિકતાનો માર્ગ છે. આ મારગ ભારે લપસણો છે. આ માર્ગે ચઢ્યા છે કંઈક, પડ્યા છે અનેક.'

રસિકમાર્ગમાં જાત-જાતની ભોગ-સામગ્રીનો જોગ છે. આ ભોગનો જોગ મુમુક્ષુના અંતરમાં રાગ પેદા કરે છે. વૈરાગ્યની વાડ્યમાં છીંડા પડે છે. પરિણામે હરાયા પશુ ખેતરનો મોલ ચરી જાય એમ ભક્તિનો કૂણો મોલ ખવાઈ જાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, 'ભગવાન સિવાય બીજે ક્યાંય પંચવિષય

કે સ્રીયાદિક પદાર્થમાં રસ ન જણાય તો જ રસિકમાર્ગ સાચો કહેવાય.'

ભાગવતજીમાં ગોપીઓનાં વચન છે, 'હે કૃષ્ણ! તમારો સંગ થયા પછી અમને વિષયના સુખ વિષ જેવા લાગે છે.'

આ બધી પૂર્વ ભૂમિકાના સંદર્ભમાં નીલકંઠવર્ણી ધર્મક્ષેત્રે વકરેલી વિકૃતિઓને દૂર કરવા માટે કેટલીક સુધારણાઓ કરવા માગતા હતા, જેનો આરંભ તેમણે લોજથી કર્યો.

લોજમાં મુક્તાનંદસ્વામી રોજ સાંજે જીવાશાના ડેલામાં કથા કરવા જતા. તેઓ મધુર કંઠે રામાયણનું ગાન કરતા. અનેક બાઈઓ-ભાઈઓ ભેળાં બેસીને કથા સાંભળતાં.

નીલકંઠવર્ણીએ મુક્તાનંદસ્વામીને કહ્યું, "સ્વામી! કથાવાર્તાને બહાને પણ આ બાઈઓ-ભાઈઓનો ભેળીસાડો ઠીક ન કહેવાય; આમાં ધર્મમર્યાદા ન રહે!"

વર્ણીરાજના કહેવાથી મુક્તાનંદસ્વામીએ બાઈઓ-ભાઈઓની સભા અલગ કરી.

લોજના આશ્રમમાં પાછલી દીવાલે કોઈ ગૃહસ્થનું ઘર હતું અને એ દીવાલમાં દેવતાની લેણદેણ માટેનો ગોખલો હતો. નીલકંઠવર્ણીએ મુક્તાનંદસ્વામીને કહ્યું, "સ્વામી! આ દીવાલનો ગોખલો તો ધર્મની વાડ્યનું છીંડું કહેવાય. અહીંથી અધર્મને પ્રવેશતા વાર ન લાગે, માટે આ ગોખલો પૂરી દેવો જોઈએ."

મુક્તાનંદસ્વામીના અંતરમાં નીલકંઠવર્ણી પ્રત્યે અત્યંત હેત અને આદર હતાં, પરિણામે એમણે ગોખલો પુરાવી દીધો.

નીલકંઠવર્ણી જાણતા હતા કે સ્રી અને પુરુષ ગમે તેટલાં પવિત્ર હોય, પરંતુ પરસ્પરનો સંસર્ગ અનાચારની ઉત્પત્તિનું કારણ છે. જેમ અગ્નિના સંગે ઘી ઓગળ્યાં સિવાય રહેતું નથી, તેમ ગમે તેવો જ્ઞાની, ધ્યાની કે સંન્યાસી હોય, પણ જો એકાંતમાં સ્ત્રીનો સંગ થાય તો ભલભલાના જ્ઞાન-ધ્યાનના દીવા ઓલવાઈ જતા વાર લાગતી નથી.

'આત્મા સો પરમાત્મા' જેવાં વચનોનો આધાર લઈને ઘણા લોકો 'સ્રી-પુરુષ બધા જીવ સરખા છે, એમાં ભેદ કરવો એ અજ્ઞાન છે.' આવી વાતો કરે છે.

આવી વાતો કરવી સહેલી છે, પરંતુ વાસ્તવમાં વિષયની આસક્તિ છૂટવી કઠણ છે. ભાવતાં ભોજન જોઈને મોંઢામાં પાણી આવી જતાં હોય, એમને મોંઢે અભેદની વાતું ઓપે નહીં. સ્વાદિષ્ટ ભોજન જોઈને જેનાં મન ચળી જતાં હોય, એમનાં મન સ્રી આદિક સુંદર વિષયોને જોઈને કઈ રીતે સમતાને ભજતા હશે? એ તો રામ જાણે!

ખરેખર સમત્વને પામેલા મહાપુરુષો વંદનીય છે, પરંતુ જેની સાધના પરિપક્વ નથી થઈ એવા સાધકોએ મનનો ભરોસો કરવો હિતાવહ નથી.

સંસાર છોડ્યા બાદ સાધુઓએ અનેક મોરચે લડવાનું હોય છે. એમાં એક બાહેરનો મોરચો છે, બીજો અંતરનો મોરચો છે. નીલકંઠ બ્રહ્મચારી સર્વપ્રથમ ત્યાગીઓના

બાહેરના મોરચાને સંભાળી લેવા માગતા હતા અને પછી અંતરના મોરચાને જ્ઞાન-ધ્યાન-ઉપાસના-નવધા ભક્તિ વગેરે સાધનોથી સુદઢ કરવા માગતા હતા.

એક સનાતન સત્ય છે, અંતરના વૈરાગ્ય સિવાય બહારનો ત્યાગ લાંબો ટકી શકતો નથી. એ જ રીતે બીજું સત્ય એ છે કે ગમે તેવો જ્ઞાની-ધ્યાની-વૈરાગી હોય પણ બાહેર વિષયોનો સંગ કરવા લાગે, તો એના જ્ઞાન-ધ્યાન-વૈરાગ્યનું ઠેકાણું રહેતું નથી.

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે :

"सङ्गात् सञ्जायते कामः ।" (भगवद् गीता–अ–२,श्लोक–६२)

'વિષયોના જોગમાં વાસનાઓ ઉદ્દીપ્ત થાય છે.'

ફૂટેલા ઘડામાંથી પાણી સ્રવી જાય, એમ વિષયોના જોગ થતા એમના જ્ઞાનાદિક સદ્‌ગુણોને સ્રવી જતાં વાર લાગતી નથી. એટલે જ તો શાસ્રોએ બાહ્ય ઇન્દ્રિયોનું દમન અને આંતર ઇન્દ્રિયોનું શમન, આ બન્ને સાધન ઉપર સરખો ભાર મૂક્યો છે.

નીલકંઠવર્ણીએ બાઈઓ-ભાઈઓ વચ્ચે જે મર્યાદા બાંધી છે, એ અંગે આજના સમયમાં અનેક પ્રકારના પ્રશ્નો ઉદ્‌ભવે છે અને ઉદ્‌ભવવા પણ જોઈએ, પરંતુ સાથે સાથે માનસિક પૂર્વગ્રહોને દૂર રાખી આ મર્યાદાને સમજવાનો પણ પ્રયાસ કરવો જોઈએ. મર્યાદાને લીધે પડતી મુશ્કેલીઓની સાથે સાથે મર્યાદાભંગને કારણે પેદા થનારા પ્રશ્નોનો પણ વિચાર કરવો જોઈએ.

ગૃહસ્થ વર્ગ ગમે તેવો સમજદાર હોય પરંતુ ત્યાગ જીવનની સમસ્યાઓને એ ક્યારેય પૂરી રીતે સમજી શકતો નથી એ જ રીતે ત્યાગીઓ માટે ગૃહસ્થજીવનની મુશ્કેલીઓ સમજવી કઠણ હોય છે.

જો સમજી શકાય તો એક વાત દીવા જેવી સ્પષ્ટ છે કે, આ મર્યાદા સ્રીઓ પ્રત્યેના તિરસ્કારના પાયા ઉપર બંધાયેલ નથી, પરંતુ વિવેક અને સમજણના પાયા ઉપર બંધાયેલ છે. સ્રી-પુરુષોના શીલ, સદાચાર અને સાધનાની સુરક્ષા માટે બંધાયેલ છે.

અનેક ઋષિમુનિઓની પ્રાચીન કથાઓ, તત્કાલીન સમાજમાં ધર્મના નામે ચાલતા અનાચારો, ભક્તિના નામે થઈ રહેલા ભ્રષ્ટાચારો ભગવાન શ્રી સ્વામિનારાયણની નજર સમક્ષ હતા. પરિણામે સ્રી અને પુરુષો વચ્ચે વિવેકપૂર્ણ મર્યાદાઓ બાંધવાનું એમને યોગ્ય લાગ્યું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણે બાંધેલી મર્યાદાઓને વ્યાપક અર્થમાં સમજવાની અને મૂલવવાની જરૂર છે.

ગુરુદેવને પત્રો લખ્યા

સમય પસાર થઈ રહ્યો હતો. વર્ણીરાજનું મન હવે રામાનંદસ્વામીને મળવા માટે

ચાતકની પેઠે ઝંખતું હતું. ઉદ્ધવાવતાર રામાનંદસ્વામી એ સમયે કચ્છમાં બિરાજતા હતા.

વર્ણીરાજે મુક્તમુનિને કહ્યું, "સ્વામી! આપ રાજી હો તો મારે ગુરુદેવનાં દર્શન માટે કચ્છ જવાનો વિચાર છે."

મુક્તમુનિને સુકલકડી, તપસ્વી વર્ણીની દયા આવી અને બોલ્યા, "નીલકંઠ! કચ્છની વાટ વિકટ છે; આડી સમુદ્રની ખાડી આવે છે; વાટમાં ચોર-લૂંટારાની બીક છે; આવી કૃશ કાયાએ કચ્છ જવું કપરું છે."

મુક્તમુનિ ઘણું સમજાવતા હતા, પણ વર્ણીરાજની ધીરજ રહેતી નહોતી. માર્ગની કઠિનાઈની વાત તો એમને રોકી શકે એમ જ ન હતી, કારણ કે એમણે જે વિકટ માર્ગે યાત્રા કરી હતી એની સામે આ કઠિનાઈ તો કાંઈ વિસાતમાં ન હતી.

આખરે મુક્તાનંદસ્વામીએ વચલો રસ્તો કાઢ્યો અને કહ્યું કે, "આપણે સ્વામીને જલદી પધારવા માટે વિનંતીપત્ર લખીએ; મને વિશ્વાસ છે કે સ્વામી અવશ્ય આપણને દર્શન દેવા માટે વહેલાસર સોરઠ પધારશે." મુક્તમુનિની વાતમાં વર્ણીરાજ સંમત થયા.

પ્રથમ પત્ર મુક્તાનંદસ્વામીએ પત્ર લખ્યો. એમાં વર્ણીરાજનો પરિચય અને એમના સદ્‌ગુણોનું વર્ણન લખ્યું, પછી વહેલા પધારવા વિનંતી લખી.

વર્ણીરાજે પણ સદ્‌ગુરુ રામાનંદસ્વામીને ઉદ્દેશીને પત્ર લખ્યો. એ ઐતિહાસિક પત્રના શબ્દો જેમના-તેમ નીચે પ્રમાણે છે.

નીલકંઠવર્ણીએ લખેલો પત્ર

स्वस्ति श्रीभुजनग्र महासुभ स्थाने बीराजमान स्वामिजी श्री रामानंदजी सद्‌गुरु रुपि सुरज उदे भयेहि । वाकि सेवामे गाम लोजहुसें सेवक ब्रह्मचारी नीलकंठ दुजसंज्ञा सरजुदासजु के डंडवत प्रनाम बाचोगे । वीसेस लीखवा कारन यो हे के हम ईश्वर इच्छासु चार धाम करी के एहि देशमे आई गये तीहां तुहारा नाम सुना के पश्चम देशमे जीवनमुक्ता प्रगटे हे ।

फिर बंनमे गोपालयोगि पास रहे के योग साधना करके अष्टांगयोग सिध कियो उस बखतमें यह योगिने कहा था जो गिरनारकि छायामे सिध मीलेगे । फिर हम वायु भक्षन करके बहुत दिन रहे परंतु प्रगट कृष्न के दरशन न हुये अबे सुद्ध भुमि जांनके यहां रहे हे तो आप यहां बिराजीके हमकु प्रगट कृष्ण मीलाओ ।

हमे सुना हे के धारनामे दरशन करवाते हो एसा स्वामी मुक्तानंदजीसे सुनके यह साधुकु हम निसकपट जांण के ठेरे हे । स्वामीजी और भटजी कहे के हम यहां बोलावेगे वांसुधि यहां रहे हे । भटजी मयाराम जीकु पता ये हे जो दोनुं पत्र पठके तुरत हमांरे पर क्रीपा करोगे । जेसे चकोर चंदकु ईछे हे एसे हम तुहारे दरसनकु चहत हे के तुरत दरसन देदो

नहि तो तुमारि सेवामे आवेगे संवत १८५६ ना फालगुन वदि–५ पठो हे तुरत बांचि के करुना दृष्टी करोगे नहि तो हम नहिं रहे वे ।

બન્ને પત્રો તૈયાર થયા. મુક્તાનંદસ્વામીએ બન્ને પત્રો માણાવદરના મયારામ ભટ્ટના હાથમાં સોંપ્યા અને ભૂજમાં વિરાજમાનસ્વામીને પહોંચાડવાની વિનંતી કરી.

રામાનંદસ્વામીનો પ્રત્યુત્તર

મયારામ ભટ્ટ બન્ને પત્રો લઈને સાત-સાત દિવસનો લાંબો પંથ ખેડી ભૂજ પહોંચ્યા. એ સમયે સદ્‌ગુરુ રામાનંદસ્વામી ભૂજમાં ગંગારામ મલ્લને ત્યાં સભા ભરીને બિરાજમાન હતા. મયારામ ભટ્ટ સ્વામીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા લાગ્યા.

સ્વામીએ દૂરથી આવેલા આ ખેપિયાને મીઠે સ્વરે આવકાર દીધો. મયારામ ભટ્ટે વંદન કરી બન્ને પત્રો સ્વામીના હાથમાં સોંપ્યા.

રામાનંદસ્વામીએ પરબીડિયું ખોલી પ્રથમ મુક્તમુનિનો પત્ર વાંચ્યો. પત્રની વિગત જાણી સ્વામી મંદ મંદ હસવા લાગ્યા. આસપાસના હરિભક્તોએ કોઈ શુભ સમાચારનું અનુમાન કર્યું. હવે સ્વામીએ વર્ણીરાજનો પત્ર ખોલ્યો; પત્રમાંથી દિવ્ય પ્રકાશ નીકળ્યો; આખો ઓરડો આછાં અજવાળાંથી ઉભરાઈ ગયો! હરિભક્તો આશ્ચર્યચકિત થઈ ગયા.

સદ્‌ગુરુ રામાનંદસ્વામી જેમ જેમ નીલકંઠવર્ણીનો પત્ર વાંચતા ગયા, તેમ તેમ ભારે ગદ્‌ગદ્ થતા ગયા. એમના નેત્રો સજળ થવા માંડ્યા. હરિભક્તોએ આ ધીરગંભીર સંતને આવા વિહ્વળ થયેલા ક્યારેય જોયા ન હતા. પત્ર વાંચવાનું પૂરું કરી સ્વામી બોલ્યા, “લ્યો ભક્તજનો! અમે ક્યારનાય જેની આગાહી કરતા હતા અને રાહ જોતા હતા, તે આવી ગયા!”

સભામાં બેઠેલા ભક્તજનોની ઉત્કંઠાનો પાર ન રહ્યો. રામાનંદસ્વામીએ એમને નીલકંઠવર્ણીના આગમનની જાણ કરી અને બોલ્યા, “ભક્તો! અમે તો ગણેશનો વેશ લઈને પડ છાંટવા આવ્યા હતા. ખરા ખેલના ભજવનારા હવે આવી પહોંચ્યા છે. આગળની બાજી હવે એ સંભાળશે.”

કચ્છના હરિભક્તોને થયું, ‘આવા મહાન સંત જેની રાહ જુએ છે, એ વર્ણીરાજ કેવા હશે! આપણને એમનાં ક્યારે દર્શન થશે?’

સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ આ શુભ સમાચારની સાકર વહેંચી. પછી પત્રનો પ્રત્યુત્તર પાઠવ્યો. પત્રમાં સ્વામીએ મુક્તમુનિને ભલામણ કરતાં લખ્યું, “તમે તીર્થવાસીની ટેલ-ચાકરી કરો છો અને માંદાઓની સેવા કરો છો, માટે અમે તમારા ઉપર ખૂબ જ રાજી છીએ. ત્યાં જે વર્ણીરાજ આવ્યા છે, એને સાધારણ મનુષ્ય જેવા માનશો નહીં, એ

ઉંમરમાં તમારાથી નાના છે, છતાં એમાં ગુરુભાવ રાખજો, એમની સેવા કરજો અને સાચવજો." "આહાર-વિહાર યુક્ત રાખજો. અષ્ટ પ્રકારે સ્રીનો ત્યાગ રાખજો. વર્ણી પાસેથી અષ્ટાંગયોગની કળાઓ શીખજો, કારણ કે અષ્ટાંગયોગના અભ્યાસથી જ બ્રહ્મચર્ય સિદ્ધ થાય છે."

"તમારા બ્રહ્મચર્યમાં કોઈ વિઘ્ન ન આવે એવા અમારા તમને આશિષ છે."

નીલકંઠવર્ણીને પ્રત્યુત્તર પાઠવતા સ્વામીએ જણાવ્યું કે, "તમને અમારાં દર્શનની તાણ્ય છે એમ અમારાં અંતરમાં પણ તમને મળવાની આતુરતા છે; છતાં તમે અહીં આવવાનો ઘાટ કરશો મા; વૈશાખ માસ ઊતરતા અમે પીપલાણે આવીશું ત્યારે મળીશું; સાધુઓને આદરથકી માનજો; એમને અષ્ટાંગયોગની રીત શીખવજો."

"હવેથી તન પડી જાય તેવું કઠણ તપ કરશો નહીં, કારણ કે આ મનુષ્યદેહ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિને સિદ્ધ કરવાનું સાધન છે. અમે વહેલાસર તમને મળીશું."

આ રીતે પત્રના જવાબ લખી સ્વામીએ પરબીડિયું બીડ્યું. પછી મૌખિક ભલામણ કરતા સ્વામી બોલ્યા,"ભટ્ટજી! તમે રસ્તામાં ગામડે-ગામડે ભક્તોને અમારો સંદેશ પહોંચાડજો, કે હવે જેને અમારાં દર્શનની ઇચ્છા થાય તે અમારી પાસે ન આવે પરંતુ લોજમાં નીલકંઠવર્ણીનાં દર્શને જાય."

મયારામ ભટ્ટે પૂછ્યું, "સ્વામી! બીજી કાંઈ ભલામણ કરવાની છે?"

સ્વામી બોલ્યા, "હા ભટ્ટજી! લોજમાં જઈને નીલકંઠવર્ણીને કહેજો, કે સત્સંગમાં રહેવાનો ખપ હોય તો થાંભલાને બાથ ભરીને પણ રહેવું પડશે." સ્વામીની ભલામણનો મર્મ સમજી ગયા હોય એમ મયારામે મુખ મલકાવ્યું. ગુરુદેવ રામાનંદસ્વામીનો પત્ર લઈને મયારામ ભટ્ટ પાછા લોજ પહોંચ્યા.

નીલકંઠે થાંભલાને બાથ ભરી!

મોર જેમ મેઘની રાહ જોવે એમ મુક્તમુનિ અને નીલકંઠવર્ણી સ્વામીના સંદેશની રાહ જોઈ રહ્યા હતા. મયારામ ભટ્ટને આવેલા સાંભળીને બધા જ સંતો ક્રિયાઓ પડતી મેલીને એકઠા થઈ ગયા. મુક્તમુનિએ અને વર્ણીરાજે સ્વામીના પત્રોને આંખ-માથા ઉપર ચઢાવ્યા અને ભાવવિભોર હૈયે પત્રોનું વાંચન કર્યું.

સ્વામી સત્વરે પધારશે એવા સમાચાર સાંભળીને સર્વના હૈયામાં અત્યંત આનંદ થયો. નીલકંઠવર્ણીએ મયારામ ભટ્ટને પૂછ્યું, "ભટ્ટજી! આ સિવાય કાંઈ સ્વામીએ કહેવડાવ્યું છે?"

મયારામ ભટ્ટે કહ્યું, "હા, વર્ણીરાજ! સ્વામીએ કહ્યું છે કે નીલકંઠને કહેજો, સત્સંગમાં

રહેવાનો ખપ હશે તો થાંભલાને બાથ ભરીને પણ રહેવું પડશે!"

સ્વામીનો આદેશ સાંભળતા જ વર્ણીરાજ ઊભા થયા અને ઓસરીના થાંભલાને બાથ ભરી. સદ્‌ગુરુનાં વચનને અક્ષરશઃ પાળવાને વર્ણીરાજની તત્પરતા જોઈને સર્વે આશ્ચર્યચકિત થયા.

મયારામ ભટ્ટ હસીને બોલ્યા, "વર્ણીરાજ! થાંભલાને બાથ ભરવાનો અર્થ છે, મુક્તાનંદસ્વામી જેવા સત્સંગના આધારસ્તંભ સમાન સંતની આજ્ઞામાં રહેવું."

મયારામ ભટ્ટની વાત સાંભળી વર્ણીરાજ હસ્યા, થાંભલો છોડી દીધો અને સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીને વંદન કર્યા અને એમની આજ્ઞામાં રહેવાનો નિર્ધાર જાહેર કર્યો.

મુક્તાનંદસ્વામીએ વંદન કરી રહેલા વર્ણીરાજને એકદમ ઉઠાવીને બાહુપાશમાં લીધા અને હસીને કહ્યું, "વર્ણીરાજ! ગુરુદેવનાં વચનનો એક બીજો પણ અર્થ મને સૂઝે છે."

વર્ણીરાજે ઉત્સુકતાથી મુક્તાનંદસ્વામીની સામે જોયું. મુક્તમુનિ બોલ્યા, "વર્ણીરાજ! આપ મહા જ્ઞાની છો. આપની દષ્ટિએ અજ્ઞાની જીવો થાંભલા જેવા જડ છે, પરંતુ સત્સંગના ઉત્કર્ષ માટે અજ્ઞાની જીવોને પણ પ્રેમથી બાથમાં લેવા પડશે."

મુક્તાનંદસ્વામીના વચનમાં વર્ણીની મોટાઈ અને પોતાની અલ્પતાનો નિર્માનીભાવે સ્વીકાર હતો. મુક્તાનંદસ્વામીનો વાણીવિવેક અને નિરહંકારી ભાવ એમના સંતત્વની શ્રેષ્ઠતાના દ્યોતક હતા.

રામાનંદસ્વામીનાં વચને નીલકંઠવર્ણી લોજમાં રોકાયા અને આશ્રમની નીચામાં નીચી ટેલચાકરી કરવા લાગ્યા.

તેઓ રોજ કાવડ લઈને સદાવ્રત માટે રોટલા માગવા જતા, તીર્થવાસીઓને જમાડતા, એંઠા વાસણો માંજતા, ચોકો-પાણી કરતા, છાણ-વાસીદું વાળતા અને વાંસનો ટોપલો લઈને સીમમાં છાણ મેળવવા પણ જતા.

નીલકંઠવર્ણીની મનોહર મૂર્તિ અને સેવાથી લોજવાસીઓ મંત્રમુગ્ધ થઈ જતા. ગામના લોકો નીલકંઠવર્ણીને સરયૂનદીના કિનારાના રહેવાસી હોવાથી 'સરજૂદાસ' કહીને બોલાવતા.

અષ્ટાંગયોગનો અભ્યાસ

રામાનંદસ્વામીની આજ્ઞા પ્રમાણે નીલકંઠવર્ણી સંતોને ધ્યાન તેમ જ યોગની અવનવી અને આશ્ચર્યકારક કળાઓ શીખવતા હતા. નીલકંઠવર્ણી સંતોને કહેતા, "સંતો! યમ અને નિયમના પાલન સિવાય ધારણા, ધ્યાન અને સમાધિ સિદ્ધ થતા નથી."

"અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય – આ પાંચ યમ છે. કેટલાક

મહાપુરુષો એમાં લજ્જા, મૌન, ક્ષમા, સ્થિરતા, અસંગતા, નિર્ભયતા અને આસ્તિકતા આ સાતને ઉમેરીને બાર પ્રકારના યમ કહે છે."

"એ જ રીતે નિયમો પાંચ પ્રકારના છે, પણ કેટલાક મહાપુરુષોએ તેનો વિસ્તાર કરીને બાર પ્રકારના નિયમો ગણાવ્યા છે. જેના નામ છે. આંતર-બાહ્ય શૌચ, જપ, તપ, હોમ, શ્રદ્ધા, સ્વાધ્યાય, ઈશ્વર આરાધન, અતિથિસેવા, તીર્થાટન, પરોપકાર, સંતોષ અને સદ્‌ગુરુની સેવા"

નીલકંઠવર્ણીનાં સૂચન પ્રમાણે સંતો ભારે શ્રદ્ધાથી યમ-નિયમોનું પાલન કરતા હતા. નીલકંઠવર્ણી સંતોને વિવિધ પ્રકારના આસનો કરાવતા, પ્રાણાયામની વિવિધ રીત શીખવતા. નાડીશોધન માટે નેતિ, ધોતિ, બસ્તી, નૌલી, ત્રાટક અને કપાલભાતી – આ ષટ્ ક્રિયાઓ અને તેના અવાંતર ભેદોનો અભ્યાસ કરાવતા. વિષયોમાંથી વૃત્તિ પાછી વાળવારૂપ પ્રત્યાહાર અને શ્રીહરિની મૂર્તિમાં વૃત્તિ સ્થિર કરવા રૂપ ધારણાની રીત શીખવતા.

નીલકંઠવર્ણીની શીખવવાની રીત ભારે આકરી હતી. તેઓ સહેજ પણ ઊંઘ, આળસ કે પ્રમાદને ચલાવી લેતા નહીં. તેઓ સંતોને સમૂહમાં ધ્યાનમાં બેસાડતા. પોતે હાથમાં સોટી લઈને વચ્ચે ફરતા રહેતા, બધાનું નિરીક્ષણ કરતા રહેતા. કોઈને ઊંઘ-આળસ આવે તો હળવેથી સોટી મારતા. એટલું જ નહીં, નવાઈની વાત એ હતી કે ધ્યાન કરતાં કરતાં કોઈનું મન જ્યાં-ત્યાં ભટકવા માંડે તો સોટી અડાડીને સાવધાન કરતા અને કહેતા, "સાધુરામ! મનની વૃત્તિને સંયમિત કરો. આળસ અને પ્રમાદ સાધુતાના શત્રુઓ છે."

વર્ણીરાજની આવી અંતર્યામી જેવી રીત જોઈને સર્વે સંતો આશ્ચર્ય પામી જતા.

ધારણામાં રામાનંદસ્વામીનાં દર્શન

દિવસો ઉપર દિવસો પસાર થઈ રહ્યા હતા. નીલકંઠવર્ણીનાં અંતરમાં રામાનંદસ્વામીનાં દર્શનની ઇચ્છા ઉત્તરોત્તર બલવત્તર બની રહી હતી. એક દિવસ એમનાથી રહેવાયું નહીં. એમણે મુક્તાનંદસ્વામીને કહ્યું, "સ્વામી! મને રામાનંદસ્વામીના સાક્ષાત્ દર્શન તો હજુ ક્યારે થશે? એનું કાંઈ નક્કી નથી! તમે એમ કરો, મને ધારણામાં સ્વામીનાં દર્શન કરાવો."

નીલકંઠવર્ણીની વાત મુક્તમુનિની સમજમાં ન આવી. એમણે કહ્યું, "વર્ણીરાજ! ધારણામાં સ્વામીનાં દર્શન કેમ થાય?"

નીલકંઠવર્ણીએ કહ્યું, "સ્વામી! આપ તો સ્વામી સાથે ખૂબ રહ્યા છો. સ્વામીના

વારંવાર દર્શન કર્યાં છે એટલે તમને સ્વામી કેવા હશે, કેટલા ઊંચા હશે, કેટલા પુષ્ટ હશે, કેવાં વસ્રો પહેરતાં હશે? એ ખબર હશે જ! તમે ધ્યાનમાં બેસી રામાનંદસ્વામીના પાવનકારી શ્રીવિગ્રહને સંભારજો. હું તમારા મન સાથે મારું મન જોડીને સ્વામીનાં દર્શન કરીશ.”

ધારણાની મનની સાથે મન જોડવાની આ અલૌકિક રીત સાંભળીને મુક્તમુનિને ભારે આશ્ચર્ય થયું. તેઓ વર્ણીના કહેવા પ્રમાણે રામાનંદસ્વામીનું ધ્યાન કરવા લાગ્યા. પ્લગની સાથે વાયર જોડાય એમ નીલકંઠવર્ણીએ મુક્તાનંદસ્વામીના મન સાથે પોતાનું મન જોડ્યું. મુક્તાનંદસ્વામી ભારે હેત અને એકાગ્રતાથી સદ્‌ગુરુ રામાનંદસ્વામીના એક એક અંગનું ચિંતવન કરવા લાગ્યા; સાથે સાથે નીલકંઠવર્ણી પણ તે તે અંગનું દર્શન કરવા લાગ્યા.

સદ્‌ગુરુના ધ્યાનમાં કેટલો સમય વીત્યો એની બેમાંથી એકેયને ખબર રહી નહીં. આખરે મુક્તાનંદસ્વામી ધ્યાનમાંથી જાગ્યા. નીલકંઠવર્ણીએ પણ મુક્તમુનિના મન સાથેનું પોતાનાં મનનું સંધાન પૂર્ણ કર્યું. ત્યાર પછી વર્ણીરાજ રામાનંદસ્વામીનું આબેહૂબ વર્ણન કરવા લાગ્યા! મુક્તાનંદસ્વામી તો નીલકંઠવર્ણીની અલૌકિક યોગકળા જોઈને અત્યંત આશ્ચર્યચકિત થઈ ગયા.

તુંબડીમાં માલ કે ભગવાનમાં!

એક સમયે લોજની આસપાસના ગામડાઓમાં વિચરણ કરતાં કરતાં નીલકંઠવર્ણી મુક્તમુનિની સાથે કાલવાણી પધાર્યા હતા. ધ્યાન-ધારણાના અભ્યાસો ચાલુ હતાં.

કાલવાણીમાં વર્ણીરાજે મુક્તાનંદસ્વામીને કહ્યું, “સ્વામી! આપણે બન્ને વારાફરતી ધ્યાનમાં બેસીએ. હું ધ્યાન કરું, ત્યારે મારા મનનું ધ્યાન તમારે રાખવું અને તમે ધ્યાન કરો, ત્યારે તમારા મનનું ધ્યાન હું રાખીશ. ધ્યાન કરતા આપણાં મન આડાં-અવળાં ડોલે તો આપણે પરસ્પર એકબીજાને સાવધાન કરવા.”

આવો ઠરાવ કરી બન્ને મહાપુરુષો વારાફરતી ધ્યાનમાં બેઠા. ધ્યાન કરવાનો વારો મુક્તમુનિનો હતો અને ધ્યાન રાખવાનો વારો નીલકંઠવર્ણીનો હતો!

આ અરસામાં મુક્તાનંદસ્વામીએ પાણી પીવાની તુંબડી તૈયાર કરી, રંગી, તડકે સૂકવવા મૂકી હતી. તુંબડી તૈયાર કરવી એ ભારે માથાકૂટિયું કામ છે; એમાં ભારે ધીરજ અને કાળજી રાખવી પડે છે. તુંબડીના ખાસ વેલા થાય છે. જેમાં નાની-મોટી ગોળ દૂધીના આકારના તુંબડાઓ પાકે છે. આ તુંબડાઓ ભારે કડવા હોય છે, એટલે દૂધીની પેઠે શાક કરવાના કામમાં આવતાં નથી.

જૂના જમાનામાં આ તુંબડાઓમાંથી વાદિડાઓ સાપ પકડવાની 'બીન' બનાવતા અને જોગીડાઓ પાણી પીવાનું પાત્ર બનાવતા.

આ તુંબડું બન્ને બાજુએ ગોળ મટોળ હોય છે અને મધ્યભાગે શંકરના ડમરું જેવું સાંકડુ હોય છે. આ તુંબડાઓ પાકે પછી અંદરનો ગર્ભ ચપ્પુ કે છરીથી હળવે હાથે કાઢી લેવામાં આવે છે; અંદરના ભાગે ઘસીને સપાટી લીસી કરવામાં આવે છે; પછી એને રંગીને તડકે સૂકવવામાં આવે છે. આમ કેટલીયે વિધિ કરે, ત્યારે તુંબડું તૈયાર થાય છે.

તુંબડાની કાચલી ભારે કોમળ હોય. જો ધ્યાન રાખવામાં ન આવે, તો તુંબડું તૂટી જાય અને બધી મહેનત પાણીમાં જાય!

મુક્તમુનિએ મહામહેનતે તુંબડી તૈયાર કરી હતી. શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરતાં કરતાં મુક્તાનંદસ્વામીને મનમાં મહામહેનતે તૈયાર કરેલી તુંબડી યાદ આવી. સ્વામીને મનમાં થયું, 'તડકે સૂકવેલી તુંબડીને કાગડા-કૂતરાં અડી જશે તો અભડાઈ જશે, તુંબડી નકામી થઈ જશે, મહેનત એળ્યે જશે.'

એ જ વખતે મુક્તાનંદસ્વામીના મનનું ધ્યાન રાખી રહેલા નીલકંઠવર્ણી બોલ્યા,

દૈવત તુંબી પાત્ર મેં કિં વા દૈવત ધ્યાન,
દૈવત તુંબી મેં અધિક, કિં વા દોઉ સમાન.

'સ્વામી! તુંબડી શ્રેષ્ઠ કે ધ્યાન? કે તુંબડી ને ધ્યાન બેય સરખાં છે?'

સ્વામી! શ્રીહરિમાં ધ્યાન રાખો, તુંબડીની ફિકર તજી નાખો |
માલ છે હરિધ્યાનમાં જેવો, નથી તુંબડીમાં માલ તેવો ||૪૫||

(હરિલીલામૃત-ક-૪,વિ-૪)

"સ્વામી! સુખના સિંધુ શ્રી હરિને પડ્યા મેલીને તુચ્છ જેવી તુંબડીને કેમ યાદ કરો છો? તુંબડીમાં માલ કે ભગવાનમાં?"

નીલકંઠવર્ણીની વાત સાંભળતા જ મુક્તાનંદસ્વામી એકદમ સાવધાન થઈ ગયા. તેઓ ધ્યાન પડતું મેલીને ઊભા થયા, તડકે સૂકવવા મૂકેલી તુંબડી હાથમાં લીધી; પથ્થર ઉપર પછાડી ફોડી નાખી.

નીલકંઠવર્ણી આ જોઈને મંદ મંદ હસવા લાગ્યા અને બોલ્યા, "સ્વામી! માત્ર તુંબડી ફોડવાથી ધ્યાન સિદ્ધ નહીં થાય, જ્યારે પદાર્થ માત્રમાં રહેલો રાગ દૂર થશે ત્યારે જ ધ્યાન સિદ્ધ થશે."

મુક્તામુનિએ વિનયપૂર્વક કહ્યું, “હા બ્રહ્મચારી! આપની વાત સાચી છે. ચિત્તવૃત્તિ ઉપર ચડેલા રાગના પાશને દૂર કરવા એ જ મહત્ત્વનું છે.”

નીલકંઠવર્ણીની શિક્ષણની રીત અદ્ભુત હતી.

ભાગ્ય બડો સદ્‌ગુરુ મૈં પાયો

લોજમાં નાનામાં નાની ટેલચાકરી કરતાં કરતાં નીલકંઠવર્ણી વરસાદની જેમ સદ્‌ગુરુ રામાનંદસ્વામીના આગમનની રાહ જોઈ રહ્યા હતા અને એ મંગલ ઘડી આવી પહોંચી.

આપેલા વાયદા પ્રમાણે સદ્‌ગુરુ રામાનંદસ્વામી પીપલાણા આવી પહોંચ્યા હતા અને નરસિંહ મહેતાને ઘરે ઊતર્યા હતા. આ એ જ ઘર હતું, જ્યાં વર્ણીરાજે નરસિંહ મહેતાને દિવ્ય અનુભૂતિ કરાવી હતી.

રામાનંદસ્વામીએ મુક્તમુનિને સંદેશ મોકલ્યો કે, ‘નીલકંઠવર્ણી તેમ જ સંતોને લઈ પીપલાણા આવો.’ લોજવાસીઓ માટે આ સમાચાર અષાઢી મેઘના આગમન સમાન હતા.

સદ્‌ગુરુ પધાર્યાની વધામણી સાંભળી સુકલકડી કાયાવાળા નીલકંઠ, મુક્તાનંદસ્વામી વગેરે સંતો રામાનંદસ્વામીને મળવા માટે આતુર થયા.

જેઠ વદી દશમીની રાત હતી; અંધારિયા પક્ષમાં પાછલી રાતનો ચંદ્ર આકાશમાં વિહરતો હતો; એનું આછું આછું અજવાળું રાતને રઢિયાળી બનાવી રહ્યું હતું.

મુક્તાનંદસ્વામી અને નીલકંઠવર્ણી સર્વ સંતમંડળ સાથે લોજથી પીપલાણા જવા રવાના થયા. પીપલાણાના માર્ગે ઓઝત નદી આડી આવતી હતી; ચોમાસું બેસી ગયું હતું; આગોતરા વરસાદથી ઓઝત નદીમાં પૂર આવ્યું હતું.

મુક્તાનંદસ્વામીએ નદી પાર કરવા માટે લાકડાના તરાપા મંગાવ્યા. સંતો તરાપામાં બેઠા, પરંતુ નીલકંઠની ધીરજ રહેતી નહોતી. મોટી મોટી નદીઓ તરવી એ તો એમને મન રમત વાત હતી. નીલકંઠે તો સીધું નદીના પૂરમાં ઝંપલાવ્યું અને તીરવેગે સડસડાટ સામે કિનારે પહોંચી ગયા. સદ્‌ગુરુ રામાનંદસ્વામીને મળવા માટે એક પળનો પણ વિલંબ એમને પોસાય એમ ન હતો.

વિક્રમ સંવત ૧૮૫૬, જેઠ વદિ યોગિની એકાદશીનો દિવસ હતો. સવારનો સમય હતો. સદ્‌ગુરુ રામાનંદસ્વામી નરસિંહ મહેતાના ઘરે ભક્તજનોની સભા ભરીને વિરાજમાન હતાં. નીલકંઠવર્ણી આવે છે, એવા સમાચાર મળતા જ રામાનંદસ્વામી એકદમ ઊભા થયા અને ઉતાવળે પગલે વર્ણીરાજની સામે ગયા. ભક્તજનોએ રામાનંદસ્વામીમાં આવી અધીરતા ક્યારેય જોઈ નહોતી.

નીલકંઠવર્ણીએ પણ સ્વામીને જોઈને દોટ મૂકી અને સ્વામીનાં ચરણમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. સ્વામીએ બેય હાથે નીલકંઠને ઉઠાવી લીધા અને બાહુપાશમાં ભીડ્યા. જુગજુગની ઓળખાણ્યો જાણે તાજી થઈ. બન્નેનાં નેત્રોમાંથી હર્ષનાં અશ્રુઓ છલકાવાં લાગ્યાં. અયોધ્યામાં ગુરુ વસિષ્ઠ અને ભગવાન રામ મળે, એવું આ ગુરુ-શિષ્યના મિલનનું અદ્‌ભુત દૃશ્ય હતું. વૃંદાવનમાં ભગવાન શ્રીકૃષ્ણે રામાનંદસ્વામીને કોલ દીધો હતો કે, "અમે તમને સદેહે મળીશું." એ કોલ આજ પૂર્ણ થઈ રહ્યો હતો.

થોડી વારમાં લોજનો બધો જ સંઘ પણ આવી પહોંચ્યો. નરસિંહ મહેતાને ત્યાં દિવ્ય સભા ભરાઈ. સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ નીલકંઠને પરિચય પૂછ્યો. નીલકંઠે પોતાની સર્વ વાત જણાવી. 'નીલકંઠ છપૈયાના ધર્મ-ભક્તિના પુત્ર છે' એ જાણીને એમનાં અંતરમાં અત્યંત આનંદ થયો અને બોલ્યા, "ઓહો નીલકંઠ! તમારા પિતા તો અમને પ્રયાગમાં મળ્યા હતા. એ તો અમારા પ્રિય શિષ્ય છે."

નીલકંઠને પણ પિતા ધર્મદેવનાં વચનો યાદ આવી રહ્યા હતા. ધર્મદેવે જે સમર્થ સદ્‌ગુરુની વાત કરી હતી, તે આ જ છે એવી પ્રતીતિ થતાં નીલકંઠની સદ્‌ગરુની શોધ પૂર્ણ થઈ હતી. સદ્‌ગુરુ રામાનંદસ્વામી પણ ભક્તજનોને કહેવા લાગ્યા, "અમે જે ખરા નટવરના આગમનના આગમ ભાખી રહ્યા હતા એ જ આ નીલકંઠ છે."

સનાતન ઈશ્વર છો કે આધુનિક?

એકાદશીના મંગલ પ્રભાતે નરસિંહ મહેતાને ઘરે ધૂન-ભજન-કીર્તન અને સત્સંગ થઈ રહ્યાં હતાં.

લોકોત્તર પ્રભાવ ધરાવતા રામાનંદસ્વામીને લોકો 'ઈશ્વરમૂર્તિ' સંત તરીકે ઓળખતા હતા. પ્રથમ મિલન પ્રસંગે જ નીલકંઠવર્ણીએ રામાનંદસ્વામીને સભામાં જ રહસ્યમય પ્રશ્ન કર્યો. "સ્વામી! તમે સનાતન ઈશ્વર છો કે આધુનિક ઈશ્વર છો?"

સદ્‌ગુરુ રામાનંદસ્વામી નીલકંઠવર્ણીના પ્રશ્નના મર્મને પામી ગયા. તેઓ થોડી વાર ધીર-ગંભીર થઈ ગયા અને મૌન રહ્યા. આ પ્રશ્ન એમના આત્માને ઝકઝોરી રહ્યો હતો.

થોડી વાર પછી નીલકંઠવર્ણીએ ફરીથી એ જ સવાલ કર્યો. રામાનંદસ્વામી મંદમંદ હસ્યા પણ કોઈ ઉત્તર ન આપ્યો. કોઈ અકળ આંતરિક સંકોચ એમને રોકી રહ્યો હતો.

તેઓ કંઈક *મીશ* લઈને ઊભા થયા. થોડી વાર બાદ ફરીથી સભામાં બેઠા અને નીલકંઠનાં અવતરણની પૂર્વભૂમિકા બાંધતા હોય એમ બોલ્યા, "ભક્તો! આવા યોગીરાજ મળ્યા, એટલે આપણી યોગિની એકાદશી સફળ થઈ."

"આજ સુધી આપણે જે સદાવ્રત ચલાવ્યાં, તેનું ફળ આજે પ્રાપ્ત થયું. આજ સુધી

આપણે જે સત્સંગરૂપી જ્ઞાનયજ્ઞ કર્યો તે જ્ઞાનયજ્ઞ આજે પૂર્ણ થયો, માટે આજે આપણે વાજતેગાજતે ઓઝત ગંગામાં અવભૃથ સ્નાન કરવા જવું છે."

સ્વામીની વાત સાંભળીને બધાને ખૂબ આનંદ થયો. સર્વ ભક્તજનોને સાથે લઈને વાજતેગાજતે સ્વામી ઓઝત ગંગામાં સ્નાન કરવા પધાર્યા.

ઓઝત ગંગામાં સ્નાન કરતી વખતે નીલકંઠવર્ણીએ ફરીથી ત્રીજી વાર એ જ પ્રશ્ન કર્યો, "તમે સનાતન ઈશ્વર કે આધુનિક?"

આખરે સ્વામીએ નિખાલસ ભાવે ઉત્તર કર્યો કે, "બ્રહ્મચારી! સાચી વાત કરીએ; અમે સનાતન ઈશ્વર નથી. અમે સનાતન ઈશ્વરના આદેશથી અલ્પ સમય માટે ઈશ્વરપણું ધારણ કર્યું છે; એટલે અમે આધુનિક ઈશ્વર છીએ. નારદ-સનકાદિકની જેમ અમારો અવતાર આવેશાવતાર ગણાય અને સનાતન ઈશ્વરની પ્રતીતિ તો હવે તમારે કરાવવાની છે!"

ગુરુ અને શિષ્યનો આ રહસ્યમય સંવાદ કેટલાકને સમજાયો અને કેટલાકને ન સમજાયો.

અવભૃથ સ્નાન કરી રામાનંદસ્વામીએ ઓઝત ગંગાને કિનારે સભા ભરી. આજે યોગિની એકાદશી હોવાથી સર્વને નિર્જળા ઉપવાસ હતો. બધા સાથે મળીને ધૂન, ભજન, કીર્તન કરી રહ્યાં હતાં.

એ જ સમયે કોઈ મુસલમાન જમાદાર ત્યાંથી પસાર થયો. આ દિવ્ય સભાના દર્શન કરતા જ જમાદારના અંતરમાં શાંતિ થઈ. તે ધારી ધારીને રામાનંદસ્વામી અને સુકલકડી નીલકંઠવર્ણીને નીરખવા લાગ્યો. ત્યાં અચાનક એણે પોતાની નજર સામે દિવ્ય પ્રકાશ પ્રગટતો જોયો. એ પ્રકાશમાં એમણે નીલકંઠને જ્યોતિના પુંજ જેવા ખુદ ખુદા રૂપે જોયા અને રામાનંદસ્વામીને પયગંબર રૂપે ભાળ્યા; સાથે અનેક નૂરી ફિરસ્તાના એને દર્શન થયાં.

આ અદ્‌ભુત દર્શન થતા જમાદાર 'અહો અહો' કરવા લાગ્યો. 'જમાદારને શું થઈ રહ્યું છે?' તે કોઈને સમજાયું નહીં. થોડી વાર પછી એ સમાધિમાંથી જાગ્યો. એમણે સભામાં રામાનંદસ્વામીને ઊંચા આસને અને નીલકંઠવર્ણીને નીચા આસને બેઠેલા જોયા.

જમાદાર રામાનંદસ્વામીની નજીક આવી કહેવા લાગ્યો, "અરે! યે તુમ્હારી હિન્દુઓ કી રીત કૈસી ઊલટી હૈ? જો અલ્લા હૈ વો નીચે બૈઠા હૈ, ઔર જો ઓલિયા હૈ વો ઊંચે બૈઠા હૈ!"

રામાનંદસ્વામીએ હસીને કહ્યું, "જમાદાર! અમારી હિંદુઓની આ સનાતન રીત છે. અમારા ધર્મગ્રંથ રામાયણમાં લખ્યું છે, ગુરુ વશિષ્ઠજી ઊંચે બેસતા અને ભગવાન રામચંદ્રજી નીચે બેસતા!"

નીલકંઠવર્ણી મંદમંદ હાસ્ય સાથે આ સંવાદ સાંભળી રહ્યા હતા. ભલભલાને જે વાત સમજાતી નહોતી, એ વાત આ મુસલમાન સારી પેઠે સમજી ગયો હતો!

મને શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શન કરાવો!

સદ્‌ગુરુ રામાનંદસ્વામીના મિલન બાદ નીલકંઠવર્ણી હવે શિષ્યભાવે એમની સેવામાં જોડાઈ ગયા હતા. રામાનંદસ્વામીની રુચિ એ જ નીલકંઠનું જીવન બની ગયું હતું.

એક વાર પ્રાતઃકાળનો સમય હતો. નીલકંઠ પૂજાની સામગ્રી સંપાદન કરી, ગુરુદેવને અર્પણ કરી રહ્યા હતા. સદ્‌ગુરુ રામાનંદસ્વામી પ્રાતઃપૂજન-આરાધન કરી રહ્યા હતા. નીલકંઠને એવું જણાયું કે, 'રામાનંદસ્વામીના હાથે અર્પણ થતી સામગ્રી ઠાકોરજી સ્વયં સ્વીકાર કરી રહ્યા છે.'

આ દિવ્ય અનુભૂતિથી નીલકંઠનાં અંતરમાં અહોભાવ જાગી રહ્યો હતો. એમનું હૃદય ગદ્‌ગદ્ થઈ ગયું હતું. સાક્ષાત્કારી સદ્‌ગુરુ મળે, ત્યારે કયા શિષ્યને અંતરમાં આનંદ ન અનુભવાય!

રામાનંદસ્વામી માત્ર સાક્ષાત્કારી સંત ન હતા, સુપાત્ર શિષ્યને સાક્ષાત્કાર કરાવનાર પણ હતા. મુક્તમુનિએ અનેક વાર નીલકંઠને કહ્યું હતું કે, "સ્વામી ધારણામાં શ્રીકૃષ્ણનાં દર્શન કરાવે છે!"

નીલકંઠના મનમાં હવે ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શનની લાલસા તીવ્ર બની હતી. એમની આ લીલા જલદી ન સમજાય એવી અલૌકિક હતી અને મુમુક્ષુઓને માર્ગદર્શક હતી.

રામાનંદસ્વામીએ ઠાકોરજીની પૂજા પૂર્ણ કરી. નીલકંઠે બે હાથ જોડીને સ્વામીને વિનયભર્યા સ્વરે કહ્યું, "સ્વામી! મને એવું જણાય છે કે પૂજામાં તમે જે જે સામગ્રી અર્પણ કરો છો, તે ભગવાન શ્રીકૃષ્ણ સાક્ષાત્ ગ્રહણ કરે છે!"

નીલકંઠની વાત સાંભળી રામાનંદસ્વામી મંદ મંદ હસવા માંડ્યા.

નીલકંઠ બોલ્યા, "સ્વામી! મારું મન ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શન માટે આતુર છે. મેં ઘરબાર પણ એટલા માટે જ છોડ્યાં છે. આપ કૃપા કરી આપની જેમ મને પણ ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શન કરાવો."

નીલકંઠવર્ણીની વાત સાંભળી રામાનંદસ્વામી અપલક નયને વર્ણી સામે જોઈ રહ્યા. પછી હસ્યા અને બોલ્યા, "નીલકંઠ! ખરો ખેલ માંડ્યો છે? આંખો મીંચી માંડો ધ્યાન કરવા, તમારો મનોરથ પૂર્ણ થશે."

સદ્‌ગુરુના વચને નીલકંઠે નાટક પૂરેપૂરું ભજવ્યું!

પીપલાણામાં ભાગવતી દીક્ષા

સદ્‌ગુરુ રામાનંદસ્વામીના સાંનિધ્યમાં નીલકંઠવર્ણીનો સમય આંખના પલકારાની જેમ વીતી રહ્યો હતો.

મોક્ષમાર્ગે ચાલનારા મુમુક્ષુ માટે ભવાટવિના ભોમિયા જેવા સદ્‌ગુરુનો સહારો આવશ્યક છે. મર્મી મહાપુરુષોની મદદ વગર મુમુક્ષુ પોતાની મંજિલને મેળવી શકતો નથી. સદ્‌ગુરુ રૂપી સુકાની સિવાય સંસારસાગર તરી શકાતો નથી.

વર્ણીરાજને જેની ખોજ હતી, એવા સદ્‌ગુરુ એમને મળી ચૂક્યા હતા. હવે એમને ગુરુદેવ રામાનંદસ્વામી પાસેથી વિધિવત રીતે વૈષ્ણવી દીક્ષા લેવાનો મનોરથ હતો.

મુમુક્ષુ માટે દીક્ષા અતિ મહત્ત્વનો સંસ્કાર છે. દીક્ષા શબ્દની શાસ્રીય વ્યાખ્યા છે, **'दीपयति क्षालयति इति दीक्षा'** 'મેલને દૂર કરી પ્રકાશને પ્રગટાવે તે દીક્ષા.'

જેમ ખાણમાંથી નીકળેલા રફ હીરાને કુશળ કારીગર પ્રથમ પેલ પાડી કોઈ આભૂષણમાં જડે, એ જ રીતે સદ્‌ગુરુ શિષ્યના ચૈતન્યને શુદ્ધ કરે છે અને શ્રીહરિનાં ચરણોમાં સમર્પિત કરે છે. દીક્ષાવિધિનો આ મર્મ છે.

નીલકંઠે સદ્‌ગુરુ રામાનંદસ્વામીને દીક્ષા આપવા માટે વિનંતી કરી. રામાનંદસ્વામીએ નીલકંઠની વિનંતીનો સ્વીકાર કર્યો.

વિક્રમ સંવત ૧૮૫૭, કાર્તિક સુદી એકાદશીનો દિવસ હતો. આ મંગળકારી દિવસે સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ પીપલાણા ગામે નીલકંઠવર્ણીને મહા દીક્ષા આપી. 'નારાયણ મુનિ' અને 'સહજાનંદસ્વામી' નામ પાડ્યાં.

રામાનંદસ્વામીએ ભક્તોને સંબોધન કરતા કહ્યું, "આ નીલકંઠવર્ણીએ સર્વ ઇન્દ્રિયોને જીતીને વશ કરી છે; ઊર્ધ્વરેતસ્ બ્રહ્મચારી છે; આકરી તપશ્ચર્યા કરી શરીર સૂકવી નાખ્યું છે; શરીરે પરસેવો પણ વળતો નથી! એમનાં શરીરે પરસેવો વાળવા માટે અમે ઘણા સમય સુધી આવળના પાટા બંધાવ્યા, પણ પરસેવો વળ્યો નથી. તપ અને બ્રહ્મચર્યમાં આ બ્રહ્મચારી સાક્ષાત બદ્રિપતિ નારાયણ જેવા છે, માટે અમે એમનું નામ 'નારાયણમુનિ' રાખીએ છીએ; અને વળી આ બ્રહ્મચારી સ્વરૂપથી સહજ આનંદનો સાગર છે, માટે એનું બીજું નામ 'સહજાનંદસ્વામી' રાખીએ છીએ."

રામાનંદસ્વામી જેવા સમર્થ સદ્‌ગુરુ પાસેથી દીક્ષા પામીને નીલકંઠવર્ણી ધન્યતા અનુભવી રહ્યા હતા. ભગવાન રામચંદ્ર અને ગુરુ વસિષ્ઠ, ભગવાન શ્રીકૃષ્ણ અને ગુરુ સાંદીપનિ જેવી આ લીલા ભક્તોને આનંદ ઉપજાવી રહી હતી.

નીલકંઠ હવે વિશેષ પણે 'સહજાનંદસ્વામી' તરીકે ઓળખાતા થયા. સહજાનંદ નામ નીલકંઠના નિત્યસિદ્ધ આનંદમય સ્વરૂપ તરફ સંકેત કરતું હતું.

ઉપનિષદોમાં આ આનંદમય સ્વરૂપનો ખૂબ જ મહિમા ગવાયો છે.

ધર્મધુરાના સંવાહક

હવે સદ્‌ગુરુ રામાનંદસ્વામી જ્યાં જ્યાં વિચરણ કરતા, ત્યાં નીલકંઠવર્ણીને સાથે ને સાથે રાખતા હતા અને જગજાહેર કહેતા 'અમે જેની આગાહી કરતા હતા, એ જ આ નીલકંઠવર્ણી છે.'

સંતો અને ભક્તોનો વિશાળ સમુદાય સહજાનંદસ્વામીમાં સહજ રીતે આકર્ષણ અનુભવી રહ્યો હતો.

નીલકંઠવર્ણીના આગમન પછી રામાનંદસ્વામીને પણ પોતાનું અવતારકાર્ય પૂર્ણ થયેલું લાગતું હતું. જે પરમાત્માના આદેશથી એમણે ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી હતી, એ જ પરમાત્માના હાથમાં તેઓ ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા સોંપી ભારહીન થવા માગતા હતા.

નીલકંઠવર્ણીની સાથે વિચરણ કરતાં-કરતાં રામાનંદસ્વામી જેતપુર પધાર્યા. અહીંયા એમણે પોતાના આગેવાન શિષ્યો-સંતો અને ભક્તોને એકઠા કર્યા અને 'પોતે આ ઉદ્ધવ સંપ્રદાયની ધુરા નીલકંઠ બ્રહ્મચારીને સોંપવા માગે છે' એવો મનોરથ જાહેર કર્યો.

ગુરુદેવની વાત સાંભળી સર્વના હૈયામાં હર્ષ થયો. બધાએ એક અવાજે સ્વામીની વાતને વધાવી લીધી. રામાનંદસ્વામીના એક શિષ્ય રઘુનાથદાસજીને આ વાત ન ગમી, પણ સ્વામીના પ્રભાવ આગળ એ કાંઈ બોલી ન શક્યો.

સ્વામીએ નીલકંઠને ધર્મધુરા સોંપવાનો નિર્ણય તો કર્યો, પરંતુ મોટી મુશ્કેલી એ હતી, કે નીલકંઠ તો ત્યાગ અને વૈરાગ્યની ખુમારીમાં મસ્ત હતા; એમને વ્યવહાર રુચતો ન હતો; એટલે તેઓ ધર્મધુરા સ્વીકારવા તૈયાર નહોતા.

નીલકંઠે વિનયપૂર્વક ગુરુદેવના પ્રસ્તાવનો અસ્વીકાર કરતા કહ્યું કે, "ગુરુદેવ! કૃપા કરીને મને આ જવાબદારીથી મુક્ત રાખો. ધર્મની ગાદી સાથે વ્યવહાર અવશ્ય જોડાયેલો હોય છે. આમાં ન ઇચ્છીએ તો પણ સ્રી અને સંપત્તિનો સંબંધ થયા સિવાય રહેતો નથી. સ્રી અને સંપત્તિનો જોગ ભલભલાને બંધન કરનારો છે."

"આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં મારા કરતાં પણ મોટા મોટા સમર્થ સંતો છે, તે આ ધર્મધુરાનું સારી રીતે વહન કરશે. માટે આ જવાબદારી આપ બીજા કોઈને સોંપો તો સારું."

રામાનંદસ્વામીએ હસીને કહ્યું, "નીલકંઠ! તમારા સામર્થ્યને હું જાણું છું. તમે આકાશ જેવા નિર્લેપ છો; વ્યવહારો તમારા વૈરાગ્યને બાધ કરી શકે તેમ નથી; કનક અને કામિનીના બંધન તમને બાંધી શકે તેમ નથી; તમે સાક્ષાત્ બદરીપતિ નારાયણના જેવા જ નિર્વિકાર છો; લક્ષાવધિ જીવોના કલ્યાણ માટે તમારે આ ધર્મધુરા સ્વીકારવી જ પડશે."

ઘણો સમય આ રીતે આનાકાની થયા બાદ આખરે નીલકંઠને ગુરુદેવનો આદેશ મસ્તક ઉપર ધાર્યા સિવાય છૂટકો નહોતો.

વિક્રમ સંવત ૧૮૫૮, કાર્તિક સુદિ એકાદશીનો દિવસ હતો. રામાનંદસ્વામીએ દેશોદેશમાં પત્ર લખીને ભક્તજનોને તેડાવ્યા હતા. જેતપુરના ઉનડખાચરના દરબારમાં સંતો-ભક્તોની વિશાળ મેદની જામી હતી.

રામાનંદસ્વામીએ વિધિજ્ઞ બ્રાહ્મણો દ્વારા યજ્ઞ કરાવ્યો. બ્રાહ્મણોએ વેદના મંત્રોના ગાન સાથે નીલકંઠ બ્રહ્મચારી ઉપર અમૃત અભિષેક કર્યો.

સ્નાનાદિથી પરવારી, કોરાં વસ્ત્રો પહેરી, નીલકંઠે ગુરુદેવને સાક્ષાત્ દંડવત પ્રણામ કર્યાં. ગુરુદેવે એમને બાહુપાશમાં લીધા, પછી હાથ પકડી ગાદી તરફ દોર્યા અને ગાદીએ બેસવા વિનંતી કરી.'

ઐતિહાસિક વરદાનો

નીલકંઠ બ્રહ્મચારીએ સ્વામીને કહ્યું, "સ્વામી! ગાદીએ બેસતા પહેલાં મારે આપની પાસેથી બે વરદાન માગવાં છે."

રામાનંદસ્વામીએ હસીને કહ્યું, "બોલો વર્ણીરાજ! આજે તો અમારા માટે આનંદનો દિવસ છે. તમે જે માગશો તે આપીશ!"

સભામાં બેઠેલા સર્વના મનમાં ઉત્કંઠા જાગી કે, "નીલકંઠ શું માગશે?" નીલકંઠવર્ણીએ હાથ જોડીને કહ્યું, "સ્વામી! તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ." (વ.ગ.પ્ર.૭૦)

નીલકંઠવર્ણીનું વરદાન સાંભળીને સભાજનો અને સ્વયં રામાનંદસ્વામી આભા બની ગયા. સહુને થયું, 'નીલકંઠ આ શું માગી રહ્યા છે! તેઓ પોતા માટે તો કાંઈ માગતા નથી, ઊલટાની આશ્રિતોની પીડા પોતા ઉપર લઈ રહ્યા છે અને એ પણ કોટિ ગણી!'

રામાનંદસ્વામી ભાવવિભોર થઈને બોલ્યા, "તથાસ્તુ! વર્ણીરાજ! હવે બીજું માગો!"

ફરીથી સર્વના કાન સરવા થયા. નીલકંઠવર્ણી બોલ્યા, "તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય, તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્નવસ્ત્રે કરીને દુઃખી ન થાય." (વ.ગ.પ્ર.-૭૦)

નીલકંઠના શબ્દો સાંભળીને ફરીથી સર્વે આશ્ચર્યના સાગરમાં ડૂબી ગયા.

રામાનંદસ્વામી બોલ્યા, "તથાસ્તુ!"

ચારેબાજુ સદ્‌ગુરુ રામાનંદસ્વામી અને નીલકંઠવર્ણીના નામના જયઘોષ થયા.

અદ્‌ભુત અને અસાધારણ હતાં આ બે વરદાનો! કહેવાય છે કે, 'લલાટમાં લખેલા લેખ મિથ્યા થતા નથી' જ્યારે આ વરદાનોમાં તો લલાટના લેખને પલટી નાખવાની વાત હતી!

આ બે વરદાનોમાં આશ્રિતોના યોગ અને ક્ષેમ વહન કરવાની બાંયધરી હતી. આ બે વરદાનોથી નીલકંઠે આશ્રિતોના ભૂખ અને દુઃખ હરી લીધાં હતાં! કરુણાના સાગર નીલકંઠ દયાળુ રાજા રંતિદેવ કરતાં પણ કરુણા કરવામાં અનેક ઘણા આગળ નીકળી ગયા હતા. સમય જતાં નીલકંઠવર્ણીએ આશ્રિતોને એક ત્રીજું વરદાન આપેલું છે, "મારા આશ્રિતને હું અંત સમયે મારા ધામમાં તેડી જઈશ."

રામાનંદસ્વામીએ આપેલાં વરદાનમાં આ લોકમાં સુખી થવાની બાંયધરી હતી, નીલકંઠે આપેલાં વરદાન પરલોકની બાંયધરી હતી.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ માટે આ વરદાનો ઐતિહાસિક સાબિત થયા છે. આજે અઢીસો વર્ષ પછી પણ આ વરદાનોનો પ્રભાવ રતીભાર જેટલોય ઓસર્યો નથી!

સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ ધામધૂમથી નીલકંઠને પોતાની ગાદી સોંપી, સર્વને આજ્ઞા કરી કે, 'હવેથી તમે બધા આ નીલકંઠ બ્રહ્મચારીની આજ્ઞામાં રહેજો.' ઉપસ્થિત જનસમુદાયે પ્રચંડ જયઘોષથી સ્વામીની આજ્ઞાને શિરોધાર્ય કરી.

ઉદ્ધવાવતાર રામાનંદસ્વામીનું અવતારકાર્ય પૂર્ણ થયું હતું. 'ડુગડુગીના વગાડનારા સદ્‌ગુરુએ' ખરા નટવરના હાથમાં બધો જ ખેલ સોંપી દીધો હતો!

શ્રીકૃષ્ણ-ઉદ્ધવનો સંવાદ

ભાગવત ધર્મના પ્રવર્તનનું આગળનું કાર્ય હવે નીલકંઠે જ સંભાળવાનું હતું.

નીલકંઠવર્ણીને ધર્મધૂરા સોંપ્યા પછી સદ્‌ગુરુ રામાનંદ સ્વામી પોતાને હળવાફૂલ અનુભવી રહ્યા હતા. હવે તેમના અંતરમાં સ્વધામ ગમનનો સંકલ્પ તીવ્ર થઈ રહ્યો હતો.

સદ્‌ગુરુ રામાનંદ સ્વામી એકાંતમાં બેસી શાંત ચિત્તે વિચારી રહ્યા હતા.

જેહ કરવા મે જનતન ધર્યું; તે તો કામ મેં પૂરણ કર્યું,
પુરુષોત્તમ પ્રગટ પધાર્યા; મારી ગાદીએ તેને બેસાર્યા.
દુર્વાસાનો પામીને શ્રાપ; જે જે જનમિયા છે મુનિ આપ,
તેના સંકટ શ્રીહરિ હરશે; શાપથી મુક્ત સર્વને કરશે.

(હરિલીલામૃત ૪-૩૧-૪૦/૪૧)

આમ વિચાર કરતાં કરતાં રામાનંદ સ્વામી ભાવસમાધિમાં સરી ગયા. એમના અંતઃચક્ષુ સમક્ષ પાંચ હજાર વર્ષ પૂર્વે સ્વયં ઉદ્ધવ સ્વરૂપે અનુભવેલા કેટલાંક દૃશ્યો આકાર ધરવા લાગ્યા. દ્વારિકાના રાજભવનના ગુપ્તમંત્રણા ખંડમાં ભગવાન શ્રીકૃષ્ણ અને ઉદ્ધવજી વિરાજતા હતા. એકબાજુ દ્વારિકાના યાદવો પ્રભાસક્ષેત્ર જવા થનગની રહ્યા હતા, બાજી બાજુ ભગવાન શ્રીકૃષ્ણે પોતાના પ્રિય સખા ઉદ્ધવને મહત્ત્વની મંત્રણા માટે રાજભવનમાં તેડાવ્યા હતા.

ઉદ્ધવજી હાથ જોડીને બોલ્યા, 'પ્રભુ! સેવકને કેમ યાદ કર્યો?'

શ્રીકૃષ્ણ બોલ્યા, 'પ્રિય સખે! મેં તમને એક મહત્ત્વની વાત કરવા માટે બોલાવ્યા છે.'

ઉદ્ધવજી વિનયથી હાથ જોડીને બોલ્યા, 'કહો કૃષ્ણ! શું આદેશ છે?'

શ્રીકૃષ્ણ કહે, 'મિત્રવર! તમે જાણો છો કે આ દ્વારિકા હવે ઋષિઓના શાપથી શાપિત થઈ ચૂકી છે.'

ઉદ્ધવ કહે, 'હા કૃષ્ણ! યાદવોના આ દુર્ભાગ્ય છે.'

શ્રીકૃષ્ણે કહ્યું, 'ઉદ્ધવ! મારા મનમાં પીડા એ છે કે હું સંતોને આદર આપું છું; એમનાં ચરણ ધોઈને ચરણામૃત લઉ છું અને મારા જ સંતાનોએ એ પવિત્ર સંતોની મશ્કરી કરી અપમાન કર્યું? ખરેખર મારી આ પ્રજા શાપને જ લાયક છે.'

વાત કરતાં કરતાં ભગવાન શ્રીકૃષ્ણના સહજ સ્મિતથી શોભતા મુખારવિંદ ઉપર વેદનાની આછી રેખાઓ ઉપસવા લાગી. વાતને આગળ વધારતા શ્રીકૃષ્ણે કહ્યું, 'ઉદ્ધવ! ઋષિઓનો શાપ સત્ય થવાનો સમય નજીક આવી ગયો છે. સાત દિવસમાં જ આ સોનાની લંકા સાગરમાં ડૂબશે. યાદવો પરસ્પરના સંઘર્ષમાં નાશ પામશે. યાદવોની પ્રભાસક્ષેત્રની આ યાત્રા એમના જીવનની અંતિમયાત્રા બનશે.'

ભગવાન શ્રીકૃષ્ણના કમળ જેવા અપલક નેત્ર ભાવીના ગર્ભ તરફ મંડાયા હતા. મુખારવિંદ ઉપરની વેદનાની રેખાઓ વિખરવા લાગી હતી. એમણે ફરીથી સ્વસ્થ થઈને કહ્યું, 'ઉદ્ધવ! મેરુ ચળે, પૃથ્વી રસાતળ જાય, પણ ઋષિઓનો શાપ મિથ્યા ન થાય અને હે પ્રિય સખા! રહસ્યની વાત તો એ છે કે આ બધું મારી ઇચ્છાથી જ થઈ રહ્યું છે. અત્યારે મારી હાજરી હોવા છતાં યાદવો અનુશાસન હીન બન્યા છે; મદિરાના નશામાં મદમસ્ત રહે છે; પરસ્પર ગુટબંધી અને કલહ વધતા જાય છે; દુર્દાંત યાદવો ખરેખર ધરતી ઉપર ભારરૂપ બની રહ્યા છે.'

'મેં અસુરોને મારીને ધરતીનો ભાર હળવો કર્યો, એ જ રીતે ધરતી ઉપરનો આ ભાર પણ ઉતારવો જ રહ્યો. અન્યથા મારા સ્વધામ ગમન બાદ આ યાદવો મર્યાદા મૂકેલા સાગર જેવા બનશે અને ધરતીને સંતાપશે. ધરતીને યાદવોના ભારથી મુક્ત

કરવા માટે જ મેં આ લીલા રચી છે.'

એક ચિત્તે ભાવથી સાંભળી રહેલા ઉદ્ધવજી આશ્ચર્યમાં ગરકાવ બન્યા. પોતાના જ સંતાનો અધર્મ માર્ગે ચાલે તો એને પણ દંડ દેવાની શ્રીકૃષ્ણની હિંમત, ન્યાયપ્રિયતા અને ધર્મપરાયણતા દાદ માગે એવી હતી!

ઉદ્ધવ સ્વરૂપ સદ્‌ગુરૂ રામાનંદ સ્વામીના અંતરમાં આ સંવાદ સાક્ષાત્ અનુભવાઈ રહ્યો હતો.

ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા, 'ઉદ્ધવ! મહત્ત્વની વાત તો હવે કરવાની છે!'

ઉદ્ધવજી વાત સાંભળવા વધારે સાવધ બન્યા.

શ્રીકૃષ્ણ બોલ્યા, 'ઉદ્ધવજી! ઋષિઓના એ શાપને મેં પણ મારે શીરે આશીર્વાદ રૂપે સ્વીકાર્યો છે. યાદવોની સાથે તારો આ પ્રિય સખા પણ સ્વધામે સંચરશે!'

ઉદ્ધવજી માટે આ વાત વજ્રાઘાત સમાન હતી. પોતાના પ્રાણપ્રિય સખાના અંતિમ પ્રયાણની વાત સાંભળી ઉદ્ધવજી ભારે દિલગીર થયા અને બોલ્યા, 'હે કૃષ્ણ! કૃપા કરી આવી અમંગળ વાણી ન ઉચ્ચરો.' આટલું બોલતાં બોલતાં તો ઉદ્ધવનું હૃદય ભરાઈ આવ્યું અને આંખોમાંથી આંસુઓની ધાર વહેવા માંડી.

ભગવાન શ્રીકૃષ્ણે મંદ સ્મિત સાથે કહ્યું, 'સખે! શોકાતુર ન થવાય. તમે તો જ્ઞાની છો અને જાણે છો કે કેટલીક ઘટનાને ટાળવા મથો તો પણ ટાળી શકાતી નથી. આવાગમન તો સૃષ્ટિનો અનાદિનો ક્રમ છે. હું કર્તું, અકર્તું, અન્યથાકર્તું સમર્થ છું, છતાં મારા બાંધેલા નિયમોને મનુષ્યરૂપે મારે પાળવા જ રહ્યા.'

ઉદ્ધવજી ભારે હૈયે ભગવાન શ્રીકૃષ્ણની વાત સાંભળી રહ્યા હતા અને એ જ વેદનાનો ભાર સમાધિમાં સદ્‌ગુરૂ રામાનંદ સ્વામી પણ અનુભવી રહ્યા હતા. એમની આંખો પણ અશ્રુભીની થઈ રહી હતી.

ભાગવતધર્મની રક્ષા કરજો!

ભગવાન શ્રીકૃષ્ણે રહસ્યની વાત આગળ વધારી, 'ઉદ્ધવ! મારી સ્વતંત્ર ઇચ્છાશક્તિથી એક વ્યક્તિને હું આ શાપથી મુક્ત કરવા માગું છું!'

ઉદ્ધવજીએ હાથ જોડીને કહ્યું, 'ભગવન્! એ ભાગ્યશાળી વ્યક્તિ કોણ છે?'

ભગવાન શ્રીકૃષ્ણના મુખારવિંદ ઉપર રમતિયાળ સ્મિત પ્રગટ્યું અને બોલ્યા, 'હે પ્રિય સખા! એ આપ છો.'

ઉદ્ધવજીને ફરીથી અણધાર્યો આંચકો લાગ્યો. શ્રીકૃષ્ણ વગર જીવવું તેમના માટે અશક્ય હતું. વેદના ભરેલા હૈયે ઉદ્ધવજી બોલ્યા, 'કૃષ્ણ! આપ મારા કયા અપરાધનો

દંડ દેવા માગો છો?'

શ્રીકૃષ્ણે કહ્યું, 'ઉદ્ધવ! તમે લૌકિક મનુષ્યની જેમ અધીર ન થાઓ. તમને જે પ્રયોજન માટે મેં તેડાવ્યા છે, એ વાત તો હવે આવે છે અને તમારે એ શાંતિથી હૃદયમાં ધારવાની છે.'

ઉદ્ધવજી થોડા સ્વસ્થ થયા. શ્રીકૃષ્ણે કહ્યું, 'ઉદ્ધવ! હું બે પ્રયોજન માટે અવતાર ધરું છું. એક તો અધર્મનો નાશ કરવા અને બીજુ ધર્મની સ્થાપના કરવા. મારી લાંબી જીવનયાત્રામાં અધર્મના નાશનું પ્રયોજન તો મોટે ભાગે પૂર્ણ થયું છે. જે થોડું ઘણું બાકી છે તે પ્રભાસમાં પૂર્ણ થશે, પરંતુ ધર્મની સ્થાપના માટે જોઈએ એટલો સમય મળ્યો નથી.'

'વર્ષો પહેલા જરાસંઘના આક્રમણ સમયે જ મેં નક્કી કરી લીધું હતું કે -

अन्योऽपि धर्मरक्षायै देहः संभ्रियते मया ।
विरामायाप्यधर्मस्य, काले प्रभवतः क्वचित् ॥

(भागवत-१०-५०-१०)

'આ અવતારમાં તો મારો મોટા ભાગનો સમય અસુરોનો સંહાર કરી સંતોની રક્ષા કરવામાં જશે. ધર્મનું રક્ષણ અને અધર્મના વિનાશ માટે ફરી કોઈક સમયે બીજો અવતાર ધારણ કરવાનું થશે.'

'હે મિત્રવર! હું જે ધર્મરક્ષાની વાત કરી રહ્યો છું તે સાધારણ લોકધર્મ કે વર્ણાશ્રમધર્મની વાત નથી, પરંતુ ભાગવત ધર્મની રક્ષાની વાત છે. લોકધર્મોના પાલનથી સમાજવ્યવસ્થા સારી રીતે જળવાય છે, જ્યારે ભાગવત ધર્મથી મનુષ્ય જીવનનું મુખ્ય પ્રયોજન સિદ્ધ થાય છે અને એ છે મોક્ષ. મોક્ષનો અર્થ છે માયાના ભાવથી મુક્ત થઈ બ્રહ્મરૂપ થવું અને બ્રહ્મભાવે પરબ્રહ્મને આરાધવા.'

'વ્યષ્ટિ-સમષ્ટિના ભૌતિક ઉત્કર્ષ માટે લોકધર્મનું પાલન આવશ્યક છે, પરંતુ આત્માનાં ઉત્કર્ષ માટે ભાગવત ધર્મ વિશેષ મહત્ત્વનો છે. બીજી મહત્ત્વની વાત એ છે કે ભાગવત ધર્મમાં લોકધર્મ સહેજે વણાઈ જાય છે.'

ઉદ્ધવજી એક ચિત્તે ભગવાન શ્રીકૃષ્ણના વચનામૃતોનું પાન કરી રહ્યા હતા.

શ્રીકૃષ્ણે કહ્યું, 'ઉદ્ધવ! ખેડૂત જેમ બિયારણ સાચવે એમ આ ભાગવત ધર્મના બીજને સાચવવા માટે મારે યોગ્ય પાત્રની જરૂર છે. એ પાત્રતા તમારામાં છે. કારણ કે તમે મારું હૃદય છો. તમે મારાથી અણુમાત્ર ન્યુન નથી.'

ઉદ્ધવજી ઉપર ભગવાન શ્રીકૃષ્ણની અનરાધાર કૃપા વરસી રહી હતી.

ભગવાન કૃષ્ણે ભારે પ્રેમથી ઉદ્ધવજીને ભાગવતધર્મનો ઉપદેશ કર્યો. ભાગવતધર્મના અમૃતનું પાન કરી ઉદ્ધવજી ભારે ધન્યતા અનુભવી રહ્યા.

જેમ ઋષિઓના અંતરમાં વેદની ઋચાઓ પ્રગટે એમ રામાનંદ સ્વામીના નિર્મળ તપ:પૂત અંત:કરણમાં આ સંવાદ મૂર્તિમંત ઊભરી રહ્યો હતો.

આ ભાગવતધર્મનો વિસ્તાર ભાગવતજીનાં એકાદશ સ્કંધમાં છે.

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, 'હે ઉદ્ધવ! આ ભાગવતધર્મની તમે રક્ષા કરજો.'

ઉદ્ધવજીએ ભગવાન શ્રીકૃષ્ણનાં વચનોને મસ્તક પર ચડાવ્યાં.

શ્રીકૃષ્ણે કહ્યું, 'ઉદ્ધવ!હવે તમે બદ્રિકાશ્રમમાં જાઓ, મારી ઇચ્છાથી તમને સિદ્ધ દેહ મળશે. તમે ભગવાન નરનારાયણના સાનિધ્યમાં રહેજો.'

ઉદ્ધવજી ભગવાન શ્રીકૃષ્ણને છોડીને બદ્રિકાશ્રમ જવા માગતા ન હતા, પરંતુ ઈષ્ટદેવના આદેશનું પાલન અનિવાર્ય હતું.

સદ્‌ગુરુ રામાનંદ સ્વામી હવે સમાધિમાં બીજું દશ્ય નીરખી રહ્યાં હતાં.

ઉદ્ધવજી બદરિકાશ્રમ રવાના તો થયા, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણના મહાપ્રયાણની લીલાના દર્શનની અદમ્ય લાલસા ઉદ્ધવજીના અંતરને ઘેરી વળી. તેઓ માર્ગમાંથી પાછા વળ્યા અને પ્રભાસ ક્ષેત્ર પધાર્યા. ત્યાં તો પ્રભાસમાં પીપળાના વૃક્ષ નીચે પોતાના પ્રાણપ્રિય પરમાત્માને પારધીના બાણથી વીંધાયેલા જોયા.

ભગવાન વેદવાવ્યાસ, મહર્ષિ મૈત્રેય, કરુણ વિલાપ કરતો સારથિ દારૂક અને પારધી ત્યાં હાજર હતા.

કૃષ્ણને વિંધાયેલા જોઈને ઉદ્ધવજીનું હૃદય પણ વીંધાઈ ગયું અને વિલાપ કરવા લાગ્યા.

પરસ્પર સંઘર્ષમાં કપાયેલા યાદવકુળના મૃતદેહોથી ધરતી છવાયેલી હતી. આ કરુણ દશ્ય નજર સમક્ષ હોવા છતાં ભગવાન શ્રીકૃષ્ણના મુખ ઉપર શાંત સ્મિત રમતું હતું. શ્રીકૃષ્ણ ખરેખર સ્થિતપ્રજ્ઞ હતા.

ભગવાને ઉદ્ધવને ધીરજ આપી અને કહ્યું, 'ઉદ્ધવ! જ્ઞાનીજનોને શોક શોભા દેતો નથી. મારો આપેલો ભાગવતધર્મનો વારસો સાચવજો. ભવિષ્યમાં એ ભાગવત ધર્મ હજારો જીવોનું કલ્યાણ કરશે.'

ભગવાન શ્રીકૃષ્ણ આગામી ભવિષ્યને 'હસ્તામલકવત્' જોઈ રહ્યા હતા.

ભગવાને મહાપ્રયાણ પહેલા પ્રસન્ન થઈને પોતાની પાદુકા ઉદ્ધવજીને આપી અને કહ્યું, 'આજથી અમે તમને ભાગવતધર્મના આચાર્ય સ્થાપીએ છીએ. અમે તમારા અંતરમાં સાક્ષાત્ વિરાજમાન રહીશું.'

ભગવાન શ્રીકૃષ્ણની પાદુકા પામીને ઉદ્ધવજી અત્યંત ધન્યતા અનુભવવા લાગ્યા. એમણે પરમાત્માની પાદુકાઓને મસ્તક પર ચડાવી.

ભગવાન શ્રીકૃષ્ણ દિવ્ય દેહે સ્વધામ સંચર્યા.

રામાનંદ સ્વામીના અંતરમાં ચલચિત્રની જેમ દશ્યો પલટાઈ રહ્યાં હતાં. હવે પછીનું દશ્ય હતું બદ્રિકાશ્રમમાં ભગવાન શ્રીનરનારાયણની દિવ્ય સભાનું. આ સભામાં અનેક તપસ્વીઓ, સિદ્ધો, યોગીઓ, ઋષિમુનિઓ પણ વિરાજમાન હતા. રામાનંદ સ્વામી સ્વયં પણ ઉદ્ધવજી રૂપે આ સભામાં ઉપસ્થિત હતા. સ્વયં ધર્મ પ્રજાપતિ અને મૂર્તિદેવી પણ આ પ્રસંગે ખાસ પધાર્યા હતા.

સર્વે એકાગ્ર મને ભગવાન શ્રીનારાયણના મુખેથી વહેતી અમૃતસમાન વાણીનું પાન કરી રહ્યા હતા. દેશ-કાળના ભાન ભુલાઈ ગયા હતા. એવામાં અચાનક દુર્વાસાઋષિ ત્યાં આવ્યા. બધા જ ઋષિમુનિઓ ભગવાન નારાયણની વાણીમાં નિમગ્ન હોવાથી દુર્વાસાનો સત્કાર ન થઈ શક્યો. દુર્વાસા ક્રોધે ભરાયા અને શાપ દીધો, 'તમે તમારી સિદ્ધાઈથી અભિમાની થયા છો. અતિથિનું સ્વાગત કરતા નથી. માટે શ્રાપ આપુ છું, જાવ તમે સર્વે મનુષ્ય લોકમાં દેહ ધરો અને અસુરોથી કષ્ટ પામો.'

શાપ સાંભળીને ત્રસ્ત થયેલા ઋષિમુનિઓ વતી ધર્મદેવે ખૂબ જ અનુનય-વિનય કર્યો. ત્યારે દુર્વાસાએ કહ્યું, 'શાપ તો મિથ્યા નહીં થાય, પરંતુ અનુગ્રહ કરું છું કે આ નારાયણ પણ તમારી સાથે જ ધરતી ઉપર અવતાર ધરશે અને તમારા કષ્ટો દૂર કરી તમને શાપ મુક્ત કરશે.' દુર્વાસાનો શાપ પૃથ્વીલોક માટે આશીર્વાદ બન્યો.

ઉદ્ધવજીએ રામાનંદ સ્વામી રૂપે દેહ ધર્યો. ધર્મ પ્રજાપતિ ધર્મદેવ રૂપે અવતર્યા. મૂર્તિદેવી ભક્તિમાતા રૂપે અવતર્યા. ભગવાન નારાયણે સ્વયં અયોધ્યા પાસેના છપૈયા ગામે ધર્મદેવ અને ભક્તિમાતાને ત્યાં ઘનશ્યામ રૂપે અવતાર ધારણ કર્યો એ જ ઘનશ્યામ આગળ જતા સહજાનંદ સ્વામી અને સ્વામિનારાયણ વગેરે નામે પ્રસિદ્ધ થયા.

રામાનંદ સ્વામીનો અક્ષરવાસ

રામાનંદ સ્વામીની ભાવસમાધિ પૂર્ણ થઈ હતી. એમનું અવતારકાર્ય પૂર્ણ થયું હતું. હવે એમણે દેહ તજવાનો નિર્ધાર કરી લીધો હતો. એમણે પોતાના આગેવાન શિષ્યોને એકઠા કરી સ્વધામ ગમનનો સંકલ્પ જાહેર કર્યો. રામાનંદ સ્વામીની વાત સાંભળી સર્વે ભારે દિલગીર થયા.

રામાનંદ સ્વામીએ સર્વેને સાંત્વના આપતા કહ્યું, 'આ લોકમાં કોઈ કાયમ રહેતું નથી. મોટા મોટા અવતારો દેહ ધરે છે, પ્રયોજન પૂર્ણ થતા પાછા સ્વધામ સંચરે છે.

એમ અમે પણ આ લોકમાંથી વિદાય લેશું.'

આ રીતે સર્વને ધીરજ આપી સ્વામી ફરેણી પધાર્યા. સોની રામજીને ઘરે ઉતારો કર્યો.

રામાનંદ સ્વામીના શરીરમાં થોડો તાવ આવ્યો હતો. શરીર છોડવાના આગલા દિવસે સ્વામીએ સભા કરી અને કહ્યું, 'અમારો સમય પૂર્ણ થયો છે. આવતી કાલે અમે સ્વધામ સંચરીશું. તમે અમારી પાછળ શોક ન કરશો અને આત્મહત્યા તો કરશો નહીં. જો કરશો તો ગુરુદ્રોહી અને વચનદ્રોહી ગણાશો.'

'હવેથી આ નીલકંઠ તમારા સર્વનો આધાર બનશે. નીલકંઠને સાધારણ ન માનશો. એ સ્વયં સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ નારાયણ છે. એમણે ભાગવતધર્મના પ્રવર્તન અને રક્ષણ માટે જ પૃથ્વી ઉપર અવતાર ધર્યો છે. અમે તો માત્ર ભૂમિકા તૈયાર કરી છે, પરંતુ હવે પછીનું ભગીરથ કાર્ય એ સંભાળશે. તમે સર્વે મન-કર્મ-વચનથી એમની આજ્ઞામાં રહેજો.'

શરીર છોડતા પહેલા સ્વામીએ નીલકંઠવર્ણીની સાચી ઓળખાણ સર્વને કરાવી દીધી.

વિ. સં. ૧૮૫૮ માગશર સુદી બારસ, ગુરૂવારનો દિવસ હતો. રામાનંદ સ્વામી બ્રાહ્મમુહૂર્તમાં ઊઠ્યા, નિત્યવિધિ પૂર્ણ થયા બાદ ધરતી ઉપર ગાયનું છાણ લીપાવ્યું, દર્ભ મુકાવી તલ છંટકાવ્યા. સંતો-ભક્તોને ભજન-કીર્તન કરવાની આજ્ઞા કરી. પોતે પવિત્ર આસન ઉપર ધ્યાનમુદ્રામાં બિરાજમાન થયા.

થોડીવારમાં એમના શરીરમાંથી શીતળ-શાંત-દિવ્ય તેજ નીકળવા લાગ્યું. પંચભૂતનાં પીંડમાંથી દિવ્ય તેજોમય શરીર પ્રગટ થયું. સ્વામીએ દિવ્ય દેહે સર્વ ઉપર કરુણા દષ્ટિ કરી, નીલકંઠને નમન કર્યા પછી આકાશ માર્ગે અદશ્ય થયા. રામાનંદ સ્વામીની દેહ છોડવાની આ અલૌકિક રીતના દર્શન કરી સર્વે આશ્ચર્યના સાગરમાં ગરકાવ બન્યા!

ભાઈ રામદાસજીની દેખરેખ નીચે સુંદર પાલખી તૈયાર કરવામાં આવી. પાલખી ઉપર ચંદન, પુષ્પો, અબીલ, ગુલાલનો વરસાદ વરસ્યો. નીલકંઠવર્ણી, ભાઈરામદાસજી, મુક્તાનંદ સ્વામી અને મયારામ ભટ્ટે પાલખીને ખંભે લીધી.

ભજન-કીર્તન-ઉત્સવ કરતાં કરતાં સર્વે ભાદર નદીના કિનારે આવ્યા. અહીં શાસ્ત્રવિધિ પ્રમાણે ઔર્ધ્વદૈહિક ક્રિયા કરવામાં આવી.

નીલકંઠવર્ણીને ધર્મધૂરા સોંપ્યા બાદ માત્ર એક મહિનાના ટૂંકા ગાળા પછી આ મહાન ભાગવત સંતે આ લોકમાંથી વિદાય લીધી, પરંતુ ભાગવત ધર્મનો શ્રેષ્ઠ વારસો સર્વેને સોંપતા ગયા.

સ્વામિનારાયણ મહામંત્ર પ્રકાશ

રામાનંદસ્વામીના અંતર્ધાન થયા બાદ એમના ચૌદમાના દિવસે નીલકંઠવર્ણીએ ફરેણીમાં વિશાળ સભા કરી. સત્સંગીઓના શોકાતુર હૈયાને શાંત કર્યાં. ધર્મપાલનનો ઉપદેશ કર્યો અને કહ્યું કે, "આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં ભગવાનના વિવિધ નામોના જપ-આરાધન અને સંકીર્તન થાય છે. એક ઘરમાં ભોજન અને ભજનની એકસૂત્રતા હોય, તો સર્વને આનંદ આવે. માટે આપણા સંપ્રદાયમાં જો એક જ મંત્રનું ભજન થાય, તો બધાને વધારે સમાસ થાય."

ભક્તજનોએ કહ્યું, "વર્ણીરાજ! સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ અમારા હાથ તમારા હાથમાં સોંપ્યા છે, એટલે હવે તમે જેમ આજ્ઞા કરશો તેમ જ થશે. આપ જ કહો કે અમારે કયા મંત્રનો જપ કરવાનો છે?"

ભગવાન નીલકંઠવર્ણી બોલ્યા, "આજથી સર્વેએ 'સ્વામિનારાયણ' મહામંત્રનો જપ કરવો." નીલકંઠના મુખેથી જેવો સ્વામિનારાયણ મહામંત્રનો ઉદ્‌ઘોષ થયો, એ જ સમયે ચારેય દિશાઓ સ્વામિનારાયણ...સ્વામિનારાયણ મહામંત્રથી ગૂંજી ઊઠી!

સંતો-ભક્તોનો વિશાળ સમુદાય સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવા લાગ્યો. સાગરની ગર્જના જેવા આ બ્રહ્મ પડછંદાઓ દશે દિશાઓમાં પ્રસરવા લાગ્યા! મહામંત્રનું સંકીર્તન કરતાં કરતાં ભક્તજનો ભાવવિભોર થયા અને કેટલાકને સમાધિ લાગી ગઈ!

ભક્તોના અંતરમાં આ મંત્ર વિશે જાતજાતની જિજ્ઞાસાઓ ઊઠી રહી હતી. 'નીલકંઠ બ્રહ્મચારી કોઈ દિ સાંભળ્યો ન હોય એવો આ નવો મંત્ર ક્યાંથી લાવ્યા? સ્વામિનારાયણ મંત્રનો અર્થ શું? સ્વામિનારાયણ એટલે કોણ?' વગેરે.

સભામાં બેઠેલા સર્વ ભક્તજનો વતી મુક્તમુનિએ નીલકંઠવર્ણીને પૂછ્યું, "વર્ણીરાજ! આપની આજ્ઞાથી અમે બધા સ્વામિનારાયણ મહામંત્રનું ભજન તો શરૂ કર્યું, પરંતુ અમને સમજાતું નથી કે આ નવો મંત્ર તમે ક્યાંથી લાવ્યા?"

નીલકંઠવર્ણી હસીને બોલ્યા, "મુનિવર! આ મંત્ર નવો નથી. આ મંત્ર તો જુગ જૂનો છે. આ મંત્ર અમે વેદમાંથી લીધો છે."

"વેદો પરબ્રહ્મ પરમાત્માને 'નારાયણ' નામથી પુકારે છે. વેદોની શ્રુતિઓમાં નારાયણ મંત્રનો મહિમા અભરે ભર્યો છે."

વેદ કહે છે, **शुद्धो देव एको नारायणः । न द्वितीयोऽस्ति कश्चित् ।' (लघुनारायणोपनिषद्)**

'एको ह वै नारायण आसीन्न ब्रह्मा नेशानो नाग्नीसोमौ नेमे द्यावापृथिवी न नक्षत्राणि न सूर्यो न चन्द्रमाः।' (महोपनिषद्–अ–१,मन्त्र–१)

"જ્યારે મહાપ્રલયનો સમય હતો, ત્યારે જીવ-પ્રાણીમાત્ર માયાના ગર્ભમાં લીન હતા અને એ મહામાયા પણ અક્ષરબ્રહ્મના એક દેશમાં લીન હતી. એ સમયે નિત્ય શુદ્ધ અને સર્વના પ્રકાશક એવા એકમાત્ર ભગવાન નારાયણ જ હતા, પરંતુ બ્રહ્મા, શંકર, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, આકાશ, પૃથ્વી, નક્ષત્રો વગેરે કોઈ નહોતું."

ભગવાન નારાયણ સર્વ કારણના કારણ છે, શ્રુતિ કહે છે, **"नारायणाद् ब्रह्मा जायते । नारायणाद् रुद्रो जायते । नारायणादिन्द्रो जायते । नारायणात्प्रजापतयः प्रजायन्ते । नारायणाद्द्वादशादित्या रुद्रा वसवस्सर्वाणि च छन्दांसि । नारायणादेव समुत्पद्यन्ते । नारायणे प्रवर्तन्ते । नारायणे प्रलीयन्ते ।" (नारायणोपनिषद्)**

"બ્રહ્મા, શંકર, ઇન્દ્ર, પ્રજાપતિઓ, બાર સૂર્યો, અગિયાર રુદ્રો, આઠ વસુઓ અને ચારેય વેદ, આ બધા ભગવાન નારાયણમાંથી જ પ્રગટે છે, નારાયણથી જ પ્રવર્તે છે અને અંતે નારાયણમાં લીન થઈ જાય છે."

"વેદોના અર્થોને વિશદ કરવા માટે ભગવાન વેદવ્યાસજીએ બ્રહ્મસૂત્રોની રચના કરેલી છે, જેમાં ભગવાન વેદવ્યાસજી કહે છે કે, **जन्माद्यस्य यतः ।** (ब्रह्मसूत्र –अ–૧, पाद–૧, सूत्र–૨) જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું મૂળ કારણ ભગવાન નારાયણ છે, એ જ પરમ પ્રાપ્ય અને ઉપાસ્ય છે."

ભગવાન વેદવ્યાસજી લિંગ પુરાણમાં કહે છે, "સર્વ શાસ્ત્રનું દોહન કરતા અમને એક નવનીત પ્રાપ્ત થયું છે અને એ છે... **'ध्येयो नारायणो हरिः'** (लिङ्गपुराण–૭–૧૧–૨) ભગવાન નારાયણ જ ધ્યેય અને ઉપાસ્ય છે." "એ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ – જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ આ સર્વના સ્વામી છે. માટે હે ભક્તજનો! એ પરમાત્મા 'સ્વામિનારાયણ' કહેવાય છે. આ સ્વામિનારાયણ મહામંત્ર ચાર વેદ, અઢાર પુરાણાદિક સર્વ સત્શાસ્રોનો સાર છે."

મહામંત્ર અર્થ પ્રકાશ

ભગવાન શ્રી નીલકંઠવર્ણીના મુખારવિંદમાંથી વરસતાં અમૃતવચનોનું પાન કરીને સર્વ સભા ધન્ય થઈ રહી હતી. મુક્તમુનિએ ફરીથી હાથ જોડી પ્રશ્ન કર્યો, "વર્ણીરાજ! અમને આ મહામંત્રનો અર્થ સમજાવો."

નીલકંઠવર્ણી બોલ્યા, "મુક્તમુનિ! સ્વામિનારાયણ મહામંત્રનો અર્થ સાગરથી પણ અગાધ અને આકાશથી પણ અનંત છે. સાગરને પી ન શકાય; એમાંથી આચમન અવશ્ય કરી શકાય; એ જ ન્યાયે આ મહામંત્રના અર્થનો સાર આપને કહું."

સંસ્કૃત ભાષાની દૃષ્ટિએ 'નારાયણ' મંત્રનો અર્થ નીચે પ્રમાણે છે.

'नरात् जायते नारम् ।'
'नराणां समूहो वा नारम् ।'
'ईयते ईति अयनम् तथा अयति ईति च अयनम् ।'
'नारे अयनं यस्य सः नारायणः तथा च नराणां यो अयनः, अन्तिम विश्रामः, शरण्यश्च सः नारायणः ।'

'નારાયણ' મંત્રમાં મૂળ શબ્દ નર છે. નિત્ય, નિર્વિકાર અને સદા સાકાર પરમાત્માને શાસ્રો નર કહે છે. ગુણધર્મથી પરમાત્માને સમાન હોવાથી સ્વરૂપથી શુદ્ધ આત્માઓ પણ નર કહેવાય છે.

નરમાંથી નાર શબ્દ બને છે. નાર સાથે અયન શબ્દ જોડાય છે અને વ્યાકરણના **'संज्ञायामगः'** સૂત્રથી નારાયણ સંજ્ઞા બને છે. જે પરાત્પર પરમાત્માનો બોધ કરાવે છે.

નાર શબ્દના ત્રણ અર્થ છે, પરમાત્માનું દિવ્ય તેજ, ચેતન તત્ત્વનો સમુદાય અને અચેતન તત્ત્વનો સમુદાય.

સંસ્કૃત ભાષાની દૃષ્ટિએ અયન શબ્દના અનેક અર્થ છે, 'સર્વમાં વ્યાપીને રહેવું; પ્રલય સમયે સર્વને પોતામાં સમાવી લેવું; સર્વ કોઈ માટે આશરો કરવા યોગ્ય હોવું.'

"જડ-ચેતન સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ હોવાથી પરમાત્માને 'નારાયણ' કહેવાય છે."

"સમસ્ત જડ-ચેતન વિશ્વમાં વ્યાપક અને સર્વના ધારક હોવાથી પરમાત્માને નારાયણ કહેવાય છે."

"પરમાત્મા અંતર્યામીરૂપે જડ-ચેતન વિશ્વનું નિયમન કરે છે, માટે પરમાત્માને નારાયણ કહેવાય છે." "પ્રલયકાળે જડ-ચેતન સમસ્ત વિશ્વ પરમાત્માના ખોળામાં વિરામ કરે છે, માટે પરમાત્માને નારાયણ કહેવાય છે."

મુક્તિ માટે એ પરમાત્મા જ સર્વ પ્રકારે આશ્રય કરવા યોગ્ય છે, માટે એને નારાયણ કહેવાય છે.

"વાસ્તવમાં આ નારાયણ મંત્ર અસાધારણ રીતે પરમાત્માનો જ વાચક છે, પરંતુ સમય જતાં આ મંત્ર અનેક દેવો માટે વપરાવા લાગ્યો. ઉપરાંત, આ મંત્રની આગળ જાતજાતના વિશેષણો લગાડવામાં આવ્યા. જેમ કે વિરાટ્નારાયણ, સૂર્યનારાયણ વગેરે. જેને લીધે જાણે-અજાણે આ મંત્રના અર્થનું અવમૂલ્યન થયું. નારાયણ મંત્રના મૂળ અર્થને પુનઃ સ્થાપિત કરવા માટે અમે આ મંત્રની આગળ સ્વામી વિશેષણ જોડ્યું છે."

સંસ્કૃતમાં 'સ્વ' શબ્દના અર્થ છે ધન, સમૃદ્ધિ, ઐશ્વર્ય વગેરે.

આ અનંત વિશ્વની અનંત પ્રકારની ભોગ સમૃદ્ધિ, વૈભવ વગેરે સર્વના એકમાત્ર માલિક ભગવાન નારાયણ છે, બીજો કોઈ નથી. માટે તે 'સ્વામી' કહેવાય છે.

તૈતરિય ઉપનિષદમાં કહ્યું છે કે, **'पतिं विश्वस्य ।'** (तै. ना. उ. ११–३)

એ નારાયણ જડ-ચેતન વિશ્વના પતિ છે, અર્થાત્ સર્વના પાલક, નિયામક અને સ્વામી છે. નાના મોટા દેવી દેવતાઓ પાસે જે ભોગસમૃદ્ધિ છે તે ભગવાન નારાયણે આપેલી છે. 'સ્વ' શબ્દનો બીજો અર્થ છે 'ઐશ્વર્ય.' એટલે કે નિયમન સામર્થ્ય. ભગવાન નારાયણ – જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ સર્વના નિયંતા છે. માટે તે 'સ્વામી' કહેવાય છે.

અસાધારણ અર્થમાં ભગવાન નારાયણ સિવાય બીજો કોઈ સ્વામી નથી. અન્ય જગ્યાએ 'સ્વામી' શબ્દ વપરાયો હોય તો તે ગૌણ અર્થમાં હોય છે, મુખ્ય અર્થમાં નહીં.

ભગવાન નારાયણનું સ્વામિત્વ અનંત અને અમર્યાદિત છે. અન્યત્ર જે સ્વામિત્વ છે તે મર્યાદિત છે, ભગવાન નારાયણે આપેલું છે અને સેવકભાવે સહિત છે.

"જેમ કે, ઇન્દ્ર ત્રિલોકીનો સ્વામી છે, પણ વૈરાજનારાયણનો દાસ છે."

"વૈરાજપુરુષ એક બ્રહ્માંડના સ્વામી છે, પરંતુ અક્ષરબ્રહ્મના દાસ છે."

"અક્ષરબ્રહ્મ અનંત ઈશ્વરોના સ્વામી છે, પરંતુ પરબ્રહ્મના દાસ છે."

"પરબ્રહ્મ સર્વના સ્વામી છે, એ કોઈના દાસ નથી, માટે અસાધારણ અર્થમાં 'સ્વામી' વિશેષણ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણને જ લાગુ પડી શકે છે, બીજા કોઈને નહીં."

"આ રીતે આ 'સ્વામિનારાયણ' મહામંત્ર સર્વ કારણનાં કારણ, સર્વના સ્વામી, સર્વોપરી, સર્વાવતારી, પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણનો વાચક છે, માટે જ આ મંત્ર માત્ર મંત્ર નથી, મહામંત્ર છે. હાથીના પગલાંમાં બીજાં સર્વ પગલાં સમાઈ જાય, એ રીતે આ મહામંત્રમાં અન્ય સર્વ મંત્રોના અર્થ સમાઈ જાય છે."

નીલકંઠવર્ણીના મુખેથી મહામંત્રનો મહિમા સાંભળીને ભક્તજનોના અંતર અહો અહો પુકારી ઊઠ્યા.

સ્વામિનારાયણ એટલે કોણ?

મુક્તાનંદસ્વામીએ ભક્તજનોના અંતરમાં રહેલી એક બીજી જિજ્ઞાસાને વાચા આપતા પ્રશ્ન કર્યો, "વર્ણીરાજ! સ્વામિનારાયણ મહામંત્રનો અદ્ભુત અર્થ સાંભળીને અમે ધન્ય ધન્ય થયા છીએ, પરંતુ આપ જે અર્થ કરી રહ્યા છો એ તો પરમાત્માના પર સ્વરૂપનો બોધક છે."

"પરમાત્માનું પર સ્વરૂપ અમારાં ઇન્દ્રિયો-અંતઃકરણથી અગોચર છે, માટે એ સ્વરૂપમાં અમારાથી મંત્રનું અનુસંધાન થઈ શકે એમ નથી. માટે આપ કૃપા કરીને કહો

કે, આ મંત્રના અર્થનું અનુસંધાન અમારે પરમાત્માના કયા પ્રત્યક્ષ સ્વરૂપમાં કરવું?"

પોતાના પ્રશ્નને સ્પષ્ટ કરતા સ્વામી આગળ બોલ્યા, "જેમ રામ એટલે અયોધ્યાના દશરથનંદન 'ભગવાન શ્રીરામ.' જેમ કૃષ્ણ એટલે ગોકુળના નંદનંદન 'ભગવાન શ્રીકૃષ્ણ.' એમ સ્વામિનારાયણ એટલે કોણ?"

મુક્તમુનિની જિજ્ઞાસા પાછળનું એક કારણ હતું. નીલકંઠવર્ણીના અત્યાર સુધીમાં આઠ નામ પ્રસિદ્ધ હતા. નાનપણમાં માર્કન્ડેય મુનિએ એમનાં ત્રણ નામ પાડ્યાં હતાં. 'હરિ, કૃષ્ણ અને હરિકૃષ્ણ.' ભક્તિમાતા વગેરે એમને 'ઘનશ્યામ' કહેતા. જંગલના જોગીઓએ એમનું નામ 'નીલકંઠ' પાડ્યું હતું. લોજવાસીઓ એમને 'સરજુદાસ' કહેતા. સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ દીક્ષા આપીને બે નામ પાડ્યાં હતાં. 'નારાયણમુનિ' અને 'સહજાનંદસ્વામી.'

આમા ક્યાંય સ્વામિનારાયણ નામનો સમાવેશ જોવા મળતો નહોતો, એટલે સર્વના મનમાં 'સ્વામિનારાયણ એટલે કોણ?' આ પ્રશ્ન ઊઠવો સહજ હતો.

મુક્તાનંદ મુનિના મુખેથી આ જિજ્ઞાસા સાંભળતા નીલકંઠવર્ણી મંદ મંદ હસ્યા અને મર્મમાં બોલ્યા, "સ્વામી! સ્વામિનારાયણ કોણ? એ હમણાં નહીં, સમય જતા સમજાશે." આ રીતે વાત નીલકંઠવર્ણીએ અધૂરી મેલી.

"સ્વામિનારાયણ એટલે કોણ?" આ જિજ્ઞાસાના સમાધાન માટે નીલકંઠવર્ણીએ એક અનોખો જ માર્ગ લીધો.

હવે ઘટના એવી ઘટી, કે પૂર્વ ભારતનાં ઝરણાપરણા પ્રદેશના શીતળદાસ કરીને એક સંત દ્વારિકાની યાત્રાએ નીકળ્યા હતા. એમણે રામાનંદસ્વામીની ખ્યાતિ સાંભળી હતી, તેથી રામાનંદસ્વામીને શોધતાં શોધતાં સોરઠમાં આવ્યા હતા. આ સમયે રામાનંદસ્વામી ફરેણીમાં અંતર્ધાન થઈ ચૂક્યા હતાં.

આ વાત સાંભળીને શીતળદાસ ભારે દુઃખી અને નિરાશ થયા. તેઓ નીલકંઠ બ્રહ્મચારીને મળ્યા અને કહ્યું, "હું સદ્‌ગુરુ શોધવા નીકળ્યો હતો. માંડ માંડ સદ્‌ગુરુની ભાળ્ય મળી, પણ મારાં ભાગ્ય ફૂટલાં એથી મને સદ્‌ગુરુનો જોગ ન થયો." આમ કહી શીતળદાસ ભારે સંતાપ કરવા લાગ્યા.

નીલકંઠે એમને સમજાવવા ખૂબ જ પ્રયાસ કર્યો, પરંતુ શીતળદાસના દિલને જોઈએ તેવી શાતા વળી નહીં.

શીતળદાસે નીલકંઠ પાસે વિદાય માગતા કહ્યું, "નીલકંઠ! હવે અમને રજા આપો, અમે દ્વારિકા જઈશું."

નીલકંઠવર્ણીએ કહ્યું, "સાધુરામ! તમે થોડા દિવસ રહો. આપણે સાથે મળીને

સત્સંગ કરીશું.”

શીતળદાસ બોલ્યા, “નીલકંઠ! જેમની સાથે કાયમ રહેવું હતું, એ સદ્‌ગુરુ તો સ્વધામ સિધાવ્યા. હવે અમને એમના સિવાય તમારા જેવા દૂબળા-પાતળા સાથે રહેવાનું નહીં ફાવે!”

શીતળદાસની વાત સાંભળીને નીલકંઠ મનોમન હસ્યા અને બોલ્યા, “શીતળદાસ! તમારે જવું હોય તો અમારી ના નથી, પરંતુ રામાનંદસ્વામીના ચૌદમાનો વિધિ પતી જાય પછી સુખેથી સિધાવજો.”

નીલકંઠવર્ણીની વાત માનીને શીતળદાસે થોડો સમય રહેવાનો નિર્ધાર કર્યો. રામાનંદસ્વામીના ચૌદમાનો વિધિ પૂર્ણ કરી વર્ણીરાજે વિશાળ સભા ભરી. સભામાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂન થઈ રહી હતી. શીતળદાસ સભામાં બેઠા હતા. નીલકંઠવર્ણીએ શીતળદાસજીની સામે દૃષ્ટિ સ્થિર કરી. એ જ સમયે કોણ જાણે શું થયું? શીતળદાસના નાડી-પ્રાણ ખેંચાઈ ગયાં અને સમાધિ લાગી ગઈ!

સમાધિમાં એમને આઠ આવરણથી પાર મહાતેજોમય અક્ષરધામના દર્શન થયા. અક્ષરધામના મધ્યભાગે દિવ્ય સિંહાસન ઉપર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ વિરાજમાન હતા. એ દિવ્ય સિંહાસનને ચારેબાજુ ધામધામના અધિપતિઓ, અવતારો અને અનંત અક્ષરમુક્તોના વૃંદ વિરાજમાન હતા. સદ્‌ગુરુ રામાનંદસ્વામી પણ અહીં દિવ્ય દેહે વિરાજમાન હતા.

શીતળદાસ સમાધિમાં તેજોમય દિવ્ય ભૂમિકાનું દર્શન કરતાં કરતાં આનંદ અને અહોભાવ અનુભવી રહ્યા હતાં. એવામાં અચાનક એમણે પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની જગ્યાએ દૂબળા-પાતળા નીલકંઠવર્ણીને જોયા.

શીતળદાસના આશ્ચર્યનો પાર ન રહ્યો. એ જ સમયે સદ્‌ગુરુ રામાનંદસ્વામી એમની પાસે આવ્યા અને બોલ્યા, “સાધુરામ! તમે જેમનાં દર્શન માટે આતુર હતા, એ જ રામાનંદસ્વામી અમે છીએ અને તમે જેને દૂબળા-પાતળા બ્રહ્મચારી માનો છો, એ જ અક્ષરધામના અધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે. અમારાં જેવા અનંત અક્ષરમુક્તો એમની દાસભાવે ઉપાસના કરે છે.”

રામાનંદસ્વામીની વાત સાંભળી શીતળદાસ થોડી વાર રામાનંદસ્વામી સામે અને થોડી વાર દૂબળા-પાતળા બ્રહ્મચારી સામે જોવા લાગ્યા. એનું મન ભારે દ્વિધા અનુભવી રહ્યું હતું.

નીલકંઠવર્ણીએ હસીને શીતળદાસની સામે જોયું એને બોલ્યા, “શીતળદાસ! અક્ષરધામમાં આવ્યા જ છો તો આ અનંત અક્ષરમુક્તોની એકસાથે પૂજા કરો.”

શીતળદાસ બોલ્યા, "પણ બ્રહ્મચારી! હું તો એક છું અને આ અક્ષરમુક્તો અનેક છે. એકથી અનેકની પૂજા એકસાથે કેમ થાય?"

નીલકંઠવર્ણીએ મંદ હાસ્ય સાથે કહ્યું, "સાધુરામ! અહીં તમારી સમક્ષ ધામધામના અધિપતિઓ, વિભૂતિઓ અને અક્ષરમુક્તો વિરાજમાન છે. તમે ક્રમશઃ તેમના નામ લઈને સંકલ્પ કરો કે, જો એ સર્વ કારણના કારણ અને સર્વોપરી ભગવાન હોય તો મારા એકસાથે અનંત રૂપ પ્રગટે."

શીતળદાસે એક એકના નામ લઈને સંકલ્પ કરી જોયા પણ અનંત રૂપો ન થયા. પછી નીલકંઠવર્ણીએ કહ્યું, "શીતળદાસ! તમે સંકલ્પ કરો કે આ રામાનંદસ્વામી સર્વોપરી ભગવાન હોય તો હું અનંતરૂપે થાઉં!"

શીતલદાસે સંકલ્પ કર્યો, પણ અનંત રૂપો ન થયા. પછી નીલકંઠવર્ણીએ પોતાની છાતી ઉપર હાથ મૂકીને કહ્યું, "શીતળદાસ! હવે તમે સંકલ્પ કરો કે, આ દૂબળા-પાતળા બ્રહ્મચારી સર્વોપરી ભગવાન હોય, તો હું અનંતરૂપે થાઉં."

શીતળદાસે જેવો આ સંકલ્પ કર્યો, કે એ જ સમયે અગ્નિમાંથી અનંત તણખાઓ પ્રગટે એમ શીતળદાસના શરીરમાંથી અનંત શીતળદાસ પ્રગટ્યા. શીતળદાસે અનેક રૂપે અનંત મુક્તોની એક સાથે પૂજા કરી!

શીતળદાસના અંતરમાં આનંદનો પાર ન રહ્યો. હવે એમને દૂબળા-પાતળા બ્રહ્મચારીનો મહિમા યથાર્થ સમજાઈ ગયો હતો. શીતળદાસ સમાધિમાંથી જાગ્યા; સમાધિમાં પોતાને જે અનુભવ થયો, એની વાત કરી અને ઘોષણા કરી, "ભક્તજનો! સ્વામિનારાયણ કોણ? એ પ્રશ્નનો ઉત્તર મળી ચૂક્યો છે. સ્વામિનારાયણ એટલે બીજું કોઈ નહીં; આ દૂબળા-પાતળા બ્રહ્મચારી જ સ્વયં સ્વામિનારાયણ છે."

શીતળદાસની વાત સાંભળતા જ વિશાળ સભામાંથી ગગનભેદી અવાજ ઊઠ્યો, "સ્વામિનારાયણ ભગવાનની જય..."

શીતળદાસની અનુભૂતિથી નામ અને નામીનો અદ્‌ભુત સંગમ સર્જાયો હતો. સહજાનંદસ્વામી હવે 'ભગવાન શ્રી સ્વામિનારાયણ'ના નામે ઓળખાવા લાગ્યા અને ઉદ્ધવ સંપ્રદાયે 'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય'ના નામે આગવું કલેવર ધર્યું.

શીતળદાસ કાયમ માટે દૂબળા-પાતળા બ્રહ્મચારીનાં ચરણે સમર્પિત થયા! ભગવાન શ્રી સ્વામિનારાયણે એમનું નામ 'વ્યાપકાનંદસ્વામી' પાડ્યું. તેઓ મહાન યોગી, સમાધિનિષ્ઠ અને વચનસિદ્ધ સંત હતાં. મડદાં બેઠાં કરવાની એમનામાં તાકાત હતી, છતાં તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના દાસ થઈને રહેતા હતા. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ગ્રંથોમાં આ વ્યાપકાનંદસ્વામીના અનેક ચમત્કારિક પ્રસંગો પ્રસિદ્ધ છે.

આ રીતે ઉદ્ધવ સંપ્રદાયમાં 'સ્વામિનારાયણ' મહામંત્રનું પ્રવર્તન થયું. ઘરે ઘરે અને ગામડે ગામડે સ્વામિનારાયણ મહામંત્રનું સંકીર્તન થવા લાગ્યું.

નૈષ્ઠિક બ્રહ્મચારી મૂળજી

ઉદ્ધવાવતાર સદ્‌ગુરુ રામાનંદસ્વામીના અંતર્ધાન બાદ એમનો વિશાળ ગૃહસ્થ-શિષ્ય સમુદાય નીલકંઠવર્ણીમાં જોડાયો હતો અને ગુરુદેવનાં વચને નીલકંઠવર્ણીને ભગવાન માનીને પૂજતો હતો. રામાનંદસ્વામીના સેંકડો શિષ્ય-સંતોએ પણ ગુરુદેવનાં વચને નીલકંઠવર્ણીનાં ચરણે પોતાનાં જીવન સમર્પિત કરી દીધાં હતાં. વીસ વર્ષના યુવાન નીલકંઠનું વ્યક્તિત્ત્વ અદ્‌ભુત હતું. એમના નેણ અને વેણમાં જબરાં કામણ હતાં. એમનું દર્શન સર્વને આકર્ષિત કરી લેતું હતું.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીનાં શિષ્યમંડળમાં મુકુંદાનંદ બ્રહ્મચારી હતા. તેઓનું મૂળ નામ મૂળજી હતું. મૂળજી ઝાલાવાડના મછિયાવ ગામના હતા. જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. તેઓ પૂર્વના મુક્ત હતા. આઠ વર્ષે માતાપિતાએ જનોઈ આપી, ત્યારે જ એમણે આજીવન બ્રહ્મચર્ય પાળવાનો નિયમ લઈ લીધો હતો. નાની ઉંમરે દ્વારકા યાત્રા કરવાના બહાને એમણે ઘર છોડી દીધું હતું. વાસ્તવમાં એમનો ઉદ્દેશ્ય સદ્‌ગુરુની શોધ કરવાનો હતો. તેઓએ રામાનંદસ્વામીની કીર્તિ સાંભળી હતી. રામાનંદસ્વામી લોજ બિરાજી રહ્યા હતા. મૂળજી રામાનંદસ્વામી પાસે આવ્યા, જીવન સમર્પિત કર્યું. રામાનંદસ્વામીએ એમને વૈષ્ણવી દીક્ષા આપી 'મુકુંદાનંદ બ્રહ્મચારી' નામ પાડ્યું.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીનાં અંતર્ધાન બાદ તેઓ આજીવન ભગવાન શ્રી સ્વામિનારાયણના અંગત સેવક રહ્યા હતા. શુકદેવજીની જેમ તેમની આંખમાં સ્ત્રી-પુરુષનો કોઈ ભેદ નહોતો. એમનું મન પરમ વિતરાગી અને નિર્વિકારી હતું. એમના અંતરમાં ભગવાન સિવાય ક્યારેય કોઈ બીજો ઘાટ થતો ન હતો. તેઓ અંતરથી મહા નિષ્કામી હતા.

એમનું નૈષ્ઠિક ઊર્ધ્વરેતસ બ્રહ્મચર્ય જોઈને સ્વામિનારાયણ સંપ્રદાયમાં એમની તુલના હનુમાનજી સાથે થતી હતી. એમનું નામ મુકુંદાનંદ બ્રહ્મચારી હતું, પણ બધા એમને 'મૂળજી બ્રહ્મચારી' કહીને જ બોલાવતા.

મૂળજી બ્રહ્મચારીના ભોળપણ, પવિત્રતા અને સરળતા સત્સંગમાં પ્રસિદ્ધ છે. તેઓ ભારે શ્રદ્ધાથી ભગવાન શ્રી સ્વામિનારાયણની સેવા કરતા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ મૂળજી બ્રહ્મચારીની ગમે એટલી કપરી કસોટી કરે, પણ મૂળજી બ્રહ્મચારીની શ્રદ્ધામાં સહેજ પણ ઓટ આવતી ન હતી.

એક સમયની વાત છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ મૂળજી બ્રહ્મચારીની સાથે ભાદરા પધાર્યા હતા. ભાદરામાં બ્રહ્મચારી પોતાનાં જોડાંને તેલ ચોપડી રહ્યા હતા. એ વખતે ભાવિક ભક્ત વશરામ સુથાર ત્યાં આવ્યા. એણે મૂળજી બ્રહ્મચારી પાસેથી પરાણે જોડાં લઈ લીધાં અને તેલ ચોપડવા માંડ્યા. બરાબર એ જ વખતે ભગવાન શ્રી સ્વામિનારાયણ ત્યાંથી પસાર થયા, એમણે આ જોયું.

અંતર્યામી મહારાજને* બધી જ ખબર હતી, પણ તેમને તો બ્રહ્મચારીની કસોટી કરવી હતી એટલે ભારે ઠપકો દઈ બ્રહ્મચારીને કહ્યું, "તારાં જોડાં તું બીજા પાસે ચોપડાવે છે, તું સેવક શાનો? આજથી તારે જોડાં પહેરવાના નથી, એ તારી સજા!"

મૂળજી બ્રહ્મચારીએ કહ્યું, "ભલે, મહારાજ! નહિ પહેરું."

એક વાર મહારાજે મૂળજી બ્રહ્મચારીને વગર વાંકે વાંકમાં લઈ ઘી-ગોળ ખાવાના બંધી કરી દીધાં. બ્રહ્મચારીએ હસતે મોંઢે એ બંધી સ્વીકારી લીધી.

એક દિવસ મહારાજે વગર કારણે બ્રહ્મચારીને પોતાની અંગત સેવામાંથી છૂટા કરી દીધા, છતાં બ્રહ્મચારીના અંતરમાં મહારાજ પ્રત્યેનો ભાવ સહેજ પણ ઓછો થયો ન હતો.

મહારાજે સેવામાંથી કાઢી મેલ્યાં એટલે બ્રહ્મચારી જેતલપુર જઈ ભાઈ રામદાસજીની પાસે જઈને રહ્યા. ભાઈ રામદાસજીનો સ્વભાવ મા જેવો હતો. એમણે બ્રહ્મચારીને ભારે હેતથી સાચવ્યા.

એવામાં ઉનાળાનો સમય આવ્યો. ગુજરાતમાં કેરીઓ સારી પાકી હતી. આજે જેમ સોરઠની કેસર કેરી વખણાય છે, એમ એ સમયે ગુજરાતની દેશી કેરીઓ વખણાતી.

ભાઈ રામદાસજીને મનમાં થયું કે, 'મહારાજને કેરીઓ મોકલવી છે, પણ આ ઉનાળાના ધોમધખતા તાપમાં ગુજરાતથી કાઠિયાવાડ સુધી કેરીઓ લઈને કોણ જાય?'

મૂળજી બ્રહ્મચારીએ કહ્યું, "સ્વામી! આપની આજ્ઞા હોય તો હું કેરીઓ લઈને મહારાજને પહોંચાડું."

સ્વામીએ કહ્યું, "બ્રહ્મચારી! તો તો બહુ સારું."

ભાઈ રામદાસજીની આજ્ઞા મેળવી મૂળજી બ્રહ્મચારી વજનદાર કેરીનો ટોપલો માથે લઈને ચાલતા થયા. ઉનાળાનો આકરો તાપ હતો, ધરતી અગ્નિ જેવી તપતી હતી, બ્રહ્મચારીને જોડાં પહેરવાની બંધી હતી એટલે બ્રહ્મચારી ઉઘાડે પગે પંથ કાપી રહ્યા હતા. પોતાના શરીરની એને પરવા નહોતી. 'કેટલા દિવસ પછી મહારાજનાં દર્શન થશે'

* આ ગ્રંથમાં મહારાજ, શ્રીજી મહારાજ, શ્રીહરિ વગેરે શબ્દો ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે વપરાયા છે.

એવી અભિલાષાથી તેઓ ઉતાવળી ગતિએ ગઢપુર તરફ જઈ રહ્યા હતા.

બ્રહ્મચારી ગઢપુર પહોંચ્યા, મહારાજનાં દર્શન કર્યાં, કેરીનો ટોપલો મહારાજની આગળ મૂક્યો. મહારાજ જાણતા હતા કે, 'બ્રહ્મચારી દૂરથી ઉઘાડે પગે કેરીનો ટોપલો ઉપાડીને આવ્યા છે' છતાં એમણે બ્રહ્મચારીને બોલાવ્યા નહિ, સામે પણ જોયું નહિ. મહારાજ બ્રહ્મચારીને હજુ વધારે કસોટીની એરણે કસવા માગતા હતા.

બ્રહ્મચારીની જગ્યાએ બીજો હોત તો ક્યારનોય પોતાનો મારગ પકડી લીધો હોત, પરંતુ આ તો બ્રહ્મચારી હતા! મહારાજ ગમે એટલા તિરસ્કાર કરે પણ બ્રહ્મચારીની શ્રદ્ધા સહેજ પણ ઊણી થાય તેમ ન હતી.

મહારાજની નારાજગીનું કારણ સમજાતું નહોતું. એટલે બ્રહ્મચારી મનોમન ભારે મૂંઝવણ અને અકળામણ અનુભવતા હતા. કોઈ પણ ભક્તને પોતાના ઈષ્ટદેવ નારાજ રહે, એ કેમ પોષાય?

મહારાજે બોલાવ્યા નહીં એટલે નિરાશ થયેલા બ્રહ્મચારી એક સુથારબાઈના ઘરે જઈને ઊતર્યા. બાઈએ બ્રહ્મચારીને ભાવથી આવકાર્યા અને સઘળા સમાચાર પૂછ્યા. ભલાભોળા બ્રહ્મચારીએ બધી બીના સંભળાવી.

બ્રહ્મચારીની વાત સાંભળી ડોશીમાને બ્રહ્મચારીની ભારે દયા આવી. એમણે બ્રહ્મચારીને કહ્યું, "દૂરથી થાક્યા-પાક્યા આવ્યા છો, લ્યો આ ઘી-ગોળ, લોટ વગેરે સીધુ, રસોઈ કરો અને જમો."

બ્રહ્મચારીએ ઘી-ગોળ એક બાજુ મૂક્યાં અને એકલા લોટની બાટી કરી જમવા લાગ્યા.

ડોશીમાએ પૂછ્યું, "આ ઘી-ગોળ કેમ ન વાપર્યાં?"

બ્રહ્મચારીએ કહ્યું, "મહારાજે મને ઘી-ગોળ ખાવાની બંધી કરી છે."

બ્રહ્મચારીની વાત સાંભળીને ડોશીમાને ખીજ ચઢી. તેઓ સીધા મહારાજ પાસે ગયા અને મહારાજને ઠપકો આપતા કહ્યું, "ભગવાન થઈને આવા નમેરા કેમ થયા છો? ઓલો બિચારો બ્રહ્મચારી ઉનાળાના ધોમધખતા તાપમાં ઉઘાડે પગે આવ્યો એને બોલવતા પણ નથી! બિચારો કેટલો થાક્યો છે? એને ખાવા-પીવાનુંય પૂછતા નથી! તમારામાં દયા-માયાનો છાંટો છે કે નહીં?"

સુથાર ડોશીનો ઠપકો સાંભળી મહારાજ મંદ મંદ હસ્યા અને બોલ્યા, "મા! અમારા વતી તમે જ તેને સાચવજો અને કાલે બપોરે અમારી પાસે મોકલજો."

બીજે દિવસે બ્રહ્મચારી ડોશીમાના કહેવાથી મહારાજના દર્શને આવ્યા. બ્રહ્મચારીએ જોયું તો મહારાજ એકલી રોટલી જમી રહ્યા હતા. બ્રહ્મચારી ભોળા ભાવે બોલ્યા, "અરે! આ મહારાજ તો એકલા ભાખરાં ખાય છે. કાલે કેવી સરસ કેરી આવી છે, કોઈ એને

રસ તો કાઢી દીયો. મારી હાર્યે તો વાંધો પડ્યો છે, એટલે મારા હાથનું નહિ લીયે!"

ભોળા બ્રહ્મચારીની વાત સાંભળી મહારાજ હસવા માંડ્યા અને બોલ્યા, "બ્રહ્મચારી! તમે જ કેરીનો રસ કાઢી અમને પીરસો. બીજાના હાથનો રસ મને નહિ ભાવે!"

મહારાજની વાત સાંભળીને બ્રહ્મચારી રાજીના રેડ થઈ ગયા. બ્રહ્મચારીએ કહ્યું, "તો આટલા દિ' શું કરતા હતા?"

મહારાજ હસીને કહે, "એ તો કાળ-દુકાળે કોદરા ખાવા પડે તેમ દા'ડા કાઢતા હતા. લ્યો, હવે તમે પાછા અમારી સેવામાં જોડાઈ જાવ." આમ, બ્રહ્મચારીની કસોટી પૂરી થઈ. બ્રહ્મચારી પાછા શ્રી હરિની અંગત સેવામાં જોડાઈ ગયા.

મહારાજની કૃપાથી બ્રહ્મચારીની સ્થિતિ સમાધિનિષ્ઠ બની. તેઓને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ – આ ત્રણેય અવસ્થામાં મહારાજની મૂર્તિ અખંડ દેખાવા લાગી.

ભરતપુરના મહારાજાએ ભેખ લીધો!

રામાનંદસ્વામીના શિષ્યમંડળમાં એક એકથી ચડિયાતા સિદ્ધ પુરુષો હતા. આનંદાનંદસ્વામી એમાંના એક હતા. તેઓ પૂર્વાશ્રમમાં ભરતપુરના મહારાજા હતા. એમનું નામ નવલસિંહજી હતું. એ જમાનામાં ભરતપુર રાજ્ય ઘણું વિશાળ અને વિખ્યાત ગણાતું. આનંદસ્વામીના પૂર્વજ મહારાજાઓએ હિંદુ ધર્મની રક્ષા માટે ઔરંગઝેબ સામે લડાઈઓ લડેલી.

આનંદસ્વામી આ વિશાળ રાજ્યના વારસદાર હતા, શૂરવીર અને શાણા હતા. નાનપણથી જ તેમને સાધુસંતોના સંગમાં વિશેષ રુચિ હતી. દોમદોમ સત્તા અને સાહ્યબી વચ્ચે રહેવા છતાંય તેઓ નિર્લેપ રહ્યા હતા. તથાગત બુદ્ધની જેમ તેમને યુવાનવયે વૈરાગ્ય થયો હતો. સર્પ જેમ કાંચળીને ઉતારે એમ તેઓએ રાજપાટનો ત્યાગ કર્યો હતો.

સદ્‌ગુરુની શોધમાં તેઓ અયોધ્યા પહોંચ્યા હતા. અહીં સુપ્રસિદ્ધ શ્રી રામગલોલાજીના અખાડામાં વૈષ્ણવી દીક્ષા લીધી હતી. ગુરુએ તેમનું નામ 'લક્ષ્મણદાસ' રાખ્યું હતું.

એક દિવસ લક્ષ્મણદાસના અંતરમાં દ્વારિકાદર્શન કરવાની ઇચ્છા થઈ. સદ્‌ગુરુની રજા લઈને તેઓ નીકળ્યા. હાર્યે ઊંટ, ઘોડા અને હાથી હતાં. સંઘમાં પચાસથી વધારે વૈરાગીઓ હતા. એ જમાનાની રીત પ્રમાણે આ જમાત અસ્ત્ર-શસ્ત્રથી સજ્જ હતી.

લક્ષ્મણદાસજી દેખાવે ભારે પ્રભાવશાળી હતા. લલાટમાં રાજતેજ ઝળહળતું હતું. તેઓ ભારે રાજસી ઠાઠમાઠથી રહેતા હતા. સોનાની માળા, સોનાનાં કડાં અને સોનાનાં વેઢ-વીંટીઓ પહેરતાં હતાં. તેઓ વૈરાગી થયા હતા, પણ વેશ તો રાજા જેવો જ રાખ્યો હતો. એમને વૈરાગ્યનો સાચો વેશ પહેરાવે એવા સદ્‌ગુરુ હજુ મળ્યા નહોતા.

લક્ષ્મણદાસે જમાત સાથે ગુજરાતમાં પ્રવેશ કર્યો અને દ્વારિકાના માર્ગે આગળ વધ્યા, ત્યારે સદ્‌ગુરુ રામાનંદસ્વામીની કીર્તિ સાંભળી. એમણે સાંભળ્યું કે, 'રામાનંદસ્વામી ઈશ્વરનો અવતાર ગણાય છે! અપાર સામર્થ્યવાન છે! અંતરની વાત જાણી જાય છે! શિષ્યોના ચંચળ મનને સ્થિર કરાવે છે અને અંતરમાંથી ધન-સ્રીની વાસના ટાળી નાખે છે!'

લક્ષ્મણદાસને રામાનંદસ્વામીના દર્શનની ઇચ્છા થઈ. રામાનંદસ્વામી એ સમયે લોજમાં વિરાજતા હતા. લક્ષ્મણદાસ લોજ પધાર્યા.

રામાનંદસ્વામીનાં દર્શન કરતાં જ આ વૈરાગીઓના અધિપતિનું મન ભારે શાંતિ અનુભવવા લાગ્યું. આજ સુધી એમણે અનેક સંતો, મહંતો, વૈરાગીઓ જોયા હતા પણ રામાનંદસ્વામીની ભાત સર્વથી જુદી પડતી હતી. સ્વામીના મુખારવિંદ ઉપર શ્રી હરિના સાક્ષાત્કારના તેજોવલય રમતાં હતાં!

સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ લક્ષ્મણદાસજીને મીઠો આવકાર દીધો. કુશળ પ્રશ્ન અને પરિચય પૂરો થયા બાદ રાજસી વૈરાગીને રામાનંદસ્વામીએ ટકોર કરી, "સાધુરામ! રાજ છૂટ્યું પણ રજોગુણ ન છૂટ્યો? વૈરાગીને આવા ઠાઠ ન પોસાય!"

સદ્‌ગુરુ રામાનંદસ્વામીનાં વેણે લક્ષ્મણદાસનો આત્મા જાગી ઊઠ્યો. ધરતીને મેઘનો સંબંધ થાય અને ધરતીનાં ગર્ભમાં રહેલાં બીજ પાંગરી ઊઠે એમ સદ્‌ગુરુ રામાનંદસ્વામીના સંગથી લક્ષ્મણદાસના હૃદયમાં સાચા વૈરાગ્યનાં અંકુરો પાંગરી ઊઠ્યાં. લક્ષ્મણદાસના મનમાં થયું, મેં જેને માટે રાજપાટ છોડ્યાં છે એ હેતુ સિદ્ધ કરાવે એવા સદ્‌ગુરુ મને આજ મળ્યા. લોજમાં પાંચ-પાંચ દિવસ વીતી ગયા, પણ લક્ષ્મણદાસને હવે આ સદ્‌ગુરુને છોડીને ક્યાંય જવાનું મન થતું ન હતું. દ્વારિકાની યાત્રા એકબાજુ રહી ગઈ. સાથેના વૈરાગીઓ અકળાવા લાગ્યા અને દ્વારિકા જવા માટે ઉતાવળ કરવા લાગ્યા. લક્ષ્મણદાસે કહ્યું, "મારે તો હવે અહીં જ અહ્ને દ્વારકા છે. અડસઠ તીરથ સદ્‌ગુરુનાં ચરણમાં રહે છે. બીજાં તીર્થોમાં તન ધોવાય છે, સદ્‌ગુરુનાં ચરણરજનાં સ્નાનથી મનનાં મેલ ધોવાય છે, માટે મારે હવે ક્યાંય જવું નથી."

વૈરાગીઓને થયું, લક્ષ્મણદાસ પાગલ થયા છે. આ ભ્રમી બાવાએ તેના ઉપર ભૂરકી છાંટી દીધી છે. તેઓ ધાંધલ ધમાલ કરવા તૈયાર થયા ત્યારે લક્ષ્મણદાસે કહ્યું, "ખબરદાર! જો કાંઈ ધમાલ કરી છે તો?"

લક્ષ્મણદાસનો પ્રભાવ અને પ્રતાપ જબરા હતા. એમની હાકલે બાવાઓ શાંત થઈ ગયા. લક્ષ્મણદાસે કહ્યું, "આજથી તમે સ્વતંત્ર છો. જેને જવું હોય તે જઈ શકો છો અને રોકાવું હોય તે રોકાઈ શકો છો." આટલું કહીને એમણે શરીર ઉપરથી સોનાનાં

શણગાર ઉતારી નાખ્યા. કંઠમાં રહેલી કનકની માળા, કનકનાં કડાં, કનકનાં વેઢ્ય અને વીંટીઓનો ઢગલો કર્યો અને કહ્યું, “લ્યો આ સોનું અને સંપત્તિ. અયોધ્યામાં જઈને ગુરુજીને દેજ્યો અને મારા છેલ્લા પ્રણામ કહેજ્યો. હવે સદ્‌ગુરુ રામાનંદસ્વામી એ જ મારા જીવનના તારણહાર છે.”

લક્ષ્મણદાસની વાત સાંભળીને જે વૈરાગીઓ દૈવી હતા, એમનાં હૃદય ભરાઈ આવ્યાં. સાચો વૈરાગ્ય શું કહેવાય તેનો એમને બોધ થયો. તેઓએ લક્ષ્મણદાસજીની સાથે જ રહેવાનો નિર્ણય કર્યો. બાકીના રજા લઈને દ્વારિકા ગયા.

વૈરાગી લક્ષ્મણદાસે સદ્‌ગુરુ રામાનંદસ્વામી પાસેથી ફરીથી વૈષ્ણવી દીક્ષા લીધી. આડંબરી વેષને ઉતારી સાચા વૈરાગીનો વેષ ધારણ કર્યો. રામાનંદસ્વામીએ એમનું ‘આનંદાનંદસ્વામી’ નામ પાડ્યું.

સદ્‌ગુરુ રામાનંદસ્વામી અંતર્ધાન થયા પછી આનંદાનંદસ્વામીએ રામાનંદસ્વામીની આજ્ઞા પ્રમાણે ભગવાન શ્રી સ્વામિનારાયણને પોતાનું જીવન સમર્પિત કર્યું હતું.

મોટી ખેડ્ય રાહ જુએ છે!

ઉદ્ધવ સંપ્રદાયને ભગવાન શ્રી સ્વામિનારાયણ જેવા કર્ણધાર મળ્યા, તેથી એકબાજુ ભક્તજનોને અંતરમાં આનંદ હતો, પરંતુ બીજી બાજુ રામાનંદસ્વામીની વિદાયથી શોકનું વાતાવરણ હજુ શાંત થયું ન હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સોરઠમાં વિચરી રહ્યા હતા અને રામાનંદસ્વામીનો શૂન્યાવકાશ દૂર કરી રહ્યા હતા. એક વાર એમણે મુક્તાનંદસ્વામીને કહ્યું, “સ્વામી! તમે કચ્છ પધારો અને એ દૂર વસતા ભક્તજનોના શોકસંતપ્ત હૈયાને શાંત કરો.”

એ જ રીતે એમણે ભાઈ રામદાસજીને કહ્યુ, “ભાઈ! તમે ગુજરાતમાં જાઓ અને ત્યાંના ભક્તોને સાંત્વના આપો.”

‘સ્વામીરામદાસજી’ રામાનંદસ્વામીએ સાધુઓને દીક્ષા આપી હોય એવા સંતોમાંના પ્રથમ સંત હતા. વાત એમ બની હતી કે વૃંદાવનમાં ભગવાન શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર કરી રામાનંદસ્વામી સોરઠ તરફ જઈ રહ્યા હતા. રસ્તામાં મહી નદીને કિનારે કાનમ દેશનું સારંગ ગામ આવ્યું. ગામની સીમમાં એક ખેડૂ સાંતી હાંકી રહ્યો હતો. એનું નામ ‘રામ’ હતું.

રામાનંદસ્વામીએ દૂરથી એ યોગભ્રષ્ટ આત્માની મુમુક્ષુતાને પારખી લીધી. રામાનંદસ્વામી રામની સમીપે ગયા અને બોલ્યા, “એલા રામ! માનવદેહ ભજન કરવા માટે મળ્યો છે, સંસારની ખેડ્ય કરવા માટે નહીં!”

તેજીને ટકોરો બસ. સદ્‌ગુરુ રામાનંદસ્વામીનાં એક વેણે રામનો આત્મા જાગી ગયો. સ્વામીનાં વચનમાં રહેલા મર્મને રામ સમજી ગયો. સાંતી હાંકવાનું પડતું મેલ્યું. મા-બાપ, સગાસંબંધી કોઈને પૂછવા પણ ન રોકાયો અને રામાનંદસ્વામીની પાછળ ચાલી નીકળ્યો. વાત કરવી-સાંભળવી સહેલી છે, પરંતુ આ રીતે સદ્‌ગુરુનાં એક જ વેણે સંસારના બંધનો તોડીને સંન્યાસનો માર્ગ લઈ લેવો એ કાંઈ સાધારણ વાત નથી!

રામાનંદસ્વામીએ એને ભાગવતી દીક્ષા આપી; નામ પાડ્યું ‘સ્વામી રામદાસજી’. સ્વામી રામદાસજી ઉંમરમાં સર્વથી મોટા હોવાથી બધા એમને ‘ભાઈ રામદાસજી’ કહીને બોલાવતા.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીની કૃપાથી ભાઈ રામદાસજીમાં સાધુતા સોળે કળાએ ખીલી હતી. દૂધમાં સાકર ભળે એમ એમણે પોતાનું અસ્તિત્ત્વ સદ્‌ગુરુ રામાનંદસ્વામીમાં ઓગાળી નાખ્યું હતું. એમનું હૃદય માતાની સમાન વાત્સલ્યપૂર્ણ હતું. તેઓ ભારે હેતથી સંતો-હરિભક્તોને સાચવતા અને તેમની મુમુક્ષુતાનું પોષણ કરતા.

રામાનંદસ્વામી અંતર્ધાન થયા બાદ એમણે પોતાનું જીવન ભગવાન શ્રી સ્વામિનારાયણને શરણે સમર્પિત કર્યું હતું અને જેવી રામાનંદસ્વામીમાં નિષ્ઠા હતી, તેથી સવાઈ નિષ્ઠા એમણે સહજાનંદસ્વામીમાં રાખી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ ભાઈ રામદાસજીને વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ જાણીને કાયમ એમની આમન્યા જાળવતા.

પાછલી ઉંમરમાં ભાઈરામદાસજી મોટા ભાગે ગઢપુરમાં રહેતા અને સંતોને ધ્યાન-ભજનની રીત શીખવતા.

વૃદ્ધાવસ્થાને લીધે તેમનું શરીર ક્ષીણ થયું હતું. એમણે સ્વધામ જવાનો સંકલ્પ કરી લીધો હતો. શરીર છોડવાને આગલે દિવસે એમણે સર્વ સંતોને એકઠા કર્યાં. ભગવાન શ્રી સ્વામિનારાયણ કારિયાણી બિરાજતા હતા, ત્યાંથી તેડાવી લીધા.

પોતે જાતે પુષ્પોની માળા ગૂંથી; ચંદન ઘસીને તૈયાર કર્યું; ભગવાન શ્રી સ્વામિનારાયણનું પૂજન કર્યું અને બોલ્યા, “પરમહંસો! આ મહારાજને સાધારણ જાણશો મા. આ તો સર્વોપરી, સર્વ કારણના કારણ, સર્વાવતારી ભગવાન છે. આવતી કાલે એમની હાજરીમાં હું શરીર છોડીશ.”

વળતા દિવસે મધ્યાહ્ન સમયે ભાઈ રામદાસજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણની હાજરીમાં સ્વતંત્ર થકા શરીર છોડ્યું. ગઢપુરથી પૂર્વ બાજુ ઘેલા નદીને કિનારે ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે એમનો અગ્નિસંસ્કાર કર્યો.

કપટી તેરા ભજન કરતા હૂં!

રામાનંદસ્વામીના શિષ્યમંડળમાં મોટા મોહનદાસ વૈરાગી નામના એક સંત હતા. નીલકંઠવર્ણી જ્યારે નેપાળના જંગલમાં વિચરતા હતા, ત્યારે તેમને મોહનદાસ મળ્યા હતા.

મોહનદાસ ભારે મુમુક્ષુ હતા. આ વૈરાગીની ચિત્તવૃત્તિઓ નાનકડાં નીલકંઠે હરી લીધી હતી. તેઓ નીલકંઠવર્ણીની સાથે સાથે રહીને સેવા કરતા હતા; પોતાને હાથે રસોઈ કરીને નીલકંઠને જમાડતા હતા.

નીલકંઠવર્ણીનો સ્વભાવ એકાકી વિચરવાનો હતો. કોઈનો સાથ-સંગાથ એમને રુચતો ન હતો, એટલે તેઓ મોહનદાસને સાથે રાખવા માગતા ન હતા. સામે મોહનદાસ નીલકંઠનો સાથ છોડવા માગતા ન હતા.

સુકલકડી નીલકંઠની ચાલવાની ગતિ ભારે ઉતાવળી હતી. શરીરે સહેજ સ્થૂળ એવા મોહનદાસ નીલકંઠની હારે હાલી શકતા ન હતા. નીલકંઠે કહ્યું, "મોહનદાસ! તમે અમારી હાર્યે હાલી નહીં શકો, માટે તમે તમારે રસ્તે જાઓ. અમે અમારે રસ્તે જઈએ."

મોહનદાસને નીલકંઠ હાર્યે ભારે હેત બંધાઈ ગયું હતું, એટલે એમનાથી અળગા થઈ શકાય એમ ન હતું. એમણે કહ્યું, "નીલકંઠ! હું તમારો સાથ છોડી નહીં શકું, હું ગમે તેમ કરીને તમારી હાર્યે હાલવા પ્રયાસ કરીશ."

મોહનદાસથી પીંડ છોડાવવા માટે નીલકંઠે પહાડની સરળ પગદંડી પડતી મેલી, આડેધડ સીધું ચડાણ ચડવાનું શરૂ કર્યું. મોહનદાસ સીધું ચડી શકે તેમ નહોતા, છતાંય અથડાતાં-કૂટાતાં, પડતાં-આખડતાં, હાંફતાં-હાંફતાં નીલકંઠની પાછળ પાછળ પહાડ ઉપર ચડી રહ્યા હતા.

નીલકંઠ ઊંચા પર્વતની ટોચે પહોંચ્યા. અહીં વિશાળ, સપાટ મેદાન હતું, થોડે થોડે અંતરે જંગલી વૃક્ષોનાં ઝૂંડ શોભી રહ્યાં હતાં. નીલકંઠ એક વૃક્ષની નીચે વિસામો ખાવા બેઠા. થોડો સમય વીત્યો, ત્યાં લુહારની ધમણની જેમ હાંફતાં-હાંફતાં મોહનદાસ પણ આવી પહોંચ્યા. તેઓ થાકીને લોથપોથ થઈ ગયા હતા. એમણે આવીને નીલકંઠ પાસે શરીરને પડતું મેલ્યું. શીતળ હવાની લહેરોએ એમના થાકને થોડો ઓછો કર્યો.

નીલકંઠ હસીને બોલ્યા, "મોહનદાસ! અમે કહેતા હતા ને કે તમે અમારી સાથે નહીં ચાલી શકો!"

મોહનદાસ બોલ્યા, "વર્ણીરાજ! ખરેખર તમારી હાર્યે હાલી શકે એવો દુનિયામાં કોઈ નથી!"

બન્ને વચ્ચે આ રીતે વાર્તા-વિનોદ થઈ રહ્યો હતો. બન્નેને ભૂખ-તરસ લાગ્યા હતા.

ચારેય ફરતા ભાતભાતનાં વૃક્ષોનાં ઝૂંડમાં કોઈ કોઈ વૃક્ષ ઉપર જાંબુડિયા રંગના મોટાં ફળો લટકી રહ્યાં હતાં.

નીલકંઠવર્ણી એ ફળ ઉતારીને ખાવા લાગ્યાં. મોહનદાસ પણ એ ફળ ખાવા ગયાં, ત્યારે વર્ણીરાજે એમને રોક્યા અને કહ્યું, "રુકો મોહનદાસ! યે ફલ તુમ્હારે કામ કે નહીં હૈ. યે ફલ વિષેલે હૈં. ખાઓગે તો મર જાઓગે."

વિશ્વાસી વૈરાગીએ ફળ ખાવાનો વિચાર છોડી દીધો. એવામાં ક્યાંકથી ચાર-પાંચ અડબંગી બાવાઓ એ જગ્યાએ આવ્યા અને થોડે દૂરના વૃક્ષ નીચે વિસામો લેવા બેઠા. એમને પણ ભૂખ લાગી હતી.

નીલકંઠને ફળ ખાતા જોઈ એમણે પણ વૃક્ષ ઉપરથી ફળ વીણવા માંડ્યાં. એ જ વખતે નીલકંઠે મોહનદાસજીને કહ્યું, "જલદી જાઓ, રોકો ઉસે, મર જાએંગે."

મોહનદાસે વૈરાગીઓને રોકવા પ્રયાસ કર્યો, "યે ફલ મત ખાઓ. યે ફલ વિષેલે હૈં." પણ માને તો અડબંગી શેના? એક બાવાએ આંખ્યો કાઢી, ઘાંટો પાડીને કહ્યું, "વો લડકા ખા રહા હૈ, તો હમેં ક્યું રોકતે હો?"

મોહનદાસ બોલ્યા, "વો લડકે કી બાત અલગ હૈ. વો તો જન્મસિદ્ધ યોગી હૈ."

બાવો વાઈડાઈમાં બોલ્યો, "તો ક્યા હમ કમ હૈ? હમ તો ખાયેંગે."

બાવાઓએ જેવાં ફળ ખાધાં એવા જ અચેતન થઈને ધરતી ઉપર ઢળી પડ્યા.

નીલકંઠવર્ણી મોહનદાસની સાથે ત્યાંથી ચાલતા થયા. પહાડની તળેટીમાં કોઈ સુંદર ગામ આવ્યું. ગામની બહાર સુંદર શિવાલય હતું; રમણીય આશ્રમ જેવું વાતાવરણ હતું; બન્નેએ આ જગ્યામાં ઉતારો કર્યો.

નીલકંઠવર્ણીએ મોહનદાસને કહ્યું, "મોહનદાસ! તમે મારું માનો. આ શિવાલયની પૂજા કરવા અહીં જ રોકાઈ જાવ. અમારે હવે એકાકી જ વિહરવું છે."

નીલકંઠની વાત સાંભળી મોહનદાસ અતિ દિલગીર થયા અને એમની આંખોમાંથી અશ્રુબિંદુઓ ઝરવાં લાગ્યાં. નીલકંઠે કરુણાસભર હૃદયે કહ્યું, "મોહનદાસ! તમે દિલગીર ન થાવ. મને લાગે છે કે, ભવિષ્યમાં આપણે અચૂક મળવાનું થશે. અમે યાત્રા કરતાં કરતાં પશ્ચિમ ભારત તરફ જવાના છીએ. તમે પણ એ બાજુ આવજો. ઈશ્વરની ઇચ્છા હશે તો આપણે ત્યાં મળીશું." નીલકંઠની વાતમાં ભવિષ્યનો સંકેત હતો.

આખરે મોહનદાસ વૈરાગીએ ભારે હૈયે નીલકંઠને વિદાય દીધી. થોડા વર્ષો વીત્યાં બાદ નીલકંઠનાં વચનોને યાદ કરી મોહનદાસ પશ્ચિમ ભારત પહોંચ્યા. અહીં એમને વર્ષો પછી નીલકંઠવર્ણી સાથે મેળાપ થયો. વર્ષો પછીના આ મિલનથી મોહનદાસના અંતરનો આનંદ આંખના આંસુડાઓ દ્વારા વહેવા લાગ્યો.

મોહનદાસે રામાનંદસ્વામીને ઈશ્વરમૂર્તિ સંત જાણીને પોતાનું જીવન એમને ચરણે સમર્પિત કરી દીધું. મોહનદાસ રામાનંદસ્વામીની રજા લઈને દ્વારિકા દર્શને ગયા. તેઓ પાછા આવ્યા, ત્યાં રામાનંદસ્વામી અંતર્ધાન થઈ ચૂક્યા હતા.

કેટલી રઝળપાટને અંતે મોહનદાસને મહાન સદ્‌ગુરુ મળ્યા હતા, પરંતુ મોહનદાસ માટે સદ્‌ગુરુનું એ સાંનિધ્ય વીજળીના ઝબકારાની જેમ આંખોથી ઓઝલ થઈ ગયું. તેથી તેઓ ભારે ઉદાસ અને દિલગીર રહેવા લાગ્યા.

નીલકંઠવર્ણી એમને ખૂબ સમજાવતા, પણ એમનું મન કેમેય કરીને શાંત થતું ન હતું. તેઓને નીલકંઠવર્ણી સાથે હેત અવશ્ય હતું, પરંતુ 'નીલકંઠ સ્વયં નારાયણ છે' એવી ઓળખાણ હજુ થઈ ન હતી. એ તો એમને હજુ વનમાં મળેલા 'બાળાયોગી' જ માનતા હતા.

નીલકંઠે કહ્યું, "મોહનદાસ! અમે બધા 'સ્વામી! સ્વામી!' એમ સ્વામીના નામનું ભજન કરીએ છીએ, તમે પણ કરો, તમારા હૈયામાં શાંતિ થશે."

નીલકંઠનાં વચનોને માની મોહનદાસ 'સ્વામી! સ્વામી!' રટણ કરવા લાગ્યા. એક દિવસ રાત્રિનો સમય હતો. મોહનદાસ વિરહાતુર હૈયે રામાનંદસ્વામીને યાદ કરીને 'સ્વામી.. સ્વામી..' રટણ કરતા હતા.

એવામાં અચાનક સદ્‌ગુરુ રામાનંદસ્વામી દિવ્યરૂપે મોહનદાસની આગળ પ્રગટ થયા. એમણે મોહનદાસને માથે હાથ મૂક્યો અને બોલ્યા, "અલ્યા મોહનદાસ! શેનો વલોપાત કર્યા કરે છે? તું અમને મૂવા માને છે? અમે તો દિવ્યલોકમાં દિવ્યશરીરે અમારા સ્વામીની સેવામાં જોડાઈ ગયા છીએ." મોહનદાસે કહ્યું, "સ્વામી! તમારા સિવાય મને ક્યાંય ફાવતું નથી, અન્ન ભાવતું નથી, ઊંઘ આવતી નથી."

રામાનંદસ્વામી બોલ્યા, "મોહનદાસ! તમે હવે નીલકંઠની સાથે તમારો જીવ જોડી દ્યો. એમને શરણે થઈ જાઓ. મોહનદાસ! તમે ઘણો સમય સુધી નીલકંઠની સાથે રહ્યા છો, પરંતુ તમે એને માત્ર યોગી માન્યા છે. મોહનદાસ! નીલકંઠ બાળાયોગી નથી, એ તો સાક્ષાત્ યોગેશ્વર છે."

મોહનદાસ આશ્ચર્યચકિત થઈ ગયા અને બોલ્યા, "શું વાત કરો છો, સ્વામી?"

રામાનંદસ્વામી બોલ્યા, "હા, મોહનદાસ! અમારો વિશ્વાસ રાખો. અમે જે આગાહી કરતા હતા, તેને યાદ કરો અને હવેથી 'સ્વામી સ્વામી' રટવાનું બંધ કરી 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' મહામંત્રનું ભજન કરતા થઈ જાઓ." આટલું કહી રામાનંદસ્વામી અંતર્ધાન થઈ ગયા.

સદ્‌ગુરુનાં વચને મોહનદાસ વૈરાગીનાં અંતરનાં તાળાં ઊઘડી ગયાં. હવે એને

નીલકંઠની સાચી ઓળખાણ થઈ ગઈ. બ્રહ્માનંદસ્વામી કીર્તનમાં કહે છે,

જ્ઞાનકૂંચી ગુરુગમસે ગયાં તાળાં ઊઘડી,
સદ્‌ગુરુની દૃષ્ટિ થાતા, વસ્તુ એ જડી;
આજની ઘડી રે, ધન્ય આજની ઘડી.

મોહનદાસે પોતાનો આ દિવ્ય અનુભવ કોઈને કહ્યો નહીં, ગુપ્ત રાખ્યો.

એક વાર મોહનદાસ સભામાં બેસીને સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરી રહ્યા હતા. હવે એમના અંતરમાં નીલકંઠરૂપ પ્રગટ ભગવાનની પ્રાપ્તિનો કેફ છવાયો હતો.

'સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ મોહનદાસનો સંતાપ હરી લીધો છે.' એ વાતને નીલકંઠ અંતર્યામીભાવે જાણી ગયા હતા. એક દિવસ સભામાં નીલકંઠે મંદ મંદ હસીને મોહનદાસને પૂછ્યું, "મોહનદાસ! કિસકે નામ કા જપ કર રહે હો?"

નીલકંઠનો સવાલ સાંભળતા જ મોહનદાસ કેફમાં ને કેફમાં ઊભા થઈ ગયા અને નીલકંઠ તરફ લાંબો હાથ કરી બોલ્યા, "કપટી! તેરે નામ કા ભજન કરતા હૂં. ઈતને સાલ હો ગયે, આજ તક તૂને તેરા અસલી સ્વરૂપ ક્યું નહીં બતાયા?"

મોહનદાસની વાત સાંભળી વર્ણીરાજ હસવા માંડ્યા અને બોલ્યા, "મોહનદાસ! હમ બતાતે તો ભી આપ નહીં માનતે! અસલી રૂપ કા રહસ્ય તો સદ્‌ગુરુ હી બતા સકતે હૈ, પરમાત્મા ભી નહીં."

સભામાં બેઠેલા સર્વે ભક્તજનો વર્ણીરાજ અને વૈરાગી વચ્ચેનો સંવાદ સાંભળી રહ્યા હતા, પણ 'અસલ રહસ્ય શું છે?' તે તો સદ્‌ભાગી જ સમજી શકતા હતા.

મોહનદાસ વૈરાગીએ પોતાનું જીવન સર્વતોભાવેન નીલકંઠવર્ણીને ચરણે ધરી દીધું. નીલકંઠવર્ણીએ એમને ભાગવતી વૈષ્ણવી દીક્ષા આપી નામ રાખ્યું, વ્રજ્યાનંદ સ્વામી. સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સંતોમાં એમની ગણના થઈ.

પ્રભાનંદસ્વામી

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ લોજમાં વિરાજમાન હતા. એ સમયે દીવ બંદરનો એક વણિક એમના દર્શને આવ્યો.

આ વણિકનો પૂર્વ પ્રસંગ ભારે આશ્ચર્યથી ભરેલો હતો. વણિક પરમ વૈષ્ણવ હતો. દ્વારિકાધીશ પ્રત્યે એમની ખૂબ શ્રદ્ધા અને આસ્થા હતી.

વણિક વહાણવટું કરતો. દેશ-પરદેશમાં એનો વેપાર ચાલતો. એક વાર એનું વહાણ દરિયાના તોફાનમાં સપડાયું. વાણિયો અને ખારવાઓ ભયભીત થયા. વાણિયાને થયું, 'વહાણ તો ડૂબી જશે અને સાથે માણસો પણ મરી જશે.'

વાણિયો આર્તસ્વરે ભગવાન દ્વારિકેશને પ્રાર્થના કરવા લાગ્યો; એણે મનોમન માનતા માની, "હે દ્વારિકેશ! જો મારું વહાણ અને માણસો બચી જશે, તો વહાણની અડધી સંપત્તિ તારે ચરણે ધરીશ."

વાણિયાની શ્રદ્ધા અને હૃદયની પ્રાર્થના ફળી. વહાણનો ચમત્કારિક બચાવ થયો. વહાણ સહીસલામત દીવબંદર પહોંચ્યું.

મન બહુ ચંચળ છે, ભલભલાને ગોથા ખવરાવે છે. સહીસલામત કાંઠે પહોંચ્યા પછી વાણિયાના મને ઊથલો માર્યો. એના મનમાં લોભ જાગ્યો. એણે માનતા તો અડધી સંપત્તિ અર્પણ કરવાની માની હતી, પરંતુ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ વાણિયાના મન ઉપર લોભનો પ્રભાવ વધતો ગયો અને વાણિયાનું મન ફરતું ગયું.

વાણિયાના મનમાં થયું 'ભગવાન તો ભાવના ભૂખ્યા છે, લક્ષ્મીના સ્વામી છે. અડધી સંપત્તિનું કાંઈ નહીં, અડધાની અડધી સંપત્તિ દ્વારિકેશને ચરણે ધરી માનતા પૂરી કરીશ.'

વાણિયો ધીરે ધીરે એમાં પણ કાપ મૂકતો ગયો. આખરે માનતા પૂરી તો કરવી જ પડે, એટલે થોડા માણસોનો સંઘ લઈ વાણિયો દીવથી દ્વારિકા જવા નીકળ્યો. રસ્તામાં લોજ ગામ આવ્યું. લોજમાં સદ્‌ગુરુ રામાનંદસ્વામી બિરાજતા હતા. રામાનંદસ્વામીની પ્રસિદ્ધિ સાંભળીને વાણિયો રામાનંદસ્વામીના દર્શને આવ્યો.

વાણિયાના મનમાં રામાનંદસ્વામીની પરીક્ષા કરવાનું મન થયું. એણે સંકલ્પ કર્યો, "જો રામાનંદસ્વામી ખરેખર સમર્થ સંત હોય, તો 'હું શા માટે નીકળ્યો છું?' એ મને અંતર્યામીભાવે જણાવે."

વાણિયો રામાનંદસ્વામીને વંદન કરી સામે બેઠો. અંતર્યામી સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ દરિયામાં થયેલાં તોફાનથી માંડીને માનતા સુધીની બધી જ વાત કરી, પરંતુ શેઠની માનહાનિ ન થાય માટે સ્વામીએ જાણવા છતાંય એના મનની નબળાઈની વાત છતી ન કરી.

રામાનંદસ્વામીના અંતર્યામીભાવને જોઈને વાણિયો આશ્ચર્યચકિત થયો. આવા મહાન સમર્થ સંતના ચરણમાં એણે અટ્ઠે દ્વારિકા માની, રામાનંદસ્વામીનો શિષ્ય થયો.

રામાનંદસ્વામીની આજ્ઞા પ્રમાણે એમણે પોતાની માનતા પૂરી કરી. માનતાનું જે કાંઈ દ્રવ્ય હતું, તે ગરીબોની સેવા અને ભૂખ્યાઓને ભોજન કરાવવામાં વાપર્યું. વાણિયો દીવબંદર પાછો ગયો. રામાનંદસ્વામીને ઈશ્વરમૂર્તિ સંત માની આરાધવા લાગ્યો.

સમય વીતતો ચાલ્યો. સદ્‌ગુરુ રામાનંદસ્વામી અંતર્ધાન થયા. નીલકંઠવર્ણી એમની ગાદીએ આવ્યા. વાણિયો નીલકંઠવર્ણીનાં દર્શને લોજ આવ્યો પણ એમના મનમાં સંકલ્પ હતો, 'રામાનંદસ્વામીએ જેવું અંતર્યામીપણું બતાવ્યું હતું, એવું જ અંતર્યામીપણું જો

નીલકંઠ બતાવે તો હું એમને ભગવાન માનું.'

ભગવાન નીલકંઠવર્ણી સભા ભરીને બેઠા હતા. એમણે અંતર્યામીપણે વાણિયાના ઘાટસંકલ્પ જાણી લીધા હતા. વાણિયાના મનના ઘાટ કહેવા માટે નીલકંઠવર્ણીએ અનોખો માર્ગ અપનાવ્યો. સભામાં એક નાનો છોકરો બેઠો હતો. મહારાજે તેને કહ્યું, "છોકરા! આ વાણિયાના મનમાં જે ઘટમાળ ચાલે છે, તેની તું વાત કર."

ભગવાન નીલકંઠવર્ણીનાં પ્રતાપથી છોકરાને અંતર્યામીપણું પ્રાપ્ત થયું. છોકરો બોલ્યો, "મહારાજ! આ વાણિયો લોભિયો છે. એનું વહાણ ડૂબતું હતું ત્યારે એણે વહાણમાં રહેલી અડધી સંપત્તિ દ્વારિકેશને ચરણે ધરવાની માનતા માની હતી, પરંતુ પાછળથી એનું મન ફરી ગયું અને થોડીઘણી સંપત્તિ દ્વારિકેશને ચરણે ધરી માનતા પૂરી કરવા નીકળ્યો હતો. રસ્તામાં આ જ ગામે એને સદ્‌ગુરુ રામાનંદસ્વામીનાં દર્શન થયા હતા."

"રામાનંદસ્વામીએ અંતર્યામીભાવે એમના મનના ઘાટ સંકલ્પ કહી દેખાડ્યા હતા, પરંતુ એ વિશાળ દિલના સંતે આ લોભિયાના લોભને ક્ષમા કરી દીધો હતો. આ વાણિયો રામાનંદસ્વામીનું ઐશ્વર્ય જોઈને એમનો આશ્રિત થયો. આ રીતે એક વાર એણે રામાનંદસ્વામીની પરીક્ષા કરી અને આજે હવે એ તમારી પરીક્ષા કરવા આવ્યો છે!"

નાનકડો અબુધ છોકરો અંતર્યામીભાવે વાણિયાની વીતેલી ઘટના કહી રહ્યો હતો. સાંભળનારા સર્વે આશ્ચર્યચકિત થઈ રહ્યા હતા. આટલો નાનો છોકરો આ રીતે અજાણી ઘટના કહે, તે કોઈને મનાય તેવી વાત ન હતી.

શરમિંદા બનેલા વાણિયાએ એકદમ ઊભા થઈ નીલકંઠવર્ણીના પગ પકડી લીધા અને કહ્યું, "વર્ણીરાજ! તમે તો રામાનંદસ્વામી કરતાં પણ વધારે પ્રતાપી નીકળ્યા. રામાનંદસ્વામી સ્વયં અંતર્યામી હતા અને મનના સંકલ્પને જાણી જતા હતા, જ્યારે તમારાં ઐશ્વર્યથી તો નાના છોકરાઓને પણ અંતર્યામીપણું પ્રાપ્ત થયું."

મહારાજે મંદ મંદ હસીને કહ્યું, "શેઠ! મનના સંકલ્પ જાણવાથી જ મહાત્મા નથી થવાતું. મનના સંકલ્પને જાણવાની વિદ્યા તો ઘણા જાદુગરો પાસે પણ હોય છે. મહાત્માનું મહાત્માપણું તો મન ઉપર વિજય મેળવવાથી પ્રાપ્ત થાય છે."

"શેઠ! લોભ ન કરાય. કંચન અને કામિનીનો મોહ ભલભલાને ભૂલા પાડે છે. કાં તો માનતા માનવી નહીં અને માનીએ તો દિલથી પૂરી કરવી જોઈએ. ભગવાન સંપત્તિના ભૂખ્યા નથી, પરંતુ જીવના મનની નબળાઈ જીવ માટે જ હાનિકારક છે."

વણિકે બે હાથ જોડી ક્ષમા માગી અને કહ્યું, "મહારાજ! મેં ઠાકોરજીને છેતર્યા છે, એ અપરાધથી મુક્ત થવા માટે મારે હવે શું કરવું જોઈએ?"

ભગવાન નીલકંઠવર્ણીએ કહ્યું, "તમે દીવબંદર પાછા જાવ અને તમારી સંપત્તિને સારા કામમાં વાપરો. ગરીબોની સેવા કરો, ભૂખ્યાને ભોજન કરાવો."

શેઠે નીલકંઠવર્ણીના આદેશને મસ્તક ઉપર ચડાવ્યો. તેઓ ભગવાન નીલકંઠવર્ણીના અનન્ય આશ્રિત થયા. દીવબંદર પાછા ગયા. અત્યાર સુધી તેઓ રામાનંદસ્વામીનું ભજન કરતા હતા, હવે એમણે 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' મહામંત્રનું ભજન શરૂ કર્યું. 'પોતે માનતા અધૂરી રાખીને ભગવાનને છેતર્યા છે' એ વાત એમના દિલને કોરી ખાતી હતી. આ અપરાધના પ્રાયશ્ચિતરૂપે તેઓ ભગવાન નીલકંઠવર્ણીના આદેશ પ્રમાણે 'પોતાની સંપત્તિ પોતાની નથી, પરંતુ પરમાત્માએ આપેલ પ્રસાદી છે' એમ માનીને સત્કાર્યો કરવાં લાગ્યાં.

આમ ને આમ ચાર-પાંચ વર્ષ વીત્યાં. ધીરે ધીરે એમના અંતરમાં વૈરાગ્યનો ઉદય થયો. એમના મનમાંથી સ્ત્રી, સંતાન, સંપત્તિનો મોહ ઊતરી ગયો. સાધુ થવાના સંકલ્પ સાથે તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે આવ્યા અને વિનંતી કરી કે, "હે મહારાજ! હવે મને સાધુ કરો અને તમારી સેવામાં રાખો."

ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને દીક્ષા આપી સાધુ કર્યા અને નામ રાખ્યું પ્રભાનંદસ્વામી.

માંગરોળમાં વાવ ગળાવી

સદ્‌ગુરુ રામાનંદસ્વામીના અંતર્ધાન બાદ નીલકંઠવર્ણી વિચરણ કરતાં કરતાં માંગરોળ પધાર્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની ઉંમર ત્યારે માત્ર બાવીશ વર્ષની હતી.

માંગરોળમાં કરુણાસાગર ભગવાન શ્રી સ્વામિનારાયણે પરોપકારના અનેક કાર્યો શરૂ કર્યાં હતાં. અહીં રામાનંદસ્વામી વખતથી સદાવ્રત ચાલતું હતું. સોમનાથથી દ્વારિકા જતા તીર્થયાત્રીઓની આગતાં-સ્વાગતાં થતી હતી. ભગત-ભિખારી, અભ્યાગતોને પ્રેમથી ભોજન કરાવવામાં આવતું હતું. ન માત્ર માંગરોળમાં, આવાં સદાવ્રતો ઠેર ઠેર ચાલતાં હતાં.

માંગરોળમાં એક પુરાતની વાવ હતી, જે પડતર હાલતમાં હતી. ગાળથી બુરાઈ ગયેલી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણે એ વાવનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. સંતો અને ભક્તો વાવનો ગાળ ટોપલે ટોપલે બહાર કાઢતા હતા. સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના માથા ઉપર ગાળના ટોપલા લેતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વાવનો જીર્ણોદ્ધાર કર્યા પછી મોટા પાયા ઉપર પૂર્ત

મહોત્સવ કરાવ્યો હતો. આ વાવના જીર્ણોદ્ધારથી માંગરોળ વાસીઓનું પાણીનું સંકટ દૂર થયું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વજીવ હિતાવહ સેવા પ્રવૃત્તિઓનો આરંભ માંગરોળથી થયો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના વ્યક્તિત્ત્વથી લોકોત્તર ઐશ્વર્યોથી અને કલ્યાણકારી પ્રવૃત્તિઓથી માંગરોળના નવાબ પણ એમને ભારે આદરથી માનતા હતા અને એ પરંપરા આજે પણ એમના વંશજોમાં જળવાઈ રહેલી છે.

મહાસિદ્ધ મગ્નિરામ

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ માંગરોળના દરિયાકિનારે ભક્તજનોની સભા ભરીને બેઠા હતા.

નિરાવરણ સ્થિતિવાળા શેઠ શ્રી ગોવર્ધનભાઈ, પરમ વિશ્વાસી આણંદજી સંઘેડિયા, ભક્તરાજ રામચંદ્ર, દામોદર, દેવરામ, વાંઝા કમળશીભાઈ, સમાધિનિષ્ઠ મેઘજી હલવાઈ વગેરે અનેક ભક્તજનો તેમ જ પરમહંસો સભામાં વિરાજમાન હતા.

આ સમયે એક ઐતિહાસિક પ્રસંગ બન્યો. પૂર્વ ભારતમાં જન્મેલા સિદ્ધ મગ્નિરામ ફરતાં ફરતાં માંગરોળ આવ્યા. બાળપણમાં મગ્નિરામ ભારે મુમુક્ષુ હતા. ભગવાનની પ્રાપ્તિ માટે એમણે ઘરબાર છોડ્યાં હતાં, પરંતુ શક્તિપંથી તાંત્રિકોનો કુસંગ થવાથી તેઓ પરમાત્માની સાત્ત્વિક ઉપાસના છોડીને મંત્ર-તંત્ર અને સિદ્ધિને રવાડે ચડ્યા હતા.

મગ્નિરામે તંત્રવિદ્યામાં પ્રસિદ્ધ ગ્રંથ શારદાતંત્રને આધારે કઠોર સાધના કરીને દેવી શારદાને સિદ્ધ કર્યાં હતા. મગ્નિરામ જ્યારે આહ્વાહન કરે ત્યારે દેવી એમને દર્શન દેતા હતા અને એમના મનોરથો સિદ્ધ કરતા હતા. આ રીતે દેવીની કૃપા પ્રાપ્ત થઈ હોવાથી મગ્નિરામ ‘દેવીવાળા સિદ્ધ મગ્નિરામ’ તરીકે પ્રસિદ્ધ થયા હતા.

સિદ્ધાઈ પ્રાપ્ત થવાથી મગ્નિરામ ઉદ્ધત થઈ ગયા હતા. તેઓ પોતાની સિદ્ધાઈના જોરે રાજા-મહારાજા-શ્રીમંત-શાહુકારો પાસેથી ખંડણી ઉઘરાવતાં ઉઘરાવતાં તેઓ માંગરોળ પહોંચ્યા અને મંત્રવિદ્યાનું બળ બતાવી માંગરોળના નવાબ પાસે ખંડણી માગી.

માંગરોળના નવાબે કહ્યું, “મગ્નિરામ! અમારા નગરમાં ‘નીલકંઠ’ નામે એક બ્રહ્મચારી છે. એ ભારે પ્રતાપી છે. તમે એમને વશ કરો અને રૂપિયા મેળવો, તો હું તમને ખરા સિદ્ધ માનું અને નીલકંઠ તમને જે આપે એથી બમણા રૂપિયા હું આપું.”

માંગરોળના નવાબ નીલકંઠનો પ્રતાપ જાણતા હતા. મગ્નિરામનું પાણી માપવા માટે જ એમને નીલકંઠ પાસે મોકલી રહ્યા હતા.

આ સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ દરિયાકિનારે સંતો-ભક્તોની વિશાળ સભા ભરીને બેઠા હતા. નીલકંઠવર્ણીને શોધતાં શોધતાં મગ્નિરામ દરિયાકિનારે આવ્યા.

મગ્નિરામે ભગવાન નીલકંઠવર્ણીને પોતાના મંત્ર-તંત્રથી ડરાવવા-ધમકાવવાનો ખૂબ જ પ્રયાસ કર્યો. પરંતુ ભગવાન નીલકંઠવર્ણીનો પ્રભાવ, નીડરતા અને અડગતાની સામે મગ્નિરામની મંત્ર-તંત્રની સર્વ શક્તિઓ નિષ્ફળ નીવડી હતી.

આ પરાજયથી માનભંગ થયેલા મગ્નિરામે રાત્રિના સમયે દેવી શારદાનું આહ્‌વાહન કર્યું. રાત વીતવા આવી છતાં મા શારદા પ્રસન્ન ન થયા, એટલે મગ્નિરામ પોતાનું માથું વાઢી કમળપૂજા કરવા તૈયાર થયા.

એ જ સમયે દેવીએ મગ્નિરામને દર્શન દીધાં અને કહ્યું કે, “મગ્નિરામ! તું જે સ્થળે ગુનાઓની માફી માગવાની હોય, એ જ સ્થળે ગુના આચરી રહ્યો છે!”

“મગ્નિરામ! તને યાદ છે? ભગવાનને મેળવવા માટે તેં ઘર છોડ્યું હતું, પરંતુ માંત્રિકો અને તાંત્રિકોના કુસંગથી તું મંત્રતંત્રને રવાડે ચડી ગયો.”

“આજે હું તને સાવધાન કરવા આવી છું કે જે હેતુ માટે તેં ઘર છોડ્યું હતું, એ ભગવાન સ્વયં નીલકંઠરૂપે બિરાજે છે. નીલકંઠને સાધારણ ન માનીશ. નીલકંઠ તો સર્વેશ્વર નારાયણ છે!”

“અમારા જેવી અનંત શક્તિઓ એમના સંકલ્પમાત્રથી પ્રગટે છે અને લય પામે છે. માટે એમના શરણે થઈ જા અને તારો જન્મારો સફળ કરી લે!”

આટલું કહી દેવી અદૃશ્ય થયાં. મગ્નિરામનું અભિમાન ઓગળી ગયું. મગ્નિરામના જીવનમાં અણધાર્યો પલટો આવ્યો. વહેલી સવારે મગ્નિરામ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સંતો જ્યાં ઊતર્યા હતા ત્યાં આવ્યા. રાત્રિના એંઠા વાસણ બહાર પડ્યાં હતાં તે માંજવાં માંડ્યાં.

મગ્નિરામને એંઠા વાસણ માંજતાં જોઈ એકમાત્ર નીલકંઠવર્ણી સિવાય સર્વને આશ્ચર્ય થઈ રહ્યું હતું. સર્વના મનમાં ગઈ કાલનો પ્રસંગ તાજો હતો.

વાસણ માંજવાની ક્રિયા પૂરી કરી મગ્નિરામ વર્ણીરાજ પાસે આવ્યા; બે હાથ જોડી વિનંતી કરી, “હું તમારે શરણે આવ્યો છું, મને સાધુ કરો.”

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, “મગ્નિરામ! તમામ પ્રકારના અભિમાનથી મુક્ત થાય એને જ અમે સાધુ કરીએ છીએ, સાધુ થવું હોય તો તમારે તમારી સિદ્ધાઈનું અભિમાન છોડવું પડશે! આ સામે બેઠેલા સંતો-ભક્તોના દાસ થઈને રહેવું પડશે.”

મગ્નિરામ બોલ્યા, “પ્રભો! આપ જેમ કહેશો તેમ કરીશ.”

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, “તો મગ્નિરામ! તમારી વચનબદ્ધતાની ખાતરી

આપો. તમારી દાઢી-મૂંછ અને જટા મૂંડાવી આ સંતો-ભક્તોના ચાલવાના મારગમાં નાખો, આ બધાના પગરખાંનું પોટલું બાંધી સભાને સાત પ્રદક્ષિણા કરો તો અમે તમને સાધુ કરીએ."

એક તો મય્નિરામની સર્વ વિદ્યાઓ નિષ્ફળ ગઈ હતી. બીજું સાક્ષાત્ મા શારદાએ રાત્રિના સમયે પ્રગટ થઈને મય્નિરામને ભગવાન શ્રી સ્વામિનારાયણની સાચી ઓળખાણ કરાવી દીધી હતી, પરિણામે મય્નિરામે ભગવાન સ્વામિનારાયણની સર્વ આજ્ઞાઓ શિરોધાર્ય કરી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને સાધુ કર્યાં હતા અને 'અદ્વૈતાનંદસ્વામી' નામ પાડ્યું હતું. અદ્વૈતાનંદસ્વામી મુક્તાનંદસ્વામીના મંડળમાં રહીને સત્સંગમાં વિચરણ કરતા હતા અને નિર્માનીભાવે સર્વ સંતના સેવક થઈને સેવા કરતા હતા.

સહેજે સહેજે થાય સમાધિ રે!

ભગવાન શ્રી સ્વામિનારાયણ ઐશ્વર્યનો સાગર હતા. ફૂલમાંથી ફોરમ પ્રગટે એમ ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનમાંથી ઐશ્વર્યની સુગંધ સહજ રીતે પ્રગટતી રહેતી હતી.

ધર્મચક્ર પ્રવર્તનના પ્રારંભકાળે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના અભૂતપૂર્વ ઐશ્વર્યથી સમાધિપ્રકરણ ચલાવ્યું હતું.

યોગાભ્યાસ કર્યો હોય કે ન કર્યો હોય, નર હોય કે નારી હોય, બાળક હોય કે વૃદ્ધ હોય, હિંદુ હોય કે મુસલમાન હોય, ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વને સમાધિઓ કરાવતા.

માત્ર મનુષ્યોને નહીં, પશુ-પંખીઓને પણ સમાધિ કરાવતા. માત્ર એકને નહીં, એક સાથે અનેકને સમાધિઓ કરાવતા. પાત્ર-કુપાત્ર જોયા સિવાય સમાધિઓ કરાવતા હતા.

આ સમાધિમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ જે તે દેવી-દેવતાઓના ઉપાસકોને પોતપોતાના ઈષ્ટદેવનો સાક્ષાત્કાર કરાવતા; અનેક દિવ્યવિભૂતિઓ, દિવ્યલોકનાં દર્શન કરાવતાં. મોક્ષમાર્ગે પરમાત્માનો સાક્ષાત્કાર કરવો એ દુર્લભ અને દુષ્કર છે; એમાં પણ બીજાને સાક્ષાત્કાર કરાવવો એ તો અતિ દુષ્કર છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી આ દુષ્કર વાત અતિ સુલભ બની હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું સમાધિ પ્રકરણ ન માની શકાય એટલી હદે અદ્ભુત હતું. આ સમાધિ પણ ક્ષણિક ન હતી. કોઈને બે કલાક, કોઈને ચાર કલાક અને કોઈને અનેક દિવસો સુધી સમાધિ થતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે એક નાનકડી લાકડી રાખી હતી. લાકડીનો એક છેડો લાલ રંગથી અને બીજો છેડો લીલા રંગથી રંગાવ્યો હતો.

એક લખમણિયો નામે નાનકડો છોકરો હતો. મહારાજ લખમણિયાને લાકડી આપતા. આશ્ચર્ય એ હતું કે, મહારાજના આદેશ પ્રમાણે લખમણિયો લાલ છેડો અડાડે તો સમાધિ થતી! અને લીલો છેડો અડાડે તો સમાધિ પૂર્ણ થતી!

સમાધિ બે પ્રકારની હોય છે. સાધનસાધ્ય અને કૃપાસાધ્ય. અષ્ટાંગયોગની સાધના કરી સમાધિ થાય, એ સમાધિને સાધનસાધ્ય સમાધિ કહેવાય. સદ્‌ગુરુની કૃપાથી સમાધિ થાય એ કૃપાસાધ્ય સમાધિ કહેવાય.

ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા કરાવાતી આ સમાધિ સહજ હતી, કૃપાસાધ્ય હતી, સાધનસાધ્ય ન હતી.

નિષ્કુળાનંદસ્વામી લખે છે કે...

સહજે સહજે થાય છે સમાધ્ય, જે કોઈ દેવને છે જો દુરાધ્ય ||૧૧||

(ભ.ચિ.પ્ર-૪૯)

અહીં પણ એક વિવેક સમજવા જેવો છે. સદ્‌ગુરુ ગમે તેવા સમર્થ હોય, પરંતુ તેઓ એકાદ-બે સુપાત્ર શિષ્યોને જ સમાધિનો અનુભવ કરાવી શકે છે, પરંતુ પાત્ર કુપાત્ર જોયા સિવાય અનેક જીવોને સમાધિ કરાવી શકતા નથી, જ્યારે પરબ્રહ્મ પરમાત્મા પોતાની સ્વતંત્ર ઈચ્છાશક્તિથી પાત્ર હોય કે કુપાત્ર, બાળક હોય કે વૃદ્ધ, સ્રી હોય કે પુરુષ, પશુ હોય કે પંખી સર્વને સમાધિ કરાવી શકે છે, કારણ કે જીવ-પ્રાણીમાત્રનાં નાડીપ્રાણ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણના હાથમાં હોય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રવર્તાવેલું સમાધિ પ્રકરણ સૂચવે છે કે તેઓ માત્ર સદ્‌ગુરુ ન હતા, પ્રગટ પુરુષોત્તમ નારાયણ હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા કરાવાતી સમાધિ સાચી છે કે ખોટી? એની અનેક પ્રકારે કસોટીઓ લેવાઈ હતી અને એ કસોટીઓમાંથી ભગવાન શ્રી સ્વામિનારાયણની સમાધિ ખરી ઊતરી હતી.

નિષ્કુળાનંદસ્વામીએ ભક્તચિંતામણિમાં આ સમાધિ પ્રકરણનું રોચક વર્ણન કર્યું છે.

રામ ઉપાસી રામને દેખે, કૃષ્ણ ઉપાસી કૃષ્ણને પેખે || ૧૩ ||
નૃસિંહ ઉપાસી દેખે નૃસિંગ, દેખે ઈષ્ટ થાય દલે દંગ |
શિવ ઉપાસી દેખે શિવને, થાય દર્શન બહુ જીવને || ૧૪ ||
દેવી ઉપાસક દેખે દેવી, આવે ધ્યાનમાં મૂરતિ એવી |
આવે જૈન દેખે તીર્થંકર, વળી મ્લેચ્છ દેખે પેગાંબર || ૧૫ ||

પીર ઉપાસી દેખે પીરને, વીર ઉપાસી દેખે વીરને |
દેખે બ્રહ્મને બ્રહ્મ ઉપાસી, એકરસ ચિદ્‌ઘનરાશિ || ૧૬ ||
વામન ઉપાસી દેખે વામન, લછમનના દેખે લછમન |
દેખે હનુમાનના હનુમાન, થાય માર્ગીને ધણીનું ધ્યાન || ૧૭ ||
સૂર્ય ઉપાસી સૂર્ય નિહાળે, ભૈરવ ઉપાસી ભૈરવ ભાળે |
એમ આપ-આપણા જે દેવ, દેખે ધ્યાનમાંહી તતખેવ || ૧૮ ||
હોય પાપી તે દેખે કૃતાંત, જેવું દેખે કહે તેવું વૃતાંત |
કોઈ દેખે છે શેષ ગણેશ, થાય ધારણા એમ હંમેશ || ૧૯ ||
દેખે સુરપુર ને કૈલાસ, કોઈ સત્યલોક વૈકુંઠવાસ |
કોઈ ગોલોક બ્રહ્મનગરી, એમ દેખાડે ધ્યાનમાં હરિ || ૨૦ ||
કોઈ દેખે દેહનું સ્વરૂપ, મહા મલિન જાણે નરકકૂપ |
દેખે પોતાનું પારકું મન, જેમ દેખે તેમ કહે જન || ૨૧ ||
એમ દેખાડ્યો પ્રતાપ ઘણો, સહુ જાણે એ મહારાજ તણો |
દેખે નાથ ને નાડી તણાય, નીરખી સ્વામીને સમાધિ થાય || ૨૨ ||

(ભ.ચિ. પ્ર. ૪૯)

ઘૂઘરીને ઘમકારે સમાધિ!

ભગવાન શ્રી સ્વામિનારાયણે માંગરોળમાં ક્યારેય દીઠું ન હોય, સાંભળ્યું ન હોય, એવું એક અદ્‌ભુત સમાધિપ્રકરણ ચલાવ્યું હતું.

યોગેશ્વર ભગવાન નીલકંઠ કોઈ અનેરી મોજમાં આવી ગયા હતા. એમના ઐશ્વર્યનો ઘૂઘવતો મહાસાગર માઝા મેલી રહ્યો હતો. માંગરોળની બજારમાં નીલકંઠ નીકળે, દુકાનને થડે વાણિયા બેઠાં હોય, નીલકંઠ અને વાણિયાની ચાર આંખ્યો ભેગી થાય, ત્યાં તો વાણિયાનાં નાડી-પ્રાણ ખેંચાઈ જાય અને સમાધિ લાગી જાય!

નામું લખતા હોય તો હાથ થંભી જાય અને નામું લખવાનું અધૂરું રહી જાય! માલ જોખતા હોય તો જોખ એમ ને એમ અધૂરો રહી જાય! ગ્રાહક સાથે વાતો કરતા હોય, તો અચાનક વાતો બંધ થઈ જાય અને વેપારી સમાધિમાં સરી જાય!

આવું અવારનવાર થવા લાગ્યું, એટલે વેપારીઓ કંટાળ્યા. એમણે વિચાર્યું, ‘આ નીલકંઠ કામણગારા છે, જાદુગરા છે, મંત્રતંત્રના જાણકાર છે. આપણાં ઉપર ભૂરકી નાખીને આપણને મડદાં જેવાં કરી નાખે છે. આનો કાંઈક રસ્તો વિચારવો જોઈએ.’

નીલકંઠની કામણગારી નજરથી બચવા વાણિયાઓએ એકબીજાને ઈશારાથી

સાવધાન કરી દુકાનો બંધ કરી દેવાનો નિર્ણય કર્યો. નીલકંઠ અને વાણિયાઓ વચ્ચે સંતાકૂકડીનું પ્રકરણ બરાબર જામ્યું!

એક બાજુ નીલકંઠ નીકળે ત્યારે વેપારીઓ ટપોટપ દુકાનો બંધ કરવા લાગ્યા, તો બીજી બાજુ નીલકંઠ પણ અનેરી મસ્તી ખેલવા લાગ્યા! કોઈ વેપારી દુકાન બંધ કરવા જાય, બારણે હાથ દીધા હોય, બારણું અડધું બંધ થયું હોય, ત્યાં નીલકંઠની નજર પડે અને વેપારીને સમાધિ લાગી જાય અને ચિત્રમાં લખેલા પૂતળા જેવો બની જાય!

વેપારીઓએ નીલકંઠની નજરથી બચવા બારણાં બંધ કરવાનો ઉપાય શોધ્યો, તો નીલકંઠે પણ સમાધિ કરાવવાનો અનેરો રસ્તો અપનાવ્યો.

નીલકંઠ હવે ઘૂઘરીઓ જડાવેલી ચાખડીઓ પહેરીને બજારમાંથી નીકળવા લાગ્યા. ઘૂઘરીના ઘમકારાએ ગજબનો જાદુ કર્યો. જે કોઈ ઘૂઘરીના ઘમકારા સાંભળે, તેને સમાધિ થઈ જવા લાગી!

વેપારીઓ દુકાનનાં બારણાં બંધ કરે, પણ કાનનાં બારણાં કેમ બંધ કરવાં!

આખરે, વેપારીઓ થાક્યા. દેવોને દુર્લભ સમાધિ વાણિયાઓને માફક ન આવી. તેઓ નીલકંઠ પાસે આવ્યા, હાથ જોડીને કહ્યું, “નીલકંઠ! તમે રહ્યા બાવા-સાધુ અમે રહ્યા સંસારી, આવી ચિત્ર-વિચિત્ર સમાધિ અમને ન પોષાય! તમે કંઈક જાદુ કરો છો અને અમને મડદાં જેવાં બનાવી દ્યો છો, એથી અમારા વેપાર-ધંધામાં અવરોધ થાય છે. માટે કૃપા કરી આવા જાદુટોણા બંધ કરો અને અમને અમારા કામધંધા કરવા દ્યો.”

વેપારીઓની વાત સાંભળી નીલકંઠ હસ્યા અને સમાધિ પ્રકરણ બંધ કર્યું. નીલકંઠને થયું, ‘સમાધિ તો થાય, પણ સમજણ વગર પચે નહીં અને એકાંતિક ભક્તની સ્થિતિ પણ પ્રાપ્ત ન થાય.’

સોનીને સમાધિ

ભગવાન શ્રી સ્વામિનારાયણે ચલાવેલ સમાધિ પ્રકરણના અનેક પ્રસંગો છે. એમાંનો એક પ્રસંગ ભારે રમૂજી અને પ્રેરણાદાયક છે. એક વાર એક સોની ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શને આવ્યો. એમણે મહારાજને હાથ જોડીને કહ્યું, “મહારાજ! મને સમાધિ કરાવી ગોલોકના દર્શન કરાવો. ”

ભગવાન શ્રી સ્વામિનારાયણે મંદ મંદ હસીને સોનીની સામે નજર કરી. સોનીના નાડી-પ્રાણ ખેંચાઈ ગયાં અને સમાધિ લાગી ગઈ.

મહારાજે સમાધિમાં સોનીને ગોલોકમાં મોકલ્યો. ગોલોકનો અદ્‌ભુત વૈભવ જોઈને સોની આભો બની ગયો. ચારે બાજુ હીરા, માણેક, મોતીથી જડેલાં સુવર્ણમય તેજસ્વી ભવનો જોઈને સોની ‘અહો! અહો!’ કરવા લાગ્યો.

પોતે સોની હતો, છતાં એણે પોતાના બાપદાદાની જિંદગીમાં આટલું સુવર્ણ ક્યારેય ભાળ્યું નહોતું. સોનું દેખીને તો મુનિવરનાં પણ મન ચળે, જ્યારે આ તો બાપડો સોની હતો.

સુવર્ણમય ગોલોકના દર્શન કરતા સોનીનો સોની-સ્વભાવ જાગ્રત થયો. એને મનમાં થયું, 'આમાંથી જો થોડું સોનું ઘરે લઈ જાઉં, તો મારી સાત પેઢી ન્યાલ થઈ જાય!'

સોનીના સંકલ્પ-વિકલ્પ જાણી મહારાજ મંદ મંદ હસવા માંડ્યા. મહારાજને અકારણ હસતાં જોઈને સંતો-ભક્તોને આશ્ચર્ય થયું.

આ બાજુ સમાધિમાં સોનીને ગોલોકના સુવર્ણમય કિલ્લાની દીવાલ થોડી તૂટેલી દેખાણી અને એમાં એક બેલું સાવ નજીવા આધારે લટકી રહ્યું હતું!

સોનીને થયું, 'બસ, આ બેલું હું સમાધિની પ્રસાદી રૂપે લેતો જાઉં.' આમ વિચારી સોની બેલું ખેંચવા માંડ્યો. આ બાજુ મહારાજની સામે પડેલું એનું જડવત્ શરીર હલનચલન કરવા લાગ્યું.

સમાધિમાં સોની બેલું ખેંચવા મથી રહ્યો હતો, પણ બેલું નીકળતું નહોતું! એક બાજુ સોની સમાધિમાં વધારે ને વધારે જોર કરતો જાય, બીજી બાજુ એનું શરીર ઊંચા-નીચું થતું જાય, હાંફતું જાય અને પરસેવે રેબઝેબ થતું જાય!

કોઈકે કહ્યું, "મહારાજ! સમાધિઓ તો ઘણી જોઈ પણ આવી ઊંચી-નીચી, હાંફતી, પરસેવે રેબઝેબ થયેલી સમાધિ પહેલી વાર જોઈ! આ સોનીને શું થઈ રહ્યું છે?"

મહારાજે હસીને કહ્યું, "એ તો જાગે ત્યારે પૂછજો!"

આ બાજુ સોનીથી બેલું નીકળ્યું નહીં. મહારાજે એને સમાધિમાંથી જગાડ્યો અને પૂછ્યું, "મહાજન! સમાધિમાં શું જોયું?"

સોની 'અહો! અહો!' કરતો સુવર્ણમય ગોલોકનું વર્ણન કરવા લાગ્યો.

મહારાજ હસીને કહે, "મહાજન! ત્યાં આટલું બધું સોનું હતું, તો ત્યાંથી થોડું સોનું સાથે લઈ આવવું'તુંને! તમારું કામ થઈ જાત!"

સોનીએ લટકતાં બેલાંની વાત કરીને કહ્યું, "મહારાજ! મહેનત તો બહુ કરી, પણ માળું બેલું નીકળ્યું નહિ!" સોની શા માટે પરસેવે રેબઝેબ હતો? એનો મર્મ સમજાતા બધા હસવા માંડ્યા.

મહારાજે કહ્યું, "ભક્તો! જીવની વાસના બળવાન છે. માયાએ જીવોને નાશવંત પદાર્થો સાથે મોહના બંધનથી બાંધી લીધા છે. આ બંધનો તોડ્યાં તૂટે એવાં નથી."

"જૂઓને, આ સોનીને ગોલોક જેવા દિવ્યલોકમાં રહેવાનું તાન નથી, પરંતુ ત્યાંનું અહીં લઈ આવવાનું તાન છે!"

"જીવપ્રાણીમાત્રની દશા આ મહાજન જેવી જ છે. જીવને જોરાઈએ ધામમાં મોકલીએ, તો ત્યાંનું અહીં ઉપાડી લાવે એવા છે! કોઈને ભક્તિનું ભાથું ભેળું કરી પરલોકમાં લઈ જવાનું તાન નથી." "ભક્તો! અમે માત્ર સમાધિ નથી કરાવતા, સમાધિની સાથોસાથ સત્સંગ પણ કરાવીએ છીએ, કારણ કે સત્સંગથી જેવો જીવ નિર્વાસનિક થાય છે, એવો સમાધિથી થતો નથી."

"ભગવાનના ઉત્તમ દિવ્ય ભોગ-સુખ, ઐશ્વર્યમાં જીવની દૃષ્ટિ પહોંચે તો એને માયાના નરક જેવા વિષયોમાંથી મનની વૃત્તિ ઊખેડવી સહેલી પડે. માટે અમે સમાધિઓ કરાવીએ છીએ." "સમાધિથી જીવને બીજબળ થાય છે અને સત્સંગથી એ બીજનું પોષણ થાય છે અને આખરે જીવના હૃદયમાં મોક્ષનાં અંકૂરો પાંગરે છે અને પોષાય છે."

પોતે શા માટે સમાધિ કરાવી રહ્યા છે? એનો મર્મ મહારાજ સમજાવી રહ્યા હતા.

સમાધિ, સુષુપ્તિ અને સંમોહન

યોગશાસ્રની દૃષ્ટિએ સમાધિ બે પ્રકારની છે. એક સવિકલ્પ સમાધિ, બીજી નિર્વિકલ્પ સમાધિ. નિર્વિકલ્પ સમાધિમાં વાસનાના સંસ્કારો સહિત ચિત્તનો પૂર્ણપણે લય થઈ જાય છે. આ અવસ્થામાં બ્રહ્મ અને પરબ્રહ્મના અલૌકિક આનંદની અનુભૂતિ સિવાય બીજુ કંઈ અવશિષ્ટ રહેતું નથી.

સવિકલ્પ સમાધિમાં અનેક દિવ્યલોક અને દિવ્યઐશ્વર્યનાં દર્શન થાય છે.

સમાધિ, સુષુપ્તિ અને સંમોહન – આ ત્રણેય અવસ્થાઓમાં કેટલીક આભાસિક સમાનતા જણાય છે, પરંતુ ત્રણેયમાં સોનું અને પિત્તળ જેવો; અમૃત અને ખાટી છાસ જેવો તફાવત છે.

આ ત્રણેય અવસ્થામાં પંચભૂતના શરીર સાથે જીવનો સંબંધ શૂન્ય હોવાથી શરીર જડ બની જાય છે, એટલે આભાસિક સમાનતા ભાસે છે પરંતુ સમાધિ એ સમાધિ છે, સુષુપ્તિ અને સંમોહન એમને તોલે ક્યારેય આવી શકતા નથી.

સુષુપ્તિ જીવની અજ્ઞાનમયી મૂઢતમ અવસ્થા છે, જ્યારે સમાધિ સંપૂર્ણપણે જ્ઞાનમયી અવસ્થા છે.

ગાઢ નિદ્રારૂપી સુષુપ્તિ અવસ્થાને લીધે જીવના શરીરના થાક ઊતરી જાય છે. સુષુપ્તિમાંથી જાગ્યા પછી જીવ તાજગી અનુભવે છે, પરંતુ એ તાજગી અને સમાધિના આનંદમાં આકાશ-પાતાળ જેટલું અંતર હોય છે.

સુષુપ્તિ માયાના તમોગુણને આધીન છે, જ્યારે સમાધિ કાં તો સત્ત્વગુણથી ભરપૂર હોય છે અથવા તો નિર્ગુણ હોય છે.

સમાધિ અને સંમોહનમાં પણ આકાશ-પાતાળનું અંતર છે. સમાધિની દૃષ્ટિએ સંમોહન અતિતુચ્છ છે, સંમોહનમાં સંમોહિત વ્યક્તિની આંતરચેતના સંમોહન કરાવનાર વ્યક્તિદ્વારા અપાતી સૂચનાને અનુસરી પોતાના અચેતન મનમાં ડૂબકી મારે છે. સૂચના પ્રમાણે અવનવી કલ્પનાઓમાં રાચે છે, જ્યારે સમાધિમાં આવાં સૂચનોની કોઈ આવશ્યકતા હોતી નથી.

સંમોહનમાંથી જાગ્યા પછી સંમોહિત વ્યક્તિને પોતાના કોઈ અનુભવ યાદ રહેતા નથી, સુષુપ્તિમાં પણ લગભગ આ જ દશા હોય છે, જ્યારે સમાધિમાંથી જાગ્રત થનાર વ્યક્તિને પોતાનાં અનુભવનું યથાર્થ જ્ઞાન હોય છે.

સંમોહનની ઘણી સારીનરસી આડઅસરો છે, જ્યારે સમાધિ સર્વથા નિર્દોષ છે.

સંમોહનથી કેટલાક ફાયદા અવશ્ય મેળવી શકાય છે, પરંતુ માયાનાં આવરણ ભેદી શકાતાં નથી. જ્યારે સમાધિથી માયાનાં તમામ આવરણોથી મુક્ત થઈ શકાય છે. સંમોહન મનની માયા છે જ્યારે સમાધિ મનના સીમાડા ભેદીને પાર જવાની વાત છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું સમાધિ પ્રકરણ સુષુપ્તિ તેમ જ સંમોહનથી જૂદી જ જાતનું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન કરતાંની સાથે જ અનેક લોકોના નાડી-પ્રાણ ખેંચાઈ જતાં અને એમને સવિકલ્પ સમાધિ લાગી જતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ આ સમાધિ પ્રસંગે સમાધિસ્થ લોકોને કોઈ સૂચન કરતા નહિ; બસ એમના શરીરને એક બાજુ સુવડાવી રાખતા અને સમય આવ્યે જગાડતા.

આ સમાધિમાં લોકોને અનેક પ્રકારની દિવ્ય અનુભૂતિઓ થતી અને સમાધિમાંથી જાગ્યા પછી તેઓ પોતાના દિવ્ય અનુભવોનું વર્ણન કરતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતે સમાધિઓ કરાવતા એટલું જ નહીં, તેઓ બીજાને પણ સમાધિ કરાવવાનું ઐશ્વર્ય આપતાં અને સમય આવ્યે એ ઐશ્વર્ય પાછું લઈ લેતાં. ક્યારેક કોઈ સંતોને ગૌમુખી આપતા અને કહેતા, 'આ ગૌમુખીના સ્પર્શથી સમાધિ થશે!' ક્યારેક નાની લાકડી આપતા, જેનો એક છેડો અડાડવાથી સમાધિ થતી અને બીજો છેડો અડાડવાથી સમાધિ પૂર્ણ થતી. સંમોહનમાં આવું શક્ય નથી.

ભારતીય યોગીઓ માટે સમાધિ કોઈ અજાણી બાબત નથી. યોગશાસ્ત્રમાં ભગવાન પતંજલિએ સમાધિનાં સાધનો વર્ણવ્યાં છે. ભારતવર્ષમાં હજારો વર્ષથી યોગીઓ સમાધિ માટે સાધના કરતા રહ્યા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે અતિ દુર્લભ સમાધિને મોટા પાયા ઉપર સુલભ બનાવી હતી. અસાધારણ ઐશ્વર્ય સિવાય આ શક્ય નથી.

ભગવાન શ્રીકૃષ્ણનું મનમોહક વેણુગાન જેટલું સહજ છે, એટલું જ ભગવાન શ્રી સ્વામિનારાયણનું સમાધિ પ્રકરણ સહજ છે.

પાણીથી અભરે ભરાયેલાં વાદળાંઓ સાહજિકતાથી વરસે છે, એ જ રીતે વેણુગાન આનંદમય ભગવાન શ્રીકૃષ્ણના આનંદનો વરસાદ છે; સમાધિ પ્રકરણ ઐશ્વર્ય સાગર ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ઐશ્વર્યનો વરસાદ છે.

લીલામય પરમાત્માની લીલાઓ સહજ રીતે વિસ્તર્યા કરતી હોય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમાધિ પ્રકરણમાં નહોતી કોઈ કૃત્રિમતા કે નહોતું ઐશ્વર્યપ્રદર્શન! સમાધિ પ્રકરણ મહારાજની મોજનો અનોખો વરસાદ હતો. દુર્ભાગ્યે એ મોજને આપણે તર્કના ત્રાજવે તોળી શકતા નથી. મહાપુરુષોની મોજને માપવામાં આપણા બધા માપદંડો ટૂંકા પડે છે!

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃતો ઉપરથી આ સમાધિ પ્રકરણની સાહજિકતા અને સત્યતા સિદ્ધ થાય છે. વ.ગ.પ્ર.૨૫માં ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે,

“આત્મનિષ્ઠા અને ભગવાનના મહાત્મ્યનું જ્ઞાન, એ બે વાનાં તો ભગવાનનાં ભક્તને દૃઢપણે સાધવાં. એ બેમાં જેટલી ખામી રહે એટલી તો સમાધિમાં પણ નડે છે.”

હમણાં અમે એક હરિભક્તને સમાધિ કરાવી હતી. તે તેને તેજ અતિશય દેખાણું; તે તેજને જોઈને ચીસ પાડવા માંડી ને કહ્યું જે, ‘હું બળું છું.’ માટે સમાધિવાળાને પણ આત્મજ્ઞાનનું જરૂર કામ પડે છે. અમે તે હરિભક્તને સમજાવ્યું, જે ‘તારું સ્વરૂપ તો આત્મા છે, દેહ નથી ને આ લાડકીબાઈ નામ અને ભાટનો દેહ તે તું નથી અને અછેદ્ય-અભેદ્ય એવો જે આત્મા, તે તારું સ્વરૂપ છે.’ પછી અમે તેને સમાધિ કરાવીને કહ્યું, જે ગણપતિને સ્થાનકે ચાર પાંખડીનું કમળ છે ત્યાં જઈને તારું સ્વરૂપ જો.”

સમાધિમાં થતાં અનુભવને સમજાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, “જીવને સમાધિમાં અતિશય તેજ દેખાય છે અને અતિશય નાદ થાય છે અને કડાકા અતિશય થાય છે. તે ગમે તેવો ધીરજવાન હોય, તો પણ કાયરપણું આવી જાય છે.”

“જો અર્જુન ભગવાનના અંશ હતા અને મહાશૂરવીર હતા, તો પણ ભગવાનનું વિશ્વરૂપ જોવાને સમર્થ થયા નહીં. માટે એમ બોલ્યા, જે ‘હે મહારાજ! આ રૂપ જોવાને હું સમર્થ નથી, માટે તમારું જેવું પ્રથમ રૂપ હતું તેવું તમારું દર્શન કરાવો.’ એવી રીતે સમર્થને પણ સમાધિને વિશે જ્યારે બ્રહ્માંડ ફાટી જાય એવા કડાકા થાય છે અને જેમ સમુદ્ર મર્યાદા મેલે એવા તેજના સમૂહ દેખાય છે, ત્યારે ધીરજ રહેતી નથી. ”

"તે સારું દેહ થકી પોતાનું સ્વરૂપ જુદું સમજવું જોઈએ. અને એવી જે સમાધિ થાય છે તેના બે ભેદ છે. એક તો પ્રાણાયામે કરીને પ્રાણનો નિરોધ થાય છે, તે ભેળો ચિત્તનો પણ નિરોધ થાય છે અને બીજો પ્રકાર એ છે જે ચિત્તને નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે. તે ચિત્તનો નિરોધ ક્યારે થાય છે? તો જ્યારે સર્વ ઠેકાણેથી વૃત્તિ તૂટીને એક ભગવાનને વિશે વૃત્તિ જોડાય." (વચનામૃત-ગ.પ્ર. ૨૫)

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલમાં વિરાજમાન હતા. તે સમયે ગામ ભાદરણના પાટીદાર ભગુભાઈ મહારાજના દર્શને આવ્યા અને પૂછ્યું, "હે મહારાજ! આ સમાધિ તે કેમ થતી હશે?"

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "ભગુભાઈ! પૃથ્વી ઉપર ભગવાન ક્યારેક રાજા રૂપે હોય, ક્યારેક સાધુરૂપે હોય. એ ભગવાનની મૂર્તિ દેખવામાં તો મનુષ્ય સરખી જણાતી હોય, પણ એ અતિશય અલૌકિક મૂર્તિ છે.

જેમ પૃથ્વીને વિશે સર્વ પથરા છે, તેમ ચમકપાણ પણ પથરો છે. પણ ચમકપાણમાં સહેજે એવો ચમત્કાર રહ્યો છે જે ચમકના પર્વતને સમીપે વહાણ જાય, ત્યારે તેના ખીલા ચમકના પાણા પાસે તણાઈ જાય છે. તેમ ભગવાનની જે મૂર્તિ રાજારૂપે છે અને સાધુરૂપે છે, તે મૂર્તિનું જ્યારે જે જીવ શ્રદ્ધાએ કરીને દર્શન કરે છે તેની ઇન્દ્રિયો ભગવાન સામી તણાઈ જાય છે, ત્યારે સમાધિ થાય છે.

અને કોઈક સમયમાં ભગવાનને ઘણાંક જીવને પોતાની સન્મુખ કરવા હોય, ત્યારે તો અભક્ત જીવ હોય અથવા તો પશુ હોય તેને પણ ભગવાનને જોઈને સમાધિ થઈ જાય છે. તો ભગવાનના ભક્તને થાય એમાં શું આશ્ચર્ય છે!" (વ. વ. ૧૩)

બ્રહ્મચારી! પાખંડ મેલો!

ભગવાન શ્રી સ્વામિનારાયણનું સમાધિપ્રકરણ ભારે આશ્ચર્યથી ભરેલું હતું, છતાં ભલભલાને ગળે ઊતરે તેવું ન હતું. સમાધિપ્રકરણ અંગે સમાજમાં જાત-જાતના તર્કો અને વિતર્કો ઊભા થયા હતા. ખુદ ઉદ્ધવ સંપ્રદાયના કેટલાક અગ્રણી સંતો અને સત્સંગીઓમાં પણ આ અંગે અનેક સવાલો ઘૂમરાયા હતા અને વિરોધનાં વમળો ઊઠ્યાં હતાં. આવું ક્યારેય કોઈએ જોયું નહોતું. મોટા મોટા યોગીઓને પણ સમાધિ ભારે દુર્લભ છે, તે આટલી સરળ હોય! એ માની શકાય એવી વાત નહોતી.

રામાનંદસ્વામી સિદ્ધ પુરુષ હતા. સમાધિનિષ્ઠ હતા. એમણે કૃપા કરીને અનેક સુપાત્ર શિષ્યને ભગવદ્ સાક્ષાત્કાર કરાવ્યો હતો, પણ ક્યારેય આ રીતે પાત્ર-કુપાત્ર જોયા સિવાય સેંકડો લોકોને સમાધિઓ કરાવી નહોતી!

એક બાજુ મુક્તાનંદસ્વામી કચ્છમાં વિચરણ કરી રહ્યા હતા, બીજી બાજુ ભગવાન શ્રી સ્વામિનારાયણ જોરશોરથી સમાધિ પ્રકરણ ચલાવી રહ્યા હતા.

રામાનંદસ્વામીના કેટલાક આગેવાન સંતો અને હરિભક્તો ભેગા થયા. બધાનાં મન સમાધિપ્રકરણ વિશે ભારે મૂંઝવણ અનુભવી રહ્યાં હતાં.

એમને લાગતું હતું કે, 'નીલકંઠ બ્રહ્મચારી રામાનંદસ્વામીએ પ્રવર્તાવેલ ધર્મની સીધી, સાદી, સરળ રીતને પડતી મેલી દંભ અને પાખંડને રવાડે ચડી ગયા છે.'

નીલકંઠનો પ્રભાવ જબરો હતો, એટલે એમને મુખોન્મુખ સાચી વાત કહેવામાં સર્વને સંકોચ થતો હતો. આખરે સર્વેએ મુક્તાનંદસ્વામીને તેડાવી એમના દ્વારા વર્ણીને સાચે રસ્તે વાળવાનો નિર્ધાર કર્યો.

કચ્છમાં વિચરણ કરી રહેલા મુક્તાનંદસ્વામીને સમાચાર મોકલવામાં આવ્યા, 'સ્વામી! તમે દૂર દેશમાં ફરો છો અને અહીંયા આ જુવાન બ્રહ્મચારીએ ઉદ્ધવ સંપ્રદાયને ડહોળી નાખ્યો છે! હાલતાં-ચાલતાં સમાધિ કરાવવાનાં નાટક કરે છે. તમાશાને તેડું ન હોય, એમ કુતૂહલપ્રિય લોકોનાં ટોળેટોળાં ઊમટે છે. જો આમ ને આમ ચાલશે, તો ઉદ્ધવ સંપ્રદાયની અસલ રીત ક્યાંય ખોવાઈ જશે!'

કચ્છમાં આ સમાચાર મળતા મુક્તાનંદસ્વામી ભારે દુઃખી દુઃખી થઈ ગયા. એમના મનમાં થયું, 'અરે! નીલકંઠે આ શું માંડ્યું છે? આટલો સમય એમની સાથે રહ્યા; એમને આવા નહોતા ધાર્યા. સદ્‌ગુરુ રામાનંદસ્વામી તો છે નહીં. હવે મારે જ એમને સમજાવીને મૂળ રસ્તે પાછા આણવા પડશે.' આમ વિચારીને તેઓ એક શિષ્યને સાથે લઈને ઉતાવળી ગતિએ સોરઠ પધાર્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ એ સમયે મેઘપર ગામે બિરાજતા હતા. મુક્તાનંદસ્વામી મેઘપર પહોંચ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ મુક્તાનંદસ્વામીને સદ્‌ગુરુ રામાનંદસ્વામી જેટલો જ આદર આપતા હતા. એમણે એકદમ ઊભા થઈને ભારે આદરથી સ્વામીને સત્કાર્યા, ઔપચારિક કુશળ પ્રશ્ન થયા.

મુક્તાનંદસ્વામીના શબ્દોમાં પહેલાં જેવાં ઉષ્મા કે અમી ન હતાં. તેઓ ભારે અસ્વસ્થ જણાતા હતા. આ શાંતમૂર્તિ સંતને ભક્તોએ ક્યારેય આવા અકળાયેલા જોયા ન હતા.

મેઘપરની સભામાં ટાંકણી પડે, તોય સંભળાય એવી શાંતિ પથરાયેલી હતી. સભામાં બેઠેલા સર્વને થતું હતું કે, 'આજે નક્કી કંઈક નવા-જૂની થશે!'

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વામીની અકળામણનું રહસ્ય જાણતાં હતાં. આવા પવિત્ર સંત કુરાજી રહે એ એમને મંજૂર ન હતું. મુક્તાનંદસ્વામીના હૃદયના બંધને

ખોલવા માટે અવસર આપતા હોય, એમ એમણે વાતની શરૂઆત કરી, "સ્વામી! તમે આજે આટલા અસ્વસ્થ કેમ છો?"

નીલકંઠવર્ણીના આ શબ્દોએ સ્વામીની અકળામણના બંધ તોડી નાખ્યા. ઘણા સમયથી એકઠી થયેલી એમની પીડા આકરા વાક્પ્રવાહના રૂપમાં વહેવા લાગી.

"નીલકંઠ! શું આ સમાધિનાં નાટક માંડ્યાં છે? સદ્‌ગુરુ રામાનંદસ્વામી ગયા એટલે કોઈનો ભય ન હોય એમ સ્વચ્છંદી થઈ ગયાં! શું તમે એમ માનો છો કે હવે તમને કહેનાર કોઈ નથી? આવા દંભ-પાખંડ છોડો અને સીધી રીતે ઉદ્ધવ સંપ્રદાયનું પ્રવર્તન કરો, એમાં જ ગુરુદેવનો રાજીપો છે."

એક બાજુ નીલકંઠવર્ણી ભારે સ્વસ્થતાથી, શાંતચિત્તે પોતાના ગુરુતુલ્ય સંતના આકરાં વચનોનું અમૃતની પેઠે પાન કરી રહ્યાં હતાં, બીજી બાજુ સ્વામીના ઠપકાનો પ્રવાહ ધોધમાર રીતે વહેતો હતો.

નિષ્કુળાનંદસ્વામી મુક્તમુનિના વચનોની નોંધ લેતા ભક્તચિંતામણિમાં લખે છે...

મહારાજ દિયો પાખંડ મેલી, સત્સંગમાં ન થાવું ફેલી ।

સમાધિ કાંઈ નથી સોયલી, મોટા યોગીને પણ દોયલી ॥૫૪॥ (ભ.ચિં.પ્ર-૪૯)

ભગવાન શ્રી નીલકંઠે મુક્તાનંદસ્વામીનું હૈયું હળવું થવાં દીધું. પછી ધીરે રહીને મર્મમાં બોલ્યા, "સ્વામી! અમે કોઈને સમાધિઓ કરાવતા નથી પણ કોણ જાણે શું થાય છે? લોકો અમારી પાસે આવે છે અને સમાધિઓ થઈ જાય છે. સ્વામી! આ બધો તો સદ્‌ગુરુ રામાનંદસ્વામીનો પ્રતાપ છે, અમારો નહીં."

મુક્તાનંદસ્વામી બોલ્યા, "બ્રહ્મચારી! તમે આવી વાતો ઉપજાવી કાઢવાનું બંધ કરો!"

મુક્તાનંદસ્વામીએ હજુ આ વાક્ય પૂરું કર્યું ન કર્યું, એ સમયે કચ્છથી સ્વામીની સાથે આવેલા સંતદાસજીને સમાધિ થઈ ગઈ. મુક્તાનંદસ્વામી આ દૃશ્ય આશ્ચર્યથી જોઈ રહ્યા, પરંતુ અત્યારે એમનું ચિત્ત વાસ્તવિકતાને સ્વીકારી શકે એટલું સ્વસ્થ નહતું. એમને તો એમ જ થયું કે, 'નીલકંઠે આ સાધુ ઉપર પણ ભૂરકી નાખી છે.'

આ બાજુ સાધુને સમાધિમાં રામાનંદસ્વામીનાં દર્શન થયા. રામાનંદસ્વામીએ કહ્યું, "સાધુરામ! કહો મુક્તાનંદસ્વામીને કે, અમારાં વચનોને યાદ કરે. અવઢવ છોડી દે અને નિઃસંશય થઈને નીલકંઠના ભગવાનપણાનો સ્વીકાર કરે."

થોડી વાર પછી સાધુ સમાધિમાંથી જાગ્યા અને રામાનંદસ્વામીનો સંદેશો મુક્તાનંદસ્વામીને સંભળાવ્યો. મુક્તાનંદસ્વામી આ બધું માનવા તૈયાર ન હતા. એમને થયું, 'આ બધું કલ્પિત છે, ગોઠવી રાખેલું છે!'

અંતર્યામીભાવે સ્વામીના વિચારો વાંચી નીલકંઠ મંદ મંદ હસ્યા પણ કાંઈ બોલ્યા

નહીં. એ મૌનમાં ઈશારો હતો કે, "સ્વામી! આ સાધુ તો હજુ તમારી સાથે કચ્છથી હાલ્યા આવે છે. અમે તેમને મળ્યા પણ નથી તો ગોઠવી રાખવાની વાત જ ક્યાંથી આવે?"

મુક્તાનંદસ્વામીની મૂંઝવણ હવે વધી ગઈ અને નીલકંઠની સામે જોઈ રહ્યા. એનું મન તર્ક-વિતર્કને હિંડોળે ઝૂલી રહ્યું હતું. આ સમયે મેઘપરમાં મઢડાના જેઠા મેર અને સંત માધવદાસ પણ હાજર હતા. આ બન્ને ઉપર મુક્તાનંદસ્વામીને ભારે વિશ્વાસ હતો. આ બન્ને એકાંતમાં સ્વામીને મળ્યા અને સમજાવવા પ્રયાસ કર્યો. નિષ્કુળાનંદસ્વામી ભક્તચિંતામણિમાં લખે છે કે....

વળતા મૂંઝાણા ન સૂજ્યું કાંઈ, પછી જોયું છે અંતરમાંઈ |
હતો પોતાને જેનો વિશ્વાસ, તે દીઠા જેઠો માધવદાસ ||૬૬||
માધવદાસે કરી વાત મોટી, માનો મુક્તાનંદ નથી ખોટી |
મુક્તાનંદ સંશયવંત થયા, ત્યાંથી સહુ કાલવાણીએ ગયા ||૬૭||

(ભ.ચિં.પ્ર-૪૯)

માધવદાસે કહ્યું, "સ્વામી! સંશય મેલો અને સમાધિને સાચી માનો." વિશ્વાસીઓની વાત સાંભળવા છતાંય મુક્તાનંદસ્વામીએ જોઈએ તેવા સંશયરહિત ન થયા.

પ્રથમ તો મુક્તાનંદસ્વામી સમાધિને ઢોંગ અને પાખંડ માનતાં હતાં, પરંતુ હવે એમનું મન 'સમાધિ સાચી કે ખોટી?' એવી દ્વિધાને હિંડોળે ઝૂલવાં માંડ્યું હતું. એમની અર્ધયાત્રા પૂર્ણ થઈ હતી અને બાકીની અર્ધયાત્રા હવે પછી પૂર્ણ થવાની હતી.

કેમ સ્વામી! કાંઈ જડ્યું?

ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતો-ભક્તોએ સહિત મેઘપરથી કાલવાણી પધાર્યા. મહારાજે મુક્તાનંદસ્વામીને પણ સાથે લીધા.

કાલવાણીમાં બપોરના ભોજન બાદ સૌએ વિશ્રાંતિ લીધી. મુક્તાનંદસ્વામીને ઉદાસીનતા ઘેરી વળી હતી, એટલે આરામ હરામ થઈ ચૂક્યો હતો.

બપોર પછી ભગવાન શ્રી સ્વામિનારાયણ ભક્તજનોના સમુદાય સાથે કીર્તન-ઉત્સવ કરતાં કરતાં ગામની બહાર નદીએ સ્નાન કરવા પધાર્યા.

મુક્તાનંદસ્વામી ધીરે ધીરે તૈયાર થઈ પાછળ ચાલ્યા. સ્વામીને પાછળ રહી ગયેલા જોઈને અગતરાઈના મહામુક્તરાજ પર્વતભાઈ સ્વામીને સાથ દેવા માટે સાથે ચાલ્યા.

તેઓ જ્યારે નદીએ પહોંચ્યા, ત્યારે નીલકંઠવર્ણી તો ગામથી ઘણે દૂર નદીના ઉપરને આરે પહોંચી ગયા હતા.

પર્વતભાઈએ સ્વામીને કહ્યું, "સ્વામી! આપણે નીલકંઠવર્ણીને પહોંચી નહીં શકીએ. આપણે ત્યાં જશું ત્યારે એ સ્નાન કરીને પાછા વળ્યા હશે, માટે આપણે અહીં નજીકને આરે જ સ્નાન કરી લઈએ."

'સ્વામી ઉદાસ તો છે જ, વળી પાછી વર્ણીરાજ દ્વારા મારી ઉપેક્ષા થાય છે.' એવી ધારણા સ્વામીના મનમાં ન બંધાય એવું પર્વતભાઈ ઇચ્છતા હતા.

મુક્તાનંદસ્વામીએ પર્વતભાઈની વાત સ્વીકારીને સ્નાનની તૈયારી કરી. પડખે ખાખરાનું વન હતું. મુક્તાનંદસ્વામી જળપાત્ર ભરીને બહિર્ભૂમિ જવા માટે ખાખરાના વનમાં ચાલ્યા. તેઓ ભારે વેદના ભરેલાં હૈયે સદ્‌ગુરુ રામાનંદસ્વામીને સંભારી રહ્યા હતા. એ જ સમયે અચાનક દિવ્યપ્રકાશનો પૂંજ પ્રગટ્યો. એ જ્યોતિર્પૂંજને વિશે મંદ મંદ હસતાં હસતાં રામાનંદસ્વામી ઊભા હતા. એમનાં દિવ્યશરીરમાંથી પ્રસરતાં શીતળ શાંત તેજની સામે અસ્તાચળ તરફ ઢળી રહેલાં સૂરજનાં તેજ ઝાંખાં પડી રહ્યાં હતાં.

સદ્‌ગુરુના દિવ્યદર્શન થતાં જ મુક્તાનંદસ્વામીએ એકદમ દોડીને રામાનંદસ્વામીના પગ પકડી લીધા અને ધ્રુસકે ધ્રુસકે રડવા માંડ્યા. રામાનંદસ્વામી પોતાના આ પ્રિય શિષ્યના મસ્તક ઉપર ધીરે ધીરે હાથ ફેરવવા લાગ્યા.

મુક્તાનંદસ્વામીનું હૈયું હળવું થયું ત્યારે રામાનંદસ્વામી બોલ્યા, "મુક્તાનંદ! કેમ આટલા બધા દિલગીર થાઓ છો?"

મુક્તાનંદસ્વામીએ કહ્યું, "સ્વામી! આ તમે કેવા યુવાન અને મનમુખી બ્રહ્મચારીના હાથમાં અમને સોંપી ગયા? એણે તો ઉદ્ધવ સંપ્રદાયમાં ઊથલપાથલ મચાવી છે! અસલ રીત પડતી મેલીને દંભ તેમ જ પાખંડને રવાડે ચડી ગયાં છે. સમાધિ કરાવવાના નાટક માંડ્યાં છે."

સ્વામી હસીને બોલ્યા, "મુક્તાનંદસ્વામી! અમે કેટકેટલા સંકેત કર્યાં, છતાં હજુ તમે નીલકંઠ બ્રહ્મચારીને ઓળખી ન શક્યા! નીલકંઠ સાધારણ નથી. એ સ્વયં પરબ્રહ્મ પરમાત્મા છે અને અમારા જેવા તો કેટલાય એમના સેવકો છે. એ સાધારણ યોગી નથી, એ યોગેશ્વર છે. સમાધિ કરાવવી એ તો એમને રમત વાત છે!"

મુક્તાનંદસ્વામી આશ્ચર્યચકિત નયને સદ્‌ગુરુ રામાનંદસ્વામી પ્રત્યે જોવા લાગ્યા અને બોલ્યા, "સ્વામી! તમે સાચી વાત કરો છો?"

રામાનંદસ્વામીએ કહ્યું, "મુક્તમુનિ! સદ્‌ગુરુનાં વચનમાંય વિશ્વાસ નથી બેસતો! તમારું મન આટલું બધું આળું કેમ થઈ ગયું છે? છોડો બધા સંશય અને નીલકંઠને શરણે થઈ જાઓ." મુક્તાનંદસ્વામી બોલ્યા, "પણ સ્વામી! એમાં મારું કલ્યાણ તો નહીં બગડેને? મારી ગુરુભક્તિનો ભંગ તો નહીં થાય ને?"

રામાનંદસ્વામી બોલ્યા, "મુક્તમુનિ! કલ્યાણની ચિંતા છોડો. જો મારું કલ્યાણ બગડે તો તમારું કલ્યાણ બગડે! આથી વિશેષ ખાતરી તમારે બીજી શી જોઈએ છે? અને રહી ગુરુભક્તિની વાત. તો તમે સાંભળી લ્યો, ગુરુ તો લક્ષ્ય તરફ સંકેત કરતી આંગળી જેવા છે. પરમાત્મારૂપી લક્ષ્યની પ્રાપ્તિ કરાવ્યા બાદ ગુરુનું કાર્ય પૂર્ણ થાય છે."

"અજ્ઞાની લોકો આંગળી પકડી લે છે અને લક્ષ્યને ચૂકી જાય છે. મારે તમને એવા અજ્ઞાનીઓની પંક્તિમાં બેસવા નથી દેવા. મુક્તમુનિ! ભગવાન વર છે, ગુરુ પુરોહિત છે. લગ્નને માંડવે પુરોહિત વરકન્યાનો હથેવાળો કરાવે, એમ ગુરુ જીવનો હાથ જગદીશના હાથમાં સોંપે છે. પરમાત્માને પડ્યા મેલીને ગુરુમાં જોડાવું, એ તો વરને છોડી પુરોહિતને પરણવા જેવી વાત છે. પતિવ્રતા સ્રીનો આ ધર્મ નથી. નીલકંઠની પ્રાપ્તિ કરાવ્યા બાદ અમારું કર્તવ્ય પૂર્ણ થયું છે, માટે ફરીથી કહું છું કે નીલકંઠ ભગવાન છે, એમને શરણે થઈ જાઓ. એમાં જ સાચી ગુરુભક્તિ છે."

સદ્‌ગુરુનાં દિવ્યદર્શનથી અને એમના શબ્દોથી મુક્તાનંદસ્વામીનાં અંતરમાં અજવાળાં થઈ ગયાં; સંશયનાં જાળાં ભેદાઈ ગયાં; તેમનું રોમેરોમ આનંદથી નાચવા માંડ્યું; દેહદશા વિસરાઈ ગઈ; ભાવસમાધિમાં લીન થયા; રામાનંદસ્વામી અદૃશ્ય થયા બાદ થોડા સમયે તેઓ ભાવસમાધિમાંથી બહાર આવ્યા. હવે એમના હૈયામાં અને મુખ ઉપર આનંદ મા'તો ન હતો.

હરખાતે હૈયે તેઓ નદીકિનારે આવ્યા. પર્વતભાઈએ જતી વખતે સ્વામીને અતિ ઉદાસીન જોયા હતા અને આવતી વખતે આવા આનંદમાં જોઈને મર્મમાં પૂછ્યું, "કેમ સ્વામી? ભારે આનંદમાં જણાઓ છો! શું કાંઈ જડ્યું?"

મુક્તાનંદસ્વામીએ હસીને કહ્યું, "હા પર્વતભાઈ! જડ્યું. ખોવાયેલું અમૂલખ રતન સદ્‌ગુરુની કૃપાથી પાછું હાથ આવી ગયું!"

"પર્વતભાઈ! આમ તો એ ખોવાયું જ નહતું. હતું તો નજર સામે જ, પરંતુ દૃષ્ટિદોષથી દેખાતું ન હતું." મુક્તાનંદસ્વામીના રહસ્યભર્યાં વચનોનો તાગ લેવા પર્વતભાઈ મથી રહ્યા. તાગ મળે કે ન મળે, સ્વામીને આનંદમાં જોઈ પર્વતભાઈને પણ અંતરમાં આનંદ થયો.

જય સદ્‌ગુરુ સ્વામી!

આ બાજુ સ્વામીએ નદીમાં સ્નાન કર્યું; કોરાં વસ્રો પહેર્યાં; વગડામાં ખીલેલાં સુગંધી પુષ્પો વીણી ચાદરની ખોઈમાં ભર્યાં અને આશ્રમમાં પાછા આવ્યા. સ્વામીએ જાતે ફૂલોની માળા પરોવી, જાતે ચંદન ઘસ્યું અને નીલકંઠવર્ણી ક્યારે પધારે! એની આતુર હૈયે રાહ જોવા લાગ્યા.

આ બાજુ ભગવાન નીલકંઠવર્ણી પણ સ્વામીને સમય આપવા માગતા હોય, એમ નદીને કિનારે મોડે સુધી સભા ભરીને બેઠા અને જ્ઞાનવાર્તા કરતા રહ્યા. સંધ્યાનો સમય થવા આવ્યો, ત્યારે તેઓ સભા પૂર્ણ કરી આશ્રમે પધાર્યા.

અહીંયા મુક્તાનંદસ્વામી તો ક્યારનાય રાહ જોઈને બેઠા હતા. એક એક પળનો વિલંબ એમને જુગ જેવો લાગતો હતો.

આશ્રમમાં સભા વખતે બેઠકની એક વિશિષ્ટ વ્યવસ્થા રહેતી. મધ્યભાગે ગુરુગાદીના પ્રતીક સમાન એક પીઠિકા રાખવામાં આવતી. તેના ઉપર સદ્‌ગુરુ રામાનંદસ્વામીની ચરણપાદુકા પધરાવવામાં આવતી. એ ચરણપાદુકાને વંદન કરીને સૌ પોતપોતાની જગ્યાએ બેસતા. નીલકંઠવર્ણીનું સ્થાન પીઠિકાની સમીપે જમીન ઉપર બિછાવેલા આસન ઉપર રહેતું.

આજે નીલકંઠવર્ણી ગુરુગાદીને પ્રણામ કરી જેવા નીચે બેસવા ગયા એ જ સમયે મુક્તાનંદસ્વામી એકદમ ઉતાવળા ત્યાં પહોંચ્યા. ગાદી પરની પાદુકાઓ એકબાજુ કરી, નીલકંઠવર્ણીનો હાથ પકડી પરાણે ગુરુગાદી પર બેસાડી દીધા.

નીલકંઠવર્ણી હસીને બોલ્યા, "હાં હાં સ્વામી! આ શું કરો છો? આ તો ઈશ્વરમૂર્તિ સંત સદ્‌ગુરુ રામાનંદસ્વામીની ગાદી છે. અહીંયા મારાથી કેમ બેસાય?"

મુક્તાનંદસ્વામી હસીને બોલ્યા, "વર્ણીરાજ! તમે તો ઈશ્વરના પણ ઈશ્વર છો. સદ્‌ગુરુની કૃપાથી મારી ભ્રાંતિ ભાંગી ચૂકી છે, સાચી ઓળખાણ થઈ ચૂકી છે. મારાથી જે અપરાધ થયા છે, તેને ક્ષમા કરજો."

સર્વે સંતો તથા હરિભક્તો મુક્તાનંદસ્વામીનું આ હૃદય-પરિવર્તન નિહાળી રહ્યા હતા. 'અચાનક આમ કેમ થયું?' તે કોઈના કળ્યામાં આવતું ન હતું. એક પર્વતભાઈ બધી વાત સમજી ગયા હતા. એમનાં અંતરમાં તાળો બેસી ગયો હતો, કે સ્વામી કંઈક જડ્યાની વાત કરતા હતા તે આ જ છે.

આ બાજુ મુક્તાનંદસ્વામીએ નીલકંઠવર્ણીના ભાલમાં સ્વહસ્તે ઉતારેલ ચંદનની અર્ચા કરી, પ્રેમથી ગૂંથેલ પુષ્પની માળા વર્ણીરાજના કંઠમાં પહેરાવી અને અંતરની ઊર્મિઓમાંથી પ્રગટેલી આરતીનું ગાન કરતાં કરતાં આરતી ઉતારી.

જય સદ્‌ગુરુ સ્વામી...પ્રભુ! જય સદ્‌ગુરુ સ્વામી...
સહજાનંદ દયાળુ, બળવંત બહુનામી.....જય દેવ૦

....

આ અવસર કરુણાનિધિ કરુણા બહુ કીધી,
મુક્તાનંદ કહે મુક્તિ, સુગમ કરી સીધી.....જય દેવ૦

આ અદ્‌ભુત પ્રસંગે મુક્તમુનિએ રચેલ આરતીનું આ પદ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં લાખો નરનારીઓ સંધ્યા સમયે ગાય છે અને નિરાજન મહોત્સવ ઉજવે છે.

પોતાની દિવ્યઅનુભૂતિની વાત મુક્તાનંદસ્વામીએ આગેવાન સંતો-હરિભક્તોને કરી અને સમાધિ અંગે સર્વને નિઃસંશય કર્યાં.

મુક્તાનંદસ્વામી સદ્‌ગુણોનો ભંડાર હતા; ઉંમરમાં નીલકંઠવર્ણીથી ઘણા મોટા હતા, છતાં રામાનંદસ્વામીએ જ્યારે યુવાન નીલકંઠને સર્વના ગુરુપદે સ્થાપ્યા ત્યારે એમના અંતરમાં સહેજ પણ ઈર્ષ્યાનો ભાવ જાગ્યો ન હતો. મુક્તાનંદસ્વામી શ્રીમદ્ ભાગવતજીમાં કહ્યું છે તેમ નિર્મત્સર સંત હતા. ગુરુદેવ રામાનંદસ્વામીનાં વચને તેઓ જીવનભર નીલકંઠના સેવક થઈને રહ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ એમની સદ્‌ગુરુ રામાનંદસ્વામી જેવી જ આમન્યા જાળવી હતી.

સમાધિ કરતાંય સમજણનો સત્સંગ શ્રેષ્ઠ છે

ભગવાન શ્રી સ્વામિનારાયણનું સમાધિપ્રકરણ અનેક રીતે મીમાંસા માગી લે તેવું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે ચમત્કારો દ્વારા સસ્તી લોકપ્રસિદ્ધિ મેળવવા સમાધિપ્રકરણ નહોતું ચલાવ્યું. એમનો આશય શુદ્ધ હતો. ધાર્મિક તેમ જ રાજકીય રીતે ડહોળાયેલાં અશાંત વાતાવરણથી ભ્રાન્ત અને મૂઢ બનેલી પ્રજાને જાગૃત કરી એમને સન્માર્ગે વાળવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનાં અમોઘ ઐશ્વર્યનો ઉપયોગ કર્યો હતો.

તોફાની સાગરમાં ફસાયેલા સાગરયાત્રીઓ સહારો શોધે, એમ લોકો પોતાના તારણહારને શોધી રહ્યા હતા. એમને ભગવાન શ્રી સ્વામિનારાયણના રૂપમાં એ તારણહાર મળી ચૂક્યા હતા.

સમાધિપ્રકરણથી એ સિદ્ધ થયું હતું કે સદ્‌ગુરુના વેષમાં વિચરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ માત્ર સિદ્ધ કે સદ્‌ગુરુ નથી, પણ સર્વેશ્વર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે; અન્યથા આવું અમોઘ ઐશ્વર્ય સંભવે નહીં.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે સમય ટૂંકો હતો અને કાર્યો ઘણાં હતાં, એટલે એમણે કુશળ ડૉક્ટરની પેઠે સમાધિની તાત્કાલિક સારવારનો માર્ગ અપનાવ્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણને બરાબર ખ્યાલ હતો કે માનવજીવનની આધ્યાત્મિક સમસ્યાઓનાં સમાધાન સમાધિથી નહીં, સમજણથી જ શક્ય છે.

સમાધિનું ઐશ્વર્ય, પરચા, ચમત્કાર જોઈને કોઈ સત્સંગી થાય તેના કરતાં પણ

સમજણથી સત્સંગી થાય, આ વાતને ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રેષ્ઠ માનતા હતા.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીના ૧૬માં અધ્યાયમાં દૈવીસંપત્તિના લક્ષણો કહ્યાં છે. જીવના અંતરમાં નિર્ભયતા, વિચારોની પવિત્રતા, સત્ય, પ્રેમ, કરુણા, અહંકાર-શૂન્યતા વગેરે દૈવીગુણોનો વિકાસ થાય એથી મોટો કોઈ ચમત્કાર નથી. એટલે જ પરચા-ચમત્કાર કરતાં પણ આંતરિક ગુણોનો વિકાસ કરવો એ ભગવાન શ્રી સ્વામિનારાયણનું લક્ષ્ય હતું.

જો સાચી સમજણ ન હોય તો ધૂડ્યપાપ જેવી સસ્તી સિદ્ધિઓ અને પ્રસિદ્ધિઓના જંગલમાં સાધક ભટકી જાય છે અને પોતાના ઉચ્ચતમ આધ્યાત્મિક લક્ષ્યને ભૂલી જાય છે.

માણસ સત્તા-સંપત્તિથી સુખી થતો નથી, સમજણથી સુખી થાય છે. અહીં સમજણ શબ્દ માત્ર વ્યાવહારિક અને સામાન્ય સમજણ પૂરતો સીમિત નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ જેને સમજણ કહે છે, તેનો અર્થ છે...

સમજણ એટલે સાંખ્ય અને યોગનો સંગમ; સમજણ એટલે સત્-અસત્નું જ્ઞાન; સમજણ એટલે સાર-અસારનો વિવેક; સમજણથી અસારમાં અનાસક્તિ અને સારમાં સ્નેહ પ્રગટે છે.

સમજણથી જ જીવનું અંતર નિર્વાસનિક થાય છે અને પરમાત્મ-સ્વરૂપમાં પ્રીતિ થાય છે. કોઈ કોઈ સ્થળે ભગવાન શ્રી સ્વામિનારાયણે સમજણથી પ્રાપ્ત થનાર 'જ્ઞાનસમાધિ' અથવા તો 'જ્ઞાનપ્રલય'ની વાત કરી છે. જ્યારે પ્રકૃતિ અને પ્રકૃતિનાં કાર્યનો સંપૂર્ણપણે લય થઈ જાય અને માત્ર પરમ સત્યસ્વરૂપ આત્મા અને પરમાત્મા જ અવશિષ્ટ રહે, તેને 'જ્ઞાનપ્રલય' કહેવાય. આત્મા અને પરમાત્માનાં સ્વરૂપમાં નિમગ્ન થવું એને 'જ્ઞાનસમાધિ' કહેવાય. આવી જ્ઞાનસમાધિનું કારણ 'સત્સંગ' છે.

જ્ઞાનસમાધિથી એક ડગલું આગળ વધી ભગવાન શ્રી સ્વામિનારાયણે 'પ્રેમસમાધિ'ની વાત પણ કરી છે. પ્રેમની જે ઉત્કૃષ્ટ અવસ્થા એ આત્મસ્વરૂપ પણ શ્રીહરિનાં સ્વરૂપમાં સંપૂર્ણપણે નિમગ્ન બની જાય. આવા પ્રેમાદ્વૈતને 'પ્રેમસમાધિ' કહેવાય.

આવી પ્રેમસમાધિ આધ્યાત્મિક ઉન્નતિની પરાકાષ્ઠા છે. આવી પ્રેમસમાધિનું કારણ પણ 'સત્સંગ' જ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સમાજની તાત્કાલિક સારવાર માટે ભલે સમાધિનું ઐશ્વર્ય વાપર્યું હોય, પરંતુ લાંબા ગાળાના ઉપચાર માટે એમણે 'સત્સંગ' ઉપર જ વિશેષ ભાર મૂક્યો હતો અને સમાધિપ્રકરણને લગભગ પૂર્ણવિરામ આપ્યો હતો. પછી તો ક્યારેક જ અનિવાર્ય સંજોગોમાં એમણે આ ઐશ્વર્ય વાપર્યું હતું.

સોરઠમાં વિચરણ

ભગવાન શ્રી સ્વામિનારાયણના અવતરણનો મુખ્ય હેતુ હતો – ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહિમાએ સહિત ભક્તિ તેમ જ શરણાગતિ રૂપ પંચાંગ ભાગવત ધર્મની સ્થાપના કરવી. આ શુભકાર્યની શરૂઆત ભગવાન શ્રી સ્વામિનારાયણે સોરઠ દેશથી કરી હતી.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સોરઠના સત્સંગનું વિશિષ્ટ સ્થાન છે. ઉદ્ધવાવતાર રામાનંદસ્વામીએ સોરઠને ઉદ્ધવ સંપ્રદાયનું કેન્દ્ર બનાવ્યું હતું. સોરઠના લોજ ગામે નીલકંઠવર્ણીએ ઐતિહાસિક વિશ્રાંતિ લીધી હતી. સોરઠના પીપલાણા ગામે સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ નીલકંઠવર્ણીને મહાદીક્ષા આપી હતી અને 'નારાયણમુનિ' અને 'સહજાનંદસ્વામી' નામ પાડ્યાં હતાં અને પીપલાણા દીક્ષાસ્થાન બન્યું હતું.

સોરઠના જેતપુર ગામે સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ નીલકંઠવર્ણીને ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા સોંપી હતી અને જેતપુર ગાદીસ્થાનનું ગૌરવ પામ્યું હતું.

સોરઠનું ફરેણી ગામ 'સ્વામિનારાયણ' મહામંત્રનું પ્રાગટ્ય સ્થાન બન્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણના અદ્‌ભુત સમાધિપ્રકરણનો આરંભ પણ સોરઠની પવિત્ર ધરતી પરથી થયો હતો.

સોરઠમાં અનેક મહાન મુક્તો થયા. જેમાં માણાવદરના મયારામ ભટ્ટ, પીપલાણાના નરસિંહ મહેતા, આખાના સમાધિનિષ્ઠ લાડકીબાઈ, ઊનાના ગણેશ શેઠ અને હંસરાજ ગાંધી, પંચાળાના ઝીણાભાઈ દરબાર, અગતરાઈના પર્વતભાઈ અને ભીમભાઈ, ખોરાસાના રાજા ડાંગર, મઢડાના જેઠા મેર, માંગરોળના સમાધિનિષ્ઠ ગોવર્ધનભાઈ અને આણંદજી સંઘેડિયા, વંથલીના કલ્યાણભાઈ, ઉપલેટાના લાલાભાઈ વગેરે સુપ્રસિદ્ધ છે.

ઉપરાંત શેરગઢનો મૂળજી લુહાણો, જૂનાગઢનો જેમલ મેર, ઉપલેટાના વેરાભાઈ, કમઢિયાના કાયાભાઈ સંધી વગેરે અનેક ચોર-લૂંટારાઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રભાવે ચોરી-લૂંટફાટ છોડીને ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રય સ્વીકાર્યો હતો અને સદાચારી જીવન જીવતા થયા હતા.

સોરઠનો સત્સંગ શ્રદ્ધા, શૂરવીરતા અને દાતારીથી ભરેલો છે. સમય જતાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીએ આ સોરઠી સત્સંગમાં સમજણનું અમૃત ઘોળ્યું હતું અને સોરઠના સત્સંગને ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વોપરી મહિમાના રંગથી રંગી દીધો હતો.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીનાં અંતર્ધાન થયા પછી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ સરવા સોરઠ દેશથી ભાગવત ધર્મ પ્રવર્તનનો આરંભ કર્યો હતો.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામી ભક્તચિંતામણિમાં સોરઠી સત્સંગને બિરદાવતા લખે છે કે,

દેશ પવિત્ર પવિત્ર જન, જેનાં હરિપરાયણ મન ||૩||
બાળ જોબન વૃદ્ધ સમિષ્ઠ, સરવે જન સમાધિનિષ્ઠ |૪|

(ભ.ચિં.પ્ર-૧૧૩)

અગતરાઈના પર્વતભાઈ

સોરઠમાં વિચરણ કરતાં કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અગતરાઈ પધાર્યા હતા. લગભગ આખું અગતરાઈ ગામ ભગવાન શ્રી સ્વામિનારાયણનું આશ્રિત હતું.

અગતરાઈમાં બે મહાન મુક્તો રહેતા હતા, ભીમભાઈ અને પર્વતભાઈ. બન્ને ભક્તો કણબી કુળમાં જનમ્યા હતા અને સદ્‌ગુરુ રામાનંદસ્વામીના કૃપાપાત્ર હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી બન્ને ઉત્તમ એકાંતિક ભક્તો થયા હતા. ભીમભાઈની સંકલ્પસિદ્ધિના અનેક દૃષ્ટાંતો સંપ્રદાયના ગ્રંથોમાં પ્રસિદ્ધ છે. પર્વતભાઈને ઘરે મોટી ખેતી હતી. ગાયો-ભેંસોના દૂઝાણાંનો પાર નહોતો. વ્યવહારે સુખી હતા. આબરૂદાર ઘર હતું, છતાં સંસાર-વ્યવહારમાં તેઓ મહારાજ જનકની પેઠે નિર્લેપભાવે વર્તતા હતા.

ગમે તેટલું ખેતીનું કામકાજ હોય, ગમે એટલી વ્યવહારિક વિટંબણાઓ હોય, ભગવાન શ્રી સ્વામિનારાયણનો આદેશ થાય એટલે તેઓ તુરંત જ બધું છોડીને મહારાજની સેવામાં પહોંચી જતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિનું ધ્યાન કરતાં કરતાં એમને નિરાવરણ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી. નવાઈની વાત એ હતી કે, આવી યોગીઓ જેવી ઉત્તમ સ્થિતિ હોવા છતાંય તેઓનું જીવન એટલું સીધું-સાદું હતું, કે કોઈને ખ્યાલ પણ ન આવે કે આ સામાન્ય ખેડૂના ખોળિયામાં કેટલો ઊંચો આત્મા રમી રહ્યો છે!

માનસીપૂજા અને સંકલ્પસિદ્ધિ

પર્વતભાઈના અનેક પ્રેરક અને દિવ્યજીવન પ્રસંગો સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પાંચ વખત માનસીપૂજા કરવામાં આવે છે. પર્વતભાઈ નિયમિતપણે પાંચવાર માનસીપૂજા કરતા. માનસીપૂજાનો અર્થ છે, માનસભાવે કલ્પેલી સામગ્રીથી પરમાત્માની પૂજા કરવી. ગહન ધ્યાનની યાત્રાનો આરંભ માનસીપૂજાથી થાય છે.

એક સમયની વાત છે. પર્વતભાઈ અને એનો સાથી ખેતરમાં સાંતી હાંકી રહ્યા હતા. બપોરનો સમય થયો હતો, વધારે પડતું કામકાજ હોવાથી પર્વતભાઈને બપોરની માનસીપૂજા કરવાનો સમય મળ્યો નહોતો, તેથી તેઓ સાંતી હાંકતાં હાંકતાં એકાગ્ર

ચિત્તથી માનસીપૂજા કરવા લાગ્યા.

એક બાજુ સાંતી ચાલી રહ્યું હતું, બીજી બાજુ બળદની રાસ પકડી પાછળ ચાલતાં ચાલતાં પર્વતભાઈ માનસીપૂજા કરી રહ્યા હતા. પર્વતભાઈની આંખો મીંચાયેલી હતી, દેહ દેહના કામમાં પરોવાયેલ હતું અને મન માનસીપૂજામાં મગ્ન હતું. સામાન્ય માનવીના મગજમાં ઊતરે નહીં એવી આ નવાઈ ભરેલી વાત હતી.

સાથીને થયું, 'પર્વતભાઈ ઝોલાં ખાય છે, એમને વાગી જશે.' પર્વતભાઈને સાવધાન કરવા માટે એણે ધીરે રહી પાછળથી પરોણી અડાડી. અચાનક પરોણીનો સ્પર્શ થયો એટલે માનસીપૂજામાં વિક્ષેપ થયો, વૃત્તિની એકાગ્રતા તૂટી, આંખો ઊઘડી ગઈ.

બરાબર આ સમયે પર્વતભાઈ માનસીપૂજામાં મહારાજને બાજરાનો રોટલો અને દહીં જમાડી રહ્યાં હતાં. વૃત્તિ તૂટવાથી દહીં ને રોટલો નીચે પડ્યાં!

સાથી તો આશ્ચર્યથી આ જોઈ રહ્યો. એને થયું કે, 'આ બાજરાનો રોટલો અને દહીં અચાનક ક્યાંથી આવ્યાં?'

પર્વતભાઈએ મીઠો ઠપકો આપતા કહ્યું, "માળા! તેં મારી માનસીપૂજાનો ભંગ કરાવ્યો!"

સાથીના મગજમાં આ બધું બેસે એવું નહોતું. સામાન્ય રીતે આજના યુગમાં આ બધી વાત તરંગી કે કલ્પિત લાગે, પરંતુ જે મનની શક્તિઓને જાણે છે તેમને માટે આ વાત હકીકત છે.

આજનું મનોવિજ્ઞાન મનની અમાપ શક્તિઓનું વર્ણન કરે છે. યોગશાસ્ત્રમાં પણ 'સંકલ્પસિદ્ધિ'નું વર્ણન મળે છે. જીવ-પ્રાણીમાત્ર મનના ગુલામ છે. પર્વતભાઈ મનના માલિક હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી પર્વતભાઈને આવી સંકલ્પસિદ્ધિ સહેજે પ્રાપ્ત થઈ હતી.

નરસિંહ અવતાર કેવો હશે?

પર્વતભાઈની સંકલ્પસિદ્ધિનો આવો જ એક બીજો પ્રસંગ જાણવા જેવો છે.

એક વાર તેઓ ખેતરમાં કામ કરી રહ્યા હતા. અચાનક એમના મનમાં વિચાર સ્ફુર્યો કે, 'ભગવાનના ચોવીસ અવતાર થયા છે, એમાં નરસિંહ ભગવાનનું રૂપ કેવું હશે? અડધા માણસના રૂપમાં અને અડધા સિંહના રૂપમાં ભગવાન કેવા લાગતા હશે?'

પર્વતભાઈ આવો વિચાર કરે છે, એ જ સમયે એમને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દિવ્યદર્શન થયાં. મહારાજે હસીને કહ્યું, "પર્વતભાઈ શું વિચાર કરો છો? અમારી મૂર્તિ તો ચિંતામણિ તુલ્ય છે. જેમ ચિંતામણિ કોઈના હાથમાં આવે, એ જે ચિંતવે તે સત્ય

થાય છે; એ જ રીતે અમારી મૂર્તિરૂપી ચિંતામણિ જે ભક્તના હાથમાં આવે છે, તેના સર્વ સંકલ્પો સત્ય થાય છે. લ્યો અમે તમને માત્ર નરસિંહ અવતાર નહિ, અમારા ચોવીસે-ચોવીસ અવતારોનાં દર્શન કરાવીએ."

ભગવાન શ્રી સ્વામિનારાયણ આમ વાત કરી રહ્યા હતા, ત્યાં જ એમનાં દિવ્ય શરીરમાંથી શીતળ-શાંત કિરણોનો પ્રવાહ વહેવાં લાગ્યો અને દશેય દિશામાં પ્રસરવા લાગ્યો. પર્વતભાઈએ એ દિવ્ય તેજસમૂહમાંથી ચોવીલે-ચોવીસ અવતારોને પ્રગટ થતા જોયા અને આખરે એ ચોવીસેય અવતાર પાછા ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિના તેજસમૂહમાં સમાઈ ગયા.

આવાં અલૌકિક દર્શન કરતાં જ પર્વતભાઈ સૂધબૂધ ભૂલી ભાવદશામાં લીન થઈ ગયા. થોડી વારે જાગ્યા, ત્યાં મહારાજ અદશ્ય થઈ ગયા હતા.

દાસાનુદાસો ભવિતાસ્મિ ભૂયઃ

સત્તા-સંપત્તિ અને સિદ્ધિઓ મળવી સહેલી છે, પચાવવી કઠણ છે. સત્તા-સંપત્તિ અને સિદ્ધિઓને લીધે ભલભલાના અંતરમાં અહંકાર આવી જતો હોય છે.

પર્વતભાઈએ પોતાની સિદ્ધિઓને પચાવી જાણી હતી. આટલી ઊંચી સ્થિતિ હોવા છતાંય પર્વતભાઈ સાધારણ સેવકની જેમ જીવતા હતા.

ભક્તિમાર્ગમાં દાસત્વભક્તિનું ભારે મહત્ત્વ છે. અહંકારને શ્રીફળની જેમ વધેરી નાખવાની હિંમત હોય, એ ભક્ત જ દાસત્વભક્તિ કરી શકે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે,

"ભગવાનનો રાજીપો જેવો નિર્માની સેવક ઉપર થાય છે, તેવો બીજા ઉપર થતો નથી."

ભાગવતજીમાં વૃત્રાસુરે ભગવાનની પ્રાર્થના કરતા કહ્યું છે કે,

'દાસાનુદાસો ભવિતાસ્મિ ભૂયઃ |' (ભાગવત–સ્ક–૩,અ–૧૧,શ્લોક–૨૪)

"હે ભગવન્! મને વારંવાર તમારા દાસનો દાસ બનાવો." પર્વતભાઈમાં આ દાસત્વભક્તિ સહજ સિદ્ધ હતી.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં બિરાજમાન હતા. કાઠી દરબારો ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શને આવી રહ્યા હતા.

આજે ભગવાન શ્રી સ્વામિનારાયણ આ બધા ભક્તોની અનોખી પરીક્ષા લઈ રહ્યા હતા. જે કોઈ આવે એને મહારાજ પ્રશ્ન કરતા હતા, "દરબાર! તમે દાદા ખાચરના ગોલા થશો?"

દરબારોનો લગભગ એક સરખો ઉત્તર હતો, “મહારાજ! અમે તમારા ગોલા થઈએ, પરંતુ દાદા ખાચરના ગોલા અમારાથી ન થવાય!”

એવામાં પર્વતભાઈ આવ્યા. મહારાજે એમને પૂછ્યું, “પર્વતભાઈ! તમે દાદા ખાચરના ગોલા થશો?”

પર્વતભાઈએ કહ્યું, “મહારાજ! હું જરૂર દાદાનો ગોલો થઈશ.”

મહારાજે હસીને કહ્યું, “પણ પર્વતભાઈ! આ અમારા ગોલા થવાની વાત નથી, દાદા ખાચરના ગોલા થવાની વાત છે! ”

પર્વતભાઈએ કહ્યું, “મહારાજ! અમે આખી જિંદગી બૈરા-છોકરાંના ગોલાપા કરીએ જ છીએ! એના કરતાં દાદા ખાચર જેવા ભક્તના ગોલા થવાનું મળે, એ તો અમારાં સદ્‌ભાગ્ય ગણાય! ભક્તના ગોલાપા ક્યાંથી?” પર્વતભાઈની વાત સાંભળીને મહારાજ અત્યંત રાજી થયા.

ભીમભાઈ, પર્વતભાઈ વગેરે ભક્તજનોના પ્રેમને વશ થઈને ભગવાન શ્રી સ્વામિનારાયણ અનેકવાર અગતરાઈ પધાર્યા હતા અને અગતરાઈને ઉત્તમ તીર્થ બનાવ્યું હતું.

માણાવદરના મયારામ ભટ્ટ

સોરઠમાં વિચરણ કરતાં કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ માણાવદર પધાર્યા હતા. માણાવદરમાં મયારામ ભટ્ટ નામે મહાન ભક્ત રહેતા હતા; રામાનંદસ્વામીના કૃપાપાત્ર શિષ્ય હતા; જ્ઞાતિએ બ્રાહ્મણ હતા; સદાચારી અને પવિત્ર જીવન જીવતા હતા; ગોરપદું કરીને જીવનનિર્વાહ કરતા હતા. મયારામ ભટ્ટનું જીવન સંપ્રદાયમાં સર્વ કોઈ માટે ભારે પ્રેરણાદાયક રહ્યું છે.

વર્ષો પહેલાની વાત છે. પ્રારબ્ધવશાત્ ભટ્ટજી આધેડવયે ઘરભંગ થયા હતા. ઘરવાળા ગુજરી ગયા પછી ભટ્ટજી ઘરમાં જ રહીને વાનપ્રસ્થ જીવન જીવતા હતા.

તેઓના અંતરમાં ક્યારેક ક્યારેક સ્ત્રી-સંબંધી ઘાટ થતા હતા, ત્યારે તેમનું હૈયું ભારે વ્યથા અનુભવતું હતું. મનમાં થતું હતું કે ‘હું બીજું ઘર કરું.’ પણ તુરંત જ મનને પાછું વાળી લેતા હતા.

આખરે એમણે નિર્ણય કર્યો કે ‘જો રામાનંદસ્વામી આજ્ઞા કરે, તો જ બીજું ઘર કરવું, નહીંતર ન કરવું.’ ઘણાં મનોમંથન પછી બીજાં લગ્ન કરવાની આજ્ઞા લેવા તેઓ સદ્‌ગુરુ રામાનંદસ્વામીની પાસે ગયા.

રામાનંદસ્વામી સભા ભરીને બેઠા હતા, દિવ્ય બ્રહ્મરસ વરસી રહ્યો હતો. મયારામ

ભટ્ટ સ્વામીને પગે લાગી સભામાં બેસી ગયા.

રામાનંદસ્વામી અંતર્યામીભાવે મયારામ ભટ્ટનો સંકલ્પ જાણી ગયા. એમણે સભામાં વૈરાગ્યની દૃઢતાની વાત માંડી.

સ્વામીએ કહ્યું, "ભક્તો! સંસારનાં સુખો શિયાળ-બગામણાં બોર જેવાં છે. જે જૂએ છે તે લલચાય છે અને ખાય છે તે પસ્તાય છે! અમારે મતે તો મનુષ્યદેહે કરીને વિષયોની આસક્તિ છોડી, પરમેશ્વરમાં પ્રીતિ કરવી એ જ સાર છે."

"ભગવાનના અલૌકિક સુખને છોડી, સંસારના તુચ્છ સુખ માટે કોઈ પરણે એમાં અમારી રુચિ નથી. માંડવે જાન જતી હોય અને વરરાજા જો અમારી રજા લેવા આવે તો અમે એને કહીએ, હજી સમય છે, હેડ્યબેડીમાં પગ નાખવાને બદલે પાછો વળી જા!"

"કોઈ વરરાજો લગ્નની ચોરીમાં ચાર ફેરા ફરી રહ્યો હોય ને ત્રીજો ફેરો પૂરો કરી અમને પૂછે કે 'હવે આ ચોથો ફેરો પૂરો કરું?' તો અમે કહીએ કે, 'હજી સાવધાન થઈ જા! વરવા જેવા તો એક વનમાળી છે, બાકી આ ફેરા તને લખચોરાશીના ફેરામાં ભટકાવી દેશે."

સભામાં બેઠેલા મયારામ ભટ્ટ એકાગ્રચિત્તથી સદ્‌ગુરુનાં વચનોનું પાન કરી રહ્યાં હતાં. મયારામ ભટ્ટના અંતરમાં અવાજ ઊઠતો હતો કે,'સ્વામી મારે માટે જ આ વાત કરી રહ્યા છે!'

મયારામ ભટ્ટના મનમાં થયું, 'કોઈ પ્રથમ વાર લગ્ન કરે એમાં પણ સ્વામીની રુચિ નથી, જ્યારે હું તો બીજી વારનું પૂછવા આવ્યો છું!' આમ વિચારીને મયારામ ભટ્ટે પૂછવાનું જ માંડી વાળ્યું. સદ્‌ગુરુ સાન કરે અને સમજી જાય એ જ સાચો શિષ્ય કહેવાય!

થાંભલાને સ્ત્રીનો ઘાટ થાય, તો તને થાય!

સમય પસાર થતો રહ્યો. મયારામ ભટ્ટે સ્વામીની રુચિ નથી એમ જાણીને બીજું ઘર કરવાનું માંડી વાળ્યું અને ઈશ્વર આરાધનામાં મન પરોવવા માંડ્યા, પરંતુ સ્રીના ઘાટ સંકલ્પે બ્રાહ્મણનો કેડો છોડ્યો નહીં. મનની મૂંઝવણ ટળી નહીં. હરિભજનમાં ઊઠતા અવરોધ મયારામ ભટ્ટથી સહેવાતા નહોતા.

એવામાં બળેવનો અર્થાત્ રક્ષાબંધનનો દિવસ આવ્યો. મયારામ ભટ્ટ સદ્‌ગુરુ રામાનંદસ્વામીને રાખડી બાંધવા ગયા. સ્વામીએ હસીને હાથ લંબાવ્યો અને બોલ્યા, "બાંધ્ય બ્રાહ્મણ! રાખડી બાંધ્ય!"

મયારામ ભટ્ટે રાખડીના મિષે હેતનાં બંધનથી સ્વામીને બાંધ્યા. રામાનંદસ્વામી મંદ મંદ હસીને મર્મમાં બોલ્યા, "મયારામ! બ્રાહ્મણ પાસે મફતમાં રાખડી ન બંધાવાય!

રક્ષાબંધનનો દિવસ એટલે નિર્મળ પ્રેમનો દિવસ. આજે બહેન ભાઈને રાખડી બાંધે અને ભાઈ બહેનને મોં માગ્યું આપે. એ જ રીતે આજે શિષ્ય રાખડી બાંધે, ત્યારે શિષ્ય જે માગે તે સદ્‌ગુરુ આપે. માટે માગ્ય...માગ્ય... તારે શું જોઈએ છીએ?" સદ્‌ગુરુનાં હૈયામાં આજે મોજ ચડી હતી.

મયારામ ભટ્ટ બોલ્યા, "સ્વામી! મારે કશું જોઈતું નથી. બસ, આપ રાજી રહો."

મયારામ ભટ્ટના અંતરમાં ક્યારેક વાસનાનું વાવાઝોડું ઊઠતું હતું. મયારામ ભટ્ટના અંતરની ઝંખના હતી, કેમેય કરીને આ વાવાઝોડું શાંત થાય. એના અંતરમાં બીજી કોઈ અભિલાષા ન હતી.

મયારામ ભટ્ટની વાણીમાં એમના અંતરની આ અભિલાષા અને વેદના બન્ને છલકી રહ્યા હતા.

ભગવાન જેવા સદ્‌ગુરુ ભટ્ટના ભાવને કળી ગયા હતા. તેમણે કરુણાસભર નયને મયારામ ભટ્ટની સામે જોયું અને કહ્યું, "મયારામ! તને સ્ત્રી સંબંધી ઘાટ સંકલ્પ બહુ પીડે છે?"

મયારામ ભટ્ટે દીનસ્વરે ટૂંકો પણ નિખાલસ જવાબ દીધો, "હા સ્વામી!"

જેમ વાછડાંને જોઈને ગાયને પારસો વળે, એ જ રીતે ઉત્તમ મુમુક્ષુ જોઈને સદ્‌ગુરુ વરસી પડે છે. આવું જ કંઈક મયારામ ભટ્ટ અને સદ્‌ગુરુ રામાનંદસ્વામી વચ્ચે આજે થઈ રહ્યું હતું.

મહાસમર્થ સંત સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ આજે આ બ્રાહ્મણ ઉપર પોતાનું અમોઘ ઐશ્વર્ય વરસાવવાનો નિર્ધાર કરી લીધો હતો. એમણે પાસેના થાંભલાને આંગળી ચીંધી અને બોલ્યા,"મયારામ! જો આ થાંભલાને સ્ત્રીનો ઘાટ થાય, તો આજથી તને સ્ત્રીનો ઘાટ થાય!!!"

પુરાણોમાં અનેક તપસી ઋષિમુનિઓની કથાઓ પ્રસિદ્ધ છે. તેઓ તપ કરી કરીને રાફડા થઈ ગયા; પંચાગ્નિ તાપી તાપીને કાયાઓ સૂકવી નાખી; વર્ષો સુધી ઠંડાં જળમાં સમાધિઓ લગાવી; જાતજાતની સિદ્ધિઓ મેળવી, પરંતુ સ્ત્રીની વાસનાથી મુક્ત થઈ શક્યા નહીં!

જ્યારે અહીં સમર્થ સંતના વચને ગજબનો ચમત્કાર સર્જાયો! બસ, ત્યારનો દિવસ અને આજની ઘડી. મયારામ ભટ્ટના અંતરમાંથી સ્રીના ઘાટ-સંકલ્પમાત્ર ટળી ગયાં. અંતરના અવરોધ શાંત થવાથી મયારામ ભટ્ટનું હૈયું પરમ ટાઢક અનુભવવા લાગ્યું.

સમર્થ સદ્‌ગુરુની કૃપાથી વગર અષ્ટાંગયોગ સાધ્યે મયારામ ભટ્ટની સ્થિતિ ઉત્તમ યોગી જેવી બની ગઈ.

સદ્‌ગુરુનું સાચું સામર્થ્ય શિષ્યના મનના સંકલ્પ-વિકલ્પને શાંત કરવામાં છતું થતું હોય છે; સાંસારિક સુખ સંપત્તિની આશિષો આપવામાં નહીં. પરંતુ આ વાતનો મર્મ તો અધ્યાત્મપંથના પ્રવાસી કોઈ વિરલા જ જાણી શકે છે.

મયારામ ભટ્ટે લાંબું આયુષ્ય ભોગવ્યું હતું. સદ્‌ગુરુ રામાનંદસ્વામીના સ્વધામગમન બાદ ભગવાન શ્રી સ્વામિનારાયણની વર્ષો સુધી સેવા કરી અપાર રાજીપો મેળવ્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્યારે શિક્ષાપત્રી લખી ત્યારે ગૃહસ્થવર્ગના આ સમર્પિત, સાંખ્યયોગી વિપ્રનું નામ સૌથી મોખરે લખ્યું હતું.

गृहस्थाश्च मयारामभट्टाद्या ये मदाश्रयाः ॥ (शिक्षापत्री–४)

'મયારામ ભટ્ટ વગેરે અમારા ગૃહસ્થ ભક્તજનો!'

એ સમયે દીનાનાથ ભટ્ટ જેવા ઘણા વિદ્વાનો હતા; અનેક ઉત્તમ સ્થિતિવાળા ગૃહસ્થ ભક્તો હતા; પરંતુ આ ઓછું ભણેલો બ્રાહ્મણ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસન્નતાનું પાત્ર બની ઇતિહાસમાં અમર બની ગયો!

પરમેશ્વરનો પિતા કોણ?

આમજનતાને ધર્મનો રાહ ચીંધી રહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ સોરઠમાં ઠેર ઠેર વિચરી રહ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણનું વિચરણ સહજ રીતે અનેક પ્રકારની સામાજિક અને ધાર્મિક ક્રાંતિનું સર્જન કરી રહ્યું હતું.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ફરેણીમાં વિરાજમાન હતા. એ સમયે ધોરાજીના માવજી દવે મહારાજના દર્શને આવ્યા અને ધોરાજી પધારવા વિનંતી કરી.

માવજી દવે સદ્‌ગુરુ રામાનંદસ્વામીના કૃપાપાત્ર હતા. સ્વામીની આજ્ઞાથી તેઓ સદાવ્રત ચલાવતાં હતાં. માવજી દવેએ કહ્યું, "મહારાજ! અમારા ગામમાં કેટલાક નાસ્તિક મતવાદીઓ છે. સ્વર્ગ, નરક, વેદ કે પરમેશ્વરને માનતા નથી.

મહારાજ! આપનું પ્રાગટ્ય વેદધર્મની સ્થાપના માટે છે. આપ ધોરાજી પધારો અને આ નાસ્તિક મતપંથીઓની મતિને ઠેકાણે આણી વેદધર્મની સ્થાપના કરો."

માવજી દવેની વિનંતી સાંભળી ભગવાન શ્રી સ્વામિનારાયણ ધોરાજી પધાર્યા હતા અને માવજી દવેના ઘરે ઊતર્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અહીં દૈવીજનોને સમાધિ કરાવી, પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવવાં લાગ્યાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો લોકોત્તર પ્રભાવ જોઈને લોકો કહેવા લાગ્યા,

કૈંક જોગી મરે જોગ સાધી, તોય થાય ન તેને સમાધિ ॥ ૧૮ ॥
જોગ સાધ્યા વિના આ તો થાય, નિશ્ચે શ્રીપ્રભુ પ્રગટ્યા જણાય ॥ ૧૯ ।

(હરિલીલામૃત, ક-૫, વિ-૪)

ભગવાન શ્રી સ્વામિનારાયણના અલૌકિક પ્રભાવનો જાતઅનુભવ કરીને અનેક દૈવીજનોએ એમનો આશ્રય સ્વીકાર્યો હતો.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ માવજી દવેના ઘરના ફળિયામાં સભા ભરીને બેઠા હતા. એ વખતે કેટલાક નાસ્તિક મતપંથીઓ ભગવાન શ્રી સ્વામિનારાયણની સાથે વાદ-વિવાદ કરવા આવ્યા. મતપંથીઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રશ્ન કર્યો, “સ્વામિનારાયણ! સ્વર્ગ અને નરક છે એની ખાતરી શું?”

મહારાજે કહ્યું, “જગતમાં રાજા સુશાસન માટે જેલની વ્યવસ્થા રાખે છે, એ જ પ્રમાણે સર્વ કર્મ ફળપ્રદાતા પરમેશ્વરે પુણ્યશાળીઓને પુરસ્કાર દેવા માટે સ્વર્ગ અને પાપીઓને દંડ દેવા માટે નરકની વ્યવસ્થા રાખેલી છે.”

મહારાજની વાત સાંભળી મતપંથીઓ ખળતાઈમાં બોલ્યા, ‘પણ સ્વામિનારાયણ! પરમેશ્વર છે, એની ખાતરી શું?’

મહારાજે ભારે સંયમ સાથે સહજભાવે કહ્યું, “કર્તા વગર કાર્ય સંભવે નહીં; વડ વિના ટેટો સંભવે નહીં; બાપ વિના બેટો સંભવે નહીં એમ આટલી સુંદર સૃષ્ટિ સર્જનહાર સિવાય સંભવે નહીં. સૃષ્ટિ જોઈને ડાહ્યા માણસો સહેજે અનુમાન કરી શકે છે કે ‘આ સૃષ્ટિનો સર્જનહાર કોઈક હોવો જ જોઈએ’ અને એ જે છે એ પરમેશ્વર છે.”

મહારાજની વાત સાંભળી મતપંથીઓ એકબીજા તરફ મજાકમાં આંખોના ઈશારા કરતાં કરતાં મર્મમાં બોલ્યા, “વાહ સ્વામિનારાયણ! તમે સરસ ઉત્તર કર્યો. આ સુંદર સૃષ્ટિનો પિતા પરમેશ્વર, તો એ પરમેશ્વરનો પિતા કોણ? કારણ કે તમે કહ્યું એમ બાપ વિના બેટો સંભવે નહીં. માટે પરમેશ્વરનો પણ કોઈક બાપ હોવો જોઈએ ને!”

મહારાજે ખૂબ ધીરજ અને શાંતિ રાખીને કહ્યું,

નભમાં બહુ ઊપજે સમાય, પણ આકાશ સિદ્ધ સદાય ।
એમ ઈશ્વર શાશ્વત એ છે, એની ઇચ્છાએ જગ ઊપજે છે ॥૫૪॥

(હરિલીલામૃત ક-૫, વિ-૪)

“મહાપુરુષો! આકાશમાંથી બધું ઊપજે છે, અંતે આકાશમાં સમાય છે, પણ આકાશ કોઈમાંથી ઊપજતો નથી. આકાશ અનાદિ સિદ્ધ છે, એ જ રીતે પરમેશ્વર અનાદિ સિદ્ધ

છે. એનો સર્જક કોઈ નથી. વેદ-શાસ્ત્રો આ જ પ્રમાણે કહે છે."

નાસ્તિકો બોલ્યા, "સ્વામિનારાયણ! વેદ-શાસ્ત્રો તો કલ્પિત અને ભોળા લોકોને ભરમાવવા માટે છે. એમાં અમને વિશ્વાસ નથી."

મહારાજ મતપંથીઓની આડોડાઈ જાણી ગયા હતા. આ મતપંથીઓ જિજ્ઞાસાથી વાદ કરવા નહોતા આવ્યા, પરંતુ વિતંડાવાદ કરવા આવ્યા હતા.

મહારાજે વિચાર્યું, "આ લોકો ખળતાઈથી અતિપ્રશ્નો કરી રહ્યા છે. 'લાતોં કે ભૂત બાતોં સે નહીં માનતે' એ ન્યાયે આ લોકો સીધી રીતે સમજે એમ નથી."

ઉપનિષદમાં કથા છે. જનક મહારાજાના દરબારમાં મહર્ષિ યાજ્ઞવલ્ક્ય પંડિતો સાથે શાસ્ત્રચર્ચા કરી રહ્યા હતા. ત્યારે મહર્ષિ શાકલ્યે 'સર્વનો આધાર પરબ્રહ્મ છે, તો પરબ્રહ્મનો આધાર કોણ?' એ પ્રશ્ન કર્યો.

યાજ્ઞવલ્ક્યે કહ્યું કે, "શાકલ્ય! તમે અતિપ્રશ્ન ન કરો, નહિતર તમારા મસ્તકના હજારો ટુકડા થઈ જશે, કારણ કે સર્વાધારનો આધાર કોણ? એ પ્રશ્ન વાજબી નથી અને બુદ્ધિ કે શાસ્ત્રથી એનો ઉત્તર પણ સંભવ નથી."

યાજ્ઞવલ્ક્યની ચેતવણી શાકલ્યે માની નહીં, જેના પરિણામે શાકલ્યના મસ્તકના ટુકડેટુકડા થયા હતા. કંઈક આવી જ ઘટના ઘોરાજીમાં આકાર લઈ રહી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે જોયું કે આ મતપંથીઓ સીધી રીતે માને એમ નથી. એમણે પોતાની પ્રભાવશાળી નજર મતપંથીઓના ટોળા સામે ફેરવી. એ જ વખતે એમનાં નાડીપ્રાણ ખેંચાઈ ગયાં અને સર્વને સમાધિ થઈ ગઈ.

સર્વોપરી પરમેશ્વરના અપરાધ બદલ સમાધિમાં એમને ભયંકર યમયાતનાનો અનુભવ થયો. યમના મારથી સર્વે ત્રાહિમામ્ પોકારી ગયા.

થોડી વાર બાદ ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને સમાધિમાંથી જગાડ્યા. સર્વે થરથર કાંપી રહ્યા હતા. યમના દૂતોએ ધોકાના માર મારીને એમની ખળતાઈને ધોઈ નાખી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણે મંદ સ્મિત સાથે પૂછ્યું, "કેમ જમપુરી ક્યાં છે તે જોઈ લીધું? હવે અમે તમને સ્વર્ગ ક્યાં છે તે બતાવીએ!" આમ કહીને મહારાજે એમને સમાધિમાં સ્વર્ગનાં દર્શન કરાવ્યાં.

સમાધિમાંથી જગાડી મહારાજે પૂછ્યું, "કેમ મહાપુરુષો! હવે તો સ્વર્ગ, નરક અને શાસ્ત્રોમાં પ્રતીતિ આવીને?"

મતપંથીઓએ હાથ જોડ્યા અને કહ્યું, "હા સ્વામિનારાયણ! હવે અમારા બધા પ્રશ્નોના જવાબો જડી ગયા."

મહારાજે કહ્યું, "તો હવે અતિપ્રશ્નો છોડી સાત્ત્વિકભાવે હરિભજન કરો અને

સદાચારી જીવન જીવો, નહીંતર મર્યા પછી જમપુરીના દુઃખ ભોગવવાં પડશે.”

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રત્યક્ષ અનુભૂતિ કરાવી, નાસ્તિકોની સાન ઠેકાણે આણી હતી.

કુંભારનો કોથળો સારો કે ગોંડલની ગાદી?

ધોરાજીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અનેક વાર પધારેલા છે અને ઉત્સવ-સમૈયાઓ કરેલાં છે.

એક વાર ધોરાજી આગમન દરમિયાન ભગવાન શ્રી સ્વામિનારાયણ કણબી હરિભક્ત ખીમા ડોબરિયાને ત્યાં વિરાજમાન હતા. આ જ અરસામાં ગોંડલ નરેશ ભા દેવાજી રાજ્ય-કાર્ય અર્થે ધોરાજી પધાર્યા હતા.

ભા દેવાજીને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ખૂબ જ પ્રેમ અને શ્રદ્ધા હતાં. એથી એમણે માણસ મોકલી ભગવાન શ્રી સ્વામિનારાયણને જાણ કરી કે, ‘અમે આપનાં દર્શને આવીએ છીએ.’

હવે બન્યું એવું કે, ‘ગોંડલ નરેશ મહારાજનાં દર્શને મારે ઘેર આવશે, એ જાણીને ખીમો ડોબરિયો ગભરાઈ ગયો. એણે મહારાજને વિનંતી કરી, “મહારાજ! અમને રાજા-મહારાજાની આગતાં-સ્વાગતાં આવડે નહિ. આવડો મોટો રાજા મારે ઘેર આવે અને કાંઈક આડું-અવળું થઈ જાય તો અમારે વણનોતરી મુસીબત આવે, માટે મને ભારે ગભરામણ થાય છે.”

કણબીની વાતમાં એ સમયની આમજનતામાં સર્વત્ર છવાયેલો ભય ડોકાઈ રહ્યો હતો. ખીમા ડોબરિયાની વાત સાંભળી ભગવાન સ્વામિનારાયણ હસ્યા અને બોલ્યા, “ખીમા! તને મુશ્કેલી થાય એવું અમારે નથી કરવું. અમે અહીંથી બીજે ચાલ્યા જશું.”

ખીમો ડોબરિયો કાંઈ બોલી ન શક્યો, ન તો એ મહારાજને જાકારો દઈ શકતો હતો કે ન તો રોકી શકતો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રેમભરી દૃષ્ટિથી ખીમાની સામે જોયું અને બોલ્યા, “ખીમા! મૂંઝાઈશ મા! તમારા બધાનો આ ભય હવે લાંબો વખત નહિ રહે.” આટલા મર્મ ભરેલાં વચનો બોલી ભગવાન શ્રી સ્વામિનારાયણ ધોરાજીના કુંભાર હરિભક્ત ભીમાને ત્યાં પધાર્યા.

મહારાજને પધારેલા જોઈ ભીમો કુંભાર તો રાજી-રાજી થઈ ગયો. એને તો જાણે અચાનક અમૃતની હેલી વરસી!

ભીમાએ ભારે પ્રેમથી મહારાજનું સ્વાગત કર્યું. આંગણામાં ઝાડને છાંયે માટીના

ઢગલા ઉપર કોથળો પાથરી મહારાજને બેસાડ્યા; માટીના માટલાનું ઠંડું પાણી પાયું! કુંભાર ભક્તનો ભાવ જોઈ મહારાજ અત્યંત રાજી થયા અને જ્ઞાનવાર્તા કરવા લાગ્યા.

હવે આ બાજુ રાજ-રસાલા સાથે મહારાજનાં દર્શને નીકળેલા ભા દેવાજીને ખબર પડી કે મહારાજ ખીમા ડોબરિયાને ત્યાંથી નીકળીને ભીમા કુંભારને ત્યાં પધાર્યા છે. એમણે તુરંત જ રાજસેવકોને આજ્ઞા કરી કે 'રસાલો કુંભારના ઘર તરફ લો.'

રાજાની આજ્ઞા સાંભળી સાથેનો કામદાર બોલ્યો, "બાપુ! ત્રણસો ગામડાંનો ધણી આમ એક નાના વરણને ત્યાં જાય, એ ઠીક નથી!"

ભા દેવાજી મંદ સ્મિત કરીને બોલ્યા, "કામદાર! અનંતકોટિ બ્રહ્માંડનો ધણી જો કુંભારને ત્યાં બેઠો હોય, તો આપણે જવામાં શું વાંધો છે?"

કામદાર કંઈ બોલી શક્યો નહિ. રાજ-રસાલા સાથે ભા દેવાજી કુંભારને ત્યાં પધાર્યા. થોડી વાર તો કુંભાર હાંફળો-ફાંફળો થઈ ગયો.

મહારાજે હસીને કહ્યું, "ભગત! તારે જરાય મૂંઝાવાની જરૂર નથી. એક બીજો કોથળો લાવ અને અમારી સામે પાથરી દે; ગોંડલ નરેશ તેના ઉપર બેસશે."

મહારાજનાં વેણે કુંભાર ભગતનું હૈયું હેઠું બેઠું. તેણે કાલી-ઘેલી ભાષામાં ગોંડલ નરેશનું સ્વાગત કર્યું.

ગોંડલ નરેશે મહારાજના ચરણોમાં ભાવપૂર્વક વંદન કર્યાં. ગોંડલ નરેશના બે પુત્રો નથુજી અને કાનોજી પણ એમની સાથે હતા. ભા દેવાજીએ પોતાનાં બન્ને કુંવરો દ્વારા મહારાજનું પૂજન કરાવ્યું. સુંદર વસ્રો તેમ જ દોઢસો રૂપિયા મહારાજનાં ચરણમાં ધર્યાં. મહારાજે ગોંડલ નરેશ તરફ અમીદૃષ્ટિ કરી બન્ને કુંવરોને આશીર્વાદ દીધા. પછી ગોંડલ નરેશ તરફ અમીદૃષ્ટિ કરી સામેના કોથળા ઉપર બેસવાનો ઈશારો કર્યો.

ગોંડલ નરેશ પણ ખૂબ વિનય સાથે કોથળા ઉપર બેસી ગયા. ભાવવિભોર બનેલા કુંભાર ભગતે માટલાનું ઠંડું પાણી ગોંડલ નરેશને પાયું.

નાના વરણનો વિવેક, વિનય અને ભાવ જોઈને ગોંડલ નરેશ ભારે પ્રભાવિત થયા. આસપાસનો સમુદાય પણ આ અનોખા દૃશ્યને જોઈને આભો જ થઈ ગયો. ગોંડલ રાજ્યનો ધણી નાનકડા કુંભારને ત્યાં આવે, એની તો કોઈને કલ્પના પણ થઈ શકતી નહોતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ગોંડલ નરેશને રાજ-ધર્મનો ઉપદેશ કરતાં કહ્યું, "નરેશ! રાજધર્મ નિભાવજો. રાજા તો પૃથ્વીનો પાલનહાર કહેવાય; પ્રજાનો પિતા કહેવાય. માટે પ્રજાના દુઃખદારિદ્રને દૂર કરજો. પ્રજાનું પુત્રની પેઠે પાલન કરજો."

ગોંડલ નરેશે વિનય સાથે હાથ જોડી મહારાજનાં વચનોને મસ્તક પર ચડાવ્યાં.

મહારાજે મંદ સ્મિત રેલાવતા ગોંડલ નરેશને પ્રશ્ન કર્યો, "રાજવી! કુંભારના માટલાનાં ઠંડાં પાણી સારાં કે રાજભવનનાં મેવામીઠાઈ સારાં?"

ભા દેવાજી હસીને બોલ્યા, "મહારાજ! મહેલોના મેવા-મીઠાઈ કરતાં આ માટલાનાં પાણી ભારે ટાઢક આપે છે!" મહારાજે હસીને બીજો સવાલ કર્યો, "નરેશ! કુંભારનો કોથળો સારો કે ગોંડલની ગાદી સારી?"

ચતુર રાજવી મહારાજના મર્મને સમજી ગયા અને વિનય સાથે બોલ્યા, "મહારાજ! ગોંડલની ગાદી કરતાં આ કોથળો ભારે સારો લાગે છે."

"રાજની રૂપાળી ગાદીઓ સોને મઢેલી અને પોચી રૂ જેવી હોય, પરંતુ એમાં દેખાય નહીં છતાં વીંધી નાખે એવા શૂળાનો પાર ન હોય! જ્યારે આ કોથળામાં કોઈ જાતના કાંટા નથી. એમાંય આજે તો આપનું સાંનિધ્ય છે, એટલે આજના આનંદની તો વાત જ અનોખી છે!"

ગોંડલ નરેશનો જવાબ સાંભળી મહારાજ રાજી થયા. મહારાજે થોડી વાર જ્ઞાનવાર્તા કરી. ગોંડલ નરેશનું દિલ ભારે શાંતિ અનુભવવા લાગ્યું. થોડી વાર સત્સંગ કરી વિદાય લેતી વખતે ગોંડલ નરેશે બે હાથ જોડી મહારાજને ગોંડલ પધારવા વિનંતી કરી.

મહારાજે કહ્યું, "ભલે નરેશ! અમે ક્યારેક તમારો મનોરથ પૂરો કરીશું." મહારાજની વાત સાંભળી ગોંડલ નરેશ અત્યંત રાજી થયા.

એક બાજુ ગોંડલ નરેશે વિદાય લીધી, બીજી બાજુ ગરીબનવાઝ મહારાજે રાજાએ ધરેલી તમામ ભેટ ગરીબોને વહેંચી દીધી.

લીલાં નાળિયેર વધેરવાનો રિવાજ બંધ કરાવ્યો

એક વાર સોરઠમાં વિચરણ કરતાં કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ભાડેર ગામ પધાર્યા હતા. અહીંના વાઘેલા દરબારો પંચવર્તમાન ધારીને ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા. એમના દારૂ-માંસ વગેરે બધા ફેલ છૂટી ગયા હતા.

અહીંના સત્સંગીઓમાં દરબાર શ્રી વાઘજીભાઈ તથા દરબાર શ્રી પ્રતાપસિંહજી મુખ્ય હતા. પ્રતાપસિંહજીના માતુશ્રી પ્રેમભક્તિનું મૂર્તિમંતરૂપ હતા. આ બધા ક્ષત્રિયસમાજે ભગવાન શ્રી સ્વામિનારાયણનું વાજતેગાજતે સ્વાગત કર્યું.

ગામમાં નાનકડું શિવાલય હતું. ચોકમાં લીંબડાનું ઘેઘૂર વૃક્ષ હતું. એની શીતળ છાયામાં ઊંચો મંચ રચવામાં આવ્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ મંચ ઉપર વિરાજમાન થયા, કથાવાર્તા-કીર્તન થવાં લાગ્યાં.

દરબારોએ ભગવાન શ્રી સ્વામિનારાયણને હાથ જોડીને પૂછ્યું, "મહારાજ!

નવરાત્રિના દિવસો નજીક આવી રહ્યા છે. અમારા ગામના કુળદેવી મા વાઘેશ્વરી છે. અહીંયા દર વર્ષે નવરાત્રિના સમયે લીલાં નાળિયેર વધેરીને માતાજીનું પૂજન કરવાનો રિવાજ છે, અર્થાત્ ઘેટાં-બકારાંનો ભોગ ધરાવવાની પરંપરા છે, પરંતુ હવે અમે તમારા આશ્રિત થયા છીએ તો અમારે આ નવરાત્રિ મહોત્સવ કઈ રીતે ઉજવવો? એ અમને કહો." ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "દરબારો! માતાજી તો જગદંબા કહેવાય. જગદંબાનો અર્થ જ છે, 'જીવપ્રાણીમાત્રની મા.' કોઈ પણ મા પોતાનાં બાળકોના ભોગથી ક્યારેય રાજી ન થાય, ઊલટાની કુરાજી થાય. માટે મા જગદંબા પ્રાણીઓના ભોગથી પ્રસન્ન થતાં નથી."

"આજ સુધી લોકો માતાને નામે નિર્દોષ ઘેટાં-બકરાંને મારતાં રહ્યાં છે. કોઈને એવો વિચાર કેમ ન સૂઝ્યો કે માતાજીનું વાહન સિંહ છે, તો એકાદ સિંહ પકડીને માતાજીને અર્પણ કરીએ!"

ભગવાન શ્રી સ્વામિનારાયણના ધારદાર શબ્દો દરબારોનાં હૈયાં સોંસરવા નીકળી રહ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે આગળ કહ્યું, "દરબારો! તમારે નવરાત્રિના દિવસોમાં લીલાં નાળિયેરને બદલે લાપસીના નૈવેદ્ય કરવા, ફળફૂલ અર્પણ કરવાં, વ્રત-ઉપવાસ કરીને માતાજીને પ્રસન્ન કરવા, પરંતુ હિંસા તો ક્યારેય કરવી જ નહીં. તમારી તલવારો – સંત, ગાય, બ્રાહ્મણ, ધર્મ અને રાષ્ટ્રની રક્ષા માટે છે; નિર્દોષની હત્યા કરવા માટે નહીં."

ભાડેરના વાઘેલા દરબારોએ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનોને મસ્તક પર ચડાવ્યાં અને જ્યાં જ્યાં આ દરબારોનો પ્રભાવ હતો, ત્યાં ત્યાં માતાજીના સાત્ત્વિક પૂજનની પરંપરા શરૂ થઈ.

આ વાત ભાડેર પૂરતી સીમિત નહોતી રહી; ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના સંતો જ્યાં જ્યાં વિચરતા હતા ત્યાં ત્યાં ધર્મને નામે થતી હિંસાઓમાં ભારે ઓટ આવી હતી.

ભાડેર ગામનું શિવાલય અને લીંબડો આજે પણ વિદ્યમાન છે અને આ પ્રસંગની સાક્ષી પૂરે છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ ગ્રંથ 'સત્સંગિજીવન'માં સુવ્રતમુનિ અને ભાડેર નરેશ પ્રતાપસિંહજીના સંવાદમાં આ પ્રસંગ લખાયેલો છે.

સંતાન જોઈતું હોય તો ત્રીજાં લગ્ન કરો!

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણને અચાનક ભાડેર આવવું પડ્યું હતું. અચાનક ભાડેર આવવા પાછળ એક ઘટના કારણભૂત હતી. ઘટનાના મૂળ ખૂબ ઊંડા હતાં, જેનો સંબંધ સદ્‌ગુરુ રામાનંદસ્વામીના જૂના પ્રસંગ સાથે જોડાયેલો હતો.

વર્ષો પહેલાની વાત છે. સદ્‌ગુરુ રામાનંદસ્વામી ઝાલાવાડની ધરતી ઉપર વિચરણ કરતાં કરતાં ઉદ્ધવ સંપ્રદાયનાં બીજ વાવી રહ્યાં હતાં. ફરતાં ફરતાં સ્વામી મૂળી પધાર્યા.

એ સમયે મૂળીનગર પરમારોની રાજધાની હતું અને ચોવીસ ગામનું પરગણું કહેવાતું. મૂળીના રાજા રામસિંહજી સદ્‌ગુરુ રામાનંદસ્વામીના શિષ્ય થયા હતા. રામસિંહજીના લગ્ન ધમડકાના જાડેજા પરિવારના રૂપાળીબા સાથે થયાં હતાં.

થોડા વર્ષ વીત્યાં પણ રામસિંહજીને ત્યાં સંતાન ન થયું, એટલે એમણે બીજાં લગ્ન જામબા નામના રાજકુંવરી સાથે કર્યાં હતાં. બબ્બે લગ્ન કરવા છતાંય રામસિંહજીનો વંશવેલો આગળ ન વધ્યો. રામસિંહજીનું મન સંતાનના અભાવમાં વ્યથિત રહેતું હતું.

એવામાં સદ્‌ગુરુ રામાનંદસ્વામી મૂળી પધાર્યા. દરબાર રામસિંહજીએ ભારે ભાવથી સ્વામીને દરબારગઢમાં ઉતારો દીધો.

રામસિંહજી જાણતા હતા કે, સદ્‌ગુરુ રામાનંદસ્વામી વચનસિદ્ધ મહાપુરુષ છે. સાથે સાથે એને એ પણ ખબર હતી કે રામાનંદસ્વામી દુન્યવી વ્યવહારોથી પર છે. આવા વિતરાગી સંત પાસે પોતાની સંતાનકામના વ્યક્ત કરવામાં રામસિંહજી ખચકાતા હતા, છતાં એક વાર એમનાથી રહેવાયું નહીં એટલે એમણે ભારે વિનય સાથે પોતાનાં મનની વાત સ્વામી પાસે રજૂ કરી.

“સ્વામી! મૂળી જેવું રાજ્ય છે, પરંતુ વંશવારસ નથી. મૂળીની ગાદીએ કોણ આવશે? એની ચિંતા થાય છે! આપ કૃપા કરો તો અમારી સંતાનકામના પરિપૂર્ણ થાય.”

રામસિંહજીની વાત સાંભળી સ્વામી થોડી વાર નેત્ર મીંચીને બેસી રહ્યા. પછી આંખો ખોલી મંદ મંદ હસતાં હસતાં કહ્યું, “દરબાર! તમારે જો સંતાન જોઈતું હોય તો ભાડેરના મહારાજા પ્રતાપસિંહજીના સુપુત્રી રાજબાઈ સાથે લગ્ન કરો.”

દરબાર રામસિંહજી બોલ્યા, “અરે સ્વામી! હું બબ્બે લગ્ન તો કરી ચૂક્યો છું. હવે મારે ત્રીજાં લગ્ન કરવાં?!” સ્વામી કહે, “હા દરબાર! તમારો મનોરથ પૂર્ણ કરવા માટે એ જ માર્ગ છે.” આ એ રામાનંદસ્વામી હતા, જેણે માણાવદરના મયારામ ભટ્ટને બીજાં લગ્ન કરવાની ના પાડી હતી અને ભટ્ટનું અંતર નિષ્કામી બનાવી દીધું હતું! આશ્ચર્ય એ છે કે, એ જ સદ્‌ગુરુ આજે રામસિંહજીને ત્રીજું લગ્ન કરવાની વાત કરી રહ્યા હતા.

સમર્થ સદ્‌ગુરુની વાત કંઈક ન્યારી હોય છે. તેઓ બધાને એક લાકડીએ હાંકતા નથી. જેની જેવી પાત્રતા હોય એને એ પ્રમાણે માર્ગદર્શન કરતાં હોય છે.

રામાનંદસ્વામીએ ભાડેર દરબાર પ્રતાપસિંહજીને પણ આદેશ કર્યો કે, “તમારી પુત્રી રાજબાઈને રામસિંહજી પરમાર સાથે પરણાવો.”

સ્વામીની આજ્ઞાથી પ્રતાપસિંહજીએ પોતાની પુત્રીના લગ્ન રામસિંહજી સાથે કરાવ્યાં.

મહારાજ વિના સાસરે નહીં જાઉં!

સદ્‌ગુરુનાં વચને રામસિંહજી અને રાજબાઈના લગ્ન તો થઈ ગયાં, પરંતુ ખરી મુશ્કેલીની વાત હવે બની. વાત એમ હતી કે, ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન કર્યાં પછી રાજબાઈને સંસાર હરામ થઈ ગયો હતો. તેઓ કોઈ રીતે લગ્નની બેડીએ બંધાવા માગતા ન હતા. તેઓએ નિર્ધાર કર્યો હતો કે,'જીવનભર ગઢપુરના જીવુબા અને લાડુબાની જેમ સાંખ્યયોગી બનીને મહારાજનું ભજન કરવું.'

જૂનો જમાનો હતો; રાજમર્યાદા હતી; પરિણામે રાજબાઈ પોતાનાં મનની વાત કોઈને કહી શક્યા ન હતા. આ બાજુ લગ્ન લેવાઈ ગયા અને રાજબાઈને તેડવા માટે મૂળીથી શણગારેલી વેલ્ય પણ આવી ગઈ.

લાડકી દીકરી રાજબાઈ સાસરે સિધાવી રહ્યા છે, એ વાતથી ભાડેરમાં ચારે બાજુ આનંદ-ઉત્સવનું વાતાવરણ હતું, પરંતુ રાજબાઈના અંતરમાં ઘોર ઉદાસીનતા છવાયેલી હતી. એમને કોઈ પણ ભોગે સાસરે જવું ન હતું.

કારણ એ હતું કે જેમ માછલું પાણી વિના ન રહી શકે, એમ રાજબાઈ મહારાજનાં દર્શન કર્યાં વિના રહી શકતા ન હતા. મહારાજ સોરઠમાં અવારનવાર વિચરણ કરતા હતા, તેથી રાજબાઈને દર્શનનો અવસર મળી રહેતો હતો. જ્યારે એ જમાનામાં મૂળી ઘણું દૂર કહેવાય. એ બાજુ મહારાજનું વિચરણ પણ વધારે હોય નહીં એટલે રાજબાઈ જો મૂળી જાય તો એમને મહારાજનાં દર્શન દુર્લભ થઈ જાય, પરિણામે રાજબાઈ મૂળી જવા માગતા ન હતા.

આખરે રાજબાઈએ કઠોર નિર્ણય કર્યો; એણે પોતાનો ઓરડો અંદરથી બંધ કર્યો. રાજબાઈ રિસામણે બેઠા! સંસારમાં ઘણી બાઈઓ રિસામણે બેસતી હશે, પણ રાજબાઈનું રિસામણું કોઈ જૂદી જાતનું હતું. આ રિસામણું મીરાંબાઈની જેમ ભારોભાર ભક્તિથી ભરેલું હતું.

આ બાજુ શણગારેલી વેલ્ય તૈયાર હતી. સાજનમાજન ભેગા થઈ ગયા હતા, પરંતુ રાજબાઈ ઓરડો ખોલતા ન હતા, તેથી મહારાજ પ્રતાપસિંહજી અને પરિવારજનો ભારે અકળાઈ રહ્યા હતા.

પ્રતાપસિંહજીના મનમાં ભારે મૂંઝવણ થઈ રહી હતી કે, 'મારે લોકોને મોઢું શું બતાવવું?'

અંદર ઓરડામાં રાજબાઈ મહારાજને આર્તસ્વરે પ્રાર્થના કરી રહ્યા હતા કે, 'મહારાજ! મને સંસારની હેડ્યબેડીથી ઉગારો!'

બહાર દરબાર પ્રતાપસિંહજી પણ મહારાજને પ્રાર્થના કરી રહ્યા હતા કે, 'હે

મહારાજ! આ મુશ્કેલીમાંથી હવે તમે જ કોઈ માર્ગ બતાવો.'

અંતર્યામી મહારાજે બન્ને ભક્તોનો સાદ સાંભળી લીધો હતો અને મારતે ઘોડે ભાડેર પધાર્યા.

મહારાજને પધારેલા જોઈ બધાને આનંદ થયો. દરબાર પ્રતાપસિંહજીએ મહારાજને બધી પરિસ્થિતિની વાત કરી. મહારાજે રાજબાઈનો ઓરડો ખોલાવ્યો અને કહ્યું, "રાજુ! શા માટે રિસાઈને બેઠી છો? સાસરે જવાની ના કેમ પાડે છે?"

રાજબાઈ રડવા માંડ્યા અને બોલ્યા, "મહારાજ! મારાં મનની ગતિને આપ જાણો છો. હું તમારાં દર્શન વગર રહી શકતી નથી. હું મૂળી જાઉં તો એટલે દૂર મને તમારાં દર્શન કેમ થાય? તમે મારી સાથે સાસરે ચાલો, તો જ હું સાસરે જાઉં."

રાજબાઈની વાત સાંભળી મહારાજ હસવા માંડ્યા અને બોલ્યા, "ગાંડી! એવું તે કાંઈ બનતું હશે? લોકદષ્ટિએ પણ એ કેવું લાગે! તારે સાસરે તો જવું જ પડે, સંસારનાં કર્તવ્યો બજાવવાં જ પડે. એમાંય તારાં આ લગ્ન તો સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ કરાવેલાં છે. તારા દ્વારા રામસિંહજીને સંતાન થવાનો કોલ સ્વામીએ આપ્યો છે. તું સાસરે ન જાય તો સદ્‌ગુરુનાં વચન ખોટાં પડે!"

મહારાજની વાત સાંભળી રાજબાઈ વિચારને વંટોળે ચડ્યા. એક બાજુ મહારાજનાં દર્શનની પ્યાસ, બીજી બાજુ સદ્‌ગુરુનું વચન. આ બેમાંથી કોની પસંદગી કરવી, એ રાજબાઈને સૂઝતું ન હતું.

આખરે મહારાજની કૃપાથી રાજબાઈના અંતરમાં પ્રકાશ થયો. એણે મહારાજને કહ્યું, "મહારાજ! મને એક વચન આપો, તો હું સાસરે જાઉં."

મહારાજ હસીને બોલ્યા, "બોલ્ય દીકરી! તારે શું જોઈએ છે?"

રાજબાઈએ કહ્યું, "મહારાજ! મને અવારનવાર દર્શન દેવા માટે મૂળી પધારવાનું વચન આપો, તો હું સાસરે જાઉં."

મહારાજે રાજી થઈને રાજબાઈને વચન આપ્યું, "જા દીકરી! હું તારો મનોરથ પૂર્ણ કરીશ. અવારનવાર મૂળી આવતો રહીશ."

મહારાજનાં વચનથી રાજબાઈના અંતરમાં આનંદ આનંદ થઈ ગયો. રાજબાઈ સુખેથી સાસરે સિધાવ્યા.

મહારાજની ગતિ અકળ છે. એક બાજુ મહારાજે બેય પરિવારની મૂંઝવણ ટાળી; બીજી બાજુ સદ્‌ગુરુ રામાનંદસ્વામીનું વચન સત્ય કરાવ્યું, ત્રીજી બાજુ ઝાલાવાડની ધરતી ઉપર ભાગવત ધર્મનાં મૂળ પણ મજબૂત કરી દીધાં!

ભારાડીમાંથી ભગત!

ભાડેરથી ભગવાન શ્રી સ્વામિનારાયણ ઉપલેટા પધાર્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણનું વ્યક્તિત્ત્વ ભારે પ્રભાવશાળી હતું. એમના ઉપદેશવચનો હૈયામાં ચોટ કરનારાં હતાં. એમનો પ્રેમ સર્વના દિલને જીતી લેનારો હતો, પરિણામે ઉપલેટામાં કણબી, દરબારો, આહીરો અને ખવાસ લોકો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા. જેમાંથી આહીર મલાઈ ડોશી, ખવાસ રૂપાબાઈ અને ક્ષત્રિય વેરાભાઈનાં નામ સંપ્રદાયમાં ભારે આદરથી લેવાય છે.

ઉપલેટાના દરબાર વેરાભાઈ ભારે શૂરવીર હતા, પરંતુ સત્સંગ વિના એમની શૂરવીરતા આડે પાટે ચઢી ગઈ હતી. તેઓ ધાડપાડુનો ધંધો કરતા, ગામ ભાંગવાં જતાં, ચોરી-લૂંટફાટ કરતાં અને નિર્દોષ લોકોને ભારે રંજાડતા હતા.

પૂર્વના પુણ્ય ઉદય થવાથી દરબાર વેરાભાઈને ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોનો જોગ થયો. નિર્મળ સંતોના સત્સંગે એમની શક્તિને ભક્તિની સાચી દિશા આપી. વેરાભાઈએ ધાડપાડુનો ધંધો છોડી દીધો. તેઓ જેવા ભારાડી હતા, એવા જ ભગત થયા!

સમય જતાં વેરાભાઈ ભગવાન શ્રી સ્વામિનારાયણના જોગમાં આવ્યા; મહારાજને શરણે થયા; સોનામાં સુગંધ ભળે એમ એમના જીવનમાં સદાચાર અને ભક્તિ સોળે કળાએ ખીલી ઊઠ્યાં.

એક વાર બન્યું એવું, સાંજનો સમય હતો; દરબાર વેરાભાઈ સીમમાંથી પસાર થઈ રહ્યા હતા; કોઈના ખેતરને શેઢે બાવળિયો ઊભો હતો; વેરાજીએ દાતણ માટે એ બાવળિયામાંથી લાંબી કૂણી કાંબડી કાપી અને ચાલતા થયા.

થોડી વાર પછી એમને યાદ આવ્યું, “અરે! મારા ઈષ્ટદેવે ચોખ્ખી આજ્ઞા કરી છે કે, ‘અમારા આશ્રિતોએ ક્યારેય ચોરી ન કરવી, ધણિયાતાં કાષ્ઠ, પુષ્પ વગેરે પણ ધણીની આજ્ઞા સિવાય ન લેવાં. આજે મેં મહારાજની આજ્ઞા લોપી. ખેતરના ધણીને પૂછ્યા સિવાય દાતણ કાપ્યું. મારે ખેતરધણીની માફી માગવી જોઈએ.” આમ વિચારીને દરબાર વેરાજી ખેતરના માલિકને ઘરે ગયા.

સંધ્યા ઢળી ચૂકી હતી, ધરતી ઉપર અંધારાં ઊતરી રહ્યાં હતાં. આછાં અંધારે વેરાજીને આંગણામાં આવેલા જોઈ ખેડૂતને આશ્ચર્ય થયું અને થોડી બીક પણ લાગી.

દરબાર વેરાજીએ કહ્યું, “ભાઈ! મારાથી એક ભૂલ થઈ છે, તેની માફી માગવા આવ્યો છું.” વેરાજીની વાત સાંભળી ખેડૂતને વિશેષ આશ્ચર્ય થયું. મનમાં વિચાર્યું, ‘દરબાર શેની માફી માગવા આવ્યા હશે?’

ખેડૂતે કહ્યું, "બાપુ! ગરીબની મજાક ન કરો. જે કહેવું હોય તે સીધું કહો."

દરબાર વેરાજી બોલ્યા, "ભાઈ! મજાક નથી કરતો. તારા ખેતરના શેઢેથી તને પૂછ્યા સિવાય મારાથી આ દાતણ કપાઈ ગયું છે, માટે તારી ક્ષમા માગવા આવ્યો છું." એમ કહી વેરાજીએ દાતણ ખેડૂતના પગ પાસે મૂકી દીધું.

એક વખતનો ધાડપાડુ પૂછ્યા વગર કાપેલા દાતણ માટે માફી માગે, એ કોઈના મગજમાં બંધ બેસે એવી વાત ન હતી. ખેડૂતે કહ્યું, "બાપુ! આવી નાની અમથી વાત માટે આપ જેવા મોટા માણસોએ માફી માગવાની ન હોય. દાતણ તો શું મારા ખેતરમાંથી જે મન પડે તે આપ લઈ શકો છો!"

દરબાર વેરાભાઈ હસીને બોલ્યા, "ભાઈ! એક દિવસ હું એ જ ધંધો કરતો. ગમે તેનું ગમે તેમ કરીને પડાવી લેતો, પણ હવે તો હું મારા ઈષ્ટદેવની આજ્ઞાએ બંધાયો છું. મારા ભગવાનની આજ્ઞા છે કે, ધણિયાતા કાષ્ઠ-પુષ્પ ધણીને પૂછ્યા સિવાય ન લેવાં. તારી રજા સિવાય મારાથી તારું દાતણ લેવાય નહિ." આમ કહી વેરાજી ત્યાંથી ચાલતા થઈ ગયા.

ખેડૂત આભો બનીને દરબારની પીઠ પાછળ તાકીતાકીને જોઈ રહ્યો અને ધાડપાડુના જીવનમાં આવું અદ્‌ભુત પરિવર્તન લાવનાર ભગવાન શ્રી સ્વામિનારાયણને મનોમન વંદન કરવા લાગ્યો.

દરબાર વેરાભાઈનો પરિવાર બહુ મોટો હતો. બધાં મળીને લગભગ બાવીસ સભ્યો હતા. કોણ જાણે શું થયું? ધીરે ધીરે એક પછી એક સભ્યે પરલોકની વાટ પકડી.

લોકો વેરાભાઈની પીઠ પાછળ વાતો કરવા લાગ્યા કે, 'દરબારને સ્વામિનારાયણનો પંથ પચ્યો નહિ. એક પછી એક બધાં ઉકલી ગયાં.'

દરબાર વેરાભાઈના અંતરમાં આવા લોકમે'ણાંની કોઈ અસર થતી નહીં. એના અંતરમાં દઢ નિરધાર હતો કે, 'મહારાજ જે કરતા હશે, તે મારા જીવના ભલા માટે જ કરતા હશે.' આખરે દરબાર વેરાભાઈના પરિવારમાં કોઈ રહ્યું નહિ એટલે ખેતીવાડી, ઢોર-ઢાંખર વેચી નાખ્યાં અને મહારાજ પાસે પહોંચ્યા; મહારાજને બધી વાત કરી અને કહ્યું, "મહારાજ! મને હવે સાધુ કરો અને તમારી સેવામાં રાખો."

મહારાજે એમને સાધુ કર્યાં અને 'પરમાનંદસ્વામી' નામ રાખ્યું.

અંતઃશત્રુઓ ઉપર વિજય

એક વાર ખોખરા-મહેમદાવાદમાં વૈરાગીઓ સાથે ધીંગાણું થતાં પરમાનંદસ્વામીનો ક્ષત્રિય સ્વભાવ જાગી ગયો હતો અને તેઓ 'હું સાધુ છું' એ ભૂલીને આ ધીંગાણાંમાં જોડાયા હતા.

મહારાજને આ વાતની ખબર પડી એટલે મહારાજે એમને કહ્યું હતું કે, “સ્વામી! તમે સાધુતાનો માર્ગ ચૂક્યા છો, તમે સાધુ થઈને હથિયાર ઉઠાવ્યાં, માટે તમે પ્રાયશ્ચિત્ત રૂપે સંસારમાં પાછા જાઓ. અમારું ધ્યાન-ભજન કરો અને અંતરના આવેશોને જીતવા પ્રયાસ કરો.” મહારાજની આજ્ઞાથી પરમાનંદસ્વામીએ ભગવાં વસ્રો ઉતાર્યાં અને પાછા ઉપલેટા ગયા. દરબાર વેરાજીના જીવનની એક સુંદર પ્રતીકાત્મક કથા છે. વેરાજી ભારે મુમુક્ષુ હતા. તેઓ ખૂબ જ ધ્યાન-ભજન કરતાં. ક્યારેક ક્યારેક મહારાજ પાસે બેસીને પ્રાર્થના કરતા અને કહેતા, “મહારાજ! મારે બીજું કાંઈ જોઈતું નથી. સંસારનાં બધાં સુખ મેં માણી લીધાં છે, હવે મારા હૃદયમાં કોઈ જાતની કસર ન રહે, એવી દયા કરો.”

વેરાભાઈની પ્રાર્થનાથી મહારાજ રાજી થયા, માથે હાથ મેલ્યો અને કહ્યું, “વેરાજી! ભજન ચાલુ રાખો. તમારો મનોરથ સિદ્ધ થશે.”

એક દિવસ રાત્રિનો સમય હતો. દરબાર વેરાજી પૂર્ણિમાના ચંદ્રના અજવાળે ‘સ્વામિનારાયણ’ મહામંત્રની માળા કરી રહ્યા હતા. એવામાં એમના શરીરમાંથી છ કાળી પડછાયા જેવી આકૃતિઓ બહાર આવી અને વેરાજીની સામે હાથ જોડીને ઊભી રહી.

વેરાજીએ પૂછ્યું, “તમે કોણ છો?”

આકૃતિઓ બોલી, “અમે કામ, ક્રોધ, લોભ, મોહ, માન, મત્સર છ અંતઃશત્રુઓ છીએ! પ્રાણીમાત્રના અંતરમાં અમારો વાસ છે. આજ સુધી અમે તમારા શરીરમાં પણ વસતાં હતાં, પરંતુ તમારાં ધ્યાન-ભજનનાં અગ્નિથી અમે બળવાં માંડ્યાં. અમારાંથી તમારી ભક્તિનો તાપ જીરવાયો નહિ, એટલે અમે તમારાં શરીરમાંથી બહાર નીકળી ગયાં છીએ અને હવે કાયમ માટે વિદાય લઈએ છીએ.” આમ કહીને એ કાળાંઓળાં અજવાળી રાતે ઓગળી ગયાં!

ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપથી દરબાર વેરાજીનું અંતઃકરણ વાદળાં વિનાનાં આકાશ જેવું નિર્વિકાર બની ગયું.

પરણો ભાઈ! પરણો

ઉપલેટાની બાજુમાં ગણોદ ગામ આવેલું છે. ગણોદ દરબાર શ્રી ઝુણાભાઈ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત હતા.

સોરઠની ધરતી ઉપર વિચરણ કરતાં કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ કેટલાક પરમહંસો સાથે ગણોદ પધાર્યા હતા. ગામની બહાર ભાદર નદી વહેતી હતી. ભાદર નદીને કિનારે દરબાર ઝુણાભાઈનો બગીચો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ બગીચામાં સંતો-ભક્તની સભા ભરીને વિરાજમાન હતા. આ સમયે એક આશ્ચર્યકારક

અને પ્રેરક પ્રસંગ બન્યો. ગણોદમાં અલીભાઈ કરીને એક મુસલમાન હતા. એમની યુવાન ઉંમર હતી. તેઓ રંગરેજનો ધંધો કરીને ગુજરાન ચલાવતા હતા.

દરબાર ઝુણાભાઈનો જોગ થવાથી અલીભાઈને સત્સંગ થયો હતો. તેઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણની કંઠી બાંધી હતી અને અનન્ય આશ્રિત થયા હતા. પોતે મુસલમાન હતા, છતાં ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલા પંચવર્તમાનનું દઢતાથી પાલન કરી પવિત્ર જીવન જીવતા હતા.

જે સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ ગણોદ પધાર્યા, એ જ સમયે અલીભાઈના લગ્ન લેવાયા હોવાથી તેઓ જાન જોડીને પરણવા જતા હતા. જાન બગીચા પાસેથી નીકળી. અલીભાઈને થયું 'હું મહારાજના આશીર્વાદ લેતો જાઉં.' જાન થોડે દૂર ઊભી રાખી અલીભાઈ મહારાજના દર્શને આવ્યા.

મહારાજ જ્ઞાનવાર્તા કરી રહ્યા હતા. વરરાજાના વેશમાં રહેલા અલીભાઈએ મહારાજને વંદન કર્યાં, પરંતુ મહારાજ કાંઈ બોલ્યા નહીં, સામે પણ જોયું નહીં અને જ્ઞાનવાર્તા ચાલુ રાખી.

અલીભાઈ હાથ જોડીને સભાને પછવાડે થોડી વાર એમને એમ ઊભા રહ્યા, પરંતુ મહારાજે કાંઈ ધ્યાન આપ્યું નહીં.

મહારાજની પાસે ઊભેલા પાર્ષદે કહ્યું, "મહારાજ! અલીભાઈ પરણવા જાય છે અને આપની રજા લેવા આવ્યા છે." મહારાજે પાર્ષદની વાત સાંભળી ન સાંભળી કરી.

અલીભાઈએ તો નિર્ધાર કર્યો હતો કે 'મહારાજ આશીર્વાદ આપે પછી જ અહીંથી જવું.' એક બાજુ મહારાજ જ્ઞાનવાર્તા કરી રહ્યા હતા. બીજી બાજુ થોડે દૂર ઊભા રહી અલીભાઈ એકાગ્રચિત્તથી મહારાજનાં દર્શન કરી રહ્યા હતા. ત્રીજી બાજુ બહાર જાનૈયા અકળાઈ રહ્યાં હતાં.

અલીભાઈ ખસતા નહોતા, મહારાજ ધ્યાન દેતા નહોતા. આખરે પાર્ષદે બીજી વાર કહ્યું, "મહારાજ! બહાર જાન ખોટી થાય છે. અલીભાઈ આપની આજ્ઞા સિવાય અહીંથી જશે નહીં, માટે રાજી થઈ રજા આપો."

પાર્ષદની વાત સાંભળી જાણે પરણવાની વાત રુચિ ન હોય તેમ મહારાજ અલીભાઈની સામે જોઈને ત્રણ વાર મર્મમાં બોલ્યા, "પરણો ભાઈ પરણો! દુનિયામાં બધા પરણે જ છે ને! ભગવાન કોઈ ભજતો નથી, માટે જાઓ, પરણો ભાઈ પરણો!"

સંજોગને આધીન અલીભાઈ મહારાજ પાસેથી રવાના તો થયા, પરંતુ મહારાજના 'પરણો ભાઈ પરણો' આ વચનો એમનાં અંતરમાં તીરની જેમ ખૂંપી ગયાં. અલીભાઈ સમજી ગયા કે 'હું પરણવા જાઉં છું તે મહારાજને ગમ્યું નથી.'

અલીભાઈએ લગ્ન તો કર્યાં, પરંતુ મહારાજનાં વચનો 'પરણો ભાઈ પરણો' એમનાં અંતરમાં જોગીની ધૂણીની જેમ અખંડ જાગતાં રહ્યાં.

ધીરે ધીરે સમય સરતો રહ્યો. એમને ત્યાં એક દીકરો થયો. દીકરો ગુણિયલ અને આજ્ઞાકારી હતો. કામકાજમાં પણ સારો કાબેલ થયો હતો.

દીકરો ઉંમરલાયક થયો એટલે અલીભાઈએ એને વરાવ્યો, પરણાવ્યો અને પોતાની સાંસારિક જવાબદારી પૂરી કરી.

અલીભાઈનો કામ-ધંધો સારી રીતે ચાલતો હતો. પૈસેટકે કોઈ વાતની ખોટ ન હતી. અલીભાઈ સર્વ રીતે સુખી હતા. પરંતુ એમના અંતરમાં પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનું વચન 'પરણો ભાઈ પરણો!' સતત ગૂંજ્યાં કરતું હતું અને એ જ વચન એમને સંસારમાં અનાસક્ત રાખતું હતું. હવે અલીભાઈને થઈ રહ્યું હતું કે, 'મારી સંસારની જવાબદારી પૂરી થઈ છે, માટે હવે મારે મહારાજની રુચિ પ્રમાણે મારો વિશેષ સમય ઈષ્ટદેવની બંદગીમાં ગાળવો જોઈએ.'

એક વાર અલીભાઈએ પોતાના દીકરાને બોલાવીને કહ્યું, "બેટા! તને કામકાજ શીખવી, વરાવી-પરણાવી, મારી ફરજ પૂરી કરી છે. હવે લે આ છાપાં અને કાટલાં, આપણો રંગરેજનો ધંધો તું સંભાળી લે. હું હવે ધંધામાંથી નિવૃત્ત થાઉં છું. હવે મારે મારા આયખાનો શેષ સમય ભગવાન શ્રી સ્વામિનારાયણની બંદગીમાં ગાળવો છે."

"મેં તને પાળી પોષીને વીસ વરસનો કર્યો છે. એટલે એટલા વરસ તારે મને રોટલા દેવા, એ તારી ફરજ છે. જો હું વધારે જીવીશ તો ફરીથી તારાં કામમાં મદદ કરીશ, તને માથે નહીં પડું."

દીકરો ખૂબ ડાહ્યો હતો. એણે કહ્યું, "બાપુજી! તમે તો માવતર કહેવાઓ. તમારી સેવામાં હું કોઈ કસર રહેવા નહીં દઉં. તમે સુખેથી ખુદાની બંદગીમાં જીવન ગાળો."

ગણોદ દરબાર ઝુણાજીના સુપુત્ર દરબાર અભેસિંહજી મહાન ભક્તરાજ હતા અને સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી જેવા મહાન સંતોના કૃપાપાત્ર હતા.

દરબારે ગામમાં સુંદર મંદિર બંધાવ્યું હતું. પાક દિલના અલીભાઈ અને ભક્તરાજ અભેસિંહજી મંદિરમાં સાથે બેસીને સત્સંગ કરતા.

એક સમયની વાત છે. સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીની આજ્ઞાથી પુરાણી રઘુવીરચરણદાસજી ગણોદ પાસેના વરજાંગ જાળિયા ગામે કથા કરવા પધાર્યા હતા.

દરબાર અભેસિંહજી અને અલીભાઈ દરરોજ ગણોદથી કથા સાંભળવા માટે વરજાંગ જાળિયા જતા હતા. કથાની પૂર્ણાહુતિના આગલા દિવસે અલીભાઈએ પોથી અને પુરાણીની પૂજા કરી અને કહ્યું, "સ્વામી! હવે છેલ્લા જય સ્વામિનારાયણ! આવતી

કાલે મારાથી કથા સાંભળવા નહીં અવાય."

પુરાણી રઘુવીરચરણદાસજી બોલ્યા, "પણ અલીભાઈ! આવતી કાલે કથાની પૂર્ણાહુતિમાં તો તમારે અવશ્ય આવવું જોઈએ!"

અલીભાઈએ કહ્યું, "સ્વામી! કાલે કથાની પૂર્ણાહુતિ છે એ જ રીતે આવતી કાલે મારા આયખાની પણ પૂર્ણાહુતિ છે. આવતી કાલે મહારાજ મને ધામમાં તેડી જવાના છે, માટે મારે તો આજે જ કથાની પૂર્ણાહુતિ થઈ ગઈ!"

ખરેખર બીજા દિવસે અલીભાઈને ભગવાન શ્રી સ્વામિનારાયણે દિવ્યદર્શન દીધાં અને પોતાનાં ધામમાં તેડી ગયા.

આવા એક અલીભાઈ નહીં, બીજા અનેક મુસ્લિમ બિરાદરો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા. જેમાં કેલોદના વલીભાઈ, અમદાવાદના ડોસાતાઈ, કુંડલાના મિયાંજી, ગઢડાના હસન અલી જમાદાર, વઢવાણના કેસર મિયાં, માણાવદરના આલસી ઘાંચી, કમઢિયાના કાયાભાઈ સંધી, વડોદરાના શેખજી, અમરેલીના આમદ અને મકન વગેરે મુખ્ય હતા. ઉપરાંત, જૂનાગઢ, માણાવદર અને માંગરોળના નવાબો પણ ભગવાન શ્રી સ્વામિનારાયણને ભારે આદર આપતા હતા.

રઘુનાથદાસે આદરેલી ઉપાધિ

એક વાર સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણને કહ્યું, "મહારાજ! રામાનંદસ્વામીના સ્વધામગમન બાદ કચ્છના હરિભક્તો અત્યંત શોકાતુર છે અને માછલાંઓ જેમ પાણીને ઝંખે, એમ આપનાં દર્શન માટે ઝંખી રહ્યા છે."

સ્વામીની વાત સાંભળીને મહારાજ હવે કચ્છ તરફ જવા તૈયાર થયા હતા. જમનાવડ, ઝાંઝમેર, મૂળીલા, કંડોરડા, કાલાવડ, વંથલી વગેરે ગામોને પાવન કરતાં કરતાં મહારાજ અલૈયા-મોડા ગામે પધાર્યા હતા.

આ બન્ને ગામોના દરબારો અને સોનીઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત હતા. જેમાં જાડેજા દરબાર શ્રી રણમલસિંહજી અને દરબાર મોટાભાઈ સાધુ થયા હતા. મહારાજે એમનાં નામ ક્રમશઃ 'અક્ષરાનંદસ્વામી' અને 'સચ્ચિદાનંદસ્વામી' પાડ્યાં હતાં.

અક્ષરાનંદસ્વામી મહાવિદ્વાન અને વ્યવહાર કુશળ સંત હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી એમણે વર્ષો સુધી વડતાલ મંદિરની મહંતાઈ કરી હતી.

સચ્ચિદાનંદસ્વામીને ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપમાં અસાધારણ પ્રીતિ હતી. આ પ્રેમમૂર્તિ સંત એક ક્ષણ પણ મહારાજનો વિરહ સહી શકતા ન હતા.

મહારાજની મૂર્તિના અખંડ ધ્યાનને લીધે સચ્ચિદાનંદસ્વામી સમાધિનિષ્ઠ થયા હતા. એમને નિરાવરણ સ્થિતિ પ્રાપ્ત થઈ હતી. તેઓ ગમે ત્યારે, ગમે ત્યાં ગતિ કરી શકતા હતા. માયાનાં આઠ આવરણો એમનાં દેહને અવરોધી શકતાં નહીં. સ્વામિનારાયણ

સંપ્રદાયના ગ્રંથોમાં સચ્ચિદાનંદસ્વામીના અનેક દિવ્યપ્રસંગો પ્રસિદ્ધ છે.

અલૈયાથી મહારાજને કચ્છ તરફ જવું હતું, ત્યાં એક અણધારી ઘટનાએ આકાર લીધો. વાત એમ બની હતી કે ઉદ્ધવ સંપ્રદાયમાં બધું જ સમુસૂતરું ચાલતું હોય એમ નહોતું. રામાનંદસ્વામીના બધા જ શિષ્યોએ ભગવાન શ્રી સ્વામિનારાયણને સ્વીકારી લીધા હોય એવું નહોતું.

રામાનંદસ્વામીનો એક શિષ્ય હતો, જેનું નામ રઘુનાથદાસ હતું. રઘુનાથદાસ બુદ્ધિમાન હતો, વ્યવહારકુશળ હતો, પરંતુ ભારે અહંકારી અને આડંબરી હતો.

એ જમાનામાં કેટલાય આગેવાન અખાડિયન બાવા-સાધુઓ સાથે એમને સારો એવો પરિચય હતો; મોટી મોટી જગ્યાના કેટલાય મહંતો સાથે એને ઘરોબો હતો.

શિંગડિયા વછનાગને ઠાકોરજીના થાળમાં ધરવામાં આવે છતાં એનું વિષ અમૃતમાં પલટાતું નથી, એ જ રીતે રામાનંદસ્વામી જેવા મહાન સદ્‌ગુરુના સંગમાં રહેવા છતાંય એનો અહંકારી સ્વભાવ સુધર્યો ન હતો. રામાનંદસ્વામી એમને જીવ માની કરુણાથી સાચવતા હતા.

ઉદ્ધવ સંપ્રદાયમાં નીલકંઠવર્ણીનું મહત્ત્વ સ્થાપિત થતું જોઈને એનું અંતર ઈર્ષ્યાથી સળગતું હતું. નીલકંઠવર્ણીનો ઉત્કર્ષ એનાથી સહી શકાતો ન હતો અને લાગ મળે ત્યારે નીલકંઠનું કેમ નીચું દેખાય? એવા પ્રયાસ કરતો રહેતો હતો.

નીલકંઠવર્ણી પ્રત્યેની ઈર્ષ્યાને લીધે એને સદ્‌ગુરુ રામાનંદસ્વામીનો પણ અભાવ આવવા લાગ્યો હતો. દુર્ગંધી ઢાંકી ન રહે એમ એનો દુર્ભાવ છતો થયા સિવાય રહેતો ન હતો. રામાનંદસ્વામી નીલકંઠવર્ણીને શરીરે પરસેવો વળે, એ માટે રોજ આવળના પાટા બંધાવતા હતા. એ સમયે રઘુનાથદાસ સર્વને કહેતો ફરતો હતો, "સ્વામીને આ નવા આવેલા બ્રહ્મચારીમાં ભારે મોહ થયો છે. એને સાજો કરવા માટે કેટલાંય વૃક્ષોનું નિકંદન કાઢી જીવહિંસાનું પાપ વ્હોરી રહ્યાં છે."

રામાનંદસ્વામીને આ વાતની ખબર પડી. સ્વામીને થયું, 'જો આ અડિયલ આમ ને આમ નીલકંઠનો દ્રોહ કરતો રહેશે તો એના આત્માની અધોગતિ થશે અને આસુરભાવને પામી જશે.'

આમ વિચારીને કરુણામૂર્તિ સ્વામીએ એને વાર્યો અને કહ્યું, "રઘુનાથદાસ! તારી આંખો અહંથી અંધ બનેલી છે એટલે આ નીલકંઠ કોણ છે? એ તું જોઈ શકે એમ નથી! આ નીલકંઠ માટે તો અમે આખા બ્રહ્માંડને ભાંગી, ભૂકો કરી, લોપરી કરી એને શરીરે બાંધીએ તો પણ પાપ ન લાગે. ઊલટાના બ્રહ્માંડના સઘળા જીવોનો ઉદ્ધાર થઈ જાય!"

સદ્‌ગુરુએ સમજાવ્યો, પણ માને તો રઘુનાથદાસ શેનો? એને તો સ્વામીની આ

વાતમાં પણ નવા શિષ્ય પ્રત્યેનો મોહ જ દેખાતો હતો. બુદ્ધિ જ્યારે ભ્રષ્ટ થાય છે, ત્યારે સવળી વાત પણ અવળી લાગે છે. હિતકર વાત પણ અહિતકર લાગે છે. રઘુનાથદાસની આ સ્થિતિ હતી. રામાનંદસ્વામીના શિષ્યો ગુરુનિંદા સહી શકતા ન હતા, પરંતુ રામાનંદસ્વામી કોચવાશે એવી બીકથી સર્વે મૌન રહેતા હતા.

એમાં પણ જ્યારે સદ્ગુરુ રામાનંદસ્વામીએ નીલકંઠવર્ણીને ધર્મધુરા સોંપી, ત્યારે તો રઘુનાથદાસના ઈર્ષાના દાવાનળે માઝા મૂકી હતી, પરંતુ રામાનંદસ્વામીના અમોઘ પ્રતાપ સામે એનું કાંઈ ઊપજે એમ નહોતું, એટલે એ અર્ધબળેલાં કાષ્ઠની પેઠે અંદરને અંદર ધૂંધવાઈ રહ્યો હતો.

રામાનંદસ્વામી આ બધું જાણતા હતા. એમણે એને વારંવાર સમજાવવા પ્રયાસ કર્યો, પરંતુ એનામાં કોઈ ફેર ન પડ્યો. આખરે રામાનંદસ્વામીએ બધા શિષ્યોને ભેળા કરીને કહ્યું કે, "આસુરભાવથી આનો જીવ બળી ગયો છે. આનો કોઈ ભરોસો કરશો નહીં."

રામાનંદસ્વામીના અંતર્ધાન થયા બાદ રઘુનાથદાસ ગુજરાતમાં પહોંચ્યો. ગામડે ગામડે ફરીને "નીલકંઠવર્ણી તો દંભી છે, પાખંડી છે, ઉદ્ધવસંપ્રદાયના ઉત્તરાધિકારી તરીકે સદ્ગુરુ રામાનંદસ્વામીએ મારી નિયુક્તિ કરી છે; માટે તમારે બધાએ મારી આજ્ઞામાં રહેવું." આવી વાતો કરીને ભક્તજનોને ભરમાવા લાગ્યો.

રઘુનાથદાસજીની ઉપાધિથી ચિંતાતુર થયેલા ભાઈ રામદાસજીએ જેતલપુરથી મહારાજને પરિસ્થિતિની જાણ કરતો પત્ર લખ્યો. શ્રી ગણપતરામ નામના હરિભક્ત પત્ર લઈને મહારાજ પાસે આવ્યા.

ભાઈ રામદાસજીએ પત્રમાં વિનંતી કરી હતી કે 'આપ કચ્છ જતા પહેલા ગુજરાત પધારો. આપનાં દર્શનથી ગુજરાતના ભક્તોને સાચી વાતની જાણ થશે. રઘુનાથદાસજીની ઉપાધિ શાંત થશે. નહીંતર ઘણા ભક્તજનો કલ્યાણના માર્ગથી ભટકી જશે.'

ભાઈ રામદાસજીનો પત્ર વાંચી મહારાજ મંદ મંદ હસવા લાગ્યા. મુક્તાનંદસ્વામીએ હસવાનું કારણ પૂછ્યું એટલે મહારાજ બોલ્યા, "સ્વામી! માંકડને મોઢું આવ્યું છે! આપણા માટે ઘંટીના પડ જેવી બે બાજુથી ઉપાધિઓ ઊભી થઈ છે. એકબાજુ આપણાં સદાવ્રતોમાં અનાડી વૈરાગીઓ તોડફોડ કરે છે, સદાવ્રતી સાધુઓને માર મારે છે, સીધું-સામગ્રી લૂંટી જાય છે; બીજી બાજુ ગુજરાતમાં રઘુનાથદાસજીએ પોતાનું પોત પ્રકાશ્યું છે અને હરિભક્તોને ભરમાવી રહ્યો છે."

મહારાજ ભારે હળવાશથી મુશ્કેલીઓની વાત કરી રહ્યા હતા. એમના મુખ ઉપર ચિંતાની કોઈ રેખાઓ ન હતી. આનંદસાગર મહારાજનો આનંદ ઉપાધિઓ વચ્ચે પણ ઝાંખો થાય એવો ન હતો.

મહારાજે મુક્તાનંદસ્વામીને પૂછ્યું, "સ્વામી! શું કરશું? પહેલા કચ્છ જઈશું કે ગુજરાત જઈશું?" મુક્તાનંદસ્વામીએ કહ્યું, "મહારાજ! પહેલા રઘુનાથદાસજીની ઉપાધિ શાંત કરવા ગુજરાત જવું જોઈએ, ત્યાર પછી કચ્છ જઈશું."

મુક્તાનંદસ્વામીનાં વચને મહારાજે કચ્છ તરફ જવાનું માંડી વાળી, ગુજરાત તરફ પ્રયાણ કર્યું.

દીકરીઓને દૂધપીતી કરવાનો રિવાજ બંધ કરાવ્યો

ભગવાન શ્રી સ્વામિનારાયણ અલૈયાથી નીકળ્યા. રસ્તામાં તમાસણા, જાળિયા, ડાંગરા, ખીરસરા, ખાંભા વગેરે ગામોને પાવન કરતાં કરતાં ગોંડલ પધાર્યા.

ધોરાજીમાં ગોંડલ નરેશ દેવાજીને આપેલ વચનને મહારાજ પૂર્ણ કરવાં માગતાં હતાં. ગોંડલ નરેશ દેવાજીએ વાજતેગાજતે સામૈયા કરી મહારાજને રાજભવનમાં પધરાવ્યા. પોતાનાં રાજસિંહાસન ઉપર મહારાજને વિરાજમાન કર્યાં અને ભાવથી પૂજન-અર્ચન કર્યું.

ગોંડલનો રાજપરિવાર કાયમ માટે ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિત રહ્યો છે. ગોંડલના ભાવિક ભક્તજનો અને ગોંડલ નરેશની વિનંતીને માન આપી ભગવાન શ્રી સ્વામિનારાયણ અવારનવાર ગોંડલ પધારતા રહેતા.

એક સમયે ફરીથી ભગવાન શ્રી સ્વામિનારાયણ ગોંડલ પધાર્યા હતા અને દરબાર હઠીસિંહના ભવનમાં પધરામણી કરી હતી. દરબાર હઠીસિંહજી રામાનંદસ્વામીના કૃપાપાત્ર હતા. ગોંડલ નરેશ ભા દેવાજીના નાના ભાઈ હતા. દેવાજીએ એમને ગોંડલ રાજ્યના સેનાપતિ પદે નિયુક્ત કર્યાં હતા.

મહારાજ હઠીસિંહજીના રાજભવનમાં સભા ભરી જ્ઞાનવાર્તા કરી રહ્યા હતા. આ સમયે ગોંડલ નરેશ દેવાજી પણ મહારાજના મુખેથી જ્ઞાનવાર્તા સાંભળવા માટે પધાર્યા હતા.

એ સમયના ક્ષત્રિયોમાં ઘણી જગ્યાએ નાની નાની દીકરીઓને દૂધમાં ડુબાડીને મારી નાખવાનો રિવાજ હતો અને આ ઘોર કૃત્ય માટે તેઓ 'બાને દૂધપીતા કર્યાં' એવા રૂપાળા શબ્દો વાપરતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના મનમાં આ વાત ઘણા સમયથી પીડા આપી રહી હતી. તેઓ કોઈ પણ રીતે આ કુરિવાજ બંધ કરાવવા માગતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ગોંડલ નરેશને ઉદ્દેશીને કહ્યું, "નરેશ! અમે સાંભળ્યું છે, કે તમારી દરબારોની નાતમાં નાની-નાની દીકરીઓને જન્મતાંવેંત દૂધમાં ડુબાડીને મારી નાખવામાં આવે છે. આ રિવાજ સારો નથી."

"દરબાર! દીકરી તો જગદંબાનો અવતાર કહેવાય. આવી બાળહત્યા મહાપાપ છે. પરમેશ્વર આવું પાપ સાંખી શકતા નથી. આ પાપનું ફળ લખચોરાશી અને જમપુરી છે. તમે તો જદુવંશી ક્ષત્રિયો છો. જદુવંશીઓને આવું પાપ શોભતું નથી. આ ભયંકર કુરિવાજ કોઈ પણ ભોગે નાબૂદ થવો જોઈએ અને એની શરૂઆત અમારે તમારા રાજથી કરવી છે."

ગોંડલ નરેશે કહ્યું, "મહારાજ! તમારી વાત સાચી છે, પણ અમારી નાત ભારે હઠીલી અને અહંકારી હોય છે. એ જલદી કોઈની વાત સ્વીકારે એમ નથી."

ગોંડલ નરેશની વાણી સાંભળી ભગવાન શ્રી સ્વામિનારાયણનો પુણ્યપ્રકોપ પ્રજ્વળી ઊઠ્યો. એમણે કહ્યું, "નરેશ! અમારી વાત નહીં માનો, તો કોઈ બળવાન રાજા આવશે અને એ તમને પરાણે આ વાત મનાવશે."

ભગવાન શ્રી સ્વામિનારાયણની વાતમાં એક બાજુ પુણ્યપ્રકોપ અને કરુણાનું મિશ્રણ હતું, તો બીજી બાજુ અંગ્રેજ સત્તાના આગમનનો સંકેત હતો.

ગોંડલ નરેશે બે હાથ જોડીને કહ્યું, "મહારાજ! આપની જેમ મરજી હશે, તેમ જ થશે. હું મારા તમામ ભાયાતોને ભેળા કરીશ, એને સમજાવીશ અને આ કુરિવાજ બંધ કરાવીશ."

ગોંડલ નરેશની વાત સાંભળીને ભગવાન શ્રી સ્વામિનારાયણ અત્યંત રાજી થયા.

સમય જતાં ભા દેવાજીના વંશમાં મહારાજ સંગ્રામસિંહજી થયા. એમના મહારાણીનું નામ મોંઘીબા હતું. આ મોંઘીબા મીણાપરના રાજકુંવરી હતા. એમના પિતાશ્રી સરતાનજી ઝાલાએ પોતાની પ્રાણપ્રિય અને સુપ્રસિદ્ધ માણકી ઘોડી ભગવાન શ્રી સ્વામિનારાયણને અર્પણ કરી હતી.

આ દેવાંશી ઘોડી અર્પણ કરતી વખતે નાના રાજકુમારી મોંઘીબાએ ઘોડીને મોતીડે વધાવી હતી.

મહારાજે પૂછ્યું, "દીકરી તમારું નામ શું?"

દીકરીએ જવાબ દીધો, "મોંઘીબા."

મહારાજે કહ્યું, "મોંઘામૂલા થશો અને મોટા રાજમાં જશો."

ભગવાન શ્રી સ્વામિનારાયણના આશિષ ફળ્યાં અને મોંઘીબાના લગ્ન ગોંડલના મહારાજા સંગ્રામસિંહજી સાથે થયાં.

મહારાણી મોંઘીબાને કોઈ સંતાન ન હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન સંત અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીના આશીર્વાદથી એમને ત્યાં પુત્રરત્નનો જન્મ થયો હતો.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીએ સ્વયં એ પુત્રનું નામ 'ભગવતસિંહજી' રાખેલ હતું. અંગ્રેજો ભગવતસિંહજીના વારસા હક્કને મંજૂર કરતા ન હતા. લંડન પ્રિવીકાઉન્સિલમાં કેસ ચાલતો હતો, રાજપરિવારના મનમાં કેસના પરિણામ અંગે મોટી મૂંઝવણ હતી.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીએ બાળ ભગવતસિંહજીના લલાટમાં રાજતિલક કરીને આશિષ આપ્યા હતા કે, "આ ગોંડલનું રાજ અમે ભગવત્‌ને દીધું!"

સ્વામીના આશીર્વાદથી આ કેસમાં રાજપરિવારની જીત થઈ હતી અને ગોંડલની ગાદી મહારાજ ભગવતસિંહજીને મળી હતી. તેઓ વિલાયત ભણ્યા હતા. કુશળ અને પ્રજાવત્સલ રાજવી હતા. એમની રાજવ્યવસ્થા અંગ્રેજોની રાજવ્યવસ્થાને પણ ઝાંખી પાડે એવી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આદેશ કર્યો છે કે, "રાજાઓએ પોતાની પ્રજાનું પુત્રની પેઠે પાલન કરવું."

મહારાજ ભગવતસિંહજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણની આ આજ્ઞાને પોતાનાં જીવનમાં પૂરેપૂરી ચરિતાર્થ કરી હતી. મહારાજ ભગવતસિંહજીની સૂઝબૂઝ અને દૂરંદેશિતાને લીધે ગોંડલ એક આદર્શ રાજ્ય બન્યું હતું. આજે વર્ષો પછી પણ ગોંડલ રાજ્યની સુવાસને કાળ ખાઈ શક્યો નથી.

ગોંડલ અને રાજકોટના અનેક નાનાં-મોટાં ગામડાંઓ અને રજવાડાંઓના રાજવીઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત બન્યાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોનો સમાગમ કરવાથી તેઓના હોકા-હોકલી, દારૂ-અફીણના બંધાણ છૂટી ગયાં હતાં. તેઓ નિર્વ્યસની અને સદાચારી બન્યા હતા. તેઓએ પોતાની હદમાં શિકાર તેમ જ દારૂની હેરાફેરી ઉપર પણ સખત પ્રતિબંધ મૂક્યો હતો. આ રીતે ગામધણીઓના જીવન સુધરતા આમજનતા નિર્ભય બની હતી; એમની સુખાકારી વધી હતી.

સતી થવાનો રિવાજ બંધ કરાવ્યો

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં જેમ દીકરીઓને દૂધ પીતી કરવાનો કુરિવાજ હતો, એ જ રીતે પુરાએ ભારતવર્ષમાં સતી થવાનો કુરિવાજ પ્રચલિત હતો.

સતી થવાનું અસલ કારણ તો અલગ જ હતું. ભારતના મધ્યકાલીન ઇતિહાસમાં પોતાનાં શીલની રક્ષાને ખાતર પતિવ્રતા સ્ત્રીઓએ પોતાના પ્રાણ આપી દીધાના ઉદાહરણો મોજૂદ છે.

કટ્ટર મુસલમાની બાદશાહ અલાઉદ્દીને ચિત્તોડ ઉપર આક્રમણ કર્યું ત્યારે મેવાડના

શૂરવીર ક્ષત્રિયોએ કેસરિયા કર્યાં હતા. મહારાણી પદ્મિનીએ અનેક ક્ષત્રિયાણીઓ સાથે પોતાનાં શીલ અને સતીત્વની રક્ષા માટે જૌહર કરીને પોતાની જાતને અગ્નિમાં હોમી દીધી હતી.

એકવીસમી સદીના માણસોને શીલનું મહત્ત્વ શું છે? એ સમજવું ભારે મુશ્કેલ છે.

શીલની રક્ષા માટે સતી થનારને જેટલાં વંદન કરીએ એટલા ઓછાં છે. આ કથાઓને કુરિવાજની કથા ન કહી શકાય, આ કથાઓને કુરબાનીની કથાઓ કહી શકાય.

સતીધર્મની રક્ષા માટે જાન આપી દેવી, એ અલગ વાત છે અને કુપ્રથાને લીધે બળી મરવું, એ અલગ વાત છે.

એક સારી વાત જ્યારે રૂઢિવાદમાં અટવાય છે, ત્યારે એ જ વસ્તુ ભયંકર બની જતી હોય છે. શ્રદ્ધા અંધશ્રદ્ધામાં પરિણમતી હોય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અંધશ્રદ્ધાને દૂર કરી સાચી શ્રદ્ધાનું સ્થાપન કરવા માગતા હતા. કુરિવાજને દૂર કરી ઉત્તમ પરંપરાને સ્થાપવા માગતા હતા.

તેઓએ સમાજમાં માનવજીવનની મહત્તાને પ્રસ્થાપિત કરી હતી. એમણે સ્પષ્ટ આદેશ કર્યો હતો કે, 'માનવદેહ દેવોને પણ દુર્લભ છે, માટે દુઃખથી અથવા તો ધાર્મિક લાગણીથી પ્રેરાઈને ક્યારેય આત્મહત્યા ન કરવી.'

પરણ્યો ધણી ગુજરી જાય પછી એની પત્નીને જાણ્યે-અજાણ્યે કે પરાણે બાળી દેવાનો રિવાજ કે બળી જવાનો રિવાજ ભગવાન શ્રી સ્વામિનારાયણને પસંદ નહોતો. એમણે સતી થવાના રિવાજને નાબૂદ કરી સતીધર્મનો સાચો મર્મ પ્રસ્થાપિત કર્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંત મુક્તાનંદસ્વામીએ સતીગીતાની રચના કરેલી છે, જેમાં સતીધર્મનું સુંદર વિવેચન કરવામાં આવ્યું છે.

નિરધાર કરી કહું પતિવ્રતા, જેને પતિ સંગે ન બળાય,
જ્ઞાન, વૈરાગ્ય કે ભક્તિવંતી, તે બળી ભસ્મ ન થાય.
બ્રહ્મચર્યાદિક નિયમ જે, વિધવાના ધર્મ ઉદાર,
તે પાળ્યાની શક્તિ હોય તે, ન બળે કરીને વિચાર.
મોક્ષ ઇચ્છાવાન જે, વળી પુત્રવંતી જે હોય,
નાનાં બાળક કે ગર્ભવંતી, સતી બળે નહિ સોય.
જે સતીયું એવી રીત્યની, તેને બળ્યાનો ન અધિકાર,
મન, કર્મ, વચને તેહને, હરિ સેવવા કરી પ્યાર.

(સતીગીતા-કડવું-૧૮)

પશ્ચિમ ભારતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સમાજને જાગૃત કરીને સતી થવાના

રિવાજને બંધ કરાવ્યો હતો. પછીના સમયમાં પૂર્વ ભારતના બંગાળમાં રાજા રામમોહન રાયે પણ આ રિવાજ સામે અવાજ ઉઠાવ્યો હતો.

આશ્ચર્યની વાત એ છે કે બેમાંથી એક પણ આંદોલન વચ્ચે સંપર્કસૂત્રો ન હતાં, છતાં આંદોલનો સમાન હતાં. બન્ને આંદોલનો વચ્ચે તફાવત એ હતો કે ભગવાન શ્રી સ્વામિનારાયણનું આંદોલન ધાર્મિક ક્રાંતિના ભાગરૂપે હતું, જ્યારે રાજા રામમોહન રાયની વાત સામાજિક આંદોલનના ભાગરૂપે હતી.

એ જમાનામાં સ્રીઓનું શોષણ કરનારી બીજી અનેક બાબતો ધર્મના નામે ફાલીફૂલી હતી.

બાવન વૈષ્ણવોની વાર્તા, ચોરાશી વૈષ્ણવોની વાર્તા જેવા ગ્રંથોની કથાવાર્તાની આડઅસર રૂપે વેવલી ધાર્મિક લાગણીઓ પેદા થઈ હતી. આવી ધાર્મિક લાગણીશીલતાને લીધે સ્રીઓનાં દાન કરી દેવાનો પણ કુરિવાજ પ્રચલિત થયો હતો અને આ બધું ભક્તિમાર્ગના મહિમાને ઓથે કરીને થતું.

કહેવાતા ધર્મગુરુઓ આવી વેવલી ભક્તિનો લાભ ઉઠાવતા હતા અને પોતાની વાસનાઓ પૂર્ણ કરવા સ્રીઓનું શોષણ કરતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સત્સંગીઓને સ્પષ્ટ આદેશ કર્યો હતો કે, 'પોતાની પત્નીનું દાન ન કરવું.'

દાસનાં લક્ષણ શું?

ગોંડલથી નીકળીને ભગવાન શ્રી સ્વામિનારાયણ બંધિયા પધાર્યા. બંધિયાના દરબાર મૂળુભાઈ રામાનંદસ્વામીના કૃપાપાત્ર શિષ્ય હતા. રામાનંદસ્વામી અંતર્ધાન થયા પછી તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત થયા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ બંધિયામાં બિરાજતા હતા ત્યારે એક પ્રેરક પ્રસંગ બન્યો. બન્યું એવું કે આ જ અરસામાં કચ્છના સુંદરજી સુથાર બંધિયાના સીમાડેથી પસાર થઈ રહ્યા હતા.

સુંદરજી સુથાર રામાનંદસ્વામીના કૃપાપાત્ર શિષ્ય હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે એમની અનન્ય આસ્થા હતી.

લોકદષ્ટિએ પણ કચ્છમાં સુંદરજી સુથારનું મોભાદાર સ્થાન હતું. તેઓ ભુજ રાજ્યના દીવાન હતા. આ અરસામાં કચ્છમાં રાજકીય રીતે ભારે અંધાધૂંધી પ્રવર્તતી હતી. આ કપરા કાળમાં સુંદરજી સુથારે ભારે મુત્સદ્દીપણું દાખવી પોતાનો સારો એવો પ્રભાવ વધાર્યો હતો.

ભૂજના રાજકુંવરના લગ્ન ભાવનગરના રાજકુંવરી સાથે થયાં હતાં. જૂના જમાનાના રિવાજ પ્રમાણે સુંદરજી સુથાર રાજકુંવરનું ખાંડુ લઈ ભાવનગર રાજકુંવરીને તેડવા જઈ રહ્યા હતા.

સુંદરજી સુથારને ખબર પડી કે મહારાજ બંધિયામાં બિરાજે છે, એટલે તેઓ રાજ-રસાલાને સીમાડે ઊભો રાખી મહારાજનાં દર્શને પધાર્યા અને પોતાના રાજપોશાકની પણ પરવા કર્યા સિવાય ધૂળમાં આળોટતાં આળોટતાં મહારાજને દંડવત્ કરવા લાગ્યા.

મહારાજે સુંદરજી સુથારને રહસ્યમય પ્રશ્ન કર્યો, "કોણ?"

સુંદરજી સુથારે પણ અતિ ટૂંકો જવાબ દીધો, "આપનો દાસ".

મહારાજે બીજો પ્રશ્ન કર્યો, "દાસનાં લક્ષણ શું?"

સુંદરજી સુથારે ફરીથી ટૂંકો જવાબ દીધો, "કહે એમ કરે."

સર્વ સભામાં ઉપસ્થિત સંતો-ભક્તો આ ટૂંકો રહસ્યમય અને દિવ્યસંવાદ સાંભળી રહ્યા હતા.

ભગવાન સ્વામિનારાયણ અજાણ્યાની જેમ 'આવા પ્રશ્ન કેમ કરે છે?' એનો તાળો કોઈના અંતરમાં મળતો નહોતો.

મહારાજે સંવાદને આગળ વધાર્યો, "જો તમે ખરેખર દાસ હો, તો અમારી આજ્ઞા છે કે રાજવંશી પોશાક ઉતારો, હથિયારો એક બાજુ મેલો, દાઢી-મૂછ મૂંડાવો, ભગવી અલ્ફી પહેરો અને કાશીની જાત્રાએ ઊપડી જાઓ."

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના ભક્તની ઊંચી આધ્યાત્મિક સ્થિતિનો તાગ લેવા માટે આકરી કસોટી કરી રહ્યા હતા.

સામે સુંદરજી સુથાર પણ એવા જ હતા. એમણે કહ્યું, "ભલે મહારાજ! આપ જેમ કહો એમ કરવા આ સેવક તૈયાર છે."

મહારાજે પણ કસોટીને મૂર્તરૂપ દીધું. તત્કાળ વાળંદને બોલાવવામાં આવ્યો. ભૂજના દીવાનનાં દાઢી-મૂછ અને કેશ મૂંડવામાં આવ્યાં, સ્નાન કરાવી રાજપોશાકને બદલે ભગવી અલ્ફી પહેરાવવામાં આવી, હાથમાં માળા આપવામાં આવી!"

સુંદરજી સુથારે સહેજ પણ ખચકાટ સિવાય દીવાનપણાનો સંસારી રંગ ઉતારી નાખ્યો અને સંન્યાસનો ભગવો રંગ સ્વીકારી લીધો.

મહારાજ મનોમન આ ભક્તરાજને અભિનંદન આપતા રહ્યા અને કસોટી આગળ વધારતા હોય એમ બોલ્યા, "હવે કાશીની જાત્રાએ ઊપડી જાઓ. તમારી જોડ્યમાં બંધિયાના આ ડોસા ભગત પણ આવશે."

આ રીતે મહારાજે ડોસા ભગતને પણ ભગવી અલ્ફી પહેરાવી દીધી.

ડોસા ભગત જ્ઞાતિએ વણિક હતા; કારોબાર મોટો હતો; વ્યવહારે ખૂબ સુખી હતા; વ્યવહારમાં રહેવા છતાં એમની સ્થિતિ મહારાજા જનક જેવી હતી.

એક વેપારી અને એક દીવાન! બન્નેએ એક પળનો પણ વિલંબ કર્યા સિવાય સર્પ જેમ કાંચળી ઉતારે એમ મનમાંથી સંસાર ઉતારી નાખ્યો અને કાશીની વાટ લઈ લીધી.

ત્યાગ-વૈરાગ્યની વાતો કરવી સહેલી છે, પણ સંસાર છૂટવો કઠણ છે. જેવીતેવી ઝૂંપડી હોય, ભાંગેલી ખાટલી હોય, તૂટેલી ગોદડી હોય, કદરૂપી અને કવેણી પત્ની હોય, દેખ્યાં ગમે નહિ એવાં ભૂંદણાં જેવાં છોકરાં હોય, છતાંય એમાંથી મન ઊખેડવું મહામુશ્કેલ હોય છે! જ્યારે અહીં તો દોમ-દોમ સાહ્યબી, સત્તા, માન, મોભો અને ભર્યાભાદર્યા સંસારને છોડીને સંન્યાસ લેવાની વાત હતી!

બન્ને ભક્તોનો અનાસક્તભાવ ભવ્ય હતો! આધ્યાત્મિક વૈભવની સામે એમણે સંસારનો વૈભવ તણખલાં જેવો ગણ્યો હતો! ઈષ્ટદેવના એક વેણે એમણે સહેજ પણ થડકાર સિવાય સઘળું છોડી દીધું હતું!

સભાજનો તો આ સઘળી ઘટના આશ્ચર્યકારક રીતે જોઈ રહ્યા હતા. કોઈને પણ પૂછવાની હિંમત ન હતી કે, “મહારાજ! આ તમે શું કરી રહ્યા છો?” બધા સ્તબ્ધ બનીને બેઠા હતા.

આખરે સ્વયં મહારાજે આ નીરવ શાંતિનો ભંગ કરતા મુક્તાનંદસ્વામીને કહ્યું, “સ્વામી! આજે અમે કેવું મોટું કાર્ય કર્યું! ભૂજના દીવાનને મૂંડી નાખ્યો અને સાધુ બનાવી દીધો!”

મુક્તાનંદસ્વામી રામાનંદસ્વામીના મુખ્ય શિષ્યો માંહેના એક હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણના મોટા ગુરુભાઈ હતા. વાત્સલ્યપૂર્ણ સ્વભાવને લીધે સમસ્ત સત્સંગની મા સમાન હતા. સ્વયં મહારાજ પણ એમની આમન્યા સાચવતા હતા.

આવા મહાન સંતે હાથ જોડીને હસતાં હસતાં કહ્યું, “મહારાજ! આપે ખૂબ જ સરસ કાર્ય કર્યું, એમાં પણ અમારા સાધુ ઉપર તો ખૂબ દયા કરી!”

સ્વામીના ઉત્તરમાં કંઈક મર્મ ભર્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ એ મર્મને જાણતા હતા છતાં અજાણ્યા થઈને પૂછ્યું, “સ્વામી! દીવાન સુંદરજી સાધુ થયા એમાં તમારા ઉપર શું દયા થઈ?”

સ્વામી મંદ સ્મિત સાથે બોલ્યા, “મહારાજ! અમે તમારા સાધુ છીએ, એટલા માટે અમને સમાજમાંથી ભારે પુરસ્કાર મળે છે! એક બાજુ તમારી આજ્ઞાથી રસકસ વિનાના ભિક્ષાના ગોળા જમીએ છીએ અને બીજી બાજુ મુખવાસમાં બાવા-સાધુઓની લાકડીઓના માર ખાઈએ છીએ!”

"કાઠિયાવાડ-ગુજરાતમાં અમને આવી પ્રસાદી બહુ મળે છે, પરંતુ કચ્છમાં જઈએ છીએ ત્યારે ત્યાં સુંદરજી દીવાનનો પ્રભાવ હોવાથી આવી પ્રસાદી મળતી નથી. હવે તમે સુંદરજીને સાધુ કર્યા એટલે અમને કચ્છમાં થોડી રાહત હતી એ પણ ગઈ અને હવે આ દિવ્યપ્રસાદી અમને કચ્છમાં પણ મળશે!"

મુક્તાનંદસ્વામીની વાત સાંભળી મહારાજ વાતનો મર્મ પામી ગયા અને બોલ્યા, "અરે સ્વામી! તો તો ભારે ખોટું થયું! અમારા સાધુ હેરાન થાય એવું અમારે નથી કરવું. કોઈ જલદી જાઓ અને સુંદરજી સુથાર અને ડોસા ભક્તને પાછા બોલાવો અને કહેજો કે, મહારાજની આજ્ઞા છે માટે પાછા વળો, નહિતર એ પાછા નહિ વળે."

મહારાજની આજ્ઞાથી બન્ને પાછા આવ્યા અને મહારાજને દંડવત્ કરવા લાગ્યા.

મહારાજે ફરીથી સુંદરજીની સામે જોઈને એ જ પ્રશ્નાવલિ શરૂ કરી, "કોણ?"

સુંદરજી સુથારે કહ્યું, "આપનો દાસ".

મહારાજે કહ્યું, "દાસનાં લક્ષણ શું?"

સુંદરજીએ કહ્યું, "કહે તેમ કરે."

મહારાજે કહ્યું, "તો અમારી આજ્ઞા છે કે આ ભગવી અલ્ફી ઉતારો, ફરીથી રાજવંશી પોશાક ધારણ કરો અને જે કામે નીકળ્યા છો એ કામ પૂરું કરી ભૂજ પહોંચો."

મહારાજે ડોસા ભક્તને કહ્યું, "તમે પણ તમારો પહેલાનો પોશાક પહેરી લ્યો, સંસારમાં રહો અને અમારું ભજન કરો. તમે બન્ને જણા અમારી કસોટીમાં ખરા ઊતર્યા છો. અમારા હરિભક્તો આવા જ નિર્લેપ હોવા જોઈએ." આટલું કહી મહારાજ બન્ને ભક્તોને બાથમાં ઘાલીને મળ્યા.

સુંદરજી સુથારે હાથ જોડીને કહ્યું, "મહારાજ! હાથીએ બેસાડી હવે ગધેડે કાં બેસાડો?"

મહારાજે મંદમંદ હસીને સુંદરજીના શબ્દોને જ દોહરાવતા કહ્યું, "સુંદરજી! દાસ હો, તો કહીએ તેમ કરો."

સુંદરજી કાંઈ બોલી ન શક્યા. એમની આંખો સહેજ ભીની થઈ ગઈ. મહારાજ બોલ્યા, "સુંદરજી સુથાર! તમે તો કોઈએ ન કર્યું હોય તેવું કર્યું! અમે તમારા ઉપર ખૂબ જ રાજી થયા છીએ."

આ રીતે મહારાજનો રાજીપો વરસતો જોઈને સુંદરજી સુથાર ધન્ય ધન્ય થઈ ગયા. એમણે ફરીથી રાજ્યવંશી પોશાક ધારણ કર્યો અને મહારાજની રજા લઈ પોતાના રસાલાને મળવા જવા રવાના થયા.

સુંદરજી સુથાર રવાના તો થયા, પણ એના અંતરમાં પોતે મહાન કાર્ય કર્યાનો

અહંકાર ઉદય થયો. સુંદરજીના અહંકારની દુર્ગંધીને મહારાજ પારખી ગયા, પણ મૌન રહ્યા.

મહારાજે મનમાં નિરધાર કર્યો કે, 'મારે મારા આ ભક્તના અંતરમાંથી અંહકારનો રોગ દૂર કરવા માટે ક્યારેક ઔષધ તો કરવું જ પડશે.'

આ બાજુ રાજરસાલાના માણસો આતુરતા અને અકળામણ સાથે ક્યારનાય રાહ જોઈ રહ્યા હતા. સુંદરજી સુથાર આવ્યા એટલે એમની અકળામણનો અંત આવ્યો, પરંતુ દાઢી-મૂછ મૂંડાવેલાં જોઈને બધાંને ભારે આશ્ચર્ય થયું! કોઈ બોલ્યું, "દીવાનજી! લગ્નના માંગલિક પ્રસંગે આ સુંવાળું ઊતરાવી અપશુકન કાં કરાવ્યાં?"

સુંદરજી સુથારે મર્મમાં કહ્યું, "બે કારણે આ સુવાળું ઊતરાવ્યું છે. એક તો પ્રગટ ભગવાન મળ્યા એટલે મારો પાપરૂપી પિતરાઈ મરી ગયો. આજે એનું સૂતક ઉતાર્યું.

પાપ નામે મૂવો પિતરાઈ; એનું સૂતક ઊતાર્યું ભાઈ. (હરિલીલામૃત)

બીજું કારણ બતાવતા સુંદરજી સુથારે કહ્યું, "આપણા કુંવર નાના હતા ત્યારે ખૂબ માંદા રહેતા. એમને સારું રહે તે માટે મેં મારા ઈષ્ટદેવની માનતા માનેલી કે 'કુંવર સાજા-નરવા રહે, મોટા થાય અને પરણે ત્યારે મારે આ દાઢી-મૂછ મારા ઈષ્ટદેવને ચરણે ધરવા. આજે મેં મારી માનતા પૂરી કરી છે."

રસાલાના માણસોને પે'લી વાતમાં તો કાંઈ ગતાગમ ન પડી, પણ બીજી વાત એમને બરાબર ગળે ઊતરી ગઈ. એમણે સુંદરજી સુથારની વાતને માની લીધી અને સૌ પોતાને પંથે પડ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના અનેક ભક્તો એવા હતા કે જેઓના જીવન મહારાજ જનકની જેમ અનાસક્તિ યોગથી ભરપૂર હતા. તેઓ સંસારમાં ટક્યા હતા, તે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચને જ ટક્યા હતા અને જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે સંસાર છોડવાની આજ્ઞા કરી ત્યારે એમના અડધાં વેણે તેઓ સાપ જેમ કાંચળી ઊતારે એમ રાજ-સમૃદ્ધિ, ખેતીવાડી, ભર્યાં-ભાદરાં ઘર-પરિવારને છોડીને સાધુ થવા નીકળી ગયાં હતાં.

પંચ પીરની જગ્યામાં

ભગવાન શ્રી સ્વામિનારાયણ બંધિયાથી નીકળી પાંચતળાવ, સાજડીયાળી, સરધાર વગેરે ગામોમાં વિચરણ કરતાં કરતાં કરિયાણા પધાર્યા.

કરિયાણામાં અક્ષરધામના એક મુક્ત વસતા હતા. એમનું નામ મીણબાઈ હતું. મીણબાઈનો જન્મ ગઢડામાં થયો હતો. એમના પિતાશ્રીનું નામ હાદા ધાધલ હતું.

હાદા ધાધલ ભગવાનનો જીવ હતા. મીણબાઈના માતુશ્રી પણ એવા જ ભક્તિપરાયણ હતા. મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે, એ ન્યાયે મીણબાઈમાં પણ એ જ ધરમ-ધ્યાનનો વારસો ઊતર્યો હતો.

એ સમયના રિવાજ પ્રમાણે મીણબાઈને નાની ઉંમરે કરિયાણાના ઉન્નડ ખાચર સાથે પરણાવી દેવામાં આવ્યાં હતાં.

મીણબાઈ જન્મસિદ્ધ યોગિની હતા. એમને ત્રણેય કાળનું જ્ઞાન હતું. જન્મજાત નિરાવરણ દૃષ્ટિ હોવાથી તેઓ હથેળીમાં આંબળાને જુએ, એમ થઈ-થાવાની ઘટનાઓને નજરે નિહાળતા હતા.

એમની દિવ્યતાની સુગંધ ચોતરફ પ્રસરેલી હતી. કાઠીકુળમાં આવી દીકરી જન્મી એનું કાઠીકુળને ગૌરવ હતું.

એક વાર કરિયાણામાં મીણબાઈએ બધાંને ભેળા કરીને કહ્યું, “જુઓ! જુઓ! જંગલમાં એક જોગી ચાલ્યો જાય છે, નાની ઉંમર છે, સુકલકડી કાયા છે, એ લટુરિયા બાવાના માથે શંકર જેવી જટા છે; સમય જતાં ઉત્તર કૌશલ દેશનો આ જોગી ગુજરાતમાં આવશે, સૌરાષ્ટ્રની ધરણીને પાવન કરશે. આપણાં ગામમાં પણ પધારશે અને આપણને પણ ન્યાલ કરશે.”

મીણબાઈ નીલકંઠવર્ણીનાં વનવિચરણને કરિયાણામાં બેઠાં બેઠાં નિહાળી રહ્યા હતા. મીણબાઈની વાત સાંભળીને સર્વને આશ્ચર્ય થયું. મીણબાઈ શું બોલે છે? એ કોઈને સમજાતું નહીં, પણ બધાંને એટલું તો અવશ્ય લાગતું કે આ છોકરીમાં કોઈક દૈવીજીવનો વાસ છે!

આ એ સમયની વાત છે, જ્યારે હજુ ભગવાન શ્રી સ્વામિનારાયણે ગુજરાતમાં પગ પણ મૂક્યો નહોતો.

મીણબાઈ અવારનવાર ગામલોકોને નીલકંઠવર્ણીનાં વનવિચરણની વાતો કર્યા કરતા હતા. અગમ-નિગમ જેવી આ વાતોને ગામલોકો રસપૂર્વક સાંભળતા હતા.

ભગવાનને કરવું, ઉન્નડ ખાચર પરલોક સિધાવ્યા. મીણબાઈ નાની ઉંમરે વિધવા થયા, પરંતુ એમણે સમજણથી મનને વાળી લીધું. એમના દિયર દાહા ખાચરે એમનું જીવનભર જતન કર્યું.

વિક્રમ સંવત ૧૮૬૦ ની સાલ હતી. સવારનો સમય હતો. મીણબાઈ પૂજામાં બેઠા હતા, ત્યાં અચાનક એમને સમાધિ લાગી ગઈ. સમાધિમાં એમણે કાળુભાર નદીના કાંઠે, કરિયાણાના પાદરમાં, પંચ પીરની જાણીતી જગ્યામાં, વડલાને છાંયડે વિસામો ખાઈ રહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણને જોયા!

જોતાવેંત મીણબાઈ ઓળખી ગયા, 'અરે! આ તો એ જ છે, જેને હું વર્ષોથી જોઈ રહી હતી.'

સમાધિમાંથી જાગીને એમણે પોતાના દિયર દાહા ખાચર અને સગાં-સંબંધીઓને વાત કરી કે, 'હું જેની વાત કરતી હતી એ લટુરિયો બાવો આપણે ત્યાં આવી પહોંચ્યો છે, પંચ પીરની જગ્યામાં પો'રો ખાય છે, હાલો આપણે એના દર્શને જઈએ.'

મીણબાઈની વાત સાંભળી સર્વને આશ્ચર્ય થયું. દાહા ખાચર વગેરે સર્વને સાથે લઈને મીણબાઈ પંચ પીરની જગ્યાએ આવ્યા. મહારાજના દર્શન કર્યાં, વિનંતી કરી દરબારગઢમાં પધરાવ્યા.

મહારાજ બોલ્યા, "મીણબાઈ! તમારો અને અમારો તો જુગ જૂનો નાતો છે."

મીણબાઈએ કહ્યું, "હા, મહારાજ! હું પણ તમારી વર્ષોથી વાટ જોઈ રહી હતી."

કરિયાણામાં ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેક લીલાઓ કરેલી છે. મીણબાઈને લીધે દાહા ખાચર, વાંકિયાના મોકા ખાચર, કોટડા પીઠાના દરબાર પીઠાવાળા, ગુંદાળા દરબાર મૂળુ ખાચર વગેરે અનેક કાઠી દરબારો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા.

સૌરાષ્ટ્રના કાઠીકુળમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રથમ ઓળખાણ કરાવનાર હોય, તો એ આ મીણબાઈ હતા.

ઉન્મત્તગંગાને કિનારે

ભગવાન શ્રી સ્વામિનારાયણ કરિયાણાથી નીકળીને કાઠિયાવાડની ધરતીને પાવન કરતાં કરતાં ગઢપુરના પાદરમાં વહેતી ઉન્મત્ત ગંગાને કિનારે પધાર્યા. કોણ જાણે કેમ! આ ભૂમિ ભગવાન શ્રી સ્વામિનારાયણના દિલને આકર્ષી રહી હતી.

પ્રાચીન કાળથી આ ગઢપુરની ભૂમિ ભારે ભાગ્યવંતી રહી છે. સેંકડો વર્ષ પહેલાં માંડવ્યઋષિએ આ પ્રદેશની ભૂમિને પોતાની સાધનાભૂમિ બનાવી હતી. આ ઉન્મત્ત ગંગાને કિનારે માંડવ્યઋષિનો આશ્રમ હતો. ગઢપુર પાસેના માંડવધારના ડુંગરાઓ એની સાક્ષી પૂરે છે.

માંડવધારથી પશ્ચિમ દિશામાં ફૂલઝર નામે વન હતું. અહીં માંડવ્યઋષિએ આકરું તપ કર્યું હતું. આજે આ સ્થળે ફૂલઝર ગામ વસેલું છે.

તપની સમાપ્તિના પ્રસંગે માંડવ્યઋષિને ગંગાજળથી સ્નાન કરવાની ઇચ્છા થઈ. એમણે મનોમન ગંગાજીને યાદ કર્યાં, પણ ગંગાજી પ્રગટ ન થયા.

માંડવ્યઋષિએ ભગવાન વામનજીને યાદ કરી 'ઓમ્ ત્રિવિક્રમાય નમઃ' આ

વામનમંત્રનો જપ શરૂ કર્યો. જપથી પ્રસન્ન થયેલા ભગવાન વામનજીના પ્રતાપથી ગંગાજી પાતાળમાંથી ગાંડા જળપ્રવાહ રૂપે પ્રગટ થયા.

ગાંડા ધસમસતા પ્રવાહરૂપે પ્રગટેલા હોવાથી ગંગાજી 'ઉન્મત્તગંગા' કહેવાયા. લોકો એને 'ઘેલાનદી' ના નામે પણ ઓળખે છે.

ઉન્મત્તગંગાના ઉદ્‌ગમ સ્થળે માંડવ્યઋષિએ ઘેલા સોમનાથ પધરાવેલા છે, જે આજે પણ સૌરાષ્ટ્રનું સુપ્રસિદ્ધ તીર્થ ગણાય છે.

ઘેલાનદીને કિનારે માંડવ્યઋષિ જે ભોંયરામાં બેસીને ધ્યાન-ભજન કરતાં, તે ભોંયરાના ડુંગરા ઉપર આજે 'માંડવધાર' ગામ વસેલું છે.

લોકવાયકા પ્રમાણે આ ભોંયરું છેક ગિરનાર સુધી લંબાયેલું છે. જોકે, મોટા ભાગના ભોંયરાઓ સાથે આવી વાતો જોડાયેલી છે. કોઈ સાહસિકે આ વાતનો તાગ લીધો હોય એવું સંભળાતું નથી!

હજારો વર્ષ પહેલા અહીંયા પાંડેસરા તળાવ હતું. મહાભારતનો સુપ્રસિદ્ધ યક્ષ-યુધિષ્ઠિર સંવાદ આ જ રમણીય સરોવરને કિનારે થયો હતો. આ જગ્યાએ આજે ગઢપુર ગામ વસેલું છે.

માંડવ્યઋષિ પાંડેસરા તળાવને કિનારે જે સ્થળે બેસીને સંધ્યાવંદન કરતાં, તે સ્થળે આજે દાદાખાચરનો દરબારગઢ આવેલો છે.

પાંડવોના સમયમાં આ સમગ્ર પ્રદેશ પાંચાલપ્રદેશ તરીકે ઓળખાતો. સતી દ્રૌપદી આ પાંચાલપ્રદેશના હતા એટલે પાંચાલી કહેવાતા.

આ પાંચાલપ્રદેશ ભગવાન શ્રીકૃષ્ણ અને પાંડવોની રમણભૂમિ કહેવાય છે.

શાસ્ત્રોમાં ગઢપુરને દ્વારિકાનું શાખાનગર ગણવામાં આવ્યું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ઘેલાનદીના રમણીય કિનારાઓ અને કિનારે વસેલા દુર્ગપુર ઉપર પોતાની અમીદૃષ્ટિ ફેરવી.

આ રમણીય ભૂમિ મહારાજને ખૂબ જ ગમી ગઈ હતી. આ જ દિવ્યભૂમિ ભવિષ્યમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની કાયમી નિવાસભૂમિ બનવાની હતી.

રઘુનાથદાસને વિમુખ કર્યો

કાઠિયાવાડની ધરતીને પાવન કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણ ગુર્જરધરામાં વિચરણ કરતાં કરતાં જેતલપુર પધાર્યા. મહારાજના પધારવાથી ભાઈ રામદાસજી તથા જેતલપુર નિવાસી ભક્તજનોને અંતરમાં ભારે આનંદ થયો.

મહારાજનો અલૌકિક પ્રભાવ જોઈને મધ્યગુજરાતના ભક્તજનોના મન શાંત અને

સ્થિર થયાં. પ્રગટ પરમાત્માનાં દર્શન એમના અંતરને આનંદ આપી રહ્યાં હતાં. રામાનંદસ્વામીએ કરેલી વારસદારની પસંદગી સર્વના હૈયામાં વસી ગઈ.

ગંગાજીનાં નીરથી ધરતીનાં મેલ ધોવાય તેમ મહારાજનાં વચનામૃતોનું શ્રવણ કરવાથી ગુજરાતના ભક્તજનોનાં મનમાં રઘુનાથદાસે જે મેલ ચડાવ્યો હતો તે ધોવાઈ ગયો.

એક દિવસ ભગવાન શ્રી સ્વામિનારાયણે આગેવાન સંતો-ભક્તોને ભેળા કર્યાં. 'રઘુનાથદાસજીનું શું કરવું?' એની વિચારણા ચાલી.

સર્વનો મત એવો હતો કે સડેલી આંગળીને કાપીએ નહીં તો સડો સર્વ શરીરમાં વ્યાપી જાય, એ ન્યાયે આપણે રઘુનાથદાસજીને વિમુખ કરવો જોઈએ.

ભગવાન શ્રી સ્વામિનારાયણે શાંતિનો માર્ગ અખત્યાર કરતા કહ્યું, "આપણે રઘુનાથદાસજીને એક વાર સમજાવી જોઈએ. જો એ નહીં માને, તો પછી વિમુખ કરીશું."

રઘુનાથદાસજીને સમજાવવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ અમદાવાદ પધાર્યા. મહારાજે રઘુનાથદાસજીને સમજાવવા માટે ઘણા પ્રયાસ કર્યાં, પરંતુ સર્વ પ્રયત્નો વિફળ રહ્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણની એક પણ વાત એ અભિમાની માણસે કાને ન ધરી. એણે ઉદ્ધતાઈમાં મહારાજને કહ્યું,

'આજ કાલના આવેલા તમે, કેમ માનીયે મોટેરા અમે? |૫૯|'

(હરિલીલામૃત- ક-૫, વિ-૨૦)

એક દિવસ સંતો અને ભક્તોની સભાની તૈયારી થઈ રહી હતી. એવામાં રઘુનાથદાસ આવ્યો અને ઉદ્ધતાઈથી મહારાજની ગાદીએ બેસી ગયો.

રઘુનાથદાસની આ રીત કોઈ સંતો-ભક્તોને પસંદ ન આવી, પરંતુ મહારાજનાં મન ઉપર આની કોઈ અસર ન હતી. મહારાજ તો નિર્માનીભાવે રઘુનાથદાસને વંદન કરી પાસેના નીચેના આસન ઉપર બેસી ગયા.

મહારાજે ફરીથી રઘુનાથદાસને સમજાવવા પ્રયાસ કરતા કહ્યું કે 'તમે અમારા મોટા ગુરુભાઈ છો. અમને તમારા પ્રત્યે માન છે, પરંતુ આપણે સર્વએ આપણા ગુરુ રામાનંદસ્વામીની આજ્ઞાને અનુસરવું જોઈએ. આ અમદાવાદની મહંતાઈ તમારે જોઈતી હોય તો તમને આપીએ. તમે મન હળવું કરી બધાની સાથે હળીમળીને રહો.'

મતિભ્રષ્ટ થયેલો રઘુનાથદાસ મહારાજની કોઈ વાત કાને ધરવા માગતો ન હતો. એ મહારાજની સામે એલફેલ બોલવા લાગ્યો.

આ દરમિયાન એક અણધારી ઘટના બની. એ સમયના વૈરાગીઓ મહારાજને 'જીવનમુક્તા' તરીકે ઓળખતા હતા. મહારાજનો વિસ્તરતો જતો પ્રભાવ વૈરાગીઓથી

સહન થતો ન હતો. તેઓને એવું લાગતું હતું કે 'જીવનમુક્તા પોતાના શિષ્યો પડાવી જાય છે.'

રાગદ્વેષથી પીડાતા વૈરાગીઓ જો લાગ મળે તો 'જીવનમુક્તાને મારવા' એવા મનોરથ સેવતા હતા. જ્યારે વૈરાગીઓને ખબર પડી કે જીવનમુક્તા અમદાવાદ પધાર્યા છે, ત્યારે કેટલાક વૈરાગીઓનું ટોળું હથિયારો સાથે મહારાજને મારવા આવ્યું.

આવનારા અમંગળના એંધાણ મહારાજ અગાઉથી જ પારખી ગયા હતા. એમણે સાન કરી સંતો-ભક્તોને બહાર મોકલી દીધા. માર માર કરતા વૈરાગીઓ નજીક આવવાના થયા ત્યારે પોતે પણ ભાઈ રામદાસજીની સાથે ત્યાંથી ચૂપચાપ નીકળી ગયા.

આ વૈરાગીઓએ જીવનમુક્તાને ક્યારેય જોયા ન હતા; ઓળખતા પણ ન હતા; મહારાજ સામેથી પસાર થઈ ગયા છતાં કોઈને ખ્યાલ પણ ન આવ્યો કે 'પંખી પીંજરથી ઊડી ગયું છે.'

આ બાજુ શું થવાનું છે? એની રઘુનાથદાસને ગતાગમ પડે ન પડે, એ પહેલા તો વૈરાગીઓનું ટોળું પહોંચી ગયું. એણે તો મહંતની ઊંચી ગાદીએ બેઠેલા રઘુનાથદાસને જ જીવનમુક્તા ધારી લીધો. રઘુનાથદાસ ઉપર વૈરાગીઓના ગડદાપાટુ અને લાકડીઓના માર પડવા લાગ્યા.

રઘુનાથદાસ અધમૂઓ થઈ ગયો. પાત્રતા વગર ઊંચી ગાદીએ બેસવાનું ફળ એને મળી ગયું! રઘુનાથદાસને અધમૂવો કરી વૈરાગીઓ ભાગી ગયા.

આટલો આટલો માર પડવા છતાં રઘુનાથદાસજીના મનનો મેલ ધોવાયો ન હતો. મહારાજ પ્રત્યે એનો દ્વેષ એવોને એવો બરકરાર હતો.

આ બાજુ મહારાજ સંતો-ભક્તો સાથે દૂર દૂર નીકળી ચૂક્યા હતા. મહારાજ જેતલપુર પહોંચ્યા. ફરીથી આગેવાન સંતો-ભક્તોને ભેગા કર્યા. ભાઈરામદાસજીએ મહારાજને કહ્યું, "મહારાજ! હવે આ રઘુનાથદાસ કોઈ વાતે સમજે એમ નથી. જો એ સત્સંગમાં રહેશે તો અનેકના જીવનું ભૂંડુ કરશે."

"મહારાજ! જે અંગને કીડીયારાનો રોગ થાય એ અંગને કાપવું જ પડે, માટે હવે તમે આ આસુરી જીવ ઉપર દયા રાખ્યા સિવાય એને સત્સંગમાંથી વિમુખ કરો."

મુક્તાનંદસ્વામીએ પણ ભાઈ રામદાસજીની વાતમાં સંમતિનો સૂર પુરાવ્યો. આખરે આગેવાન સંતો-ભક્તોની સંમતિ જોઈને મહારાજે રઘુનાથદાસજીને સત્સંગમાંથી વિમુખ જાહેર કર્યો.

ભાદરામાં ભગવાન પધારશે!

રઘુનાથદાસજીની ઉપાધિનું શમન કરી ભગવાન શ્રી સ્વામિનારાયણ ગુજરાત, ઝાલાવાડની ધરતીને પાવન કરતાં કરતાં હાલાર પ્રદેશના ભાદરા ગામે પધાર્યા હતા.

પ્રાચીન સમયમાં જામનગર રાજ્યનો વિસ્તાર હાલાર નામે ઓળખાતો. ચંદ્રવંશી જાડેજા રાજવી રાવળ જામે આ રાજ્યની સ્થાપના કરી હતી. રાવળ જામ મહાદેવજીના પરમ ભક્ત હતા. જામનગરથી થોડે દૂર આવેલ જડેશ્વર મહાદેવ જામનગર રાજવંશના કુળદેવ ગણાય છે. જડેશ્વર મહાદેવની કૃપાથી જ રાવળ જામને આ રાજ્યની પ્રાપ્તિ થઈ હતી.

લોકસાહિત્યમાં આ અંગે એક દુહો પ્રસિદ્ધ છે :

જડિયો જંગલમાં વસે ઘોડાનો દાતાર,
રૂઠ્યો રાવળ જામને, હાંકી દીધો હાલાર.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો ધર્મધ્વજ હાલારને ગામડે ગામડે લહેરાઈ ચૂક્યો હતો.

ભક્તચિંતામણિમાં નિષ્કુળાનંદસ્વામીએ હાલારના ભક્તોને બિરદાવતા લખ્યું છે કે,

મીઠા બોલા ને મો'બતી, હૈયે હેત અપરમપાર |૨| (ભ.ચિં.પ્ર-૧૧૬)

જોડિયાબંદર પાસેનું ભાદરા ગામ હાલારનું શ્રેષ્ઠ તીર્થ ગણાય છે. ઊંડ નદીને કિનારે વસેલું ભાદરા ધરતી ઉપરના નાનકડાં સ્વર્ગ જેવું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ભાદરાને 'મુક્તોની ખાણ સમાન' કહેલું છે. હાલારમાં લગભગ વીસ જેટલા મુક્તોએ જન્મ લીધો હતો, તેમાં સોળ મુક્તો તો એકલા ભાદરામાં જ પ્રગટ થયા હતા.

આ સોળ મુક્તોના નામ છે. વસ્તા સુથાર, રામજી સુથાર, રાજાભાઈ, શેખપાટવાળા, લાલજી સુથારના બહેન રૂડીબાઈ, રૂડીબાઈના ચાર પુત્રો – વિશરામ, માવજી, રણછોડ અને નારણ, બે પુત્રીઓ – નિરાવરણ દૃષ્ટિવાળા હરબાઈ અને લાડુબાઈ ઉપરાંત બીજા મુક્તોમાં સમાધિનિષ્ઠ ડોસાભાઈ, દેવાભાઈ તથા રત્નાભાઈ, કણબીકુળમાં પ્રગટેલા રામ ભંડેરી, બ્રાહ્મણકુળમાં પ્રગટ થયેલા મૂળજી અને સુંદરજી.

આમાંથી રામ ભંડેરી સંજોગવશાત્ ભાદરા છોડી અમરેલી પાસેના ચાડિયા ગામે વસ્યા હતા. ભાદરામાં મહારાજના એક અનન્ય મુક્તે અવતાર ધારણ કર્યો હતો. એનું નામ મૂળજી હતું.

મૂળજીના પિતાશ્રીનું નામ ભોળાનાથ હતું અને માતુશ્રીનું નામ સાકરબાઈ હતું. આ બન્ને દંપતી ઉપર મહાન યોગી આત્માનંદસ્વામીની કૃપાદૃષ્ટિ હતી અને આત્માનંદસ્વામીના આશીર્વાદથી જ મહામુક્ત મૂળજી તેમને ઘેર અવતર્યા હતા.

ઉદ્ધવાવતાર સદ્ગુરુ રામાનંદસ્વામીની કૃપા પણ મૂળજી ઉપર નાનપણથી જ ઊતરી હતી. અનંત જીવોને સર્વોપરી પ્રગટ પુરુષોત્તમ નારાયણની ઓળખાણ કરાવવી એ એમના અવતરણનો હેતુ હતો. મૂળજીને નાનપણથી જ નિરાવરણ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે આઠ વર્ષના થયા ત્યારે એમને અયોધ્યામાં જનોઈ આપવામાં આવી રહી હતી, એ સમયે ભાદરાના મૂળજીએ પોતાના મા સાકરબાને કહ્યું, “મા! તમે જનોઈના ગીત ગાઓ.”

માએ પૂછ્યું, “કેમ બેટા! જનોઈનો કોઈ પ્રસંગ તો છે નહિ, તો જનોઈનાં ગીત શા માટે ગાવાં?”

મૂળજીએ કહ્યું, “મા! આજે અયોધ્યામાં ધર્મદેવને ઘરે પ્રગટેલા ભગવાનને જનોઈ અપાઈ રહી છે, માટે જનોઈનાં ગીત ગાવાનું કહીએ છીએ.”

ક્યાં અયોધ્યા અને ક્યાં સૌરાષ્ટ્રનું ભાદરા! ભાદરામાં મૂળજીને અયોધ્યાનો પ્રસંગ સાક્ષાત્ દેખાઈ રહ્યો હતો, પરંતુ સાકરબાને આ વાત કઈ રીતે સમજાય!

સાકરબા મૂળજીની વાત સમજી શક્યા નહિ એટલે આશ્ચર્યથી મૂળજીની સામે જોઈ રહ્યા.

એક વાર મૂળજીએ માને કહ્યું, “મા! અક્ષરધામના ધણી આજે નીલકંઠવર્ણીના વેશે વનમાં પધારી રહ્યા છે.”

સાકરબા ફરીથી આશ્ચર્યભરી નજરે મૂળજીની સામે જોઈ રહ્યા.

માના મનમાં થયું, ‘મારા મૂળજીને આ શું થઈ ગયું છે? એ ગાંડો તો નથી થઈ ગયોને!’

એક વાર મૂળજીએ કહ્યું, “મા! આજે અક્ષરધામના ધણી લોજ પધાર્યા છે.”

અવારનવાર મૂળજી ન સમજાય તેવી અગમનિગમની વાતો કરતા હતા, જે સાંભળીને મા સાકરબાઈ તથા પરિવારજનોને ભારે આશ્ચર્ય થતું. છોકરો શું બોલે છે? તે કોઈને સમજાતું નહોતું. ક્યારેક તો શંકા થતી કે, આ છોકરાને કાંઈ વળગાડ તો નથી ને?

મૂળજીને ખરેખર વળગાડ હતો પણ એ વળગાડ ભૂતનો ન હતો; ભગવાનનો હતો, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ભાદરા પધારવાના થયા ત્યારે મૂળજીએ અગાઉથી મા સાકરબાને કહ્યું, “મા! થોડા સમય બાદ ભાદરામાં બોલતાંચાલતાં ભગવાન પધારશે,

આત્માનંદસ્વામીએ તને જે વરદાન આપ્યું હતું, તે સત્ય કરશે. આપણાં ઘરે ઊતરશે અને તારા હાથનો થાળ જમશે!"

મહારાજે ભાદરા પધારીને નિરાવરણ દષ્ટિવાળા મૂળજીની ભવિષ્યવાણી સિદ્ધ કરી હતી.

નિરાવરણ દષ્ટિ અને નિરાવરણ સ્થિતિ

ભારતનું યોગવિજ્ઞાન અદ્‌ભુત અને અજોડ છે. ભારતના મહાન સિદ્ધો અને યોગીઓની કથા વિશ્વપ્રસિદ્ધ છે. ભલભલા આધુનિક વૈજ્ઞાનિકો અને બુદ્ધિશાળીઓ ભારતીય યોગવિજ્ઞાનનો તાગ લઈ શક્યા નથી. વિજ્ઞાનની અનેક કસોટીઓ વચ્ચે યોગવિજ્ઞાન ખરું ઊતર્યું છે.

ભગવાન શંકર યોગવિદ્યાના આદિગુરુ ગણાય છે. ભગવાન પતંજલિએ રચેલાં યોગસૂત્રો યોગવિજ્ઞાનનાં આધારરૂપ સૂત્રો છે.

મહર્ષિ પતંજલિએ યોગસૂત્રોમાં આઠ પ્રકારની સિદ્ધિઓનું વર્ણન કરેલું છે. જેમાં દૂરદર્શન, દૂરશ્રવણ જેવી સિદ્ધિઓ સુવિખ્યાત છે. દૂરદર્શનને નિરાવરણ દષ્ટિ પણ કહી શકાય.

એક બીજી સિદ્ધિનું નામ છે, નિરાવરણ સ્થિતિ. સામાન્ય રીતે પંચભૂતના દેહને પંચભૂતનાં આવરણો અવરોધ કરે છે. જેમ કે, માનવદેહ દીવાલમાંથી પસાર થઈ શકતો નથી, પરંતુ જેમને નિરાવરણ સ્થિતિ પ્રાપ્ત થાય છે એવા મહાપુરુષો ગમે ત્યારે, ગમે ત્યાં, મનવેગે ગતિ કરી શકે છે. પૃથ્વી, પાણી, અગ્નિ, પવન, આકાશ વગેરે આઠ આવરણના અવરોધ એમને નડી શકતા નથી!

આજના ક્વૉન્ટમ ફિઝિક્સનું વિજ્ઞાન પણ આ સિદ્ધિઓની સત્યતા તરફ સંકેત કરે છે. આ ગ્રંથની ભૂમિકામાં આ વિષય સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ છતાં એવા ઘણા ભક્તો હતા, જેમને નિરાવરણ દષ્ટિ અને નિરાવરણ સ્થિતિ પ્રાપ્ત થઈ હતી.

આશ્ચર્ય સાથે મહત્ત્વની વાત એ છે, કે આ સિદ્ધિ એમને કોઈ પણ જાતના યોગાભ્યાસ વિના ભગવાન શ્રી સ્વામિનારાયણ કે એમના સંતોની કૃપાથી પ્રાપ્ત થઈ હતી. સંપ્રદાયમાં આ અંગેના અનેક ઉદાહરણો ઉપલબ્ધ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસમંડળમાં આવા અનેક સિદ્ધો અને યોગીઓ હતા. જેમાં સચ્ચિદાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, સંતદાસજી, અચ્યુતદાસજીસ્વામી વગેરે નામો ઉલ્લેખનીય છે.

પરમહંસો ઉપરાંત સંસારમાં રહેલા અનેક બાઈઓ-ભાઈઓને પણ વગર યોગાભ્યાસે માત્ર ને માત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી આવી સિદ્ધિઓ સુલભ થઈ હતી.

માંગરોળના ગોવર્ધનભાઈ, અગતરાઈના પર્વતભાઈ, ભાદરાના મૂળજી ભગત તથા રત્ના ભગત, અમદાવાદના ડોસા તાઈ વગેરે અનેક ભક્તોને તેમ જ કરિયાણાના મીણબાઈ, વાંકિયાના રાજબાઈ, ગઢપુરના જીવુબા તથા લાડુબા, ધોલેરાના ફુલીબા વગેરે અનેક બહેનોને પણ આવી યોગીઓ જેવી ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત થઈ હતી.

મહારાજ ગમે તેટલાં દૂર વિચરણ કરતાં હોય, તોપણ આ ભક્તોને ઘેર બેઠા મહારાજનાં દર્શન થતાં. આ ભક્તો દેશકાળના કોઈ અવરોધ સિવાય ગમે ત્યાં ગતિ કરી શકતા હતા.

પ્રકાશના સૂક્ષ્મ તરંગો અથવા આકાશને કોઈ અવરોધ ન નડે, એમ એ ભક્તોના દેહને પૃથ્વી વગેરે આઠ આવરણ નડતાં નહોતાં.

અમે રે જડભરત જોગિયા...

ભગવાન શ્રી સ્વામિનારાયણ ભાદરાથી નીકળીને શેખપાટ પધાર્યા હતા અને લાલજી સુથારના ઘરે ઊતર્યા હતા. લાલજી સુથારના પિતા રામજીભાઈ અને માતા અમૃતબાઈ સદ્‌ગુરુ રામાનંદસ્વામીના શિષ્ય હતાં. લાલજી સુથાર ઉપર નાનપણથી જ સદ્‌ગુરુ રામાનંદસ્વામીની કૃપા વરસી હતી. લાલજી સુથાર પરણેલાં હતાં. એમનાં પત્નીનું નામ કંકુબાઈ હતું. સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ લાલજીને ભગવાન શ્રી સ્વામિનારાયણની અસલી ઓળખાણ કરાવી હતી.

શેખપાટના લાલજી સુથાર અને ભાદરાના મૂળજી શર્મા બાળગોઠિયા હતા. આ બન્ને અવતારી મહાપુરુષો રાતોની રાતો સાથે બેસીને સત્સંગ કરતા.

સમય જતા મૂળજી સાધુ થયા અને 'ગુણાતીતાનંદસ્વામી' તરીકે ઓળખાયા. લાલજી સાધુ થયા અને 'નિષ્કુળાનંદસ્વામી' તરીકે ઓળખાયા.

લાલજી સુથારના પૂર્વજન્મની કથા ભારે ભવ્ય રહેલી છે. ભાગવતજીમાં ભગવાન શ્રી ઋષભદેવના પુત્ર રાજર્ષિ ભરતની કથા આવે છે. આપણાં મહાન 'ભારતવર્ષ'નું નામ રાજર્ષિ ભરતના નામ ઉપરથી પડેલું છે.

પ્રસિદ્ધ કથા પ્રમાણે ભરતજી પુલહાશ્રમમાં ઘોર તપશ્ચર્યા કરતા હતા, પરંતુ હરણબાળમાં આસક્તિ થવાને લીધે હરણીને પેટે અવતાર ધારણ કરવો પડ્યો હતો. ત્યાર બાદ ભરતજી પવિત્ર બ્રાહ્મણકુળમાં જડભરત રૂપે પ્રગટ્યા હતા.

આ રીતે અનેકભવની યાત્રા કરતાં કરતાં ભરતજીએ શેખપાટમાં લાલજી સુથાર

રૂપે જન્મ ધારણ કર્યો હતો. ગૌરીશિખરથી પ્રગટેલી ગંગાને સાગર મળે ત્યારે જ સંતોષ થાય, એ જ રીતે રાજર્ષિ ભરતની ચેતના આખરે સહજાનંદ સિંધુમાં સમાઈને કૃતાર્થ થઈ હતી. નિષ્કુળાનંદસ્વામીએ સ્વયં પોતાના કીર્તનોમાં પોતાના પૂર્વભવનો નિર્દેશ કર્યો છે.

અમે રે જડભરત જોગિયા, ઇચ્છુ નહીં વૈભોગજી ।
જગત પદારથ જીવને, રુચે નહીં જેમ રોગજી ॥
પ્રીત સહુંશું પરહરિ, કરશું કૃષ્ણભજનજી ।
મોર્યે અમારા મતમાં, મૃગે કર્યાતા વિઘનજી ॥
અમે રે જડભરત જોગીયા...

સ્વામી પોતાના એક બીજા કીર્તનમાં કહે છે :

મૈં હૂં આદિ અનાદિ આ તો સર્વે ઉપાધિ,
આગે તપસી તપસા કરતા, રહ ગઈ કિંચિત કામા ।
તે કારણ આ નરતનુ ધરિયા, સો જાનત હૈ રામા ॥
મૈં હૂં આદિ અનાદિ...'

લાલજી! અમારા ભોમિયા થાવ...

ભગવાન શ્રી સ્વામિનારાયણ રાજર્ષિ ભરતની પ્રાગટ્યભૂમિ 'શેખપાટ'માં રોજ રોજ સભાઓ ભરી ભાગવત ધર્મનો મર્મ સમજાવતા હતા.

મહારાજ જ્યારે જ્ઞાનવાર્તા કરતા, ત્યારે ભક્તજનો ચકોર જેમ ચંદ્ર સામે જુએ તેમ મહારાજની સામે જોઈ રહેતા હતા. મહારાજના મુખેથી વરસતાં વચનામૃતોનું પાન કરતાં કરતાં કેટલો સમય પસાર થયો, એનું પણ કોઈને ભાન રહેતું ન હતું. ક્યારેક તો સમી સાંજથી સત્સંગ શરૂ થાય અને સવારે કૂકડો બોલે ત્યારે સત્સંગની સમાપ્તિ થતી.

મહારાજ લાલજી સુથારની કોઢ્યમાં ગાડાના પૈડાં ઉપર બેસતા; ગાડાનું પૈડું મહારાજની અનોખી વ્યાસપીઠ હતી! લાલજી સુથાર કામ કરતા અને ગાડાના પૈડાં ઉપર બેઠેલા મહારાજ કથાવાર્તા કરતા. આમ કર્મ અને યોગનો અનેરો સંગમ રચાતો. લાલજી સુથારની વાત ન્યારી હતી. એમને મહારાજને મુખેથી કથાવાર્તા સાંભળવામાં ક્યારેય તૃપ્તિ થતી ન હતી. મહારાજ ગાડાના જે પૈડાં ઉપર બેસતા, એ પૈડું આજે પણ પ્રસાદીરૂપે સચવાયેલું છે.

શેખપાટમાં થોડા દિવસ વીત્યા. હવે મહારાજને કચ્છની ધીંગી ધરતી આકર્ષી રહી હતી.

લાલજી સુથાર કચ્છની ધરતીની ભૌગોલિક પરિસ્થિતિથી પરિચિત હતા. એમના સસરા કચ્છના આધોઈ ગામે રહેતા હતા. ઉપરાંત સદ્‌ગુરુ રામાનંદસ્વામી અવારનવાર કચ્છ-ભૂજ પધારતા હતા, તેથી લાલજી સુથાર પણ વારંવાર સ્વામીનાં દર્શન માટે રણને રસ્તેથી કચ્છમાં અવરજવર કરતા રહેતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે લાલજી સુથારને કહ્યું, “લાલજી! અમારે રણને રસ્તે કચ્છ જવું છે. તમે અમારા ભોમિયા થાઓ!”

લાલજી સુથારે હસીને કહ્યું, “હું ભોમિયો થાઉં, પણ મારી એક શરત છે!”

મહારાજે પૂછ્યું, “બોલો, શી શરત છે?”

લાલજી કહે, “શરત સાવ સીધી છે, રણમાં તમારો ભોમિયો હું થાઉં અને ભવાટવિમાં મારા ભોમિયા તમે થાઓ!” મહારાજે હસીને શરત મંજૂર રાખી.

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે લાલજી સુથારને ભોમિયા તરીકે સાથે લીધા.

લાલજીએ રસ્તામાં કામ લાગે એ માટે થોડું ભાથું લીધું, મીઠાં પાણીની ભંભલી ભરી, વાટખર્ચી માટે થોડી કોરીઓ લીધી. રસ્તામાં ચોર-લૂંટારાની બીક રહેતી, માટે લાલજીએ એ કોરીઓ પોતાનાં પગરખાંની સગતળી નીચે સંતાડી રાખી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે રસ્તામાં ન સમજાય તેવું ચરિત્ર કર્યું. આગળની વિકટ વાટની ચિંતા કર્યા સિવાય એમણે ભોજન હતું તે ભૂખ્યાને જમાડી દીધું, ભંભલીનું પાણી તરસ્યાને પીવડાવી દીધું.

આગળ જતાં વાટમાં ચોર મળ્યા. ચોરોએ વર્ણીના વેશમાં રહેલા મહારાજને તપાસ્યા, પણ કાંઈ મળ્યું નહીં. પછી લાલજી સુથારને તપાસ્યા, તો એમની પાસેથી પણ કાંઈ મળ્યું નહીં. એટલે ‘આ બાવા સાધુ પાસે કાંઈ નથી’ એમ માની ચોર ચાલતા થયા.

મહારાજે હસતાં હસતાં ચોરોને કહ્યું, “તમે શિખાઉ ચોર લાગો છો!”

ચોર બોલ્યા, “કેમ?”

મહારાજ કહે, “તમે આ સુથારના પગરખાંની સગતળી તપાસો, એણે માલ એમાં સંતાડ્યો છે!” ચોરોએ લાલજી સુથારના જોડાં કઢાવ્યાં અને સગતળી નીચે જોયું તો કોરીઓ નીકળી.

ચોર આશ્ચર્યથી વર્ણી સામે જોઈ રહ્યા. “માળો બાવો ગજબનો લાગે છે! આવી રીતે સામેથી માલ બતાવનારો તો પહેલી વાર મળ્યો!”

ચોર ગયા પછી લાલજી સુથારે ઠપકા ભરેલી નજરે વર્ણી સામે જોઈને કહ્યું, “મહારાજ! આમ માથે ઊભા રહીને લૂંટાવી દેવાય!”

હસતાં હસતાં મહારાજ કહે, “લાલજી! એ તો અમારે તમને ‘નિષ્કાંચન’ કરવા હતા.

એક બાજુ તમે અમને ભગવાન માનો અને બીજી બાજુ ભરોસો ભાતાનો, ભંભલીનો અને કોરીઓનો રાખો એ કેમ ચાલે? આ ચરિત્ર તો અમે તમને 'અનન્યાશ્રિત' કરવા માટે કર્યું છે! તમે અમને ભવાટવિના ભોમિયા માન્યા છે, માટે અમે તમને માયાના જંગલમાં ભૂલા પડવા નહીં દઈએ."

રસ્તામાં રણની ખાડી આવી. એક તો રણ, એમાં વળી સૂરજની ગરમી! લાલજી સુથારને ભારે તરસ લાગી. પ્રાણ આકુળવ્યાકુળ થવા લાગ્યા. એમણે કહ્યું, "મહારાજ! મને તરસ બહુ લાગી છે. મારાથી હવે ચલાય તેમ નથી."

મહારાજે દરિયાની ખાડી સામે આંગળી ચીંધી અને કહ્યું, "લાલજી! પાણી તો આ રહ્યું, પી લ્યો ને!"

લાલજી કહે, "મહારાજ! આ તો દરિયાની ખાડીનું ખારું પાણી, એ કેમ પીવાય?"

મહારાજ કહે, "લાલજી! ખારાં પાણીમાં પણ ક્યારેક મીઠાં વહેણ હોય, તમે પી તો જુઓ!" મહારાજના વચનમાં વિશ્વાસ રાખી લાલજી સુથારે પાણી પીધું, તો મીઠાં ટોપરાં જેવું પાણી નીકળ્યું. પેટ ભરીને પ્યાસ બુઝાવ્યા પછી વળી લાલજીને મનમાં થયું 'લાવને ભંભલી ભરી લઉં, વાટમાં કામ લાગશે.'

લાલજીને ભંભલી ભરતા જોઈ મહારાજ પાછા હસ્યા અને બોલ્યા, "લાલજી! મીઠાં વહેણ કાયમ ન હોય. એ તો આવે તેમ જાય! માટે હવે નકામો દાખડો કરો મા."

મહારાજનાં એક એક વચન ભારે મર્મથી ભરેલાં હતાં. લાલજીએ ફરીથી પાણી ચાખ્યું, તો ખારું ધૂધવાર નીકળ્યું. લાલજી સુથાર 'નિષ્કુળાનંદસ્વામી' થયા પછી પોતે રચેલા 'ભક્તચિંતામણિ' ગ્રંથમાં આ પ્રસંગની નોંધ લીધેલી છે.

કુળ રે તજી નિષ્કુળ થયા

આમ રણની વાટ વીતાવી મહારાજ કચ્છના અધોઈ ગામે આવ્યા. ગામના પાદરમાં ઉતારા કર્યા.

મહારાજે લાલજી સુથારને કહ્યું, "લાલજી! અમને ભારે ભૂખ લાગી છે, તમે ગામમાંથી ભિક્ષા માગી લાવો."

લાલજી કહે, "મહારાજ! આ તો મારા સસરાનું ગામ છે. અહીં તો બધાં મને ઓળખે. એમાંય મારાં ઘરવાળાં હમણાં અહીં છે. માટે આ ગામમાં મારાથી ભીખ માગવા કેમ જવાય?"

મહારાજ હસીને કહે, "ઓહો લાલજી એમ છે? તો તો હવે તમારા સસરાના ઘરેથી જ, તમારાં ઘરવાળાનાં હાથની જ ભિક્ષા લઈ આવો તો તમે ખરા!"

લાલજી કહે, "મહારાજ! એમાં મારો ભારોભાર ફજેતો થશે!"

મહારાજ કહે, "લ્યો! અમે તમને કોઈ ન ઓળખે એવા કરી દઈએ." આટલું કહી મહારાજે હસતાં હસતાં લાલજીના માથા ઉપર બાંધેલા ફાળિયાની અલફી કરી લાલજીને પહેરાવી દીધી! લોખંડનું કડું અને ચકમકની કાંકરીથી રૂની વાટ સળગાવી, લાલજીના *દાઢી* મૂછના થોભિયાને ધીરે ધીરે બાળી દીધા અને કહ્યું, "લ્યો હવે જાઓ અને કરો રાજા ભરથરીના જેવું!"

મહારાજનાં વચને લોકલાજનો ત્યાગ કરી લાલજીએ સસરાને આંગણે ભિક્ષુકની જેમ ઊભા રહી સાદ દીધો 'ભિક્ષાં દેહિ ભગવતી.'

ભિક્ષાનો પણ પરિચિત સાદ સાંભળતાં, આશ્ચર્ય પામતા લાલજી સુથારનાં ઘરવાળાં લોટનું છાલિયું ભરી ઘરની બહાર નીકળ્યાં. અલફીના અલગારી વેશમાં પણ સતી નારી પોતાના પતિને ઓળખી ગઈ. પતિને બાવા-સાધુના વેશમાં જોઈ એના હૈયાને ભારે આઘાત લાગ્યો. એના હાથમાંથી લોટનું છાલિયું નીચે પડી ગયું. એણે માને સાદ દીધો, "મા! જોતો ખરી આ બાવો કોણ છે?"

જમાઈને બાવાસાધુના વેશમાં જોતાં જ સાસુ તો ગાંડા ચોમાસાની જેમ વરસી પડ્યાં. "આવું કરતાં તમને લાજ શરમ ન આવી?"

આસપાસનાં આડોશી-પાડોશી એકઠાં થઈ ગયાં. સાસુના મુખેથી મે'ણાંનો માર ખાતાં ખાતાં લાલજી પર્વતની જેમ અચળ ઊભા રહ્યા.

સાસુ થોડા ધીરા પડ્યા એટલે લાલજી બોલ્યા, "મારા ઈષ્ટદેવની આજ્ઞા છે, થોડી ભિક્ષા આપો. ભિક્ષા લીધા સિવાય મારાથી આ આંગણું છોડી શકાય એમ નથી. તમારે આંગણે આવેલા અભ્યાગતને બહુ ખોટી ન કરવા જોઈએ."

જમાઈરાજના અનાસક્ત હૈયાના ઠંડા શબ્દો સાસુના હૈયામાં તીરની જેમ વાગી રહ્યા હતા, પરંતુ લાલજી સુથારનાં પત્ની પતિના વૈરાગી હૈયાને સારી પેઠે સમજતા હતા.

આખરે એમણે કહ્યું, "મા! આંગણે આવેલા અભ્યાગતનો મનોરથ પૂરવો આપણી ફરજ છે; એમને આપણાથી ધરમસંકટમાં ન નખાય; મારું જે થવું હોય તે થઈ રહેશે." આટલું કહી એ સતી સ્રીએ ભિક્ષાનું તૈયાર અન્ન પતિની ઝોળીમાં પધરાવ્યું.

ભિક્ષા લઈ લાલજી પાછા ફર્યા. મહારાજે લાલજીને બાથમાં લીધા અને કહ્યું, "લાલજી! તમે તો માયા જીતીને આવ્યા. ધન્ય છે તમને, તમારાં માતા-પિતાને અને વિશેષ ધન્ય તો છે તમારાં ઘરવાળાંને! આ તો તમારી કસોટી હતી, તેમાં તમે ઉત્તીર્ણ થયા. માટે હવે અલફી ઉતારી નાખો અને પાછા હતા એવા થઈ જાઓ."

લાલજી કહે, "મહારાજ! હાથીએ બેસાડ્યા પછી હવે ગધેડે શા માટે બેસાડો છો?

હવે તો કાયમ માટે મને સાધુ બનાવી તમારે શરણે રાખો.”

લાલાજીની વિતરાગી વાણી સાંભળી મહારાજે કહ્યું, “લાલજી! તમે સાંસારિક કુળના બંધનો છોડીને નિષ્કુળ થયા છો, માટે અમે તમારું નામ ‘નિષ્કુળાનંદસ્વામી’ રાખીએ છીએ.”

સ્વામી પોતાનાં કીર્તનોમાં કહે છે, ‘કુળ રે તજી નિષ્કુળ થયા, એનું કુળ અવિનાશજી....’

હિમાલયની ગંગા સાગરમાં સમાય તેમ રાજર્ષિ ભરતની જુગ જુગથી વહેતી જીવનધારા સહજાનંદ સિંધુમાં સમાઈ ગઈ!

સ્વામી! તમે કાવ્યો રચો

ભગવાન શ્રી સ્વામિનારાયણે નિષ્કુળાનંદસ્વામીને આજ્ઞા કરી, “સ્વામી! તમે હવે કાવ્યો રચો.”

સ્વામી કહે, “મહારાજ! અમે તો પૂર્વાશ્રમમાં જ્ઞાતિએ સુથાર. મજાકમાં લોકો અમને ‘સાજાફાડ’ કહે. મેં કાળાં અક્ષરને કૂહાડે માર્યા છે. મને કાવ્ય કેમ આવડે?”

મહારાજે સ્વામીના માથા ઉપર હાથ મેલીને કહ્યું, “સ્વામી! જાઓ આજથી તમને કાવ્ય સ્ફૂરશે. તમે લીટો કરશો એ અક્ષરો થશે અને બોલશો તે કવિતા થશે.”

અડ્યો હાથ માથે અજબ જાદુગરનો, ખૂલી બંદ બારી ખૂલ્યાં બંધ દ્વારો...
હટ્યા સર્વ પરદા ક્ષિતિજોના સાહિલ, ગજબ કો નજારો નિહાળું છું યારો...

મહાન જાદુગરનો હાથ અડે અને અજાયબ સૃષ્ટિનું સર્જન થાય, તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણના કામણગારા હસ્તસ્પર્શે લાકડાં ઘડનારા સુથારમાંથી શ્રેષ્ઠ કવિનો પ્રાદુર્ભાવ થયો.

આશ્ચર્ય ગણો તો આશ્ચર્ય, ચમત્કાર ગણો તો ચમત્કાર; મહારાજના આશીર્વાદથી પાતાળમાંથી અમૃતનો ઝરો ફૂટે તેમ સ્વામીના અંતરમાંથી કાવ્યોની સરિતા ફૂટી. એકતાલીસ વર્ષ સુધી જેણે લાકડાંની કોતરણી કરી, એ હવે શબ્દોની કોતરણીથી અદ્‌ભુત કાવ્યોની રચના કરવા લાગ્યા.

સ્વામીએ સર્વ પ્રથમ યમદંડ નામનો ગ્રંથ લખ્યો. ત્યાર બાદ બીજા કેટલાંય નાના-મોટા ગ્રંથોની રચના કરી.

આ અભણ છતાં અનુભવી સંતે આશરે બે હજાર પદો ઉપરાંત આશરે ૨૩ જેટલા ગ્રંથો રચ્યાં છે. જેમાં ભક્તચિંતામણિ શિરમોડ છે.

રામાયણમાં જેમ રામચરિત્રો છે, એ જ રીતે ભક્તચિંતામણિ ભગવાન શ્રી

સ્વામિનારાયણનાં લીલાચરિત્રોથી ભરપૂર ગ્રંથ છે.

આ ગ્રંથનો પાઠ ભક્તોના મનોરથ પૂર્ણ કરનારો હોવાથી એનું 'ભક્તચિંતામણિ' નામ સાર્થક છે.

સ્વામીએ રચેલા વીસ ગ્રંથોનું એક સાથે દળદાર પુસ્તકમાં પ્રકાશન થયેલ છે, જે 'નિષ્કુળાનંદકાવ્ય' અથવા તો 'વીસ ગ્રન્થ' નામે પ્રસિદ્ધ છે. સંપ્રદાયના મંદિરોમાં નિષ્કુળાનંદકાવ્યની નિયમિત કથાઓ થાય છે.

બુદ્ધિપ્રકાશમાં કવિશ્રી દલપતરામ નોંધે છે, 'આ કવિને ચોમાસામાં રોજ ચાર નવાં પદોની રચના કરવી, પછી જ અનાજ જમવું એવો નિયમ હતો.

સ્વામીએ રચેલું 'ત્યાગ ન ટકે રે વૈરાગ વિના' પદ તો જગપ્રસિદ્ધ છે.

પરણ્યાનું પાનેતર ગીરવે મૂક્યું

એક વાર કચ્છ તરફ પધારી રહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ આધોઈથી નીકળીને કંથકોટ પધાર્યા હતા.

કંથકોટના દરબાર સંગ્રામસિંહજી ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત હતા. એમના સુપુત્રી રામબાઈ તો ભૂજના જેવા લાધીબાઈ અને માતાજી હતા, એવા જ મહાન મુક્તરાજ હતા.

આ જ કંથકોટ ગામમાં એક ગરીબ સુદામા જેવા ભક્ત રહેતા હતા. નામ કચરાભગત હતું. જ્ઞાતિએ લુહાણા હતા. એમનાં પત્ની પણ મહાન ભક્તરાજ હતાં.

કચરાભગત થોડું ઘણું શાકબકાલું વેચીને માંડ માંડ ગુજરાન ચલાવતાં હતાં. ઘરમાં ગરીબાઈ આંટો લઈ ગઈ હતી.

ઘરવખરીની રીતે જોઈએ તો કચરાભગતના ઘરમાં 'રાંદેલમા રાસડા લે' તેવી પરિસ્થિતિ હતી અર્થાત્ ઘરમાં સામગ્રી શૂન્યવત્ હતી.

કચરાભગત પાસે બહારની મૂડી ભલે ઓછી હતી, પરંતુ એમની ભક્તિની મૂડી ભગવાનને વશ કરી લે તેવી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે દરબાર શ્રી સંગ્રામસિંહજીના ભવનમાં ઉતારા કર્યા હતા. રોજ સભાઓ અને જ્ઞાનવાર્તાઓ થતી હતી.

કંથકોટના હોંશીલા ભક્તજનો રોજ નવાં નવાં ઘરે થાળ-રસોઈ રાખતાં હતાં અને મહારાજ તથા ભક્તોને જમાડવાનો લાભ લેતા હતા.

કચરાભગત અને એમનાં પત્નીને થતું હતું કે આપણે પણ મહારાજ અને સંતો-ભક્તોને જમાડીએ. પરંતુ ઘરમાં ગરીબાઈ એટલી બધી હતી કે સીધું-સામગ્રી ક્યાંથી

લાવવું? એ પ્રશ્ન હતો.

કચરાભગતનાં પત્નીએ માર્ગ કાઢ્યો. એમણે કચરાભગતને કહ્યું, "આપણાં લગન થયાં ત્યારથી મારું પરણ્યાનું પાનેતર આ પતરાની પેટીમાં પડ્યું છે, એને ગીરવે મૂકો અને મોદીખાનેથી સીધું લઈ આવો. પ્રગટ ભગવાનને જમાડવાનો મનોરથ આપણે કોઈ પણ રીતે પૂર્ણ કરવો છે."

સ્રીઓને પોતાનું પરણ્યાનું પાનેતર પ્રાણથી પણ પ્રિય હોય છે, પરંતુ એમની ભક્તિ અનેરી હતી. એણે કોઈ જાતના સંકોચ વગર પોતાનું પાનેતર ગીરવે મુકાવ્યું અને એમાંથી સીધા-સામગ્રીની વ્યવસ્થા થઈ. કચરાભગતે મહારાજને ભાવથી નિમંત્રણ દીધું.

ભક્તોના ભાવ પૂરા કરવા એ ભગવાનનો સ્વભાવ છે, પરંતુ મહારાજ કચરા ભગતની ગરીબ પરિસ્થિતિને જાણતા હતા. એટલે એમણે કચરાભગતને કહ્યું, "ભગત! અમે તમારે ત્યાં જમવા તો આવીશું, પરંતુ રસોઈ સાવ સાદી રાખજો."

કચરા ભગતે હસતાં હસતાં કહ્યું, "મહારાજ! જેવી પરિસ્થિતિ હશે તેવું થઈ રહેશે."

ભગતના ઘરવાળાએ મૂળજી બ્રહ્મચારી પાસે હોંશે હોંશે થાળ કરાવ્યો, ભાતભાતની રસોઈ કરાવી.

મહારાજ સંતો-ભક્તો સાથે જમવા પધાર્યા. ગરીબનવાઝ મહારાજ જમી રહ્યા હતાં, પરંતુ એમનું દિલ ભારે ડંખતું હતું. અંતર્યામી મહારાજને ખબર હતી કે આ દંપતીએ પરણ્યાનું પાનેતર ગીરવે મૂકીને રસોઈ કરાવી છે.

મહારાજે મીઠો ઠપકો પણ દીધો, "ભગત! ના પાડી હતી તોય આવી ભારે રસોઈ શા માટે કરાવી?"

કચરાભગત અને એમનાં પત્નીની આંખમાં આંસુ આવ્યાં અને બોલ્યા, "મહારાજ! અમારી જિંદગીમાં આવો અવસર ફરીથી ક્યારે આવે?"

આ પ્રેમી દંપતીનો ભાવ જોઈ મહારાજનું હૃદય કરુણાથી ઉભરાવા લાગ્યું. મહારાજે મનોમન આ સુદામાની ગરીબાઈને ટાળવાનો સંકલ્પ કરી લીધો.

આ વાતને ત્રણ ત્રણ વર્ષના વહાણાં વહી ગયાં. એક વાર વિચરણ કરતાં કરતાં મહારાજ ફરીથી કંથકોટ પધાર્યા હતા. સંગ્રામસિંહજીના દરબારગઢમાં સભા ભરાઈ હતી. કંથકોટનો ભક્તસમુદાય મહારાજના મુખેથી જ્ઞાનવાર્તા સાંભળવા માટે એકઠો થયો હતો.

સંગ્રામસિંહજીના સુપુત્રી રામબાઈને અંતરમાં ભારે હોંશ હતી કે 'મારે ભારે ભારે વસ્ર-આભૂષણથી મહારાજની પૂજા કરવી.' એમણે અગાઉથી વસ્ર-અલંકારો તૈયાર કરાવી રાખ્યાં હતાં.

અવસર જોઈને બહેનોની સભામાં બેઠેલા રામબાઈ બોલ્યા, "મહારાજ! મારે તમારી પૂજા કરવી છે. મારા વતી બાપુ આપની પૂજા કરશે."

રામબાઈના કહેવાથી દરબાર સંગ્રામસિંહજી પૂજાની છાબ લઈને ઊભા થયા. છાબમાં વસ્ત્રો હતાં અને વચમાં નંગજડિત સુવર્ણનાં અલંકારોનો ડાબલો હતો.

બન્યું એવું કે સંગ્રામસિંહજીએ જેવી છાબ હાથમાં લીધી કે એ જ વખતે એમનાં અંતરમાં અહંકારનાં અંકુર ફૂટ્યાં. દરબારના મનમાં થયું, 'આજે હું ભારે ભારે વસ્ત્ર-અલંકારોથી મહારાજની એવી પૂજા કરું કે, કંથકોટના લોકો જોઈ રહે! સત્સંગમાં મારી વાહ વાહ થઈ જાય! મહારાજને પણ થાય કે ભારે ભેટ અર્પણ કરી!'

ભગવાનને બધું જ ગમે છે, પણ અહંકાર ગમતો નથી. જેમ કેસર-એલચી નાખેલાં કઢિયલ દૂધમાં વિષ પડે અને દૂધ પીવાલાયક ન રહે એમ અહંકારને લીધે ભક્તિ વિષમય બની જાય છે.

ભક્તવત્સલ ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના ભક્તજનોની અંતરની કચાશને ટાળવા માટે સહેજ પણ ક્યારેય કસર રાખતા ન હતા અને કોઈ જાતની માન-મહોબત રાખ્યા સિવાય જેને જે કહેવું ઘટે, તે તત્કાળ કહેતા હતા.

દરબાર સંગ્રામસિંહજી મહારાજની નજીક આવ્યા. એ સમયે બાજુમાં કીડીઓની હાર હાલી જતી હતી. મહારાજે મર્મમાં દરબારને પૂછ્યું, "દરબાર! આ કીડીઓની હાર હાલી જાય છે, એમાં રાજા કોણ અને દીવાન કોણ?"

દરબારે કહ્યું, "મહારાજ! આવી નાની કીડીઓમાં રાજા કોણ અને દીવાન કોણ, એની કેમ ખબર પડે?"

મહારાજે કહ્યું, "દરબાર! તો સાંભળો. અમે જ્યારે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની દૃષ્ટિએ નિહાળીએ છીએ ત્યારે અમને અનંત કોટિ બ્રહ્માંડ રજકણ જેવા લાગે છે! અનંત બ્રહ્માંડના અનંત ઈશ્વરો હાથી પાસે કીડી જેવા લાગે છે! પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના દિવ્ય વૈભવની પાસે અમને અનંત ભુવનની સમૃદ્ધિ તણખલાં જેવી લાગે છે. તો આ તમારાં વસ્ત્ર અલંકારોની તો શી ગણતરી?"

અંતર્યામી મહારાજની ટકોરથી સંગ્રામસિંહજી સાવધાન થઈ ગયા. પોતાનાં અંતરમાં ઊઠેલો અપરાધ ઓળખાઈ ગયો અને બોલ્યા, "મહારાજ! માફ કરજો, મારી ભૂલ થઈ."

સભામાં બેઠેલા ભક્તો શું સંવાદ ચાલે છે? એ સમજી નહોતા શક્યા, પણ જેને સમજવાનું હતું તેને અવશ્ય સમજાઈ ગયું હતું.

સંગ્રામસિંહજી પૂજાનો આરંભ કરે એ પહેલા વળી મહારાજ બોલ્યા, "દરબાર! તમે આ વસ્ત્ર-અલંકારો અમને અર્પણ કરો પછી એ અમારાં કે તમારાં?"

દરબાર બોલ્યા, "મહારાજ! અર્પણ કરી દીધાં પછી તો એ આપનાં જ કહેવાયને!"

મહારાજે કહ્યું, "દરબાર! અમે આ વસ્ત્ર-અલંકારો ગમે તેને ભેટમાં દઈ દઈએ, તો તમે વાંધો નહીં લ્યો ને?"

દરબાર કાંઈ જવાબ આપે એ પહેલાં બાઈઓની સભામાં બેઠેલા રામબાઈ બોલ્યા, "મહારાજ! અમારે તો આપને રાજી કરવા છે. આ વસ્ત્ર-અલંકારો પણ આપનાં જ આપેલાં છે, આપને પાછાં અર્પણ કરીએ છીએ. આપને જેમ કરવું હોય તેમ કરજો."

રામબાઈની સમજણ ભલભલા જ્ઞાની પુરુષોને પણ આંટી જાય તેવી હતી. મહારાજ શા માટે આવા પ્રશ્ન કરી રહ્યા છે? એ કોઈના કળ્યામાં આવતું ન હતું!

પ્રેમાધીન પરમાત્માએ દરબાર સંગ્રામસિંહજીએ અર્પણ કરેલાં વસ્ત્ર-અલંકારો ધારણ કર્યાં. પૂજન પૂરું થયું એટલે મહારાજ ઊભા થયા, પૂરી સભાની પ્રદક્ષિણા કરી, જ્યાં કચરાભગત બેઠા હતા ત્યાં પધાર્યા.

કરુણાસિંધુ મહારાજે કચરાભગતને કહ્યું, "ભગત! તમારી પછેડી પહોળી કરો, અમારે તમને પ્રસાદી દેવી છે!"

મહારાજ શું પ્રસાદી આપવાના છે? એ કચરાભગતને ખબર ન હતી. એમણે તો ભોળાભાવે પછેડી પહોળી કરી. મહારાજે એ જ સમયે સર્વ અલંકારો ઉતારી કચરા ભગતની પછેડીમાં ઠાલવી દીધાં.

કચરાભગત બોલ્યા, "હાં હાં મહારાજ! આ શું કરો છો?"

મહારાજે કહ્યું, "ભગત! આ પ્રસાદી છે. ન લ્યો તો તમને અમારાં સમ છે."

મહારાજે કચરાભગતને પોતાનાં સોગંદ દઈને બાંધી લીધા.

મહારાજ બોલ્યા, "ભગત! જાઓ, પરણ્યાનું પાનેતર ગીરવે મૂક્યું છે તે છોડાવો. અમારાં ભગતને અમારા થાળ કરવા માટે પાનેતર ગીરવે મૂકવા પડે, તો અમારું ભગવાનપણું લાજે! અમારા હરિભક્તો અન્ન, ધન, વસ્ત્રથી ગરીબ રહે એ અમને મંજૂર નથી!"

ભક્તવત્સલ ભગવાન શ્રી સ્વામિનારાયણની વાત સાંભળીને સારીએ સભા આશ્ચર્યના સાગરમાં ગરકાવ થઈ ગઈ હતી! ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ગરીબ સુદામાનું દારિદ્રય કાયમ માટે ટાળી દીધું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું અવતરણ ભક્તજનોની આંતર-બાહ્ય બેય પ્રકારની ગરીબાઈને ટાળવા માટે હતું.

ભૂજમાં ભાગવત ધર્મનું વાવેતર

ભગવાન શ્રી સ્વામિનારાયણ કચ્છની ધરાને પાવન કરી રહ્યા હતા. સૌરાષ્ટ્રની ભાતીગળ ધરતીમાં કચ્છ પોતાની આગવી ભાત ધરાવે છે.

ખારાં રણ અને દરિયાઈ ખાડીથી ઘેરાયેલો કચ્છ સૌરાષ્ટ્રના અન્ય પ્રદેશોથી વિખૂટો પડેલો છે; પરિણામે કચ્છમાં એક આગવી સંસ્કૃતિ વિકસેલી છે.

કુદરતી આપદાઓના ખપેડા ખાઈને અહીંના લોકો ખડતલ થયેલા છે. પથરાળ ધરતીના પેટાળમાં પાણી ઓછાં હશે, પરંતુ અહીંના માણસો ભારે પાણીદાર રહ્યા છે. બહારની સમૃદ્ધિ કદાચ ઓછી હશે, પણ લોકોના અંતરની અમીરાત દેવતાઓને પણ શરમાવે તેવી રહી છે.

એક સમય એવો હતો કે તાંબાના પતરા ઉપર લખેલા દસ્તાવેજમાં કદાચ ફેરફાર થાય, પણ કચ્છીમાડુઓની જબાનના બોલ ક્યારેય ફરતા નહોતા! દાતારી, ખુમારી, ભલાં-ભોળાં દિલ અને પરસ્પરનો વિશ્વાસ કચ્છીમાડુઓની વિશિષ્ટતા ગણી શકાય. કચ્છીમાડુઓનો માતૃભૂમિ પ્રત્યેનો પ્રેમ આજે પણ એટલો જ અજોડ છે.

મુસલમાની આક્રમણો વચ્ચે પણ કચ્છીમાડુઓએ પોતાના બાપદાદાઓનો ધર્મ ભારે શૂરવીરતાથી જાળવી જાણ્યો હતો. કચ્છીમાડુઓમાં શ્રદ્ધા કે અંધશ્રદ્ધા હાડોહાડ વણાયેલી હતી. સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ આ શ્રદ્ધાને સાચી દિશા આપી હતી અને ધર્મનો સાચો રાહ બતાવ્યો હતો.

રામાનંદસ્વામીના મહાન શિષ્ય સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ સર્વ પ્રથમ કચ્છમાં ઉદ્ધવ સંપ્રદાયનાં બીજ રોપ્યાં હતાં.

રામાનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીને ભૂજની 'શ્રી લખપત પાઠશાળા'માં વ્રજભાષાનો અભ્યાસ કરવા મોકલ્યા હતા.

મુક્તાનંદસ્વામી ભૂજમાં રઘુનાથજીના મંદિર પાસેની રામવાડીમાં ઊતર્યા હતા. રામવાડીની દેખરેખ રાખનાર સાધુએ એમને ત્યાં વધારે સમય રહેવા દીધા નહીં.

અજાણ્યું શહેર હતું. ક્યાં ઊતરવું? એ પ્રશ્ન હતો. ભિક્ષા માગીને નિર્વાહ કરવાનો હતો. આ બધી અગવડતા વેઠીને પણ અભ્યાસ ચાલુ રાખવાનો હતો.

અગવડતા વેઠવી એ તો સંતોનો સ્વભાવ હોય છે. અનેક અગવડતાઓ વચ્ચે પણ મુક્તાનંદસ્વામી આનંદથી પોતાનું કાર્ય કર્યે જતા હતા. માત્ર અભ્યાસ કરવો એ જ મુક્તાનંદસ્વામીનું કાર્ય નહોતું; આ કચ્છની ધીંગી ધરામાં ભાગવતધર્મનાં બીજોનું વાવેતર કરવાનું કામ પણ ગુરુદેવે એમને સોંપ્યું હતું.

ભૂજના દીવાન સુંદરજી સુથારના માતુશ્રી રૂપાબાઈને આ સરળ, શાંત અને

સાધુતાની મૂર્તિ મુક્તાનંદસ્વામીનો ભારે ગુણ આવ્યો હતો.

સાધુઓને ઊતરવાની અગવડતા છે એ જાણીને રૂપાબાઈએ પોતાના દીકરા સુંદરજીને કહ્યું, "બેટા! આ સંતો ખૂબ સારા છે. એમના ગુરુની આજ્ઞાથી અહીં ભણવા આવ્યા છે. તું એમના માટે ઊતરવાની સગવડતા કરી દે."

માની આજ્ઞાથી સુંદરજી સુથારે એક અવાવરું વંડીબંધ ઓરડીમાં સંતોને ઊતરવાની વ્યવસ્થા કરી. એ સમયે એ ઓરડી સારાએ ભૂજમાં 'ભૂતિયાવાસ' તરીકે પ્રસિદ્ધ હતી.

'સંતો ભૂતિયાવાસમાં ઊતર્યા છે' એ સાંભળીને લોકોમાં ભારે દહેશત ફેલાણી કે 'આ સાધુઓનું શું થશે?' પરંતુ બીજે દિવસે સંતોને સાજા-નરવા અને આનંદમાં જોઈ લોકો ભારે આશ્ચર્ય અનુભવવા લાગ્યા.

મુક્તાનંદસ્વામીએ ઓરડીના ભૂતોનો ઉદ્ધાર કર્યો હતો એટલું જ નહીં, એમણે લોકોના મનમાં રહેલા શંકાના ભૂતોને પણ કાઢી મેલ્યા હતા.

જીવન અને મરણ પરમાત્માના હાથમાં છે. સર્વ શક્તિમાન પરમાત્માને શરણે રહેનારને ભૂત-પ્રેતનો ડર રાખવાનો ન હોય!

ધીરે ધીરે ભૂજ નિવાસીઓનાં અંતરમાં સંતો પ્રત્યે ભારે આદર પેદા થયો. સુંદરજી સુથાર, હિરજી સુથાર, ગંગારામ મલ્લ વગેરે ભાવિક ભક્તજનો મુક્તાનંદસ્વામીનો સમાગમ કરવા લાગ્યા.

સર્વના અંતરને સ્વામીની સાધુતા અને સરળ જ્ઞાનવાતો સ્પર્શી ગઈ. ભક્તોને મનમાં થયું 'મુક્તાનંદસ્વામી આટલા મહાન છે, તો એમના ગુરુ કેટલા મહાન હશે?'

આખરે બધાયે આગ્રહ કરીને સદ્‌ગુરુ રામાનંદસ્વામીને ભૂજ તેડાવ્યા. ઉદ્ધવાવતાર રામાનંદસ્વામીના આગમનથી ભૂજમાં બ્રાહ્મણ, સુથાર, મલ્લ, ઠક્કર, સોની, કાયસ્થ વગેરે વિવિધ જ્ઞાતિઓમાં ખૂબ સારો સત્સંગ ફેલાયો.

સુંદરજી સુથાર, હિરજી સુથાર, ગંગારામ મલ્લ, વિસનગરા સુરજબાઈ, સાંખ્યયોગી લાધીબાઈ વગેરે ભક્તજનો એમાં મુખ્ય હતાં. ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉત્તમ એકાંતિક ભક્તોમાં એમની ગણના થતી હતી.

આ રીતે મુક્તાનંદસ્વામીએ ભૂજમાં સદ્‌ગુરુ રામાનંદસ્વામી માટે ભૂમિકા તૈયાર કરી તો સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ 'હું તો ડુગડુગીનો વગાડનારો છું, ખરા ખેલના ભજવનારા તો હવે આવશે' એવી ઘોષણા કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે ભૂમિકા તૈયાર કરી.

ભૂજમાં વિરાજમાન સદ્‌ગુરુ રામાનંદસ્વામીને નીલકંઠવર્ણીનો લોજથી લખેલો ઐતિહાસિક પત્ર મળ્યો, ત્યારે સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ જાહેર કર્યું હતું કે 'અમે જેની રાહ જોતા હતા, એ ખરો નટવર હવે આવી પહોંચ્યો છે.'

સદ્‌ગુરુ રામાનંદસ્વામીના અંતર્ધાન થયા બાદ ઉનાળામાં તરસી ધરતી વરસાદની રાહ જુએ, એ જ રીતે કચ્છના સત્સંગીઓ 'ખરા ખેલનો ભજવનારો' ક્યારે કચ્છ પધારે? એની રાહ જોઈ રહ્યા હતા અને એ અષાઢીમેઘની સવારી હવે આવી પહોંચી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આગમનથી ભૂજના ભક્તજનોના અંતરના આનંદના મહાસાગરે માઝા મેલી હતી. રોજ રોજ સભાઓ થતી હતી. મહારાજ સ્વયં જ્ઞાનવાર્તાઓ કરી, ભક્તજનોનાં હૈયામાં ભાગવતધર્મનાં મૂળ મજબૂત કરી રહ્યાં હતાં.

મહારાજનો અલૌકિક પ્રભાવ જોઈને અનેક લોકોએ એમનો આશ્રય કરી પંચવર્તમાનના નિયમો ધાર્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણની કીર્તિની સુગંધ કચ્છમાં સર્વત્ર પ્રસરી રહી હતી.

હિંસામય યજ્ઞનો વિરોધ

ભગવાન શ્રી સ્વામિનારાયણ ભૂજ પધાર્યા, એ અરસામાં ભૂજના જગજીવન મહેતાએ બહુ મોટો હિંસામય યજ્ઞ માંડ્યો હતો.

જગજીવન મહેતા રાજ્યનો આગેવાન કારભારી હતો અને માથાભારે માણસ હતો. આરબ સૈનિકોની બેરક એની તહેનાતમાં રહેતી. શક્તિપંથીઓમાં તે અગ્રણી ગણાતો. એણે આ હિંસામય યજ્ઞનું વિશાળ પાયા ઉપર આયોજન કર્યું હતું. ભારતભરમાંથી પોતાના જેવા જ શક્તિપંથી બ્રાહ્મણોને એકઠા કર્યાં હતા.

તત્કાલીન ભારતમાં શક્તિપંથી તેમ જ વામાચારીઓનો જબરો પ્રભાવ હતો. ઠેકાણે ઠેકાણે દેવી-દેવતાઓને પ્રસન્ન કરવાના નિમિત્તે પશુ-પંખીઓનાં બલિદાન અપાતાં. ધાર્મિક અંધશ્રદ્ધાને લીધે નરબલિ આપવાના પણ રિવાજો હતા.

રાગપ્રધાન ક્ષત્રિયો અને બ્રાહ્મણો પોતાનાં સારા-નરસા મનોરથોને પૂર્ણ કરવા માટે હિંસાપ્રધાન યજ્ઞો કરતા અને કરાવતા. નવરાત્રિના દિવસોમાં માતાજી પાસે હજારો નિર્દોષ ઘેટાં-બકરાંઓનાં બલિદાન અપાતાં. ધર્મના નામે માંસભક્ષણ અને સુરાપાન છૂટથી થતાં. જગજીવન મહેતાએ આવો જ એક હિંસામય યજ્ઞ માંડ્યો હતો.

એણે ભગવાન શ્રી સ્વામિનારાયણને મહાપુરુષ જાણીને યજ્ઞમાં નિમંત્ર્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ યજ્ઞમાં પધાર્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણને કોઈ જાતની હિંસા પસંદ ન હતી. એમણે પોતાના આશ્રિતોને આદેશ આપ્યો હતો કે, 'સ્રી, ધન અને રાજ્યની પ્રાપ્તિ માટે ક્યારેય મનુષ્યની હિંસા કરવી નહિ.'

'યજ્ઞયાગાદિકને નામે પણ ક્યારેય જીવ-પ્રાણીમાત્રની હિંસા ન કરવી.'

'દેવી-દેવતાઓને દારૂ તથા પશુ-પંખીઓનાં બલિદાન દેવાં નહીં.'

'જે દેવી-દેવતાઓ સમક્ષ દારૂ-માંસનાં નૈવેદ્ય થતાં હોય, એવાં દેવતાઓનો પ્રસાદ પણ ન લેવો.'

તથાગત બુદ્ધ તથા ભગવાન શ્રી સ્વામિનારાયણનાં જીવનમાં હિંસામય યજ્ઞ પ્રત્યે લગભગ એકસરખો અભિગમ જોવા મળે છે.

પ્રસિદ્ધ ઇતિહાસ પ્રમાણે એક વાર મગધના મહારાજ બિંબિસાર યજ્ઞ કરી રહ્યા હતા. યજ્ઞમાં હોમવા માટે એણે સેંકડો ઘેટાં બકરાં 'યજ્ઞપશુ' તરીકે એકઠાં કર્યાં હતાં.

તથાગત બુદ્ધ જ્યારે યજ્ઞમાં પધાર્યા, ત્યારે આ પશુઓનાં ચિત્કાર સાંભળી, એમનું હૃદય કરુણાથી દ્રવી ઊઠ્યું હતું. એમણે મહારાજ બિંબિસારને સમજાવી આવી હિંસામય યજ્ઞ-પરંપરાઓ બંધ કરાવી હતી.

યોગાનુયોગ ભૂજ પધારેલા ભગવાન શ્રી સ્વામિનારાયણનાં જીવનમાં પણ લગભગ આવી જ ઘટના આકાર લઈ રહી હતી.

જગજીવન મહેતાએ યજ્ઞમાં હોમવા માટે અનેક ઘેટાં-બકરાં એકઠાં કર્યાં હતાં. આ યજ્ઞપશુઓનો ચિત્કાર કરુણાના સાગર ભગવાન શ્રી સ્વામિનારાયણથી સહન ન થયો.

એમણે વેદોની શ્રુતિઓના અનેક પ્રમાણ સાથે જગજીવન મહેતાને સમજાવવા પ્રયાસ કર્યો હતો, પરંતુ મદોન્મત્ત જગજીવન મહેતાએ ભગવાન શ્રી સ્વામિનારાયણની વાત માની નહિ.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ધર્મજ્ઞ પુરુષોના વચનોને યાદ કર્યાં, "જ્યાં અધર્મ થતો હોય ત્યાં ડાહ્યા માણસોએ જવું નહિ; સંજોગવશાત્ જઈ ચઢ્યા હોય, તો અધર્મને રોકવા પ્રયાસ કરવો; જો અધર્મને રોકે નહીં, મો'બતથી મૌન બેસી રહે અથવા ખુશામતથી હા એ હા કરે તો એનું પાપ એને પણ લાગે છે. જો એવું જણાય કે અહીં કોઈ માને એમ નથી તો ત્યાંથી ચાલી નીકળવું, પણ બેસી ન રહેવું."

આમ વિચારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પાપમય યજ્ઞભૂમિનો ત્યાગ કર્યો અને જતાં જતાં જગજીવન મહેતાને કહ્યું કે, "મહેતા! દેવતાઓને હિંસા પ્રિય નથી. દેવતાઓને નામે તમે નિર્દોષ પશુઓને મારીને જે પાપ કરી રહ્યાં છો, તે તમારે અવશ્ય ભોગવવું પડશે." ભગવાન શ્રી સ્વામિનારાયણે દૃઢ નિર્ધાર કર્યો કે, 'વૈદિક ધર્મમાં પેઠેલી આ વિકૃતિઓને દૂર કરવી અને શુદ્ધ વૈદિક અહિંસામય યજ્ઞોનું પ્રવર્તન કરવું.'

સમય જતાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આ નિર્ધારની પૂર્તિની શરૂઆત જેતલપુરના યજ્ઞથી કરી હતી.

નીલકંઠે વર્ણીવેશ ઉતાર્યો

ભગવાન શ્રી સ્વામિનારાયણ થોડા દિવસ કચ્છ-ભૂજ રોકાયા. રોજ જ્ઞાનવાર્તા થતી. ભક્તોનાં હૈયામાં ભાગવતધર્મનાં મૂળ મજબૂત થતાં.

ભૂજના લાધીબાઈ સદ્‌ગુરુ રામાનંદસ્વામીના શિષ્ય હતા. તેઓ નાની ઉંમરે વિધવા થયા હતા, ત્યાર બાદ એમણે આખી જિંદગી સાંખ્યયોગ પાળ્યો હતો.

લાધીબાઈ ઉંમરમાં મહારાજથી મોટા હતા એટલે એના અંતરમાં 'હું ગુરુની મોટી ચેલી અને નીલકંઠ મારો નાનો ગુરુભાઈ અને હું એની મોટી ગુરુબહેન' આ પ્રકારનો સૂક્ષ્મ અહંકાર રમતો હતો.

એક દિવસ સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ લાધીબાઈને દિવ્ય દર્શન દીધાં અને કહ્યું, "ગાંડી! તારું અભિમાન છોડ્ય. નીલકંઠને નાના માનીશ નહિ, એ સ્વયં ભગવાન છે અને હું તો એનો દાસ છું, માટે નીલકંઠને ઈષ્ટદેવ તરીકે સ્વીકારી લે!"

સદ્‌ગુરુનાં વચને લાધીબાઈનો આત્મા જાગી ગયો હતો અને એમણે મહારાજનો અનન્યભાવે આશ્રય કર્યો હતો. લાધીબાઈએ પોતાના ભક્તિભાવથી મહારાજને વશ કરી લીધા હતા. એક વાર લાધીબાઈએ મહારાજને કહ્યું, "મહારાજ! મને એક વચન આપો."

ભક્તાધીન ભગવાન બોલ્યા, "બોલો લાધીબાઈ! તમારે કયું વચન જોઈએ છે?"

લાધીબાઈએ કહ્યું, "મહારાજ! હવેથી તમે કઠિન તપ ન કરો; આ વર્ણીવેશ ઉતારો; ભાવિક ભક્તજનો વસ્ત્ર-અલંકારો અર્પણ કરે એને સ્વીકારી એમના ભાવને પૂર્ણ કરો." હજારો હરિભક્તોના ભાવને પૂર્ણ કરવા માટે લાધીબાઈએ મહારાજને વચને બાંધી લીધા.

મહારાજે વર્ણીવેશ તો ઉતાર્યો, પરંતુ તેમણે સદૈવ શ્વેતવસ્ત્રો ધારવાનું પસંદ કર્યું. પ્રસંગોપાત્ત ભાવિક ભક્તજનો વસ્ત્ર-અલંકારો અર્પણ કરે, ત્યારે એ ભક્તોને રાજી કરવા માટે મહારાજ થોડી વાર રંગબેરંગી વસ્ત્રો ધારણ કરી લેતાં, પરંતુ પછી નજીકના સેવકોને અથવા તો ગરીબોને વહેંચી દેતાં.

આજના લોકો જાતજાતનાં 'ડ્રેસકોડ' રાખે છે. 'શ્વેતવસ્ત્ર' ભગવાન શ્રી સ્વામિનારાયણનો 'ડ્રેસકોડ' હતો. પ્રેમસખી પ્રેમાનંદસ્વામીએ પોતાના કીર્તનોમાં લખ્યું છે કે, **સદા શ્વેતાંબર શ્રીજી ધારતા રે...**

શ્વેતરંગ શાંતિનું પ્રતીક છે. ભગવાન શ્રી સ્વામિનારાયણનું અવતરણ સમાજમાં આંતર-બાહ્ય શાંતિની સ્થાપના માટે હતું. શ્વેતરંગ એનો સૂચક હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું શરીર શ્યામ, સુંદર અને ઉજ્જ્વળ કાંતિમાન હતું. એમનાં વસ્ત્રો હંસોની પાંખ જેવા શ્વેત હતાં.

વિજ્ઞાન કહે છે કે કાળો રંગ સૂર્યનાં કિરણોમાં રહેલા તમામ રંગને શોષી લે છે, જ્યારે શ્વેતરંગ સૂર્યકિરણોનાં તમામ રંગોનું પરાવર્તન કરી દે છે.

મહારાજના શ્રીવિગ્રહનો શ્યામ રંગ પાપી હોય કે પુણ્યશાળી, સર્વને આત્મસાત કરવાનો સ્વભાવ સૂચવે છે.

મહારાજનાં વસ્રોનો શ્વેતરંગ ભક્તના ભાવને હજારગણો વધારીને પરાવર્તન કરવાનો સ્વભાવ સૂચવે છે.

સામાન્ય રીતે વિરોધાભાસી તત્ત્વો એક સ્થળે એક સાથે રહી શકતાં નથી, પરંતુ પરમાત્મા એમાં અપવાદ છે.

વિરોધાભાસ રંગોનો હોય, ગુણ-ધર્મોનો હોય કે દર્શનોનો હોય, વિરોધાભાસોનો સંગમ તો પરમાત્માનો શૃંગાર છે. આ સંગમને લીધે જ અનેકતામાં એકતા સિદ્ધ થાય છે.

અમારી વસ્તુ અમને આપો

ભગવાન શ્રી સ્વામિનારાયણ ભૂજમાં રોજ જુદાં જુદાં ભક્તજનોને ઘરે થાળ જમવા જતા હતા. એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ભક્તરાજ ઠક્કર ભગવાનજીને ત્યાં થાળ જમવા પધાર્યા.

ભગવાનજી રામાનંદસ્વામીના કૃપાપાત્ર હતા. જે અરસામાં ભૂજમાં નીલકંઠવર્ણીનો પત્ર પહોંચ્યો હતો, એ અરસામાં ઠક્કર ભગવાનજીએ એક સોનાની વેઢ બનાવી રામાનંદસ્વામીને ચરણે ધરી હતી.

રામાનંદસ્વામીએ મર્મમાં કહ્યું, “ભગવાનજી! હવેથી અમે આ ભારે ભારે વસ્તુઓનો ત્યાગ કરીએ છીએ. આને તું સાચવીને રાખી દે. આ વસ્તુ જેના માટે છે તે વગર કહ્યે સામેથી તારી પાસેથી માગી લેશે અને જે માગી લે તેને ભગવાન માનજે!”

મહારાજ ભગવાનજીને ત્યાં થાળ જમીને વિરાજમાન થયા. પછી હસીને અંતર્યામીભાવે બોલ્યા, “ભગવાનજી! તમારે ત્યાં અમારી એક વસ્તુ પડેલી છે. સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ તમને સોંપી છે. એ અમારી વસ્તુ હવે અમને આપી દ્યો!!”

ભગવાનજીને સદ્‌ગુરુ રામાનંદસ્વામીનાં વચનો યાદ આવ્યાં, ‘આ વસ્તુ જેની છે તે સામેથી માગી લેશે!’

ભગવાનજીના અંતરમાં આશ્ચર્યનો પાર ન રહ્યો, કારણ કે આ વાત માત્ર રામાનંદસ્વામી અને ભગવાનજી બે જ જાણતા હતા.

મહારાજે અંતર્યામીભાવે સામેથી વેઢ માગી લીધી, એટલે ભગવાનજીએ ભારે ભાવથી એ સોનાની વેઢ મહારાજને ચરણે ધરી દીધી. સદ્‌ગુરુનાં વચને ભગવાનજીને

આ નીલકંઠવર્ણી ભગવાન છે એવો નિશ્ચય થઈ ચૂક્યો હતો.

મહારાજને સોનું, ચાંદી કે ઘરેણાં-ગાંઠામાં કોઈ પ્રીતિ ન હતી. ભક્તોના ભાવ પૂર્ણ કરવા અને જે આવે તે ગરીબોમાં વહેંચી દેવું, તે મહારાજનો સ્વભાવ હતો.

કુશળ નાડીપરીક્ષક

મહારાજ હવે પાછા સોરઠ પધારવા માગતા હતા. કચ્છથી વિદાયની વેળાએ મહારાજે સુંદરજી સુથારને ત્યાં સભા ભરી હતી. સભામાં મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત હતા.

મહારાજે આજે ગૂઢ આશય સાથે અચાનક બંધિયાનો પ્રસંગ યાદ કર્યો. સુંદરજી સુથારની પ્રશંસા કરતાં મહારાજ બોલ્યા, "ભક્તજનો! આ સુંદરજી સુથારે અમારા અર્ધા વેણે દાઢીમૂછ મૂંડાવીને ભગવી અલફી પહેરી લીધી હતી. સાચા સેવક હોય તો આવા હોય!"

સુંદરજી ખરેખર મહાન ભક્ત હતા, પરંતુ એના અંતરમાં શ્રેષ્ઠ ભક્તપણાનો અહંકારનો રોગ પડ્યો જ હતો. મહારાજ આ વાત જાણતા જ હતા. કુશળ નાડીપરીક્ષક વૈદ્યની જેમ મહારાજ રોગની તીવ્રતા માપી રહ્યા હતા.

મહારાજે પ્રશંસા કરી એટલે સુંદરજીનો અહંકાર વધારે ગાઢ થયો. એમણે મહારાજને કહ્યું, "મહારાજ! કૃપા કરીને મારી એક વિનંતી સ્વીકારો."

મહારાજે કહ્યું, "બોલો."

સુંદરજી સુથારે કહ્યું, "મહારાજ! આપે મારી પરીક્ષા કરી તો ભલે કરી, પણ હવે બીજાની આવી પરીક્ષા ના કરશો; કારણ કે, આ કળિયુગ છે, આવું બીજાથી થાય નહીં."

દરમાંથી સર્પ મોઢું બહાર કાઢે એમ સુંદરજીની વાતમાં અંદરનો અહંકાર ડોકિયા કરી રહ્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે અહંકારને બહુરૂપિયો કહ્યો છે. એને જાતજાતના વેશ ધરતા આવડે છે.

"કોઈ તપી થઈ કરે તપ, કોઈ જપી થઈ કરે જપ |
મેલે વસન ભૂષણ ઇછાય, પણ માન તે તો ન તજાય ||૨૯|| (ભ.ચિં.પ્ર-૧૧૦)

સત્તા, સંપત્તિ અને સન્માનથી માન ઉદય થાય તે તો સહજ હોય, પરંતુ ઘણાને ધર્મપાલનનું અભિમાન જાગે! યોગીઓને યોગનું અભિમાન જાગે! તપસ્વી-ત્યાગીઓને તપ-ત્યાગના અભિમાન જાગે! જ્ઞાનીઓને જ્ઞાનના અભિમાન જાગે અને ભક્તિ કરતો હોય એને ભક્તપણાનું અભિમાન જાગે!

અહંકાર કોઈ પણ પ્રકારનો હોય પરંતુ મોક્ષમાર્ગમાં જો કોઈ મોટામાં મોટો અવરોધ હોય તો તે અહંકાર છે. આશ્ચર્ય તો એ છે કે આ અહંકાર એટલો ઝીણો છે કે ઝીણી નજરે જોવાથી પણ દેખાતો નથી.

સુંદરજીની વાતમાં ભરેલી અહંકારની દુર્ગંધીને ભગવાન શ્રી સ્વામિનારાયણ પારખી ગયા, પણ મૌન રહ્યા. મહારાજને બધું જ ગમે, અહંકાર ન ગમે.

પોતાના ભક્તના અંતરમાં કોઈ જાતની કચાશ રહી જાય, એ મહારાજને મંજૂર ન હતું. એમણે સુંદરજી સુથારના આ રોગને નાબૂદ કરવાનો મનોમન નિર્ણય કર્યો, પણ એ માટે હજુ બીજાં ચાર વર્ષની રાહ જોવાની હતી.

પત્ર મળે એ પરમહંસ થઈને હાલી નીકળજો!

વિક્રમ સંવત ૧૯૬૪ની સાલમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ફરીથી કચ્છમાં પધાર્યા હતા. ચાર વર્ષના આ ટૂંકા ગાળામાં સત્સંગનો વ્યાપ ન માની શકાય એટલી હદે વધ્યો હતો.

સેંકડો સમર્થ સંતોએ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણે પોતાનાં જીવન અર્પણ કર્યાં હતાં. હજારો હરિભક્તો દારૂ, માંસ વગેરે ફેલ છોડી ભગવાન શ્રી સ્વામિનારાયણને શરણે થયા હતા. અનેક ચોર, લૂંટારાઓએ પોતાના લૂંટફાટના ધંધા છોડી દીધા હતા અને પરમ એકાંતિક ભક્ત બન્યા હતા. લગભગ સારાયે મહાગુજરાતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના ઊજળા ધર્મની ધજાઓ લહેરાતી થઈ હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના મનમાંથી સુંદરજી સુથારના મનનો રોગ ખસ્યો ન હતો. સદ્‌ગુરુ વૈદ્ય છે. શિષ્ય નીરોગી ન થાય, ત્યાં સુધી એમને ચેન પડતું નથી. સુંદરજી સુથારના અંતરના અહંકારને દૂર કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે એક અનોખું ઔષધ વિચાર્યું, જેમાંથી એક ભારે પ્રેરક પ્રસંગ ઊભો થયો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે કચ્છ તરફ પ્રયાણ કરતા પહેલાં ભાદરા ગામેથી પોતાના અઢાર ભક્તોને ઉદ્દેશીને એક પત્ર લખાવ્યો.

આ પત્રમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે આજ્ઞા કરી હતી કે 'આ પત્ર ક્રમશઃ જેના જેના હાથમાં આવે એમણે ગામ-ગરાસ, ઘરબાર, પુત્ર-પરિવારનો તત્કાળ ત્યાગ કરવો; ભગવાં વસ્રો ધારણ કરવાં અને બધાંએ સાથે મળી જેતલપુર જાવું; ત્યાં ભાઈ રામદાસજીને મળી કાશીની જાત્રા કરવા નીકળી જવું.'

આ ઐતિહાસિક પત્રની નોંધ લેતા ભગવાન શ્રી સ્વામિનારાયણના તત્કાલીન સંત નિષ્કુળાનંદસ્વામી ભક્તચિંતામણિ ગ્રંથમાં લખે છે કે,

માંચા સુરા સોમલા અલૈયા, મૂળુ નાજા માતરા મામૈયા ।
અજા જીવા વીરદાસ વળી, લાધા કાળા કમળશી મળી ॥ ૩૭ ॥
એહ સર્વે તજી ઘરબાર, થાજ્યો પરમહંસ નિરધાર ॥ ૩૮ ॥ (ભ.ચિં.પ્ર-૫૫)

નિષ્કુળાનંદસ્વામીએ અહીં ૧૪ નામ લખ્યાં છે. બાકીનાં ચાર નામોની પૂર્તિ તદ્રુપાનંદસ્વામીની વાતોમાંથી મળે છે. એ ચાર નામ છે – હાથિયા પટગર, અમરા પટગર, બંધિયાના ડોસાભાઈ, સરધારના વેરાભાઈ.

આ અનોખો પત્ર ફરતો થયો. જેને-જેને પત્ર મળતો ગયો, તેમણે ઈષ્ટદેવના એક જ વેણે તત્કાળ સંસાર તજી દીધો અને ભગવો વેશ ધારણ કર્યો!

અદ્‌ભુત સંત અદ્‌ભુતાનંદસ્વામી!

આ પત્રના અનુસંધાને એક બીજી અદ્‌ભુત ઘટના ઘટી. પત્રમાં અજા પટેલનું નામ હતું. પત્ર સાથે નવા પરમહંસોની મંડળી અજા પટેલ પાસે પહોંચી.

અજા પટેલ સુરેન્દ્રનગર પાસેના મેથાણ ગામના હતા. અજા પટેલને મોટી ખેતી હતી; વ્યવહારે સુખી હતા; નાત્યમાં આગેવાન હતા. પત્ર મળ્યો ત્યારે અજા પટેલ પોતાના ભાણેજ કલ્યાણદાસને પરણાવવા જઈ રહ્યા હતા. કલ્યાણદાસ કડુ ગામના હતા.

જાનના ગાડાંઓ શણગારવામાં આવ્યાં હતાં. જાનડીઓ મધુર કંઠે મંગલ ગીતો ગાઈ રહી હતી. અજા પટેલ પરગણાના આગેવાન હતા, એટલે જાનમાં સાજન-માજન પણ સારી સંખ્યામાં જોડાયાં હતાં. અજા પટેલ ઘોડેસ્વાર થઈ વરરાજાના ગાડાંની હારોહાર હાલી રહ્યા હતા. પરમહંસોની મંડળી અજા પટેલને મળી.

અજા પટેલ નવા પરમહંસોને ઓળખી ગયા. એમના મનમાં અત્યંત આશ્ચર્ય થયું. એમણે જિજ્ઞાસુ નજરે પરમહંસોની સામે જોયું.

પરમહંસોએ મહારાજનો કાગળ અજા પટેલના હાથમાં મૂક્યો. કાગળ વાંચતા જ અજા પટેલ સમજી ગયા. એમણે એ જ ઘડીએ કોઈ જાતનો વિચાર કર્યા સિવાય સાધુ થવાનો નિર્ણય લઈ લીધો.

હાથમાં પત્ર સાથે અજા પટેલ ભાણેજની નજીક આવ્યા અને બોલ્યા, "ભાણા! હવે મારાથી તારી જાનમાં નહિ અવાય! મહારાજનો કાગળ આવ્યો છે, એણે મારા અને તારા મારગ નોખા કરી દીધા છે. મહારાજની આજ્ઞા છે એટલે મારે આ જ ઘડીએ સાધુ થઈ આ પરમહંસોની મંડળી સાથે જવાનું છે."

ભાણેજ કલ્યાણદાસે કહ્યું, "મામા! મને મહારાજનો કાગળ વાંચવા દ્યો."

અજા પટેલે મહારાજનો કાગળ ભાણેજના હાથમાં મૂક્યો. પત્ર વાંચતાં-વાંચતાં

ભાણેજ કલ્યાણદાસે અચાનક અદ્‌ભુત નિર્ણય લીધો અને બોલ્યા, “મામા! આમાં મારું પણ નામ છે! મારે પણ તમારી સાથે ચાલવું છે.”

ભાણેજની વાત સાંભળતા અજા પટેલનાં મનમાં અત્યંત આશ્ચર્ય થયું. એમણે કાગળ બરાબર વાંચ્યો હતો, એમાં ક્યાંય ભાણેજ કલ્યાણદાસનું નામ ન હતું.

એમણે કહ્યું, “ભાણા! મહારાજનો કાગળ મેં બરાબર વાંચ્યો છે. મને ખાતરી છે, એમાં ક્યાંય તારું નામ નથી!”

ભાણેજે હસીને કહ્યું, “મામા! પત્રમાં આ બધાં નામ લખ્યા પછી મહારાજે ‘વગેરે’ શબ્દ વાપર્યો છે, તો વગેરેમાં હું ન આવી જાઉં!!! માટે મારે પણ તમારી સાથે જ પરમહંસ થાવું છે.”

ભાણેજની વાત સાંભળી આસપાસના લોકો સ્તબ્ધ થઈ ગયા. ‘જાનને ગાડે બેઠેલો, પીઠી ચોળેલો, મીંઢળબંધો વરરાજો આ શું બોલી રહ્યો છે!’

મામા પણ ભાણેજની વાત સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયા. પરિસ્થિતિનો આ જબરદસ્ત વળાંક કેવાં વમળો સર્જશે? એની એને ખબર હતી, પણ ખુદ જેનું દિલ વૈરાગ્યના રંગે રંગાઈ ચૂક્યું હોય એ ભાણેજને કેમ રોકી શકે!

જાનમાં ભેગાં થયેલાં સાજન-માજને વરરાજાને સમજાવવા ખૂબ પ્રયાસ કર્યો, પણ વરરાજા એકનો બે ન થયો. નાનપણથી જ એમની મા અને મામાએ કલ્યાણદાસને સત્સંગના પીયૂષ પાયાં હતાં.

આમ તો કલ્યાણદાસના હૃદયમાં પરણીને સંસાર માંડવાની ઇચ્છા જ ન હતી, પરંતુ સગાં-સંબંધીઓના આગ્રહથી પરાણે ઘોડે ચડવું પડ્યું હતું. મહારાજના પત્રે એના હૈયામાં રહેલા વૈરાગ્યના અગ્નિને સતેજ બનાવી દીધો હતો. હવે એ કોઈથી રોક્યો રોકાય એમ નહોતો.

એક પણ પળનો વિલંબ કર્યા સિવાય આ મીંઢળબંધો વરરાજા નાશવંત શરીરને વરવા કરતાં અવિનાશી વરને વરવા ચાલી નીકળ્યો! એણે મનમાં નિરધાર કર્યો કે, ‘હવે વરવું તો પુરુષોત્તમ નારાયણને જ વરવું. આ મીંઢળ હવે મહારાજ છોડશે ત્યારે જ છૂટશે!’

વધારે આશ્ચર્યની વાત એ છે કે, આ વાત વેવાઈને માંડવે પહોંચી. ભારે ઊહાપોહ પણ થયો, પરંતુ જે કન્યા સાથે લગ્ન થવાના હતા, એ જ કન્યાએ કલ્પી ન શકાય એવો નિર્ણય લીધો અને એ હતો, ‘આજીવન બ્રહ્મચર્ય પાળી પ્રભુ ભજવાનો!!!’

કલ્યાણદાસને તો ધન્યવાદ, પણ એથી અનેકઘણા ધન્યવાદ તો આ કન્યાને આપવા ઘટે!

મહારાજની આજ્ઞા મુજબ આ બધા નવા પરમહંસોની મંડળી જેતલપુર ભાઈ રામદાસજી પાસે પહોંચી. ભગવાન શ્રી સ્વામિનારાયણ આ સમયે કચ્છમાં બિરાજતા હતા. એમણે આગલી રાત્રે ભાઈ રામદાસજીને દિવ્યદર્શન દઈને કહ્યું હતું કે, "નવા પરમહંસોની મંડળી આવી રહી છે. એમને કાશીએ મોકલવાને બદલે અમારી પાસે કચ્છ મોકલજો."

ભાઈ રામદાસજીએ બધા જ નવા પરમહંસોને સમજાવ્યા કે, "પરમહંસો! અડસઠ તીરથ પ્રગટ શ્રી હરિનાં ચરણમાં છે, માટે તમે બધા કાશીએ જવાને બદલે કચ્છ જાવ અને મહારાજને મળો." ભાઈ રામદાસજીની આજ્ઞાથી નવા પરમહંસો કચ્છ તરફ જવા રવાના થયા. ભૂજમાં સુંદરજી સુથારને ઘરે બિરાજતા ભગવાન શ્રી સ્વામિનારાયણને 'નવા પરમહંસોની મંડળી આવી રહી છે' એવા વાવડ મળ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સુંદરજી સુથાર વગેરે સંતો-ભક્તોના સમુદાય સાથે પરમહંસોના સ્વાગત-સત્કાર માટે નગરની બહાર પધાર્યા. સામેથી આવી રહેલા પરમહંસોને જોઈ ભગવાન શ્રી સ્વામિનારાયણ એકદમ ઉતાવળા સામે ચાલ્યા.

પરમહંસો મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજે સ્વયં પરમહંસોને સામે દંડવત્ કર્યાં. પરમહંસોએ દોડીને મહારાજને ઉઠાવી લીધા.

મહારાજ એક પછી એક પરમહંસને ભાવથી ભેટવા લાગ્યા. ભેટતાં ભેટતાં મહારાજ એક એક પરમહંસનો પરિચય સુંદરજી સુથારને આપવા લાગ્યા.

એવામાં કલ્યાણદાસનો વારો આવ્યો. મહારાજે આ મીંઢળબંધા અજાણ્યા નવયુવાનને જોઈને પરમહંસોને પૂછ્યું,"આ કોણ છે? આમનું નામ તો અમે પત્રમાં લખ્યું નહોતું."

માંચા ખાચરે માંડીને કલ્યાણદાસની વાત કરી. મીંઢળબંધો વરરાજા માંડવેથી પાછો વળ્યો, આ વાત સાંભળતાં જ ભગવાન શ્રી સ્વામિનારાયણના અંતરમાંથી અહોભાવના ઉદ્‌ગારો ઊઠ્યા, "અદ્‌ભુત! અદ્‌ભુત! માયારૂપી નાગણી લગ્નને માંડવે ભલભલાને ભરખી જાય છે! જ્યારે આ યુવાન તો માયાના માથા ઉપર પગ મૂકી, માયાને જીતીને આવ્યો છે, આ યુવાને તો ભારે અદ્‌ભુત કામ કર્યું! માટે અમે આનું નામ 'અદ્‌ભુતાનંદ' રાખીએ છીએ."

સુંદરજી સુથારનો રોગ નિર્મૂળ થયો

મહારાજની આજ્ઞાથી મોટા મોટા ગરાસદાર, જમીનદાર, સુખી-સંપન્ન વ્યક્તિઓને આ રીતે ભગવી કંથા ધારણ કરેલી જોઈ સુંદરજી સુથારના અંતરમાં ઊંડે ઊંડે રહેલો

અહંકાર ઓગળવા લાગ્યો અને એમાં પણ જ્યારે લગ્નના માંડવેથી પાછા વળેલા યુવાન મીંઢળબંધા કલ્યાણદાસની વાત સાંભળી, ત્યારે તો સુંદરજી સુથાર આભા જ બની ગયા!

કુશળ વૈદ્ય કડવી દવા પાઈને નીરોગી કરે, એમ મહારાજે સુંદરજી સુથારને બધા જ પરમહંસોનો પરિચય કરાવી માર્મિક ટકોર કરી, "કેમ સુંદરજી! તમે બંધિયામાં કહ્યું હતું ને કે આવી કસોટી બીજાની ના કરશો! આવી કસોટીમાં હું પાર પડ્યો, પણ બીજા પાર નહિ પડી શકે!"

મહારાજનું મર્મ ભરેલું વેણ સાંભળતાં જ સુંદરજી સુથાર ઝંખવાઈ ગયા.

મહારાજે આગળ કહ્યું, "સુંદરજી! અહંકાર તો ભલભલાને ભુલાવે એવો છે. કામ, ક્રોધ, લોભ, દંભ, છળ, કપટ, ઈર્ષા વગેરે સર્વ દોષોનું મૂળ છે. માટે અમારા ભક્તોએ કોઈ પણ પ્રકારનો અહંકાર ન રખાય!"

મહારાજની વાત સાંભળી સુંદરજી સુથારનો રહ્યો-સહ્યો અહંકાર પણ મૂળમાંથી નાબૂદ થયો અને એમણે મહારાજનાં ચરણ પકડી લીધાં અને કહ્યું, "મહારાજ! હું ભૂલ્યો, મને માફ કરો."

મહારાજે સુંદરજી સુથારને બેઠા કર્યાં, બાથમાં લઈને મળ્યા અને બોલ્યા, "સુંદરજી! તમે અમને ખૂબ જ વહાલા છો; અમારા સંતોની રક્ષા કરો છો. અમે જેને અમારા માનીએ એના અંતરમાં અમે કોઈ કચાશ રહેવા દેતા નથી. તમારી કચાશને ટાળવા માટે અમે જ પત્ર લખીને આ અઢાર પરમહંસોને તેડાવ્યા છે."

સુંદરજી સુથારનું હૈયું ભરાઈ આવ્યું હતું, એમની આંખોમાંથી પશ્ચાતાપના આંસુડાં ઝરી રહ્યાં હતાં, તેઓ હાથ જોડીને બોલ્યા,"મહારાજ! આપે મારા ઉપર ખૂબ દયા કરી, મારી આંખ ઉઘાડી દીધી."

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ નવા પરમહંસોને સાથે લઈને કચ્છમાં ઘણા દિવસ સુધી વિચરણ કર્યું. પછી તેઓ પરમહંસો પ્રત્યે બોલ્યા, "આ અદ્‌ભુતાનંદ સિવાયના બીજા બધા તમે તમારા ઘરે પાછા જાઓ. તમારી પરીક્ષા પૂર્ણ થઈ છે."

પરમહંસોએ મહારાજને વિનંતી કરી, "મહારાજ! સંસારથી માંડ છૂટ્યા છીએ, હવે ફરીથી અમને એ હેડ-બેડીમાં પાછા બંધાવાનું ન કહો."

મહારાજે કહ્યું, "ભક્તો! અમારે તમને હેડબેડીમાં બાંધવા નથી. તમારા દ્વારા અનેક જીવોનાં કલ્યાણ કરી, એમને માયાની બેડીઓનાં બંધનથી મુક્ત કરવાં છે."

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે સર્વેને સમજાવીને પાછા સંસારમાં મોકલ્યા.

આ અઢાર પરમહંસોમાંથી માચા ખાચર, અલૈયા ખાચર, સુરા ખાચર જેવા

કેટલાય ભક્તોએ સંસારમાં રહીને પણ આજીવન બ્રહ્મચર્ય પાળી સાંખ્યયોગી જીવન વિતાવ્યું અને કેટલાય ભક્તો સંસારમાં રહેવા છતાંય મહારાજ જનકની જેમ સંસારનાં બંધનથી નિર્લેપ રહ્યાં.

ખરેખર અદ્‌ભુતાનંદસ્વામી તો અદ્‌ભુત હતા જ, પણ ભગવાન શ્રી સ્વામિનારાયણ એથી પણ અદ્‌ભુત હતા અને એમનાં વચને સંસાર કે સાધુઆશ્રમમાં રહેલા ગૃહસ્થ બાઈઓ, ભાઈઓ કે પરમહંસો પણ અદ્‌ભુત હતાં.

અધ્યાત્મ-જગતના ઇતિહાસમાં આવી ઘટનાઓ વિરલ હોય છે.

ભૂજના જમાદાર ફતેહ મહંમદ

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં કચ્છ રાજકીય રીતે ભારે અસ્થિર હતું. ભૂજના મહારાજા રાયઘણજી ભારે અત્યાચારી હતા.

ભગવાન શ્રીકૃષ્ણના વંશજ ગણાતા આ જાડેજા રાજવીએ કુસંગને લીધે મુસ્લિમ ધર્મ સ્વીકાર્યો હતો અને કટ્ટર મુસલમાન બન્યા હતા. એટલું જ નહિ, તેઓ લોકોને પરાણે મુસલમાન બનાવી રહ્યા હતા. ઉપરાંત પોતાના મોજશોખને પૂરા કરવા માટે તેઓ પ્રજા ઉપર આડેધડ કરવેરા ઝીંકતા હતા.

ભૂગર્ભમાં વહેતા લાવારસની પેઠે પ્રજામાં અસંતોષનો અગ્નિ ઉકળતો હતો. આવા સમયમાં કચ્છ ખાતે એક મુત્સદી રાજનેતાનો ઉદય થયો. એનું નામ હતું, 'જમાદાર ફતેહ મહંમદ'. ફતેહ મહંમદ ભૂજના સૈન્યનો વડો હતો. મુસલમાન હોવા છતાંય ધાર્મિક રીતે ભારે ઉદાર હતો અને સર્વધર્મને આદર આપતો હતો. હિન્દુ ધર્મ પ્રત્યે પણ એના મનમાં તિરસ્કારની કોઈ ભાવના નહોતી. ધર્મ કરતાંય કુશળ પ્રશાસન ઉપર એની દૃષ્ટિ વિશેષ કેન્દ્રિત થયેલ હતી. પ્રજાની રંજાડ એનાથી સહન થતી ન હતી.

આખરે કચ્છની પ્રજાએ અંજારના મેઘજી શેઠની આગેવાની નીચે રાયઘણજીની સામે બળવો કર્યો. જમાદાર ફતેહ મહંમદે મેઘજી શેઠને સાથ આપ્યો. કચ્છના અગ્રણી બાર ભાયાતો પણ મેઘજી શેઠની સહાયતામાં રહ્યા.

રાયઘણજીને નજરકેદ કરવામાં આવ્યા. કચ્છનું શાસન બાર ભાયાતોની સમિતિ કરવા લાગી, જેની આગેવાની ફતેહ મહંમદ જમાદારે લીધી હતી.

વર્ષો પહેલાંની સત્તરમી સદીની વાત છે. વાત યુરોપની ધરતીની છે. યુરોપનો શાસક ચાર્લ્સ પહેલો અત્યંત ક્રૂર અને પ્રજાપીડક હતો.

ચાર્લ્સના ત્રાસથી પ્રજા ત્રાસી ગઈ હતી, ત્યારે યુરોપની ધરતી ઉપર એક કુશળ અને સાહસિક રાજનેતાનો ઉદય થયો, જેનું નામ 'ક્રોમવેલ' હતું. તે રાજાનો સેનાપતિ

હતો. એમણે રાજ્યનું હિત ઇચ્છનારા અગ્રણીઓને એકઠા કરી બળવો કર્યો હતો અને પ્રિન્સ ચાર્લ્સને કેદ કરી મૃત્યુદંડ દીધો હતો. રાજ્યના શાસન માટે રાજકીય કાઉન્સિલની રચના કરી હતી.

આ કુશળ પ્રશાસક ક્રોમવેલે ઇંગ્લૅન્ડ, સ્કોટલૅન્ડ અને આયર્લૅન્ડને એક કરી આજના કૉમનવેલ્થનો પાયો નાખવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો, જેને લીધે યુરોપમાં ભવિષ્યના ગણતંત્રના પાયા નંખાયા હતા.

ક્રોમવેલની પેઠે જ ફતેહ મહંમ્મદ જમાદારની આગેવાની નીચે કચ્છ સંગઠિત થયું હતું, એટલે ફતેહ મહંમદ જમાદાર કચ્છનો 'ક્રોમવેલ' ગણાયો હતો.

રાયઘણજીની જ્યારે આણ વર્તાતી હતી ત્યારે એણે પોતાના મોજશોખ પૂરા કરવાં માટે માંડવી બંદરના વેપારીઓ ઉપર ત્રાસ વર્તાવવો શરૂ કર્યો હતો.

માંડવીની વેપારીઆલમ અને પ્રજાએ માંડવીના શૂરવીર લુહાણા હંસરાજ ઠક્કરની આગેવાની નીચે ભૂજ સામે બળવો પોકાર્યો હતો. કચ્છના કેટલાય ભાયાતોએ આ કાર્યમાં હંસરાજ ઠક્કરને સાથ આપ્યો હતો.

ભૂજમાં બાર ભાયાતોનું રાજ થયું પણ ભૂજ અને માંડવીનો સંઘર્ષ હજુ શમ્યો ન હતો. હંસરાજ ઠક્કર ફતેહ મહંમદ જમાદારને પોતાનો પ્રતિસ્પર્ધી માનતો હતો.

જૈસા જીન કા યકીન

આવી રાજકીય અસ્થિર પરિસ્થિતિમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના સંતો કચ્છને ગામડે ગામડે વિચરીને ભાગવત ધર્મનું પ્રવર્તન કરી રહ્યા હતા. લોકોને નિર્વ્યસની બનાવી સદાચારને માર્ગે વાળી રહ્યા હતા. દેવી-દેવતાઓને નામે થતી હિંસાઓ બંધ કરાવી રહ્યા હતા અને અનેક દેવી-દેવતાઓની ઉપાસનાને બદલે એક પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની ઉપાસનાનો માર્ગ પ્રવર્તાવી રહ્યા હતા.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ હમીરસરમાં સ્નાન કરી સંતો-પાર્ષદોની સાથે ભૂજ તરફ આવી રહ્યા હતા. એ જ સમયે જમાદાર ફતેહ મહંમદ પોતાના આરબ સૈનિકોની બેરક સાથે સામે મળ્યો.

ફતેહ મહંમદના મનમાં થયું, 'આવા કટોકટીના સમયમાં આટલા બધા માણસો ક્યાંથી આવી રહ્યા છે?' એમણે પોતાના સાથીદારને પૂછ્યું, "આ બધા કોણ છે?"

સાથીદાર ભગવાન શ્રી સ્વામિનારાયણથી પરિચિત હતો. એણે કહ્યું, "જમાદાર! આ કોઈ રાજકીય ભીડ નથી. આ મજહબી માણસો છે. બધાના મધ્યમાં જે ચાલ્યા આવે છે, એ સ્વામિનારાયણ છે. સ્વામિનારાયણ અલ્લાના મોટા ઓલિયા છે. કેટલાક

હિન્દુ લોકો એને ખુદા પણ કહે છે."

જમાદારને ભારે આશ્ચર્ય થયું, "ખુદા! મનુષ્ય અને ખુદા? મુસ્લિમ મજહબ તો આદમને ખુદા કહેવાની ના પાડે છે. આદમ ખુદા કેમ હોઈ શકે?"

આમ વિચારતાં વિચારતાં ફતેહ મહંમદ જમાદાર મહારાજની નજીક પહોંચી ગયો. મહારાજનાં દર્શન કરતાં જ જમાદાર આભો બની ગયો.

મહારાજની મૂર્તિ ઘણી ભવ્ય હતી. ભાલ વિશાળ હતું, મુખારવિંદ તેજસ્વી હતું, આંખ કમળની પાંખડી જેવી સુંદર અને નિર્મળ હતી. શ્વેતવસ્રો ધારણ કર્યાં હતાં, પગમાં મોજડીઓ પહેરી હતી, પોશાક એકદમ સાદો હતો છતાં એમાંથી દિવ્ય પ્રભાવ નીતરી રહ્યો હતો.

જમાદાર એકદમ ઘોડેથી નીચે ઊતર્યો. સરદારને નીચે ઊતરતો જોઈ એના બધા માણસો પણ ઘોડેથી નીચે ઊતર્યા. ત્યાં તો મહારાજે મીઠે ઘેરે સ્વરે કહ્યું, "સલામ વાલેકુમ, જમાદાર!"

મહારાજની વાણીમાં જાદુઈ અસર હતી. જમાદારે 'વાલેકુમ સલામ' કહીને પ્રત્યુત્તર વાળ્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન ફતેહ મહંમદનાં અંતરને શીતળ-શાંત કરી રહ્યાં હતાં. ફતેહ મહંમદ જમાદાર ભારે માણસપારખુ હતો. મહારાજનાં દર્શન કરતાં જ એ પારખી ગયો હતો કે, 'સ્વામિનારાયણ ખુદા હોય કે ન હોય, પરંતુ અલ્લાના ઓલિયા તો અવશ્ય છે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણને ખુદા તરીકે સ્વીકારવા એ ખચકાઈ રહ્યો હતો. વર્ષો જૂના મજહબી પૂર્વગ્રહો એને આડા આવી રહ્યા હતા.

હિન્દુ ધર્મના અવતારવાદને સમજી શકે એવી શક્તિ મુસલમાની મજહબમાં ન હોય, એ સહજ છે. જમાદાર ફતેહ મહંમદે સીધો સવાલ કર્યો, "સાંઈ! તુમ ખુદા હો કિ ખુદા કે બંદે હો?"

ભગવાન શ્રી સ્વામિનારાયણે મંદ મંદ હસીને ટૂંકો પણ અદ્‌ભુત જવાબ દીધો, "જૈસા જીન કા યકીન!" બોલતાં બોલતાં મહારાજે 'યકીન' શબ્દ ઉપર ભાર દીધો.

મહારાજનો ઉત્તર સાંભળીને જમાદાર આફરીન પોકારી ઊઠ્યો અને બોલ્યો, "વાહ, સ્વામિનારાયણ! ક્યા લાજવાબ જવાબ દિયા!"

જમાદાર ફતેહ મહંમદને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે અત્યંત આદરભાવ ઊભો થયો. એણે ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે દુવા માગતા કહ્યું, "સ્વામિનારાયણ! મારી ટચલી આંગળીમાં ભારે દરદ થાય છે, હું તલવાર સરખી ફેરવી શકતો નથી.

મારા ઉપર રહેમ કરો અને મારું દરદ દૂર થાય એવી દુવા કરો.”

મહારાજે કરુણાદૃષ્ટિ કરી, જમાદારનું દરદ શાંત થયું. મહારાજ પ્રત્યે જમાદારનો આદરભાવ બેવડાઈ ગયો.

આ સમયે ભૂજ અને માંડવી વચ્ચે ચાલી રહેલા સંઘર્ષના સંદર્ભમાં ફતેહ મહમ્મદે મહારાજને પૂછ્યું, “સ્વામિનારાયણ! તુમ બડે ઈલમી હો, યે બતાવો કિ મેરી મડઈ (માંડવી) રહેગી યા જાયેગી?”

ભગવાન શ્રી સ્વામિનારાયણે હસીને કહ્યું, “જમાદાર! મડઈ રહે યા ભૂજ જાય, ઈસસે હમેં ક્યા લેના દેના? હમ તો ઈસ ધરતી પર નેકી ઔર ઈમાન કા રાજ સ્થાપિત કરને કે લિયે આયે હૈં.”

ભગવાન શ્રી સ્વામિનારાયણનો આ જવાબ પણ ફતેહ મહંમદના અંતરમાં ચોટ કરી ગયો. જમાદારને મનમાં થયું, ‘સ્વામિનારાયણની વાત સાચી છે, અલ્લાના બંદાઓને રાજખટપટ સાથે શું લેવાદેવા?’

રાજ્યની અનેક આંટીઘૂંટીમાં અવરાયેલો જમાદાર ભગવાન શ્રી સ્વામિનારાયણની આગળ કુર્નિશ બજાવી, દુવા માગી ચાલતો થયો.

ચારે બાજુ વાતાવરણમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના શબ્દો ગૂંજી રહ્યા હતા, “જૈસા જીન કા યકીન!”

નોંધ - કચ્છની અસ્થિરતાએ કચ્છમાં બ્રિટિશ શાસનને પ્રવેશવાનો અવસર પૂરો પાડ્યો હતો. બ્રિટિશરોની મધ્યસ્થીથી માંડવી અને ભૂજ વચ્ચે સમાધાન થયું હતું, પરિણામે ભૂજ અને માંડવીનો સંઘર્ષ શાંત થયો હતો.

અમને મારીને તારું કામ પૂરું કર!

થોડાં વર્ષ પહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણે જગજીવન મહેતાના હિંસામય યજ્ઞનો વિરોધ કર્યો હતો એટલે મહેતાને અજાતશત્રુ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે દ્વેષ બંધાયો હતો. પરિણામે તે ભગવાન શ્રી સ્વામિનારાયણની ઘોર નિંદા કરતો હતો. એટલું જ નહિ, ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા એમના અનુયાયીઓને હેરાન-પરેશાન કરવા માટે કંઈકને કંઈક કાવાદાવા કરતો રહેતો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણની લાજ લેવા માટે એણે ગણિકા મોકલી, પણ એમાં એ ફાવ્યો ન હતો. આશ્ચર્ય તો એ થયું કે મહારાજના પ્રતાપે એ ગણિકાનું હૃદય પરિવર્તન થયું હતું, એણે પાપનો ધંધો છોડી પુણ્યનો માર્ગ અપનાવી લીધો હતો અને ભગવાન શ્રી સ્વામિનારાયણની અનુયાયિની બની આખી જિંદગી ભક્તિમાં ગુજારી

હતી. જગજીવનની બાજી ખુલ્લી પડી ગઈ હતી.

જગજીવન મહેતાએ ભગવાન શ્રી સ્વામિનારાયણને પકડીને કેદ કરવા માટે અનેક પ્રયાસ કર્યાં હતા, પણ ભૂજના કુશળ કારભારી સુંદરજી સુથાર, એક હોય તોય દશ જણાને ભારે પડે એવા ગંગારામ મલ્લ જેવા બળવાન મલ્લ-ભક્તો મહારાજને ફરતા ઢાલ થઈને ઊભા હતા, એટલે મહેતો કોઈ વાતે ફાવતો ન હતો.

એક વખત રાત્રિના સમયે જગજીવન મહેતાએ ભગવાન શ્રી સ્વામિનારાયણને મારવાને માટે મારો મોકલ્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ એકાંત ઓરડામાં શયન કરી રહ્યા હતા. મારાએ ઓરડા ઉપરનું છાજ ફાડ્યું, મોંઢામાં ખુલ્લી તલવાર લઈ દોરડીના સહારે નીચે ઊતર્યો.

મહારાજ જાગી ગયા. દીવાનાં આછાં અજવાળે મહારાજે મારાને જોયો. મહારાજ એનો ઈરાદો પામી ગયા.

મહારાજે કરુણાકટાક્ષથી મારા સામે નજર માંડી અને પૂછ્યું, "ભાઈ! અત્યારે મધરાતે કેમ આવવાનું થયું?"

હજારો લોકો જેને ભગવાન કહેતા હતા, એ અદ્‌ભુત મૂર્તિ મારાની સામે ઊભી હતી. મહારાજનાં દર્શન અને મહારાજનો મધુર સ્વર મારાનાં અંતરમાં જાદુઈ અસર કરી રહ્યાં હતાં. મહારાજના મુખારવિંદ ઉપર યમદૂત જેવા મારાનો કોઈ ભય વર્તાતો ન હતો.

નિર્ભીક મહારાજને જોઈને આભા બનેલા મારાએ કહ્યું, "સ્વામિનારાયણ! હું તમને મારવા આવ્યો છું. જગા મહેતાએ મને મોકલ્યો છે અને એણે મને મારી આખી જિંદગી સુધી ખાઉં, તો પણ ખૂટે નહિ એટલું ધન આપવાનો વાયદો કર્યો છે."

મહારાજે હસીને કહ્યું, "ભાઈ! મને મારવાથી તને ધન મળતું હોય, તારો પરિવાર સુખી થતો હોય, તો એનું પુણ્ય મને પણ મળશે. તારા માટે અત્યારે ભારે લાગ છે; રાત્રિનો સમય છે, ઓરડામાં હું એકલો જ છું, જલદી તારું કામ પતાવી દે." આટલું કહી મહારાજ મારાની સામે સ્થિર થઈને ઊભા રહ્યા.

મારો ખચકાયો. મહારાજે પાછું કહ્યું, "ખચકાવાની જરૂર નથી, જલદી તારું કામ પૂરું કર. જો ગંગારામ મલ્લ અને મારા પાર્ષદો જાગી જશે, તો તારા રાઈ રાઈ જેવા કટકા કરી નાખશે. મારી પાછળ રોનારું કોઈ નથી, પરંતુ તારાં બૈરાં-છોકરાં રઝળી પડશે, માટે જલદી તારું કામ પતાવી જે માર્ગે આવ્યો છો એ જ માર્ગે બહાર નીકળી જા."

નિર્ભીક મહારાજની વાણી મારાના અંતરને ભેદી ગઈ. આજ સુધી એણે મોતના ડરથી થરથર કાંપતા, હાથ જોડી જીવનદાન માટે કરગરતા ઘણા જોયા હતા, પરંતુ

મરવાનો ડર ન હોય એવા મહાપુરુષનું દર્શન એ પહેલી વાર કરી રહ્યો હતો.

મહારાજની વાણીએ મારાનાં હૃદયનું પરિવર્તન કર્યું. એના મનમાં થયું, 'આ સ્વામિનારાયણે મારું શું બગાડ્યું છે? આવા મહાપુરુષને મારાથી કેમ મરાય? જગો મહેતો મૂરખ છે કે, આવા ઓલિયાને મારવા માટે એણે મને મોકલ્યો. મેં ઘણાં પાપ કર્યાં છે, હવે આવા મહાપુરુષને મારીને વધારે પાપ નથી કરવું.'

આમ વિચારવંટોળે ચડેલા મારાએ તલવાર ફેંકી દીધી, મહારાજના પગમાં પડ્યો અને બોલ્યો, "મહારાજ! મને માફ કરો. ધનની લાલચે મેં ઘણાં પાપ કર્યાં છે, ઘણી હત્યાઓ કરી છે. આજે મારાથી ઘણું મોટું કાળું કામ થઈ જાત. આપ તો ભગવાન કહેવાઓ છો, મારો ઉદ્ધાર કરો."

મહારાજે મારા ઉપર કરુણામય દૃષ્ટિ ફેરવતાં ફેરવતાં એના માથા ઉપર પોતાનો અભયવરપ્રદ હાથ મૂક્યો અને બોલ્યા, "જા, આજ સુધીના તારા બધા ગુના માફ. હવેથી પેટને ખાતર આવા પાપના ધંધા ન કરીશ."

મારાની આંખમાંથી આંસુડાની ધારાઓ વહી રહી હતી. શરણાગતવત્સલ ભગવાને એક અધમ જીવને ઉદ્ધારી લીધો હતો.

મહારાજના ઓરડામાં સંચાર સાંભળીને ગંગારામ મલ્લ તથા પાર્ષદો ભેગા થઈ ગયા. ઓરડામાં અજાણ્યો માણસ અને મહારાજનાં ચરણમાં પડેલી ઉઘાડી તલવારને જોઈને તેઓ બધો જ મામલો પારખી ગયા. ગંગારામ મલ્લે મારાને પકડવા માટે ઝપટ મારી. હવે મારાને પોતાનું મોત દેખાઈ રહ્યું હતું.

મહારાજે ગંગારામ મલ્લનો હાથ પકડી રોકી લીધા અને બીજા હાથને ઈશારે સર્વને ચૂપ રહેવાની આજ્ઞા કરી. મારાને શાંતિથી વિદાય કર્યો. આ મારો કાયમ માટે ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિક થઈને રહ્યો.

'મારવા આવનારને પણ તારી દેવો' એ તો મહારાજનો જુગ જૂનો સ્વભાવ રહ્યો છે.

કરેલાં કર્મ છોડતાં નથી

કર્મનો નિયમ અફર છે. સારું કરો, સારું પામો; નરસું કરો, નરસું પામો. જગજીવનરામે કરેલાં કર્મોનું ફળ એને આંબી ગયું.

જગજીવન મહેતા ભગવાન શ્રી સ્વામિનારાયણને માટે અકારણ ઉપદ્રવ ઊભા કરી રહ્યો છે, એ વાત જાણીને કચ્છના સર્વેસર્વા ગણાતા ફતેહ મહંમદ જમાદારે જગજીવન મહેતાને સમજાવ્યો કે, 'તું આ ઓલિયા પુરુષને પરેશાન કરવાનું છોડી દે.' પણ સત્તાના તોરમાં જગજીવને ફતેહ મહંમદની સલાહ સામે આંખ આડા કાન કર્યાં હતાં.

સમય વીતતો ચાલ્યો. એવામાં કોઈ કારણસર જગજીવન મહેતાને જમાદાર ફતેહ મહંમદના બે દીકરાઓ હુસેન મિયાં અને ઈબ્રાહમ મિયાં સાથે પણ અણબનાવ થયો.

આ અણબનાવનું પરિણામ જે આવવું જોઈએ તે જ આવ્યું. ફતેહ મહંમદના આરબ સૈનિકોએ ભૂજની ભરબજારમાં જગજીવન મહેતાને મોતને ઘાટ ઉતાર્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણને જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે કરુણામય મહારાજનું હૃદય ભરાઈ આવ્યું. એમણે એ જીવનું પણ કલ્યાણ થાય એવો શુભ સંકલ્પ કર્યો.

સિદ્ધ સંત સંતદાસજી

ભગવાન શ્રી સ્વામિનારાયણના એક સંત હતા. તેઓનું નામ શતાનંદસ્વામી હતું, તેઓ 'સંતદાસજી' તરીકે વિખ્યાત હતા.

સંતદાસજી જન્મસિદ્ધ યોગી હતા. તેઓ મનની ગતિએ ચાહે ત્યાં ગમન કરી શકતા હતા. પંચભૂતના કોઈ આવરણ એમની કાયાને અવરોધી શકતા નહિ. એમનું જીવન અનેક દિવ્ય પ્રસંગોથી ભરપૂર રહ્યું છે.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ભૂજમાં હમીર સરોવરને કિનારે સભા ભરીને બિરાજમાન હતા. મહારાજે સંતદાસજીને કહ્યું, "સંતદાસ! હિમાલયના બદ્રિકાશ્રમની દિવ્ય ભૂમિમાં દલુજી નામના યોગભ્રષ્ટ જીવ છે. તેઓ પોતાના શિષ્યોની સાથે યોગાભ્યાસ કરી રહ્યા છે. સત્સંગરૂપી યોગ સિવાય યોગસાધના સફળ થતી નથી, માટે તમે બદ્રિકાશ્રમ જાવ અને દલુજીને સત્સંગ કરાવો."

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા થતાં સતંદાસજીએ તળાવમાં ડૂબકી મારી અને સીધા બદ્રિકાશ્રમ નીકળ્યા. કોઈને પણ મનાય નહિ એવી આ વાત છે, છતાં આ એક યોગીના સામર્થ્યની કથા છે, જેને સામાન્ય બુદ્ધિ માપી શકે એમ નથી!

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા પૂર્ણ કરીને સંતદાસજી મહારાજને કુંડળ થઈને કારિયાણીમાં મળ્યા હતા. નિરાવરણ સ્થિતિનું મૂર્તિમંતરૂપ એટલે સ્વામી સંતદાસજી. સંપ્રદાયના સુપ્રસિદ્ધ ગ્રંથ સત્સંગિજીવનની રચના સદ્ગુરુ શતાનંદસ્વામીએ કરેલી છે.

તમને વહાલું હોય તે આપો!

એક સમયની વાત છે. ભગવાન શ્રી સ્વામિનારાયમના બે મહાન સંતો સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી કચ્છની ધરતી ઉપર વિચરણ કરતાં કરતાં ધુફઈ ગામની સીમમાંથી પસાર થઈ રહ્યા હતા.

એ જ સમયે ધુફઈના સુથાર પરિવારનો એક નાનકડો છોકરો સામે મળ્યો. એના પિતા કોઈની વાડીએ કામ કરવા ગયા હતા. આ છોકરો એને ભાત દેવા જતો હતો. દૂરથી એણે સંતોને જોયા. એને થયું, "અરે! આ તો મારા મામાના સાધુ!"

છોકરાના મામા અંજારમાં રહેતા હતા. એમનો આખો પરિવાર ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિત હતો. મામાને લીધે પૂર્વના આ સંસ્કારી છોકરાને નાનપણથી ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુનો પરિચય હતો. સંતો એને ખૂબ ગમતા.

સંતોને જોતાં જ છોકરો એકદમ દોડીને પાસે આવ્યો. હાથ જોડી વંદન કર્યાં અને કહ્યું, "સ્વામી! ભોજન કરશો?"

મધ્યાહ્ન થવા આવ્યો હતો, સંતોને ભિક્ષા નહિ મળવાથી ત્રણ ત્રણ દિવસના ઉપવાસ હતા. છોકરાનો ભાવ જોઈને સંતોએ જમવાની હા પાડી. બાપનું ભાત છોકરાએ સંતોને જમાડી દીધું. છોકરાનો ભાવ જોઈને સંતો અત્યંત રાજી થયા.

આ મહાપુરુષોએ પરસ્પર આંખોના સંકેતથી વાત કરી, 'આ છોકરાનું આપણે મફતમાં ન જમાય, આપણે એને કંઈક આપવું જોઈએ. '

સ્વરૂપાનંદસ્વામીએ છોકરાને કહ્યું, "બેટા! તેં અમને જમાડીને તૃપ્ત કર્યાં માટે માગ્ય, તારે શું જોઈએ? તું જે માગીશ તે અમે આપશું."

નાના છોકરાને કાંઈ માગવાનું સૂઝ્યું નહિ, પણ આ યોગભ્રષ્ટ જીવના અંતરના સંસ્કારોએ એને પ્રેરણા કરી. છોકરો બોલ્યો, "સ્વામી! મારે બીજું તો કાંઈ નથી જોઈતું, પણ જો તમે રાજી થયા હો તો તમને વહાલું હોય તે મને આપો!"

બન્ને મહાપુરુષો આશ્ચર્યથી એકબીજાની સામે જોવા લાગ્યા અને વિચારવા લાગ્યા, 'અરે! આ છોકરાએ કેવી અદ્‌ભુત માગણી કરી! આપણને તો ભગવાન સિવાય કાંઈ વહાલું નથી! માટે આપણે એને ભગવાન આપીએ!'

ફરીથી એ જ આંખોના સંકેતથી વાતો થઈ ગઈ. સ્વરૂપાનંદસ્વામીએ નાનકડાં છોકરાનાં મસ્તક ઉપર હાથ મૂક્યો અને કહ્યું, "જા, બેટા! અમને વહાલા ભગવાન છે, તે આજથી તને દીધાં!"

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને જેમ દિવ્યદૃષ્ટિ આપી હતી, એમ સંતોની કૃપાથી આ છોકરાને દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થઈ. નાનાં બાળકનાં અંતરમાં મહારાજની મૂર્તિ અખંડ દેખાવા લાગી!

ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યાં જ્યાં વિચરતાં હોય, જે જે લીલાઓ કરતા હોય, એ બધું જ એને કચ્છમાં બેઠાં બેઠાં દેખાવા લાગ્યું. મહારાજ જે જે જ્ઞાનવાર્તા કરે, તે તે એને કચ્છમાં બેઠાં બેઠાં સંભળાવા લાગી.

આમ, મહાન સંતોની કૃપાથી છોકરાને દૂરદર્શન અને દૂરશ્રવણની સિદ્ધિ પ્રાપ્ત થઈ. આ દૂરદર્શન અને દૂરશ્રવણની સિદ્ધિનું કારણ હતું, સત્પુરુષોની કૃપા. આ જ બાળક મોટો થતા સાધુ થયો, નામ રાખવામાં આવ્યું 'અચ્યુતદાસસ્વામી'

કચ્છમાં અનેક મહાન સંતો થયા છે. સ્વામી અચ્યુતદાસજી એમાંના એક છે. એમના અનેક પ્રસંગો સંપ્રદાયના ઇતિહાસમાં પ્રસિદ્ધ છે.

નોંધ - સ્વામી અચ્યુતદાસજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં લીલાચરિત્રોથી ભરપૂર 'શ્રીપુરુષોત્તમ લીલામૃત સુખસાગર'(કચ્છલીલા) નામે સુંદર ગ્રંથ લખ્યો છે.

માંડવીનો ખૈયો ખત્રી

કચ્છના માંડવીમાં ખૈયા ખત્રી નામે રંગરેજ રહેતા હતા. તેઓ કપડાં ઉપર રંગબેરંગી ભાત્યો ભરવામાં ભારે કુશળ હતા.

ખૈયા ખત્રી અદ્વૈત વેદાંતમાં પારંગત હતા. તેઓને જ્ઞાનક્ષેત્રે શાસ્રાર્થ કરવાનો જબરો શોખ હતો. વાદ-વિવાદમાં તેઓ બીજાને પરાજિત કરવામાં પાવરધા હતા. માંડવીમાં તેમનો સારો એવો શિષ્ય-સમુદાય હતો.

ખૈયો ખત્રી કપડાં ઉપર ભાત્ય ભરવામાં જેવા કુશળ હતા, એવા જ શિષ્યોના હૃદયમાં જ્ઞાનની ભાત્યું ઉપસાવવામાં પણ કુશળ હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે એણે ઘણું સારું-નરસું સાંભળ્યું હતું. ખૈયા ખત્રીને મનમાં ડોડ હતો કે, 'જો અવસર મળે તો સ્વામિનારાયણ સાથે શાસ્રાર્થ કરવો, એને પરાજિત કરવા અને શિષ્ય બનાવવા.' ભગવાનની ઇચ્છાથી એ અવસર આવી પહોંચ્યો.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ કચ્છમાં વિચરણ કરતાં કરતાં માંડવી પધાર્યા હતા.

ખૈયા ખત્રીએ આ વાત સાંભળી. એમણે અગાઉથી ભગવાન શ્રી સ્વામિનારાયણને સંદેશ મોકલી શાસ્રાર્થનો પડકાર ફેંક્યો.

શાસ્ત્રાર્થમાં ખૈયા ખત્રીએ શરત મૂકી હતી કે, 'જો સ્વામિનારાયણ હારે તો એમણે મારા શિષ્ય થવું અને જો હું હારું તો મારે એમના શિષ્ય થવું.'

ખૈયાની શરત સાંભળી ભગવાન શ્રી સ્વામિનારાયણ હસ્યા. એમણે પ્રેમથી ખૈયા ખત્રીને શાસ્રાર્થ કરવા આવવાનું કહેણ મોકલ્યું.

ખૈયા ખત્રી શાસ્રાર્થ કરવા આવે એ પહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણે એક અનોખી લીલા કરી. એમણે બ્રહ્માનંદસ્વામીને કહ્યું, "સ્વામી! આજે અમારી ગાદીએ તમે બેસો, અમે નીચે બેસીશું. ખૈયાએ અમને જોયા નથી, અમને ઓળખતા નથી,

એટલે એ તમને જ સહજાનંદસ્વામી ધારી લેશે અને પ્રશ્નો પૂછશે."

"ખૈયો પ્રશ્ન કરે ત્યારે તમારે અમારા તરફ આંગળી ચીંધીને ખૈયાને એટલું જ કહેવું કે, આવા સાધારણ પ્રશ્નના જવાબ તો આ અમારા નાના સાધુ આપશે. બસ, ત્યાર પછીની બાજી અમે સંભાળી લેશું."

બ્રહ્માનંદસ્વામી હસીને બોલ્યા, "ભલે મહારાજ! એવું હોય તો આજે હું પણ થોડો ભગવાન થવાનો લ્હાવો લઈ લઉં!" આમ કહીને તેઓ મહારાજની ગાદીએ બેઠા.

બ્રહ્માનંદસ્વામીનું શરીર રજવાડી અને પ્રભાવશાળી હતું અને સહજાનંદસ્વામી સાવ સુકલકડી હતા. બ્રહ્માનંદસ્વામી ભગવાનની ગાદીએ ભારે શોભતા હતા. સુકલકડી સહજાનંદસ્વામી સંતોની આગલી હરોળમાં બેઠા હતા!

થોડી વારમાં ખૈયા ખત્રી પોતાના શિષ્યવૃંદ સાથે આવી પહોંચ્યા. અભિમાનમાં અટંટ એ રંગરેજ વંદનનો વિવેક દાખવ્યા સિવાય પગ ઉપર પગ ચડાવી સામે બેસી ગયા. એ જ સમયે ખૈયાની મા પણ સભામાં આવ્યા હતા અને બહેનોની સભામાં બેસી ગયા હતા. આજે એને પણ પોતાનાં પુત્રનો પ્રભાવ અને સહજાનંદસ્વામીનો પરાજય નજરે નિહાળવો હતો. આ બાજુ ખૈયા ખત્રીએ બ્રહ્માનંદસ્વામીને જ સહજાનંદસ્વામી માની લીધા અને વેદાંતના ગહન પ્રશ્નો પૂછવાની શરૂઆત કરી.

બ્રહ્માનંદસ્વામી ઠાવકું મોઢું રાખીને બોલ્યા, "ખૈયા! અમે તો તમને મહાજ્ઞાની માન્યા હતા, પણ તમારા પ્રશ્નો તો બાળપોથી જેવા નીકળ્યા. આવા સામાન્ય પ્રશ્નોનો જવાબ તો આ અમારા નાના સાધુ આપશે!" આમ કહીને બ્રહ્માનંદસ્વામીએ સુકલકડી નાના સાધુ તરફ આંગળી ચીંધી દીધી!

બ્રહ્માનંદસ્વામીના વચનથી ખૈયા ખત્રીના અભિમાન ઉપર ગહેરી ચોટ પહોંચી, એ સમસમી રહ્યા અને સુકલકડી સાધુ તરફ નજર માંડી.

સુકલકડી સંતના મુખ ઉપર અનોખા તેજોવલય રમી રહ્યાં હતાં. ખૈયા ખત્રીનું મન એ દિવ્યમૂર્તિ સંતમાં આકર્ષણ અનુભવવા માંડ્યું.

નાના સાધુના વેશમાં રહેલા સહજાનંદસ્વામી ખૈયા ખત્રીના વેદાંતના ગહન પ્રશ્નોનો યથાર્થ ઉત્તર આપવા માંડ્યા. એક એક ઉત્તર ખૈયા ખત્રીના અંતરને સ્પર્શી જતો હતો.

જવાબ સાંભળતાં સાંભળતાં એનું મન હાલકડોલક થવા માંડ્યું હતું. એના અંતરમાં એક અવાજ ઊઠતો હતો કે, "દેખાવ ઉપરથી તો ગાદીએ બેઠા છે એ સહજાનંદસ્વામી લાગે છે, પણ જવાબ ઉપરથી તો આ સુકલકડી સંત સહજાનંદસ્વામી હોય એવું જણાય છે!" ખૈયા ખત્રીની પ્રશ્ન પરંપરા ચાલુ હતી. સહજાનંદસ્વામીની ઉત્તર પરંપરા પણ ગંગાના પ્રવાહની જેમ વહેતી હતી.

ખૈયા ખત્રીના પ્રશ્નોના જવાબ તો મહારાજ આપી રહ્યા હતા, પરંતુ મહારાજ જે પ્રતિપ્રશ્નો કરતા હતા એનો ઉત્તર ખૈયા ખત્રી આપી શકતા ન હતા. એનું મન હાર કબૂલવા લાગ્યું હતું. ખૈયાના મનમાં ફરી ફરીને થતું હતું કે, 'ઊંચે આસને બેઠા છે એ સહજાનંદ કે નીચે બેઠા છે એ સહજાનંદ?'

એણે ધીરે રહીને પોતાના સાથીદારના કાનમાં કચ્છી ભાષામાં પૂછ્યું, "બેલી! મથે વઠો આય ઈ સહજાનંદ કે નીચે વઠો આય સે સહજાનંદ? બીમેથી ક્યો સહજાનંદ?" (આ બે માંથી સહજાનંદસ્વામી કોણ? ઉપર બેઠો છે એ કે નીચે બેઠો છે એ?)

સાથીદારે ધીરે રહીને જવાબ દીધો, "માલિક! સહજાનંદ હકડો આઈ, બી નાઈ. બીમોથી કેર સહજાનંદ આઈ તે સમજ નતીપે." (માલિક! સહજાનંદ એક છે, બે નથી. પણ બે માંથી કોણ છે? તે હું જાણી શકતો નથી.)

આજ સમયે ખૈયા ખત્રીની મા બાઈઓની સભામાં બેસીને આ સંવાદ સાંભળી રહ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની ઉત્તર દેવાની છટા ડોસીના દિલમાં વસી ગઈ હતી. આતમના અજવાળે એમણે સહજાનંદસ્વામીને ઓળખી લીધા હતા. 'સહજાનંદસ્વામી ભગવાન છે' એવો નિશ્ચય એને થઈ ચૂક્યો હતો. પોતાના દીકરાનો પરાજ્ય એણે કબૂલી લીધો હતો. બાઈઓની સભામાંથી તેઓ એકદમ ઊભા થઈ ગયા અને બોલ્યા, "ખૈયા! છેતરાજ મ, મથેવાળો ન, નીચે વઠો આઈ સે જ સહજાનંદ આઈ."(ખૈયા! છેતરાતો નહીં. ઉપર બેઠો એ સહજાનંદ નથી, નીચે બેઠો એ સહજાનંદ છે.)

ભગવાનની ગાદીએ બેઠેલા બ્રહ્માનંદસ્વામીથી પણ હવે ભગવાનની ગાદીએ બેસવાનું માફક આવતું ન હતું. 'આ સહજાનંદ કે તે સહજાનંદ?' એમ ચકરાવે ચડેલા ખૈયાના મનને શાંત કરવા માટે એ શીઘ્રકવિએ કીર્તન ઉપાડ્યું...

સહજાનંદ સુખકારી રે...સલૂણી છબી,
સહજાનંદ સુખકારી રે... ટેક.
વેદાંતી અરૂપી કે'છે, ન્યાય અનુમાને લે છે;
તે વા'લો સંતોમાં રે'છે રે...સલૂણી..૧
નિગમ કહે અનુમાને, મુનિવરને ના'વે ધ્યાને;
વા'લો તે આ ભીને વાને રે..સલૂણી..૨
સર્વ કરતા સર્વાધારો, સર્વમાંહી સર્વથી ન્યારો;
પ્રગટ રૂપ તે આ પ્યારો રે.. સલૂણી..૩
જગજીવન અંતરજામી, નામ સર્વનો છે નામી;
તે આ બ્રહ્માનંદનો સ્વામી રે.. સલૂણી..૪

ખૈયા ખત્રીના અંતરમાંથી પોતાના જ્ઞાનનું અભિમાન ઓગળી ગયું હતું! એણે પોતાનો પરાજય કબૂલી લીધો અને આ મહાવેદાંતી ભગવાન શ્રી સ્વામિનારાયણને શરણે થયા. સમસ્ત માંડવી બંદરમાં વાયુને વેગે આ વાત પ્રસરી ગઈ.

દરિયાકાંઠે મીઠી વીરડી!

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ માંડવીના દરિયાકિનારે ખૈયા ખત્રી સાથે જ્ઞાનગોષ્ઠી કરતાં કરતાં વિહરી રહ્યા હતા.

ખૈયા ખત્રીનું મન હજી પણ કંઈક કસોટી કરીને સહજાનંદસ્વામી 'ભગવાન છે કે નહીં?' એની ખાતરી કરવા માગતું હતું. એને કંઈક ચમત્કાર જોવો હતો.

ખૈયા ખત્રીએ મહારાજને કહ્યું, "મહારાજ! મને ખૂબ જ તરસ લાગી છે, કંઈક પાણીની વ્યવસ્થા થાય તો સારું"

ભગવાન શ્રી સ્વામિનારાયણ ખૈયા ખત્રીના મનની વાત જાણી ગયા. એમણે કહ્યું, "ખૈયા! આ દરિયાકાંઠે વીરડો ગાળો, પાણી મળશે, એ પાણીથી પ્યાસ બુઝાવો."

ખૈયા ખત્રીએ કહ્યું, "મહારાજ! દરિયાકાંઠે મીઠું પાણી કેમ મળશે?"

મહારાજે કહ્યું, "અખતરો તો કરો!"

ખૈયા ખત્રીએ વીરડો ગાળ્યો. વીરડામાં પાણી પ્રગટ્યું. ખૈયા ખત્રીએ ચાખ્યું, તો પાણી ટોપરાં જેવું મધુર હતું. એણે પોતાની પ્યાસ બુઝાવી.

અંતર્યામી મહારાજે હસીને મર્મમાં પૂછ્યું, "ખૈયા! હવે તો ખાતરી થઈને!"

ખૈયા ખત્રી ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનનો મર્મ સમજી ગયા, એમણે મહારાજનાં ચરણ પકડ્યાં અને કહ્યું, "હા મહારાજ! પાકી ખાતરી થઈ ગઈ. હવે આ કચ્છી માડુનું મન હાલકડોલક નહીં થાય!" ખૈયા ખત્રીનો જવાબ સાંભળી મહારાજ પ્રસન્ન થયા. આ પ્રસંગની સાક્ષી પૂરતી મીઠી વીરડી આજે પણ માંડવીના દરિયાકાંઠે મોજૂદ છે.

સાંખ્યયોગી રવજીને પરણવાનું મન થયું!

કચ્છમાં વિચરણ કરતાં કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ કાળા તળાવ ગામે પધાર્યા હતા. કાળા તળાવમાં મહારાજના એક ભક્ત રહેતા હતા. એનું નામ રવજી સુથાર હતું. તેઓ સાંખ્યયોગ પાળતા હતા. એક વાર મહારાજે રવજી સુથારને કહ્યું, "રવજી! તું ગામડાંઓમાં વિચરણ કરી સત્સંગ કરાવ."

રવજી સુથારે મહારાજને કહ્યું, "મહારાજ! તમે અનેકને સમાધિઓ કરાવો છો, અનેકને ઐશ્વર્ય આપો છો, તો મને પણ થોડું ઐશ્વર્ય આપો તો હું વિશેષ સત્સંગ

કરાવી શકું."

રવજી સુથારની વાત સાંભળી મહારાજ હસ્યા અને બોલ્યા, "બોલ રવજી! તારે કેવું ઐશ્વર્ય જોઈએ છીએ?"

રવજી સુથારે કહ્યું, "મહારાજ! 'હું બીજાના મન વાંચી શકું' એવું ઐશ્વર્ય મને આપો."

મહારાજે કહ્યું, "રવજી! ઐશ્વર્ય મળવું સહેલું છે, પણ પચાવવું કઠણ છે. તને ઐશ્વર્યની બહુ લાલસા છે એટલે અમે તને બીજાનું મન વાંચવાની શક્તિ આપીએ છીએ, પણ તે પચાવવા માટે તારે કેટલાક નિયમ પાળવા પડશે."

રવજી સુથારે કહ્યું, "મહારાજ! આપ જે કહેશો તે નિયમ પાળીશ."

મહારાજે કહ્યું, "તો સાંભળ! તને આપેલ અંતર્યામી શક્તિનો દુરુપયોગ કરીશ નહીં, બાઈઓની સભામાં કથાવાર્તા કરીશ નહીં, મલિન માણસોના હૃદયને વાંચીશ નહીં અને મનાવા-પૂજાવાથી દૂર રહેજે."

રવજીએ કહ્યું, "મહારાજ! હું બધા નિયમો પાળીશ."

મહારાજે રવજીને અંતર્યામી શક્તિના અંશરૂપ મન વાંચવાનું ઐશ્વર્ય આપ્યું, પણ ખરેખર મહારાજે કહ્યું હતું એમ જ થયું. રવજીને ઐશ્વર્ય પચ્યું નહીં.

મન વાંચવાની શક્તિને લીધે લોકોમાં રવજીની વાહ વાહ થવા લાગી; લોકોના ટોળાં એનાં તરફ ખેંચાવાં લાગ્યાં; લોકો એને માનવા પૂજવા લાગ્યા; પરિણામે ધીરે ધીરે રવજીને અહંકારનો કેફ ચડ્યો; એણે મહારાજના આપેલા બધા જ નિયમો તોડ્યા. એટલું જ નહિ, રવજી પોતે ભગવાન શ્રી સ્વામિનારાયણની જેમ પૂજાવા લાગ્યો.

એક વાર રવજી ભૂજની બજારમાંથી પસાર થતો હતો. રસ્તામાં કોઈ એક પંથનો યુવાન સાધુ ભિક્ષા માગવા માટે નીકળ્યો હતો. યુવાની ઉંમરને લીધે એના અંતરમાં કામવાસનાનો વંટોળ ઊઠ્યો હતો.

યોગાનુયોગ આ સમયે રવજીના મનમાં કુતૂહલવશ આ યુવાન સંતનું મન વાંચવાનો વિચાર થયો. યુવાન સંતના વાસનાદૂષિત મન સાથે રવજીનું મન જોડાયું. આશ્ચર્ય એ થયું કે દૂષિત મનના સંસર્ગથી રવજીનું મન પણ વાસનાના રંગથી રંગાઈ ગયું. હવે રવજી ગમે એટલા ઉપાય કરે, પરંતુ એના ચિત્તમાંથી સ્રી ખસતી ન હતી. એને વારંવાર પરણવાનું મન થયા કરતું હતું.

આ બાજુ બધી વાતની ખબર પડતા મહારાજે એનું ઐશ્વર્ય ખેંચી લીધું. રવજી ધોયેલા મૂળા જેવો થઈ ગયો. લોકો તરફથી માન-સન્માન મળતાં બંધ થયાં, વ્યવહારે પણ ભારે દુઃખી થયો, ખાવાના સાંસા પડવા લાગ્યા.

રવજી ખૂબ પસ્તાયો અને મહારાજ પાસે માફી માગવા આવ્યો. આ સમયે મહારાજ

ગોંડલમાં બિરાજતા હતા.

કચ્છથી નીકળેલો, હારેલો, થાકેલો રવજી મહારાજ પાસે પહોંચ્યો અને મહારાજના પગ પકડી લીધા. મહારાજે હસીને કહ્યું, "કેમ રવજી! ઐશ્વર્યનો સ્વાદ ચાખી લીધો?"

"અમારા ભક્તોએ ધન-સંપત્તિની જેમ ઐશ્વર્યનો મોહ પણ તજવો જોઈએ. બીજાનાં મન સાથે મન જોડવા કરતાં અમારી મૂર્તિમાં મન જોડવું જોઈએ. બીજાનાં મન સાથે મન જોડીને તેં શું ફાયદો કાઢ્યો?"

મહારાજના વેણે વેણે રવજી સુથારનાં અંતરમાં અજવાળાં પથરાઈ રહ્યાં હતાં. રવજી સુથારે કહ્યું, "મહારાજ! તમારું વચન લોપવાથી મારી સ્થિતિ 'નહીં ઘરના, નહીં ઘાટના' જેવી થઈ ગઈ છે. એક બાજુ હું દીનહીન કંગાલ બની ગયો છું, બીજી બાજુ કચ્છના હરિભક્તોને મોંઢું દેખાડી શકતો નથી."

મહારાજને દયા આવી. એમણે રવજી સુથારને માફી આપી. હરભમ સુથારને ભલામણ કરી કે, 'તમે આ રવજીને રહેવા માટે નાનકડું ઘર કરાવી દેજો, બળદ લઈ દેજો, ખેડવા માટે થોડી જમીન દેજો અને કોઈ સારું પાત્ર જોઈને પરણાવી દેજો.'

મહારાજની આજ્ઞા થઈ એટલે હરભમ સુથારે રવજીની આજીવિકાની બધી વ્યવસ્થા કરી આપી.

તારા માથે બે વાર જમપુરી!

એક વાર મહારાજ કચ્છમાં વિચરણ કરતાં કરતાં ફરીથી કાળા તળાવ પધાર્યા હતા અને હરભમ સુથારના ફળિયામાં સભા ભરીને બેઠા હતા. સભામાં દૂર કેટલાક બાઈઓ બેઠી હતી, એમાં રવજી સુથારનાં ઘરવાળા પણ હતાં.

મહારાજ જ્ઞાનવાર્તા કરી રહ્યા હતા, એવામાં ક્યાંકથી ઉંદરડી નીકળી અને રવજી સુથારના ઘરવાળાના પગ ઉપરથી પસાર થઈ ગઈ.

રવજી સુથારના ઘરવાળા એકદમ ભડકીને ભયભીત થઈ ગયા અને બોલી ઊઠ્યા, 'ઓય બાપ રે...' મહારાજ હસીને કહે, "તને ઉંદરડીની આટલી બીક લાગે છે, તો જ્યારે જમ લેવા આવશે ત્યારે તારું શું થશે?"

રવજી સુથારના ઘરવાળા ખૂબ નિષ્ઠાવાળા હરિભક્ત હતા. એમણે મહારાજને કહ્યું, "મહારાજ! હું તો તમારી ભક્ત છું. મને લેવા આવે તો તમે આવો, જમ તો મારાથી સો ગાઉ છેટા રહે!" મહારાજ ગંભીર મુખ રાખીને બોલ્યા, "બીજાને એક વાર જમપુરી, તારે માથે બે વાર જમપુરી!"

મહારાજની વાત સાંભળી રવજી સુથારના ઘરવાળા એકદમ દિલગીર થઈને રડવા

લાગ્યા, હાથ જોડીને બોલ્યા, "મહારાજ! મેં શું ગુનો કર્યો છે કે મારે માથે બે વાર જમપુરી?"

મહારાજ હસીને કહે, "તેં અમારા ભક્તને ઘરમાં રૂંધી રાખ્યો છે. એને વૈરાગ્ય થાય એવું કર્ય, તો તારે માથેથી જમપુરી મટાડી દઉં."

રવજી સુથારના ઘરવાળાએ કહ્યું, "મહારાજ! હું શું કરું તો એને વૈરાગ્ય થાય?"

મહારાજ કહે, "એ જે કહે એથી તારે અવળું જ કરવું."

રવજી સુથારના ઘરવાળા હસીને બોલ્યા, "મહારાજ! એવું તો અમને બૈરાંઓને બહુ જ આવડે. આ તો તમારા ભક્ત થયા, એટલે બધું મૂકી દીધું. હવે તમે આજ્ઞા કરી છે, એટલે થોડા દિવસમાં જ એને વૈરાગ્ય કરાવી દઈશ!"

મહારાજનાં વચને રવજી સુથારના ઘરવાળાએ એવી અવળાઈ આદરી કે થોડા દિવસમાં રવજી સુથાર ત્રાહિમામ્ પોકારી ગયા; એના મનમાંથી સંસારનો મોહ ઊતરી ગયો. આખરે એ મહારાજ પાસે આવ્યા અને હાથ જોડીને બોલ્યા, "મહારાજ! મારે હવે સંસારમાં રહેવું નથી. મને સાધુ કરો."

મહારાજ હસીને બોલ્યા, "કેમ, રવજી! સંસારનો સ્વાદ ચાખી લીધો? સાધુ થયા પછી પાછો સંસાર નહિ સાંભરેને?"

રવજી કહે, "મહારાજ! પરણ્યા પછી મારી બૈરીએ મારા મનનો બધો જ મોહ ઉતારી નાખ્યો છે. હવે પરણવાનું નામ લે એ બીજો!"

મહારાજે હસતાં હસતાં સભા સામે દૃષ્ટિ કરી અને બોલ્યા, "જુઓ, આ રવજીને ખરા ગુરુ મળ્યા! અમારું ન માન્યો, પણ બૈરાંએ વૈરાગ કરાવી દીધો!" મહારાજની વાત સાંભળી બધા હસવા માંડ્યા.

મહારાજે રવજી સુથારને સાધુ કર્યાં અને નામ પાડ્યું, 'રામદાસજી.' તેઓ 'રામદાસજી વૈદ્ય' તરીકે ઓળખાતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણની રીત અલૌકિક હતી. તેઓ ઐશ્વર્ય પણ આપતા, ઐશ્વર્ય ઉપર અંકુશ પણ રાખતા અને આખરે મુમુક્ષુ ભક્તના અંતરમાંથી ઐશ્વર્યનો મોહ પણ ઉતારી નાખતા. પોતાના ભક્તને સર્વ પ્રકારે નિર્વાસનિક કરવા, એ એમનું તાન રહેતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અવારનવાર કચ્છ પધારતા રહેતા હતા અને ઠેર ઠેર વિચરણ કરીને ભાગવત ધર્મના મૂળ મજબૂત કરી રહ્યાં હતાં.

કચ્છથી કાઠિયાવાડ તરફ...

વિક્રમ સંવત ૧૮૬૦ની સાલ હતી, વૈશાખ માસ ઊતરવા આવ્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ કચ્છ-ભૂજના ભક્તજનોની ભાવભરી વિદાય લઈને પાછા સોરઠ દેશ પધાર્યા હતા. સોરઠના ચીરપરિચિત ગામડાંઓમાં વિચરણ કરતાં કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સરધાર પધાર્યા. સરધારમાં મહારાજે જન્માષ્ટમીનો સમૈયો કર્યો.

આ પ્રસંગે કારિયાણીના માંચા ખાચર મહારાજનાં દર્શને આવ્યા હતા. માંચા ખાચર નાનપણથી ભારે મુમુક્ષુ હતા. સત્સંગ થયા મોર પણ એમણે નિષ્કામી વ્રત દૃઢ રાખ્યું હતું. નિષ્કુળાનંદસ્વામીએ ભક્તચિંતામણિમાં માંચા ખાચરના બ્રહ્મચર્યવ્રતને બિરદાવતા કહ્યું છે કે,

ભક્ત માંચો મોટા હરિજન, વાચ કાછ છે નિશ્ચલ મન | ૪ | (ભ.ચિં.પ્ર-૧૧૫)

એ જમાનો મંત્ર, તંત્ર, કામણ, ટૂમણ, વહેમ અને અંધશ્રદ્ધાનો હતો, પરંતુ માંચા ખાચર એમાં ક્યારેય લેવાયા ન હતા. માંચા ખાચર ઉત્તમ સદ્‌ગુરુને શોધતા હતા. રામાનંદસ્વામીના મળવાથી માંચા ખાચરની એ શોધ પૂર્ણ થઈ હતી.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ માંચા ખાચરને ભગવાન શ્રી સ્વામિનારાયણની અસલી ઓળખાણ કરાવી હતી. પરિણામે તેઓ મહારાજના અનન્ય આશ્રિત થયા હતાં. માંચા ખાચરે મહારાજને વિનંતી કરતા કહ્યું, "મહારાજ! કારિયાણીના ભક્તજનો વરસાદની જેમ આપની રાહ જોઈ રહ્યા છે, માટે કારિયાણી પધારવા કૃપા કરો."

મહારાજે કહ્યું, દરબાર! સરધારના ભક્તોને અમે અન્નકૂટ અને પ્રબોધિનીનો સમૈયો અહીં જ કરવાનો કોલ આપ્યો છે. તે પૂર્ણ થયા બાદ અમે અવશ્ય કારિયાણી આવીશું અને વસંતોત્સવ કારિયાણીમાં કરીશું.

મહારાજે કારિયાણી પધારવાનો કોલ દીધો, એટલે માંચા ખાચરના અંતરમાં અત્યંત આનંદ થયો. માંચા ખાચર મહારાજની રજા લઈ, સરધારથી નીકળી પોતાને ગામ કારિયાણી નહીં જતાં સીધા ગઢપુર ગયા.

પરમાત્મા પ્રગટ થઈ ચૂક્યા છે!

ગઢપુરપતિ એભલ ખાચર માંચા ખાચરના અનન્ય મિત્ર હતા. પ્રિય વસ્તુ મળે, તો મિત્રો પરસ્પર વહેંચે. એ ન્યાયે માંચા ખાચરના મનમાં હતું કે, 'મને પ્રગટ મળ્યા છે તેનો પરિચય મારા મિત્ર એભલ ખાચરને પણ થાય, તો એનો જન્મારો પણ સુધરી જાય!' આમ વિચારતાં વિચારતાં માંચા ખાચર ગઢપુર પહોંચ્યા એ અરસામાં એભલ ખાચર રામાયણની કથાનું શ્રવણ કરી રહ્યા હતા.

ગઢપુરપતિ દરબાર એભલ ખાચર સ્વભાવે ભારે શૂરવીર, ઉદાર અને ભોળા હતા. તેઓને ભગવદ્ કથાશ્રવણમાં ભારે પ્રીતિ હતી, તેથી તેઓ મહારાજા પરીક્ષિતનો અવતાર ગણાતા.

એભલ ખાચરને બે પત્નીઓ હતા. સુરપ્રભા અને સોમપ્રભા. ચાર દીકરીઓ હતી - જીવુબા, લાડુબા, નાનુબા અને પાંચુબા. એક નાનો કુમાર હતો, જેનું નામ ઉત્તમ હતું. લાડમાં બધા એને દાદા ખાચર કહીને બોલાવતા હતા. એભલ ખાચરનો પૂરો પરિવાર સદાચારી અને ભક્તિપરાયણ હતો.

પોતાના પ્રિય મિત્ર માંચા ખાચરને આવેલા જોઈને એભલ ખાચરને અત્યંત આનંદ થયો. બન્ને મિત્રો એકબીજાને બાથમાં લઈને મળ્યા. બન્નેની આંખોમાંથી આનંદના અશ્રુઓનો પ્રવાહ વહેવા લાગ્યો.

પ્રસંગોપાત્ ચાલી રહેલ રામાયણની કથાના અનુસંધાને એભલ ખાચરે માંચા ખાચરને પ્રશ્ન કર્યો, "દરબાર! ઘોર અધર્મ વધે ત્યારે ભગવાન અવતાર ધારણ કરે છે. અત્યારે ચારે બાજુ અધર્મ વધેલો છે. શું આજે ક્યાંય ભગવાન પ્રગટ્યા હશે?"

માંચા ખાચરે કહ્યું, "દરબાર! પ્રગટ્યા હશે એમ નહીં, પ્રગટી ચૂક્યા છે!"

માંચા ખાચરના મુખેથી ભગવાન પ્રગટ્યાની વાત સાંભળતા જ સર્વેના હૈયાં વિશેષ જાણવા માટે ઉત્સુક થયાં. માંચા ખાચરે કહ્યું, "નરેશ! ભૂત-ભવિષ્યની વાત નથી, વર્તમાનકાળની વાત છે. બોલતા-ચાલતા ભગવાન હાલમાં સરધારમાં બિરાજે છે. હું એમનાં દર્શન કરીને જ અહીં આવ્યો છું!"

એભલ ખાચરે કહ્યું, "દરબાર! ઘણા લોકો પોતાના ગુરુને ભગવાન કહેતા હોય છે, એમ તમે પણ તમારા ગુરુને ભગવાન કહેતા હો એવું લાગે છે. મારો સવાલ ગુરુ અંગેનો નથી, મારો સવાલ સ્વયં ભગવાનના અવતાર અંગેનો છે."

માંચા ખાચરે કહ્યું, "દરબાર! હું પણ માત્ર ગુરુની વાત નથી કરતો, ગુરુરૂપે અવતરેલા ભગવાનની વાત કરું છું."

"રાજન્! ભાગવતજીમાં પૃથ્વી અને ધર્મના સંવાદમાં કહ્યું છે કે ભગવાન ક્યારેક રાજારૂપે અવતરે છે, ક્યારેક સાધુરૂપે અવતરે છે. ભગવાન જ્યારે રાજારૂપે અવતરે ત્યારે એમાં ઓગણચાલીસ લક્ષણો હોય છે. ભગવાન જ્યારે સાધુરૂપે અવતરે ત્યારે એમાં ત્રીસ લક્ષણો હોય છે."

"સાધુ અથવા તો સદ્‌ગુરુને ભગવાન કહેવા, એ તો લોકવ્યવહાર છે. આદર ખાતર સદ્‌ગુરુ માટે ભગવાનનો શબ્દપ્રયોગ થઈ શકે છે, પરંતુ ભગવાન સ્વયં સદ્‌ગુરુરૂપે અવતરે એ વાત જ સાવ અલગ છે."

"ભગવાન ધારે તો રાજારૂપે પણ અવતરે અને સંતરૂપે પણ અવતરે, પરંતુ હજારો રાજાઓ કે ગુરુઓ ભેગા થાય તો પણ તે ભગવાનની તોલે આવી શકતા નથી. દરબાર! હું જેમની વાત કરું છું તે માત્ર ગુરુ નથી, ભગવાન સ્વયં ગુરુનું રૂપ ધરીને પૃથ્વી ઉપર પધાર્યા છે."

માંચા ખાચરને વેણે વેણે એભલ ખાચરના પરિવારના અંતરમાં ગુરુ અને ગુરુરૂપે પ્રગટેલા ભગવાનનો ભેદ સ્પષ્ટ થઈ રહ્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના અલૌકિક અવતરણની વાત સમજાવતા માંચા ખાચરે શાસ્ત્રોએ કરેલી ભવિષ્યવાણીની વાત કરી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના ભગવાનપણાને સિદ્ધ કરનારા અન્ય કારણોને જણાવતા માંચા ખાચરે કહ્યું, "દરબાર! સામુદ્રિક શાસ્ત્રમાં લખ્યું છે, કે ભગવાન જ્યારે અવતાર ધારણ કરે ત્યારે એમના શરીરમાં કેટલાંક લોકોત્તર ચિહ્નો હોય છે. મેં મારી નજરે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં શરીરમાં રહેલાં આ દિવ્ય ચિહ્નોનાં દર્શન કર્યાં છે!"

"ભગવાન શ્રી સ્વામિનારાયણ હજારો જીવને સમાધિ કરાવે છે. ગોલોક, વૈકુંઠ વગેરે દિવ્યધામોનાં દર્શન કરાવે છે અને પોતપોતાનાં ઈષ્ટદેવનાં પણ દર્શન કરાવે છે. આવું અસાધારણ ઐશ્વર્ય ભગવાન સિવાય બીજે સંભવે નહીં."

"સેંકડો મોટા મોટા સિદ્ધ સંતોએ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં નામે ભેખ લીધો છે અને એમના ગુલામ થઈને રહે છે. એભલ બાપુ! આવા મહાન સંતો જેની આંખના ઈશારે નાચે એને ભગવાન ન કહેવાય તો શું કહેવાય?"

"ભગવાન શ્રી સ્વામિનારાયણના નેણ અને વેણમાં કોણ જાણે કેવું કામણ છે, કે ભલભલા ચોર, લૂંટારા, હત્યારા એમના યોગમાં આવતા જ ભરાડીમાંથી ભગત થઈ જાય છે! દારૂ-માંસ હરામ કરે છે અને પંચ વર્તમાન પાળતા થઈ જાય છે."

"ભગવાન શ્રી સ્વામિનારાયણ સેંકડો ગાઉ દૂર બેઠેલા પોતાના ભક્તજનોને દર્શન આપે છે, એના હાથનો થાળ જમે છે અને એની રક્ષા કરે છે."

"ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના ભક્તજનોને અંત સમયે દર્શન દઈને પોતાનાં દિવ્ય અક્ષરધામમાં તેડી જાય છે. દરબાર! આવું તો ક્યારેય કોઈએ દીઠું પણ નથી અને સાંભળ્યું પણ નથી!"

દરબાર શ્રી માંચા ખાચર ભગવાન શ્રી સ્વામિનારાયણના અલૌકિક ઐશ્વર્ય-પ્રતાપની કથાવાર્તાનો રસ વરસાવી રહ્યા હતા. એભલ ખાચરના દરબારમાં રામાયણનો સત્સંગ બરાબર જામ્યો હતો. એભલ ખાચરનો સમસ્ત પરિવાર માંચા ખાચરની વાત સાંભળવામાં તલ્લીન થયો હતો. માંચા ખાચરની સત્યનિષ્ઠા અને વિવેકબુદ્ધિ ઉપર સર્વને ભરોસો હતો અને એટલે જ સમસ્ત એભલ પરિવારના અંતરમાં ભગવાન શ્રી

સ્વામિનારાયણ માત્ર ગુરુ નથી, પણ પ્રગટ ભગવાન છે એવો દૃઢ નિશ્ચય થઈ રહ્યો હતો. હવે એ સર્વેનાં મન પ્રગટ ભગવાનનાં દર્શન માટે ઝંખવાં લાગ્યાં.

એભલ ખાચરે પૂછ્યું, "મિત્રવર! આ પ્રગટ ભગવાનનાં દર્શન અમને ક્યારે થશે?"

માંચા ખાચરે કહ્યું, "મહારાજે મને કારિયાણી પધારવાનો કોલ આપ્યો છે. એ પધારશે ત્યારે હું આપને અવશ્ય કારિયાણી તેડાવીશ, આપનો મનોરથ પૂર્ણ થશે."

થોડો સમય ગઢપુરમાં રોકાઈને માંચા ખાચર કારિયાણી ગયા, પણ જતાં જતાં આ સમગ્ર પરિવારના અંતરમાં હરિદર્શનની અમાપ પ્યાસ જગાડતા ગયા.

કારિયાણી પધારવાનો કોલ પૂરો કર્યો

આ બાજુ માંચા ખાચરને આપેલો કોલ પૂરો કરવા ભગવાન શ્રી સ્વામિનારાયણ કારિયાણી પધાર્યા અને માંચા ખાચરના દરબારગઢમાં ઉતારા કર્યા. માંચા ખાચરના ભત્રીજા વસ્તા ખાચર પણ મહારાજના અનન્ય આશ્રિત હતા. વસ્તા ખાચરના પત્ની સીતબાઈ તો ભક્તિનું મૂર્તિમંત રૂપ હતા.

કારિયાણીમાં રામ ખાચર, વેલો ખાચર, માતરો ધાધલ, કણબી વીરદાસ, રાઘવ, સુથાર લાલજી, લાધો દરજી, જેરામ લુહાર, હીરો દલવાડી વગેરે અનેક ભક્તજનો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા.

મહારાજ જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં જ્ઞાનવાર્તા, સમૈયા-ઉત્સવ અને હરિરસની હેલી અવશ્ય વર્તતા હોય. સાથોસાથ લોકકલ્યાણનાં સેવાકાર્યોની સરિતા પણ સહજ વહેતી રહેતી હોય.

કારિયાણીમાં મહારાજે વસંતોત્સવ કર્યો. આ સમયે હજારો હરિભક્તો ભેગા થયા હતા. માંચા ખાચરે ગઢપુરપતિ એભલ ખાચરને પણ સપરિવાર કારિયાણી તેડાવ્યાં હતાં.

ઉનાળાની તપેલી ધરતી જેમ વરસાદની રાહ જોતી હોય, એમ એભલ ખાચરનો સમસ્ત પરિવાર મહારાજનાં દર્શનની રાહ જોઈ રહ્યો હતો.

એભલ ખાચર પોતાના સમસ્ત પરિવાર સાથે ઉતાવળી ગતિએ કારિયાણી આવ્યાં. મહારાજની તેજસ્વી, પ્રેમાળ અને શાંત મુખછબીનાં દર્શન કરતાં સર્વનાં નેત્ર કૃતાર્થ થયાં; સર્વનાં હૈયામાં અત્યંત ટાઢક થઈ ગઈ. એમાંય લાડુબા અને જીવુબાની ભાવદશા તો કાંઈક જૂદી જ હતી.

ગઢપુરમાં માંચા ખાચરના મુખેથી મહારાજનો મહિમા સાંભળ્યા પછી આ બહેનોએ જ્યાં સુધી મહારાજનાં દર્શન ન થાય, ત્યાં સુધી આકરી તપશ્ચર્યા કરવાના નિયમો લીધા હતા.

મહારાજનાં દર્શન કરતાં કરતાં એમના નેત્રોમાંથી અશ્રુઓની ધારા વહી રહી હતી. જાણે સાગરથી વિખૂટી પડેલી સરિતાઓ પાછી સાગરમાં સમાઈ રહી હતી.

એભલ ખાચરે બે હાથ જોડી મહારાજને વિનંતી કરી, "મહારાજ! ગઢપુરની ધરતી આપની રાહ જુએ છે. કૃપા કરી પધારો ને અમને સર્વને પાવન કરો."

ગઢપુરપતિનો ભાવ જોઈને મહારાજે કહ્યું, "દરબાર! થોડા દિવસ પછી અમે અવશ્ય ગઢપુર આવીશું. હુતાશનીનો સમૈયો અને ફૂલડોલ મહોત્સવ અમે ગઢપુર કરીશું."

મહારાજનો કોલ મળતા અભય પરિવારનાં અંતરમાં આનંદનો પાર ન રહ્યો.

કારિયાણીમાં તળાવ ગળાવ્યું

કાઠિયાવાડની પથરાળ ધરતીમાં પાણીની કાયમ માટે અછત રહેલી છે. એમાંય કાળ-દુકાળે તો પરિસ્થિતિ વધારે વિકટ બનતી હોય છે.

જળ જીવન છે. મનુષ્ય, પશુ, પંખી સર્વ માટે ભોજન અને પાણી અનિવાર્ય છે. મનુષ્ય, પશુ, પંખીઓ સુખેથી જીવનનિર્વાહ કરી શકે એ માટે મહારાજ જ્યાં જ્યાં વિચરણ કરતા ત્યાં અન્ન, ચણ, દાણાપાણીની પૂર્તિની સેવાની પ્રવૃત્તિઓ નિરંતર કરતા રહેતાં હતા.

કારિયાણી અને આસપાસના વિસ્તારમાં જળની સમસ્યા દૂર કરવા માટે કરુણાસાગર મહારાજે અહીં સુંદર તળાવ ખોદાવ્યું હતું.

જૂનો જમાનો હતો. જમીન ખોદવા માટે આજે જેવાં સાધનો ઉપલબ્ધ છે, તેવાં સાધનો ત્યારે ઉપલબ્ધ ન હતાં. તળાવ ગાળવા માટે પહેલાં હળ હાંકીને ધરતી ખેડવામાં આવતી, પછી ટોપલે ટોપલે માટી કિનારે કરવામાં આવતી. સેંકડો મનુષ્યો આ સેવાયજ્ઞમાં જોડાય ત્યારે તળાવનું કાર્ય પૂર્ણ થતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે કારિયાણીમાં આવો જ સેવાયજ્ઞ આરંભ્યો. સંતો અને હરિભક્તો આ સેવાયજ્ઞમાં જોડાયા. સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ માટીના ટોપલા પોતાનાં માથા ઉપર લેતાં હતાં. મહારાજની આવી સક્રિય ઉપસ્થિતિ સર્વના અંતરમાં સેવાનો ઉત્સાહ અનેકઘણો વધારી દેતી હતી.

કારિયાણીમાં આ તળાવ ગાળવાનું કામ ત્રણ વર્ષ સુધી ચાલ્યું હતું. દરમિયાન મહારાજ અવારનવાર કારિયાણી પધારતા રહેતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે તળાવમાં બેય બાજુ બે કૂવા ગળાવ્યા હતા, જેનાં નામ 'રામકુંડ' અને 'ભીમકુંડ' પાડ્યાં હતાં. ઉનાળામાં કદાચ તળાવમાં પાણી ન હોય, તો પણ આ બન્ને કુંડોમાં પાણી અચૂક રહેતું.

તળાવનું કામ પૂર્ણ થયું, ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે ભવ્ય પૂર્ત મહોત્સવ અને મહાવિષ્ણુયાગ તથા મહારુદ્ર યાગ કરાવ્યા હતા. આ પ્રસંગે હજારો નરનારીઓ એકઠાં થયાં હતાં. મહારાજે સર્વને પંચવર્તમાન પાળવાની અને રંતિદેવ રાજાની પેઠે કરુણાપૂર્ણ પરોપકારી જીવન જીવવાની પ્રેરણા આપી હતી.

ગઢપુરમાં ઐતિહાસિક આગમન

કારિયાણીમાં વસંત મહોત્સવપૂર્ણ કરી મહારાજ ગઢપુર તરફ જવાની તૈયારી કરી રહ્યા હતા. વિક્રમ સંવત ૧૮૬૧ની સાલ હતી. ફાગણ માસ હતો; શુક્લપક્ષ હતો; એકાદશીનો મંગલ દિવસ હતો. સદ્‌ગુરુ રામાનંદસ્વામીના અંતર્ધાન બાદ આશરે ત્રણ વર્ષ પછી ભગવાન શ્રી સ્વામિનારાયણની ગઢપુર ખાતે ઐતિહાસિક પધરામણી થઈ રહી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણની ઉંમર માત્ર ચોવીસ વર્ષની હતી.

ગઢપુરપતિ એભલ ખાચર અને એમના પરિવારનો પ્રેમ ભગવાન શ્રી સ્વામિનારાયણને અહીં ખેંચી લાવ્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વાગત માટે એભલ ખાચરે આખું નગર શણગાર્યું હતું. વાજતેગાજતે મહારાજનાં સામૈયાં કર્યાં હતાં અને પોતાના દરબારગઢમાં પધરાવ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે એભલ ખાચરના સમસ્ત પરિવારની અનન્ય ભક્તિ, શ્રદ્ધા અને સમર્પણ અજોડ હતાં. ગઢપુરવાસીઓનો પ્રેમ વ્રજવાસીઓના પ્રેમને પણ ટક્કર મારે તેવો હતો.

એભલ ખાચરની પુત્રીઓ જીવુબા, લાડુબા વગેરે પ્રેમ, ધ્યાન અને જ્ઞાનની દૃષ્ટિએ શ્રેષ્ઠ યોગિનીઓ જેવું જીવન જીવતા હતા. એમણે સંસારના સુખો હરામ કરી, આજીવન સાંખ્યયોગના વ્રત લીધા હતાં. તેઓ નાની ઉંમરે જીવનમુક્ત દશાને પામ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી જીવુબા અને લાડુબાને નિરાવરણ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી, પરિણામે ભગવાન શ્રી સ્વામિનારાયણ ગમે તે પ્રદેશમાં વિચરણ કરતા હોય તો પણ આ બહેનો ગઢપુરમાં બેઠાં બેઠાં એમનાં દર્શન કરી શકતા હતા; એટલું જ નહીં એમના જોગમાં આવેલા અનેક બહેનોને પણ આવી ઉત્તમ દશા પ્રાપ્તિ થઈ હતી.

એભલ ખાચરના સુપુત્ર દાદા ખાચરની તો વાત સાવ અનોખી હતી. તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય સેવક હતા. ભગવાન શ્રીકૃષ્ણની પાસે જેમ અર્જુન હતા, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે દાદા ખાચર હતા.

દરબાર એભલ ખાચરે પોતાનાં ધન, ધરા અને ધામ ભગવાન શ્રી સ્વામિનારાયણને

ચરણે ધરી દીધાં હતાં. ભગવાન શ્રી સ્વામિનારાયણે એભલ ખાચરના પરિવારજનોની ભારે કસોટીઓ પણ કરી હતી, પરંતુ આ પરિવાર એ કસોટીઓમાં સોળવલા સુવર્ણ જેવો શુદ્ધ નીવડ્યો હતો. ગઢપુરવાસીઓના નિર્મળ પ્રેમને લીધે ભગવાન શ્રી સ્વામિનારાયણને ગઢપુર સાથે અનોખો નાતો બંધાયો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે એકધારા સાત વર્ષ સુધી વનવિચરણ કર્યું હતું. લોજ પધાર્યા બાદ પણ એમનું વિચરણ અવિરત ચાલુ હતું.

સમસ્ત એભલ પરિવાર તથા ગઢપુરવાસીઓના પ્રેમને આધીન થઈને ભગવાન શ્રી સ્વામિનારાયણે તીર્થભૂમિ ગઢપુરમાં કાયમી નિવાસ કરવાનું સ્વીકાર્યું હતું અને ગઢપુરને ભાગવતધર્મ પ્રવર્તનનું કેન્દ્ર બનાવ્યું હતું. ક્યાંય એક ગોદોહન માત્ર સ્થિર નહીં થયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢપુરમાં ત્રીસ-ત્રીસ વર્ષ સુધી નિવાસ કર્યો હતો. પંખી જેમ ફરી ફરીને માળે આવે, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ દેશ-દેશાંતરમાં વિચરણ કરીને પાછા ગઢપુર આવી જતા હતા.

આ લીંબડા નીચે ભગવાન બેસશે!

એક સમયની વાત છે. દાદા ખાચરના પિતા એભલ ખાચર ભેંસો લેવા માટે નાઘેર પ્રદેશ બાજુ ગયેલા. રસ્તામાં ઊના પાસેના ઉમેજ ગામની વાડીએ એભલ ખાચર ઘોડાને પાણી પાવા ગયા.

વાડીમાં ખેડૂત કોસ હાંકી રહ્યો હતો. બાપુ પોતાના ઘોડાને કુંડીએ પાણી પાઈ રહ્યા હતા. એ જ સમયે થોડે દૂર વૃક્ષના છાંયડામાં બે સંન્યાસીઓ બેઠા હતા. એકનું નામ બાળાનંદ હતું અને બીજાનું નામ વિઠ્ઠલાનંદ હતું. બન્ને બાપ-દીકરો હતા અને મહાસમર્થ સિદ્ધ આત્માનંદસ્વામીના શિષ્ય હતા. આમની અદ્‌ભુત ચમત્કારિક કથા આપણે આત્માનંદસ્વામીના જીવન પ્રસંગે જોઈ ગયા છીએ.

પાણીના ધોરિયાને કાંઠે બેઠેલા બન્ને સંન્યાસીઓ પરસ્પર વાત કરી રહ્યા હતા. વાત કરતાં કરતાં વિઠ્ઠલાનંદે હાથમાં પથ્થરની કાંકરી લીધી અને ધોરિયા પાસેના લીંબડાના એક છોડ તરફ ફેંકી અને આગમ ભાખતા હોય તેમ બોલ્યા, “દેખો બાળાનંદ! આ લીંબડાના છોડ નીચે ભવિષ્યમાં પ્રગટ ભગવાન બિરાજશે એવું મને સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.”

વિઠ્ઠલાનંદજીની આ વાત ઘોડાને પાણી પાઈ રહેલા એભલ ખાચર સાંભળી ગયા. એમના મનમાં થયું કે, ‘આ લીંબડો મારે ગઢપુર લઈ જવો અને મારા દરબારગઢના ચોકમાં વાવવો, જેથી ભવિષ્યમાં ભગવાન પધારે અને અમારો દરબારગઢ અને અમે

બધા ધન્ય થઈ જઈએ.'

એભલ ખાચરે ખેડૂતની રજા લઈ માટીનાં પીંડ સાથે લીંબડાનો છોડ લઈ લીધો અને ઘોડાને જોગાણ દેવાના પાવડામાં મૂકી ગઢપુર લાવ્યા. ગઢપુરમાં પોતાના દરબારગઢના ચોકમાં એમણે અંતરના ભાવથી લીંબડો વાવ્યો અને ક્યારે ભગવાન પધારે! ક્યારે આ નીમવૃક્ષ નીચે બેસે! ક્યારે મારા દરબાર ગઢને પાવન કરે! એમ આતુર હૈયે પરમાત્માની પધરામણીની રાહ જોવા લાગ્યા.

સમય જતાં લીંબડાનું ઘેઘૂર વૃક્ષ થયું. વિઠ્ઠલાનંદની ભવિષ્યવાણી સિદ્ધ થતી હોય, તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુર પધાર્યા અને લીંબડા નીચે બિરાજમાન થયા, એભલ ખાચરના મનોરથ ફળ્યા!

ભગવાન શ્રી સ્વામિનારાયણે ત્રીસ-ત્રીસ વર્ષ સુધી આ નીમવૃક્ષ નીચે સંતો-ભક્તોની સભા કરી. કથાવાર્તા દ્વારા જે બ્રહ્મરસ વરસાવ્યો, તે 'વચનામૃત'ના નામે પ્રસિદ્ધ થયો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વધામ ગયા બાદ પણ વર્ષો સુધી એ નીમવૃક્ષ જેમનું તેમ હયાત હતું. થોડાં વર્ષ પહેલા એ સુકાયું, પરંતુ એ જ થડમાંથી બીજાં અંકુરો ફૂટ્યાં અને ભગવાન શ્રી સ્વામિનારાયણની પાવનકારી લીલાઓની સ્મૃતિઓનો પુરાવો અકબંધ રહ્યો.

વિસ્મૃતિનું વરદાન

વિક્રમ સંવત ૧૮૬૧ની સાલ હતી. આસો મહિનાના ઉત્સવના દિવસો ચાલી રહ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢપુરમાં એભલ ખાચરના દરબારગઢના ચોકમાં શરદપૂર્ણિમાનો મહોત્સવ ભારે ધામધૂમથી ઊજવ્યો હતો. મધ્યરાત્રિએ ઉત્સવ પૂર્ણ કરીને મહારાજે તમામ ગૃહસ્થોને વિદાય આપી અને માત્ર સંતોની સભા કરી.

એક બાજુ આકાશમાં શરદપૂર્ણિમાનો ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હતો અને અમૃત ઘોળેલાં દૂધ જેવી ચાંદની ધરતી ઉપર વરસાવી રહ્યો હતો. બીજી બાજુ ધરતી ઉપર પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ સોળે કળાએ ખીલ્યા હતા અને સંત સભામાં બ્રહ્માનંદ વરસાવી રહ્યા હતા.

મહારાજે શ્વેત ધોતી પહેરી હતી. આછો ઝીણો શ્વેત ખેસ ખભા ઉપર નાખ્યો હતો. મસ્તક ઉપર શ્વેતવર્ણી પાઘ શોભતી હતી. મહારાજની પાઘમાં ફૂલોના તોરા લટકતા હતા. કંઠમાં ગુલાબનો હાર શોભી રહ્યો હતો. બન્ને બાહુઓમાં ફૂલોની પોંચીઓ અને ફૂલોના બાજુબંધ બાંધ્યાં હતાં. લલાટમાં કેસર-ચંદનની અર્ચા અને કુમકુમનો ચાંદલો શોભી રહ્યાં હતાં.

મહારાજની સામે વિશાળ સંતવૃંદ બેઠું હતું. તારે વીંટાયેલો ચંદ્ર શોભે એમ મહારાજ શોભી રહ્યા હતા. ચકોર જેમ ચંદ્રની સામે જોઈ રહે, એમ બધા જ સંતો મહારાજનાં મુખારવિંદની સામે જોઈ રહ્યા હતા.

મહારાજે સંતોની સભા ઉપર પોતાની કામણગારી નજર ફેરવી. મહારાજની આ નજરમાંથી નિર્મળ પ્રેમ અને અલૌકિક આનંદ વરસી રહ્યા હતા.

એવામાં અચાનક અલૌકિક ઘટના ઘટી. મહારાજની મૂર્તિમાંથી ચંદ્રને શરમાવે તેવાં તેજકિરણો નીસરવાં લાગ્યાં. સર્વે સંતોનાં શરીર પણ ધીરે ધીરે તેજોમય બનવાં લાગ્યાં. જે જે સંતની નજર મહારાજની નજર સાથે મળી, એ સંતને લક્ષ્ય થવા માંડ્યા અને એ સંત સમાધિમાં ગરકાવ થવા લાગ્યા. આમ થોડી વારમાં સમસ્ત સંતવૃંદને સમાધિ થઈ ગઈ! આ દિવ્ય સમાધિમાં સંતોના વર્તમાનરૂપ ઓગળી ગયાં અને પૂર્વ રૂપ પ્રગટ થયાં!

મહારાજની સામે વિરાજમાન સંતોમાં કોઈ બ્રહ્માંડનું નિયમન કરનાર ઈશ્વરો હતા, કોઈ મહાન ઋષિઓ હતા, કોઈ બદ્રિકાશ્રમના મુક્તો હતા, કોઈ શ્વેતદ્વીપના મુક્તો હતા, કોઈ ગોલોક-વૈકુંઠ વગેરે ધામોના મુક્તો હતા, કોઈ અક્ષરધામના મુક્તો હતા! સમાધિમાં પોતાનાં પૂર્વરૂપોનું ભાન થતાં સંતોના અંતરમાં આનંદનો ઓઘ ઉછળવા લાગ્યો.

એવામાં મહારાજના સંકલ્પથી બધી જ ભિન્નતાઓ લીન થઈ ગઈ અને સર્વને સચ્ચિદાનંદમય અક્ષરધામમાં મહારાજના દર્શન થયા. દાદાના દરબારગઢમાં વિરાજમાન મહારાજે જેવાં વસ્ત્રઅલંકારો ધારણ કર્યાં હતાં, અક્ષરધામમાં પણ મહારાજે એવાં જ વસ્ત્રઅલંકારો ધારણ કર્યાં હતાં. ચકોર જેમ ચંદ્રને નીરખે એમ અનંત દિવ્ય અક્ષરમુક્તો મહારાજને નીરખી રહ્યા હતા. સર્વે સંતો ઘણા સમય સુધી સમાધિના આ દિવ્યઆનંદને માણતા રહ્યા. આખરે મહારાજે સર્વને સમાધિમાંથી જાગૃત કર્યાં.

આશ્ચર્યની વાત એ હતી, કે સમાધિમાંથી જાગ્યા પછી પણ સંતોને પોતાનાં પૂર્વ રૂપ જેમનાં તેમ યાદ હતાં, સાથોસાથ 'અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ સ્વયં આપણને મહારાજરૂપે મળ્યા છે' એવો બોધ સર્વને થઈ ચૂક્યો હતો.

એક એક સંતના અંતરમાં પોતાનાં પૂર્વરૂપની સ્મૃતિનો આનંદ રમતો હતો. સર્વે સંતોએ મહારાજને પ્રાર્થના કરી; "મહારાજ! આ સ્મૃતિ અમને કાયમ રહે એવી કરુણા કરો."

કરુણાસિંધુ મહારાજ બોલ્યા, "સંતો! આવી સ્મૃતિ તમને કાયમ રહે એ નથી તમારા હિતમાં કે નથી લોકોના હિતમાં. કળિયુગનો સમય છે, જગતના લોકો અજ્ઞાની અને

અનાડી છે, 'તમે કોણ છો?' એની એને ખબર ન હોય, એ તમારો અપરાધ કરે, તમે સિદ્ધ પુરુષો છો એટલે તમને એને શાપ દેવાનું મન થાય તે સહજ છે, તમારા શાપથી એ જીવનું અવશ્ય અકલ્યાણ થાય, આવી અકરુણા અમને ગમે નહીં."

"બીજું, શાપ દેવાથી તમારાં તપનાં તેજ ઝાંખાં થઈ જાય. અમારા સાધુઓનાં તેજ ઝાંખાં થાય એ તો અમને જરાય પોસાય નહીં, માટે આ બધું તમે વિસરી જાવ એ જ તમારા અને લોકોના હિતમાં છે."

"પરમહંસો! ક્યારેક ક્યારેક સ્મૃતિ કરતાં વિસ્મૃતિ વિશેષ આશીર્વાદરૂપ હોય છે, માટે તમારાં પૂર્વરૂપની વિસ્મૃતિ અમારું વરદાન માનજો."

આટલું કહી મહારાજે ફરીથી સંત સભા તરફ નજર ફેરવી અને સંતોની પૂર્વ-રૂપની સ્મૃતિ હરી લીધી! માત્ર આનંદની અનૂભુતિ સર્વના અંતરમાં જેમની તેમ રહી.

મહારાજે સમાધિના મર્મને સમજાવતા કહ્યું, "સંતો! મોટા મોટા યોગીઓને દુર્લભ એવી સમાધિને અમે આ વખતે સુલભ બનાવી છે; અમે પાત્ર-કુપાત્ર જોયા સિવાય સર્વને સમાધિ કરાવીએ છીએ; અમારા સંકલ્પથી નાનાં નાનાં બાળકો પણ બીજાને સમાધિ કરાવી શકે છે. ક્યારેક અમે કેટલાક સંતો અને ભક્તોને સમાધિ કરાવી શકે એવું ઐશ્વર્ય આપીએ છીએ; પરંતુ હે પરમહંસો! અમે સમાધિ કરતાં પણ સમજણને શ્રેષ્ઠ માનીએ છીએ; માટે તમારે બધાએ દેશ-પરદેશમાં વિચરણ કરીને હજારો લોકોને સત્સંગ કરાવીને સમજણ દૃઢ કરાવવાની છે; સદાચારી બનાવવાના છે અને અમારી મૂર્તિમાં જોડી અભયદાન આપવાનું છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચને સંતોએ સત્સંગને એવું પ્રાધાન્ય આપ્યું કે, 'સત્સંગ' શબ્દ 'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય'નો પર્યાય બની ગયો. સ્વામિનારાયણ સંપ્રદાયના વિકાસમાં ચમત્કારોનું નહીં સત્સંગનું જ પ્રાધાન્ય રહ્યું છે.

ભાગવત પરમહંસો

ભગવાન શ્રી સ્વામિનારાયણનું અવની ઉપર અવતરણ ભાગવત-ધર્મની સ્થાપના માટે હતું અને આ ભગીરથ કાર્યની સિદ્ધિ માટે એમણે આશરે બે હજાર સાધુઓની ભગવી ફોજ તૈયાર કરી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન સંત સદ્‌ગુરુ શ્રી આધારાનંદસ્વામીએ 'શ્રી હરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં આ સંતોની પવિત્ર નામાવલી ગૂંથેલી છે.

નાની-મોટી નદીઓ મહાસાગરમાં મળે, એમ આ પવિત્ર સંતસરિતાઓ સહજાનંદ સિંધુમાં ભળીને ધન્યતા અનુભવતી હતી.

પચીસ વર્ષના આ નવયુવાન બ્રહ્મચારીમાં કોઈ ગજબનો પ્રભાવ હતો. એમનાં નેણ અને વેણનાં કામણે લાખો નરનારીઓને વશ કર્યાં હતાં. એમનાં દર્શન કરતાં જ મુમુક્ષુ નરનારીઓનાં મનમાં સંસાર હરામ થઈ જતો હતો. જુવાન નરનારીઓ ઘરબાર છોડીને ચાલી નીકળતાં, ગામધણીઓ ગામગરાસનો ત્યાગ કરતાં, જાગીરદારો જાગીરો છોડી દેતા, મોટા મોટા મંડલેશ્વરો અને મહામંડલેશ્વરો મહંતાઈ અને હાથીના હોદ્દા હરામ કરી મહારાજની પાછળ પાછળ દીવાના થઈને ભમતા રહેતા હતા.

ભાગવતજીમાં કથા છે કે શુકદેવજી મહારાજ બ્રહ્મરૂપ થયા હતા. તેઓ સદૈવ આત્મસમાધિમાં લીન રહેતા હતા; પરંતુ જ્યારે તેમણે ભગવાન શ્રીકૃષ્ણનાં અનુપમ સૌંદર્યનું વર્ણન સાંભળ્યું, ત્યારે તેઓની આત્મસમાધિ છૂટી ગઈ હતી; તેઓ નિરંતર કૃષ્ણ-કીર્તન કરવાં લાગ્યાં હતાં. ભગવાન શ્રીકૃષ્ણે એમનાં ચિત્તને ખેંચી લીધું હતું.

શુકદેવજીની આ ઉત્કૃષ્ટ ભાવદશાનું વર્ણન કરતાં શ્રીમદ્ ભાગવતજીમાં કહ્યું છે કે,

आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।

कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थम्भूतगुणो हरिः ॥१०॥ (भागवत–स्क–१,अ–७)

જે આત્મભાવમાં રમણ કરનારા છે; જેમની માયાની સર્વ ગ્રંથિઓ ગળી ગયેલી છે; એવા મોટા મોટા મુનિવરોનાં મન પણ શ્રીહરિમાં આકર્ષિત થઈ જાય છે અને તેઓ જ્ઞાન, ધ્યાન વગેરે છોડીને શ્રી હરિની નિષ્કામ ભક્તિ કરવા લાગે છે; કારણ કે દિવ્ય લીલાવિહાર કરનારા શ્રી હરિનું આકર્ષણ જ કંઈક અલૌકિક અને અદ્ભુત હોય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સેંકડો ત્યાગી-વૈરાગી સંતો માટે પણ આ વાત યથાર્થ લાગુ પડે છે. આ યુવાન બ્રહ્મચારીએ લોકોને ઘેલાં કર્યાં હતાં. સેંકડો વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, તપોવૃદ્ધ સાધુઓ એમની પાછળ ભેખ લઈને ભમતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો વિશાળ સંત-સમુદાય ખરેખર અજોડ હતો; જેમાં અનેક ધુરંધર વિદ્વાનો અને શ્રેષ્ઠ કવિઓ હતા; મહાન યોગીઓ અને ધ્યાનીઓ હતા; મડદાં બેઠાં કરે અને આકાશમાં ગમન કરે એવા સિદ્ધો હતા; શ્રેષ્ઠ ચિત્રકારો અને શિલ્પીઓ હતા; શ્રેષ્ઠ સંગીતકારો અને ગવૈયાઓ હતા.

આ મહાન સંતોને લીધે ભગવાન શ્રી સ્વામિનારાયણ સિદ્ધેશ્વર, યોગેશ્વર, જ્ઞાનેશ્વર વગેરે અનેક ઉપનામોથી ઓળખાતા હતા. આટલા આટલા પ્રભાવશાળી વ્યક્તિઓએ એક વ્યક્તિની પાછળ ભેખ લીધો હોય એવા દાખલા ઓછા મળે. ધર્મજગતનો આ અદ્ભુત ચમત્કાર હતો.

ભગવાન તથાગત બુદ્ધના પાંચસો અરિહંતો પ્રસિદ્ધ છે, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણના બે હજાર સાધુઓમાં 'પાંચસો પરમહંસો' વિશેષ પ્રસિદ્ધ હતા.

આ પરમહંસોમાં સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી સર્વથી શ્રેષ્ઠ હતા, ભાગવત ધર્મનું મૂર્તિમંત રૂપ હતા અને વાત્સલ્યપૂર્ણ હૃદય હોવાથી 'સત્સંગની મા' ગણાતા.

મૂળજી બ્રહ્મચારી હનુમાનજી જેવા જ ઊર્ધ્વરેતસ બ્રહ્મચારી હતા. શુકદેવજીની જેમ એમને મન નર-નારીનો ભેદ ન હતો. તેઓ રામાનંદસ્વામી છતાંના સંત હતા. રામાનંદસ્વામી અંતર્ધાન થયા પછી તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણની અંગત સેવામાં આજીવન જોડાયા હતા.

સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી મહાયોગીરાજ હતા, એમના ઐશ્વર્ય-પ્રતાપની સેંકડો વાતો સત્સંગમાં પ્રસિદ્ધ છે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી સાંખ્ય અને યોગનું મૂર્તિમંત સ્વરૂપ હતા. તેમના મુખેથી વાતો સાંભળતા અનેક જીવો છતે દેહે બ્રહ્મરૂપ થઈ જતા હતા.

સદ્‌ગુરુ સ્વામી સંતદાસજી મહા સિદ્ધ હતા. ધરતી પર કે આકાશમાં તેમને કોઈ આવરણ નડતાં ન હતાં. તેઓ પલવારમાં ગમે ત્યાં ગતિ કરતા હતા.

સ્વામી વ્યાપકાનંદજી સમાધિનિષ્ઠ હતા. ફૂંક મારીને મડદાંઓમાં પ્રાણ પૂરનારા હતા.

ભાઈ રામદાસજી સમજણનો સાગર હતા.

નિત્યાનંદસ્વામી વાચસ્પતિ જેવા વિદ્વાન હતા.

શીઘ્રકવિ બ્રહ્માનંદસ્વામીની પ્રતિભાનો પાર ન હતો. તેઓ શતાવધાની મહાપુરુષ હતા. કાવ્યરચનામાં એમનો જોટો જડે એમ નથી. તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના સખાનું બિરુદ પામ્યા હતા.

પ્રેમસખી પ્રેમાનંદસ્વામી પ્રેમભક્તિનું મૂર્તિમંત રૂપ હતા. સાકર જેમ દૂધમાં ઓગળે એમ તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણમાં ઓગળી ગયા હતા. સહજાનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી વચ્ચે ગજબનું પ્રેમાદ્વૈત હતું!

નિષ્કુળાનંદસ્વામી પરમ વૈરાગ્યમૂર્તિ હતા અને મહાન કવિ હતા.

આધારાનંદસ્વામી પણ મહાન કવિ હતા. એમણે હિંદી ભાષામાં 'હરિચરિત્રામૃતસાગર' નામે મહાકાય ગ્રંથ લખ્યો છે. જેમાં એક લાખ ચોપાઈઓ છે. હિંદી સાહિત્યનો આ અજોડ ગ્રંથ છે.

એક બીજા આધારાનંદસ્વામી હતા. તેઓ શ્રેષ્ઠ ચિત્રકાર અને શિલ્પી હતા. એમણે દોરેલી ભગવાન શ્રી સ્વામિનારાયણની ચિત્ર છબીઓ આજે પણ એ વાતની સાક્ષી પૂરે છે.

શુકાનંદસ્વામી ઉત્તમ લહિયા હતા. એમના અક્ષરો અત્યંત સુંદર હતા. લેખનકાર્યમાં તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણનો જમણો હાથ ગણાતા. ભગવાન

શ્રી સ્વામિનારાયણના સમયનું મોટા ભાગનું સાહિત્ય એમના હસ્તે લખાયું છે.

સ્વરૂપાનંદસ્વામી આત્મદર્શી સંત હતા. તેઓની સ્થિતિ ઉત્તમ ભાગવત સંત જેવી હતી. એ જ્યાં જ્યાં દૃષ્ટિ કરે, ત્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સિવાય બીજું કશું જ દેખતા નહીં.

આત્માનંદસ્વામી વચનમૂર્તિ સંત હતા. કૃપાનંદસ્વામી એ ઐશ્વર્યનો સાગર હતા. ભૂમાનંદસ્વામી અને દેવાનંદસ્વામી પણ મહાન કવિ હતા. બ્રહ્માનંદસ્વામીના શિષ્યો હતા અને કવીશ્વર દલપતરામે એમને પોતાનાં કાવ્યગુરુ ગણ્યા હતા.

સચ્ચિદાનંદસ્વામી સ્નેહમૂર્તિ સંત હતા અને સાથે સમાધિનિષ્ઠ હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગમે તે દૂર દેશમાં હોય સચ્ચિદાનંદસ્વામી સંકલ્પ માત્રથી ત્યાં પહોંચી જતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ મહાન પરમહંસોના આ નામોની યાદી ઘણી જ લાંબી છે. આ એક-એક સંતના જીવનચરિત્ર વિશે પુષ્કળ સાહિત્ય ઉપલબ્ધ છે. જો એનું સંકલન કરવામાં આવે, તો અનેક દળદાર ગ્રંથો લખાય એમ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમકાલીન આ બધા પરમહંસોનાં નામની પાછળ 'નંદ' શબ્દ આવતો હોવાથી તેઓ આજે પણ 'નંદસંતો'ના નામથી ઓળખાય છે.

પોતપોતાના વિષયમાં ધુરંધર હોવા છતાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે આ નંદસંતોની નિષ્ઠા, શ્રદ્ધા, પ્રેમ અને સમર્પણ અભૂતપૂર્વ હતાં. એમણે લખેલાં પ્રસંગો, વાર્તાઓ અને રચેલાં કીર્તનોમાં આ નિષ્ઠા, શ્રદ્ધા, પ્રેમ અને સમર્પણ છતરાયાં થયાં સિવાય રહ્યાં નથી.

આ પરમહંસોને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે અસાધારણ સ્નેહ હતો. આ પરમહંસો એમના સિવાય રહી શકતા નહોતા. ભગવાન શ્રી સ્વામિનારાયણના વિરહમાં તેમની સ્થિતિ પાણીથી વિખૂટા પડેલાં માછલાં જેવી થતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણની પાછળ અંધશ્રદ્ધા અને ઘેલછાં ભરેલાં લોકોનાં ટોળાં નહોતાં ફરતાં, એમના અનુયાયીઓ અનેક રીતે મહાન અને પ્રબુદ્ધ હતા અને એમની સંખ્યા હજારોની હતી.

આખરે એવું તે શું હતું આ યુવાન બ્રહ્મચારીમાં? કે આટલો વિશાળ સમુદાય એમના પ્રત્યે ઉચ્ચકક્ષાનો પ્રેમ અનુભવી સર્વસ્વ સમર્પણ કરી રહ્યો હતો!

ધર્મજગતના ઇતિહાસમાં આ વિરલ ઘટના છે અને કદાચ આ વિરલ ઘટના જ ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભગવાનપણું સિદ્ધ કરે છે.

ભાગવત પરમહંસના લક્ષણો

ભાગવતજીમાં યોગેશ્વરોએ ઉત્તમ-મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ પ્રકારના ભક્તોનાં લક્ષણો કહ્યા છે.

યોગેશ્વરો મહારાજ જનકને કહે છે, “હે રાજર્ષિ! જેને માત્ર મૂર્તિમાં જ ભગવાન દેખાય, પણ જીવ-પ્રાણીમાત્રમાં ભગવાન ન દેખાય તે પ્રાકૃત અને કનિષ્ઠ ભક્ત કહેવાય. આવા ભક્તો ભક્તિ કરતા હોય છે, પણ જીવ-પ્રાણીમાત્ર પ્રત્યે જોઈએ એવા પ્રેમ, આદર કે કરુણા અનુભવતા નથી.”

“હે જનક! મધ્યમ પ્રકારના જે ભાગવત સંત છે, તે જીવ-પ્રાણીમાત્ર પ્રત્યે ચાર પ્રકારની વૃત્તિ રાખે છે. મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષા.”

“આવા ભાગવત સંતોનો કોઈ અનાદર કરે કે અપરાધ કરે, તો સંતો એમની ઉપેક્ષા કરે છે અને એમના પ્રત્યે ધીરજથી ઉદાસીન રહે છે.”

“આવા સંતો પોતાથી ઊતરતા સાધકો પ્રત્યે કરુણા સેવે છે અને એને મોક્ષમાર્ગે આગળ વધવામાં સહાયતા કરે છે.”

“આવા ભાગવત સંતો પોતાના સમકક્ષ સંતો સાથે મિત્રભાવે વર્તે છે. કોઈ પોતાથી આગળ વધી ગયા હોય, તો મુદિતાવૃત્તિથી આનંદ અનુભવે છે, ઈર્ષ્યા કરતા નથી.”

“હે જનક! આ રીતે ચારવૃત્તિથી વર્તનાર સંત મધ્યમ ભાગવત સંત ગણાય છે.”

“હે જનક! ઉત્તમ ભાગવત સંતની તો વાત જ ન્યારી છે! એમને જીવ કે જગત કશું દેખાતું જ નથી, માત્ર સર્વત્ર વિરાજમાન પોતાના ઈષ્ટદેવનાં જ દર્શન થાય છે.”

“આવા મહાપુરુષોને સર્વત્ર હરિદર્શન થતું હોવાથી મૈત્રી, મુદિતા, કરુણા કે ઉપેક્ષા આ ચાર વૃત્તિઓની આવશ્યકતા જ રહેતી નથી. આવા ભાગવત પરમહંસો દેહદશાથી પર હોય છે.” “એમને જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ આ ત્રણેય અવસ્થામાં પરમાત્માનો અખંડ સાક્ષાત્કાર હોય છે, એમના અંતરમાં અહર્નિશ આનંદ અને પ્રેમ ઊભરાતા રહે છે.”

“અધ્યાત્મયોગની આ ઉચ્ચત્તમ અવસ્થા છે, જેની સામાન્ય જીવો કે સામાન્ય મુમુક્ષુઓ કલ્પના પણ કરી શકતા નથી. પાણીમાં જેમ માછલાંઓ ફરેરા મારે, એમ આવા ઉત્તમ ભાગવત પરમહંસો ભગવત્ સ્વરૂપમાં અખંડ નિમગ્ન રહેતા થકા જ પોતાની દેહક્રિયાઓ કરતા હોય છે.”

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતમંડળમાં આવા ઉત્તમ ભાગવત પરમહંસોની સંખ્યા સારી એવી હતી; મધ્યમ ભાગવત પરમહંસોનો તો પાર જ ન હતો. મહત્ત્વની વાત એ છે, કે આ સર્વે મહાન ભાગવત પરમહંસો ભગવાન શ્રી સ્વામિનારાયણને ઈષ્ટદેવ માનીને ઉપાસતા હતા.

સદ્‌ગુરુ સ્વરૂપાનંદસ્વામી

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઉત્તમ ભાગવત પરમહંસોમાં સદ્‌ગુરુ સ્વામી સ્વરૂપાનંદજીનું નામ મોખરે છે.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં સંતો-ભક્તોની સભા ભરીને બિરાજમાન હતા. એમણે સ્વરૂપાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી અને આનંદસ્વામી આ ત્રણેય સંતોને પૂછ્યું, “તમે ધ્યાન કરવા બેસો છો ત્યારે તો અમારી મૂર્તિમાં મન સ્થિર રાખો છો, પરંતુ અમે તમને વ્યવહારિક ક્રિયા કરવાની આજ્ઞા કરીએ ત્યારે તમે ક્રિયા કરતાં કરતાં અમારી મૂર્તિમાં વૃત્તિ કેવી રીતે રાખો છો?”

આનંદસ્વામીએ ઉત્તર આપ્યો, “મહારાજ! હું તો તમે જેમ કહો તેમ કરું, એ સિવાય બીજી મને ખબર ન પડે.”

મહારાજે મુક્તનંદસ્વામીને પૂછ્યું, “સ્વામી! તમે કેમ કરો છો?”

મુક્તાનંદસ્વામીએ લૂતાતંતુન્યાય અથવા કૂર્મન્યાયથી ઉત્તર કર્યો, “મહારાજ! હું તો વ્યવહારિક ક્રિયા કરવા માટે એક વેંત વૃત્તિ બહાર કાઢું અને ક્રિયા પૂરી થઈ જાય પછી એક હાથ સંકેલું ત્યારે નિરાંત થાય.”

સંસ્કૃત ભાષામાં “લૂતા” શબ્દનો અર્થ કરોળિયો થાય છે. કરોળિયો જરૂર પડે ત્યારે પોતાના મુખમાંથી લાળ વિસ્તારે છે અને જરૂરિયાત પૂરી થઈ જાય, ત્યારે લાળને પાછી ખેંચી લે છે.

કૂર્મ એટલે કાચબો. કાચબો પણ જરૂર પડે ત્યારે પોતાના અવયવો પ્રસારે છે અને કામ પૂરું થાય ત્યારે પાછાં સંકોચી લે છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં સ્થિતપ્રજ્ઞના લક્ષણો જણાવતી વખતે કાચબાનું દૃષ્ટાંત આપેલું છે.

સામાન્ય જીવને તો આ વૃત્તિ બહાર કાઢવી અને સંકેલવાની વાત જ સમજાય તેમ નથી! વૃત્તિ કાંઈ દોરાનો દડિયો નથી કે તમે ધારો ત્યારે લાંબો કરો અને ધારો ત્યારે સંકેલી લો.

અષ્ટાંગયોગના પ્રત્યાહારનો અભ્યાસ કરતો હોય એને જ આ વાત સમજાય એવી છે. વૃત્તિના સંકોચ-વિકાસને સમજવા માટે મનુષ્યનો એક અનુભવ કામમાં આવે તેવો છે.

માણસ જ્યારે સૂવે છે, ત્યારે એના મનની વૃત્તિનો સંબંધ બાહ્યજગતથી તૂટીને સ્વપ્નજગતમાં કેન્દ્રિત થાય છે.

એ જ માણસ જ્યારે સુષુપ્તિમાં એટલે કે ગાઢ નિદ્રામાં જાય છે, ત્યારે સ્વપ્નના સૂક્ષ્મજગતથી પણ એની વૃત્તિ પાછી વળીને હૃદયમાં સ્થિર થાય છે, પછી એને દેશ-કાળ કે દેહનું કોઈ ભાન રહેતું નથી.

આ રીતે જીવ સુષુપ્તિમાં જાય છે, ત્યારે એની વૃત્તિ પાછી વળે છે અને જાગે છે ત્યારે વૃત્તિનો ફરીથી વિસ્તાર થાય છે. એ જ રીતે પરમહંસો સમાધિમાં જાય છે, ત્યારે એમની વૃત્તિ પરમાત્માનાં સ્વરૂપમાં સ્થિર થાય છે અને સમાધિ પૂરી થતા વૃત્તિ પાછી દેહમાં આવે છે. મુક્તાનંદસ્વામીના ઉત્તરમાં આ મર્મ સમાયેલો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વરૂપાનંદસ્વામીને પૂછ્યું, “સ્વામી! તમે કેમ કરો છો?”

સ્વરૂપાનંદસ્વામીએ કહ્યું, “ગુરુ મહારાજ! યે ક્યા ભીતર-બાહર કી બાત હો રહી હૈ, મુજે તો બાહર-ભીતર ચારોં ઓર તુમ હી તુમ દિખાઈ દેતે હો!”

સ્વામીનો ઉત્તર સાંભળી મહારાજ અત્યંત પ્રસન્ન થયા અને મંદ મંદ હસવા લાગ્યા.

સભામાં ઘણાને સંશય થયો કે, ‘સ્વામીને મહારાજ સિવાય કાંઈ દેખાતું નથી, તો દેહની ક્રિયા કેમ કરતા હશે?’

અંતર્યામી મહારાજે આ પ્રશ્નનું સમાધાન કરતાં કહ્યું, “જેને આવી અદ્‌ભુત સ્થિતિનો અનુભવ ન હોય એનાથી આ વાત મનાય તેમ નથી. લ્યો અમે સ્વામીની સ્થિતિને દૃષ્ટાંતથી સમજાવીએ.”

“જેમ તીરની અણીમાં લીંબુ ખોસ્યું હોય અને તીરનો ફેંકનારો જે બાજુ નિશાન લે, એ બાજુ નિશાનને બદલે લીંબુ જ દેખાય; એમ સ્વરૂપાનંદસ્વામીએ પોતાના મનની વૃત્તિમાં અમને પરોવી દીધાં છે, એટલે એમને અમારી મૂર્તિ સિવાય જીવ-જગત કાંઈ દેખાતું નથી!”

“સ્વામીની સ્થિતિ તો મુક્તાનંદસ્વામીએ કીર્તનમાં કહ્યું છે “જ્યાં જુએ ત્યાં રામજી બીજું ન ભાસે રે” એવી છે. સ્વામીના રોમેરોમમાં અમારો વાસ છે. સ્વામીનું કર્તાપણું સર્વથા નાશ પામ્યું છે. એમની બધી જ ક્રિયાઓ એમનામાં રહીને અમે કરીએ છીએ!”

આટલું કહી મહારાજ બોલ્યા, “આનંદસ્વામી! તમારે તમારી કાચ્યપ ટાળવા માટે મુક્તાનંદસ્વામીનો સમાગમ કરવો અને મુક્તમુનિ! તમારે તમારી કાચ્યપ ટાળવા માટે સ્વરૂપાનંદસ્વામીનો સમાગમ કરવો.”

મનુષ્ય તો લીંબડી કે નીચે હૈ!

ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન સંતોના અનુપમ, આધ્યાત્મિક વૈભવને સમજવા માટે એક બીજો પ્રસંગ પણ જાણવા જેવો છે.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં લીલુડા લીમડાની નીચે સભા ભરીને વિરાજમાન હતા. સંતોના વૃંદ વિવિધ પ્રદેશોમાં વિચરણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શને આવી રહ્યાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણ એમને વિવિધ દેશ-પ્રદેશના મનુષ્યો અને ભક્તજનોનાં ખબરઅંતર પૂછી રહ્યાં હતાં. એવામાં સ્વરૂપાનંદસ્વામી પોતાનાં સંતમંડળ સાથે દર્શને પધાર્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને પૂછ્યું, "સ્વામી! દેશ-પરદેશમાં મનુષ્યો કેવાક છે?"

સ્વરૂપાનંદસ્વામીએ હિન્દુસ્તાની લહેકામાં જવાબ દીધો, "ગુરુ મહારાજ! મનુષ્ય તો લીંમડી કે નીચે હૈ ઔર કહીં હમને મનુષ્ય તો દેખે હિ નહિ!"

અલગારી સંતની વાત સાંભળી મહારાજ હસવા લાગ્યા. એવામાં સભામાંથી કોઈ બોલ્યું, "સ્વામીએ માણસોને જોયા જ નથી, તો ઉપદેશ કોને કર્યો હશે અને કલ્યાણ કેટલાંનાં કર્યાં હશે?"

આ વાત સાંભળીને મહારાજ બોલ્યા, "સંતો! તમે બધા તો ઉપદેશ કરો, વર્તમાન પળાવો, ત્યારે જીવનાં કલ્યાણ થાય, જ્યારે આ સ્વરૂપાનંદસ્વામીના તો દર્શનમાત્રથી કલ્યાણ થઈ જાય!"

સંસારમાં રોકાઈ રહો એ ન પાલવે!

ભગવાન શ્રી સ્વામિનારાયણના વિશાળ સંતવૃંદમાં ગોપાળાનંદસ્વામી અને ગુણાતીતાનંદસ્વામી સૌથી વિશેષ પ્રસિદ્ધ થયા છે.

ગોપાળાનંદસ્વામી જન્મસિદ્ધ યોગી હતા, સમાધિનિષ્ઠ હતા અને અન્યને પણ સમાધિ કરાવવાનું સામર્થ્ય ધરાવતાં હતાં. ઉપરાંત, તેઓ સંસ્કૃતના પ્રકાંડ પંડિત પણ હતા.

એમના હૈયામાં ભક્તિ અને જ્ઞાનનો જે ગંભીર પ્રવાહ વહેતો, એની પ્રશંસા સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં કરેલી છે.

સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીનું જીવન ભગવાન શ્રી સ્વામિનારાયણ જેટલું જ દિવ્ય ઐશ્વર્યોથી ભરપૂર હતું. એમના જીવન વિશે લખવા બેસીએ, તો અલગથી એક દળદાર ગ્રંથ બને. એમનો જન્મ વિ. સં. ૧૮૩૭, મહાસુદી આઠમના રોજ ઉત્તર ગુજરાતમાં ઈડર પાસે ટોરડા ગામે થયો હતો. એમનું નાનપણનું નામ ખુશાલ ભટ્ટ હતું. એમના પિતાનું નામ મોતીરામ અને માતાનું નામ કુશળબા હતું.

તેઓ જન્મસિદ્ધ યોગી હતા. એમનું નાનપણ અનેક દિવ્ય ચમત્કારોથી ભરપૂર હતું. મહત્ત્વની વાત એ હતી કે, એમણે પોતાની શક્તિઓ હંમેશાં લોકકલ્યાણ માટે જ વાપરી હતી, સ્વાર્થ માટે નહીં.

ઈડરની પાસે ભગવાન શામળાજીનું સુપ્રસિદ્ધ મંદિર આવેલું છે. કહેવાય છે કે ભગવાન શામળાજી અવારનવાર નાનકડા ખુશાલ ભટ્ટ સાથે રમવા માટે ટોરડા જતા હતા.

એક વાર ભગવાને અદ્‌ભુત લીલા કરી. રમતાં રમતાં ભગવાનનું ઝાંઝર ખુશાલ ભટ્ટને ત્યાં પડી રહ્યું. આ બાજુ શામળાજીના પૂજારી ઉપર ઝાંઝર ચોરવાનું આળ આવ્યું. પૂજારી અત્યંત પવિત્ર દિલના હતા. એમણે વેદનાસભર હૈયે ભગવાન શામળાજીને વિનંતી કરી, "હે પ્રભો! મારી લાજ રાખજો."

ભગવાન શામળાજીએ પૂજારીને દર્શન દીધાં અને હસતાં હસતાં કહ્યું, "પૂજારી! ગઈ રાત્રિએ હું ખુશાલ ભટ્ટ સાથે રમવા ગયો હતો. અમે રાતભર રમતા રહ્યા. આજે સવારે તમે રોજ કરતાં વહેલું મંદિર ખોલ્યું, એટલે હું ઉતાવળો ટોરડાથી ભાગ્યો. એમાં મારું ઝાંઝર ત્યાં જ રહી ગયું, તે તમે મંગાવી લો." આટલું કહી ભગવાન અદૃશ્ય થઈ ગયા. આ રીતે ઝાંઝર મળી જતાં પૂજારી નિર્દોષ ઠર્યા હતા.

ખુશાલ ભટ્ટની બુદ્ધિ ખૂબ જ તીવ્ર હતી. આઠ વર્ષની ઉંમરે યજ્ઞોપવિત ધારણ કર્યાં પછી પિતાશ્રીએ તેમને ડભોઈ ગામે વિદ્યાભ્યાસ માટે મોકલ્યા હતા.

તેજસ્વી પ્રતિભાને લીધે તેઓએ ટૂંક સમયમાં વ્યાકરણ, ન્યાય, વેદ-વેદાંત, મીમાંસાનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેઓ પોતાને ઘરે પાઠશાળા ચલાવતા અને બાળકોને શાસ્ત્રાભ્યાસ કરાવતા. ક્યારેક ક્યારેક બાળકોને સમાધિઓ કરાવી ભગવાનના વિવિધ ધામોનાં દર્શન કરાવતાં.

ખુશાલ ભટ્ટ સંસારનો જીવ ન હતા, છતાં માતા-પિતાએ એમનાં પરાણે લગ્ન કરાવ્યાં હતાં. એમના પત્નીનું નામ અદિત બા હતું. એમના ઘરે અનુપબા નામની એક દીકરી અને હરિશંકર નામનો એક પુત્ર થયો હતો.

એક વાર ભગવાન સ્વયં બ્રાહ્મણનો વેશ લઈ એમની પાસે આવ્યા અને કહ્યું, 'ખુશાલ ભટ્ટ! આપણે અનેક જીવોને ભવસાગરમાંથી તારવા આવ્યા છીએ. તમે સંસારમાં રોકાઈ રહો તે કેમ ચાલશે?'

ભગવાને દિવ્ય સ્વરૂપે કરેલી ટકોરે ખુશાલ ભટ્ટને સાવધાન કરી દીધા. તેઓ ઘરબાર, પુત્રપરિવાર બધું જ છોડીને ચાલતા થઈ ગયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ જેતલપુરમાં દેવ સરોવરને કિનારે વિરાજમાન હતા. ખુશાલ ભટ્ટ મહારાજ પાસે પહોંચ્યા.

ખુશાલ ભટ્ટને આવેલા જોઈને મહારાજ એકદમ ઊભા થઈ ગયા, "આવો આવો ખુશાલ ભટ્ટ! અમે તમારી ક્યારના રાહ જોઈ રહ્યા છીએ!" આટલું કહી મહારાજ

ખુશાલ ભટ્ટને ભાવથી ભેટ્યા અને એ ભેટતાંની સાથે જ યોગ અને ભક્તિની ભાગીરથી સહજાનંદ સિંધુમાં સમાઈ ગઈ.

થોડાં સમય બાદ ગઢપુરની પવિત્ર ધરતી હતી. અક્ષર સ્વરૂપ અક્ષરઓરડીનું સ્થાન હતું. વિ. સં. ૧૮૬૪ની સાલ હતી. કારતક વદિ આઠમ હતી. આ પરમ પવિત્ર દિવસે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના અનાદિ અક્ષરમુક્ત ખુશાલ ભટ્ટને ભાગવતી દીક્ષા આપી 'ગોપાળાનંદસ્વામી' નામ પાડ્યું.

ગોપાળાનંદસ્વામી દિવ્યશક્તિઓ અને ઐશ્વર્યોનો સાગર હતા. ધૂડ્યપાપ જેવી સિદ્ધિઓ મેળવીને ઘણાય સાધુઓ અધૂરિયા ઘડાની જેમ છલકાઈ જતા હોય છે, જ્યારે અપાર સિદ્ધિઓના સ્વામી હોવા છતાંય ગોપાળાનંદસ્વામી ક્યારેય છલકાયા નહોતા. તેઓ સાગર જેવા ધીરગંભીર અને અગાધ હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી ગોપાળાનંદસ્વામી ઘણો સમય સુધી વડોદરા રહ્યા હતા. એ સમયે વડોદરા છોટી કાશી કહેવાતું. ગોપાળાનંદસ્વામીએ વડોદરામાં પોતાનાં ઐશ્વર્યના પ્રતાપથી અનેક મોટા મોટા માણસોને સમાધિઓ કરાવી સત્સંગ કરાવ્યો હતો.

ગોપાળાનંદસ્વામી સિદ્ધયોગી હતા, સાથે સાથે સંસ્કૃતભાષાના પ્રકાંડ પંડિત હતા. તેમણે ઉપનિષદો, બ્રહ્મસૂત્રો અને શ્રીમદ્ ભગવદ્ગીતા આ પ્રસ્થાનત્રયી ઉપર સુંદર ભાષ્યો કરેલાં છે.

શું બ્રહ્મતેજ સુકાઈ ગયું છે!

ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસમંડળમાં ગોપાળાનંદસ્વામી જેવા જ બીજા સમર્થ સંત હતા સદ્ગુરુ ગુણાતીતાનંદસ્વામી.

ગુણાતીતાનંદસ્વામીનો જન્મ હાલારના ભાદરા ગામે થયો હતો. તેઓનું નાનપણનું નામ મૂળજી હતું. તેઓ બાળપણથી રામાનંદસ્વામીના કૃપાપાત્ર હતા. તેમને જન્મજાત નિરાવરણ દૃષ્ટિ પ્રાપ્ત હતી, પરિણામે તેઓ ભાદરામાં બેઠાં બેઠાં ભગવાન શ્રી સ્વામિનારાયણના અખંડ દર્શન કરી શકતા હતા. તેઓનું બચપણ પણ ટોરડાના ખુશાલ ભટ્ટની પેઠે જ દિવ્ય ઐશ્વર્યપ્રતાપથી ભરપૂર હતું.

મૂળજી ઉંમરલાયક થયા ત્યારે મા સાકરબાઈ તથા સગાસંબંધીઓએ એમને લગ્નની બેડીએ બાંધવા પ્રયાસ કર્યો હતો, પરંતુ હાથીને કમળના વેલાથી બાંધી શકાતો નથી એમ મૂળજીને સંસારની કોઈ સાંકળો બાંધી શકે એમ નહોતી.

મૂળજી સ્વયં અનંત જીવોના માયાના બંધન કાપવા માટે અવતર્યા હતા. આવા

મૂળજીને સંસારનાં બંધન પાલવે તેમ ન હતા. મૂળજીનો દેહ સંસારમાં હતો, પરંતુ મન તો મહારાજની મૂર્તિમાં જ રમતું હતુ. તેઓ સંસારના કોચલાને સર્વથા ફેંકી દેવા માટે મહારાજના સંકેતની રાહ જોઈ રહ્યા હતા. એક દિવસ એમને એ સંકેત પ્રાપ્ત થઈ ગયો.

વિ. સં. ૧૮૬૬ કાર્તિક સુદી પૂર્ણિમાનો દિવસ હતો. મૂળજી ભાદરામાં પોતાના ખેતરમાં શેરડીના વાઢમાં પાણી વાળતા હતા. મૂળજીની ઉંમર પચીસ વરસની હતી. મહારાજે મૂળજીને શેરડીના વાઢમાં દર્શન દીધાં. મહારાજના દિવ્ય તેજોમય રૂપનાં દર્શન કરતાં જ મૂળજી ભાવવિભોર થઈ ગયા અને હાથ જોડ્યા.

મહારાજ બોલ્યા, "મૂળજી! આપણે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે? શું બ્રહ્મતેજ સુકાઈ ગયું છે? માટે ચાલી નીકળો, હવે સંસારની મુદત પૂરી થઈ છે!"

મહારાજનાં વચને આ અનાદિ સિદ્ધ જાગી ગયા; પાવડો-કોદાળી એક બાજુ ફેંકી દીધાં અને ખેતરથી સીધા મહારાજને મળવા ચાલી નીકળ્યા.

ઘરનો ઉંબરો આમ તો ચાર આંગળ જ ઊંચો હોય, પણ તેને કાયમ માટે ઓળંગવાનો અવસર આવે ત્યારે કરોડ જોજન ઊંચો થઈ જતો હોય છે!

તથાગત બુદ્ધ જેવા મહાપુરુષને પણ ગૃહત્યાગ કરતા પહેલા વારંવાર પાછા વળી વળીને રાહુલ-યશોધરાનું મુખ જોઈ આવવાનું મન થયું હતું.

મૂળજી ભક્તનું આ મહાપ્રસ્થાન અંતરમાં પ્રજ્વલિત વૈરાગ્ય અને પ્રભુ-આજ્ઞાનું યથાર્થ મૂલ્યનું દ્યોતક હતું. અહીં બુદ્ધની જેમ પાછા ફરીફરીને સામે જોવાની વાત જ નહોતી. સાપ જેમ કાંચળી ઉતારે એમ મૂળજીએ મહારાજનાં વચને સંસારની કાંચળી ઉતારી નાખી હતી. 'તેજીને ટકોર બસ' એ ન્યાયે મૂળજી સર્વસ્વ છોડીને ચાલી નીકળ્યા અને સીધા ગઢપુર મહારાજ પાસે પહોંચ્યા.

આ દરમિયાન મૂળજીના ભાઈ સુંદરજી અને એક બ્રાહ્મણ મૂળજીને શોધતાં શોધતાં ગઢપુર આવ્યા. એમણે મહારાજને ખૂબ જ આગ્રહ કર્યો કે, 'મહારાજ! મૂળજીને તમે ગમે તેમ કરીને ઘરે મોકલો.' મહારાજ મૂળજીના વૈરાગ્યની કસોટી કરવા માગતા હતા, એટલે એમણે મૂળજીને ઘરે પાછા જવા આજ્ઞા કરી.

મૂળજીની ઇચ્છા ન હતી, છતાં મહારાજની આજ્ઞા થઈ એટલે એમને ભાદરા જવું પડ્યું, પરંતુ હવે પરિવારનાં બંધન મૂળજીને રોકી શકે એમ નહોતાં. મૂળજી ઘરેથી પાછા નીકળી ગયા.

ઘર બાળીને આવો તો સાધુ કરીએ!

ભગવાન શ્રી સ્વામિનારાયણ એ સમયે પંચાળામાં બિરાજતા હતા. મૂળજી પંચાળા પહોંચ્યા; મહારાજને મળ્યા અને બે હાથ જોડીને વિનંતી કરી, "મહારાજ! મને સાધુ કરો."

મહારાજ હજુ પણ મૂળજીની કસોટી કરવા માગતા હતા. એમણે મૂળજીને ગૂઢ પ્રશ્ન કર્યો, "મૂળજી! તમને સાધુ તો કરીએ, પણ ઘરબાર બાળીને આવ્યા છો કે એમ ને એમ આવ્યા છો?"

સરળ પ્રકૃતિવાળા મૂળજીએ ઉત્તર દીધો, "મહારાજ! ઘરબાર તો હજી એમને એમ જ છે."

મહારાજે મૂળજીને કોઈ ન સમજી શકે તેવી આકરી આજ્ઞા કરી, "તમે પાછા જાવ, ઘરનાં સભ્યો ઘરમાં સૂતાં હોય એવા સમયે ઘરની ચારે તરફ બોરડી-બાવળનાં ગળાયાં નાખો, એમાં અગ્નિ મેલો. આ રીતે સૌને સળગાવીને પાછા આવો, પછી સાધુ કરીએ!"

મહારાજની વાત સાંભળીને સભામાં બેઠેલા ઘણાને મનમાં થયું કે, "મહારાજ આ કેવી આજ્ઞા કરી રહ્યા છે? મહારાજ નિર્દય થયાં છે કે શું?"

સૌ સૌની રીતે વિચારતા હતા પરંતુ મૂળજીની વાત નોખી હતી. એ તો મહારાજની આજ્ઞા થતા તરત ઊભા થયા અને પળનોય વિલંબ કર્યા વિના ઉતાવળી ગતિએ ઘર તરફ ચાલવા લાગ્યા.

બ્રહ્માનંદસ્વામીએ કીર્તનમાં શૂરવીર ભક્તોને બિરદાવતા કહ્યું છે,

'પેટ કટારી રે પહેરીને સન્મુખ ચાલ્યા,
પાછા ન વળે રે કોઈના તે નવ રહે ઝાલ્યા.'

સભામાં બેઠેલા મુક્તાનંદસ્વામી આ આખી પરિસ્થિતિ નીહાળી રહ્યા હતા. જેવું મૂળજીએ પંચાળાથી ભાદરા તરફ પ્રયાણ આદર્યું, કે સ્વામીના અંતરમાં ફાળ પડી. એમણે મહારાજને હાથ જોડીને કહ્યું "મહારાજ! મૂળજીને પાછા વાળો, નહિતર એ તો સાચોસાચ સૌને બાળીને આવશે."

મહારાજ હસ્યા અને બોલ્યા, 'હા સ્વામી! એ તો એવા જ છે. કોઈને એની પાછળ દોડાવો અને પાછા બોલાવી લાવો.

મહારાજની આજ્ઞાથી એક પાર્ષદ દોડતા ગયા અને મૂળજીને પાછા વાળી આવ્યા. મૂળજી મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજ મંદમંદ હસીને બોલ્યા, "મૂળજી! અમારે તો અંતરમાં રહેલા ઘરબાર સળગાવવાં હતાં, બહારનાં નહીં."

મૂળજી બોલ્યા, "મહારાજ! આપની કૃપાથી અંતરમાંથી તો બધું ક્યારનું સળગી ગયું છે! અંતરમાં તો એક આપ સિવાય બીજું કાંઈ છે જ નહિ!"

મૂળજીની વાત સાંભળી મહારાજ એકદમ ઊભા થયા અને મૂળજીને બાથમાં ઘાલીને મળ્યા અને બોલ્યા, "હા મૂળજી! એમ જ છે. તમે તમારા હૃદયમાં અમારી મૂર્તિ સિવાય બીજું કાંઈ રહેવા દીધું નથી. તમારા હૃદયમાં અમારો અખંડ વાસ છે."

સંવત ૧૮૬૬માં મહારાજે ડભાણમાં મોટો યજ્ઞ આદર્યો હતો. એ પ્રસંગે મહારાજે મૂળજીને મહાદીક્ષા આપી 'નિર્ગુણાનંદ' નામ પાડ્યું હતું. આગળ જતા તેઓ 'ગુણાતીતાનંદસ્વામી' તરીકે પ્રસિદ્ધ થયા હતા. સંપ્રદાયનો કેટલોક વર્ગ ગુણાતીતાનંદસ્વામીને અક્ષરબ્રહ્મનો અવતાર માને છે.

નોંધ - લેખક દ્વારા 'સદ્‌ગુરુ ગાથા' ભાગ-૧ માં સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીનું વિસ્તૃત જીવન લખાયેલું છે.

નંદ સંત-કવિઓ

ભગવાન શ્રી સ્વામિનાયણ પાસે લબ્ધપ્રતિષ્ઠિત કવિઓ હતા, જેમણે ગુજરાતી તેમ જ વ્રજ ભાષામાં અનેક કાવ્યગ્રંથોની રચના કરેલી છે.

મહાપ્રભુજી વલ્લભાચાર્યજી પાસે જેમ અષ્ટસખાઓ હતા, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે અનેક શ્રેષ્ઠ નંદ સંત કવિઓ હતા. એમાં મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી, દેવાનંદસ્વામી, મંજુકેશાનંદસ્વામી, દયાનંદસ્વામી, આધારાનંદસ્વામી વગેરે નવ નંદ સંત-કવિઓ ભારે પ્રસિદ્ધ હતા. ઉપરાંત, પૂર્ણાનંદસ્વામી, અવિનાશાનંદસ્વામી, વૈષ્ણવાનંદસ્વામી વગેરે બીજા પણ અનેક નંદ સંત-કવિઓ હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ નંદ-સંત કવિઓ કોઈ વેદિયા કવિઓ ન હતા; તેઓ ભારે વ્યવહાર-કુશળ અને વર્તનનિષ્ઠ સંતો હતા. મોટા ભાગના આ નંદ સંત-કવિઓ ભાગ્યે જ જોવા મળતી બહુમુખી પ્રતિભાના સ્વામીઓ હતા. મધુરકંઠે ગાવું, બજાવવું અને નર્તન કરવું આ ત્રણેય કળાઓનો સંગમ કોઈ એક જ વ્યક્તિમાં હોય, એવું ભાગ્યે જ સંભવતું હોય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના મોટા ભાગના નંદ સંત-કવિઓ આ ત્રણેય કળામાં ભારે પ્રવીણ હતા. ઉપરાંત, તેઓ અન્ય અનેક વિષયોમાં નિષ્ણાત હતા, મોટાં મોટાં મંદિરોનાં નિર્માણ એમની દેખરેખમાં થતાં.

આ સંતો અધ્યાત્મની કોરી વાતો કરનારા નહોતા, ઉચ્ચત્તમ આધ્યાત્મિક ભૂમિને અનુભવનારા હતા. સૌથી મહત્ત્વની વાત એ હતી, કે ધ્રુવને આધારે નક્ષત્રમાળ ફરે એમ આ સર્વ કવિઓના જીવનપ્રાણ ભગવાન શ્રી સ્વામિનારાયણ હતાં.

સમગ્ર શાસ્ત્રોનો સાર એ છે કે, "પરમાત્માની પ્રગટ પ્રાપ્તિ સિવાય આત્યંકિત કલ્યાણ અસંભવ છે." ચિત્રના સૂરજથી અજવાળાં થતાં નથી. પડદા પર ચીતરેલા પકવાનોથી ભૂખ ભાંગતી નથી, શિલ્પોના સિંહોથી શિકાર થતા નથી. વલ્લભાચાર્ય મહાપ્રભુજીના શબ્દોમાં કહીએ તો, 'કાષ્ઠમાં અગ્નિ છે, પરંતુ એ પ્રગટે નહિ તો રસોઈ

થતી નથી.' સ્થાવર-જંગમ સૃષ્ટિમાં વ્યાપીને રહેવું અથવા તો પોતાનાં દિવ્યધામમાં રહેવું, એ પરમાત્માનું પરોક્ષરૂપ છે. સમયે સમયે અવતારો ધરવા, એ પરમાત્માનું પ્રગટરૂપ છે. પ્રગટરૂપથી જીવને જેવો સમાસ થાય છે, એવો પરોક્ષરૂપથી થતો નથી.

વેદો અને શાસ્ત્રો જેમને પૂર્ણ પુરુષોત્તમ નારાયણ કહે છે. એ જ પરમાત્મા ધર્મદેવ અને ભક્તિમાતાને ત્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણ રૂપે પ્રગટ થયા છે એવી અચલ શ્રદ્ધામાંથી નંદ સંતોની આ કીર્તનરૂપી ભક્તિની ભાગીરથી પ્રગટેલી છે.

પ્રગટ પરમાત્માની પ્રાપ્તિથી નંદ-સંતો કૃતાર્થતા અને પૂર્ણકામપણું અનુભવતા હતા. તેઓ અહર્નિશ સહજાનંદ સિંધુમાં મગ્ન રહેતા હતા અને એ આનંદ-સાગરમાંથી ઊમટેલી લહેરો એટલે નંદ-સંતોનાં કીર્તનો.

આ નંદ-સંતોની રચનાઓમાં પ્રગટ ભગવાન પ્રત્યેની પ્રેમલક્ષણા ભક્તિની અમૃતધારા નિરંતર વહ્યા કરે છે.

આ નંદ સંત-કવિઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણની સુંદર મૂર્તિનું નખશિખ વર્ણન કરેલું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ અનુપમ સૌંદર્યનો સાગર હતા. એમનાં નેણ અને વેણનાં કામણે લાખો લોકોને વશ કર્યાં હતા.

નંદ સંતોએ પોતાની સેંકડો રચનાઓમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં કામણગારા મનુષ્યવિગ્રહના એક એક અંગનું અદ્‌ભુત વર્ણન કરેલું છે.

શોભા શી કહું રે રૂડી, વર્ણન કરતાં જાય ચિત્ત બુડી...
તેરી મુસકરની મેં મન લાગી રહ્યો રે...
કમળનયન કટાક્ષમાં મારાં તાણી લ્યો છો પ્રાણ...જીવન જાણું છું...
શોભાસાગર શ્યામ તમારી મૂર્તિ પ્યારી રે...
વાલા મારી શુધ બુધ તેં હરી લીધી રે, તારે લટકે વેરાગણ કીધી...
રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે...

સામાન્ય રીતે સ્રી-પુરુષને પરસ્પરનું સૌંદર્ય જોઈને પરણવાનું મન થતું હોય છે, જે માનવમનમાં રહેલી ભોગવૃત્તિને દર્શાવે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં સૌંદર્યની વાત કંઈક અનોખી જ છે. એમનાં અનુપમ સૌંદર્યનું દર્શન કરતાં સેંકડો લોકોના અંતરમાં વૈરાગ્ય પ્રગટતો હતો અને પરણવાની ઇચ્છા જ શાંત થઈ જતી હતી.

સંસારીઓનો પ્રેમ વિકૃત છે, માટે એમાં ભોગવૃત્તિ છે. નિર્મળપ્રેમમાં ત્યાગ અને સમર્પણ હોય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું સૌંદર્ય નિર્મળપ્રેમથી ભરેલું હતું. નંદ સંત કવિઓએ પોતાની રચનાઓમાં મહારાજનાં આ નિર્મળસૌંદર્યનું અદ્ભુત વર્ણન કરેલું છે.

આકાશની ગંગા ધરતી ઉપર અવતરીને જીવપ્રાણીમાત્રનું કલ્યાણ કરે છે, એ જ રીતે ઉત્તમ આત્યંતિકી ભક્તિરૂપી ઉચ્ચત્તમ અધ્યાત્મનાં શિખરો પર વિરાજમાન હોવા છતાં પણ આ નંદ-સંતોએ પ્રેમ અને કરુણાથી સભર હૈયે નાના-મોટા સર્વ પ્રકારના સાધકોને લક્ષમાં રાખીને ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિથી પરિપૂર્ણ પદોની પણ રચના કરી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અનુપમ સૌંદર્ય વિશે મહાકવિ નાન્હાલાલ દલપત-ચરિત્રમાં નોંધે છે કે, 'મારા પિતા દલપતરામે નાની ઉંમરે દાદા ખાચરના દરબારગઢમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના હાથના લટકાનાં દર્શન કર્યાં હતાં, જે તેઓ પોતાની વૃદ્ધ ઉંમરે પણ વિસરી શક્યા નહોતા.'

સ્વામિનારાયણનું પાખંડ ઉઘાડું પાડો

એક દિવસ ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢપુરમાં લીલુડા લીંબડા નીચે સભા ભરી હતી અને ભાગવતજીની કથા વંચાવતા હતા. એ જ સમયે કવિરાજ લાડુદાનજી મહારાજની પરીક્ષા કરવા ગઢપુર આવ્યા હતા. લાડુદાન ઉચ્ચકોટિના કવિ હતા. ફૂલની ફોરમ ફોરે એમ એ શીઘ્ર કવિની કીર્તિ સર્વત્ર પ્રસરી રહી હતી.

લાડુદાનજીનો જન્મ રાજસ્થાનના શિરોહી રાજ્યના નાનકડાં એવા ખાણ ગામે વિક્રમ સંવત ૧૮૨૮ના મહા માસમાં વસંતપંચમીના રોજ થયો હતો. તેઓ જ્ઞાતિએ ચારણ હતા. એમના પિતાનું નામ શંભુદાનજી અને માતાનું નામ લાલુબા હતું. ભૂજની પ્રસિદ્ધ પીંગળ પાઠશાળામાં લાડુદાનજીએ કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો.

ભૂજના મહારાજાએ સુવર્ણ કંકણ, સુવર્ણ અલંકારો અને વિવિધ શિરપાવ અર્પી આ નવોદિત, પ્રખર મેધાવી અને યુવાન કવિરાજનો સત્કાર કર્યો હતો.

લાડુદાનજીએ કચ્છના ધમડકા ગામે ભટ્ટાચાર્ય નામના વિદ્વાન પાસેથી સંસ્કૃતનો અભ્યાસ પણ કર્યો હતો.

એક દિવસ ધમડકામાં સારણગંગાના કિનારે ખીજડાના વૃક્ષ નીચે લાડુદાનજી બેઠા હતા. એ સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને નીલકંઠવર્ણી રૂપે દિવ્ય દર્શન આપ્યાં હતાં. આ સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ હજુ ગુજરાતમાં પધાર્યા પણ ન હતા.

લાડુદાનજીએ આ દિવ્ય-તેજસ્વી બ્રહ્મચારીનો પરિચય પૂછ્યો, તો બ્રહ્મચારીએ મંદ મંદ હસીને લાડુદાનજીને કહ્યું હતું કે, 'લાડુદાનજી! આપણી તો જુગ જુગ જૂની ઓળખાણ છે. ભવિષ્યમાં આપણે કાઠિયાવાડમાં મળીશું." આટલું કહી ભવિષ્યનાં

મિલનનાં બીજ વાવી વર્ણીરાજ અદૃશ્ય થઈ ગયા હતા.

લાડુદાનજીનો કંઠ મયૂરના કેકારવને પણ ભુલાવે એવો હતો. એમના કંઠેથી છંદ-છપ્પય ગવાતાં, ત્યારે જાણે દેવતાઈ ઘંટારવ થતા હોય એમ સર્વને ભાસતું.

તેઓ મહાપ્રતિભા સંપન્ન અને શતાવધાની હતા. સો વ્યક્તિ એક સાથે અલગ અલગ પ્રશ્નો કરે; એ સો એ સો વ્યકિઓને ક્રમશઃ યથાર્થ ઉત્તર આપે, એ શતાવધાની મહાપુરુષ ગણાય.

તેઓ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. કાવ્યસર્જન, સંગીત, સંસ્કૃત ઉપરાંત અશ્વપરીક્ષામાં પણ ભારે કુશળ હતા. શિલ્પશાસ્ત્રનું પણ એમને સારું એવું જ્ઞાન હતું. એક જ મહાપુરુષમાં આ બધી જ કલાઓનો સંગમ થવો દુર્લભ હોય છે.

શીઘ્ર કાવ્યશક્તિ અને ઘેરા કંઠનાં કામણથી એમણે મોટા મોટા રાજા-મહારાજાઓને વશ કર્યાં હતા. જૂનાગઢના નવાબ તો લાડુદાનજીના જિગરી મિત્ર હતા.

જામનગર, પોરબંદર, દ્વારકા, ગોંડલ વગેરે અનેક રાજ્યોનાં રાજા-મહારાજાઓએ લાડુદાનજીનું બહુમાન કરી, બહુમૂલ્ય ભેટ-સોગાદો અને શિરપાવ આપ્યાં હતાં.

મીઠાની ગાંગડી સાગર માપવા ગઈ!

રાજા-મહારાજાઓ તરફથી આદર-સત્કાર પામતાં પામતાં લાડુદાનજી ભાવનગર પધાર્યા. કવિશ્રીની કીર્તિ સાંભળી ચૂકેલા ભાવનગર નરેશ વખતસિંહજીએ કવિરાજનો ભવ્ય સત્કાર કર્યો.

ભાવનગર નરેશે કવિરાજનું સુવર્ણનાં અલંકારોથી બહુમાન કરવાનો સંકલ્પ કર્યો. એમણે રાજના માનીતા સોની નાગદાનને બોલાવી કવિરાજના અંગેઅંગનું માપ લઈ અલંકારો ઘડવાની આજ્ઞા કરી.

નાગદાન સોની ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત હતા. એનાં કંઠમાં તુલસીની કંઠી અને કપાળમાં ભભકાદાર તિલક-ચાંદલો શોભતાં હતાં.

નાગદાન સોનીના કપાળે ઊર્ધ્વપુંડ્ર તિલક જોઈને કવિરાજને કટાક્ષ કરવાનું મન થયું. એમણે રમૂજ કરતાં સોનીને પૂછ્યું, "મહાજન! કપાળે આ ચીપિયા જેવું નવી ભાતનું ટીલું કયા પંથનું છે?"

નાગદાન કાંઈ બોલે ન બોલે ત્યાં તો ભાવેણાના ધણી બોલી ઊઠ્યા, "કવિરાજ! અમારા રાજમાં એક પાખંડ પેદા થયું છે, સ્વામિનારાયણ નામ છે. બાવીશ વર્ષની નાની ઉંમર છે, પણ લોકોને ગાંડા કરે છે. હજારો લોકો એને ભગવાન માનીને પૂજે છે. કોઈ એને કામણ ટૂમણિયો બાવો માને છે, કોઈ કહે છે કે એણે બાબરોભૂત વશ

કર્યો છે. ગમે એમ પણ એક વાત સત્ય છે કે, હજારો લોકો એમના તરફ ખેંચાય છે!"

"એની વાતોથી ભરમાઈને અમારા ગઢડા ગામનો ધણી દાદો ખાચર તો એના સિવાય બીજું કાંઈ ભાળતો જ નથી. એની બે બહેનો તો લગ્ન કરવાનું હરામ કરીને સાંખ્યયોગ પાળે છે. કાઠી દરબારોની કોમમાં જુવાન દીકરીઓ અપરિણીત રહે એ સારું ન કહેવાય. લોકો પણ આ અંગે મન ફાવે તેમ વાતો કરે છે. કવિરાજ! તમે ગઢડા જઈને સ્વામિનારાયણનાં પારખાં લ્યો અને દાદા ખાચરની બહેનોને સાંખ્યયોગ છોડાવી સંસારમાં જોડો." ભાવનગર નરેશની વાત સાંભળી લાડુદાનજીએ કહ્યું, "દરબાર! અમે અવશ્ય એનાં પારખાં લઈશું અને પાખંડને ઉઘાડું પાડીશું."

કવિરાજ ગઢપુર જવા રવાના થયા, ત્યારે નાગદાન સોનીએ મે'ણું માર્યું, "કવિરાજ! જોજો હો, મીઠાની ગાંગડી સાગરના તળિયા માપવા જાય એ પાછી નો આવે!"

નાગદાન સોનીનો કટાક્ષ લાડુદાનના હૈયામાં તીરની જેમ ખૂંપી ગયો. એમણે નાગદાન તરફ કરડી નજર કરીને કહ્યું, "મહાજન! તમે સોનું પારખી જાણો અને લાડુદાન માણસ પારખી જાણે! હમણાં જ દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ રહેશે!"

આટલું કહી કવિરાજે ગઢપુરને પંથે પ્રયાણ કર્યું. લાડુદાનજીના મામા પણ સાથે ચાલ્યા. મામા-ભાણેજ ગઢપુર આવ્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણની પરીક્ષા કરવા માટે કવિરાજે મનોમન કેટલાંક સંકલ્પો કર્યા.

પધારો લાડુદાન! પધારો

ભગવાન શ્રી સ્વામિનારાયણ દાદા ખાચરના દરબારમાં નીમતરુનાં વૃક્ષ નીચે કાળા કામળા ઉપર વિરાજમાન હતા. ફરતા પરમહંસોના વૃંદ બેઠા હતા. તારાઓથી વીંટાયેલો ચંદ્ર શોભે એમ પરમહંસોના મધ્યમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ શોભી રહ્યા હતા.

સદ્‌ગુરુ નિત્યાનંદસ્વામી મહારાજની સન્મુખ ભાગવતજીની કથા વાંચી રહ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન કરતાં જ લોહચુંબકમાં લોખંડની પેઠે લાડુદાન આકર્ષાયા. ઘેરે મધુરે સ્વરે મહારાજે લાડુદાનજીને બોલાવ્યા, "પધારો લાડુદાન પધારો."

મહારાજનાં મુખેથી પોતાનું નામ સાંભળતા લાડુદાનજીના આશ્ચર્યનો પાર ન રહ્યો. મહારાજે લાડુદાનજી અને એના મામાનું સ્વાગત કર્યું. એવામાં ભક્તિબાગથી પાર્ષદ ગુલાબનો હાર લઈને આવ્યા. મહારાજની પૂજા કરી કંઠમાં ગુલાબનો હાર પહેરાવ્યો.

લાડુદાનના મનની ધારણાને પૂર્ણ કરતાં હોય એમ મહારાજે મંદ મંદ હસીને ગુલાબનો હાર કવિરાજના કંઠમાં પહેરાવી દીધો અને બોલ્યા, "લાડુદાનજી! ગુલાબના ફૂલ તમને ખૂબ ગમે છેને! લ્યો! આ ગુલાબનો હાર!"

લાડુદાનજી આશ્ચર્યમાં ગરકાવ થયા, આ તો મહારાજ એણે મનમાં ધારેલા સંકલ્પને પૂર્ણ કરી રહ્યા હતા. વસંતઋતુમાં ઉપવન પાંગરે એમ પુરુષોત્તમ નારાયણની પ્રસાદીના ગુલાબના હારે લાડુદાનજીના શરીરમાં દિવ્ય ઝણઝણાટી પેદા કરી અને સાડી ત્રણ કરોડ રોમાવલિઓ બેઠી કરી દીધી. મહારાજે એભલ ખાચરને ભલામણ કરી, "દરબાર! આ લાડુદાનજી બહુ મોટા કવિરાજ છે. એમની આગતાં-સ્વાગતાંમાં કોઈ કસર રાખશો નહીં. " એભલ ખાચરે મહારાજનાં વચનને મસ્તક ઉપર ચડાવ્યું.

બપોર પછીનો સમય હતો, ભગવાન શ્રી સ્વામિનારાયણ સભા ભરીને બિરાજમાન હતા, લાડુદાનજી અને એમના મામા સભામાં પધાર્યા. લાડુદાનજીના મનનો સંકલ્પ હતો, 'જો સ્વામિનારાયણ વગર પૂછ્યે મારો ઇતિહાસ કહે તો ભગવાન ખરાં!'

અંતર્યામી મહારાજે એભલ ખાચરની સામે મીટ માંડીને કહ્યું, "એભલ ખાચર! આ લાડુદાનજીનો અથથી ઈતિ સુધીનો ઇતિહાસ અમે તમને કહીએ." આટલું કહી મહારાજે લાડુદાનજીના જન્મથી માંડીને આજ સુધીની સર્વ ઝીણી ઝીણી હકીકત જણાવી.

લાડુદાનજી આ બધું સાંભળીને આશ્ચર્યના સાગરમાં ડૂબી રહ્યા હતા. કવિરાજના મનમાં થયું, "મહારાજ મારો ઇતિહાસ કઈ રીતે જાણી ગયા!" વિચારે ચડેલા કવિરાજના દૃષ્ટિ મહારાજના ચરણારવિંદ ઉપર ઠરી. સામુદ્રિકશાસ્ત્રના પારંગત કવિરાજ મહારાજનાં ચરણમાં રહેલાં ચિહ્નો નીરખવાં લાગ્યાં. ત્યાં તો મહારાજે મોજથી ચરણારવિંદ લાંબાં કર્યાં. મહારાજના ચરણમાં સોળ ચિહ્નોની રેખાઓ શોભી રહી હતી. લાડુદાનજી એક એક ચિહ્નને ઝીણવટથી નીરખવાં લાગ્યાં.

મિથિલામાં ધનુષભંગ પ્રસંગે પરશુરામ પધાર્યા. ભગવાન શ્રીરામના હૃદયમાં રહેલા ભૃગુલાંછનને જોતાં જ પારખી ગયા કે, 'રામ સાધારણ માનવ નથી, ભગવાન છે' એ જ રીતે સોળ ચિહ્નોને નીરખતાં જ લાડુદાનજી પારખી ગયા કે, 'સ્વામિનારાયણ સાધારણ સંત નથી, પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે' સાચી ઓળખાણ થતાં જ કવિરાજના હૃદયના કમાડ ઉઘડવા માંડ્યા, એણે સોળે સોળ ચિહ્નોને કવિતામાં કંડાર્યા.

કમળ ધ્વજ અંકુશ જવ વજ્ર જંબુ ઊર્ધ્વરેખ |
અષ્ટકોણ સ્વસ્તિક નવ દછિન પદ ચિન્હ દેખ ||
ગોપદ ધનુષ ત્રિકોણ મછ ચંદ્ર કળશ નભ સાત |
ચિન્હ વામ પદ ચિંતવો પુરુષોત્તમ સાક્ષાત્ || બ્રહ્મસંહિતા

એ જ સમયે મહારાજનાં સોળે સોળ ચિન્હોમાંથી દિવ્ય તેજરેખાઓ પ્રગટવા લાગી. લાડુદાનજીની આંખો અંજાઈ ગઈ. લાડુદાનજીને લક્ષ થઈ ગયો. લાડુદાનજીને સમાધિ લાગી ગઈ.

લાડુદાનજીએ સમાધિમાં અક્ષરધામની દિવ્ય ભૂમિકામાં અનંત મુક્તોથી સેવાયેલા મહારાજનાં દર્શન કર્યાં. મહારાજનાં દિવ્ય તેજોમય શરીરમાંથી ચોવીસે અવતારો પ્રગટ થઈ રહ્યા હતા અને પાછા લીન થઈ રહ્યા હતા. સમાધિની આ દિવ્ય અનુભૂતિ લાડુદાનજીને આનંદ અને આશ્ચર્યના સાગરમાં ગરકાવ કરી રહી હતી.

થોડી વાર પછી મહારાજે ચપટી વગાડી એટલે લાડુદાનજી સમાધિમાંથી જાગ્યા.

લાડુદાનજીએ માર્ગમાં આવતા જે જે સંકલ્પ કર્યાં હતા, એ બધા જ સંકલ્પો મહારાજે એક પછી એક પૂરા કરી દીધા હતા. જે કંઈ અધૂરું રહ્યું હતું તે સમાધિની અનુભૂતિએ પૂર્ણ કર્યું હતું. કવિરાજના હૈયામાં હવે પૂર્ણ પ્રતીતિ થઈ ગઈ હતી કે, 'શ્રી સ્વામિનારાયણ સાધારણ માણસ નથી, પરંતુ માણસના વેશમાં રહેલા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે.'

પ્રગટ ભગવાનની પ્રાપ્તિના આનંદમાં કવિરાજના મનનો મયૂર મત્ત બની કેકારવ કરવા લાગ્યો. એમના અંતરમાંથી કાવ્યોની સરવાણી ફૂટવા લાગી. ભાવવિભોર હૈયે લાડુદાનજી બોલી ઊઠ્યા...

એહિ મચ્છ એહિ કચ્છ એહિ સૂકર તનુ ધાર્યો,
એહી બને નરસિંહ દુષ્ટ હરનાકંસ માર્યો ।
એહિ વામન વપુ કીન લીન પદં તીન ભુવ ત્રય,
એહિ ફરશીધર રામ એહીં રઘુપત કિય જગજય ।
એહિ કૃષ્ણ, બુદ્ધ નિકલંક એહિ તેહિ ભેટત ભવભ્રમ ટલે,
કિતનેક રૂપ લાડૂ કહે, સો યહ સહજાનંદ મિલે ।

- બ્રહ્મસંહિતા-૩-૩

લાડુદાનજીએ કહ્યું, "મહારાજ! આપ સાધારણ નથી. આપ સર્વ અવતારના અવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છો!"

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "લાડુદાનજી! આપણી તો જુગ જૂની ઓળખાણ છે. ધમડકામાં સારણગંગાને કિનારે ખીજડાનાં વૃક્ષ નીચે અમે તમને કાઠિયાવાડમાં મળવાનો કોલ દીધો હતો, એ યાદ આવે છે?"

લાડુદાનજીના માનસપટલ ઉપર વર્ષો પહેલાંની વર્ણીની દિવ્ય તેજોમય મૂર્તિ તરવરવા લાગી. લાડુદાન બોલ્યા, "હા, મહારાજ! યાદ આવે છે પણ એ જ તમે હતા, એની પ્રતીતિ તો આજ થઈ. હવે આપનાં ચરણ છોડીને મારે ક્યાંય જવું નથી. મને તમારી સેવામાં રાખો." મહારાજે લાડુદાનજીને પોતાની સેવામાં રાખી લીધા. નાગદાન સોનીના શબ્દો સાચા પડ્યા. ખરેખર 'મીઠાની ગાંગડી સાગરમાં ઓગળી ગઈ!'

લાડુદાનમાંથી શ્રીરંગદાસ

એક દિવસ ભગવાન શ્રી સ્વામિનારાયણે લાડુદાનજીને કહ્યું, “કવિરાજ! આ દાદા ખાચરની બન્ને બહેનો પરણવાની ના પાડે છે. દરબારની જુવાન દીકરીઓ આ રીતે ભર જોબનવયે સાંખ્યયોગ પાળીને જીવે એ ઠીક ન કહેવાય; આપ એને સમજાવો અને સંસારમાં જોડો.”

અંતર્યામી મહારાજના શબ્દોમાં ભાવેણાના ધણી વખતસિંહજીની વાણીના પડઘા ઊઠી રહ્યા હતા. લાડુદાનજીના મનમાં પણ ભાવનગરથી નીકળ્યા, ત્યારથી આ વાત રમતી હતી. એમણે કહ્યું, “ભલે મહારાજ! આપની આજ્ઞા છે તો હું બહેનોને સમજાવું.”

દરબારી રીત પ્રમાણે ઓઝલ-પરદા નખાયા. પડદાની એક બાજુ લાડુદાનજી અને બીજી બાજુ લાડુબા, જીવુબા વગેરે બહેનો બેઠાં. લાડુદાનજીએ પોતાની આગવી શૈલીથી ચારણી ભાષામાં સંસારના સુખો અને વૈભવોના વર્ણન કર્યાં. નાયક-નાયિકાના ભેદ અને સૌંદર્યનાં વર્ણનથી શ્રૃંગાર રસ ખડો કર્યો; પછી લાડુદાનજી બોલ્યા, “બહેનો! જુવાનીને શા માટે વેડફો છો? અવસર છે તો સંસારનો આનંદ માણી લ્યો!”

કવિરાજની વાત સાંભળી લાડુબા બોલ્યા, “કવિરાજ! હવે હાંઉ રાખો, બહુ થયું! તમારી કાવ્યશક્તિ અદ્‌ભુત છે, પણ તમે સોનાની લગડીઓને ઉકરડામાં નાખી! અત્યાર સુધી તમે જે શરીરનાં પેટ ભરીને વખાણ કર્યાં, એ શરીરમાં રુધિર, માંસ, પરુ અને વિષ્ટા ભર્યાં છે. રૂપાળાં ભાસતાં શરીર ઉપરથી ચામડું ઉતારી લેવામાં આવે, તો કાગડા ઉડાડવા માટે બે જણ રાખવા પડે અને જોનારાને ઊલટી થઈ જાય એવાં તો એ રૂપ છે!”

“કવિરાજ! આવાં શરીરનો મોહ ક્યાં સુધી રાખશો? આવાં મળમૂત્રથી ભરેલાં ખોળિયાનાં વર્ણન કરવા કરતાં તમે જો તમારી વાણીનો ઉપયોગ શ્રીહરિની સ્તુતિ કરવામાં કર્યો હોત, તો તમારી વાણી સોહાગણ સુંદરી જેવી સદ્‌ભાગી થઈ ગઈ હોત!”

લાડુબાને વેણે વેણે કવિરાજનું મર્મ ભેદાવા લાગ્યું. એવામાં જીવુબા બોલ્યા, “કવિરાજ! આ તમે લાલ ગલોલા જેવા થઈને ફરો છો. રજવાડી પોશાક અને જર-ઝવેરાત પે'રો છો, તમારા આ રૂપ-રંગ જોઈને કોઈ અભાગણી બાઈનું મન બગડશે, તો એનાં પાપ કોનાં માથે?”

વીજળીનો હળવો કરંટ લાગે અને માણસ હેબતાઈ જાય, એમ બહેનોની વાત સાંભળીને કવિરાજ હેબતાઈ ગયા! બહેનોનાં વેણે એમનો સૂતેલો આત્મા જાગી ગયો. તેઓ એકદમ ઊભા થઈ ગયા અને બોલ્યા, “મારી માવડીઓ! તમને પ્રણામ! મેં તમને સાધારણ ધાર્યા હતા, પરંતુ તમે તો સાક્ષાત્ જોગમાયાઓ નીકળી.”

"હવે મને ખબર પડી, કે જેમ ભગવાન શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને ગોપીઓ પાસે ઉપદેશ દેવા નહિ પણ શીખ લેવા મોકલ્યા હતા; એમ શ્રીજી મહારાજે મને ઉપદેશ દેવા નહીં, પરંતુ ઉપદેશ લેવા મોકલ્યો છે. લ્યો ત્યારે, હવે મારેય આજથી સંસાર હરામ છે!"

આટલું કહી લાડુદાનજી સીધા શ્રીજી મહારાજ પાસે આવ્યા. મહારાજે હસતાં હસતાં કહ્યું, "કેમ કવિરાજ! ફેરો સફળ?"

લાડુદાનજી બોલ્યા, "મહારાજ! ફેરો તો સફળ, પણ મારો! બહેનોનો નહિ. મહારાજ! આવું કરાય? જો ઠપકો જ દેવો હતો તો તમારે દેવો'તો ને! ડોશિયું પાસે મે'ણાંના માર મરાવ્યા!" લાડુબાના વેણે લાડુદાનજીના રહ્યા સહ્યા અંતરાયો આંકડાના તૂલની પેઠે ઉડાડી દીધા હતા. લાડુદાનજીનું હૈયું ભારે ધન્યતા અનુભવી રહ્યું હતું. એમના અંતરના ભાવો કીર્તન દ્વારા વહેતા થયા...

આજની ઘડી રે ધન્ય આજની ઘડી
નેણે નીરખ્યા સહજાનંદ ધન્ય આજની ઘડી
જ્ઞાન કુંચી ગુરુગમસે ગયાં તાળાં ઉઘડી
લાડુ સહજાનંદ નીરખતાં મારી ઠરી આંખડી... આજની ઘડી...

આમ બોલતાં બોલતાં કવિરાજે શરીર ઉપરના સુવર્ણ અલંકારો અને રાજસી વસ્રો ઉતારી મહારાજનાં ચરણમાં ઢગલો કરી દીધો અને બોલ્યા, "મહારાજ! હવે મને સાધુ કરો."

ભગવાન શ્રી સ્વામિનારાયણે લાડુદાનજીને ભાગવતી દીક્ષા આપતા કહ્યું, "લાડુદાનજી! તમને તો લક્ષ્મીજી સમાન મુક્તાત્મા જીવુબાના ઉપદેશનો રંગ ચડ્યો, એટલે અમે તમારું નામ 'શ્રીરંગદાસજી' રાખીએ છીએ."

લાડુદાનજી જ્યારે સાધુ થયા ત્યારે એમની પાસે જે ધનસંપત્તિ-વૈભવ હતો, તે આંખને આંજી નાખે તેવો હતો. રાજા મહારાજાઓએ શરપાવમાં આપેલા હજારો રૂપિયા, હીરા, માણેક, મોતી અને સુવર્ણનાં અલંકારો, રેશમી વસ્રો, સોને મઢેલી ઢાલ, સોનેરી મૂઠવાળી તલવાર અને કટાર, ચાર અશ્વો વગેરે સઘળી સંપત્તિ એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણને ચરણે સમર્પિત કરી દીધી હતી.

આ સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણની ઉંમર માત્ર બાવીશ વર્ષની હતી અને લાડુદાનજી આશરે બત્રીસ વર્ષના હતા. બાવીશ વર્ષના બ્રહ્મચારીએ બત્રીસ વર્ષના બારોટને પોતાનાં કામણથી આંજી દીધા હતા.

રે સગપણ હરિવરનું સાચું

લાડુદાનજી સંસારથી વિરક્ત થયા, એ વાત એમના મામાએ ખાણ ગામે પહોંચાડી. લાડુદાનજીનાં માતાપિતાનાં હૈયામાં ભારે આઘાત લાગ્યો. તેઓ સ્વામીને મનાવવા ગઢપુર આવ્યા.

લાડુદાનજીનું જેમની સાથે વાગ્દાન થયેલું એ મોજબાઈ અને એમની બહેનપણી ખીમબાઈ પણ લાડુદાનજીના માતા-પિતાની સાથે ગઢપુર આવ્યાં હતાં.

સગાં-સંબધીઓએ સ્વામીને સંસારમાં પાછા ફરવા માટે અતિ આગ્રહ કર્યો, પણ સ્વામી સહેજ પણ પીગળ્યા નહિ. સ્વામીએ સર્વને સ્પષ્ટ જણાવી દીધું.

રે સગપણ હરિવરનુ સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું
રે સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાંગ્યું મન મિથ્યા ભાળી,
છે વરવા જેવા એક વનમાળી.....રે સગપણ

બ્રહ્માનંદસ્વામીના મુખેથી ત્યાગ-વૈરાગ્યની અજોડ ખુમારી ભરેલાં વચનો સાંભળી મામા અને માવતરને થયું હતુ કે 'હવે આ દીકરો પાછો નહિ આવે.'

સ્વામીના મા લાલુબા ચોધાર આંસુડે રડતાં રડતાં બોલ્યાં, "મહારાજ! મારો લાડુ તમારી પાસે રહેશે, તો એની મા કોણ થશે? એને લાડ કોણ લડાવશે?"

લાલુબાની વાત સાંભળી મહારાજ ઊભા થયા, લાલુબાને ધીરજ આપી. પછી બ્રહ્માનંદસ્વામીને બાથમાં લઈ ભેટ્યા અને બોલ્યા, "મા! આજથી તમારા લાડુની મા અમે થઈશું. તમારા લાડુને લાડ અમે લડાવશું. મા! લાડુદાન ઘેરે રહેશે તો એક પરિવારનું કલ્યાણ થશે, અમારી પાસે રહેશે તો હજારો જીવોના કલ્યાણ કરશે. મા! ચારણકુળનો ઇતિહાસ તો બલિદાનોથી ભરેલો છે. અસંખ્ય જીવોના કલ્યાણ માટે આ લાડુદાન અમને સોંપી દ્યો."

ભગવાન શ્રી સ્વામિનારાયણનું એક એક વચન લાલુમાના હૈયામાં વસી રહ્યું હતું. આખરે એ જનેતાએ મન કઠણ કરી નિર્ણય કર્યો અને પોતાના લાડકા દીકરા લાડુદાનને મહારાજનાં ચરણે સમર્પણ કરી દીધો. માતા-પિતા, સગાંસંબંધીઓ થોડા દિવસ ગઢપુર રહ્યાં પછી નિરાશ હૈયે પાછાં ગયાં, પરંતુ અજોડ ઘટના તો હવે બની.

બ્રહ્માનંદસ્વામીના ત્યાગ-વૈરાગ્યનાં વચનોથી ખીમબાઈ અને મોજબાઈના અંતર ભેદાઈ ગયાં હતાં. આ બન્ને બહેનોએ આજીવન સંસાર હરામ કર્યો હતો અને આજીવન બ્રહ્મચારિણી રહી સાંખ્યયોગ પાળ્યો હતો.

બ્રહ્માનંદસ્વામીએ મહારાજના સાંનિધ્યમાં રહીને સંન્યાસનો માર્ગ દીપાવ્યો હતો, જ્યારે બન્ને બહેનોએ સંસારમાં રહીને પણ સંન્યાસીઓ કરતાંય શ્રેષ્ઠ જીવન જીવી જાણ્યું હતું.

તારે ચટક રંગીલો છેડલો

બ્રહ્માનંદસ્વામી શતાવધાની અને શીઘ્રકવિ હતા. એમના શીઘ્રકવિત્વનો એક પ્રસંગ અનૂઠો છે. એક વાર મહારાજે સોપારીના બે બેરખા બનાવ્યા. એક પોતે રાખ્યો, બીજો જીવુબાને દીધો અને પ્રકરણ એવું ચલાવ્યું, કે સભામાં કથાવાર્તા વખતે જે કોઈ ઊંઘે કે ઝોલાં ખાય એને બેરખો મારીને જગાડવા.

પુરુષોમાં કોઈ ઝોલાં ખાય, તો મહારાજ બેરખો મારતા અને બાઈઓમાં કોઈ ઝોલા ખાય, તો જીવુબા બેરખો મારતા.

એક દિવસ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રિય સખા બ્રહ્માનંદસ્વામી સભામાં બેઠા હતા. તાજું મુંડન કરાવ્યું હતું, દીપમાળાની જ્યોતમાં બ્રહ્માનંદસ્વામીનું મસ્તક ઝગારા મારી રહ્યું હતું!

એવામાં બ્રહ્માનંદસ્વામીને ઝોલું આવ્યું. મહારાજે બેરખાનો ઘા કર્યો. બેરખો સીધો તડાક દઈને બ્રહ્માનંદસ્વામીના માથામાં લાગ્યો. બ્રહ્માનંદસ્વામી ઝબકીને જાગી ગયા અને રમૂજમાં બોલ્યા, "મહારાજ! શા માટે વગર વાંકે બેરખા મારો છો?"

મહારાજ હસીને કહે, "ઝોલાં ખાય એને બેરખાનો માર પણ ખાવો પડે!"

બ્રહ્માનંદસ્વામી ઠાવકું મોંઢું રાખીને બોલ્યા, "મહારાજ! હું ક્યાં ઝોલા ખાતો હતો?"

મહારાજ હસીને કહે, "સ્વામી! આ આખી સભા સાક્ષી છે, તમારું માથું કાકીડાની જેમ ડોલતું હતું."

બ્રહ્માનંદસ્વામી એ જ કૃત્રિમ ગંભીરતા સાથે બોલ્યા, "મહારાજ! હું ઝોલાં નો'તો ખાતો, હું તો નવાં નવાં કીર્તન બનાવતો હતો અને મસ્તીમાં ડોલતો હતો!"

મહારાજ અને સ્વામીના સંવાદે સભાને હળવા હાસ્યમાં ગરકાવ કરી દીધી.

મહારાજ બોલ્યા, "સ્વામી! જૂઠું બોલો મા. જો તમે ખરેખર કીર્તન રચ્યું હોય તો બોલો!"

શીઘ્રકવિ બ્રહ્માનંદસ્વામીએ કળા કરીને કહ્યું, "કીર્તન બોલું, પણ સભા ઝીલે તો બોલું."

મહારાજે કહ્યું, "ભલે, તમે ઝિલાવો, અમે ઝીલશું!"

શીઘ્ર કવિ બ્રહ્માનંદસ્વામી મહારાજની મૂર્તિને નીરખતા જાય, નવી નવી કડીઓ

રચતા જાય અને કીર્તન ઝિલાવતા જાય. સભા એક કડી ઝીલે, ત્યાં તો સ્વામીએ બીજી કડીની રચના કરી નાખી હોય!

આમને આમ ચાર પદનું એક ચોસર રચાયું, જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે એ સમયે જેવાં વસ્રો અને અલંકારો ધારણ કર્યાં હતાં, એનું આબેહૂબ વર્ણન હતું. કીર્તનના શબ્દો છે..

તારે ચટક રંગીલો છેડલો અલબેલા રે,
કાંઈ નવલ કસુંબી પાઘ રંગના રેલા રે.

બ્રહ્માનંદસ્વામીનું શીઘ્ર કવિત્વ જોઈને સભા દંગ રહી ગઈ. કીર્તન પૂરું થયું, મહારાજ ઊભા થયા અને બ્રહ્માનંદસ્વામીને બાથમાં લઈને મળ્યા. એ સમયે મહારાજ કોઈને આ રીતે મળે, તે બહુ મોટું સન્માન ગણાતું.

લાડુદાનજીની શ્રેષ્ઠ કવિ તરીકેની કીર્તિ સમસ્ત ગુજરાતમાં ફેલાઈ ચૂકેલી હતી. 'આવા મહાન કવિએ ભેખ લઈ લીધો છે' એ વાત સર્વને આશ્ચર્ય પમાડી રહી હતી.

કંઈક રાજા-મહારાજાઓ એમને પોતાના રાજકવિ તરીકે નીમવા માગતા હતા, પરંતુ આ બધી જ મોહમાયા હવે બ્રહ્માનંદસ્વામીના મનમાંથી ઊતરી ચૂકી હતી.

વડોદરા નરેશે તો ગામ-ગરાસ અને જબરા વર્ષાસનનો પ્રસ્તાવ મૂક્યો હતો. લાડુદાનજીએ સવિનય એ પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો હતો અને કહેવડાવ્યું હતું કે,

મેં ઢાઢી મહારાજ કો, હાજર હુકમ હજૂર |
ગાયો જશ ગોવિંદ કો, પાયો ધન ભરપૂર ||

'ગાયકવાડ સરકારને કહેજો, હવે તો આ જિહ્વા એક માત્ર પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના ગુણ ગાશે, રાજા-મહારાજાઓના નહિ.'

ચાતક પ્યાસે મરી જાય, પરંતુ સ્વાતિના બુંદ સિવાય અન્ય જળને બોટતું નથી. બ્રહ્માનંદસ્વામીની આવી જ ચાતકટેક હતી. એમના વૈરાગ્યની ખુમારી અને ભક્તિ અજોડ હતા. પુરુષોત્તમ નારાયણને પામ્યા પછી એમની લોકોત્તર પ્રતિભા સોહાગણ સુંદરી બની ચૂકી હતી.

આ બાળક કોનું? તમારું કે ખુદાનું?

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં વિરાજમાન હતા. એ વખતે અમદાવાદના ડોસા તાઈ પોતાના પુત્ર નૂર તાઈને સાથે લઈ મહારાજનાં દર્શને આવ્યા. ડોસા તાઈ પાક દિલના મુસલમાન હતા, અલ્લાના ઓલિયા હતા.

તાઈલોકોનો વ્યવસાય ગંધર્વવિદ્યા ગણાય. ગંધર્વ વિદ્યા એટલે કે ગાવું, બજાવવું, નાચવું વગેરે કળાઓ પ્રાપ્ત કરવી. તાઈ પરિવારો મોટે ભાગે ગંધર્વવિદ્યાથી પોતાની આજીવિકા ચલાવતા હતા.

ડોસા તાઈ વહેવારે ગરીબ હતા. તેઓ પરંપરાની ગંધર્વવિદ્યા દ્વારા, ઉપરાંત ક્યારેક ખેતમજૂરી કરીને, તો ક્યારેક ગોળ-ધાણા વેચીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણનો અલૌકિક પ્રભાવ જોઈને તેઓ મહારાજના આશ્રિત થયા હતા.

એમના પુત્ર નૂર તાઈ કોઈ અનોખો જીવ હતા. નાનપણથી એમની આંખો અલખને શોધી રહી હતી. મહારાજનાં દર્શન કરતાં જ નૂર તાઈને મનમાં થયું, 'હવે મને મારી મંજિલ મળી ચૂકી છે.'

નૂર તાઈ મહારાજનાં ચરણો મેલીને હવે બીજે ક્યાંય જવા માગતા ન હતા, પરંતુ ડોસા તાઈનો જીવ મમત્વથી બંધાયો હતો. તેઓ નૂર તાઈને મહારાજની સેવામાં રહેવાની રજા આપતા નહોતા.

મહારાજે નૂર તાઈના દેવતાઈ નૂરને પારખી લીધું હતું. તેઓએ ડોસા તાઈને મર્મવેધક પ્રશ્ન કર્યો, "ડોસા તાઈ! આ નૂર તાઈ તમારું સંતાન છે કે ખુદાનું?"

વીજળીને ઝબકારે અજવાળાં પથરાય, એમ ડોસા તાઈના અંતરમાં અજવાળાં પથરાયાં. વર્ષો પહેલાં ઘટેલી ઘટનાની એને સ્મૃતિ થઈ આવી. એની નજર સામે કેટલાંક દૃશ્યો ઊભરાવાં લાગ્યાં.

ડોસા તાઈને કોઈ સંતાન ન હતું. તેઓ રોજ ખુદાની બંદગી કરી કહેતા, 'પરવરદિગાર! અમને એક એવું બાળક આપો, કે જેનાં કિલ્લોલથી અમારાં સૂનાં ઘર અને સૂનાં હૈયાને ભરી દ્યે!'

એક વાર અચાનક ડોસા તાઈનાં પરિવાર ઉપર રહેમાને રહીમની રહેમ વરસી. એમને ત્યાં ખુદાઈ નૂરના આગમનની તૈયારી થઈ. ડોસા તાઈ દરરોજ દરિયાખાનની મજારે ધૂપ અને બંદગી કરવા આવતાં. આજે આ ખુદાના બંદાએ પીરની મજારે તેજસ્વી બાળકને રમતું જોયું.

કોઈ અભાગી માતા-પિતા આ નવજાત શિશુને દરિયાખાનની મજારે મૂકી ગયું હતું. માતા-પિતાના ખોળેથી વિખૂટું થયેલ બાળક પીરની મજારે આશ્રય પામ્યું હતું. પરવરદિગારે આ નોંધારા બાળક માટે આધારની વ્યવસ્થા કરી જ રાખી હતી.

પીરના ખોળામાં નવજાત શિશુને રમતું જોઈને ડોસા તાઈના અંતરમાં આનંદની લહેર ઊઠી. એને થયું, 'અરે! આ તો ખુદાનું સંતાન! ખુદાએ મારા પર મહેર કરી

મને બાળક દીધું!'

ડોસા તાઈ પરવરદિગાર દ્વારા મળેલા આ અનોખા ઉપહારને લઈને ઘેર આવ્યા અને હરખભેર પોતાની પત્નીને કહ્યું, "જો તો ખરી! ખુદાએ આપણી બંદગી સાંભળી અને આપણને આ બાળકની ભેટ આપી છે."

ડોસા તાઈના ઘરવાળાં પણ ડોસા તાઈ જેવા જ પાક દિલનાં હતાં. નવજાત શિશુને જોતાં જ એમની આંખોમાંથી આનંદના આંસુ વહ્યાં. એણે બાળકને ગોદમાં લઈ છાતી સરસું ચાંપી દીધું.

કુદરતની લીલા તો જુઓ! જે બાળકને જન્મદાતાએ તરછોડી દીધું, એને લોહીનોય સંબંધ ન હતો એણે સ્વીકારી લીધું! દેહના સંબંધ કરતાંય ચૈતન્યનો સંબંધ શ્રેષ્ઠ સાબિત થયો. એક અનાથ બાળક સનાથ થયું, નોંધારાને આધાર મળ્યો.

ડોસા તાઈએ આ બાળકનું નામ નૂર તાઈ રાખ્યું. તાઈ પરિવારમાં ઊછરી રહેલા નૂર તાઈને ગંધર્વ વિદ્યા ગળથૂથીમાંથી મળી. ગાવા-બજાવવામાં અને સંગીતમાં એની પ્રવીણતા સોળે કળાયે ખીલી ઊઠી હતી. પૂર્વના સંસ્કારોને સાથે લઈને જન્મેલ નૂર તાઈના હૃદયમાં નાનપણથી જ પરમતત્વનાં મિલનની પ્યાસ પ્રગટી હતી. જેમ જેમ નૂર તાઈ મોટા થવા લાગ્યા, તેમ તેમ એના હૈયામાં પાણી વિછોયા માછલા જેવો હરિમિલનનો તલસાટ વધવા લાગ્યો. એની સારંગીમાંથી વિરહી સૂરો ઊઠવા લાગ્યા...

તેરે બિન પિયરા, જીયરો નીકસો જાય...
કબહુ મિલે પિયા મેરા ગોવિંદ!...

સારંગી સાથે ગાન કરતા આ નૂર તાઈના નેત્રોમાંથી અશ્રુઓનો વરસાદ વરસતો રહેતો.

એક વાર ડોસા તાઈ કોઈ કામકાજ અંગે જેતપુર આવ્યા હતા. આ જ અરસામાં સદ્‌ગુરુ રામાનંદસ્વામી નીલકંઠવર્ણીને ધર્મધુરા સોંપી રહ્યા હતા.

જેતપુરના રાજમાર્ગ ઉપર નીલકંઠવર્ણીની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. વર્ણીરાજના પ્રથમવાર દર્શન કરતાંની સાથે જ નૂર તાઈનું અંતર પોકારી ઊઠ્યું "આ એ જ છે! જેની મને ઝંખના છે."

નૂર તાઈ સર્વસ્વ છોડી નીલકંઠની સેવામાં રોકાઈ જવા માગતા હતા, પરંતુ ડોસા તાઈ એમને પરાણે અમદાવાદ લઈ ગયા હતા.

ગઢપુરમાં ભાવસમાધિમાં લીન ડોસા તાઈની નજર સામેથી ચલચિત્રની જેમ ભૂતકાળનાં દૃશ્યો પ્રસારિત થઈ રહ્યાં હતાં. અચાનક જેમ કોઈ સ્વપ્નમાંથી જાગે એમ

ડોસા તાઈ જાગી ગયા.

મહારાજે મંદ મંદ હાસ્ય સાથે ફરીથી પૂછ્યું, "બોલો ડોસા તાઈ! આ નૂર તાઈ તમારા કે ખુદાના?"

ડોસા તાઈએ હાથ જોડીને કહ્યું, "મહારાજ! નૂર તાઈ તો ખુદાઈ નૂર છે અને ખુદાની ભેટ છે."

મહારાજે હસીને કહ્યું, "તો હવે ખુદાનું બાળક ખુદાને સોંપી દ્યો!"

ડોસા તાઈએ મહારાજનાં વચનને મસ્તક ઉપર ચડાવ્યું અને પોતાની આંખોના નૂરસમાન નૂરને મહારાજની સેવામાં અર્પી દીધા.

સાગરમાં સરિતા સમાય તેમ એ એ ખુદાઈ નૂર ખુદાના ખોળામાં સમાઈ ગયું. જાણે કે નૂર તાઈને પોતાનાં અસલી માતા-પિતાની ગોદ મળી!

ભગવાન શ્રી સ્વામિનારાયણે નાત-જાતને જોયા સિવાય નૂર તાઈને અપનાવી લીધા! આ નૂર તાઈ એ જ પ્રેમસખી 'પ્રેમાનંદસ્વામી.'

સંપ્રદાયના સત્યકામ જાબાલ

પ્રેમાનંદસ્વામી એટલે સ્વામિનારાયણ સંપ્રદાયના 'સત્યકામ જાબાલ'. છાંદોગ્ય ઉપનિષદમાં સત્યકામ જાબાલની કથા છે. સત્યકામ જાબાલના કુળનું ઠેકાણું ન હતું. એના પિતા કોણ છે? એની પણ એને ખબર ન હતી.

આશ્ચર્ય અને દુ:ખની વાત એ હતી કે, એમની ગરીબ મા જાબાલા પણ આ બાળકનો પિતા કોણ છે? એ જાણતા ન હતા.

આ ગરીબ સન્નારીનું કેટલી હદે શોષણ થયું હશે? એની કલ્પના જ કંપારી જન્માવે એવી છે. જે હોય તે ખેર પરિસ્થિતિનો શિકાર થયેલા 'જાબાલ' સત્યનિષ્ઠ હતા. એણે નિખાલસ ભાવે પોતાની સર્વ વાત પોતાના પુત્રને જણાવી કે, "બેટા! મારી યુવાન ઉંમરે તું પ્રાપ્ત થયો. તારા પિતા કોણ છે? એ હું પણ જાણતી નથી. તું ગુરુ ગૌતમને સાચી હકીકત જણાવજે. ગુરુ ગૌતમની ઉદારતા અને વિવેકબુદ્ધિમાં મને વિશ્વાસ છે. એ અવશ્ય તને અપનાવશે અને ભણાવશે."

મહર્ષિ હરિદ્રુમ ગૌતમે જ્યારે આ વાત જાણી ત્યારે એમની આંખો આંસુઓથી છલકાઈ ઊઠી. એમણે ઉદાર દિલે સત્યકામને સ્વીકારી બ્રહ્મવિદ્યા ભણાવી હતી, એટલું જ નહીં એના નામની પાછળ સત્યનિષ્ઠ મા જાબાલાનું નામ જોડ્યું હતું.

કંઈક આવી જ કથા પ્રેમાનંદસ્વામીની છે. એમનો જન્મ ક્યાં થયો? ક્યારે થયો? કેવી પરિસ્થિતિમાં થયો? એની કોઈને ખબર ન હતી.

પ્રેમાનંદસ્વામી કરતાં સત્યકામ થોડા સદ્‌ભાગી હતા, કારણ કે એમને માતાનો પ્રેમ મળ્યો હતો, જ્યારે પ્રેમાનંદસ્વામીને તો પિતા તો ઠીક જનેતાએ પણ જન્મથી જ તરછોડી દીધા હતા. આખરે સમય જતાં દુન્યવી માતા-પિતાને ખોળેથી તરછોડાયેલું બાળક જગતના માતા-પિતાને ખોળે વિશ્રાંતિ પામ્યું. જાણે સહજાનંદી સત્યકામ જાબાલને મૂર્તિમંત પરબ્રહ્મની પ્રાપ્તિ થઈ! વિક્રમ સંવત ૧૮૭૦ની એ સાલ હતી.

નૂર તાઈમાંથી નિજબોધાનંદ

ભગવાન શ્રી સ્વામિનારાયણે નવયુવાન નૂર તાઈને ભાગવતી દીક્ષા આપી સાધુ કરવાનો સંકલ્પ કર્યો. આ વાતની એ વખતના સંતોને ખબર પડી. જૂનો જમાનો હતો, વર્ણાશ્રમની વાડ્યો મજબૂત હતી. જોકે આ સાધુઓ અલગારી હતા, ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચન એ જ એમનું જીવન હતું, છતાં પણ બાધિતાનુવૃત્તિએ વર્ણાશ્રમની વાડ્યોથી બંધાયેલા હતા.

સંતોમાં ગણગણાટ શરૂ થયો, 'જેના કુળકુટુંબનું ઠેકાણું નથી, એવા આ નવાસવા યુવાનને મહારાજ સાધુ ન કરે તો સારું, પરંતુ આ વાત મહારાજને કોણ કહે?' આખરે કેટલાંક અગ્રણી સંતો હિંમત કરી, સાથે મળી મહારાજ પાસે આવ્યા.

અંતર્યામી મહારાજથી એમની વાત અજાણી ન હતી છતાં પૂછ્યું, "ઓહો, આજે આટલા બધા સંતોએ સાથે મળીને કેમ આવવાનું થયું?"

સંતોએ કહ્યું, "મહારાજ! એક વિનંતી કરવા આવ્યા છીએ."

મહારાજ હસીને કહે, "બોલો, શું કહેવું છે?"

સંતોએ કહ્યું, "મહારાજ! આ નવા આવેલા છોકરાંના કુળ-કુટુંબનું કાંઈ ઠેકાણું નથી, મુસલમાનને ઘેર મોટો થયો છે, એને સાધુ કેમ કરાય? એને સાધુ કરો તો અમારે એની સાથે એક પંક્તિમાં જમવું પડે. એટલે બધા સંતોના મનમાં આ વાતનો કચવાટ થઈ રહ્યો છે."

મહારાજ મર્માળુ હસ્યા અને બોલ્યા, "ઓહો, આટલી જ વાત છે ને! અમે એને સાધુ કરીએ, એ તમારી સાથે એક પંક્તિમાં જમવા બેસે, તમારા વર્ણાશ્રમના ધર્મ લોપાય, તમને ધર્મલોપની ભારે બીક છે ને?"

સંતોના હૈયાની વાત મહારાજે વધારે સ્પષ્ટ કરી એટલે બધા સંતો શરમથી નીચું જોઈ ગયા.

મહારાજે માર્મિક રીતે ટકોર કરતા નિર્ણય આપ્યો, "પરમહંસો! સાંભળો, અમે એને સાધુ તો કરીશું જ પણ એ સાધુ પંક્તિમાં તમારાથી જુદા જમવા બેસશે, તમારા

વર્ણાશ્રમનાં ધર્મ અખંડ રહેશે. બોલો, હવે તો કાંઈ વાંધો નથી ને?"

મહારાજની ઇચ્છા હતી, એટલે કોઈથી ના ન પાડી શકાઈ. મહારાજે એ યુવાનને ભાગવતી દીક્ષા આપી સાધુ કર્યા, નામ પાડ્યું 'નિજબોધાનંદ' સ્વામી.

એક વાર મહારાજે નિજબોધાનંદસ્વામીને કહ્યું, "સાધુરામ! આ બ્રહ્માનંદસ્વામી અમારી મૂર્તિનાં કીર્તનો રચે છે, તેવા કીર્તનો તમે રચો."

નિજબોધાનંદસ્વામી કહે, "મહારાજ! એ તો બહુ મોટા કવિ છે, હું તો નાનો સાધુ છું, મને કીર્તનો રચતાં કેમ આવડે?"

મહારાજે નિજબોધાનંદના મસ્તક ઉપર કરુણાસભર હાથ મેલ્યો અને બોલ્યા, "સ્વામી! એ તો કરવા માંડો એટલે આવડે!"

મહારાજનાં વચને જાણે ચમત્કાર સર્જાયો! ભગવાન વિષ્ણુના શંખનો સ્પર્શ થતાં ધ્રુવના મુખમાંથી સરસ્વતી વહી હતી, એ જ રીતે મહારાજનાં હસ્તસ્પર્શથી નિજબોધાનંદસ્વામીના અંતરમાંથી કીર્તનોની અમૃતધારા ફૂટી અને અદ્‌ભુત કીર્તનો રચાવા માંડ્યાં....

નિજબોધાનંદને રે પ્યારા વદન દેખાડો વહાલા,
રસિયાજી રાખોને હજૂર રે...

આકાશમાં પૂર્ણિમાના ચંદ્રનો ઉદય થાય તેમ આ રીતે સંત સાહિત્યમાં ઝળહળતા સંતકવિનો ઉદય થયો.

પ્રેમસખી પ્રેમાનંદ

નિજબોધાનંદસ્વામી કીર્તનો રચવા માંડ્યાં, પણ કીર્તનનાં નામાચરણમાં 'નિજબોધાનંદ' નામ જોઈએ તેવું અનુકૂળ આવતું ન હતું. મહારાજ એ મુશ્કેલી પારખી ગયા. એક વાર શ્રીહરિએ પરમહંસોની સભામાં કહ્યું, "આ સંતના હૃદયમાં પ્રેમનો સાગર ઘૂઘવે છે, માટે આજથી અમે એનું નામ 'પ્રેમાનંદસ્વામી' રાખીએ છીએ. આ પરમહંસ કીર્તનો દ્વારા અમારી પ્રેમ લક્ષણાભક્તિને ભૂમંડળ ઉપર પ્રવર્તાવશે."

જાદુગરા મહારાજના જાદુથી પ્રેમાનંદસ્વામીના અંતરમાંથી કીર્તનોની સરિતા વહેવા માંડી હતી. આ કીર્તનની સરિતામાં પ્રેમનાં પૂર ઊભરાતાં હતાં!

એક વાર મહારાજ સભામાં બેઠા હતા. ભગવાન શ્રીકૃષ્ણની લીલાનાં કીર્તના ગવાતાં હતાં. કીર્તનોમાં રાધાજીની અષ્ટસખીઓમાંથી 'ચંદ્રસખી'નું નામ વારંવાર આવતું હતું.

મહારાજ કહે, "ભગવાન શ્રીકૃષ્ણ પાસે જેમ ચંદ્રસખી હતા તેમ આ પ્રેમાનંદસ્વામી અમારા 'પ્રેમસખી' છે." બસ ત્યારથી સહુ પ્રેમાનંદસ્વામીને 'પ્રેમસખી' કહીને બોલાવવા

લાગ્યા. સ્વામીએ પણ કીર્તનોનાં નામાચરણમાં 'પ્રેમાનંદ' અને 'પ્રેમસખી' બન્ને નામનો પ્રયોગ કરેલો છે, કારણ કે આ નામો તો ભગવાને આપેલાં પરમ પ્રસાદીનાં નામો હતાં.

મહારાજ ભારે કલાપારખુ અને લલિતકલાઓના પોષક હતા. મહારાજ કવિઓ અને કારીગરોને ભારે પ્રોત્સાહન આપતા. સભામાં એમનું બહુમાન કરતા, છાતીમાં ચરણારવિંદ દઈ કૃતાર્થ કરતા, થાળની પ્રસાદી જમાડી તૃપ્ત કરતા.

મહારાજની પ્રેરણાથી પ્રેમસખીએ પીંગળશાસ્ત્ર અને સંસ્કૃત ભાષાનો સારો એવો અભ્યાસ કર્યો હતો. સંગીતની વિશેષ તાલીમ લેવા માટે મહારાજે એમને બુરહાનપુર પણ મોકલ્યા હતા.

પ્રેમસખીનો કંઠ અત્યંત મધુર હતો અને એમનું સારંગીવાદન ભલભલાના હૈયાને ડોલાવે તેવું હતું. પ્રેમસખી જ્યારે સારંગીના સૂર સાથે ગાવણું કરતા, ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ સહિત સર્વ સભાજનો દેશ-કાળનું ભાન ભૂલી ભાવસાગરમાં લીન થઈ જતા હતા.

જેમ ચકોર ચંદ્રને નીરખે, એ જ રીતે પ્રેમસખી મહારાજની મૂર્તિનું દર્શન કરતા રહેતા. એક એક અંગને નીરખતાં રહેતાં અને કીર્તનોમાં એની શોભાનું વર્ણન કરતાં રહેતાં. ક્યારેક તો એવું બનતું, વરસાદી વાતાવરણ હોય, રાત્રિનો સમય હોય, પ્રેમસખી સંતોની ધર્મશાળામાં ગાવણું કરતા હોય, સહજાનંદસ્વામી અક્ષરઓરડીમાં શયન કરતા હોય.... પ્રેમસખી કીર્તન ઉપાડે,

'ક્યારે હવે દેખું રે હરિ હસતાં, મારા મનમંદિરમાં વસતાં...
ક્યારે હવે દેખું રે હરિ હસતાં..'

આ વિરહી સૂરો સાંભળતાંની સાથે જ ભગવાન શ્રી સ્વામિનારાયણની ઊંઘ ઊડી જતી. તેઓ ઉઘાડે ડીલે, એક ધોતીભર વરસાદમાં પલળતાં પલળતાં પ્રેમસખીની પાસે પહોંચી જતા.

પ્રેમસખી રાતભર ચકવીની જેમ વિલખતાં રહેતા અને સહજાનંદસ્વામી રાતભર વિરહી સૂરોને સાંભળતાં રહેતા. પ્રેમસખીએ રચેલાં મોટા ભાગનાં પદો મહારાજ પ્રત્યે અસાધારણ પ્રેમ, દીનતા અને વિરહથી ભરેલાં છે.

વંદુ સહજાનંદ રસરૂપ...

વિ. સં. ૧૮૮૦, મહાવદી ચૌદશનો ધન્ય દિવસ હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં સભા ભરીને બેઠા હતા.

એ સમયે ગુજરાતના એક વિપ્ર મહારાજનાં દર્શને આવ્યા. મહારાજે પરિચય પૂછ્યો

ત્યારે વિપ્રે કહ્યું, "મહારાજ! મારું નામ સૂરજરામ છે. જ્ઞાતિએ બ્રાહ્મણ છું. માતાજીનો ઉપાસક છું. હું પહેલાં ઓગાન ગામે (વિરમગામ-લખતરની વચ્ચે આવેલું છે) રહેતો હતો. હમણાં ઘણા સમયથી અમદાવાદમાં રહું છું."

મહારાજે કહ્યું, "કાંઈ ભણ્યા છો?"

સૂરજરામે કહ્યું, "બહુ ભણ્યો નથી."

મહારાજે કહ્યું, "તો ગુજરાન કઈ રીતે ચલાવો છો?"

સૂરજરામે કહ્યું, "મહારાજ! હું ટેલિયો બ્રાહ્મણ છું. મને માતાજીના ગરબા બહુ સારા આવડે છે, ગરબા ગાતાં ગાતાં ટેલ નાખું છું, લોકો રાજી થાય છે. શ્રદ્ધા પ્રમાણે અનાજ તથા પાઈ-પૈસો આપે છે, એમાંથી જીવનનિર્વાહ થઈ જાય છે."

મહારાજે હસીને કહ્યું, "સૂરજરામ! અમને માતાજીના ગરબા સંભળાવો."

મહારાજની વાણી સાંભળી સૂરજરામ ભારે પ્રોત્સાહિત થયા. એમણે માતાજીનો ગરબો ઉપાડ્યો...

માડી તારું મુખડું જોઈને આજ, મરોડ મટ્યો ચંદનો રે લોલ;
માડી તારું મુખડું જોવાને કાજ, આવે છે કુંવર નંદનો રે લોલ.

સૂરજરામનો કંઠ સુંદર હતો. હલકથી ગવાતો ગરબો સાંભળીને મહારાજ ખૂબ રાજી થયા અને બોલ્યા, "સૂરજરામ! આ ગરબાનો રાગ, ઢાળ બહુ સુંદર છે. તમે તો ભારે ગરબો ગાયો!" આટલું કહી મહારાજ સંતો સામે જોઈને બોલ્યા, "પરમહંસો! ગરબાના આ પદમાં માતાજીનો જેવો મહિમા ગૂંથાયેલો છે એવો પ્રગટ પરમાત્માનો સર્વોપરી મહિમા હજુ સુધી તમે કોઈએ ગાયો નથી!"

સભામાં બેઠેલા પ્રેમસખી પ્રેમાનંદસ્વામી મહારાજની વાત સાંભળી રહ્યા હતા. અષાઢી મેઘના સાંનિધ્યમાં મયૂર થનગનાટ કરે, એ જ રીતે પ્રેમસખીનું મન થનગની રહ્યું હતું. મહારાજની મરજી સાંભળીને શીઘ્રકવિ પ્રેમસખીએ જોતજોતામાં ઉપરના ગરબાના ઢાળના આઠ પદો રચી નાખ્યાં અને મહારાજને કહ્યું, "મહારાજ! આપની આજ્ઞા હોય, તો હું આ જ ઢાળના આપના મહિમાથી ભરેલાં પદો બોલું." મહારાજે રાજી થઈને કહ્યું, "બોલો પ્રેમસખી! બોલો!" પ્રેમસખીએ સારંગી હાથમાં લીધી અને મધુર સ્વરે પદોનું ગાન શરૂ કર્યું.

વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ,
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ...

સ્વામીના કંઠેથી એક પછી એક પદો ગવાતાં ગયાં. પદની પ્રત્યેક પંક્તિમાંથી મહારાજની મૂર્તિનું રસામૃત વરસી રહ્યું હતું. સાંભળતાં સાંભળતાં સઘળી સભા

ભાવસાગરમાં ડૂબી ગઈ હતી.

જેવાં આઠ પદ પૂરાં થયાં, કે તૂર્ત જ મહારાજ ઊભા થઈ ગયાં. એમની આંખો હર્ષનાં અશ્રુઓથી છલકાઈ રહી હતી. ભાવવિભોર થયેલાં મહારાજે એકદમ પ્રેમસખીને બાથમાં લઈ લીધા અને બોલ્યા, “પ્રેમસખી! તમને ધન્ય છે!”

પ્રેમસખીને બિરદાવીને મહારાજ ભક્તજનો પ્રત્યે બોલ્યા, “આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે, માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ... અને જેને ભગવાનનાં સ્વરૂપનું એવી રીતે ચિંતવન થાય છે, તે તો કૃતાર્થ થયો છે ને તેને કાંઈ કરવું બાકી રહ્યું નથી.”

“આ દેહને મૂકશું પછી કોઈ રીતનો જન્મ થવાનું નિમિત્ત તો નથી, તો પણ અંતરમાં એમ વિચારીએ છીએ જે, જન્મ ધર્યાનું કોઈક નિમિત્ત ઊભું કરીને પણ આવા સંતના મધ્યમાં જન્મ ધરવો.”

“જેને આ કીર્તનમાં કહ્યું એવી રીતનું ચિંતવન થતું હોય, તે તો કાળ, કર્મ, માયાના પાશ થકી મુકાયો છે. અને જેને ઘરે એવા પુરુષે જન્મ ધર્યો તેના માબાપ પણ કૃતાર્થ થયા જાણવા.” (વચનામૃત- ગ.મ.૪૮)

ભગવાન શ્રી સ્વામિનારાયણને આજે ભારે મોજ ચડી હતી. એમણે સૂરજરામને કહ્યું, “સૂરજરામ! હજી કાંઈ આવડતું હોય તો બોલો.”

સૂરજરામે માતાજીનો બીજો ગરબો ઉપાડ્યો.

મા પાવા તે ગઢથી ઊતર્યાં, મહાકાળી રે...

પ્રેમસખી પ્રેમાનંદસ્વામીએ પણ એ જ સમયે બીજાં આઠ પદોની રચના કરી નાખી.

પુરુષોત્તમ પૂરણ બ્રહ્મ, સહજાનંદસ્વામી;
જેને ભજતાં છૂટે કર્મ, સહજાનંદસ્વામી...

પ્રેમાનંદસ્વામીએ રચેલાં ‘વંદુનાં પદો’ સંપ્રદાયમાં ‘ધ્યાન ચિંતામણિ’ તરીકે પ્રસિદ્ધ છે. ચિંતામણિની જેમ ભક્તોના મનોરથ પૂર્ણ કરનાર હોવાથી આ આઠે આઠ પદ ખરેખર ચિંતામણિ સમાન છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ પદોનું ગાન નિયમિત રીતે થાય છે.

વર્ણાશ્રમની વાડ્ય ભાંગી

પ્રેમાનંદસ્વામી સાધુ તો થયા પણ મહારાજનાં વચન પ્રમાણે ભોજન સમયે પંક્તિમાં સહુથી છેટા બેસતા. રોજ રોજ થતી આ અવહેલનાનું એના અંતરમાં કાંઈ દુઃખ નહોતું. એમણે તો મનોમન સત્સંગમાં ‘દાસાનુદાસ’ થઈને રહેવાનો નિર્ધાર કર્યો હતો,

પણ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં હૈયામાં આ વાત ખટક્યા કરતી હતી. એક વાર મહારાજને થયું, 'આ આડશ ભાંગવી જોઈએ. આટલા નિર્મળ સંતની આ અવહેલના અટકવી જોઈએ.'

શ્રીહરિના આ સંતો સાધારણ નહોતા, નોખી ભાતના હતા. ઊંચી સ્થિતિના હતા, પણ એ સમય જ વર્ણાશ્રમના રૂઢ બંધનોનો હતો, એથી એની અસર એમના માનસ ઉપર હોય તે સહજ હતું. મુક્તાનંદસ્વામી કીર્તનમાં કહે છે તેમ,

'વર્ણાશ્રમ તણી આડ્ય મહા વિકટ છે, તે કેમ પાધરી વાત પ્રીછે'

એક વાર વર્ણાશ્રમની આ વાડ્યને ભાંગવા માટે મહારાજે કોઈ ન સમજે તેવી લીલા કરી. તેઓ મધરાતે જાગ્યા અને પોતાના હજૂરી સેવક મૂળજી બ્રહ્મચારીને જગાડ્યા.

મૂળજી બ્રહ્મચારીએ પૂછ્યું, "કેમ મહારાજ?"

મહારાજ કહે 'બ્રહ્મચારી! અમને ખૂબ જ ભૂખ લાગી છે. કોઈ રીતે ઊંઘ આવતી નથી!'

મૂળજી બ્રહ્મચારી કહે, "થોડી વાર ખમો તો રોટલો ઘડી દઉં."

મહારાજ કહે, "ના, અમારાથી ખમાય તેમ નથી. બહુ ભૂખ લાગી છે. જે તૈયાર હોય તે લાવો!"

બ્રહ્મચારી કહે, "પણ મહારાજ! તૈયારમાં કાંઈ નથી."

મહારાજ કહે, "તો દરબારગઢમાં બહેનોને જગાડો અને ત્યાં સાંજનું કાંઈ પડ્યું હોય તો તે લઈ આવો."

અક્ષર ઓરડીમાં અજવાળું થયું અને અવાજ સંભળાયો એટલે દરબારગઢમાં બહેનો પણ જાગી ગયા. એમના મનમાં આતુરતા થઈ કે 'મહારાજ અત્યારે કેમ જાગ્યા?' ત્યાં તો બ્રહ્મચારી દોડતા આવ્યા અને કહ્યું, "મહારાજને ભૂખ લાગી છે, સાંજનું કાંઈ પડ્યું હોય તો લાવો."

બહેનોએ તપાસ કરી, તો ત્યાં પણ સંજોગવશાત્ રસોડામાં કાંઈ ન હતું. જીવુબાએ કહ્યું, "તૈયાર તો કાંઈ નથી, પણ હમણાં જ રસોઈ તૈયાર કરી દઈએ."

બ્રહ્મચારી કહે, "મહારાજે નવી રસોઈની ના પાડી છે. એમનાથી ભૂખે રહેવાતું નથી. જે તૈયાર હોય તે માગ્યું છે."

જીવુબા કહે, "આ દૂધ પડ્યું છે અને થોડા પાપડ શેકી દઈએ."

બ્રહ્મચારી દૂધ અને પાપડ લઈને નીકળ્યાં, બાજુમાં વાંકિયાના રાજબાઈનો ઉતારો હતો. જેતલપુરથી ગંગામા આવેલા, તે પણ ત્યાં જ ઊતરેલા. અવાજ સાંભળી એ બધાય જાગી ગયા.

બ્રહ્મચારીને જોયા એટલે એમણે પૂછ્યું, "બ્રહ્મચારી! શું છે?"

બ્રહ્મચારી કહે, "જો ને આ મહારાજને મધરાતે ભૂખ લાગી છે એની રામાયણ છે! તૈયાર કાંઈ છે નહીં અને નવું કરવાની ના પાડે છે. ભગવાનની જાત ભારે આળવીતરી!"

ગંગાબા કહે, "મારે ત્યાં સાંજનો ઠુંમરો પડ્યો છે, તે લઈ જાવ."

જારના છોડાં કાઢી, એનું જાડું ભડકું કરી, દૂધમાં બાફે તેને ઠુંમરો કહેવાય અને ખાટી છાસમાં બાફે તો ઘેંસ કહેવાય.

બ્રહ્મચારી દૂધ, પાપડ અને ઠુંમરો લઈને અક્ષર ઓરડીએ આવ્યાં. પણ મહારાજને ક્યાં જમવું હતું! એણે તો કંઈક બીજું જ ધારી રાખ્યું હતું, એટલે તેઓ બ્રહ્મચારીનું મન મનાવવા થોડું જમ્યા પછી કહે, "લ્યો બ્રહ્મચારી! હવે અમારે નથી જમવું. અમારી ભૂખ ભાંગી ગઈ."

બ્રહ્મચારી ભોળા અને બોલકા હતા. એણે કહ્યું, "આ ભગવાનની જાત ભારે અપલખણી! આ તો ભવાયાએ ભાંભરીને ગામ ભેગું કર્યું અને પછી કહે, 'હવે નથી રમવું.' એના જેવી વાત થઈ!"

ભોળા હૃદયના બ્રહ્મચારીના મર્મવચન સાંભળી મહારાજ હસ્યા.

મહારાજે બ્રહ્મચારીને કહ્યું, "બ્રહ્મચારી! જુઓ તો સાધુઓની ધર્મશાળામાં કોણ કોણ જાગે છે?"

બ્રહ્મચારી તપાસ કરીને પાછા આવ્યા અને બોલ્યા, "મહારાજ! મુક્તમુનિ લખે છે; બ્રહ્માનંદસ્વામી કીર્તનો કરે છે; પ્રેમાનંદસ્વામી અને ભજનાનંદસ્વામી ગાવણું કરે છે; ચૈતન્યાનંદસ્વામી, ભગવદાનંદસ્વામી, નૃસિંહાનંદસ્વામી, યોગાનંદસ્વામી, વાસુદેવાનંદસ્વામી વગેરે ભણનારા સાધુઓ ભણે છે."

મહારાજ કહે, "જેટલા જાગે છે એટલાને અહીં બોલાવો, અમારે એમને પ્રસાદી આપવી છે. પણ જો જો, જે ઊંઘે છે એને બોલાવતા નહીં."

બ્રહ્મચારીએ જેટલા જાગતા હતા એટલા પરમહંસોને ભેગા કર્યાં. મધરાતે મહારાજે બોલાવ્યા, એટલે સહુના મુખ પર આશ્ચર્ય રમતું હતું. બધા મળીને લગભગ સોળ પરમહંસો હતા.

મહારાજે બે ત્રાસ મગાવ્યા અને બે ખાટલા ઉપર આઠ આઠ પરમહંસોને બેસાડ્યા. બે ત્રાસમાં ઠુંમરો અને દૂધનું મિશ્રણ કરી પીરસ્યું; પાપડનો ભૂક્કો એમાં ભેળવ્યો; પોતે બન્ને ત્રાસમાંથી બે બે ગ્રાસ જમ્યા પછી પરમહંસોને કહ્યું, "આજે તો કૃષ્ણલીલા કરવી છે, જમુનાને કાંઠે જમવા બેઠેલી ગોપાળમંડળીને સંભારો અને સાથે બેસીને પ્રસાદી લ્યો."

પરમહંસોને માટે આ પ્રસાદી તો ભવબ્રહ્માદિક દેવોને પણ દુર્લભ હતી. મહારાજે મધરાતે સામે ચાલીને આવી પ્રસાદી આપી, તેથી બધા પરમહંસો ભાવવિભોર થઈ ગયા અને આનંદથી સાથે મળી પ્રસાદ લેવા લાગ્યા.

આ ગોવાળમંડળીમાં પ્રેમસખી પણ સામેલ હતા. મહારાજના મહાત્મ્યજ્ઞાનના ઘોડાપૂરમાં પેલી વર્ણાશ્રમની વાડ્ય ક્યારે તણાઈ ગઈ, એની કોઈને ખબરેય ન પડી...!

ભગવાન શ્રી સ્વામિનારાયણ જીવનભર પ્રેમસખી ઉપર પ્રેમની વર્ષા કરતા રહ્યા. સામે પ્રેમસખી પણ દૂધમાં સાકર ઓગળે એમ સહજાનંદસ્વામીમાં ઓગળી ગયા હતા.

એમણે કીર્તનો કલમ કે શ્યાહીથી નથી લખ્યા, એમના કીર્તનો આંખનાં આંસુડાંઓની ધારાઓથી લખાયેલાં છે. પ્રેમસખીના કીર્તનોનો આત્મા છે, દીનતા, ઋજુતા, શરણાગતિ અને પ્રેમનો પરિપાક છે.

અરે યે તો સાક્ષાત્ નરસંગ હૈ!

એક સમયની વાત છે. ઉત્તર પ્રદેશના છ ખાખી જૂનાગઢની જાત્રા કરવા નીકળ્યા હતા. માર્ગમાં તેઓ ગઢપુર આવ્યા. ઘેલા નદીને કિનારે નીલકંઠ મહાદેવની જગ્યામાં ઊતર્યા. તેઓએ સાંભળ્યું હતું કે, 'જીવનમુક્તા સ્વામિનારાયણ ગઢડામાં બિરાજે છે.'

ખાખીઓના સમુદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ભારે રોષ પ્રવર્તતો હતો. તેઓને લાગતું હતું કે, 'આ જીવનમુક્તાએ નવો પંથ ચલાવ્યો છે અને આપણા શિષ્યોને પોતાની તરફ વાળી રહ્યા છે.'

એ છ ખાખીઓએ નક્કી કર્યું કે, જો લાગ મળે તો આ જીવનમુક્તાને મારવા. આ ખાખીઓ ભગવાન નૃસિંહજીના ઉપાસક હતા; સ્વભાવે ક્રોધી હતા; શરીરે અલમસ્ત હતા; માથે મોટી જટાઓ હતી; મોટી દાઢીઓ હતી; ગાંજા અને ચરસના પાનને લીધે લાલચોળ આંખો હતી; શરીરે રાખ ચોળી હતી; કેડ્યે આડબંધ બાંધ્યા હતા; હાથમાં દંડ અને ચીપિયા હતાં; અસ્ત્ર-શસ્ત્રમાં પાવરધા હતા; ઉપરાંત, મલિન મંત્રોથી મલિન દેવતાઓ સાધ્યા હતા.

આ છ અડબંગી ખાખીઓ ભગવાન શ્રી સ્વામિનારાયણને શોધતાં શોધતાં એભલ ખાચરના દરબાર ગઢને દરવાજે પહોંચ્યા. ગઢપુરપતિ એભલ ખાચર સદાવ્રત ચલાવતાં હતાં, દરબારગઢના દરવાજા પાસે સદાવ્રતનો ઓરડો હતો. દાદાગુરુ નામે સંત સદાવ્રતની દેખરેખ રાખતાં હતાં. સદાવ્રતમાં જે કોઈ અભ્યાગત, સાધુ-સંત આવે એને કાચું સીધું આપવામાં આવતું.

પેલા છ ખાખીઓએ દાદાગુરુ પાસે પાકાં સીધાંની માગણી કરી. દાદાગુરુએ કહ્યું,

"અમારા ગુરુએ અમને જે અભ્યાગત આવે, એમને કાચું સીધું આપવાનો આદેશ કર્યો છે. એમની આજ્ઞા સિવાય અમારાથી પાકું સીધું આપી ન શકાય."

અડબંગી ખાખીઓ એલફેલ બોલવા લાગ્યા અને પૂછ્યું, "કૌન હૈ તેરા ગુરુ?"

દાદાગુરુએ શાંતિથી જવાબ આપ્યો, "ભગવાન શ્રી સ્વામિનારાયણ."

એક ખાખી બોલ્યો, "કોન, જો જીવનમુક્તા કહલાતા હૈ વો?"

દાદાગુરુએ કહ્યું, "હા."

ખાખીઓએ કહ્યું, "બુલાવો ઉસે યહાં, ઉસકે લિયે તો હમ યહાં આયે હૈ!"

મહારાજ અક્ષરઓરડીમાં સંતોની સભા ભરીને બેઠા હતા. દાદાગુરુએ આવીને મહારાજને બધી વાત કરી. મહારાજ પાર્ષદ ભગુજીને લઈને દરવાજા તરફ આગળ વધ્યા.

જીવનમુક્તાને સામેથી આવતા જોઈને ખાખીઓએ પોતાના દંડ અને ચીપિયા ઊઠાવ્યાં, હાકોટા કરી મારવા તૈયાર થયા.

એ જ વખતે અચાનક કોઈ ગજબનો ચમત્કાર સર્જાયો. મહારાજનાં શરીરમાંથી દિવ્ય તેજ પ્રસરવા માંડ્યું અને એ તેજમાં ભગવાન નરસિંહજી પ્રગટ થયા.

ખાખીઓએ જેવા પોતાના ઈષ્ટદેવ નરસિંહનાં દર્શન કર્યાં, એવા જ તેઓ ચિત્રમાં દેખાયેલાં પૂતળાં જેવાં બની ગયાં; એમનાં હથિયારો હાથમાં ઊંચાં જ રહી ગયાં; થોડી સૂધ આવી, એટલે દંડ-ચીપિયા નીચે ફેંકી, લાકડી જેમ ધરતી ઉપર પડે એમ 'જય નરસંગ જય નરસંગ' કહી દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણને નરસિંહરૂપે જોઈને ખાખીઓ આશ્ચર્ય પામી ગયા અને પાળેલા સિંહ જેવા થઈ ગયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે મંદ મંદ હસીને કહ્યું, "મહાપુરુષો! ચાલો મારી સાથે, તમને પાકાં સીધાં અપાવું."

ભગવાન શ્રી સ્વામિનારાયણના ઘેરા મધુર સ્વરે ખાખીઓ ઉપર જાદુઈ અસર કરી. મહારાજ છએ છ ખાખીઓ સાથે અક્ષર ઓરડીએ પધાર્યા. અહીં સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી વગેરે પવિત્ર સંતોનું વૃંદ બેઠું હતું.

ખાખીઓએ એક તો ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રભાવ નજરે નિહાળ્યો હતો, બીજું આવા શાંતમૂર્તિ સંતો એમણે ક્યારેય જોયા નહોતા. સૂરજનાં તાપથી ધુમ્મસ ઓગળે એમ જીવનમુક્તા અંગેના એમના સર્વ પૂર્વગ્રહો ઓગળી ગયા.

એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણને વિનંતી કરી, "મહારાજ! અમને તમારા સાધુવૃંદમાં સ્થાન આપો."

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "ખાખીઓ! અમારા સાધુઓ શાંત સ્વભાવના

છે, જ્યારે તમે ઉગ્ર મૂર્તિઓ છો. એક બાજુ તમે નૃસિંહ ભગવાનની ઉપાસના કરો છો, બીજી બાજુ ભગવાનને પડતાં મેલીને મલિન દેવતા અને મલિન મંત્રોની માયામાં ફસાયા છો, માટે તમે અમારા સાધુ ભેળા ન રહી શકો. "

ખાખીઓ બોલ્યા, "પ્રભો! આપ જૈસા આદેશ કરેંગે વૈસા હી હમ કરેંગે."

મહારાજે કહ્યું, "મલિન મંત્રો છોડો અને સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરો. મલિન દેવોનો ત્યાગ કરો અને અનન્યભાવે અમારો આશ્રય કરો. સિદ્ધાઈનું અભિમાન છોડો અને આ સંતોના દાસ થઈને રહો, તો અમે તમને રાખીએ."

ખાખીઓએ કહ્યું, "જૈસા આદેશ ગુરુ મહારાજ!"

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ છએ છ ખાખીઓને ભાગવતી દીક્ષા આપી સાધુ કર્યાં. નામ પાડ્યા – પૂર્ણાનંદસ્વામી, તત્ત્વાનંદસ્વામી, શ્રીપાત્ દેવાનંદસ્વામી, સદાનંદસ્વામી, રાઘવાનંદસ્વામી અને નૃસિંહાનંદસ્વામી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસ વૃંદમાં રાઘવાનંદસ્વામી બે હતા, એટલે આ ખાખી રાઘવાનંદજી કહેવાતા. નૃસિંહાનંદસ્વામી પણ બે હતા, એટલે આ 'મોટા નૃસિંહાનંદસ્વામી' કહેવાતા. સદાનંદસ્વામી સદૈવ આનંદમાં રહેનારા અલમસ્ત સંત હતા, એટલે તેઓ 'સદાનંદલહેરી' કહેવાતા.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ સંતોના અનેક પાવનકારી પ્રસંગો પ્રસિદ્ધ છે. એમાંથી સદાનંદસ્વામીના એકાદ બે પ્રસંગો જોઈએ.

સદાનંદસ્વામીનો પાટિયો

સદાનંદસ્વામી સાધારણ સંત નહોતા, તેઓ મહાપ્રતાપી અને સમર્થ હતા. જીવોના નાડી-પ્રાણનું નિયંત્રણ કરવું, એમને મન રમત વાત હતી ! આવા સમર્થ હોવા છતાં તેઓનું જીવન સાવ સીધું-સાદું, વિતરાગી અને નિઃસ્પૃહી હતું.

સ્વામી જીર્ણશીર્ણ વસ્રો અને કંથાથી પોતાનું કામ ચલાવતાં. સાવ લૂખું-સૂખું ભોજન કરતા. વાસણમાં એકમાત્ર માટીનો પાટિયો રાખતા.

સદાનંદસ્વામીનો આ પાટિયો ગોરખનાથની હાંડલી જેવો કમાલનો હતો! આ જ પાટિયો પાણી ભરવાના કામમાં આવતો, રસોઈ કરવાના કામમાં આવતો, બહિર્ભૂમિ જવાના કામમાં આવતો અને રાત્રે સૂતી વખતે ઓશિકા તરીકે ઉપયોગમાં આવતો!

પ્રાચીન કથાઓમાં જોગી ગોરખનાથજીની હાંડલી પ્રસિદ્ધ છે, એ જ રીતે સંપ્રદાયમાં આ 'સદાનંદસ્વામીનો પાટિયો' પ્રસિદ્ધ છે. સદાનંદસ્વામીની સર્વ જરૂરિયાત એક પાટિયામાં સમાઈ ગઈ હતી! સાધન સામગ્રીના ઢગલામાં શાંતિને ખોઈ બેઠેલા આજના

માણસને આ વાતની કલ્પના પણ ન આવે!

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ સદાનંદલહેરીને ભક્તિબાગની સંભાળ રાખવાની સેવા સોંપી હતી. સદાનંદસ્વામી અહર્નિશ આનંદમાં ભજન કરતા અને વાડીનું રખોપું રાખતા. દિવસમાં માત્ર બપોરે એક વાર જમતા.

એમનું જમવાનું પણ કમાલનું હતું. મંગાળો માંડતા, બાટી શેકતા અને માટીના પાટિયામાં ભાજીનો વઘાર લેતા. વઘાર પણ કેવો! નહિ તેલ, નહિ રાઈ, નહિ મેથી, નહિ મરચું, નહિ મીઠું, નહિ મસાલો. બસ મંગાળા ઉપર મૂકેલા પાટિયાને થોડો ગરમ થવા દે, ભીની ભાજી પાટીયામાં નાખે એટલે છમકારો બોલે!

સદાનંદલહેરી આનંદથી કૂદે અને પોતાના મનને કહે,"મનવા! આજે તો ભારે વઘાર બેઠો!" આમ કાચીપાકી બાટી અને બાફેલી ભાજીથી તેઓ નિર્વાહ કરી લેતા. એમને ભોજન કરતાં ભજનમાં વધારે સ્વાદ આવતો. સાત ભાતની ચટણી ખાધા પછી જેની ભૂખ ઊઘડતી હોય, એવા સ્વાદિયા લોકો માટે આ વાત સમજવી સહેલી નથી. આ અલગારી-ભજનાનંદી સંતને જેટલાં વંદન કરીએ એટલા ઓછાં...

વનનાં પશુઓને સમાધિ

ગઢપુરથી ઉગમણી બાજુ, ઘેલાનદીને કાંઠે દાદા ખાચરનું એક ખેતર હતું. એ ખેતરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે આંબા રોપાવ્યાં હતાં. આંબાનાં છોડ નાના નાના હતા. કૂંણી કૂંણી કૂંપળો ફૂટી રહી હતી.

સીમમાં સસલાં, મૃગલાં, રોઝડાં, ભૂંડણાં અને શિયાળિયા વગેરેનો ત્રાસ હતો. તેઓ અવારનવાર ખેતરમાં આવી આંબાના રોપને નુકસાન કરતા હતા, એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણે ખેતરનું રખોપું રાખવાની જવાબદારી સદાનંદલહેરીને સોંપી હતી.

દિવસે તો વાંધો ન આવતો, પરંતુ રાત્રિના રખોપામાં ભારે મુશ્કેલી પડતી. મુશ્કેલીનું કારણ કંઈક અનોખું હતું.

સદાનંદલહેરીને ધ્યાનનું અંગ હતું. તેઓ મોટે ભાગે આખી રાત્રિ ધ્યાનમાં બેસતા. આ બાજુ વન્ય પશુઓ ખેતરમાં ભારે રંજાડ કરતાં. સદાનંદસ્વામીને અવારનવાર ધ્યાન પડતું મેલીને ખેતરમાં આંટો મારવો પડતો હતો.

આમ રોજ ધ્યાનમાં વિક્ષેપ થાય, એ સદાનંદસ્વામીને રુચતું નહોતું. એમણે આ સમસ્યાનું કલ્પનાતીત સમાધાન શોધ્યું.

લક્ષ્મણજીએ સીતાજીની રક્ષા માટે પર્ણકૂટીને ફરતો લીટો કર્યો હતો, એ જ રીતે સદાનંદલહેરીએ ખેતરને ફરતો પગથી લીટો કર્યો અને એ લીટામાં આ અલમસ્ત

સંતે કોણ જાણે શું શક્તિ મેલી, કે કોઈ વન્ય પશુ લીટાની અંદર પ્રવેશે એટલે એનાં નાડી-પ્રાણ ખેંચાઈ જાય, ચત્તા પાટ પડી જાય અને સમાધિ થઈ જાય!

સવારે સદાનંદસ્વામી સમાધિમાંથી જાગે એટલે પે'લાં વન્ય પશુઓની સમાધિ પણ પૂરી થાય. સદાનંદજી હાંકોટો મારે એટલે બધાં પ્રાણીઓ ભાગી જાય.

આ વાતની મહારાજને ખબર પડી, એટલે એમણે સદાનંદસ્વામીને ઠપકો આપ્યો અને કહ્યું, "સાધુરામ! આ રીતે ઐશ્વર્ય વાપરવું ઠીક નથી!"

સદાનંદસ્વામીએ કહ્યું, "મહારાજ! આ બધાં મને રાત્રે ધ્યાન કરવા દેતા નથી, એટલે ન છૂટકે મારે આમ કરવું પડે છે."

મહારાજ હસીને બોલ્યા, "તો, સદાનંદ! એમ કરો, આ બધાંને વહેલી સવારે છૂટાં કરી દેજો. દિવસ ચડે ત્યાં સુધી સમાધિમાં ન રાખતાં. કોઈ કૂતરાં, સમળાં, ગીધડાં કે હિંસક પ્રાણી આ વન્ય પશુઓને મારે તો એનું પાપ લાગે."

સદાનંદસ્વામીએ કહ્યું, "ભલે, મહારાજ! હવેથી હું એમ કરીશ."

મહારાજનાં વચને સ્વામીએ સમાધિનો સમય ફેરવી નાખ્યો! આવા તો અનેક સિદ્ધપુરુષો ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસ-મંડળમાં શોભતા હતા.

સંતોના સામર્થ્યની વાત

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો કેટલા સમર્થ હતા એનો આછો પરિચય નીચેના પ્રસંગ ઉપરથી મળે છે.

સંવત ૧૮૭૮ની સાલ હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણ પંચાળા પધાર્યા હતા. અહીંયા ભગવાન શ્રી સ્વામિનારાયણે ઝીણાભાઈના દરબારમાં હુતાશણીનો સામૈયો કર્યો હતો અને ધામધૂમથી રંગોત્સવ કર્યો હતો.

રંગોત્સવ પૂર્ણ થયા બાદ શાવળી નદીના મઘરિયા ઘૂનામાં સ્નાન કરી મહારાજે સભા કરી. સભામાં મહારાજે પરમહંસોને કહ્યું કે, "હે પરમહંસો! આજ તો તમે તમારામાં જે વિશેષ સામર્થ્ય હોય તે અમને જણાવો."

પરમહંસોએ કહ્યું, "મહારાજ! અમારામાં શું સામર્થ્ય હોય? અમારામાં જે કાંઈ હોય તે તમારે લીધે હોય, અમે તો આપના દાસ છીએ!"

મહારાજે પ્રશ્નના ઉત્તર માટે ખૂબ આગ્રહ કર્યો, પરંતુ સંતો કંઈ કહેવા તૈયાર ન થયા એટલે મહારાજે વ્યક્તિગત રીતે એક એક સંતને પૂછવાનું શરૂ કર્યું. પ્રથમ મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું, "સ્વામી! તમારા સામર્થ્યની વાત કરો."

મુક્તાનંદસ્વામીએ વિનમ્ર ભાવે કહ્યું, "મહારાજ! કોઈ મનુષ્ય ક્રોધથી ગમે તેટલો

'માર માર' કરતો આવતો હોય, તેને શાંત કરવાની શક્તિ મારામાં છે પણ એ આપના પ્રતાપથી છે."

મહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું, "હવે તમારી શક્તિની વાત કરો."

બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, "મહારાજ! આપની કૃપાથી હું શતાવધાની છું; ગમે તેવો શીઘ્રકવિ હોય, પણ કાવ્ય રચનામાં મને કોઈ પહોંચે નહીં એવું સામર્થ્ય મારામાં છે, પણ એ આપના પ્રતાપથી છે."

મહારાજે નિત્યાનંદસ્વામીને પૂછ્યું, "સ્વામી! હવે તમારા પ્રતાપની વાત કરો."

નિત્યાનંદસ્વામીએ કહ્યું, "મહારાજ! બ્રહ્મા કે બૃહસ્પતિ જેવો બુદ્ધિમાન અને વિદ્વાન હોય, પણ તે શાસ્ત્રાર્થમાં મને પહોંચી શકે નહિં. એવું સામર્થ્ય મારામાં છે, પણ તે આપની કૃપાથી છે."

મહારાજે ગોપાળાનંદસ્વામીને પૂછ્યું, "યોગીરાજ! તમારાં ઐશ્વર્યની વાત કરો."

ગોપાળાનંદસ્વામીએ કહ્યું, "મહારાજ! સમગ્ર બ્રહ્માંડનાં નાડી-પ્રાણ ખેંચવાં હોય તો પલકવારમાં ખેંચી લઉં, પરંતુ એ આપના લીધે."

આમ મહારાજ વારાફરતી બધા જ સંતોને એમના ઐશ્વર્ય, સામર્થ્ય, શક્તિ, પ્રતાપ વિશે પૂછતા ગયા. પરમહંસો વિનયભાવે મહારાજને પોતાની શક્તિઓ જણાવતા રહ્યા, પણ ગુણાતીતાનંદસ્વામી કશું બોલ્યા નહિ. તેથી બ્રહ્માનંદસ્વામીએ મર્મ કરતા કહ્યું, "સ્વામી! તમે કેમ કાંઈ બોલતા નથી?"

ગુણાતીતાનંદસ્વામી બ્રહ્માનંદસ્વામીની વાત સાંભળી મંદ સ્મિત કરવા લાગ્યા, પણ કશું બોલ્યા નહિ.

બ્રહ્માનંદસ્વામીએ મહારાજને મર્મમાં કહ્યું, "મહારાજ! તમે આ નિર્ગુણાનંદના ખૂબ વખાણ કરો છો, પણ એ તો કાંઈ પોતાનું ઐશ્વર્ય જણાવતાં નથી."

મહારાજ હસીને બોલ્યા, "એ સાધુમાં તો અપાર ઐશ્વર્ય છે. પણ એની મોટાઈની હમણાં ખબર નહીં પડે. અમારી ઇચ્છાશક્તિથી હમણાં અમે એનું ઐશ્વર્ય ઢાંકી રાખ્યું છે. અમારા સ્વધામગમન બાદ એમનો પ્રતાપ પૂર્ણરૂપે પ્રગટશે."

ગુરુ મહારાજ! ક્યોં નારાજ હોતે હો?

આશ્ચર્યની વાત એ છે, કે ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો ગમે એટલાં ઐશ્વર્યશાળી હોય, પરંતુ એમના ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણનો જબરો અંકુશ રહેતો.

સામાન્ય સંસારીઓને અંકુશમાં રાખવા એ અલગ વાત છે અને ઐશ્વર્યશાળી

મહાપુરુષોને નિયંત્રણમાં રાખવા એ અલગ વાત છે.

અતિ સમર્થ પરમશક્તિ સિવાય એ કામ શક્ય નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણે આ અશક્ય કાર્ય શક્ય કર્યું હતું અને પોતાની સર્વોપરિતા સિદ્ધ કરી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોમાં સ્વામીવ્યાપકાનંદ નામે સમાધિનિષ્ઠ અને વચનસિદ્ધ સંત હતા. એક વાર તેઓ મધ્યપ્રદેશમાં વિચરણ કરી રહ્યા હતા અને નગરથી દૂર એક શિવાલયમાં ઊતર્યા હતા.

એ સમયે નગરનો એક વાણિયો આત્મહત્યાના વિચારથી ત્યાં આવ્યો અને ભારે આક્રંદ સાથે વિલાપ કરતાં કરતાં શિવજીને પ્રાર્થના કરવા લાગ્યો.

વાણિયાનું આક્રંદ સાંભળી વ્યાપકાનંદસ્વામીનું હૃદય પીગળી ગયું. સ્વામીએ પૂછ્યું, "ભલા માણસ! શા માટે રડે છે?"

વાણિયાએ કહ્યું, "હું નગરના મુસલમાન રાજાના વાંકમાં આવ્યો છું. રાજાએ મને ભારે દંડ કર્યો છે, જે મારે એક મહિનામાં ચૂકવવાનો છે."

બાદશાહે આકરો આદેશ કર્યો કે, 'કાં તો દંડ ભર, કાં તો મુસલમાન થા.'

રૂદન કરતાં કરતાં વાણિયાએ કહ્યું, "સ્વામી! દંડ ભરવાની મારી ત્રેવડ નથી અને મુસલમાન થઈ મનખો હરામ કરવો નથી, એટલે શિવાલયે કમળપૂજા ખાઈને મરવા આવ્યો છું."

સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ ભક્તચિંતામણિમાં વાણિયાના આ વિલાપનું આલેખન કરતાં કહ્યું છે...

"હાય હાય હિન્દુ ધર્મ જાશે, હાય મનખો હરામ થાશે |૧૬|" (ભ.ચિં. પ્ર-૧૩૦)

વાણિયાનો વિલાપ સાંભળી વ્યાપકાનંદસ્વામી બોલ્યા, "તું ભગવાન શ્રી સ્વામિનારાયણને શરણે થા. ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રતાપી છે, એમની કૃપાથી તારો દંડ ભરાઈ જશે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આગળ અનેક ભક્તોની રક્ષા કરી છે, એમ તારી રક્ષા કરશે. તારે હિન્દુ મટીને મુસલમાન થાવું નહિ પડે!"

સ્વામીનાં વચનથી વાણિયાએ કંઠી બાંધી અને ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિત થયો. સંપ્રદાયની કથા પ્રમાણે ભગવાન શ્રી સ્વામિનારાયણે વ્યાપકાનંદસ્વામીનાં વચને વાણોતરનો વેશ લઈ વાણિયાનો દંડ ચૂકવી દીધો અને વાણિયાની રક્ષા કરી.

આ જ વ્યાપકાનંદસ્વામી ફરતાં ફરતાં કોઈ ગામમાં એક બ્રાહ્મણને ત્યાં ઊતરેલા. જોગાનુજોગ એ બ્રાહ્મણનો યુવાન દીકરો ગુજરી ગયો. આખું ઘર વિલાપ કરવા લાગ્યું. વ્યાપકાનંદસ્વામીએ કરુણાથી એ બ્રાહ્મણના દીકરાને જીવતો કર્યો! ત્યાંથી વિચરણ કરતાં કરતાં સ્વામી બોટાદ પધાર્યા. અહીં દાહા ખાચરના દરબારગઢની ડેલીએ ઉતારો કર્યો.

દાહા ખાચર ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અનન્ય આશ્રિત હતા. બનવાજોગ એવું બન્યું, કે દાહા ખાચરની ઘોડી ગુજરી ગઈ.

કાઠી દરબારોને પોતાના ઘોડા જીવ જેવા વહાલા હોય. ઘોડીના મરણથી આખો દરબારગઢ ભારે શોકાતુર અને ઉદાસ થઈ ગયો.

વ્યાપકાનંદસ્વામીને દયા આવી અને મરેલી ઘોડીને જીવતી કરી! આખા દરબારગઢમાં આનંદ આનંદ થઈ ગયો, પણ જાણવા જેવી ઘટના તો હવે બની.

આ મહાસમર્થ સંત ગઢપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શને પધાર્યા. વ્યાપકાનંદસ્વામીને જોઈને મહારાજે નારાજગીથી મુખ ફેરવી લીધું.

વ્યાપકાનંદસ્વામી જે દિશામાં મુખ કરીને મહારાજ બેઠા હતા એ દિશામાં દર્શન કરવા ગયા, ત્યાં મહારાજે બીજી દિશામાં મુખ ફેરવી લીધું. વ્યાપકાનંદસ્વામી એ તરફ ગયા, તો મહારાજ પાછા ત્રીજી દિશામાં ફરી ગયા. સઘળી સભા મહારાજનાં આ ચરિત્રને જોઈને આશ્ચર્ય સાથે વિમાસણમાં પડી.

મહારાજને આમ નારાજગીથી ફરી જતાં જોઈને વ્યાપકાનંદસ્વામીએ અલમસ્તાઈથી હસીને હિન્દુસ્તાની ભાષામાં કહ્યું, “ગુરુ મહારાજ! ઈતને નારાજ ક્યોં હોતે હો? ક્યોં મુંહ ફેર લેતે હો?”

મહારાજ બોલ્યા, “નારાજ ન થઈએ તો શું કરીએ? કોઈના માટે અમને વાણોતરના વેશ લેવડાવો છો! કોઈના છોકરા જીવતા કરો છો! કોઈના ઘોડા જીવતા કરો છો! આ રીતે ઐશ્વર્ય વાપરવાની અમે તમને કે'દિ આજ્ઞા કરી છે?”

વ્યાકાનંદસ્વામી બોલ્યા, “અરે ગુરુ મહારાજ! ઈતની છોટી સી બાતમેં ઈતને નારાજ હો ગયે! હમને કૌન-સા બડા કામ કર દિયા? આપ તો લક્ષ્મી કે માલિક હૈ, હમેં આપ પર ભરોસા થા, તો બેચારે વાણિયે કી રક્ષા કર લી.”

“એક મચ્છર બ્રાહ્મણ કે છોકરે કે પેટ મેં ડાલ દિયા ઔર એક મચ્છર ઘોડી કે પેટ મે ડાલ દિયા, તો દોનો જીવિત હો ગયે. ઈસમેં કૌન સી બડી બાત હૈ! જો હુવા સો તો આપ કી કૃપા સે હુઆ. મેરે મેં ક્યા રખા હૈ?”

વ્યાપકાનંદસ્વામીની વાત સાંભળીને સભાજનો અને સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ હસવા માંડ્યા. સૌને થયું કે, ‘આટલું અશક્ય કામ શક્ય કર્યું, છતાં આ સાધુ એને કેટલી હળવાશથી લઈ રહ્યા છે!’

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ અલગારી અલમસ્ત સંતને સમજાવતા કહ્યું, “સ્વામી! આપણે સમજણનો સત્સંગ દઢ કરાવવો છે; પરચા-ચમત્કારોનો નહિ.”

“ક્યારેક અમારી ઇચ્છા ન હોય અને તમારું વચન સિદ્ધ ન થાય, તો તમારું

સિદ્ધપણું કેવા ધર્મસંકટમાં મુકાય એનું તમને ભાન છે?"

મહારાજનાં વચન સાંભળી વ્યાપકાનંદસ્વામી મહારાજને સાષ્ટાંગ દંડવત કરવા લાગ્યા અને બોલ્યા, "ગુરુ મહારાજ! ભૂલ હો ગઈ! માફ કર દો; અબ ઐસા નહીં કરેંગે. હમ તો આપકે ચરણોં કે દાસ હૈ."

ભગવાન શ્રી સ્વામિનારાયણ આ આગવી મસ્તીથી ભરેલા સંતની વાત સાંભળી મંદ મંદ હસવા લાગ્યા અને સ્વામીને બાથમાં લઈને મળ્યા. વ્યાપકાનંદસ્વામીના અંતરમાં અત્યંત આનંદ થયો.

ભારતીય યોગીઓના ઇતિહાસમાં મરેલાને સજીવન કરવાના અનેક પ્રસંગો છે. મહાભારતમાં મૃતસંજીવની વિદ્યાની વાત છે. અસુરોના ગુરુ શુક્રાચાર્યજી આ વિદ્યા જાણતા હતા. દેવોના વૈદ્ય અશ્વિનીકુમારોએ કચ દ્વારા એ વિદ્યા મેળવી હતી.

ભારતમાં એક સમયે ત્રણ વિજ્ઞાન પ્રસિદ્ધ હતા, તંત્રવિજ્ઞાન, પ્રાણવિજ્ઞાન અને સૌરવિજ્ઞાન. વારાણસીના સુપ્રસિદ્ધ તાંત્રિક ગોપીનાથ કવિરાજ તંત્ર અને સૌરવિજ્ઞાનમાં પારંગત હતા. તેઓ મૃત પંખીઓને સજીવન કરવાની શક્તિ ધરાવતા હતા. એમણે અનેક અંગ્રેજો અને વૈજ્ઞાનિકો સામે આ આશ્ચર્યજનક પ્રયોગો કર્યા હતા. દુર્ભાગ્યે આ વિદ્યા આજે લુપ્ત થયેલી છે.

ભૌતિકવિજ્ઞાન કરતાં પણ માનસવિજ્ઞાન ભારે પ્રભાવશાળી છે. આ માનસવિજ્ઞાનનાં મૂળ પરમાત્માની સર્વવ્યાપી શક્તિ સાથે જોડાયેલાં છે.

જે મહાપુરુષો એ શક્તિ સાથે સંધાન સાધે છે તેઓ મનના માલિક બને છે; પરિણામે મહાપુરુષોની સંકલ્પશક્તિનો જબરો પ્રભાવ અને પ્રતાપ હોય છે. આ મહાપુરુષો પોતાની સંકલ્પશક્તિના પ્રભાવે ધારે તે કરી શકે છે.

આજના ક્વૉન્ટમ વિજ્ઞાને પણ હવે એ માનસશક્તિનો સ્વીકાર કર્યો છે. મરેલાંને સજીવન કરવાની પ્રક્રિયાને ચમત્કાર ગણવો હોય તો એ સામાન્ય ચમત્કાર નથી, માનસવિજ્ઞાનનો ચમત્કાર છે.

વ્યાપકાનંદસ્વામીની સંકલ્પશક્તિ જબરી હતી એટલે એ મરેલાંને સજીવન કરી શકતા હતા. સામે ભગવાન શ્રી સ્વામિનારાયણ ભારે સાવધ હતા. આવી શક્તિઓનો અહંકાર ન આવે, દુરુપયોગ ન થાય માટે સંતોને નિયંત્રણમાં રાખતા હતા.

આવા વ્યાપકાનંદસ્વામી જેવા મહાસમર્થ બબ્બે હજાર સાધુઓ ઉપર શાસન કરવું, એમને નેણને અને વેણને ઈશારે નચાવવા, એમના મનની ધારણાઓને મુકાવવી એ જ ભગવાન શ્રી સ્વામિનારાયણનો અલૌકિક પ્રભાવ અને ચમત્કાર છે; જે એમનાં ભગવાનપણા તરફ અને અલૌકિક અવતારી શક્તિ તરફ સંકેત કરે છે.

સાધુરામ! તમારું ભૂંડું થવાનું થયું...

ભગવાન શ્રી સ્વામિનારાયણ તો સંતોના ઐશ્વર્યો ઉપર અંકુશ રાખતાં હતાં, પરંતુ એમની આજ્ઞાથી સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી જેવા મહાન સંતો પણ સાધુઓને ઐશ્વર્યથી ઉચ્છૃંખલ બનવા દેતા ન હતા.

એક સમયની વાત છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલ પધાર્યા હતા અને પોતાને ઉતારે હરિમંદિરમાં પોઢ્યા હતા. એ સમયે નૃસિંહાનંદસ્વામી અને પરમજ્ઞાનાનંદસ્વામી, આ બે પરમહંસો શ્રીજી મહારાજનાં દર્શને પધાર્યા.

મહારાજ પોઢ્યા હતા એટલે એમને ખલેલ ન પડે એ રીતે દર્શન કરવા લાગ્યા અને ચરણારવિંદનાં સોળ ચિહ્નોનાં નીરખી નીરખીને દર્શન કરવા લાગ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણમાં રહેલાં આ લોકોત્તર સોળ ચિહ્નો એમનાં અવતારીપણાનો નિર્દેશ કરતા હતા. તત્કાલીન નંદ સંતોએ પોતાની રચનાઓમાં આ સોળ ચિહ્નોનું અદ્‌ભુત વર્ણન કર્યું છે. સંપ્રદાયમાં ઘરે ઘરે સોળ ચિહ્નોએ સહિત ચરણારવિંદનું ધ્યાન-પૂજન થાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે મુખ ઉપરથી વસ્ત્ર દૂર કર્યું અને મંદ સ્મિત કરીને બોલ્યા, "પરમહંસો! શું કરો છો?"

સંતોએ કહ્યુ, "મહારાજ! અમે તમારાં ચરણારવિંદનાં ચિહ્નોનું દર્શન કરીએ છીએ."

મહારાજ હસીને કહે, "સંતો! આ ચિહ્નોએ સહિત અમારાં ચરણારવિંદનું ધ્યાન કરે, તેને સમાધિ પણ થાય અને સિદ્ધિઓ પણ પ્રાપ્ત થાય!"

ભગવાન શ્રી સ્વામિનારાયણના વચને પરમજ્ઞાનાનંદસ્વામીએ સમાધિ અને સિદ્ધિની અપેક્ષાથી ચરણારવિંદના ધ્યાનનો અભ્યાસ શરૂ કર્યો. થોડો સમય વીત્યો એટલે સ્વામીને સમાધિ થઈ, સિદ્ધિઓ પ્રગટી, પ્રાણી-માત્રના ઘાટ સંકલ્પ જાણવાની અંતર્યામી શક્તિ પ્રાપ્ત થઈ અને એક જગ્યાએ બેઠાં બેઠાં અનેક દિવ્યધામોનાં દર્શન કરવા સમર્થ બન્યા!

જેમ ગુપ્ત ખજાનો મળે અને આનંદ થાય એમ સ્વામીનાં અંતરમાં આ ઐશ્વર્યથી અપાર આનંદ થયો. સ્વામી આનંદમાં અને આનંદમાં ગોપાળાનંદસ્વામીનાં દર્શને આવ્યા અને પોતાને પ્રાપ્ત થયેલ સિદ્ધિઓ અને અંતર્યામી શક્તિની વાત કરી.

પરમજ્ઞાનાનંદસ્વામીની વાત સાંભળતા મહાયોગીરાજ ગોપાળાનંદસ્વામી ગંભીર બનીને બોલ્યા, "સાધુરામ! તમારું ભૂંડું થવાનું થયું!"

પરમજ્ઞાનાનંદસ્વામી આશ્ચર્યથી બોલ્યા, "સ્વામી! એમ કેમ?"

ગોપાળાનંદસ્વામીએ કારણો સમજાવતા કહ્યું કે, "સાધુરામ! સિદ્ધિઓના રાગ સાધકને મુખ્ય ધ્યેયથી ચલાયમાન કરે છે. સાધક પરમાત્માને પડતાં મેલીને સિદ્ધિઓના

જાળામાં ગૂંચવાઈ જાય છે."

"સાધુરામ! ચિંતામણિ જેવા ભગવાન પાસે જાતજાતની સિદ્ધિઓ શંખલા-છીપલાં-કોડીઓ અને કાંકરા જેવી છે."

"સાધુરામ! અંતર્યામીપણાનું ઐશ્વર્ય તો ભારે ખતરનાક નીવડે છે. જગતના જીવ અજ્ઞાન અને દોષથી ભરેલાં જ હોય. તમે એના મન વાંચવા માંડશો, તો તમારું હૃદય અવગુણથી ઊભરાઈ જશે અને તમારા અંતરમાંથી જીવ-પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ અને કરુણાનાં વહેણ સુકાવા માંડશે."

"સાધુરામ! વાત આટલેથી નહિ અટકે; ક્યારેક શ્રીજી મહારાજ કરુણા અને વાત્સલ્યથી કોઈની ભક્તિની પ્રશંસા કરતા હશે, ત્યારે તમે તમારી સિદ્ધિ વાપર્યા સિવાય નહિ રહી શકો. તમે એ ભક્તના અંતરના ઘાટ સંકલ્પને જાણવા પ્રયાસ કરશો, ત્યારે તમને એ ભક્ત અને મહારાજ બેયનો અવગુણ આવશે. આ અવગુણનો પાશ તમારા અંતરાત્માના તેજને ઝાંખાં કરી નાખશે, તમારા માટે આ જબરું નુકસાન હશે."

"સાધુરામ! જ્ઞાન અને સિદ્ધિઓ મળવાં સહેલાં છે પણ પચાવવા ભારે કઠણ છે! મહાભારતમાં પ્રસિદ્ધ કથા છે કે સહદેવને ભવિષ્યજ્ઞાન પ્રાપ્ત થયું હતું. ભગવાન વેદવ્યાસને પણ ત્રણેય કાળનું જ્ઞાન હતું. પરંતુ એ જ જ્ઞાને સહદેવજીની ઊંઘ હરામ કરી નાખી હતી, જ્યારે મહાસમર્થ વ્યાસજીએ એ જ્ઞાનને પચાવી જાણ્યુ હતું. માટે આવી સિદ્ધિઓ તો એક ભગવાન પચાવી શકે અને બીજા ભગવાનને અખંડ ધારી રહેલા મહાપુરુષો જ પચાવી શકે!"

ગોપાળાનંદસ્વામી જેવા મહાન સદ્‌ગુરુનાં વેણે વેણે પરમજ્ઞાનાનંદસ્વામીના અંતરમાં પ્રકાશ પથરાઈ રહ્યો હતો. એમનાં અંતરમાંથી અંતર્યામી શક્તિ પ્રાપ્ત થયાનો આનંદ સૂરજના તાપમાં બરફ ઓગળે તેમ ઓગળી રહ્યો હતો.

પરમજ્ઞાનાનંદસ્વામીએ બે હાથ જોડી ભારે વિનય સાથે સ્વામીને કહ્યું, "તો સ્વામી! હવે મારે શું કરવુ જોઈએ?"

ગોપાળાનંદસ્વામીએ સમર્થ સદ્‌ગુરુની ભૂમિકા ભજવતા કહ્યું, "સાધુરામ! તમે છ મહિના સુધી "સ્વામિનારાયણ" મહામંત્રનું અખંડ ભજન કરો અને મહારાજને પ્રાર્થના કરો કે "હે મહારાજ! આ સિદ્ધિ મને ભૂલાવી દો અને આ અંતર્યામી શક્તિ તમે પાછી લઈ લો."

ગોપાળાનંદસ્વામીનાં વચને પરમજ્ઞાનાનંદસ્વામીએ છ મહિના સુધી અખંડ ભજન કર્યું, કઠિન સાધના કરી અને પોતાની સિદ્ધિઓ અને અંતર્યામી શક્તિને વિસારી દીધી.

શેખજીને ઐશ્વર્યનું અજીર્ણ!

ઐશ્વર્યસાગર ભગવાન શ્રી સ્વામિનારાયણ ક્યારેક ક્યારેક પોતાની સ્વતંત્ર ઇચ્છાશક્તિથી કોઈ કોઈ સંતો અથવા ભક્તોને પોતાનાં ઐશ્વર્યનો અંશ આપતા હતા, જેને લીધે તેઓ પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની પેઠે જ બીજાને સમાધિઓ કરાવી શકતા હતા; મનના સંકલ્પો વાંચી શકતા હતા.

એક શેખજી નામે મુસલમાન હતા. એનું મૂળ નામ તો 'આમદખાન પઠાણ' હતું, પણ બધા એને 'શેખજી' કહીને બોલાવતા. ગાયકવાડ સરકારે તેમને સેનાની ટૂકડીના નાયક બનાવ્યા હતા.

સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીના યોગથી શેખજી સત્સંગી થયા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણનો અલૌકિક પ્રતાપ નિહાળીને એમના અંતરમાં સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગ્યો હતો. એમણે પોતાની નોકરી, ઘરબાર બધું છોડી દીધું હતું અને મહારાજની સેવામાં જોડાઈ ગયા હતા.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં લીલુડા લીંબડા નીચે સભા ભરીને બેઠા હતા. શેખજી પણ સભામાં બેઠા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ બોલ્યા, "ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, મારવાડ અને ખાનદેશ ચારે બાજુ સત્સંગ વિસ્તર્યો છે, પરંતુ સિંધમાં સત્સંગ થયો નથી. અમારે સિંધમાં સદાચારનું પ્રવર્તન કરવું છે. સિંધ મુસલમાની દેશ છે. આ સભામાં કોણ એવો શૂરવીર સત્સંગી છે? જે સિંધમાં જઈને સત્સંગ કરાવે!"

મહારાજની વાત સાંભળી શેખજી બોલ્યા, "મહારાજ! આપની આજ્ઞા હોય, તો હું સિંધમાં જાઉં."

શેખજીની વાત સાંભળી મહારાજ રાજી થયા અને બોલ્યા, "શેખજી! તમે જાવ તો તો બહુ સારું, કારણ કે સિંધમાં મુસલમાનો ઘણા છે; તમે પણ મુસલમાન છો એટલે તમે ત્યાં તમારા જાતભાઈઓને સત્સંગ કરાવી શકશો."

શેખજી બોલ્યા, "મહારાજ! મેં આખી જિંદગી રાજનો વહીવટ કર્યો છે, સત્સંગ કરાવ્યો નથી. સત્સંગ કરાવવા જ્ઞાન જોઈએ. મને જ્ઞાનમાં કાંઈ ગતાગમ પડતી નથી. તમે કૃપા કરીને લોકો મને માને એવું થોડું ઐશ્વર્ય આપો, તો હું સિંધમાં સત્સંગ કરાવી શકું."

ભગવાન શ્રી સ્વામિનારાયણને આજે મોજ ચડી હતી. એણે હળવા હાસ્ય સાથે કહ્યું, "શેખજી! અમે તમારી દાઢીમાં સમાધિનું ઐશ્વર્ય મૂકીએ છીએ. તમારે લોકોને

ભેળા કરવા, પછી કહેવું 'દેખો મેરી દાઢી!' લોકો તમારી દાઢી જોશે એટલે એમને તુર્ત જ સમાધિ થઈ જશે. તમારી દાઢીનું ઐશ્વર્ય ખીલશે, માણસો તમારામાં ખેંચાશે, પછી તમે આવડે એવી વાતો કરી લોકોને સદાચારને માર્ગે વાળજો અને પંચવર્તમાનના નિયમ દેજો."

મહારાજની વાત સાંભળીને શેખજી અત્યંત રાજી થઈ ગયા. એ જ સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ ગંભીર થઈને ફરીથી બોલ્યા, "શેખજી! આ ઐશ્વર્યને પચાવવા માટે તમારે કેટલાક નિયમો પાળવા પડશે.

શેખજી બોલ્યા, "ભલે મહારાજ! આપ જેમ આદેશ કરશો એમ હું કરીશ!"

મહારાજે કહ્યું, "શેખજી! તમારે અમારા જેવાં વસ્ત્રઅલંકાર ધારણ કરવા નહીં, લોકોને ઘરે પધરામણીએ કે જમવા જવું નહીં, માત્ર બાઈઓની સભામાં કથાવાર્તા કરવી નહીં, મનાવા-પૂજાવાથી દૂર રહેવું."

આટલું કહી મહારાજ આગળ બોલ્યા, "સાવધાન શેખજી! આ ઐશ્વર્ય લોકોને સન્માર્ગે વાળવા માટે છે, મનાવા-પૂજાવા માટે નથી. જો આ નિયમોનો તમે ભંગ કરશો, તો તમારી દાઢીનો દીવો ઓલવાઈ જશે! અને પાછા હતા એવા ને એવા ધોયેલ મૂળા જેવા થઈ જશો!"

શેખજીએ હાથ જોડીને કહ્યું, "ભલે, મહારાજ! આપે આપેલા નિયમોનું હું બરાબર પાલન કરીશ."

મહારાજે કહ્યું, "તો, શેખજી! પ્રથમ તમે કચ્છ જાઓ અને ત્યાંથી સિંધમાં જજો."

મહારાજની આજ્ઞાથી શેખજી કચ્છ ગયા. દાઢી દેખાડી સમાધિઓ કરાવવા માંડ્યા, ભૂત-ભવિષ્યની વાતો કરવા લાગ્યા, લોકો ખેંચાવા લાગ્યા.

જીવ વામણો છે. પાત્રતા વગર પીરસાયેલી વાત એને પચતી નથી. શેખજીને ઐશ્વર્ય પચ્યું નહિ, ધીરે ધીરે એનું અભિમાન વધવા માંડ્યું. થોડા દિવસ તો તેઓ મહારાજે આપેલા નિયમોમાં સાવધાન રહ્યા, પણ ધીરે ધીરે એમાં છિદ્ર પડવાં માંડ્યાં.

સત્તા-સંપત્તિ, પૂજા અને પ્રશંસા પચવાં ભારે કઠણ છે. લોકો તરફથી માન-સન્માન મળવા માંડ્યા એટલે ઐશ્વર્યનું અજીર્ણ થઈ ગયું. વાત એટલી હદે સુધી પહોંચી કે તેઓ પોતાની જાતને ભગવાન શ્રી સ્વામિનારાયણની સમકક્ષ માનવા લાગ્યા.

શેખજીનો તાયફો જોઈને કચ્છના હરિભક્તો ખૂબ અકળાયા. એમણે મહારાજને બધા સમાચાર મોકલ્યા કે, "મહારાજ! શેખજી તો ભગવાન થઈને ફરવા માંડ્યા છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણ દાદાના દરબારમાં સભા ભરીને બેઠા હતા. શેખજીના સમાચાર મળતા મહારાજે આંખ સહેજ કરડી કરી હાથ ઊંચો કર્યો અને

ગોપાળાનંદસ્વામીને કહ્યું, “સ્વામી! તમે હમણાં ને હમણાં કચ્છ જાઓ અને શેખજીનું ઐશ્વર્ય ખેંચી લ્યો.”

બ્રહ્માનંદસ્વામીએ હસીને કહ્યું, “મહારાજ! કચ્છ જાવાની જરૂર નથી. તમે સંકલ્પ કર્યો ત્યાં જ એની દાઢીનો દીવો ઓલવાઈ ગયો! હવે એ મુલ્લો જેવો હતો એવો ને એવો ધોયેલ મૂળા જેવો થઈ ગયો!”

મહારાજના આદેશની અવગણના કરવાનું ફળ શેખજીને મળ્યું. શેખજીનું ઐશ્વર્ય ખેંચાઈ જવાથી શેખજી નિસ્તેજ થઈ ગયા. લોકો એને દંભી અને પાખંડી માનવા લાગ્યા. આદર-સત્કારમાં ઓટ તો એવી આવી, કે હવે શેખજીનો ભાવ પૂછનારું પણ કોઈ ન રહ્યું! જે રોજ નવે નવે ઘરે થાળ જમતા એને હવે ભોજનના પણ સાંસા પડવા લાગ્યા. રોજ નવાં નવાં વસ્ત્ર પહેરતાં, એ હવે ચીંથરેહાલ થઈ ગયાં.

શેખજીના મનમાં પસ્તાવાનો પાર ન હતો. મનમાં થયું કે, ‘મેં ભગવાન શ્રી સ્વામિનારાયણનો ઘોર અપરાધ કર્યો છે, આ પાપની માફી તો હવે સ્વયં મહારાજ જ આપી શકે.’

ઉનાળાના ધોમધખતા તાપમાં ભિખારીની જેમ ચીંથરેહાલ સ્થિતિમાં ભટકતાં ભટકતાં શેખજી ગઢપુર આવ્યા. દાદાના દરબારમાં જવાની એની હિંમત ચાલી નહીં એટલે એ ઓશિયાળા થઈને ગામના ચોરે ઊતર્યા. અહીં લોયા દરબાર સુરા ખાચરનો એમને ભેટો થયો.

શેખજીએ ભારે દિલગીરી સાથે કહ્યું, “દરબાર! મને કોઈ રીતે મહારાજ પાસેથી માફી અપાવો.” સુરા ખાચર મહારાજ પાસે આવ્યા અને હાથ જોડીને બોલ્યા, “મહારાજ! શેખજી ભારે પસ્તાય છે, આપ દયાના સાગર છો. જીવ તો જીવ જ હોય, માટે શેખજીને માફ કરો.”

કરુણાના સાગર મહારાજ બોલ્યા, “દરબાર! તમે શેખજીને લઈ આવો. જો એ ખરા દિલથી પસ્તાવો કરવા તૈયાર હોય તો અમે માફી આપવા તૈયાર છીએ, પણ જોજ્યો હો, વાળંદ પાસે દાઢી-બાઢી મૂંડાવી, નવડાવી-ધોવડાવી લાવજો; એમ ને એમ ના લાવશો!”

સુરા ખાચરે ચોરે જઈને શેખજીને વાત કરી. શેખજીએ મહારાજની વાત માથે ચઢાવી.

ગરાસિયાને મૂછ વા’લી હોય, જોગીને જટા વા’લી હોય અને મુસલમાનને દાઢી વા’લી હોય છતાંપણ પોતાના પશ્ચાત્તાપની ખાતરી રૂપે શેખજી દાઢી મૂંડાવી નાખી, નાહી-ધોઈ, મહારાજ પાસે આવ્યા. આંસુભરી આંખોએ મહારાજ પાસે માફી માગતાં માગતાં ધૂળમાં આળોટી દંડવત્ કરવા લાગ્યા.

મહારાજે ઠપકાના સૂરે કહ્યું, "શેખજી! અમે યોગીઓને દુર્લભ એવું ઐશ્વર્ય તમને આપ્યું, પણ તમે જીરવી ન શક્યા. અમારા આપેલા નિયમોની વાડ્યમાં રહ્યા હોત, તો તમારી આ દશા ન થાત."

શેખજી બે હાથ જોડી કરગરવા લાગ્યા અને બોલ્યા, "મહારાજ! મેં આપનો ખૂબ મોટો અપરાધ કર્યો છે, મને માફ કરો."

ભગવાન શ્રી સ્વામિનારાયણે કરુણાસભર નયણે શેખજીની સામે જોયું, એના પશ્ચાત્તાપના આંસુડાંની ખરાઈ કરી, માફી બક્ષી અને એના હૈયાને ભૂલોના ભારથી હળવું કર્યું. એ વખતે સભામાં બેઠેલા કોઈએ મર્મ કર્યો, "આ શેખજીની દાઢી ક્યાં ગઈ?"

સુરા ખાચર હસીને બોલ્યા, "આ શેખજી પોતાની દાઢી દેખાડીને કંઈકને સમાધિઓ કરાવતા, જેને સમાધિ થાય એ બધા શેખજીની દાઢી ઉપર પગ દઈને સમાધિમાં જતા, આમ પગની ઠોકરું ખાવાથી મુલ્લાની દાઢી ઊખડી ગઈ!" સુરા ખાચરની વાત સાંભળીને મહારાજ સહિત સમગ્ર સભા હસી પડી.

ભગવાન શ્રી સ્વામિનારાયણમાં અન્યને ઐશ્વર્ય આપવાનું પણ સામર્થ્ય હતું, સાથે સાથે ઐશ્વર્યશાળીઓ ઉપર અંકુશ રાખવાનું પણ સામર્થ્ય હતું.

મોહનવરને માન સંગાથે વેર જો

ભગવાન શ્રી સ્વામિનારાયણને પોતાના સંતો કે ભક્તોમાં કોઈ જાતની કસર રહી જાય એ મંજૂર ન હતું. એમાંય અહંકાર તો એમને જરાય પસંદ ન હતો. નિર્માની ભક્તો એમને ખૂબ વહાલા હતા.

અધ્યાત્મના પંથે મોટામાં મોટો અવરોધ હોય, તો તે અહંકાર છે. કામ, ક્રોધ, લોભ વગેરે સર્વ દોષો કરતાં માન મોટો દોષ છે. મદ, મત્સર, ઈર્ષ્યા, રાગ-દ્વેષ વગેરે સર્વ વિકારોનું મૂળ માન છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે, 'નિર્માની ભક્તમાં જેવા રૂડા ગુણ આવે છે, એવા માનીમાં નથી આવતા.'

માન બહુરૂપિયા જેવું છે, એને જાતજાતના વેશ ધરતાં આવડે છે. માત્ર સત્તા અને સંપત્તિનું જ અભિમાન હોય એમ નથી, પોતામાં રહેલા સદ્‌ગુણોનું પણ માન આવે છે. ત્યાગીમાં ત્યાગરૂપે, તપસીમાં તપરૂપે, દાનીમાં દાનરૂપે, ધ્યાનીમાં ધ્યાન રૂપે અને જ્ઞાનીમાં જ્ઞાનરૂપે માન પ્રવેશે છે. ભક્તિ કરતો હોય તો ભક્તપણાનું પણ માન આવે છે!

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના ભક્તના અંતરમાં કોઈ પણ પ્રકારનો અહંકાર

ઊગવા દેતા ન હતા. ક્યાંય પણ અહંકારનો અંકુર દેખાય, તો વિવિધ રીતે એ અહંકારને મૂળમાંથી ઊખેડી નાખતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયના મહાન સંત સ્વરૂપાનંદસ્વામીનો પ્રસંગ આપણે આગળ જોયેલો છે. આ સંતને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર હતો, પરંતુ એક વખત સંજોગવશાત્ એમને આત્મજ્ઞાનનો અહંકાર આવ્યો અને ભગવાન શ્રી સ્વામિનારાયણના દંડને પાત્ર બનવું પડ્યું.

વાત એમ બની હતી કે કોઈ એક સંત બીમાર થયા હતા. એમનાં શરીરમાં અત્યંત પીડા થતી હતી. સંતને માંદા સાંભળીને ભગવાન શ્રી સ્વામિનારાયણ એમની સંભાળ લેવા પધાર્યા. સ્વરૂપાનંદસ્વામી પણ સાથે હતા.

મહારાજે સંતના મસ્તક ઉપર હાથ મેલી ધીરજ અને આશ્વાસન આપ્યાં. સાથેના સંતોને આ માંદા સંતની સેવા કરવાની ભલામણ કરી.

સંતનાં શરીરમાં પીડા વધારે હતી, એટલે તેમના મુખમાંથી ઊંહકારા નીકળી જતા હતા. આ જોઈને સ્વરૂપાનંદસ્વામીથી રહેવાયું નહિ. એમણે માંદગીથી પીડાતા સંતને ઉપદેશ આપવા માંડ્યો, “સાધુરામ! આત્મારૂપ હો જાઓ! પીડા શરીર મેં હોતી હૈ, આત્મા મેં નહિ.”

બિચારા માંદા સાધુ મૂંગે મોઢે સ્વામીની વાત સાંભળતા રહ્યા. દયાસિંધુ મહારાજને આ વાત રુચિ નહિ; મહારાજ નારાજ થયા. મહારાજને થયું, ‘આ તે કેવું લૂખું આત્મજ્ઞાન? અત્યારે માંદાની સેવા કરવાની હોય, ત્યારે સ્વામી એને કોરો ઉપદેશ આપી રહ્યા છે?’

મહારાજે સ્વરૂપાનંદજીના આત્મજ્ઞાનના અહંકારને ટાળવાનો સંકલ્પ કર્યો.

હવે બન્યું એવું કે થોડા સમય બાદ સ્વયં સ્વામી સ્વરૂપાનંદજીને શરીરમાં દાહનો રોગ લાગુ પડ્યો. શરીરમાં બળતરા થવા માંડી. થોડો સમય તો સ્વામીએ બળતરા સહન કરી લીધી, પરંતુ ધીરે ધીરે બળતરા વધવા લાગી. ઔષધ-ઉપચાર કર્યાં, આત્મવિચાર કર્યો, પણ બળતરા શમી નહિ.

જેમ જેમ બળતરા વધવા લાગી, તેમ તેમ સ્વામીનું આત્મવિજ્ઞાન ક્ષીણ થવા લાગ્યું. બળતરા પરાકાષ્ટાએ પહોંચી. હવે સ્વામીથી આ બળતરા જીરવી શકાતી ન હતી. એમણે કોઈ સંતને કહ્યું, “મહારાજને કહો મને અસહ્ય બળતરા થાય છે, દયા કરી શાંતિ થાય તેવું કરે.”

સંતે જઈને મહારાજને કહ્યું. મહારાજે રહસ્યસભર વચને કહ્યું, “ઉનસે કહો કિ વે આત્મારૂપ હો જાયે.”

પેલા સંતે મહારાજનો સંદેશો સ્વામીને સંભળાવ્યો. સ્વામી આત્મવિચાર કરવા

લાગ્યા, પણ એમની બળતરા કોઈ રીતે શમતી નહોતી. એમણે બીજી વાર મહારાજને સંદેશો મોકલાવ્યો, "મહારાજ! કોઈ રીતે રહેવાતું નથી."

મહારાજે ફરીથી કહેવડાવ્યું, "આત્મારૂપ હો જાઓ."

સ્વામીએ પાછી વિનંતી કરી, "મહારાજ આત્માનો ઘણો વિચાર કરું છું, પરંતુ એ વિચાર ટકતો નથી. બળતરા શમતી નથી."

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વામીને દર્શન દેવા પધાર્યા. સ્વામીએ મહારાજને હાથ જોડીને કહ્યું, "મહારાજ! દયા કરો. આ બળતરા હવે સહેવાતી નથી."

મહારાજે ફરીથી એ જ મર્મભર્યાં વચન ઉચ્ચાર્યાં, "આત્મારૂપ હો જાઓ."

સ્વામીને મનમાં થયું, 'મહારાજ મને વારંવાર આત્મારૂપ હો જાઓ, આત્મારૂપ હો જાઓ. એમ શા માટે કહે છે?'

આખરે સ્વામીના હૃદયમાં પ્રકાશ થયો. એમણે પેલા માંદા સાધુને કહેલા શબ્દો અંતરમાં પડઘાવા લાગ્યા. સ્વામીને પોતાની ભૂલ સમજાણી. સ્વામી સમજી ગયા કે મારા આત્મજ્ઞાનનો અહંકાર ઉતારવા જ મહારાજે આ બળતરા પ્રેરી છે. એમણે મહારાજને હાથ જોડ્યા, "મહારાજ! મારા અપરાધને ક્ષમા કરો. મારાથી ખોટા સમયે ઉપદેશ અપાઈ ગયો."

સ્વામીની વાત સાંભળી મહારાજ મંદમંદ સ્મિત કરવા લાગ્યા અને બોલ્યા, "સ્વામી! આત્મજ્ઞાનનો અધકચરો ઉપયોગ ન કરાય. તમે આત્મજ્ઞાની સંત છો, એનો અર્થ એવો નથી કે તમે સામાન્ય જીવોનાં દુઃખ-દરદનો ઉપહાસ કરો."

"સ્વામી! જે આત્મજ્ઞાનમાંથી દયા અને પ્રેમ ન પ્રગટે, એ આત્મજ્ઞાન સૂકાં રણ જેવું ગણાય!" "હવે તમે દાદા ખાચરના ઘરનાં નળિયાનું ધ્યાન કરો, તમારી પીડા શાંત થઈ જશે. તમને પણ ખ્યાલ આવશે કે આત્મયોગ કરતાંય પરમાત્મયોગ શ્રેષ્ઠ છે."

શ્રી હરિનાં વચને સ્વરૂપાનંદસ્વામીએ દાદા ખાચરના દરબારગઢના નળિયાનું ધ્યાન આરંભ્યું. જેમ જેમ ધ્યાન ગહન થવા લાગ્યું, તેમ તેમ સ્વામીનાં શરીરની બળતરા શાંત થવા લાગી.

ગઢડા મધ્ય પ્રકરણના પાંત્રીસમા વચનામૃતમાં આ પ્રસંગનો ઉલ્લેખ કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, "અને આવી રીતે અમે સ્વરૂપાનંદસ્વામીને વાર્તા કરી હતી, તે વાર્તાને ધારી ત્યારે દેહમાં જે મંદવાડનું ઘણું દુઃખ હતું તે સર્વે નિવૃત્તિ પામી ગયું ને પરમ શાંતિ થઈ, પણ એ ઘણાય આત્માને દેખતા હતા તોય તેણે કરીને કાંઈ સિદ્ધિ થઈ નહિ."

યોગશાસ્ત્રમાં ક્યાંય ન મળે એવા નળિયાના ધ્યાનના ઉપાયથી સ્વામી સ્વસ્થ થયા

અને મહારાજના દર્શને આવ્યા.

મહારાજે હસીને કહ્યું, "સ્વામી! તમે આત્મજ્ઞાની છો, જબરા યોગી છો, પણ યાદ રાખજો. અમારાં સ્વરૂપના જોગથી બીજો કોઈ શ્રેષ્ઠ જોગ નથી. અમારા સંતોએ કે સાધકોએ આત્મવિજ્ઞાનથી છલકાઈ ન જવું. દેહધારીઓના સુખ-દુઃખને અવગણવા નહિ, એમની સેવા કરી રાજીપો લેવો."

"અમારા સેવકોની સેવાને અમે 'સેવાયોગ' કહીએ છીએ અને આ સેવાયોગથી આત્મપણાનું અભિમાન પણ નાશ પામે છે."

કોઈએ પ્રશ્ન કર્યો, "મહારાજ! આત્મજ્ઞાનીને અહંકાર હોઈ શકે?"

મહારાજે કહ્યું, "હા! જ્ઞાનીને પણ જો પરબ્રહ્મની ભક્તિ ન હોય તો अहं ब्रह्मास्मि નું અભિમાન આવે છે. જેને જ્ઞાનીપુરુષોએ "स्वतन्त्रात्मभ्रम" કહ્યો છે, જેનો અર્થ છે, 'હું બ્રહ્મ છું, સ્વતંત્ર છું, મારો કોઈ સ્વામી નથી. બ્રહ્મજ્ઞાનીઓની આવી ભ્રાન્તિ અને અભિમાનને ટાળવા માટે અમે સેવા ભક્તિ અને શરણાગતિનો માર્ગ પસંદ કર્યો છે."

"બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવા કરવી એને જ અમે સાચી મુક્તિ માનીએ છીએ. અમારા સંતો-ભક્તોએ નિર્માની થઈને નીચામાં નીચી ટેલ ચાકરી કરવી, દાસાનુદાસ થઈને રહેવું પરંતુ અહંકારી ન થવું."

ચાર સદ્‌ગુરુઓની નિયુક્તિ

ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે એકઠા થયેલા સંતોની સંખ્યા આશરે બે હજાર જેટલી થવા આવી હતી. હજારો ગૃહસ્થોનું નિયમન થઈ શકે છે, પરંતુ બે હજાર સાધુઓનું નિયમન કરવું એ ભારે કપરી વાત હતી. એમાં પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો તો અપાર ઐશ્વર્ય સંપન્ન હતા. એમનું નિયમન કરવું એ કાંઈ સાધારણ વાત ન હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સાધુઓને સાચવવાની જવાબદારી આનંદાનંદસ્વામીને સોંપી હતી. આનંદાનંદસ્વામી આ કાર્યમાં ભારે કુશળ હતા, કારણ કે એક તો એમણે વર્ષો સુધી અયોધ્યાના અખાડિયન બાવાસાધુઓની તોફાની જમાતોને કુશળતાપૂર્વક સાચવી હતી અને બીજું, આખરે તો એ ભરતપુરના મહારાજા હતા. 'શાસન કેમ કરવું?' એ એમના સ્વભાવમાં સહજ રીતે વણાયેલું હતું.

સહજાનંદસ્વામીના સંતો મહાન હોવા છતાં સીધા-સાદા, સરળ અને અનુશાસનશીલ હતા, પરંતુ ક્યારેક ક્યારેક કોઈ સાધુ માને નહીં ત્યારે આનંદસ્વામી કંટાળી જતા.

એક વાર એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણને વિનંતી કરી અને કહ્યું, "મહારાજ! મારાથી આ સેવા થઈ શકે એમ નથી! આપ આ સેવા ભાઈ રામદાસજી અથવા તો

બીજા કોઈને સોંપો અને મને બીજી કોઈ સેવા બતાવો."

આનંદાનંદસ્વામીની વાત સાંભળી મહારાજ હસ્યા અને બોલ્યા, "ભલે સ્વામી! આ અંગે આગળ ઉપર જોઈ લઈશું."

એક સમયની વાત છે, મહારાજ પરમહંસોની વિશાળ સભા ભરીને બેઠા હતા. આનંદસ્વામી પણ ઉપસ્થિત હતા. મહારાજે આનંદસ્વામી તરફ નજર કરી. આનંદસ્વામીને દિવ્યદૃષ્ટિ મળી. એ દિવ્યદૃષ્ટિને પ્રતાપે આનંદસ્વામીએ જોયું, તો સભામાં બેઠેલા સર્વ પરમહંસોના શરીરમાંથી દિવ્ય તેજ પ્રસરી રહ્યું હતું અને સ્વામીને એ તેજમાં પરમહંસોના પૂર્વ રૂપનાં દર્શન થઈ રહ્યાં હતાં.

આનંદસ્વામી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. સ્વામીને થયું, 'અરે આ તો પૂર્વના મહાન મુક્તો, યોગીઓ, સિદ્ધો અને બ્રહ્માંડોના નિયામક ઈશ્વરો છે! આ મહાપુરુષો મારું ન માને એમાં કાંઈ નવાઈ નથી અને માને છે તો મહારાજના પ્રભાવથી માને છે!'

થોડી વારમાં અલૌકિક દૃશ્ય અદૃશ્ય થયું. ભગવાન શ્રી સ્વામિનારાયણે મર્મ ભરેલી નજરે આનંદસ્વામીની સામે જોયું અને હસીને બોલ્યા, "સ્વામી! આ બધા પરમહંસોના ઐશ્વર્ય અમે ઢાંકી રાખ્યાં છે. જો એમને એમનાં ઐશ્વર્યનું ભાન થાય, તો એ કોઈનું માને એવા નથી!"

આનંદસ્વામી હાથ જોડીને બોલ્યા, "હા મહારાજ! આજે આપે મારા મનની મૂંઝવણ ટાળી નાખી. આપે મને આવા મહાન સંતોની સેવાનો અવસર આપ્યો એ મારા અહોભાગ્ય છે, પરંતુ સાધુઓની સંખ્યા ઘણી છે માટે મારી વિનંતી છે કે મારી સહાયતામાં અન્ય સદ્‌ગુરુઓને પણ જોડો."

મહારાજે કહ્યું, "ભલે સ્વામી! સમય ઉપર એ થઈ રહેશે."

વિક્રમ સંવત ૧૮૭૫ની સાલ હતી, કારતક મહિનાના દિવસો હતા, ભગવાન શ્રી સ્વામિનારાયણ દંઢાવ્ય દેશના આદરજ ગામે પધાર્યા હતા. આ વિસ્તારના ખાંટ લોકોએ મોટી સંખ્યામાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રય સ્વીકાર્યો હતો. એમના દારૂ-માંસ-ચોરી-લૂંટફાટ વગેરે ફેલ છૂટી ગયા હતા. આ પછાત ગણાતી કોમ આચારની દૃષ્ટિએ ઊજળી અને આર્થિક દૃષ્ટિએ સમૃદ્ધ બની હતી.

આદરજના ગામધણી દરબાર રતુ ખાંટને ત્યાં મહારાજનો ઉતારો રહેતો. અહીં મહારાજે મોટા પાયા ઉપર અન્નકૂટ મહોત્સવ કર્યો હતો. વિશાળ સંખ્યામાં સંતો-ભક્તો એકઠાં થયાં હતાં. પછાત વિસ્તારમાં આવો મોટો અન્નકૂટનો સમૈયો થાય, એની કલ્પના પણ અશક્ય હતી.

આ પ્રસંગે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના વિશાળ સાધુવૃંદના નિયમન

માટે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને ચૈતન્યાનંદસ્વામી આ ચાર સદ્‌ગુરુઓની નિયુક્તિ કરી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ચારેય સદ્‌ગુરુઓને ઊંચા મંચ ઉપર બેસાડ્યા, જાતે ફૂલના હાર પહેરાવી પૂજા કરી, આરતી ઉતારી અને સર્વ સંતોને આજ્ઞા કરી કે, "આજથી તમે સર્વે પરમહંસો આ ચારેય સદ્‌ગુરુઓની આજ્ઞામાં રહેજો."

ત્યાર બાદ ભગવાન શ્રી સ્વામિનારાયણે આનંદાનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી વગેરે આઠ સદ્‌ગુરુઓને ઉપરના ચારેય સદ્‌ગુરુઓના સહાયક તરીકે નીમ્યા અને એમની પણ વિધિવત્ પૂજા કરી.

ભગવાન શ્રી સ્વામિનારાયણની વ્યવસ્થાશક્તિ આજનું મેનેજમેન્ટ-શિક્ષણ પણ દાદ માગે તેવી ગજબની હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે નીમેલા દરેક સદ્‌ગુરુના હાથ નીચે અનેક મંડળધારીઓ રહેતા અને એક એક મંડળધારીના હાથ નીચે નાના-મોટા સંતોનું મંડળ રહેતું. આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે સર્વને અનુશાસનના સૂત્રથી ગૂંથી લીધા હતા.

સંતોને સંસ્કૃત ભણવાની આજ્ઞા

ભગવાન શ્રી સ્વામિનારાયણ ઇચ્છતા હતા, કે મોટી સંખ્યામાં સંતો સંસ્કૃત શાસ્રોનો અભ્યાસ કરે, કારણ કે ભારતીય સંસ્કૃતિના મોટા ભાગના ધર્મગ્રંથો, દર્શનગ્રંથો, પુરાણો સંસ્કૃત ભાષામાં લખાયેલાં છે, માટે 'સંતોએ સંસ્કૃત ભણવું આવશ્યક હતું.'

સંસ્કૃત ભાષાના અભ્યાસથી જ ભારતીય સંસ્કૃતિની રક્ષા થાય છે.

સંસ્કૃત ભાષાના અભ્યાસથી જ સનાતન ધર્મના સિદ્ધાંતોનું જતન અને પોષણ થાય છે.

સંસ્કૃત ભાષાના અભ્યાસથી જ સંપ્રદાયની જ્ઞાન-પરંપરાનો ઉત્તરોત્તર વિકાસ થાય છે, માટે સંસ્કૃત ભણવું આવશ્યક છે.

ઉદય પામી રહેલા સ્વામિનારાયણ સંપ્રદાય માટે વિદ્વદ્‌વર્ગમાંથી અનેક શાસ્રીય પડકારો ઊભા થતા હતા. આ પંડિતો સાથે શાસ્રાર્થ કરી, એમની જિજ્ઞાસાઓને શાંત કરવા માટે પણ સંસ્કૃત ગ્રંથોનો અભ્યાસ જરૂરી હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રતિભાસંપન્ન કેટલાક સાધુઓની પસંદગી કરી તેમને સંસ્કૃત ભણવાનો આદેશ કર્યો હતો.

જો કે સંસ્કૃત અધ્યયનના આરંભકાળે કેટલીક મુશ્કેલીઓ ઊભી થઈ હતી. એક તો ભણનારા સંતોમાં મોટે ભાગે પુખ્ત ઉંમરના હતા. પુખ્ત ઉંમરે સંસ્કૃત ભાષાનો

અભ્યાસ કરવો એમના માટે કપરું હતું.

બીજી મુશ્કેલી એ હતી, કે આ બધા સંતો ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિનું ધ્યાન, ભજન અને સ્મરણમાં રત રહેનારા હતા. સંસ્કૃત ભાષાનો અભ્યાસ એમને ધ્યાન-ભજનમાં બાધક બનતો હતો, પરિણામે કોઈ સાધુ સંસ્કૃત ભણવા માટે હૃદયથી રાજી ન હતા.

ઈષ્ટદેવની આજ્ઞા થઈ એટલે સંતોએ સંસ્કૃતના વ્યાકરણ વગેરે ગ્રંથોનો અભ્યાસ તો શરૂ કર્યો, પરંતુ થોડા દિવસમાં જ પડતો મૂક્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોની સભા કરી પ્રશ્ન કર્યો, "સંતો! સંસ્કૃત ગ્રંથોના અભ્યાસમાં કેટલી પ્રગતિ થઈ?"

ભણનારા સંતોએ કહ્યું, " મહારાજ! અમે અભ્યાસ છોડી દીધો છે!"

મહારાજે પૂછ્યું, "કેમ?"

સંતોએ કહ્યું, "મહારાજ! વ્યાકરણનાં સૂત્રો ગોખીએ છીએ. તો તમારી મૂર્તિનું ધ્યાન થઈ શકતું નથી, વ્યાકરણનાં સૂત્રો ધ્યાનમાં આડાં આવે છે!"

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "સંતો! તમારા કરતાં તો પાણી ભરનારી પાણિયારી સારી. પાણિયારી પાણી ભરતાં ભરતાં એકસાથે કેટલી જગ્યાએ સૂરત રાખે છે!"

"કૂવામાં ઉતારેલો માટીનો ઘડો ફૂટે નહીં; પાવઠાં પર પગ મૂક્યો હોય ત્યાંથી કૂવામાં પડી ન જવાય; પાણી સીંચતાં સીંચતાં સરખેસરખી સાહેલીઓ સાથે વાતોનો દોર તૂટે નહિ! આમ પાણિયારી અનેક જગ્યાએ સૂરત રાખીને પાણી સીંચે છે. સંતો! તમે આ પાણિયારી બાઈઓ જેવા પણ નહિ, કે ભણતાં-ભણતાં ભગવાનને ભૂલી જાઓ છો?"

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ જ વાતને ફરીથી ઘોડેસ્વારના દૃષ્ટાંતથી સમજાવતા કહ્યું, "સંતો! ઘોડેસ્વાર પણ કેટલી જગ્યાએ સૂરત રાખે છે! ચકોર દૃષ્ટિથી ચારે બાજુ જોતો જાય, ઘોડો દોડાવતો જાય, ઘોડાને ડાબે જમણે વાળતો જાય, મારગમાં આવતા ખાડા ટેકરાનું ધ્યાન રાખતો જાય."

"સંતો! મન ઘોડા જેવું છે. એના ઉપર અસ્વારી કરતા આવડશે, તો એક સાથે અનેક જગ્યાએ સૂરત રાખી શકશો. ભણી પણ શકશો અને સાથે ધ્યાન પણ ધરી શકશો! આ રીતે મનને કેળવવું એને જ ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં અભ્યાસ કહે છે."

હરિલીલામૃતમાં આ વાતનું રોચક વર્ણન છે...

શ્રીજી કહે તમે સાંભળો, જેમ પાણી ભરે પાણીયાર,
પગ ધરે છે પાવઠે, ધરે કુંભ કૂવા મોઝાર.

ઘટ ઉપર ને પગ ભણી, મનવૃત્તિ રાખે બે ઠામ,
ધ્યાન તણું ભણવા તણું, તેમ કરવું તમારે કામ.

ભગવાન શ્રી સ્વામિનારાયણની માર્મિક ટકોર સાંભળી સંતો શરમાઈ ગયા અને બોલ્યા, “મહારાજ! હવે અમે ભણવામાં કે ભજનમાં આળસ કે ગાફલાઈ રાખીશું નહિ.” સંતોની વાત સાંભળીને ભગવાન શ્રી સ્વામિનારાયણ ખૂબ જ રાજી થયાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ભણનારા સંતોને ખૂબ જ પ્રોત્સાહન આપતા. અવારનવાર થાળની પ્રસાદી મોકલાવતા અને સભામાં બહુમાન કરતા. આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રેરણાથી અનેક સંતો શાસ્ત્રોમાં પારંગત થયા હતા.

અમારી મૂર્તિ સર્વ શાસ્ત્રોનો સાર છે

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોને સંસ્કૃત ભણવાની આજ્ઞા કરી, પરંતુ કેટલાક ભજનાનંદી સંતોને ભણવા કરતાંય ધ્યાન-ભજનમાં વિશેષ આનંદ આવતો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો આદેશ થયો એટલે તેઓ ભણવામાં તો જોડાયા, પરંતુ તેમની ચિત્તવૃત્તિ પુસ્તકનાં પાનાં કરતાં મહારાજની મનોહર મૂર્તિમાં વધારે નિમગ્ન રહેતી હતી.

ભણનારા સંતોમાં એક નૃસિંહાનંદસ્વામી નામના સંત હતા. તેઓ રાત્રે દીવાના આછાં અજવાળે પુસ્તકનાં પાનાં હાથમાં લઈ વાંચતા હતાં, પરંતુ મન તો મહારાજની મૂર્તિનું ચિંતવન કરતું હતું; પરિણામે એમને ધ્યાન લાગી જતું અને હાથમાંથી પુસ્તકનાં પાનાં પડી જતાં, ધ્યાનમગ્ન સંતને ખબર પણ ન રહેતી અને રાત્રિ પસાર થઈ જતી.

એક વાર શિયાળાનો સમય હતો. ઠંડીથી રક્ષણ માટે નાની સગડી બળતી હતી. સ્વામીનૃસિંહાનંદજી સગડીની પાસે બેસીને હસ્તલિખિત પુસ્તકનાં પાનાં વાંચી પાઠ તૈયાર કરી રહ્યા હતા. એવામાં મહારાજ ફરતાં ફરતાં નીકળ્યા. સ્વામીએ દૂરથી મહારાજનાં દર્શન કર્યાં. એમની ચિત્તવૃત્તિ મહારાજની મૂર્તિમાં ખેંચાઈ ગઈ, સમાધિ લાગી ગઈ; હાથમાં રહેલું પુસ્તકનું પાનું સગડીમાં પડ્યું અને સળગી ગયું.

મહારાજે આ જોયું. બીજા દિવસે સવારે મહારાજે નૃસિંહાનંદસ્વામીને બોલાવ્યા અને ભારે ઠપકો આપ્યો, “તું ભારે ફેલી થઈ ગયો છો! ભણવામાં ધ્યાન દેતો નથી, ધ્યાન-સમાધિના નાટક કરે છે.” વગેરે વગેરે ઘણું કહ્યું.

મહારાજનો નારાજગી ભર્યો ઠપકો સાંભળી નૃસિંહાનંદજી રડવા માંડ્યા અને બોલ્યા, “મહારાજ! હું ફેલ નથી કરતો. તમારી કામણગારી મૂર્તિ મારાં હૃદયમાં એવી જડાઈ ગઈ છે, કે આંખ મીંચીને પાઠ ગોખવા બેસું છું, પણ મને વ્યાકરણનાં સૂત્રોને બદલે

તમારી મૂર્તિ જ દેખાયા કરે છે. તમે કૃપા કરીને મારા હૃદયમાંથી તમારી મૂર્તિ કાઢી લ્યો તો જ મારાથી સંસ્કૃતનો અભ્યાસ થઈ શકશે, નહિતર નહિ થાય!"

નૃસિંહાનંદસ્વામીની વાત સાંભળીને ભગવાન શ્રી સ્વામિનારાયણ અત્યંત પ્રસન્ન થયા અને બોલ્યા, "સાધુરામ! અમારી મૂર્તિ તો સર્વ શાસ્ત્રનો સાર છે. આ રીતે જેને અમારી મૂર્તિ સિદ્ધ થાય તેણે સર્વ શાસ્ત્ર ભણી લીધા, માટે હવે તમારે સંસ્કૃત ભણવાની જરૂર નથી." મહારાજની વાત સાંભળી નૃસિંહાનંદસ્વામી હળવા ફૂલ થઈ ગયા.

સંસ્કૃતના પ્રકાંડ પંડિતો

ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસમંડળમાં જેમ અનેક શ્રેષ્ઠ કવિઓ હતા, એ જ રીતે સંસ્કૃત ભાષાના અનેક દિગ્ગજ વિદ્વાનો પણ હતા, જેમાં નિત્યાનંદસ્વામી મોખરે હતા.

નિત્યાનંદસ્વામીનો જન્મ તો છેક બિહાર અને બંગાળની સરહદ ઉપર દતિયા ગામમાં થયો હતો. પોતે પ્રકાંડ પંડિત હતા. એમનું નામ 'દીનમણિ શર્મા' હતું. તેઓશ્રી શાસ્ત્રાર્થમાં દિગ્વિજય પ્રાપ્ત કરવા માટે ભારત-ભ્રમણ કરી રહ્યા હતા. એમણે અનેક રાજા-મહારાજાઓના પંડિતો સામે શાસ્ત્રાર્થમાં વિજય મેળવી માન-સન્માન પ્રાપ્ત કર્યાં હતાં.

આ રીતે દિગ્વિજય કરતાં કરતાં તેઓશ્રી ગુજરાત આવ્યા હતા. ગુજરાતમાં ઊંઝા ખાતે એમને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન થયા હતા. સમસ્ત ભારતવર્ષના ભ્રમણ દરમિયાન ભગવાન શ્રી સ્વામિનારાયણ જેવી લોકોત્તર પ્રતિભા એમણે જોઈ ન હતી.

કહેવાય છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણના માત્ર મંદ હાસ્યે જ એમનાં મનને હરી લીધું હતું. એમના બુદ્ધિના તર્કો વિરામ પામ્યા હતા, એમનું અંતર શાંત થયું હતું.

શ્રીજી મહારાજની દિવ્ય અનુભૂતિના સાગરમાં એમની વિદ્વત્તાનું અભિમાન ઓગળી ગયું હતું! માનો કે ન માનો, નવાઈની વાત એ હતી કે ન કોઈ શાસ્ત્રાર્થ, ન કોઈ વાદ-વિવાદ, એમને એમ એમણે પોતાની જાતને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણોમાં સમર્પી દીધી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે જૂનાગઢ પાસેના મેઘપુર ગામે એમને દીક્ષા આપી હતી અને 'નિત્યાનંદસ્વામી' નામ પાડ્યું હતું.

આટલા મોટા પ્રકાંડ પંડિત આટલી સરળતાથી જીવન સમર્પણ કરે અને સાધુ થઈ જાય એ સાધારણ વાત નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અલૌકિક ઐશ્વર્ય

સિવાય આ સંભવે જ નહીં.

નિત્યાનંદસ્વામીએ રચેલ 'શ્રી હરિદિગ્વિજય' ગ્રંથ ગહન દાર્શનિક શાસ્ત્રાર્થોથી ભરપૂર છે. આ ગ્રંથમાં એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણના દાર્શનિક સિદ્ધાંતોનું વિદ્વદ્‌ભોગ્ય ભાષામાં નિરુપણ કરેલું છે. શાંડિલ્ય ભક્તિસૂત્રો ઉપર પણ એમણે સુંદર ભાષ્ય રચ્યું છે.

ગોપાળાનંદસ્વામી અને મુક્તાનંદસ્વામી પણ સંસ્કૃત શાસ્ત્રોના પ્રખર અભ્યાસી હતા. આ બન્ને મહાન સંતોએ 'ઉપનિષદ્, બ્રહ્મસૂત્રો અને શ્રીમદ્ ભગવદ્‌ગીતા' આ પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્યો રચેલાં છે. ઉપરાંત એમણે નાના-મોટા અનેક સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોની રચનાઓ કરેલી છે.

સદ્‌ગુરુ શતાનંદસ્વામી મહાન વિદ્વાન અને સિદ્ધ સંત હતા. એમણે 'શ્રીમદ્ સત્સંગિજીવન'ની રચના કરેલી છે.

શિયાણીના શિવરામ વિપ્ર પ્રકાંડ પંડિત હતા. તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણની પરીક્ષા કરવા આવેલા અને ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રભાવથી સાધુ થઈને કાયમ ભગવાન શ્રી સ્વામિનારાયણની સેવામાં રહી ગયેલા. ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને સાધુની દીક્ષા આપી 'અખંડાનંદ' નામ રાખેલું. એમણે 'શ્રી હરિચરિત્રમ્' નામનો ગ્રંથ રચેલો છે.

એ જ રીતે, બ્રહ્મચારી વાસુદેવાનંદજી પણ સંસ્કૃતના મહાન વિદ્વાન હતા. એમણે 'સત્સંગિભૂષણ' નામના ગ્રંથની રચના કરેલી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસોમાં ભગવદાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, નૃસિંહાનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, યોગાનંદસ્વામી, તદ્રુપાનંદસ્વામી, પ્રસાદાનંદસ્વામી, દયાનંદસ્વામી, મંજુકેશાનંદસ્વામી વગેરે અનેક મહાન વિદ્વાન સંતો હતા.

ઉત્તરવર્તી પરંપરામાં બ્રહ્મચારી અચિંત્યાનંદજી નામે મહાન વિદ્વાન થયા. અનેક શાસ્ત્રાર્થોમાં એમણે વિજય મેળવ્યો હતો. એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં લીલાચરિત્રોથી સભર 'શ્રી હરિલીલાકલ્પતરુ' નામનો મહાકાય ગ્રંથ લખેલો છે. આ ગ્રંથ શ્રીમદ્ ભાગવતજી કરતાં બે ગણો મોટો છે. રચનાશૈલી અત્યંત પ્રાસાદિક, રસ, અલંકાર અને છંદોના વૈવિધ્યથી ભરપૂર છે. સાથે સાથે તેમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું અનુપમ તત્ત્વજ્ઞાન નિરૂપાયેલું છે.

ભટ્ટજી! તમારા શ્લોક કેટલા?

ભગવાન શ્રી સ્વામિનારાયણને સંસ્કૃત ભાષામાં લખાયેલાં શાસ્રો પ્રત્યે અગાધ પ્રેમ હતો, પરંતુ કોરું પાંડિત્ય એમને પ્રિય ન હતું. તેઓને કોરાં જ્ઞાન કરતાં વર્તન વધારે વ્હાલું હતું.

જ્ઞાનની મોટી મોટી વાતો કરતા હોય, પણ આચારમાં શૂન્ય હોય એવા લોકો મહારાજને પસંદ ન હતા. એમણે વર્તનશીલોનો બહુ મોટો સમુદાય તૈયાર કર્યો હતો.

મહારાજ કહેતા, 'વર્તન વિનાનું જ્ઞાન પાંકડી ગાય જેવું છે. પાંકડી ગાય દેખાવે રૂપાળી અને હૃષ્ટપુષ્ટ લાગે, પણ એ ક્યારેય વિયાતી નથી અને દૂધ દેતી નથી; એમ વર્તન વિનાના જ્ઞાનથી કશી જ ઉપલબ્ધિ થતી નથી.'

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં વિરાજમાન હતા. એ સમયે દીનાનાથ ભટ્ટ મહારાજના દર્શને આવ્યા.

દીનાનાથ ભટ્ટ ગુજરાતના કાનમ પ્રદેશના આમોદ ગામના વતની હતા. તેઓ સંસ્કૃત ભાષાના પ્રકાંડ પંડિત હતા. ભાગવતજીના અઢાર હજાર શ્લોક એમણે કંઠસ્થ કર્યા હતા. તેઓ ઉત્તમ સાહિત્યકાર પણ હતા. એમણે સંસ્કૃત ભાષામાં અનેક છંદોબદ્ધ રચનાઓ કરેલી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વિદ્વાનોનો ભારે આદર કરતા. તેઓ અવારનવાર દીનાનાથ ભટ્ટને બોલાવતા અને એમનું બહુમાન કરતા હતા.

દીનાનાથ ભટ્ટ વિદ્વાન હતા, પરંતુ એ વિદ્વત્તા એમના જીવનમાં જોઈએ એવી વણાઈ ન હતી; માત્ર કંઠપાઠ રહી ગઈ હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના ભક્તની આ ખામીને દૂર કરવા માગતા હતા એટલે એમણે દીનાનાથ ભટ્ટને પ્રશ્ન કર્યો, "ભટ્ટજી! તમે ભાગવત ભણ્યા છો?"

દીનાનાથ ભટ્ટે કહ્યું, "મહારાજ! ભણવાની ક્યાં વાત કરો છો? ભાગવતજીના અઢારેય હજાર શ્લોક મારે કંઠે છે. આપ કહો તે સ્કન્ધને મુખપાઠ બોલી બતાવું." ભટ્ટજીની વાણીમાંથી વિદ્વત્તાનો ગર્વ છલકાઈ રહ્યો હતો.

ગર્વગંજન ભગવાન શ્રી હરિએ ભટ્ટજીના ગર્વ ઉપર ચોટ કરે એવો ધારદાર સવાલ કર્યો, "ભટ્ટજી! તમે ભાગવતના અઢાર હજાર શ્લોક કંઠે તો કર્યા, પરંતુ એમાંથી તમારા કેટલા?" ભટ્ટજીની વિદ્વત્તા ગોટે ચડી! મહારાજના પ્રશ્નનો મર્મ ભટ્ટજી સમજી ન શક્યા એટલે પૂછ્યું, "મહારાજ! મારા કેટલા? એટલે શું? જેટલા કંઠે એ બધા જ શ્લોક મારા!"

મહારાજે ભટ્ટજીની બુદ્ધિના તાળા ખોલવા માટે થોડો ફેરવીને સવાલ કર્યો, "ભટ્ટજી! એક હજાર માણસની રસોઈ કરી હોય, આપણે પંક્તિમાં જમવા બેઠા હોઈએ, તો

શું એ હજાર માણસની રસોઈ આપણી કહેવાય?" -ભટ્ટજીએ કહ્યું, "ના મહારાજ! એ બધી રસોઈ આપણી ન કહેવાય, એ તો આપણા ભાણામાં જેટલી પીરસાય એટલી જ આપણી."

મહારાજ ફરીથી મૂળ સવાલ ઉપર આવ્યા, "ભટ્ટજી! જેમ હજાર માણસની રસોઈ આપણી ન કહેવાય, એ જ રીતે જેટલા શ્લોક કંઠે કર્યાં એ આપણા ન કહેવાય. એમાંથી જેટલા આપણાં જીવનમાં ઊતરે એટલા જ આપણા ગણાય! બાકી તો કો'કને સંભળાવવામાં કામ લાગે! તમે ભાગવતજીના અઢાર હજાર શ્લોક કંઠે તો કર્યા છે, પણ તેમાંથી તમારાં જીવન માટે કેટલા પસંદ કર્યા છે?"

ભટ્ટજી માથું ખંજવાળીને બોલ્યા, "મહારાજ! આવું તો મેં આજ દિ' સુધી વિચાર્યું જ નથી!" મહારાજે હસીને કહ્યું, "ભટ્ટજી! લ્યો અમે તમારા પાતરમાં પીરસી દઈએ! અઢાર હજાર શ્લોકમાંથી બે શ્લોક તમારાં પાત્રમાં અમે પીરસી દઈએ!"

દીનાનાથ ભટ્ટે કહ્યું, "મહારાજ! કૃપા કરીને એ બે શ્લોક મને કહો."

મહારાજે કહ્યું, "ભટ્ટજી! પહેલો શ્લોક..."

यस्यात्मबुद्धिः कुणपे त्रिधातुके, स्वधीः कलत्रादिषु भौम ईज्यधीः ।
यत्तीर्थबुद्धिः सलिले न कर्हिचिज्जनेष्वभिज्ञेषु स एव गोखरः ॥१३॥

(भागवत–स्क–१०,अ–८४)

"મનુષ્યને વાત, પિત્ત અને કફથી ભરેલાં માંસ-રુધિરમય શરીરમાં જેવી આત્મબુદ્ધિ છે, સ્રી-પુત્રાદિકને વિશે જેવી મમત્વબુદ્ધિ છે, દેવ પ્રતિમાઓને વિશે જેવી પૂજ્યબુદ્ધિ છે, ગંગા વગેરે નદીઓના જળમાં જેવી તીર્થબુદ્ધિ છે; આવી જ પવિત્ર બુદ્ધિ જો ભગવાનના જ્ઞાની ભક્તોને વિશે ન હોય, તો એ મનુષ્ય બળદ અને ગર્દભ જેવો ગણવો! અર્થાત્ પશુ જેવો જાણવો."

બીજો શ્લોક બતાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું....

प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥२०॥(भागवत–स्क–३,अ–२५)

ભાગવતજીમાં ભગવાન કપિલ મા દેવહૂતિને કહે છે, "હે મા! જેવો જીવને પોતાના સંબંધીને વિશે દઢ પ્રસંગ છે, તેવોને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિશે થાય, તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે."

આમ, બે શ્લોક બતાવી મહારાજ બોલ્યા, "લ્યો, ભટ્ટજી! આ બે શ્લોકને તમારાં જીવનમાં વણજો. કંઠપાઠ તો પોપટને પણ હોય! પોપટિયા જ્ઞાનથી કશું નહિ વળે,

માટે વિદ્વત્તાનો ગર્વ છોડી અમારા એકાંતિક સંતોને વિશે પવિત્ર બુદ્ધિ કેળવો; અમારા મહાન સદ્‌ગુરુ સંતોનો સમાગમ કરો, તો મોક્ષનો દરવાજો ઉઘડી જશે.” ભગવાન શ્રી સ્વામિનારાયણના વેણે વેણે દીનાનાથ ભટ્ટના અંતરમાં અજવાળાં થઈ રહ્યાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃત ગ.પ્ર.૧૮ માં કહે છે, ‘ગમે તેવો શાસ્ત્રી-પુરાણી હોય, ચારેય વેદ ભણ્યો હોય, એના અર્થને જાણતો હોય, છતાં પણ મુક્ત ન થાય. એ તો અમે આ જે વાત કરીએ છીએ તેને જીવનમાં વણે તે જ મુક્ત થાય છે.’

ભગવાન શ્રી સ્વામિનારાયણ વાતો કરતાં વર્તન ઉપર વિશેષ ભાર મૂકતા હતા.

સાધુઓના પંચ વર્તમાન

ભારતીય સંસ્કૃતિમાં અનાદિકાળથી સંતોનું ખૂબ જ મહત્ત્વ અને પ્રભુત્વ રહ્યું છે. પશ્ચિમ વિજ્ઞાનનો દેશ હોય, તો પૂર્વ સાધુ-સંતોનો દેશ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સનાતન ધર્મની જો સૌથી મોટી સેવા કરી હોય, તો એ છે ‘સંતબીજની રક્ષા.’ ઘોર કળિકાળના પ્રભાવે જ્યારે સંતબીજ વિકાસની ક્ષમતાઓ ગુમાવી રહ્યું હતું, ત્યારે જ ભગવાન શ્રી સ્વામિનારાયણે વિશાળ સમુદાયમાં આદર્શ સંતો તૈયાર કર્યાં અને ભારતીય સંસ્કૃતિના મૂળ સમાન સંતબીજોને સાચવી લીધાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુ થવું એ સરળ વાત નહોતી. ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોને આકરી કસોટીમાંથી પસાર થવું પડતું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતોના આત્મબળને મજબૂત કરવા માટે વિવિધ કસોટીઓ કરતા હતા, વારે વારે નિયમ ફેરવતા રહેતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોને પાંચ વ્રતો કાયમ માટે આપ્યાં હતાં, જે સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંતોના પંચ વર્તમાન તરીકે પ્રસિદ્ધ છે. જેના નામ છે- નિર્લોભી વર્તમાન, નિઃસ્નેહી વર્તમાન, નિઃસ્વાદી વર્તમાન, નિષ્કામી વર્તમાન, નિર્માની વર્તમાન.

આ વર્તમાનો લોભ, સ્નેહ, સ્વાદ, કામ અને માન – આ પાંચ મહા દોષોને જીતવા માટે છે.

(૧) નિર્લોભી વર્તમાન :

લોભ પાપનું મૂળ છે, માટે સાધુઓએ જમીન, ધન, સંપત્તિ, મૂલ્યવાન પદાર્થોનો સંગ્રહ કરવો નહિ, કરાવવો નહિ.

ઓછામાં ઓછાં વસ્રો અને સાધનોથી જીવનનિર્વાહ કરવો.

સારું સારું ખાવાની, પીવાની કે જોવાની લાલસાથી મુક્ત રહેવું.

કોઈના પણ લેણ-દેણના વ્યવહારોમાં સાક્ષી કે જામીનગીરી કરવી નહીં.

(૨) નિષ્કામી વર્તમાન :

સાધુઓએ અષ્ટ પ્રકારે સ્ત્રીઓથી દૂર રહેવું. આ નિયમનો ભંગ થાય તો પ્રાયશ્ચિત્તના ઉપવાસ કરવા. અપવાદરૂપે જો કોઈ સ્ત્રીનો જીવ સંકટમાં હોય, તો કોઈ પણ નિયમને ગણકાર્યા સિવાય એ સ્ત્રીનો જીવ બચાવવો.

(૩) નિઃસ્વાદી વર્તમાન :

ભગવાન શ્રી સ્વામિનારાયણે સાધુઓને આદેશ કર્યો કે, "અમારા સાધુઓએ ઇન્દ્રિયોને જીતવી. એમાં પણ રસના ઇન્દ્રિયને વિશેષે કરીને જીતવી; કારણ કે જેમ મૂળમાં પાણી રેડવાથી વૃક્ષ લીલું રહે છે, એ જ રીતે રસના ઇન્દ્રિય સર્વ ઇન્દ્રિયોને પોષણ કરનારી છે. જે રસનાને જીતે છે તે સર્વ ઇન્દ્રિયો ઉપર સરળતાથી વિજયને પ્રાપ્ત કરે છે."

"રસના ઇન્દ્રિયને જીતવા માટે સાધુઓએ ઈશ્વર ઇચ્છાથી જે સમયે જે મળે, તે પરમાત્માને નૈવેદ્ય ધરી ભોજન કરવું. તે પણ એક જ કાષ્ઠપાત્રમાં બધું ભેગું કરી, પાણી મેળવી, રસકસ રહિત કરી જમવું અને એ પણ દિવસમાં એક જ વાર."

(૪) નિઃસ્નેહી વર્તમાન :

સાધુઓએ દેહ અને દેહના સગાં-સંબંધીઓ તેમ જ દેહનું ભરણપોષણ કરનારાઓમાં આસક્તિ કરવી નહીં. પૂર્વાશ્રમના સંબંધીઓ સાથે કોઈ જાતનો વ્યવહાર રાખવો નહીં. પોતાના શિષ્ય-સમુદાય સાથે પણ નિર્બંધ રહેવું.

(૫) નિર્માની વર્તમાન :

માન સર્વ દોષોનું મૂળ છે. સાધુઓએ સર્વ પ્રકારે માનથી મુક્ત રહેવું. માન-અપમાનમાં સમબુદ્ધિ રાખવી. કોઈ પણ અનાડી જીવ મારે, ગાળો દીએ તો સહન કરવું. એટલું જ નહીં, એ જીવનું ભૂંડું થાય તેવો સંકલ્પ પણ ન કરવો, એનું ભલું થાય એવો જ સંકલ્પ કરવો.

મન, વચન અને કર્મથી ક્યારેય કીડી જેવા જીવને પણ દુઃખવવો નહિ.

પોતામાં ધર્મ, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ વગેરે ગમે એટલા સદ્‌ગુણ હોય, તો પણ તે ગુણોના માનનો અંકુર ઊઠવા દેવો નહિ.

સદાય ભગવાન અને ભગવાનના ભક્તના દાસ થઈને રહેવું અને દેહે કરીને નીચામાં નીચી ટેલચાકરી કરવી. પોતે બ્રહ્મરૂપ હોય, તો પણ પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી.

સંપ્રદાયમાં સાધુઓના આ પાંચ વર્તમાનની વિશદ છણાવટ કરનારો પાંચ અધ્યાયનો 'ધર્મામૃત' નામનો ગ્રંથ છે, જેમાં પ્રત્યેક અધ્યાયમાં ત્રણ ભાગે વિષય-નિરૂપણ કરવામાં આવેલ છે.

પ્રથમ ભાગમાં આ પ્રત્યેક દોષથી 'જીવ કેટલો દુઃખી થાય છે?' તેનું વર્ણન કરેલું છે. બીજા ભાગમાં એ દોષને જીતવા માટેના નિયમો બતાવેલા છે. ત્રીજા ભાગમાં જાણે-અજાણે એ નિયમોનો ભંગ થાય, તો પ્રાયશ્ચિતોનું વિધાન કરેલું છે.

સંતોના 'નિષ્કામી' વર્તમાનને વિશેષ દઢ કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે એક અધ્યાયના નાનકડા ગ્રંથની અલગથી રચના કરાવી છે, જેનું નામ 'નિષ્કામશુદ્ધિ' છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે રચાવેલા મહાકાય ગ્રંથ 'સત્સંગિજીવન'માં આ અધ્યાયો શમાવી લેવામાં આવ્યા છે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી કહે છે, "રાવણની સભામાં અંગદે પગ રોપ્યો હતો, જેને મહા શક્તિશાળી રાવણ ઉખાડી શક્યો ન હતો; એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પાંચ વર્તમાન રૂપી પાંચ પગ રોપ્યા છે."

"જ્યાં સુધી સાધુ-સંતોના આ વ્રત દઢ રહેશે, ત્યાં સુધી જગતની કોઈ તાકાત એમને ઉખાડી નહીં શકે અને જો આ વ્રતમાં શિથિલતા આવશે, તો કોઈ બચાવી નહીં શકે! સ્વયં ભગવાન પણ એનો હાથ નહીં ઝાલે."

આ પંચવર્તમાનના પાલનને લીધે ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોની તત્કાલીન સાધુસમાજમાં કોઈ નોખી જ ભાત પડતી હતી. આ સંતોના ઉપદેશ કરતા પણ એમના પવિત્ર જીવને જનસમુદાયમાં જબરો પ્રભાવ પાથર્યો હતો. એમનાં ચરણમાં બેસવાથી ધાર્મિક રીતે ત્રસ્ત અને સંતપ્ત સમાજ ભારે શાંતિ અનુભવતો હતો.

સુવર્ણની અગ્નિ પરીક્ષા

સોની જેમ સોનાને અગ્નિમાં તપાવી સુવર્ણપરીક્ષા કરે, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના સાધુઓને અનેક પ્રકારની આકરી તાવણીમાં તાવતા. તેઓ સાધુઓની કસોટી માટે નવા નવા નિયમો બહાર પાડતા અને સમયે સમયે એમાં પરિવર્તન આણતા. સંપ્રદાયમાં આ નિયમો 'પ્રકરણો' તરીકે પ્રસિદ્ધ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આશરે આવાં ૧૧૪ પ્રકરણો ફેરવ્યાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના સાધુઓને ક્યારેક વરસતા વરસાદે ખુલ્લામાં બેસાડતા, ઉનાળાના ધોમ-ધખતા તાપમાં પંચાગ્નિ તપાવતા, શિયાળાની કડકડતી ઠંડીમાં

જળમાં બેસવાની આજ્ઞા કરતા અથવા તો કોઈ પણ આધાર સિવાય વન-વગડામાં ખુલ્લામાં રહેવાનો આદેશ કરતા. ભિક્ષાનાં અન્નને પાણીમાં બોળી, રસકસ નીચોવી, તેના ગોળા વાળી જમવાનો આદેશ કરતા. ક્યારેક કંતાનના ટાટ પહેરાવતા.

બ્રહ્માનંદસ્વામી કીર્તનમાં કહે છે કે, "તન કરી નાખે રે ગુરુવચને ચૂરેચૂરા"

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો આ પંક્તિને ચરિતાર્થ કરતા હોય એમ મન, વચન, કર્મથી આ આજ્ઞાઓનું પાલન કરતા, ક્યારેય પણ પાછી પાની કરતા નહીં.

સામાન્ય રીતે ગુરુ સોએ સો ટકા નિયમ પાળે, ત્યારે ચેલો માંડ પચ્ચીસ ટકા પાળે! તથાગત બુદ્ધ સંપૂર્ણપણે ત્યાગજીવન પાળતા, ત્યારે એમના ભિખ્ખુઓ એમને અનુસરતા; જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ આ વિષયમાં તથાગત બુદ્ધથી સાવ જુદા પડતા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે ભાતભાતનાં ભોજન જમતાં, જ્યારે એમના આદેશથી સંતો જાતજાતના વ્રત-ઉપવાસ, એકટાણાં કરતા; કાચા લોટના ગોળા ખાતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સુંદર વસ્ત્ર-અલંકારો ધારણ કરતાં, જ્યારે એમના આદેશથી પરમહંસો જીર્ણશીર્ણ વસ્ત્રોથી કામ ચલાવતાં, કંતાનના કોથળા પહેરતા!

ભગવાન શ્રી સ્વામિનારાયણ અશ્વ ઉપર સવારી કરીને વિચરણ કરતા, જ્યારે એમના આદેશથી સંતો ધોમધખતાં તાપમાં ઉઘાડા પગે ફરતા! છતાં આશ્ચર્યની વાત એ હતી કે, આટલી વિપરિતતા હોવા છતાંય આ સાધુઓના મનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે કોઈ સંશય ઊઠ્યો ન હતો!

ઉપરાંત, ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પરમહંસોને જરાય લલોચપો રાખ્યા વગર આકરી કસોટીએ તાવ્યા હતા. સામે આ સંતો પણ એ કસોટીમાંથી સુવર્ણની જેમ વિશુદ્ધ સ્વરૂપે બહાર આવ્યા હતા અને ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાનું પાત્ર બન્યા હતા. આશ્ચર્યની વાત એ છે અનેક આકરી કસોટીઓ વચ્ચે તાવણી થતી હોવા છતાં, એ પરમહંસો ભગવાન શ્રી સ્વામિનારાયણથી સહેજ પણ દૂર થયા ન હતા. આ બાબત જ ભગવાન શ્રી સ્વામિનારાયણના ભગવાનપણા તરફ સંકેત કરે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સંતોની વિવિધ રીતે આકરી કસોટીઓ કરી હતી. એમાંના કેટલાક પ્રસંગો માણવા જેવા છે.

કંતાન પહેરવાનો આદેશ

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોને કંતાન પહેરવાનો આદેશ આપેલો અને એ પણ માપેલો દોઢ હાથનો જ, એથી લાંબો નહીં!

કંતાન એટલે શણમાંથી બનાવેલ બરછટ વસ્ત્ર જેને હિન્દીમાં 'ટાટ' પણ કહેવાય છે, જેમાંથી લોકો માલ-સામાન ભરવાના કોથળા અને કોથળા સીવવાની સૂતળી બનાવે છે.

સામાન્ય કાપડ પહેરવામાં અને કંતાન પહેરવામાં આકાશ-પાતાળનું અંતર છે. કંતાનની બરછટ રુંવાટી હાલતાં ચાલતાં શરીરને ઝીણાં કાચકાગળની પેઠે સતત છોલ્યે રાખે!

ઘણાં તપસ્વી મહાત્માઓ દૈહિક તપના ભાગ રૂપે અને સાદગીના પ્રતીકરૂપે કંતાન પહેરતાં હોય છે. આવા મહાત્માઓ 'ટાટામ્બરી બાબા' તરીકે ઓળખાય છે. મહારાજે સેંકડો પરમહંસોને 'ટાટામ્બરી બાબા' બનાવ્યા! મહારાજના હર પ્રકરણ પરિવર્તન કે નિયમ પરિવર્તન પાછળ કંઈને કંઈ ગૂઢ આશય રહેતો. મહારાજ પોતાના પરમહંસોને દેહના સુખદુ:ખના ભાવોથી મુક્ત કરવા માગતા, ગમે તેવી સારી નરસી પરિસ્થિતિમાં સમત્વ શીખવવા માગતા અને વિશેષમાં આવી કસોટીઓનો મુખ્ય આશય તો સંતોની મનની ધારણાઓ છોડાવવાનો રહેતો, કારણ કે મનની ધારણાઓ મુક્તિના દ્વાર ઉપર ભીડેલી વજ્ર સાંકળો જેવી છે એને ખોલ્યા સિવાય મુક્તિના દરવાજા ખુલતા નથી.

મહારાજનો આદેશ થયો એટલે સંતોએ જાડા કંતાન પહેરવાનું શરૂ કર્યું. આ સંતોએ ભૂખે મરતા ભેખ નહોતો લીધો. તેઓ ભર્યાં ભાદરાં ઘર-જાગીરો છોડીને સાધુ થયા હતા. સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામી કહે છે,

શાલ દુશાલા ઓઢતા, ઝીણા જરકશી જામાજી,
તેણે રાખી કંથા ગોદડી, સહે શીર શીતને ધામજી.
ભાવતા ભોજન જમતા, અનેક વિધના અન્નજી,
તે રે માગણ લાગ્યા ટુકડા, ભિક્ષા ભુવન ભુવનજી.

જંગલ વસાવ્યો જોગીએ...

એમાંય બ્રહ્માનંદસ્વામીનું શરીર તો રજવાડી હતું. એક સમયે એ શરીર ઉપર જરિયાની વસ્રો અને અધમણ સોનું ઓપતું!

મહારાજના વચને બ્રહ્મમુનિએ પણ કંતાન પહેર્યું, પરંતુ બન્યું એવું કે સ્વામીનું શરીર સ્થૂળ હોવાથી દોઢ હાથનું કંતાન ટૂંકુ પડ્યું.

મહારાજે પૂછ્યું, "કવિરાજ! કેમ છે?"

બ્રહ્માનંદસ્વામીએ ઠાવકું મુખ રાખીને કહ્યું, "મહારાજ! કંતાન ટૂંકું પડે છે. આ બાજુ ઢાંકવા જાઉં છું તો આ બાજુ ઉઘાડું થાય છે અને આ બાજુ ઢાંકવા જાઉં છું તો આ બાજુ ઉઘાડું થાય છે!"

મહારાજ હસ્યા અને ઉપકાર કરતા હોય એમ કોઠારીને કહ્યું, "કવિરાજને થોડું

મોટું કંતાન આપો."

બે-ચાર દિવસ બાદ ભગવાન શ્રી સ્વામિનારાયણે બ્રહ્માનંદસ્વામીને પૂછ્યું, "સ્વામી! કંતાન પહેરવાનું ફાવે તો છે ને?"

બ્રહ્માનંદસ્વામી બોલ્યા, "મહારાજ! કંતાનમાં તો ભારે મજા આવે છે!"

મહારાજે કહ્યું, "સ્વામી! શું મજા આવે છે?"

સહજાનંદસ્વામીના સખા ગણાતા બ્રહ્માનંદસ્વામીએ હસતાં હસતાં કહ્યું, "મહારાજ! કેડ્યે ધાધર બહુ થઈ હતી, ખંજવાળ બહુ ઉપડતી, ખંજોળવામાંથી નવરાઈ મળતી ન હતી; હવે કંતાન પહેર્યા પછી ખંજવાળવાનું કામ કંતાન જ કરી દે છે! હાથ નવરા પડ્યા એટલે માળા વધારે ફરે છે!"

મહારાજ હસ્યા અને કંતાન-પ્રકરણ બંધ કરાવ્યું.

કાચા લોટના ગોળા જમવાનો આદેશ

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણે આદેશ કર્યો હતો કે અમારા સંતોએ રસકસ ન જમવા. જે ભિક્ષા મળે એને કપડાંની ઝોળીમાં રાખી, પાણીમાં બોળી, રસકસ નીચોવી, એના ગોળા વાળીને જમવું. આ પ્રકરણ ઘણા લાંબા સમય સુધી ચાલ્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સખા ગણાતા બ્રહ્માનંદસ્વામી ભારે રમૂજવૃત્તિના હતા. એમના મનમાં થયું, 'હવે આ પ્રકરણ બંધ થાય તો સારું, પણ મહારાજને કહે કોણ?' પ્રખર મેધાવી બ્રહ્માનંદસ્વામીએ મનોમન એક યુક્તિ વિચારી લીધી. તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શને ગઢપુર પધાર્યા.

આ અરસામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ દાદા ખાચરના દરબારગઢમાં ઉત્તરાદા ઓરડાની ઓસરીયે બિરાજમાન હતા.

બ્રહ્માનંદસ્વામીએ દરબારગઢમાં પ્રવેશ કર્યો. દરબારગઢના ચોકમાં એક કૂતરું સૂતું હતું. બ્રહ્માનંદસ્વામીની ઝોળીમાં લોટના બે ગોળા વધ્યા હતા. એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણ જુવે એમ કૂતરાને તૂ..તૂ.. કરી પાસે બોલાવ્યું.

'કંઈક ખાવા મળશે' એવી લાલચથી કૂતરું નજીક આવ્યું, એટલે સ્વામીએ ઝોળીમાંથી એક ગોળો કાઢી કૂતરાને નાખ્યો. કૂતરાએ લાડુ માની ગોળો સૂંઘ્યો, પણ આ તો રસકસ વગરનો ગોળો! કૂતરું સૂંઘીને ચાલતું થયું.

દૂર બેઠેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ આ બધો ખેલ જોઈ રહ્યા હતા. એમણે બ્રહ્માનંદસ્વામીને પૂછ્યું, "બ્રહ્મમુનિ! શું કરો છો?"

બ્રહ્માનંદસ્વામીએ હસતાં હસતાં કહ્યું, "મહારાજ! જીવદયાનો ધરમ નિભાવું છું."

મહારાજ કહે, "કવિરાજ! સમજાય એમ બોલો."

બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, "મહારાજ! આજે ભિક્ષાના બે ગોળા વધ્યા હતા. મનમાં થયું કૂતરાને ખવરાવું, તો પુણ્ય થાય!"

ભગવાન શ્રી સ્વામિનારાયણે અજાણ્યા થઈને પૂછ્યું, "શું કૂતરાએ ગોળો ખાધો?"

બ્રહ્માનંદસ્વામી ઠાવકું મોઢું રાખીને બોલ્યા, "મહારાજ! કૂતરું તો ભારે સ્વાદિયું નીકળ્યું. ગોળો સૂંઘીને ચાલતું થયું, ખાધો નહીં!"

બ્રહ્માનંદસ્વામીની વાત સાંભળી મહારાજ હસવા માંડ્યા અને બોલ્યા, "શું વાત કરો છો, બ્રહ્મમુનિ!" બ્રહ્માનંદસ્વામી કહે, "હા, મહારાજ! સાચી વાત છે. કૂતરાંય ના ખાય એવા ગોળા અમે ઘણા સમયથી ખાઈએ છીએ."

ભગવાન શ્રી સ્વામિનારાયણ બ્રહ્માનંદસ્વામીના મે'ણાંનો મર્મ સમજી ગયા અને એમણે આ ગોળા-પ્રકરણ બંધ કરાવ્યું.

ઓઘાનો ઓથ, અમારો નહીં !

એક વાર શિયાળાનો સમય હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ ભાદરા પધાર્યા હતા, સાથે પરમહંસોના વૃંદ હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોને આદેશ કર્યો કે તમારે રાત્રે ગામમાં ન રહેવું, ગામથી બહાર વનવગડામાં રહેવું. પરસ્પર સાદ ન સંભળાય એમ એકબીજાથી દૂર રહેવું. ઓઢવા-પાથરવાનું રાખવું નહીં, પલાંઠી વાળી ધ્યાન કરતાં કરતાં રાત પસાર કરવી. શરીર ઉપર વીંછી કે સર્પ ચડી જાય તોય બેસી રહેવું.

શિયાળીની કડકડતી ટાઢ્ય પડી રહી હતી. ઠંડીથી બચવા માટે કોઈ કોઈ સંતો નદીઓની ભેખડ્યમાં ભરાઈ રહેતા, કોઈ ખેતરમાં કડબના ઓઘામાં રહેતા, ધ્યાન-ભજન કરતાં કરતાં આખી રાત પસાર કરતા, સવારે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શને આવતા. આમ ને આમ થોડા દિવસ પસાર થયા.

એક દિવસ ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોને પૂછ્યું, "સંતો! આવી ઠંડીમાં તમે રાત કઈ રીતે પસાર કરો છો?"

કોઈ સંતોએ કહ્યું, "મહારાજ! અમે નદીની ભેખડ્યો કે કોતરોને આધારે રાત કાઢી નાખીએ છીએ."

કોઈ સંતોએ કહ્યું, "મહારાજ! અમે કડબના ઓઘાને ઓથ્યે રાત પસાર કરીએ છીએ."

લાકડું વે'રતી વખતે સુથાર શીધરો સખત કરે એમ ભગવાન શ્રી સ્વામિનારાયણે

કસોટીનો શીધરો વધારે કસ્યો. એમણે ઠપકાના સ્વરમાં સંતોને કહ્યું, "અરે! કોઈને ભેખડ્યો અને કોતરોની ઓથ્ય, કોઈને ઓઘાની ઓથ્ય, પણ અમારી ઓથ્ય તો કોઈને નથી!"

મહારાજનું મે'ણું સાંભળીને સંતો શરમાઈ ગયા અને નેણ નીચાં ઢાળી બોલ્યા, "મહારાજ! ભૂલ થઈ, ક્ષમા કરો. હવે દેહ પડી જશે, તો પણ અમે તમારા સિવાય બીજા કોઈનો આધાર નહીં લઈએ."

ઈષ્ટદેવના વચને દેહને તણખલાં જેવું ગણનારા સંતો હવે ખુલ્લા આભ નીચે કોઈ જાતની ઓથ્ય સિવાય રાત પસાર કરવા લાગ્યા.

એવામાં બન્યું એવું કે એક સંત કોઈ ખેડૂના ખેતરમાં બેસીને ભજન કરતા હતા. સખત ઠંડીને લીધે એમનું શરીર અચેતન બની ગયું.

સવારમાં ખેડૂતે આવીને આ જોયું. એમણે સાધુને તપાવ્યા એટલે શરીરમાં ચેતનાનો સંચાર થયો. સાધુ નિયમ લોપાયાનો ખરખરો કરવા લાગ્યા.

પેલા ખેડૂએ મહારાજ પાસે આવી બધી વાત કરીને કહ્યું, "મહારાજ! સાધુ ઉપર આવા નિર્દય કેમ થયા છો? આમાં કોઈ મરી જશે તો એની જવાબદારી કોની?"

ખેડૂતનો ઠપકો સાંભળી મહારાજ હસ્યા અને બધા સંતોને પાસે તેડાવ્યા. ઠંડીને લીધે સંતોના શરીરની ચામડી ફાટી ગઈ હતી. શરીર શ્યામળાં પડી ગયાં હતાં. હાથ-પગની ફાટ્યોમાંથી રુધિર ઝરતાં હતાં.

સંતોની આવી દશા જોઈને ભગવાન શ્રી સ્વામિનારાયણના હૃદયમાં ભારે કરુણા ઉપજી. સંતોનો 'अर्थं साधयामि वा देहं पातयामि' આવો દૃઢ નિર્ધાર જોઈને ભગવાન શ્રી સ્વામિનારાયણ અત્યંત પ્રસન્ન થયા; એમનાં નેત્રમાં અશ્રુબિંદુ છલક્યાં. એમણે સંતોને કહ્યું, "સંતો! તમે અમારે વચને ખૂબ જ કષ્ટો સહ્યાં. અમે પણ હિમાળાની હાડ ગાળતી ઠંડીમાં વર્ષો સુધી ઉઘાડે પગે, માત્ર એક કૌપીનભર વિચર્યા છીએ."

"તપ અને ત્યાગ તો સાધુ-જીવનના શણગાર કહેવાય. તપથી ચૈતન્ય શુદ્ધ થાય છે અને આત્મબળ વધે છે."

આટલી વાત કરી ભગવાન શ્રી સ્વામિનારાયણ બોલ્યા, "પરમહંસો! આજથી આ પ્રકરણ અમે બંધ કરીએ છીએ. હવેથી તમે ઠંડીથી શરીરની રક્ષા થાય એ માટે એક કંથા રાખજો, પરંતુ એ કંથા ગૃહસ્થોએ છ મહિના પહેર્યાં હોય એવા જીર્ણશીર્ણ વસ્રોમાંથી બનાવજો, નવાં વસ્ત્રોની નહીં."

માન મળે ત્યાંથી ચાલી નીકળવું

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોને આદેશ કર્યો હતો કે 'માન મળે ત્યાંથી ચાલી નીકળવું અને અપમાન થાય ત્યાં રહેવું.'

ભગવાન શ્રી સ્વામિનારાયણના આદેશને અનુસરીને મહાન સંત સ્વરૂપાનંદસ્વામી કેટલાક સંતોને સાથે લઈને વિચરણ કરતાં કરતાં જામનગર પધાર્યા હતા. અહીં રણમલ તળાવની પાળે ઊતર્યા હતા. ગામમાં ભિક્ષા માગવા જતા, પરંતુ સ્વામિનારાયણના મૂંડિયા જાણીને લોકો એમનો ભારે અનાદર કરતા. ક્યારેક ભિક્ષા મળતી, ક્યારેક ન મળતી! ભિક્ષા ન મળતી, ત્યારે ઉપવાસ થતા. એક વાર તો સંતોને સામટા સાત ઉપવાસ થયા.

જ્યારે ભિક્ષા મળતી ત્યારે સંતો ભિક્ષાને કપડાંની ઝોળી સહિત જળમાં ઝબકોળતા, ભિક્ષાન્નના રસકસ નિચોવી નાખતા, પછી સરખે ભાગે વહેંચીને હરિસ્મરણ સાથે હરખેથી આરોગતા. ક્યારેક તો નવટાંક ભોજન માંડ ભાગમાં આવતું.

એક આણદાબાવાનો આશ્રમ એવો હતો કે જ્યાંથી સંતોને પ્રેમથી ભિક્ષા મળતી પણ સંતો વારંવાર એક જ જગ્યાએથી ભિક્ષા લેવાનું ટાળતા હતા.

ઘણી વાર એવું બનતું કે સંતો જે તળાવની પાળ ઉપર ઉતરેલા, એ તળાવમાં શહેરના શાકભાજી વેચનારાઓ મૂળા, મેથી વગેરે શાકબકાલું ધોવાં આવતાં. ધોતી વખતે થોડાં પાંદડાં પડી રહેતાં. આ પાંદડાં વીણીને સંતો નિર્વાહ કરી લેતા.

નવાઈની વાત એ હતી, કે આટલાં આટલાં કષ્ટો વચ્ચે પણ એના અંતરના આનંદમાં ઓટ ન આવતી. ધ્યાન-ભજન ચઢતા પ્રવાહે ચાલુ રહેતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રસન્ન કરવાના તાનમાં આ સંતોએ દેહના સુખ-દુઃખ વિસારી દીધાં હતાં. આ કઠોર પરિસ્થિતિને લીધે કેટલાક સંતોની આંખોનાં તેજ ઝાંખાં થવા લાગ્યાં.

સદ્‌ગુરુ સ્વરૂપાનંદસ્વામીથી સંતોનું આ કષ્ટ સહન થયું નહિ. એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણને પત્ર લખીને સંતોની પરિસ્થિતિ જણાવી.

સામે ભગવાન શ્રી સ્વામિનારાયણે પત્ર લખીને જણાવ્યું, "જો મુમુક્ષુ હો, તો આ બધું સહન કરવું પડશે." ભગવાન શ્રી સ્વામિનારાયણે પત્રમાં ગુરુ અને શિષ્યનો એક પ્રસંગ ટાંક્યો, "એક સદ્‌ગુરુ પાસે કોઈ મુમુક્ષુ આવ્યો અને વિનંતી કરી કે, 'મને આશ્રમમાં રાખો.'

ગુરુએ કહ્યું, "તને રાખવામાં વાંધો નથી, પરંતુ ભિક્ષાની ભારે હાડમારી છે. પાશેર ચોખા માંડ મળે છે. એનાથી મારો નિર્વાહ ચાલે છે, તું તારો નિર્વાહ કેમ કરીશ?"

મુમુક્ષુ શિષ્યે કહ્યું, "ભાતના ઓસામણથી મારો નિર્વાહ કરીશ."

થોડા સમય પછી બીજો શિષ્ય આવ્યો. એણે કહ્યું કે, "હું ભાત રાંધેલા વાસણને ધોઈને એ જળથી મારો નિર્વાહ કરીશ." થોડા સમય પછી ત્રીજો શિષ્ય આવ્યો. એણે કહ્યું કે, "તમે બેય ચળુ કરશો, એનાથી હું નિર્વાહ કરીશ."

આ પ્રાચીન કથા દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોને સંકેત કર્યો કે 'મુમુક્ષુઓએ મોક્ષમાર્ગે આવતા કષ્ટોને ગણકારવા નહીં. આ શિષ્યોની કસોટી આગળ તમારી મુશ્કેલી તો કાંઈ વિસાતમાં નથી!'

ભગવાન શ્રી સ્વામિનારાયણનો પત્ર મળતાં સાધુઓમાં ભારે હિંમત આવી ગઈ. બધા ખૂબ પ્રસન્ન થયા અને દેહ પડી જાય તોય પોતાના વ્રતમાંથી શિથિલ નહિ થવાનો દૃઢ સંકલ્પ કર્યો!

ભગવાનને કરવું અને બીજા દિવસે જામનગર નરેશ તળાવને કિનારે ફરવા નીકળેલા. એમણે આ પવિત્ર સંતોને જોયા. નરેશના અંતરમાં શાંતિ થઈ!

રાજાને સંતો માટે આદરભાવ પેદા થયો. એમણે રાજ્યના મોદીખાનેથી સંતો માટે સીધાં-પાણીની વ્યવસ્થા કરાવી.

આ રીતે સંતોને રાજ તરફથી સીધાં-પાણી અને આદર-સત્કાર મળતાં થયાં. આમને આમ બે-ચાર દિવસ પસાર થયા ત્યારે મંડળના મુખિયા સદ્‌ગુરુસ્વામી સ્વરૂપાનંદજી બોલ્યા, "સંતો! મહારાજની આજ્ઞા છે, 'માન મળે ત્યાંથી ચાલી નીકળવું અને અપમાન થાય ત્યાં રહેવું.' આપણને અહીં માન મળવા માંડ્યું છે, માટે હવે આપણાથી અહીં ન રહેવાય." મોટેરા સંતની આજ્ઞા થતા સંતોએ જામનગરથી પ્રયાણ કર્યું.

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણની આકરી તાવણીમાંથી પસાર થયેલા સેંકડો સંતો ભગવાન શ્રી સ્વામિનારાયણના આદેશ પ્રમાણે પૃથ્વી ઉપર ઠેર ઠેર વિચરણ કરીને ભાગવત ધર્મનું પ્રવર્તન કરી રહ્યા હતા.

તમારાં વર્તન વાતો કરશે

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોને આદેશ કર્યો કે, "તમે ગામડે ગામડે ફરો અને ભાગવતધર્મની વાડ્ય રૂપ પંચવર્તમાનનો ઉપદેશ કરો; જીવોને અમારે શરણે લ્યો અને સ્વામિનારાયણ મહામંત્રનું પ્રવર્તન કરો."

વિશેષમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોને કહ્યું હતું કે, "તમારે રોજ એક નવા જીવને અમારી કંઠી બાંધીને સત્સંગી બનાવવો. કોઈ ન મળે તો લીલાં વૃક્ષને વર્તમાન ધરાવવા. આમાં ચૂક પડે તો ઉપવાસ કરવો."

"ધર્મપ્રચારના પવિત્ર કાર્યમાં જે કાંઈ મુશ્કેલીઓ આવે, એને સહન કરવી. અજ્ઞાની માણસો અપમાન કરે તો સહન કરવું અને એમનું ભલું થાય એવું ચિંતવન કરવું. અમે તમને નિર્માની, નિષ્કામી વગેરે જે પંચવર્તમાન આપ્યા છે, તેનું પાલન કરવું."

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણે કેટલાક સંતોને આજ્ઞા કરી કે, "તમે મધ્યપ્રદેશમાં બુરાનપુર બાજુ ફરવા જાઓ અને ત્યાંના લોકોને સત્સંગ કરાવો."

સંતોએ હાથ જોડીને કહ્યું, "મહારાજ! અમે ભણ્યા નથી, અમને વાતો કરતા આવડતું નથી, તો અમે સત્સંગ કઈ રીતે કરાવીશું?"

ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "પરમહંસો! તમારી વાણી નહીં, તમારાં વર્તન વાતો કરશે. તમારા હૈયામાં રહીને અમે બોલીશું. તમારાં દર્શનમાત્રથી લોકોના હૃદય-પરિવર્તન થશે."

"પંચ વર્તમાનના પાલનથી તમારા જીવન અત્યંત પવિત્ર છે. તમારા આ પવિત્ર વર્તન જોઈને જ લોકોના હૈયામાં ગુણ આવશે અને તેઓ સત્સંગી થશે!"

ભગવાન શ્રી સ્વામિનારાયણના આદેશથી સંતો બુરાનપુર બાજુ ગયા અને ખરેખર એમનાં પવિત્ર-વર્તનશીલ જીવન જોઈને સેંકડો લોકો સત્સંગી થયા. આજે પણ બુરાનપુર બાજુના સત્સંગમાં ઓટ્ય આવી નથી.

ક્ષમાસાગર સંતો

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રવર્તાવેલ ભાગવત ધર્મને દિગંતમાં ફેલાવવામાં સહજાનંદી સંતોનો ફાળો અનન્ય રહ્યો છે અને સાથોસાથ એ વિકાસપંથ સરળ નથી રહ્યો, ભારે કપરાં ચઢાણમાંથી પસાર થયો છે.

એકબાજુ ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના સહજાનંદી પરમહંસોની આકરી કસોટી કરી રહ્યા હતા, તો બીજી બાજુ આ સાધુઓને ગામડે-ગામડે ઘોર તિરસ્કારો અને અપમાનો સહેવાં પડતાં હતાં. સહજાનંદસ્વામીનો ઉત્કર્ષ નહિ જોઈ શકનાર પાખંડી ધર્મગુરુઓની લાકડીઓના માર ખાવા પડતા હતા.

ધાર્મિક ક્રાંતિ વાતો ઉપર નહિ, વર્તન ઉપર આધાર રાખતી હોય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોના જીવન તત્કાલીન અખાડિયન જમાતોથી સાવ જુદા પડતા હતા. આ સ્વામિનારાયણીય પરમહંસોની વાતો કરતાં પણ એમનાં સદાચારી જીવન વિશેષ કામ કરતાં હતાં.

શુકદેવ અને જડભરતની જેમ આ પરમહંસો ઉન્મુક્તપણે વિહરતા હતા અને જીવ-પ્રાણીમાત્રનું કલ્યાણ કરતા હતા.

એ સમયે કહેવાતા ધર્મગુરુઓ જાત-જાતના દુર્ગુણો અને વ્યસનોમાં ગળાડૂબ હતા. ધન અને સ્રીમાં લોલુપ હતા, શસ્રો રાખતા, સમાજમાં ત્રાસ ફેલાવતા, લોકોના વહેમ અને અજ્ઞાન ઉપર ચરી ખાતા.

'ભક્તમાળ', 'ચોરાસી વૈષ્ણવની વાર્તા' ,'બાવન વૈષ્ણવોની વાર્તા' જેવા પવિત્ર ગ્રંથોનો ભારે દુરુપયોગ થઈ રહ્યો હતો. શ્રદ્ધા અને સમર્પણથી ભરેલા ભક્તોના આખ્યાનોનો ઓથ લઈને કહેવાતા ધર્મગુરુઓ પોતાના છૂપા રાગ પોષતા હતા. ભક્તિને નામે બેફામ ભ્રષ્ટાચાર ચાલતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુઓના શીલ, સ્વભાવ, રીત-ભાત એનાથી સાવ ઊલટા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલા પંચવર્તમાનથી પૂર્ણ સંતોના પ્રભાવથી આમજનતાના હૃદયમાંથી આ પાખંડનાં મૂળ ઊખડવાં લાગ્યાં હતાં.

આમજનતામાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રભાવ વડલાની જેમ વિસ્તરી રહ્યો હતો ત્યારે કેટલાક રાજકીય, સામાજિક તેમ જ ધાર્મિક સ્થાપિત હિતોને ઈર્ષ્યા થાય તે સહજ હતું.

આ બધાને 'પોતાની ઈજારાશાહી તૂટી રહી છે, પોતાના શિષ્યો જીવનમુક્તા લઈ જાય છે, પોતાના આર્થિક સ્રોતો ઝૂંટવાઈ રહ્યા છે' એવું લાગતું હતું, પરિણામે એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે હદ બહારની હલકી કક્ષાએ પ્રચાર કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું.

આ લોકોના મનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ભારે દાઝ હતી, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણ તો નિરંતર સિંહ સમાન શૂરવીર કાઠી દરબારો, પાર્ષદોથી ઘેરાયેલા રહેતા, એટલે એ જલદી લાગમાં આવે એમ ન હતા. આખરે આ બધા તેજોદ્વેષીઓ જ્યારે લાગ મળે, ત્યારે પોતાના મનની સઘળી દાઝ ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુઓ ઉપર ઉતારતા.

આ તેજોદ્વેષીઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો ઉપર ગુજારેલા અત્યાચારોની કથા કાળજું કંપાવી દે તેવી છે.

અનાડી લોકો સાધુઓની કંઠી-માળા તોડી નાખતા, કપાળના તિલક-ચાંદલાને ઠીકરું કે પથ્થરથી ઘસીને ભૂંસી નાખતા, પરિણામે કપાળમાં લોહીની ટશરો ફૂટતી.

આ લોકો સંતોની ભિક્ષામાં ધૂળ-કચરો અને અપવિત્ર વસ્તુઓ નાખતાં; ચીપિયા અને લાકડીઓથી ઢોર માર મારતા, પૂજાની ઝોળીઓ ફાડી નાખતા.

તેજોદ્વેષથી અંધ બનેલા અનાડીઓ નિત્ય-પૂજાની મૂર્તિઓને ભાંગી નાખતા અને ગંદા નાળામાં ફેંકી દેતા, પરિણામે સાધુઓને ઉપવાસ કરવા પડતા.

એક વાર તો કેટલાક દ્વેષીઓએ સંતોની ભિક્ષામાં ઝેર ભેળવી દીધું હતું, પરિણામે

સાંઈઠ-સાંઈઠ સાધુઓનાં જીવન જોખમમાં પડ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની અલૌકિક દિવ્ય શક્તિથી ઝેરથી મૃતઃપ્રાય થયેલા સાધુઓની રક્ષા કરી હતી.

અમદાવાદમાં એક તેજોદ્વેષીએ ચંદનમાં ઝેર ભેળવી મુક્તાનંદસ્વામીના ભાલમાં અર્ચા કરી હતી. એ કાતિલ વિષના પ્રભાવે મુક્તાનંદસ્વામીના માથામાં ભયંકર બળતરા ઊપડી હતી અને ફોલ્લા ઉપસી આવ્યા હતા. આ સમયે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની અલૌકિક શક્તિથી મુક્તમુનિની રક્ષા કરી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન સંત ભાયાત્માનંદસ્વામીને ભિક્ષામાં વિષ આપવામાં આવેલું. ભગવાને ભાયાત્માનંદસ્વામીની રક્ષા કરી. તેઓ સો વર્ષથી વધારે જીવ્યા હતા, પરંતુ એ વિષની ઝીણી અસર એમને જીવનભર પીડા આપતી રહી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના ગુરુ રામાનંદસ્વામીએ ઠેર-ઠેર સદાવ્રતો બંધાવ્યાં હતાં. ભગવાન શ્રી સ્વામિનારાયણે એ સદાવ્રતોની પરંપરા ચાલુ રાખી હતી.

અડબંગી સાધુઓ સદાવ્રતોમાં જઈને તોડફોડ કરતા, સદાવ્રત ચલાવનારા સાધુઓને માર મારતા અને સદાવ્રતો લૂંટી લેતાં, પરિણામે ભગવાન શ્રી સ્વામિનારાયણે આ સદાવ્રતો બંધ કરી દીધાં હતાં.

અપરાધીને આશીર્વાદ!

ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન સંત સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી અમરેલી જિલ્લાની ખારાપાટની ધરતીમાં વિચરણ કરતાં કરતાં જૂના સાવર ગામે પધાર્યા હતા.

આ સંતોને ત્રણ-ત્રણ દિવસના ઉપવાસ હતા. રસ્તામાં ક્યાંય ભિક્ષા મળી નહોતી. જૂના સાવરના એક ભાવિક ડોશીમાએ મીઠા સાકરિયા નામના ભક્ત દ્વારા સંતોને પોતાને ઘેર પારણા માટે બોલાવ્યા હતા. સંતોએ એક ઢાળિયામાં મંગાળો માંડી ખીચડી ચડવા મૂકી હતી.

આ વાતની ખબર ગામધણી દરબાર ઉગા ખુમાણને પડી. એમણે એમના વ્યસની અને ફેલી ગામગુરુની સલાહથી સંતોનું ભારે અપમાન કર્યું, અડધી ચડેલી ખીચડી ઢોળી નાખી, ખીચડીનું પાત્ર ફોડી નાખ્યું, પાણી નાખી મંગાળો ઠારી નાખ્યો અને ધક્કા મારી સંતોને ગામની બહાર કાઢી મૂક્યા.

ડોશીમાએ ભારે રોકકળ ને કાકલૂદી કરી, પણ સત્તાના તોરમાં ઉગા ખુમાણ માન્યા નહિ. ભૂખ્યા-તરસ્યા સંતો આ ઘોર અપમાનને સહન કરતાં કરતાં ગામની બહાર નીકળી ગયા. વરસાદી વાતાવરણ હતું, ઠંડો પવન વાતો હતો, સંતો ગામથી થોડે દૂર તલબાવળિયાને ઓથે બેઠા હતા.

બાજુમાં મીઠો સાકરિયો બેઠો બેઠો રડી રહ્યો હતો. સાધુઓનું અપમાન એનાથી ખમાયું નહોતું.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીએ મીઠાના વાંહામાં હાથ ફેરવી કહ્યું, "મીઠા! શાંત થા. આજે તો મહારાજે આપેલું ક્ષમાવ્રત સિદ્ધ થયું છે." આમ વાત કરતાં કરતાં અચાનક સ્વામીને કંઈક યાદ આવ્યું અને સ્વામીએ ઉદાસ ચહેરે બેઠેલા મીઠા સાકરિયાને પૂછ્યું, "એલા મીઠા! આ ઉગા ખુમાણને સંતાન છે કે નથી?"

મીઠા સાકરિયાથી કકળતે હૃદયે બોલાઈ ગયું, "સ્વામી! આવા પાપિયાને ત્યાં સંતાન ક્યાંથી હોય? પાપિયો છે માટે તો ભગવાને એને વાંઝિયો રાખ્યો છે!"

સ્વામીએ કહ્યું, "મીઠા! આપણે એવું ન બોલાય."મીઠાને મીઠી ટકોર કરી સ્વામીએ સંતોની સામે જોઈને કહ્યું, "સંતો! આપણને ભગવાન શ્રી સ્વામિનારાયણે સહન કરવાની આજ્ઞા આપી છે." સાથે સાથે મહારાજે આપણને બીજી પણ આજ્ઞા કરી છે કે,

"चिन्तनीयं हितं च तैः।" (शिक्षापत्री–२०१)

"અમારા સાધુઓએ અપરાધ કરનારનું પણ ભલું થાય એવું ચિંતન કરવું."

"સંતો! આપણે ક્ષમા રાખીને મહારાજની અર્ધી આજ્ઞા પાળી; હવે 'એનું ભલું થાય' એવું ચિંતન કરીને બીજી અર્ધી આજ્ઞા પાળવાની છે."

સ્વામી શું કહેવા માગે છે, એ મર્મ સમજવા માટે બધા સંતો એકાગ્ર થયા. સ્વામીએ કહ્યું, "પરમહંસો! આપણે અગિયાર અગિયાર માળા કરીને શુભ સંકલ્પ કરીએ કે, ભગવાન ઉગા ખુમાણને સારો-સંસ્કારી દીકરો આપે અને જે દરબારે આપણને જૂના સાવરમાંથી જાકારો દીધો છે, એ જ દરબારના દરબારગઢમાં આપણા ઉતારા થાય, દરબારગઢની ઓસરીની ખીલીએ આપણી ઝોળીઓ ટીંગાય!"

સ્વામીનાં વચને સર્વ સંતોએ 'ઉગા ખુમાણને ત્યાં સંતાન થાય' એવા શુભ સંકલ્પો સાથે અગિયાર અગિયાર માળા કરી.

સાચા સંતોના હૃદયની પ્રાર્થના ભગવાન શ્રી સ્વામિનારાયણે સાંભળી. સમય જતાં ઉગા ખુમાણને ત્યાં મોટી ઉંમરે દીકરો થયો, નામ રાખ્યું 'જીવણા ખુમાણ.'

ઉગા ખુમાણનો હૃદયપલટો થયો, એમના જ દરબારગઢમાં ગુણાતીતાનંદસ્વામીએ ફરીને પધરામણી કરી. નાના જીવણા ખુમાણે સ્વામી પાસે કંઠી બંધાવી વર્તમાન ધાર્યાં. ઉગા ખુમાણે પણ વર્ષો પહેલા પોતે કરેલા અપરાધની ક્ષમા માગી, કંઠી બાંધી, સત્સંગ સ્વીકાર્યો.

જીવણા ખુમાણ ખૂબ સારા સત્સંગી થયા. એમણે જૂના સાવર ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણનું સુંદર મંદિર બંધાવેલું છે, જે આજે પણ આ વાતની સાક્ષી પૂરે છે.

સાધુરામ! આજે ઉપવાસ કરજો

એક વાર મુક્તાનંદસ્વામી સંતમંડળ સાથે જઈ રહ્યા હતા. એમાં બે અનાડી વૈરાગી બાવાઓ આડા ફર્યા; સંતોને અને મંડળના મુખિયા સંત મુક્તાનંદસ્વામીને ગાળો દેતા દેતા મારઝૂડ કરવા માંડ્યા.

ભગવાન જેવા સંત ઉપર માર પડતો જોઈને અદ્વૈતાનંદસ્વામીનું લોહી ઉકળી ઊઠ્યું.

આપણે આગળ જોઈ ગયા છીએ કે અદ્વૈતાનંદસ્વામી સાધારણ સંત ન હતા. એ પૂર્વાશ્રમમાં દેવીવાળા મગ્નિરામ તરીકે પ્રસિદ્ધ હતા. એમની સંકલ્પસિદ્ધિ ગજબની હતી. આવા સિદ્ધ સંતને પોતાના મારની પડી ન હતી, પરંતુ મુક્તાનંદસ્વામી ઉપર પડી રહેલો માર સહેવાયો નહીં, પણ તેઓ ગુરુવચનથી બંધાયેલા હતા.

એમણે મુક્તાનંદસ્વામીને કહ્યું, “સ્વામી! એક વાર આજ્ઞા આપો; મારે આ અનાડીઓને અડવાની પણ જરૂર નથી; એક મંત્ર બોલું તો બન્નેના માથાં સામેસામા અથડાઈને નાળિયેરની જેમ ફૂટી જાય!”

અનાડીઓના હાથે માર ખાઈ રહેલા ક્ષમાસાગર સંત મુક્તાનંદસ્વામી કાંઈ ન બોલ્યા. માત્ર વેધક નજરથી એમણે અદ્વૈતાનંદસ્વામીની સામે જોયું અને એ વેધક નજરે અદ્વૈતાનંદસ્વામીનો બધો ઉકળાટ શમાવી દીધો અને ભાન કરાવ્યું કે, ‘તમે કોના સાધુ છો? અને તમારું વ્રત શું છે?’

વાત આટલાથી પૂર્ણ ન થઈ. પરિસ્થિતિ થાળે પડી, અનાડીઓ હારી-થાકીને ચાલ્યા ગયા, પછી મુક્તાનંદસ્વામીએ અદ્વૈતાનંદસ્વામીને કહ્યું, “સાધુરામ! તમે આજે કોઈને મારવાનો સંકલ્પ કર્યો, માટે તમારે આવતીકાલે ઉપવાસ કરવાનો છે!”

અદ્વૈતાનંદસ્વામીએ ક્ષમામૂર્તિ સદ્‌ગુરુની આજ્ઞાને શિરોધાર્ય કરી ક્ષમાભંગના પ્રાયશ્ચિતને સ્વીકારી લીધું!

વાંહાને બદલે લાકડીનો ખરખરો!

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપી સંત સદાનંદસ્વામી ઝાલાવાડના બાવડી ગામે પધાર્યા હતા. ગામનો બાવો ભારે માથાભારે હતો. આ બાવાના મનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ભારે દ્વેષ હતો. એણે સ્વામીને ભિક્ષા તો ન આપી, પરંતુ ‘સ્વામિનારાયણના મૂંડિયા’ જાણી સીસમની લાકડી લઈ પાછળ દોડ્યો.

ગામનાં પાદરમાં ખળાવાડ હતી. ખેડૂતો ખળામાં કામ કરી રહ્યા હતા. બાવો સ્વામીને આંબી ગયો અને હાકલા-પડકારા કરતો લાકડીથી ઢોર માર મારવા લાગ્યો.

સ્વામી ‘સ્વામિનારાયણ...સ્વામિનારાયણ...’ બોલતાં બોલતાં લાકડીનો માર ઝીલી

રહ્યા હતા.

લાકડીનો ધડુસ..ધડુસ... અવાજ સાંભળી ખળામાં કામ કરતા ખેડૂતો ચમક્યા. તેમણે આ દૃશ્ય જોયું. એમણે દોડીને બાવાને પકડી લીધો, ધક્કો મારીને દૂર હડસેલી દીધો. બાવાની લાકડીના મારથી સ્વામીના શરીરમાં ભરોડ્યો ઉપસી આવી હતી; રૂધિર ઝરતું હતું; મારતાં મારતાં લાકડીના બે ટુકડા થઈ ગયા હતા.

આ જોઈને લોકોને ભારે કરુણા ઉપજી. બાવો પાછો સ્વામીને મારવા જતો હતો ત્યાં એક જણાએ હાકલ કરી, "ખબરદાર, જો આગળ વધ્યો તો તારી ખેર નથી!" ક્રોધથી અંધ બનેલો બાવો ઓઝપાઈ ગયો અને અટકી ગયો.

લોકોએ હાથ જોડીને સ્વામીને કહ્યું, "સ્વામી! આ અનાડીએ તમને ખૂબ માર્યા. તમારો વાંહો સૂજી ગયો છે! ચાલો અમારી સાથે ગામમાં, અમે હળદરનો લેપ કરી પાટાપીંડી કરી દઈએ."

આ પરિસ્થિતિ વચ્ચે પણ 'મેરુ તો ડગે, પણ જેના મન નથી ડગતાં' એવા સ્વામીએ કહ્યું, "ભાઈ! માર તો દેહને પડ્યો છે, એમાં મારે શું લેવા દેવા! મારો વાંહો તો સાજો થશે, પણ આ મારા ગુરુભાઈની સીસમની લાકડી ભાંગી ગઈ, એ કેમ સાજી થશે?"

આટલા આટલા માર વચ્ચે પણ સ્વામીની દેહાતીત દશા આશ્ચર્ય ઉપજાવે એવી હતી. વાંહાને બદલે લાકડીનો ખરખરો કરનારા સંતની ધીરજ અને સાધુતા જોઈને ખેડૂતો આભા બની ગયા અને મનોમન સ્વામીને વંદન કરવા લાગ્યા.

પેલા બાવાનો પારો હજી નીચે ઊતર્યો ન હતો. મંત્રથી રૂંધાયેલા સર્પની જેમ એ ફૂંફાડા મારી રહ્યો હતો. લોકોને થયું, 'જો આ સાધુ એકલા પડશે, તો હજી આ બાવો એમને મારશે.' આમ વિચારી એક-બે જણા સ્વામીને મેથાણ ગામ સુધી મૂકી ગયા.

મેથાણના હરિભક્તો આ વાત જાણીને દુઃખી દુઃખી થઈ ગયા. એમણે સ્વામીના આખા શરીરે ગરમ હળદર ચોપડી પાટાપીંડી કર્યાં.

સ્વામી તો 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ભજન કરતાં કરતાં બાવાનું ભલું થાય એવું ચિંતન કરી રહ્યા હતા.

આવા સમર્થ સંત બાવાની લાકડીનો માર ખાય. પોતાનો વાંહો સૂજી જાય એની ચિંતા નહિ અને મારનારની લાકડી ભાંગી જાય એનો ખરખરો કરે! એથી અજાયબીભરી વાત બીજી કઈ હોઈ શકે!

સદાનંદસ્વામી મહા સમર્થ સંત હતા. એમણે ધાર્યું હોત તો એ બાવાના નાડી-પ્રાણ ખેંચીને પથ્થરના પૂતળા જેવો કરી મૂક્યો હોત, પરંતુ એમણે એમ ન કર્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચને એમણે પોતાનું ક્ષમાવ્રત અખંડ રાખ્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે કે, 'સમર્થ થકા ઝરણા કરવી' અર્થાત્ શક્તિ હોય છતાં ક્ષમા કરવી, એ કોઈથી થાય નહિ. સમર્થ થકા ઝરણા કરે એના ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના ક્ષમાસાગર સંતોને શત-શત વંદન.

ગાયો-ગાયો લડે, એમાં રાજા શું કરે?

ભગવાન શ્રી સ્વામિનારાયણના ક્ષમાસાગર સંતો ઉપર એકબાજુ અનાડી લોકો ત્રાસ વર્તાવી રહ્યા હતા, બીજી બાજુ આ અંગેની રાવ-ફરિયાદ સાંભળનારું કોઈ ન હતું.

આ અનાડી લોકોને કેટલાક વ્યસની અને ફેલી રાજાઓ સાથે સાંઠગાંઠ હતી, તેથી આ રાજાઓ કોઈ દાદ-ફરિયાદ સાંભળતા ન હતા. ઊલટાના કેટલાક રાજાઓ તો આવા તોફાનીઓને છાવરતા અને પ્રોત્સાહન આપતા.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસો ઝાલાવાડની ધરતીમાં વિચરણ કરી રહ્યા હતા, ત્યારે કેટલાક અડબંગી વૈરાગીઓએ સંતોને ઢોર માર મારી લોહી લુહાણ કરી મૂક્યા.

સજ્જન માણસોથી આ સહન ન થયું. એમણે ધાંગધ્રા નરેશને ફરિયાદ કરી, તો રાજાએ ઉદ્ધત જવાબ આપ્યો કે, 'ગાયો-ગાયો લડે એમાં રાજા શું કરે?'

આવો ઉદ્ધત જવાબ આપનાર ધાંગધ્રા નરેશે એ વાત નજરઅંદાજ કરી હતી કે, આ ફરિયાદ ગાયો-ગાયો સામેની નથી, પરંતુ ગરીબ ગાયોની પાછળ પડેલા માતેલા સાંઢ સામેની હતી. ધાંગધ્રા નરેશ બધું જાણતા હતા છતાં, વાસ્તવિકતાની સામે આંખ આડા કાન કરી રહ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુઓ માટે આવી કપરી કસોટીઓ એક જગ્યાએ નહીં, અનેક જગ્યાએ અનેક વાર થઈ રહી હતી.

સૌરાષ્ટ્રની ધરતી ઉપર છૂટાછવાયા રજવાડાઓનો પાર નહોતો. કેન્દ્રવર્તી રાજસત્તાનો અભાવ હતો, માટે ચારેય તરફ અંધાધૂંધી ફેલાયેલી હતી. આવી પરિસ્થિતિમાં ન્યાય મળવો દુર્લભ હતો.

નવાઈની વાત એ છે કે આવી અનેક ઉપાધિઓ વચ્ચે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના 'ભક્તિવીર' સંતો હિંમત હાર્યા ન હતા; ધર્મપ્રચાર માટેનો એમનો ઉત્સાહ જરાય ઓછો થયો ન હતો, ઊલટાનો બેવડાયો હતો. આ સંતોએ પોતાનાં શીલ અને સ્વભાવ છોડ્યાં નહોતાં. એમની ધીરજ અને ક્ષમા પૃથ્વી જેવા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને આજ્ઞા કરી હતી કે,

'गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः।' (शिक्षापत्री–२०१)

"કોઈ કુબુદ્ધિવાળા લોકો ગાળ્યો દે, મારે તો સહન કરવું. સામે ગાળ્ય ન દેવી અને મારવું નહીં, ઊલટાનું એનું ભલું થાય એવું ચિંતવન કરવું."

ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુઓ મહારાજની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરતા હતા. મહત્ત્વની વાત એ હતી, કે આવા ત્રાસ વર્તાવનારાઓને ભરી પીવામાં સમર્થ હોવા છતાંય એ સંતોએ ક્યારેય સાધુતાનો માર્ગ છોડ્યો ન હતો. મૂંગે મોંઢે ત્રાસ સહન કરી સદૈવ ક્ષમાધર્મનું જતન કર્યું હતું અને અપરાધીઓનું ભલું થાય એવું ચિંતન કર્યું હતું.

આ ક્ષમાધર્મમાં જાણે-અજાણે ચૂક પડતી, તો મોટા સદ્‌ગુરુઓએ એમને ઉપવાસ કરાવી પ્રાયશ્ચિત કરાવ્યા હતા.

તથાગત બુદ્ધના ભિખ્ખુઓએ અનેક કષ્ટો સહન કરીને તથાગતના ધર્મને ફેલાવ્યો હતો, એ જ રીતે આ સહજાનંદી સંતોએ અનેક પ્રકારની ઉપાધિઓ સહન કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત ભાગવત ધર્મને દિગંતમાં ફેલાવ્યો હતો.

તથાગત ભગવાન બુદ્ધનો એક પ્રસંગ છે. એક વાર ભગવાન બુદ્ધે કોઈ નગરથી થોડે દૂર ઉતારો કર્યો હતો. નગરજનો બુદ્ધના ઘોર વિરોધી હતા.

તથાગત બુદ્ધે પોતાના ભિખ્ખુઓને ભેગા કર્યા અને કહ્યું, "ભિખ્ખુઓ! સામેના નગરના લોકો ભારે અનાડી છે. તમે ભિક્ષા લેવા જશો ત્યારે એ તમને ગાળ્યો દેશે, તો શું કરશો?"

આનંદે કહ્યું,"ભગવન્! અમે એમ માનીશું, ગામના લોકો ભલા છે. એમણે અમને માર્યા તો નથી ને!"

ભગવાન બુદ્ધે કહ્યું, "આનંદ! માની લો કે એ તમને મારશે તો?"

આનંદે કહ્યું, "ભગવન્! અમે માનીશું કે અમને સાવ મારી તો નથી નાખ્યા ને!"

તથાગત બોલ્યા, "આનંદ! માની લ્યો કે એ તમને મારી નાખે તો?"

આનંદે કહ્યું, "ભગવન્! તથાગતના ધર્મચક્ર પ્રવર્તન માટે એક નહીં, અનેક આનંદ કુરબાન થઈ જવા તૈયાર છે."

તથાગત હસ્યા અને બોલ્યા, "ભિખ્ખુઓ! તમને ધન્ય છે. હવે ધર્મચક્ર પ્રવર્તનને કોઈ તાકાત રોકી નહીં શકે."

કંઈક આવો જ અદમ્ય ઉત્સાહ અને ફના થઈ જવાની ખુમારી ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસોમાં હતી. ઉત્સાહના દરિયા સમાન આ સંતોના ધર્મસ્થાપનનાં કાર્યને કોઈ તાકાત ખાળી શકી ન હતી.

અનેક પ્રકારની આકરી કસોટીઓ વચ્ચે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોના ધીરજ અને ખમીર જરાય ઓછાં થયાં નહોતાં. એમનો ક્ષમાધર્મ પર્વત જેવો અડગ રહ્યો હતો, તેઓ મનથી પણ અણીશુદ્ધ રહ્યા હતા.

સમર્થ હોવા છતાંય ક્ષમાધર્મ બજાવીને ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોએ ભારતીય સંત-પરંપરાના ઇતિહાસને ઉજ્જ્વળ બનાવ્યો છે અને સંત-પરંપરાની કીર્તિને ચાર ચાંદ લગાવ્યા છે.

ખ્રિસ્તી ધર્મમાં એક જિસસની કથા છે, જ્યારે ભારતીય સંત-પરંપરામાં આવા તો કેટલાય જિસસ થયા છે! ભારતની ગુલામીની કાજળઘેરી અંધારી રાતના પ્રભાવને લીધે ઝાંખી દૃષ્ટિવાળા મોટા ભાગના ઇતિહાસકારોએ આવા ભારતીય જિસસોની નોંધ બહુ ઓછી લીધી છે.

પાંચસો સાધુઓને પારમહંસી દીક્ષા

એક સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં બિરાજતા હતા. એમાં કેટલાક સંતોનાં વૃંદ દર્શને આવ્યાં. કોઈ સંતોને પાટાપીંડી બાંધેલા હતા, કોઈના મોંઢાં સૂજેલાં હતાં. કોઈના વાંસામાં ભરોડ્યો ઉપસી આવી હતી. એક સંતને તો એટલો માર પડેલો કે તેઓ લગભગ અધમૂઆ જેવા થઈ ગયા હતા, એમને આખે શરીરે ચીપિયાના ડામ દેવામાં આવ્યા હતા.

સંતોની આ સ્થિતિ જોઈને ભગવાન શ્રી સ્વામિનારાયણનું હૃદય ભરાઈ આવ્યું, એમની આંખોમાંથી અશ્રુબિંદુઓ ખરવાં માંડ્યાં. એમણે સંતોને કહ્યું, "સંતો! તમે ભાગવત ધર્મના પ્રવર્તન માટે દેશ-વિદેશ ફરો છો. અમારાં વચને અનાડી લોકોના માન અપમાન અને ત્રાસ સહન કરો છો. અમે આપેલા ક્ષમાવ્રતનો ત્યાગ કરતા નથી. તમારી પીડા જોઈને અમારું અંતર ભારે વ્યથા અનુભવે છે, સાથે સાથે તમારી ધીરતા જોઈને અમારું અંતર પ્રસન્નતા અનુભવે છે."

"પરમહંસો! હવે અમારા સંતોની આ પીડા અમારાથી સહન થતી નથી. અમે આપેલા ક્ષમાના નિયમમાં અમે થોડું પરિવર્તન કરવા માગીએ છીએ. તમને કોઈ દુષ્ટો મારવા આવે ત્યારે સામે મારવું નહીં, પણ સાપ જેમ ફૂંફાડો મારે એમ ખોટેખોટા હાકોટા મારી એમને ડરાવીને ભગાડી મૂકવા."

ભગવાન શ્રી સ્વામિનારાયણની વાણી સાંભળીને પરમહંસોએ હાથ જોડીને કહ્યું, "મહારાજ! કૃપા કરી અમારા ક્ષમાધર્મમાં આંચ આવે એવી આજ્ઞા અમને ન કરશો!"

શ્રી હરિ અને સંતોના આ સંવાદની પ્રેરક નોંધ સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ

ભક્તચિંતામણિના ૫૧માં પ્રકરણમાં લીધી છે,

સુણો સંત શ્રી હરિ કહે, આપણે બહુ બહુ સહ્યું,
જેમ જેમ આપણે ક્ષમા કરી, તેમ તેમ દુષ્ટે દુઃખ દયું ||૩૧||
આજ પછી એક મારું, વચન રુદિયે ધારવું,
દુષ્ટ આવે જો મારવા, તેને થોડું ઘણું ડરાવવું ||૩૨||
ત્યારે તે સંત બોલિયા, મહારાજ નહિ કહો એમ,
ભૂંડા ભૂંડાઈ નહિ તજે તો, ભલા ભલાઈ તજે કેમ ||૩૩||
ત્યારે પ્રભુજી બોલિયા, ધન્ય ધન્ય ધન્ય સંત તમે,
જડભરત કદ્રજ જેવા, ક્ષમાવાન ઓળખ્યા અમે ||૩૪||
જયદેવ જેવા મેં જાણીયા, ક્ષમાવંત તમે ખરા,
તમ તુલ્ય ત્રિલોકમાં, માનો નથી મુનિવરા ||૩૫||

(ભ.ચિં.પ્ર-૫૧)

સંતોની આવી સમજણ સાંભળીને ભગવાન શ્રી સ્વામિનારાયણ અત્યંત પ્રસન્ન થયા અને કહ્યું, "સંતો! તમને ધન્ય છે. તમે સાધુતા જાળવી જાણી છે. તમારાં દુઃખ હવે લાંબો સમય નહીં ટકે. થોડા સમય પછી અમે તમને કાલવાણી ગામે મળીશું." આ રીતે આશ્વાસન-ધીરજ આપી ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોને વિદાય કર્યાં.

વિક્રમ સંવત ૧૮૬૩ની સાલ હતી, જેઠ માસ હતો, ભગવાન શ્રી સ્વામિનારાયણ કાલવાણી પધાર્યા. એમણે ચારેય બાજુથી સંતોને તેડાવ્યા. કાલવાણી જેવા નાનકડા ગામમાં આશરે પાંચસો સાધુઓ એકઠા થયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કરતાં કરતાં સંતોના અંતરમાં આનંદ મા'તો ન હતો. સંતો પોતાનાં શરીરનાં દુઃખ વિસરી ગયાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણને સંતો અત્યંત પ્રિય હતા. ભગવાન શ્રીકૃષ્ણે પણ ઉદ્ધવજીને કહ્યું છે કે, "ઉદ્ધવ! મોહિ સંત સદા મન ભાવે." સાધુઓના કષ્ટ દૂર કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે એક યુક્તિપૂર્વકનો નિર્ધાર કર્યો હતો. એમણે સંતોની વિશાળ સભા ભરી અને ઘોષણા કરી કે, "આજે અમારે તમને વિધિ-વિધાનોનાં બંધનોથી મુક્ત કરવા છે. અમારી વિશિષ્ટ વૈષ્ણવી દીક્ષાને જોઈને વૈરાગીઓ તમને દૂરથી ઓળખી જાય છે અને ત્રાસ આપે છે, માટે આજે અમારે તમને કોઈ જલદી ન ઓળખે એવા કરવા છે. આજે અમારે તમને પારમહંસી દીક્ષા આપવી છે."

"આજથી તમે વૈષ્ણવી વેશને બદલે સંન્યાસી જેવો વેશ ધારણ કરો, શિખા-સૂત્રનો ત્યાગ કરો; માથે સાવ મૂંડન કરાવો; કંઠી પહેરવાનું અને તિલક કરવાનું બંધ કરો;

ધોતીમાં પાછળ કચ્છ મારો છો તેને બદલે સંન્યાસીઓ પહેરે છે એ જ રીતે કચ્છ વગરની ધોતી પહેરો; ઠાકોરજીની પ્રત્યક્ષ પૂજાને બદલે માનસપૂજા કરો."

"આજથી તમારે કોઈએ એકલા તો ચાલવાનું જ નથી; ઓછામાં ઓછા બે કે પાંચના મંડળમાં જ ચાલવાનું છે; એમાંય રાત્રિના સમયે વિહાર વર્જ્ય છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણની વાત સાંભળીને જો કોઈ સામાન્ય માણસ હોય, તો આ બધી વિધિ-વિધાનની કડાકૂટમાંથી મુક્તિ મળવાથી રાજી થાત, પરંતુ આ પરમહંસો એવા ન હતા. એમને વૈષ્ણવતંત્ર સાથે હૃદયનો પ્રેમ હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આશરે ૧૧૪ પ્રકરણો ફેરવીને આ પરમહંસોની આકરી કસોટીઓ કરી હતી અને સંતો એમાં સારધાર પાર ઉતર્યા હતા, પરંતુ આ પારમહંસી દીક્ષાનો આદેશ એમના માટે અન્ય કસોટીઓ કરતાં અતિ આકરો હતો! કારણ કે, આ આદેશ એમની ધાર્મિક ધારણાઓ ઉપર પ્રહાર સમાન હતો.

બધું છૂટી શકે છે પરંતુ ધાર્મિક ધારણાઓ છૂટવી કઠણ છે. ધાર્મિક ધારણાઓ સ્વર્ગની અપ્સરાઓ કરતાં પણ રમણીય રમણીઓ જેવી હોય છે. સાધુઓ સ્ત્રી-ધનનો ત્યાગ કરી શકે છે, પરંતુ મનની ધારણાઓ છોડી શકતા નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોને પારમહંસીય દીક્ષા આપીને એમની ધાર્મિક ધારણાઓ પણ છોડાવી હતી. થોડી વાર તો સાધુઓ આ આજ્ઞાનું પાલન કરવામાં ભારે મૂંઝાયા, હતા પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણની મરજી પાસે પોતાની સર્વ ધાર્મિક લાગણીઓ તજી દીધી.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે,

'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।' (गीता–अ–१८,श्लोक–६६)

'હે પાર્થ! સર્વ ધર્મોનો પરિત્યાગ કરી, તું એક મારે શરણે આવ.'

ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસોએ આવી અનન્ય શરણાગતિ સિદ્ધ કરી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા એ જ એમના માટે ધર્મ હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચને આ પાંચસો સાધુઓએ વૈષ્ણવી દીક્ષાનો ત્યાગ કરી પારમહંસી દીક્ષાને સ્વીકારી લીધી.

ધર્મજગતના ઇતિહાસમાં આ પ્રસંગ પણ વિરલ અને અદ્ભુત છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પરમહંસોના મનની મૂંઝવણ પારખી ગયા હતા. એમણે કહ્યું, "હે પરમહંસો! તમારી આ કસોટી અમે કાયમ માટે કરવાના નથી. વૈષ્ણવી દીક્ષા તો આપણી જીવનભરની દીક્ષા છે. જે પરિવર્તન કરવાનું છે તે બાહ્ય અને થોડા સમય માટે છે. તમારાં અંતરમાં તો સદૈવ ભક્તિની ભાગીરથી વહેતી જ રહેશે."

આમ, વાત કરતાં કરતાં આગમ ભાખતા હોય એમ ભગવાન શ્રી સ્વામિનારાયણ બોલ્યા, "હે પરમહંસો! ટૂંક સમયમાં જ એક એવી રાજસત્તાનો ઉદય થશે કે જે ન્યાયપ્રિય હશે, દુષ્ટોને દંડ દઈને વશ કરશે અને સજ્જનોની રક્ષા કરશે. આવો શુભ સમય આવવામાં હવે વાર નથી." ભગવાન શ્રી સ્વામિનારાયણની વાણીમાં ગુજરાતમાં અંગ્રેજ રાજ્યના ઉદયની વાત સમાયેલી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલી આ પારમહંસી દીક્ષા મહદંશે સાધુઓનું રક્ષાકવચ બની.

ધર્મનો સંબંધ જળની જેમ વહેતાં જીવન સાથે હોવાથી ધર્મ પણ વહેતી નદી જેવો છે. એમાં સમયાનુરૂપ પરિવર્તન આવશ્યક છે. જો એ પરિવર્તન ન થાય, તો ધર્મ બંધિયાર ખાબોચિયા જેવો થઈ જાય. એ પરિવર્તન માટે તો આચાર્યો અને અવતારો અવતરતા રહે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં કહ્યું છે કે, "આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિતનો નિર્ણય દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને શક્તિને આધારે કરવો."

સનાતન ધર્મનાં મૂળ મૂલ્યો છે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહ વગેરે.. આ મૂલ્યો સનાતન છે, એમાં ધર્મનો આત્મા પ્રતિષ્ઠિત છે.

કલેવરો બદલાય પણ આત્મતત્ત્વ ન બદલાય, એ જ રીતે ધર્મનાં મૂળ તત્ત્વને યથાવત્ રાખીને ઉપરના આકાર-પ્રકારો બદલાયા જ કરે અને બદલાવવા જ જોઈએ, નહિતર ધર્મ પુરાતત્ત્વ ખાતાના સંગ્રહસ્થાન જેવો બની જાય!

અહીં પાયાનો પ્રશ્ન એ છે કે, સમયાનુરૂપ પરિવર્તન કેવું હોવું જોઈએ? એ પરિવર્તન કોણ કરી શકે?

પરિવર્તન માટે ઋષિઓ જેવી આગવી સૂઝ અને પ્રતિભા જોઈએ. જેને ધર્મપાલનમાં શ્રદ્ધા અને ઉત્સાહ ન હોય, એ લોકો પરિવર્તન કરવાના અધિકારી નથી.

સ્વાર્થી, આળસુ, પ્રમાદી, છટકબારી શોધનારા જો પરિવર્તન કરવા જાય તો ઊલટો અનર્થ સર્જાય એટલે ભારતીય ધર્મશાસ્ત્રો જણાવે છે કે, 'જે મહાપુરુષ દેશકાળાદિકને યથાર્થ સમજતા હોય, ધર્મના મર્મને જાણનાર હોય, સ્વયં ધર્મનિષ્ઠ હોય, આવા મહાપુરુષો જ ધર્મનો નિર્ણય કરી શકે છે અને એમાં યુગાનુરૂપ પરિવર્તન કરી શકે છે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણ આવી આગવી પ્રતિભા ધરાવતા હતા, માટે જ એ 'ધર્મ પ્રવર્તક' હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્યારે કાલવાણીમાં પાંચસો પરમહંસો કર્યા, ત્યારે એમની ઉંમર માત્ર છવ્વીસ વર્ષ હતી. છવ્વીસ વર્ષના બ્રહ્મચારીએ કોઈ અનોખા જાદુથી વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, તપોવૃદ્ધ, ઐશ્વર્યશાળી પરમહંસોને વશ કરી લીધા હતા.

વનમાં નિર્ભય કોણ ફરે?

એક વાર તથાગત બુદ્ધે ભિખ્ખુઓને પ્રશ્ન કર્યો હતો, "ભિખ્ખુઓ! વનમાં નિર્ભય કોણ રહે છે?"

ભિખ્ખુઓએ જવાબ દીધો, "તથાગત! સિંહ વનમાં નિર્ભય રહે છે."

તથાગતે કહ્યું, "નહીં ભિખ્ખુઓ! સિંહને પણ ભય હોય છે."

આનંદે કહ્યું, "તથાગત! હવે આપ જ કહો, વનમાં નિર્ભય કોણ વિહરે છે?"

તથાગત બોલ્યા, "આનંદ! જેને રાગ નથી, દ્વેષ નથી, ઇચ્છા નથી, આશા નથી, તૃષ્ણા નથી, માન અને અપમાનની ખેવના નથી, તેવા ભિખ્ખુઓ વનમાં નિર્ભય ફરે છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસો આવા નિર્ભય હતા. તેઓ તથાગતના ભિખ્ખુઓની પેઠે અદમ્ય ઉત્સાહથી વિવિધ પ્રદેશોમાં વિચરણ કરી, ધર્મપ્રવર્તન કરી રહ્યા હતા અને સીધીસાદી લોકભોગ્ય ભાષામાં કથાવાર્તા કરતા હતા. ગમે એટલી મુશ્કેલીઓ વચ્ચે પણ એમના ઉત્સાહની ભરતીમાં ક્યારેય ઓટ આવી ન હતી. દૈહિક સુખ-દુઃખ કે માન-અપમાન એમણે ગણકાર્યાં ન હતાં.

સંતોના સીધાસાદા ઉપદેશ લોકોના અંતરમાં આરપાર ઊતરી જતા હતા. આ સંતોનાં જીવન તત્કાલીન અખાડિયન જમાતોથી સાવ જુદા પડતાં હતાં. એમની સાધુતા લોકોના દિલને જીતી લેતી હતી. પરિણામે હજારો મુમુક્ષુઓ ભગવાન શ્રી સ્વામિનારાયણને શરણે થતા હતા અને પંચવર્તમાન પાળવાની પ્રતિજ્ઞાઓ લેતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં આજના જેવા યાતાયાતના સાધનો ન હતા. આજના જેવી વ્યવસ્થાઓ કે સગવડતાઓ ન હતી. મોટે ભાગે પદયાત્રા જ કરવાની હતી. નદી-તળાવના કિનારા કે વૃક્ષની છાયામાં ઉતારા કરવાના હતા. ભિક્ષામાં જે લૂખું-સૂકું મળે, તે જમવાનું હતું. ન મળે તો ઉપવાસ કરવાના હતા.

આવા કઠણ સમયમાં પણ આ નંદ સંતોએ મહાગુજરાત ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની ધરતીને સત્સંગના રંગથી રંગી નાખી હતી! મોટા ભાગે આ સત્સંગનો વ્યાપ ઉપદેશ કરતાંય સંતોના વર્તનશીલ જીવનથી થયો હતો. સમાજ જીવન ઉપર પરચા-ચમત્કારો કરતાં પણ સંતોના વર્તનનો પ્રભાવ જબરો હતો.

ધાર્મિક ક્રાંતિની લહેર

ભગવાન શ્રી સ્વામિનારાયણનો ઐતિહાસિક સમયગાળો ધાર્મિક અને રાજકીય બન્ને ક્ષેત્રે અંધાધૂંધીનો હતો. ધર્મને નામે દંભ અને પાખંડ ફૂલ્યાફાલ્યા હતા. મંત્ર-તંત્ર, કામણ-ટૂમણથી લોકોને છેતરવામાં આવતા હતા. ભક્તિને નામે ભોગ અને ભ્રષ્ટાચાર વધ્યા હતા.

ચોતરફ ચોરી-લૂંટફાટ અને નિર્દોષોની હત્યાઓ થઈ રહી હતી. ચોર, પીંઢારા અને

બહારવટિયાઓએ આમજનતાને ભયભીત અને ત્રસ્ત બનાવી હતી. વાડ્ય ચીભડાં ગળે, એમ પ્રજાના રક્ષકો જ ભક્ષકો બન્યા હતા. નાનાં નાનાં રજવાડાંઓનો પણ એટલો જ ત્રાસ હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આમજનતાના દુઃખ, દરદ અને સમાજની નાડ્ય બરાબર પારખ્યાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું હૃદય કરુણા અને લોકોત્તર પ્રેમથી ભરેલું હતું.

સમાજમાં શાંતિ અને સુખાકારીની સ્થાપના માટે એમણે અનેક પ્રકારે ઉત્પાત કરનારા લોકોને જ વશ કરવાનો નિર્ણય કર્યો હતો.

એમનામાં કોઈ જબરજસ્ત જાદુઈ પ્રભાવ હતો કે જેને લીધે કેટલાય ચોર, લૂંટારા અને હત્યારાઓનાં હૃદય આશ્ચર્યજનક રીતે પરિવર્તન પામ્યાં હતાં.

તેઓ ભારાડીમાંથી ભગત બન્યા હતા. એમના શસ્ત્રો મ્યાન થયાં હતાં. જે હાથમાં તલવારો, તીરકામઠાંઓ અને ભાલાઓ રમતાં હતાં, એ જ હાથમાં માળાઓ રમવા લાગી હતી. જે લોકો સમાજનું શોષણ કરતા હતા, એ જ લોકો સમાજના રક્ષણહાર બન્યા હતા. લોકોની હિંસકવૃત્તિઓ શમી હતી; પ્રેમ અને કરુણા વધ્યાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે અસુરોને મારવાને બદલે આસુરી વૃત્તિઓને મારી, અસુરોને તારવાનું કાર્ય કર્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણની આ શાંત ધર્મક્રાંતિની લહેર અસાધારણ હતી. આ પવિત્ર લહેરને પરિણામે સમસ્ત મહાગુજરાતે અનેક પ્રકારના ત્રાસમાંથી મુક્તિ મેળવી, શાંતિનો શ્વાસ લીધો હતો.

મહાકવિ ન્હાનાલાલના શબ્દમાં કહીએ તો, “ભગવાન શ્રી સ્વામિનારાયણે ગુજરાતની શોણિતભીની ધરણીને સરયૂ નદીના પવિત્ર જળથી ધોઈ સ્વચ્છ અને પવિત્ર કરી.”

ઉત્તમ એકાંતિક ભક્ત સમુદાય

ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વત્ર વિચરણ કરીને આમજનતાના જીવનને સદાચારી બનાવી રહ્યા હતા અને સાથોસાથ એમના જીવનને આધ્યાત્મિક સમૃદ્ધિથી ભરપૂર કરી રહ્યા હતા.

નીતિ અને પ્રામાણિકતાનું સર્જન એક વાત છે, અને આધ્યાત્મિક સમૃદ્ધિ પ્રાપ્ત કરવી બીજી વાત છે. વિશાળ જન-સમુદાયને નીતિમાન બનાવી શકાય છે, પરંતુ એમનામાં આધ્યાત્મિક સમૃદ્ધિ પ્રગટાવવી એ મુશ્કેલ વાત છે.

એક મહત્ત્વની વાત એ પણ છે, કે નીતિ અને પ્રામાણિકતાને માર્ગે જ આધ્યાત્મિક

સમૃદ્ધિને પ્રાપ્ત કરી શકાય છે. 'આધ્યાત્મિક' શબ્દ બોલવામાં અને સમજવામાં ભારેખમ જણાય છે, પણ એનો સીધોસાદો અર્થ છે 'વૈશ્વિક પ્રેમ.'

ઉપનિષદોના શબ્દોમાં કહીએ તો, **"आत्मवत् सर्वभूतेषु"** (अन्नपूर्णोपनिषद्, १–३८) તથા **"शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः"** (भगवद् गीता, ५–१८)

તુલસીદાસજીના શબ્દોમાં કહીએ તો,

"सीयाराममय सब जग जानी, करहु प्रनाम जोरी जुग पानी"
(रामचरितमानस–बाळकाण्ड)

જીવ-પ્રાણી માત્રમાં પરમાત્માનાં દર્શન કરવાં અને એમની સાથે પ્રેમ કરવો એ અધ્યાત્મ છે. આવાં પ્રેમમાંથી સદાચારની સુગંધ સહેજે પ્રગટ થતી હોય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની દૃષ્ટિએ વિચારીએ તો એક માત્ર પરમાત્મ-સ્વરૂપમાં પ્રેમથી અહર્નિશ મગ્ન રહેવું, એ અધ્યાત્મની પરાકાષ્ઠા છે. આવી રીતે પરમાત્મામાં નિમગ્ન રહેનાર વ્યક્તિમાં વૈશ્વિક પ્રેમ સહજ હોય છે. આવાં ઉત્કૃષ્ટ પ્રેમને પ્રાપ્ત કરવાનું સાધન છે, ભાગવત ધર્મ. ભાગવત ધર્મનો અર્થ છે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત ભક્તિ અને શરણાગતિ.

આવો ભક્ત સંસારમાં રહે તો પણ રાજર્ષિ જનકની પેઠે જળકમળવત્ નિર્લેપ હોય છે. દેહમાં રહેવા છતાંય દેહાતીત હોય છે. ગુણમાં રહેવા છતાંય ગુણાતીત હોય છે.

ગીતામાં આવા મહાપુરુષોને 'સ્થિતપ્રજ્ઞ' કહ્યા છે. શાસ્ત્રોમાં આવા મહાપુરુષોને 'જીવનમુક્ત' કહ્યા છે.

જગતમાં આવા જીવન-મુક્તોના સમુદાય નથી હોતા. આવા જીવન-મુક્તની સંખ્યા વિરલ હોય છે.

પૂર્વગ્રહથી પર થઈને અવલોકવામાં આવે, તો આશ્ચર્યની વાત એ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણને ત્યાં જીવન-મુક્તોનો સમુદાય માની ન શકાય એટલો વિશાળ હતો.

ભાઈરામદાસજી, મૂળજી બ્રહ્મચારી, ગુણાતીતાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, સચ્ચિદાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, આત્માનંદસ્વામી, કૃપાનંદસ્વામી, અચ્યુતદાસજી વગેરે અનેક સંતોને ત્રણેય અવસ્થામાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો અખંડ સાક્ષાત્કાર હતો. વાસ્તવિકતા એ છે કે આ મહાપુરુષોની આવી ઉત્તમ સ્થિતિ ભગવાન શ્રી સ્વામિનારાયણના અલૌકિક પ્રભાવ, પ્રતાપ અને અનુગ્રહને લીધે હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંત-સમુદાયમાં જ આવા જીવન-મુક્તો હતા એવું નહોતું, ગૃહસ્થ નરનારીઓના સમુદાયમાં પણ આવા જીવન-મુક્તોની સંખ્યા મોટા પ્રમાણમાં હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના ગૃહસ્થ અનુયાયીઓમાં બે પ્રવાહો રહ્યા છે. કર્મયોગી અને સાંખ્યયોગી. સંસારમાં રહીને હરિભજન કરતાં કરતાં પોતાની સાંસારિક જવાબદારીઓનો નિર્વાહ કરે, તે કર્મયોગી કહેવાય. સંસારમાં રહીને સાધુઓ જેવું વિરક્ત જીવન જીવે, તે સાંખ્યયોગી કહેવાય.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ભારતીય સંસ્કૃતિના વાનપ્રસ્થ આશ્રમને સમયને અનુરૂપ નવો ઓપ આપ્યો છે, જેમાં વાનપ્રસ્થીઓએ ઘરબાર છોડી વનમાં જવાની જરૂર રહેતી નથી. ઘરમાં રહે, પણ રાજર્ષિ જનકની જેમ ઘર-સંસારથી વિરક્ત રહે, સાધુઓ જેવું જ ત્યાગમય જીવન જીવે, અંબરીષ રાજાની જેમ આત્મનિવેદી ભક્તિ કરે એને સાંખ્યયોગી કહેવાય.

માણાવદરના મયારામ ભટ્ટ, અગતરાઈના પર્વતભાઈ અને ભીમભાઈ, માંગરોળના ગોવર્ધનભાઈ, મઢડાના જેઠો મેર, નેનપુરના દેવજી ભગત, ગઢપુરના દાદા ખાચર, સારંગપુરના જીવાખાચર, કારિયાણીના માંચા ખાચર, ઝીંઝાવદરના અલૈયા ખાચર, લોયા દરબાર સુરા ખાચર, પંચાળાના ઝીણાભાઈ, નાની ધરાઈનો જોઘો ભરવાડ, અમદાવાદના ડોસા તાઈ, કરજીસણના ગોવિંદભાઈ અને નાનાભાઈ વિપ્ર, મેથાણના અજા પટેલ, ભૂજના સુંદરજી સુથાર, વડોદરાના નાથભક્ત, બોચાસણના કાશીદાસ, સોમલા ખાચર વગેરે ભક્તો ગૃહસ્થોમાં મુખ્ય ગણાતા. આમાંથી કેટલાક સાંખ્યયોગી હતા અને કેટલાક કર્મયોગી હતા. આ બધાની સ્થિતિ મહારાજ જનક જેવી હતી.

સ્ત્રી-વર્ગમાં બહુ મોટો વર્ગ સંસારનો ત્યાગ કરીને સાધ્વીજીવન ગાળતા હતા. તેઓ 'સાંખ્યયોગી બહેનો' તરીકે ઓળખાતા. ગઢપુરના જીવુબા, લાડુબા અને અમૂલાબા, મેથાણના અમરબાઈ, કરિયાણાના મીણભાઈ, વાંકિયાના રાજબાઈ, કુંડળના રાઈબાઈ, ઝીંઝાવદરના રામબાઈ, ધોલેરાના ફુલીબાઈ, ભૂજના લાધીબાઈ તથા સૂરજબાઈ, ભાદરાના હરબાઈ, ઉદયપુરના મહારાણી ઝમકુબાઈ, જેતલપુરના ગંગામા તથા રામબાઈ, ડાંગરવાના જતનફઈ, પંચાળાના અદિબા વગેરે બહેનો સાંખ્યયોગી સ્ત્રી-ભક્તોમાં મુખ્ય હતા.

સંપ્રદાયમાં આવા સાંખ્યયોગી બહેનોની સંખ્યા આજે પણ મોટા પ્રમાણમાં રહેલી છે.

ગૃહસ્થોની કસોટી

ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુ થવું, એ જેમ સરળ વાત ન હતી; એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણના ગૃહસ્થ અનુયાયી થવું, એ પણ સરળ વાત નહોતી.

અહીં મોજમજા કરવાની વાત ન હતી, અહીં તો ભગવાન શ્રી સ્વામિનારાણ દ્વારા લેવાતી આકરી કસોટીઓમાંથી પસાર થવાની વાત હતી. સત્સંગ સ્વીકારે એને દારૂ,

માંસ વગેરે વ્યસનોને છોડી પંચ વર્તમાનનું પાલન કરવું અનિવાર્ય હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણની કસોટી ઉપરાંત સત્સંગીઓને બાહ્ય ઉપાધિઓનો પણ પાર ન હતો. જે સત્સંગી થાય એમને અનાડી ધર્મગુરુઓ અને માથાભારે ગામધણીઓનો ખોફ વો'રવો પડતો હતો.

સામાજિક અને ધાર્મિક બહિષ્કારો સહેવા પડતા હતા. સત્સંગીઓને નાત બહાર મૂકવામાં આવતા હતા. એ જમાનામાં નાત બહાર રહેવું એ આકરી સજા હતી.

નાત બહાર હોવાને લીધે દીકરા-દીકરીઓના લગ્નાદિક વ્યવહારો અટકી જતા હતા. સારા-માઠા પ્રસંગોમાં ભાગ લેવાનું બંધ થઈ જતું હતું. લોકોના મે'ણાંટોણાંનો માર સહન કરવો પડતો હતો. સત્સંગી દીકરીઓને સાસરિયામાં અપાર કષ્ટો સહન કરવા પડતા હતા.

આટલી આટલી કસોટીઓ અને ઉપાધિઓ વચ્ચે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુયાયીઓનો સમુદાય કૂદકે ને ભૂસકે વધતો જતો હતો અને એ સંખ્યા લાખોએ પહોંચી હતી.

કુશળ અભિનેતા અથવા તો બાજીગર ધર્મગુરુ મોટાં ટોળાંઓ ઊભાં કરી શકે છે, પરંતુ એ ટોળાંઓમાં કોઈ દમ નથી હોતો. એ ટોળાં તકલાદી મલોખડાં જેવા હોય છે. એને ભેળાં થતાંય વાર લાગતી નથી અને ભાગી જતાંય વાર લાગતી નથી. આવા ટોળાઓમાં કોઈ ઉચ્ચ આદર્શ કે ઉત્તમ જીવનશૈલી હોતી નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ આવા ટોળાં ભેગા કરનારા ન હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણને મન અણસમજુ અને અંધશ્રદ્ધાળુ આશ્રિતોના ટોળાં કરતા ગુણવાન અને સદાચારી મનુષ્યોના સમુદાયનું વધારે મહત્ત્વ હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના અનુયાયીઓને અનેક તાવણીઓમાં તાવતા હતા અને સત્સંગ કરાવી કરાવી એમનાં જીવનને સદાચાર અને સમજણથી ભરપૂર કરી દેતા હતા.

તેઓ અનેક પ્રકરણો અર્થાત્ નિયમો ફેરવીને પોતાના ભક્તોની મનની ધારણાઓ છોડાવતા, એમના સ્વભાવો છોડાવતા, એમને નિર્માની બનાવતા, એમના કામ-ક્રોધને દૂર કરતા, ઘરબારનો ત્યાગ કરાવી, નિઃસ્પૃહી કરી નિર્વાસનિક કરતા. કોઈને સંસાર છોડાવી સાધુ કરતા, કોઈ સાધુ થવા આવે એને પાછા સંસારમાં મોકલતા.

અંદર અને બહારની અનેક કસોટીઓ હોવા છતાંય બહુ વિશાળ અનુયાયી વર્ગ ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે અત્યંત હેત અને શ્રદ્ધાથી જોડાયો હતો. પોતાનાં તન, મન, ધન અને પ્રાણ ભગવાન શ્રી સ્વામિનારાયણને અર્પણ કરી દીધા હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગમે એટલી આકરી કસોટી કરે પણ આ વિશાળ જનસમુદાય હસતે મુખે એ કસોટીમાંથી પસાર થતો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણની કસોટી લેવાની રીત પણ ભાતભાતની રહેતી. મનુષ્યમાત્ર જાતજાતના સ્વભાવોનો ભારો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ એ સ્વભાવોને લક્ષ્યમાં લઈને એને દૂર કરવા માટે અવનવી રીતો અપનાવતા.

ગૃહસ્થોના પંચ વર્તમાન

ધર્મ અથવા તો સદાચાર ભાગવત ધર્મનું પ્રથમ સોપાન છે. જેમ વાડ્ય વિનાના વેલાને પશુઓ ખાઈ જાય, જેમ ફૂટેલા ઘડામાંથી પાણી સ્રવી જાય, એમ જ ધર્મભ્રષ્ટ જીવનમાંથી ભક્તિનું અમૃત સ્રવી જાય છે. ભક્તિના અંકુરની રક્ષા માટે સદાચારની વાડ્ય જરૂરી છે.

ધર્મ જાગરણ કરી રહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ સમાજમાં સદાચારની વાડ્ય જેવા પાંચ વર્તમાનનું પ્રવર્તન કરી રહ્યા હતા. આ પાંચ વર્તમાન ધારવા એટલે 'દારૂ, માટી, ચોરી, અવેરી અને વટાળ પ્રવૃત્તિ.' આ પાંચેયનો ત્યાગ કરવો.

દારૂ અર્થાત્ તમામ પ્રકારના કેફી દ્રવ્યોનાં વ્યસનોથી મુક્ત રહેવું.

માટી અર્થાત્ 'માંસ', માંસ ભક્ષણ કરવું નહિ, કરાવવું નહિ અને એને આડકતરું પ્રોત્સાહન પણ આપવું નહિ.

મન-વચન અને કર્મથી ચોરીનો ત્યાગ કરવો. કાષ્ઠ-પુષ્પ વગેરે ધણિયાતી વસ્તુ ધણીની આજ્ઞા સિવાય ન લેવી. યુક્તિ-પ્રયુક્તિથી પણ પારકી વસ્તુ ન લેવી. ટૂંકમાં અણહકનું કે હરામનું ક્યારેય ન લેવું. ન્યાય-નીતિ અને પ્રામાણિકતાથી જીવવું.

અવેરી અર્થાત્ વ્યભિચાર. તન-મનથી વ્યભિચાર વૃત્તિનો ત્યાગ કરવો. પુરુષોએ પરણ્યા એ જ પત્ની, બાકીની સ્ત્રીઓને મા, બહેન અને દીકરી માનવા. સ્રીઓએ પરણ્યા એ જ પતિ, એ સિવાયના પુરુષોને ભાઈ, બાપ અને દીકરા સમાન ગણવા.

અને પાંચમું વર્તમાન 'વટલવું નહિ અને વટલાવવું નહિ' અર્થાત સહુએ શાસ્રોએ બાંધેલા પોત-પોતાના ધર્મોમાં રહેવું, ન વર્ણસંકરતા કરવી, ન ધર્મસંકરતા કરવી.

આ પંચવર્તમાને આમજનતામાં ભારે ક્રાંતિ આણી હતી.

અણહકના પદાર્થ ન ખપે

મનુષ્યના જીવનમાં સદાચારની ઊજળી ભાત ઉપસાવવાની ભગવાન સ્વામિનારાયણની રીત અનોખી હતી. સદાચારનો અર્થ માત્ર ના'વું, ધોવું અને બાહ્ય રીતે સ્વચ્છ રહેવું એ જ નથી, સદાચારનો સંબંધ આંતરિક પવિત્રતા સાથે છે.

અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, નીતિમત્તા અને પ્રામાણિકતા સદાચારનાં હૃદય સમાન છે. ખરા અર્થમાં આવી ઊજળાશ એ જ ધર્મની સાચી ઊજળાશ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આવા હજારો પ્રામાણિક, નીતિમાન સત્સંગીઓ તૈયાર કર્યા હતા. ખરેખર મહાગુજરાતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના આગમને આમજનતાના જીવનમાં અનોખી ઐતિહાસિક, ધાર્મિક ક્રાંતિ સર્જી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા હતી કે, 'અમારા આશ્રિતોએ ચોરી ન કરવી'. એટલું જ નહિ, 'ધણિયાતા કાષ્ઠ-પુષ્પાદિક પણ ધણીની આજ્ઞા વિના ન લેવા.'

દીવાથી દીવો પ્રગટે એ રીતે સદાચારનું ઘડતર વાતોથી નહીં, પરંતુ વર્તનથી થાય છે.

પોતાના આશ્રિતો પ્રામાણિકતાથી જીવે એ માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં સાવધાન રહેતા. ઘણીવાર એવું બને કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુર કે વડતાલ બિરાજતા હોય, અનેક હરિભક્તો એમનાં દર્શને આવતા હોય, પોતાના પ્રિય ઈષ્ટદેવને પ્રસન્ન કરવા માટે ઋતુ-ઋતુ પ્રમાણે ફળ-ફૂલ-ધાન્ય લાવતાં હોય.

દિવાળીના દિવસો હોય, તો લોકો બાજરાનો પોંક લાવે. શિયાળામાં ઘઉંના પોંક કે શેકેલા લીલા ચણા લાવે, ઉનાળાના દિવસો હોય તો કાકડી, કેરી, તડબૂચ વગેરે ફળો લાવે અને મહારાજના ચરણે ધરે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સત્સંગીઓને પૂછતા, "આ કેરી તમારા આંબાની છે?"

સત્સંગીઓ કહે, "ના મહારાજ! આ કેરી અમારા આંબાની નથી. અમે તો રસ્તાના આંબેથી વીણીને લાવ્યા છીએ."

મહારાજ તરત બીજો પ્રશ્ન પૂછતા, "તમે આ કેરીઓ આંબાના ધણીને પૂછીને લીધી હતી?" જવાબ આપવામાં ભક્તો થોડા થોથવાતા અને નિખાલસભાવે એકરાર કરતા. "ના મહારાજ! અમે આંબાના ધણીને પૂછ્યું નહોતું."

કુશળ શિલ્પી તીખા ટાંકણે શિલ્પને કંડારે એમ શ્રીજી મહારાજ સહેજ આકરાં વચને કહેતાં, "આ કેરી ચોરીનો માલ કહેવાય, આવી અણહકની કેરી અમને ન ખપે."

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચને સત્સંગીઓના અંતરમાં નીતિ અને પ્રામાણિકતાના પાઠ જીવનભર કોતરાઈ જતા. વાત માત્ર કેરીની નથી, કેરી તો પ્રતીક છે; વાત છે તમામ પ્રકારના ધન-સંપત્તિના દાનની. ધર્મક્ષેત્રના માંધાતાઓ પોતાના અનુયાયીઓને આટલો નાનો પ્રશ્ન કરતા થઈ જાય, તો ધર્મક્ષેત્ર કેટલું નિર્મળ બની જાય!

આજે ભગવાન શ્રી સ્વામિનારાયણના લાખો અનુયાયી વર્ગે પણ આ અંગે ખૂબ જ આત્મમંથન કરવાની જરૂર છે.

આ પાણી તો અમને દઝાડે!

એક વખત ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં વિરાજમાન હતા. એવામાં કેટલાક સંતો ગામડાઓમાં ફરતાં ફરતાં મહારાજનાં દર્શને આવ્યા. તેઓ મહારાજને સ્નાન કરવા માટે સુંદર ત્રાંબાકૂંડી લાવ્યા હતા.

મહારાજે પૂછ્યું, “સંતો! આ ત્રાંબાકૂંડી ક્યાંથી લાવ્યા?”

સંતોએ કહ્યું, “મહારાજ! અમે ધર્માદો ઉઘરાવવા માટે ગામડામાં વિચરણ કરી રહ્યા હતા. એક ગામમાં એક હરિભગત વ્યવહારે થોડા દુબળા હતા.”

“અમે એને ધર્માદો કાઢવાનું કહ્યું તો એમણે કહ્યું, “સ્વામી! મારે વ્યવહારે સારું નથી. ઉપરાંત વર્ષ પણ માઠું છે, એટલે હું ધર્માદો કાઢી શકું તેમ નથી.”

અમે એને કહ્યું, “આ તારી ઓસરીમાં સરસ ત્રાંબાકૂંડી પડી છે, તે ધર્માદા પેટે આપી દે, મહારાજને સ્નાન કરવા કામ લાગશે. આ રીતે અમે ધર્માદા પેટે આ ત્રાંબાકુંડી લાવ્યા છીએ.”

સંતોની વાત સાંભળી મહારાજ નારાજ થયા. મહારાજે કહ્યું, “સંતો! આ ત્રાંબાકૂંડી હમણાં ને હમણાં પાછી લઈ જાવ અને જેની છે તેને પહોંચાડી દો.”

“આ ત્રાંબાકૂંડી તમે એક ગરીબ હરિભગત પાસેથી પરાણે લાવ્યા છો. આ ત્રાંબાકૂંડીમાં ભરેલું પાણી તો અમારા અંગ અંગને દઝાડે!”

“અમે હરિભક્તોને એમની આવકમાંથી દશાંશ-વિશાંશ ધર્માદો કાઢવાની વાત કરી છે. એનો અર્થ એ નથી, કે કોઈ ગરીબ હરિભગત પાસેથી પરાણે ધર્માદો લેવો.

“સંતો! ધ્યાન દઈને સાંભળો, દાન દેવું એ પુણ્ય છે, પણ પરાણે લેવું એ પાપ છે. દાન શ્રદ્ધા, શક્તિ અને પ્રેમને અનુરૂપ હોય છે. કોઈને કોચવીને લેવું, કોઈ પાસેથી પરાણે લેવું કે યુક્તિ-પ્રયુક્તિથી લેવું એને અમે એક જાતની ચોરી જ ગણીએ છીએ. આવું દાન અમને ગમતું નથી! અમારા સંતોએ આ વિવેક ક્યારેય ભૂલવો નહીં.”

ભગવાન શ્રી સ્વામિનારાયણ શબ્દના ટાંકણે જીવનનાં શિલ્પ કંડારી રહ્યાં હતાં અને દાનનો સાચો મર્મ સમજાવી રહ્યા હતા.

સંતોને પોતાની ભૂલનો એહસાસ થયો. એમણે શ્રી હરિની ક્ષમા માગી, ત્રાંબાકૂંડી જેની હતી તેને પહોંચાડી દીધી.

પૂછ્યા સિવાય લેવું એ પણ ચોરી છે

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતો-ભક્તોના સમુદાય સાથે બોટાદ પધાર્યા હતા. એ સમયે બોટાદમાં જૈન ધર્મનો ભારે પ્રભાવ હતો.

બોટાદના નગરશેઠ ભાઈચંદ શેઠ જૈન-સમાજમાં અગ્રણી હતા. એમના યુવાન પુત્ર ભગા દોશીને ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોનો યોગ થતા તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા હતા.

ભગા દોશી એકના એક પુત્ર હતા, અઢાર વર્ષની ઉંમર હતી. સ્વામિનારાયણની કંઠી બાંધી એટલે ઘરમાં ધાર્મિક કલહ થયો હતો, પરંતુ એકનો એક દીકરો હોવાથી ભાઈચંદ શેઠ ભગાને કંઈ કહી શક્યા ન હતા.

ભગા દોશીના મનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો પ્રત્યે અત્યંત ભાવ હતો. તેઓ અવાર-નવાર સત્સંગ કરવા માટે મહારાજ પાસે પહોંચી જતા. બીજા હરિભક્તોને થાળ અને રસોઈ આપતા જોઈને ભગા દોશીના મનમાં પણ મહારાજ અને સંતોને જમાડવાનું મન થતું, પરંતુ ઘરમાં ધાર્મિક કલહને પરિણામે એમનો મનોરથ સિદ્ધ થતો ન હતો.

એક વાર ભગા દોશીએ ભારે હિંમત કરી અને બાપા ન જાણે એમ ઘી-ગોળ-સાકર વગેરે સીધાં-પાણીનો ટોપલો તૈયાર કર્યો અને મહારાજ પાસે લાવ્યા અને મહારાજને રસોઈ કરવાની વિનંતી કરી.

મહારાજને ભગા દોશીના ઘરના ધાર્મિક કલહની ખબર હતી. એમણે ભગા દોશીને પૂછ્યું, "ભગા! આ સીધું ક્યાંથી લાવ્યાં?"

ભગાએ ઉત્તર દીધો, "ઘરેથી."

મહારાજે કહ્યું, "બાપાને પૂછીને લાવ્યાં?"

ભગા દોશીએ કહ્યું, "ના, મહારાજ!"

મહારાજ ભગા દોશીની વાતનો મર્મ પામી ગયા હતા, છતાં પૂછ્યું, "કેમ?"

ભગા દોશીએ કહ્યું, "મહારાજ! મેં કંઠી બાંધી છે એથી બાપા ખૂબ જ નારાજ છે. હું આપની પાસે આવું, એમાં પણ એ રાજી નથી. જો હું બાપાને પૂછવા જાઉં, તો એ મને કોઈ રીતે સીધું-પાણી લાવવાં ન દે. ઘણા સમયથી મારાં મનમાં આપને અને સંતોને જમાડવાનો મનોરથ છે, એ પૂરો ન થાય. માટે આ બધું બાપાને પૂછ્યા સિવાય લાવ્યો છું.'

મહારાજે કહ્યું, "ભગા! આ રીતે પિતાશ્રીને પૂછ્યા સિવાય સીધું લાવવું એ તો ચોરી કહેવાય. ચોરીનાં સીધાં-પાણીથી અમે રસોઈ ન કરીએ. તમે આ સીધું-પાણી ઘરે પાછું લઈ જાઓ, બાપાની માફી માગો, એ જ તમારું પ્રાયશ્ચિત છે."

ભગા દોશીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. મહારાજનો આદેશ માથે ચડાવ્યો. સીધાનો ટોપલો લઈને ઘરે પાછા આવ્યા. ટોપલો બાપાની પાસે મૂક્યો. નિખાલસ ભાવે

બધી વાત કરી, માફી માગી.

આ ઘટના ભાઈચંદ શેઠની આંખોને ઉઘાડનારી હતી. એમનાં મનમાં આશ્ચર્ય સાથે વિચારોનું વલોણું ઘુમરાવા માંડ્યું. ભાઈચંદ શેઠને થયું, “હું કોઈની ચઢામણીથી સ્વામિનારાયણનો વિરોધ કરું છું. જાહેરમાં સ્વામિનારાયણને ઉતારી પાડું છું. સ્વામિનારાયણની કંઠી બાંધી એટલે હું એકના એક દીકરાને હેરાન કરું છું. એ જ સ્વામિનારાયણ આટલું સુંદર જીવન-ઘડતરનું કાર્ય કરી મહાવીર સ્વામીની જ વાતનું ઝીણવટથી પાલન કરાવી રહ્યા છે! કુસંગને લીધે સ્વામિનારાયણને સમજવામાં મેં ભૂલ કરી છે. મારે મારી આ ભૂલનું પ્રાયશ્ચિત કરવું જોઈએ.”

ભાઈચંદ શેઠે પોતાના પનોતા પુત્ર ભગાને કહ્યું, “આ સીધાંનો ટોપલો પાછો લઈ લે અને ચાલ મારી સાથે, મારે સ્વામિનારાયણને મળવું છે.”

બાપ-દીકરો ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે આવ્યા. ભાઈચંદ શેઠે ભગવાન શ્રી સ્વામિનારાયણને હાથ જોડ્યા અને કહ્યું, “સ્વામિનારાયણ! તમે જીવન-ઘડતરનું આવું કાર્ય કરો છો, તેની મને ખબર ન હતી. મેં કોઈને કોઈ ધાર્મિક પૂર્વગ્રહથી આપનો ખૂબ જ અપરાધ કર્યો છે.”

“આ ભગાએ તમારી કંઠી બાંધી તો એને હેરાન કરવામાં પણ બાકી રાખ્યું નથી, તમે મને ક્ષમા કરો.” બોલતાં-બોલતાં ભાઈચંદ શેઠના નેત્રમાં ઝળઝળિયાં આવી ગયાં. ભગા દોશી પણ બાપાના આ અદ્‌ભુત હૃદય-પરિવર્તનને નીરખી રહ્યા.

મહારાજે મંદ-મંદ હસીને કહ્યું, “શેઠ! એવું તો ચાલ્યા જ કરે. અમે આપના ઉપર રાજી છીએ, પણ તમે હવે ભગા ઉપર રાજી રહેજો! અને એને સત્સંગ રાખવા દેજો!”

ભાઈચંદ શેઠે કહ્યું, “મહારાજ! ખરેખર તો આ ઘટનાને લીધે મારું હૃદય ખૂબ જ હલબલી ગયું છે. મને પણ તમારી કંઠી બાંધવાનું મન થાય છે, પરંતુ એક તો હું જૈન ધર્મનો આગેવાન છું, બીજું આ વૃદ્ધ ઉંમરે મારાથી કંઠી બદલવાની હિંમત પણ નથી, પણ ભગો તમારો સત્સંગી થયો એનાથી હવે હું ખૂબ જ રાજી છું. મારી આંખ ઊઘડી ગઈ છે; હવે હું ભગાને ક્યારેય હેરાન નહિ કરું અને મન-કર્મ-વચનથી પણ હવે આપનો અપરાધ નહિ કરું.”

ભાઈચંદ શેઠના વચનમાં જૈનોના ક્ષમાપના વ્રતની સુગંધ પ્રસરી રહી હતી. મનુષ્યના જીવનને સદાચારથી ઊજળું બનાવવામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અજોડ હતા.

ધીરે ધીરે સમય જતાં ભગા દોશી બોટાદના નગરશેઠ થયા. તેમને ઘરે દોમદોમ સાહ્યબી હોવાથી ‘નવલખા શેઠ’ કહેવાયા.

ભગા દોશીને ત્યાં ‘શિવલાલ શેઠ’ નામે પુત્ર થયા. એમની ભક્તિ મહારાજ અંબરિષ

જેવી હતી અને સમજણ મહારાજ જનક જેવી હતી. દોમદોમ સાહ્યબીના રાગ એનાં અંતરને સ્પર્શી શક્યા ન હતા.

તુલસીદાસજી લખે છે, 'ચંચરિક જીમી ચંપક બાગા' ચંપાના વનમાં ભ્રમર રહે, એમ આ નવલખો શેઠિયો નિર્લેપ ભાવે ઘરસંસારમાં રહેતો હતો.

અંત સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ એમને દિવ્ય દર્શન દઈને ધામમાં તેડી ગયા હતા. આજે પણ એમના વંશજો ખૂબ સારો સત્સંગ રાખી રહ્યા છે.

ધૂડ્ય ઉપર ધૂડ્ય શું વાળી!

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના સંતોનાં વિચરણને લીધે આમજનતાની મનોવૃત્તિમાં જબરદસ્ત પરિવર્તન આવ્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના સંતો ઊંચ-નીચના ભેદ જોયા સિવાય નાનામાં નાના માણસને ઝૂંપડે જતા. ઊતરતી ગણાતી કોમોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે ઊજળા સદાચારનું સિંચન કર્યું હતું અને એમનાં અંતરને આધ્યાત્મિક સમૃદ્ધિથી છલકાવી દીધું હતું.

લોયા ગામના ઘેલા કોળીનો પ્રસંગ માણવા જેવો છે. લોયા ગામના ઘેલા કોળી ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમ અનુયાયી બન્યા હતા.

એક સમયની વાત છે, દુષ્કાળના દિવસો હતા. લોકો માટે આ કપરો કાળ કેમ પસાર કરવો, એ બહુ મોટી સમસ્યા હતી.

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીનાં વચને લોયાના ઘેલા કોળી એમના પત્નીની સાથે દુકાળ ઊતરવા માટે સુરત જઈ રહ્યાં હતાં.

રસ્તામાં ચાલતાં-ચાલતાં ઘેલા કોળીએ મારગમાં કોઈનો સોનાનો તોડો જોયો. ભગતને મન પારકી વસ્તુ હરામ હતી એટલે આવા કપરા કાળમાં પણ સોનાનો તોડો જોતાં કોઈ લોભ-લાલચ ન જાગી, પરંતુ એના મનમાં થયું, 'આ સોનાનો તોડો પાછળ આવતી મારી પત્નીનું મન બગાડશે, માટે આના ઉપર ધૂળ વાળી દઉં.' આમ વિચારી ઘેલા કોળીએ સોનાના તોડાને ધૂળમાં દાટી દીધો.

પાછળ ચાલ્યા આવતા એમના પત્નીએ આ જોયું. રસ્તામાં ભેગાં થયાં ત્યારે પૂછ્યું, "ભગત! તમે રસ્તામાં વાંકા વળીને શું કરતા હતા?"

ભગતે કહ્યું, "કોઈનો સોનાનો તોડો પડ્યો હતો. મને થયું દુકાળના દિવસો છે, કઠણ કાળ છે, સોનું જોઈને તારું મન ચળે નહિ માટે ઉપર ધૂળ નાખી દાટી દીધો."

એ જ સમયે ઘેલા કોળીના ઘરવાળા બોલ્યા, "અરે ભગત! ધૂળ ઉપર ધૂળ શું

નાખી! આપણે ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત છીએ. મહારાજની આજ્ઞાથી મારે મન પારકી વસ્તુ ધૂળ બરાબર છે."

ઘરવાળાની વાત સાંભળીને ઘેલા ભગત તો આશ્ચર્યથી પત્નીની સામે તાકી રહ્યા.

ઘરવાળાએ ભગતને પૂછ્યું, "શું મારી સામે તાકી રહ્યા છો!"

ભગતે કહ્યું, "તમને ધન્ય છે, કારણ કે મને સોનું દેખાયું પણ તમને તો સોનામાં ધૂળ દેખાણી. તમે તો સમજણમાં મારાથી ક્યાંય આગળ નીકળી ગયા!"

ઘેલા ભગતના ઘરવાળાએ મંદ હાસ્ય સાથે કહ્યું, "ઈ બધો તો સ્વામિનારાયણ બાપાનો પરતાપ છે!"

સ્વામિનારાયણ સંપ્રદાયમાં આવા એક ઘેલા કોળી નહીં, અનેક ઘેલા કોળીના પ્રસંગો પ્રસિદ્ધ છે કે જેમને મન પારકી વસ્તુ હરામ હતી.

ફોજદાર આભા બન્યા!

બાબરિયાવાડ અને નાઘેરના ગામડાંઓમાં આજે પણ મોટી સંખ્યામાં કોળી પરિવારો સત્સંગ પાળી રહ્યા છે.

ટીંબીના વીરા સાંખડ ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન ભક્ત હતા. ભગવાનનું મંદિર ઢાંકવા માટે એમણે પોતાનાં રહેણાંકનાં નળિયા ઉતારી દીધા હતા; માથે ચોમાસાની ઋતુ આવી રહી હતી, છતાં વીરાભગતે પોતાનાં ઘરની કોઈ ચિંતા કરી ન હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણ એમને સાક્ષાત દર્શન દઈને ધામમાં તેડી ગયા હતા. ટીંબીના કોળી અમરા ભગતે તો આજીવન અખંડ બ્રહ્મચર્ય પાળ્યું હતું.

જૂનાગઢ પાસેના કાલસારી ગામના મોટા ભાગના કોળી પરિવારો સત્સંગી થયાં હતાં. જેમાં ગોવિંદ ભગત, પૂંજા ભગત, ડુંગર ભગત અને હીરા ભગત મુખ્ય હતા.

સામાન્ય રીતે એ સમયે ચોરી-લૂંટફાટ, દારૂ-માંસ વગેરેમાં કોળી જેવી પછાત જ્ઞાતિઓ અગ્રેસર હતી; પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન સંતોના સમાગમથી આ પછાત જ્ઞાતિઓએ બધાં જ દૂષણોનો ત્યાગ કર્યો હતો. તેઓ નિર્વ્યસની અને સદાચારી જીવન જીવતા થયા હતા.

એ જમાનામાં ક્યાંય ચોરી-લૂંટફાટ થતી, તો રાજ્યના ફોજદાર તપાસ કરવા માટે જે-તે વિસ્તારમાં જતા. ગામને ચોરે નગારું વગાડવામાં આવતું. નિયમ એવો હતો કે નગારું વાગે એટલે ગામના તમામ શકમંદોએ ફોજદાર પાસે ફરજિયાત હાજર થવું પડતું.

એક વાર જૂનાગઢ રાજ્યના ફોજદાર તપાસ માટે કોળીઓના ગઢ ગણાતા કાલસારી ગામે આવ્યા હતા. એમણે જોયું તો શકમંદોની યાદીમાં કોઈ કોળીનું નામ નહોતું.

ફોજદારે ગામના પટેલને પૂછ્યું, "આ તો ભારે નવાઈની વાત છે. આ યાદીમાં શકમંદ તરીકે ક્યાંય કોળી કેમ દેખાતા નથી?"

પટેલે કહ્યું, "સાહેબ! આ ગામના કોળીઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના સત્સંગી થયા છે અને ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલા પંચ વર્તમાન પાળે છે, માટે એમનાં જીવન તો ઉજળિયાતને પણ શરમાવે એવાં છે!"

પટેલની વાત સાંભળી ફોજદાર તો આભા બની ગયા.

સમાજના પછાત ગણાતા વર્ગમાં જીવનમાં આવા ઉચ્ચ સદાચારનું આરોપણ કરનાર ભગવાન શ્રી સ્વામિનારાયણને વંદન!!

સુરા ખાચરે ચોરીનું વર્તમાન લોપ્યું!

ભગવાન શ્રી સ્વામિનારાયણના એકાંતિક ભક્તજનોમાં લોયા અને નાગડકાના ગામધણી દરબાર સુરા ખાચરનું નામ મોખરાનું છે.

સુરા ખાચર ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત થયા હતા અને મહારાજના અંતરંગ સખામંડળમાં સ્થાન પામ્યા હતા.

સુરા ખાચર ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા ત્યારે એમની યુવાન ઉંમર હતી. તેઓ પરણેલા હતા, એમના પત્નીનું નામ શાંતાબા હતું. એમને એક પુત્ર હતો, નામ નાથા ખાચર હતું. તેઓ શરીરે ભારે સ્થૂળ હતા. જેવુંતેવું ઘોડું તો એનો ભાર પણ ઉપાડી ન શકે!

ભગવાન શ્રી સ્વામિનારાયણ મળ્યા પહેલા તેઓ ભારે ભારાડી હતા, ધાડપાડુનો ધંધો કરતા. આ ધંધો એમને બાપદાદાના વારસામાંથી પ્રાપ્ત થયો હતો.

કાઠીઓની ટોળી સાથે ગામ ભાંગવા જતા અને લૂંટફાટ ચલાવતા હતા. એમની ડેલીએ ડાયરો ભરાતો, અફીણ ઘૂંટાતા, કસૂંબા-પાણી થતાં. આ રીતે તેઓ વ્યસન અને ફેલમાં ગળા સુધી ડૂબ્યાં હતાં.

સુરા ખાચરની બધી જ આવક આ વ્યસન અને ફેલના જોરદાર પ્રવાહમાં ક્યાંય તણાઈ જતી હતી. ક્યારેક ક્યારેક તો જેમતેમ ઉધાર-ઉછીનું કરીને વ્યવહાર ચલાવવો પડતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સત્સંગી થયા પછી સુરા ખાચરે દારૂ, માંસ, ચોરી વગેરે બધા જ ફંદ છોડી દીધા હતા અને ઉત્તમ હરિભક્ત થયા હતા અને તેમનો વ્યવહાર પણ ખૂબ જ સારો થયો હતો. આ એક જ સુરા ખાચરની વાત નથી, ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયેલા મોટા ભાગના કાઠી દરબારોની આ જ કથા હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપે અફીણ જેવા વ્યસનો છૂટી જવાથી આ કાઠી દરબારો કરજમુક્ત અને વ્યવહારે સુખી-સંપન્ન થયા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું તાન આશ્રિતોને માત્ર મોક્ષ આપવાનું જ ન હતું, પરંતુ તેઓ આ લોકમાં વ્યવહારે સુખીયા થાય એવું હતું.

સુરા ખાચર હાસ્યરસનો ખજાનો હતા. એને વેણે વેણે હાસ્ય વરસતું રહેતું. એમાંય સુરો ખાચર અને બ્રહ્માનંદસ્વામી ભેગા થાય, ત્યારે તો પાતાળમાંથી પાણીનાં ઝરણાં ફૂટે એમ હાસ્યરસના ફુવારા છૂટતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ સહિત આખી સભા હાસ્યરસમાં તરબોળ થઈ જતી. સુરા ખાચરની રમૂજવૃત્તિ મહારાજને કાયમ પ્રસન્ન રાખતી.

એક વાર મહારાજ કારિયાણીમાં બિરાજમાન હતા. સુરા ખાચર મહારાજનાં દર્શને આવ્યા, મહારાજને વંદન કર્યાં અને સભામાં બેસી ગયા.

આજે સુરા ખાચર ભારે ઉદાસ જણાતા હતા. હાસ્યરસના બેતાજ બાદશાહને આવા ઉદાસ ચહેરે જોઈને મહારાજે પૂછ્યું, “સુરા ખાચર! હમણાં થોડા દિવસથી તમે કેમ દેખાતા નથી? અને આજે આટલા બધા ઉદાસ કેમ છો?”

સુરા ખાચર ઠાવકું મોંઢું રાખીને બોલ્યા, “મહારાજ! મારે તો હમણાં ઉપાધિનો પાર નથી. એક બાજુ ખેતર ખેડવાની મોસમ ચાલે છે અને બીજી બાજુ ગધનો કોઈ ચોર મારા બે બળદ ચોરી ગયો છે એટલે ખેતર ખેડવાનું કામ પણ વધરે પડ્યું છે.”

સુરા ખાચર ગંભીર વાત કરે તો પણ બધાને રમૂજભરી જ લાગે. બળદ ચોરાયાની વાત સાંભળી મહારાજે સુરા ખાચરને આશ્વાસન આપતા કહ્યું, “સુરા ખાચર! ભારે થઈ, તો હવે તમે ખેતીનું કામકાજ કઈ રીતે કરાવશો?” સુરો ખાચર ઠાવકું મોંઢું રાખીને બોલ્યા, “મહારાજ! બહુ ઉપાધિ કરવા જેવું નથી. હું મારા જૂના ધંધાને યાદ કરીશ અને કોઈના ચાર બળદ ઉપાડી લાવીશ!” સુરા ખાચરની વાતથી સભામાં રમૂજની લહેર પ્રસરી ગઈ. મહારાજ હસીને કહે, “સુરા ખાચર! હવે તો તમે અમારા હરિભગત થયા. દારૂ, માટી, ચોરી, અવેરી નહિ કરવાના અમારા વર્તમાન ધાર્યા અને હવે તમે અમારા હરિભગત થઈને ચોરી કરશો? તમને અમારી આજ્ઞા લોપવાનું પાપ લાગશે.”

સુરા ખાચર એ જ ગંભીર મુખમુદ્રાએ બોલ્યા, “પણ મહારાજ! પેલા ચોરે તમારી આજ્ઞા લોપી એનું શું? પહેલા એણે જો તમારી આજ્ઞા લોપી ન હોત, તો મારે પણ તમારી આજ્ઞા લોપવી ન પડત!” મહારાજ હસીને કહે, “દરબાર! એના કર્મનો દંડ યમરાજ દેશે, પણ જો તમે આજ્ઞા લોપશો તો તમને અમે દંડ દઈશું.”

સુરા ખાચરે હાથ જોડીને કહ્યું, “મહારાજ! કૃપા રાખજો, દંડબંડ દેશો મા,

હું આજ્ઞા નહિ લોપું." કોઈને વશ ન થાય એવા કાઠી દરબારોને ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પ્રેમના જાદુથી વશ કરી લીધા હતા. કુશળ ઘડવૈયા ભગવાન શ્રી સ્વામિનારાયણની જીવન ઘડતરની રીત ન્યારી હતી.

આવો! લક્ષ્મણ જતિ આવો!

લોયા દરબાર સુરા ખાચરનું નિષ્કામી વર્તમાન અત્યંત સુદૃઢ હતું. પરણ્યા એ જ પત્ની, એ સિવાય તમામ સ્ત્રીઓ એમને મા, બહેન, દીકરી સમાન હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી એમણે સંસારમાં રહીને સાંખ્યયોગ અર્થાત્ સંન્યાસ ધર્મ પાળ્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સુરા ખાચરને લાડથી 'લક્ષ્મણ જતિ' કહીને બોલાવતા. 'લક્ષ્મણ જતિ' કહેવા પાછળ એક સરસ પ્રસંગ રહેલો છે.

ભૂજના સુંદરજી સુથારનો અહંકાર ઉતારવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે અઢાર જણાને પરમહંસ થવાનો પત્ર લખેલો, જેમાં સુરા ખાચર પણ એક હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે એક અદ્ભુતાનંદ સ્વામી સિવાયના અઢારેય પરમહંસોને પાછા સંસારમાં મોકલ્યા હતા, જેમાંથી કેટલાકે ઘરે પાછા આવીને પણ બ્રહ્મચર્ય પાળી સાંખ્યયોગી જીવન ગાળ્યું હતું. એમાંના એક હતા, સુરા ખાચર.

ભગવાન શ્રીહરિની આજ્ઞાથી શરીર ઉપર ભગવાં વસ્ત્ર ધારણ કર્યાં પછી સુરા ખાચરને સંસાર-સુખ હરામ થઈ ચૂક્યું હતું. એથી એમણે આજીવન બ્રહ્મચર્ય પાળવાનો નિર્ધાર કર્યો હતો.

ભૂજથી ઘરે આવી એમણે પોતાનો નિર્ણય પોતાનાં ધર્મપત્ની શાંતાબાને જણાવ્યો. શાંતાબાએ તો ઘણા સમયથી સંસારના સુખથી મન ઉતારી લીધું હતું. સુરા ખાચરનો નિર્ણય સાંભળી એના અંતરમાં આનંદ થયો અને બોલ્યા, "દરબાર! આપનો નિર્ણય યોગ્ય છે. મહારાજની મૂર્તિનો આનંદ માણ્યા પછી હવે સંસારની ખાટી છાશ પીને આપણે શું કરવું છે ?" પત્નીની અનુમતિ મળતા સુરા ખાચરને અત્યંત આનંદ થયો. આ રીતે આ બન્ને પવિત્ર દંપતીએ સંસારમાં રહીને આજીવન 'સાંખ્યયોગ' પાળ્યો હતો.

આમેય ભગવાન શ્રી સ્વામિનારાયણ નહોતા મળ્યા, ત્યારે પણ સુરા ખાચરનું ચારિત્ર્ય અણિશુદ્ધ હતું.

બહારવટિયા જોગીદાસ ખુમાણની જેમ સુરા ખાચરને પણ પરસ્રીનું સૌંદર્ય ક્યારેય ડોલાવી શક્યું નહોતું અને હવે તો એમણે વિધિવત્ સાંખ્યયોગ સ્વીકારી લીધો હતો.

એક સમયની વાત છે. કોઈ કારણસર સુરા ખાચર જસદણ પધાર્યા હતા અને

જસદણ દરબાર વાજસુર ખાચરના મહેમાન થયા હતા.

વાજસુર ખાચરે સુરા ખાચરના યતિધર્મનો ભંગ કરાવી એમની આબરૂને ઝાંખી પાડવાનો કારસો રચ્યો. એમણે એક રૂપાળી ગણિકાને પૈસાની લાલચ આપી રાત્રિના સમયે સુરા ખાચર પાસે મોકલી.

ઘોર અંધારી રાત હતી, જળ જંપી ગયું હતું, લોકો ઘોર ઊંઘમાં હતા. સુરા ખાચરના ઉતારાને ઓરડે ઝાંખો દીવો બળી રહ્યો હતો. યુવાન ઉંમરના યતિરાજ પલંગ ઉપર બેસી હાથમાં માળા લઈ 'સ્વામિનારાયણ' મહામંત્રનો જપ કરી રહ્યા હતા. એવામાં લપાતી-છુપાતી પેલી બાઈ આવી અને ધીરે દબાતે પગલે ઓરડામાં પ્રવેશ કર્યો.

અંધારી રાતે એકલી બાઈને એકાંત ઓરડામાં આવેલી જોઈ સુરા ખાચર સચેત થઈ ગયા. પેલી બાઈ નખરાં કરતી કરતી અણછાજતા ચેનચાળા કરવા માંડી. સુરા ખાચર બાઈની બદદાનતને પારખી ગયા.

એ શૂરવીર ક્ષત્રિયે ઝટ દઈને મ્યાનમાંથી તલવાર બહાર કાઢી અને બોલ્યા, "ખબરદાર જો એક પગલું પણ આગળ વધી છો તો, તારા કટકા કરી નાખીશ."

ભગવાન શંકરે ખોલેલાં ત્રીજાં નેત્ર જેવું સુરા ખાચરનું રૌદ્ર રૂપ જોઈને પેલી બાઈ થરથર ધ્રૂજવા લાગી.

સુરા ખાચરે કડક સ્વરે કહ્યું, "બોલ્ય, તું કોણ છો? અને અહીં શા માટે આવી છો?"

બાઈ મોત ભાળી ગઈ હતી. એણે બીતાં બીતાં કહ્યું, "મને મારશો નહિ. હું આ ગામની ઉતાર બાઈ છું. શરીર વેચીને પેટ ભરું છું. વાજસુર ખાચરના કહેવાથી તમારી આબરૂ લેવા આવી છું. મને માફ કરો."

સુરા ખાચરે કહ્યું, "જા, ભાગ્ય અહીંથી. હું બાઈ માણસ ઉપર હાથ ઉપાડતો નથી, માટે તને જીવતી જવા દઉં છું."

ઉતાર બાઈ કપડાં ઠીકઠાક કરતી કરતી ઝડપથી બહાર ભાગી ગઈ. વાજસુર ખાચરે બે-ચાર અનાડી માણસોને આ ખેલ જોવા છૂપી રીતે ગોઠવી રાખ્યા હતા. સુરા ખાચરનું રૌદ્ર રૂપ જોઈને તેઓ પણ ડઘાઈ ગયા અને છૂમંતર થઈ ગયા.

સુરા ખાચરે હાકલ કરી, "છે કોઈ હાજર?"

વાજસુર ખાચરનો માણસ દોડતો આવ્યો અને બોલ્યો, "કેમ બાપુ! મધરાતે શું જરૂર પડી?"

સુરા ખાચરે કહ્યું, "અત્યારે ને અત્યારે અમારો ઘોડો હાજર કરો, અમારે ગઢડા જવું છે."

માણસ બોલ્યો, "પણ બાપુ! સવારે જજોને, આટલી શું ઉતાવળ છે?"

સુરા ખાચરે કહ્યું, “આ પાપના ઓરડામાં હવે અમે એક પળ પણ રોકાઈ શકીએ એમ નથી.”

સુરા ખાચરની કરડી નજરનો તાપ માણસ જીરવી શક્યો નહિ. એણે તાબડતોડ સુરા ખાચરનો ઘોડો હાજર કર્યો.

ઘોડેસ્વારી કરતાં કરતાં સુરા ખાચર બોલ્યા, “કે’જે વાજસુર ખાચરને કે, મે’માનોની આબરૂ લેવાના ગોરખધંધા બંધ કરે.” આટલું કહી સુરા ખાચરે ગઢપુરના માર્ગે ઘોડો દોડાવી મૂક્યો.

સવારે વાજસુર ખાચરને ખબર પડી કે, ‘એણે ગોઠવેલી બાજી ઊંધી વળી છે.’ વાજસુર ખાચર શરમથી ભોં ખોતરવા લાગ્યા. સાથે સાથે એમનું મન આ મહાન યતિરાજને વંદન કરવા લાગ્યું.

સવારનો સમય હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાની અક્ષર ઓરડીએ બિરાજમાન હતા. એ જ વખતે સુરા ખાચરે દરબારગઢમાં પ્રવેશ કર્યો. સુરા ખાચરને જોતાં વેંત મહારાજ બોલ્યા, “આવો આવો ‘લક્ષ્મણ જતિ’ આવો!” આમ બોલતાં બોલતાં મહારાજ એકદમ ઊભા થઈ ગયા, સુરા ખાચરની સામે ચાલ્યા અને બાથમાં લઈને મળ્યા. સભામાં બેઠેલા સર્વના મનમાં થયું કે, આજે મહારાજ સુરા ખાચરને ‘લક્ષ્મણ જતિ’ કહીને કેમ બોલાવે છે?

સર્વના મનની ઉત્કંઠાને શાંત કરતા હોય એમ મહારાજ બોલ્યા, “ભક્તજનો! કંચન અને કામિનીના કામબાણોએ ભલભલા ત્યાગીઓ, તપસ્વીઓ અને યોગીઓના અંતરને ભેદી નાખ્યાં છે, જ્યારે આ અમારા સુરા ભક્તની વાત ન્યારી છે.”

“આ અમારા સુરા ભક્તને એકાંતમાં સ્રીનો જોગ થાય તોપણ એમનું મન મેરુ જેવું અચળ રહે છે. કામિનીઓના કામના બાણ એમને વીંધી શકતા નથી.” આવા તો એક લક્ષ્મણ જતિ હતા અને બીજા આ સુરા ખાચર છે, માટે અમે એમને ‘લક્ષ્મણ જતિ’ કહીને બોલાવીએ છીએ.”

આટલું કહી મહારાજે સુરા ખાચરને કહ્યું, “સુરા ખાચર! આગલી રાતે જસદણમાં જે બન્યું એની વાત કરો.”

મહારાજનો આદેશ થયો એટલે સુરા ખાચરે થોડા સંકોચ સાથે આગલી રાતે જે બન્યું હતું, તે સઘળી બીના કહી સંભળાવી.

સુરા ખાચરની વાત સાંભળીને સભામાં બેઠેલા બધા જ ભક્તજનો સુરા ખાચરને સાધુવાદ દેવા લાગ્યા.

વાતનું સમાપન કરતા સુરા ખાચરે કહ્યું, “આ બધું તો મહારાજની કૃપાનું જ

પરિણામ છે, બાકી જીવનું શું ગજુ? હું તો ભારે ભારાડી હતો, મહારાજે હાથ પકડીને મને તારી દીધો!"

સભામાં કદાચ આ પહેલો પ્રસંગ હશે, જ્યારે સુરા ખાચર હાસ્યરસ વરસાવવાને બદલે ગંભીરતાથી શાંત અને અદ્‌ભુત રસ વરસાવી રહ્યા હતા.

કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા!

ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા એમના સંતોએ લોકોને નાના પ્રકારના વ્યસનો વગેરે ફેલથી મુક્ત કરવા માટે જબરદસ્ત આંદોલન ચલાવ્યું હતું.

ખોટા મોજશોખ માટે, ખોટી માન-મોટાઈ વધારવા માટે શરીર અને સંપત્તિને લૂણો લગાડે એવો દારૂ, ભાંગ, ગાંજો, અફીણ વગેરે વ્યસનો પાછળ નાણાં વેડફી નાખવા એને ફેલ કહેવાય.

ફેલ છૂટી જવાથી લોકો આર્થિક રીતે પગભર અને સમૃદ્ધ થયા હતા. નિર્વ્યસની જીવનને લીધે લોકોના શરીર નીરોગી બન્યાં હતાં. લોકમાં એક કહેવત પ્રસિદ્ધ થઈ હતી કે, 'કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા.'

ભગવાન શ્રી સ્વામિનારાયણની વ્યસનો છોડાવવાની રીત ભારે આગવી હતી.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં વિરાજમાન હતા, એ સમયે ખંભાળાના દરબાર મૂળુ ખાચર મહારાજના દર્શને આવ્યા.

મહારાજે ભારે હેતથી કહ્યું, "દરબાર! આ બીજા દરબારોની જેમ તમે પણ અમારા સત્સંગી થાવ."

મૂળુ ખાચર બોલ્યા, "મહારાજ! હું સત્સંગી તો થાઉં, પણ મારે અફીણ અને તમાકુના હોકાનું હરેડ બંધાણ છે. મારાથી એ કોઈ રીતે છૂટી શકે તેમ નથી."

મહારાજ હસીને બોલ્યા, "દરબાર! તમે અમારા હોકો-અફીણ સિવાયના બીજા જે વર્તમાન છે તેને તો પાળશોને?"

મૂળુ ખાચરે કહ્યું, "હા, મહારાજ! એ સિવાય હું બીજા બધા જ નિયમો પાળીશ."

ભગવાન શ્રી સ્વામિનારાયણે મૂળુ ખાચરને આશ્રિત બનાવ્યા. મહારાજ મૂળુ ખાચરને ભારે હેતથી બોલાવતા, માન-સન્માન આપતા અને જેમ બને તેમ પોતાની સાથે રાખતા.

એક વાર મહારાજ ગઢપુરથી વડતાલ જઈ રહ્યા હતા. મહારાજે મૂળુ ખાચરને કહ્યું, "તમે પણ અમારી સાથે ચાલો." આટલું કહી મહારાજ હસીને બોલ્યા, "અને જોજો હો દરબાર! તમારો હોકો ને અફીણ ભૂલતા નહીં, નહીંતર તમને મુસાફરીમાં મજા નહિ આવે!" મહારાજના મર્મથી મૂળુ ખાચર થોડા શરમાઈ ગયા.

મૂળુ ખાચર તથા અન્ય કાઠી દરબારોને સાથે લઈ મહારાજ વડતાલ જવા રવાના થયા. મહારાજ સાથેના કાઠી દરબારો સંપૂર્ણપણે નિર્વ્યસની જીવન જીવતાં હતાં, એટલે મારગમાં જ્યારે જ્યારે મૂળુ ખાચરને હોકો પીવાનું મન થાય ત્યારે તે સર્વથી પાછળ રહી જતા હતા.

એવામાં એક ગામ આવ્યું. મહારાજ અને પાર્ષદો આગળ ચાલ્યા જતા હતા. મૂળુ ખાચર હોકો પીવા માટે પાછળ રહી ગયા હતા.

ઘોડેસ્વાર થયેલા મૂળુ ખાચરને હોકો પીતા જોઈને રસ્તાને કાંઠે બેઠેલા લોકોમાંથી કોઈ બોલ્યું, "આગલા તો બધા સ્વામિનારાયણીયા છે, પણ આ હોકાવાળો અસ્વાર સ્વામિનારાયણીયો લાગતો નથી!"

મૂળુ ખાચરને આ વચન હૈયામાં તીરની જેમ લાગ્યું. એના મનમાં ચાનક ચઢી, 'મને સ્વામિનારાયણીયો મટાડી દે તેવો હોકો મારે જોતો નથી.' ગામ બહાર નીકળી એણે હોકો ફોડી નાખ્યો.

મહારાજ વડતાલ પહોંચ્યા. સંઘને ઉતારા કરાવ્યા. મૂળુ ખાચરને અફીણનું વ્યસન હતું, એટલે એમને થોડે દૂર અલાયદો ઉતારો આપવામાં આવ્યો હતો.

ગુજરાતના હરિભક્તો સૌરાષ્ટ્રના હરિભક્તોનો ભારે મહિમા સમજતા હતા, તેથી એમને ખાસ મળવા આવતા. હરિભક્તો મળવા આવે ત્યારે મૂળુ ખાચરને કહુંબા-પાણી લેતાં જોઈને તેઓ બોલતા, "આ દરબાર હરિભગત નથી લાગતા!"

આ સાંભળીને મૂળુ ખાચરને ફરી પાછી ચાનક ચડી. તેને થયું, 'આ કહુંબા-પાણી મને ક્યારેય હરિભક્તોની પંક્તિમાં ભળવા નહીં દે.' એમણે સંકલ્પ કર્યો 'આજથી અફીણ હરામ.' મૂળુ ખાચરે હોકો ભાંગી નાખ્યો અને અફીણ-તમાકુ હરામ કર્યાં, એ વાતની ખબર મહારાજને પડી. મૂળુ ખાચર મહારાજના દર્શને આવ્યા ત્યારે મહારાજે પૂછ્યું, "દરબાર! આ બધું કોની શિખામણથી થયું?"

મૂળુ ખાચર હસતાં હસતાં બોલ્યા, "મહારાજ! કુસંગીઓના કહેવાથી હોકો છોડ્યો અને હરિભક્તોના કહેવાથી અફીણ છોડ્યું." મૂળુ ખાચરની વાત સાંભળી મહારાજ બોલ્યા, "હવે તમે અમારા સાચા હરિભક્ત થયા!"

વહેમ અને અંધશ્રદ્ધાનું નિર્મૂલન

ભગવાન શ્રી સ્વામિનારાયણે લોકોને નિર્વ્યસની બનાવી આર્થિક રીતે સમૃદ્ધ કર્યાં હતા, એ જ રીતે એમણે લોકોને વહેમો અને અંધશ્રદ્ધામાંથી મુક્ત કરી નિર્ભય બનાવ્યા હતા.

આગળ જોયું છે એ પ્રમાણે એ જમાનો મંત્ર-તંત્ર, કામણ-ટૂમણનો હતો. ધુતારા લોકો જાદૂ જેવા ખેલ કરીને લોકોને ભરમાવતા, મલિન મંત્ર-તંત્ર દ્વારા લોકોને ભયભીત કરતા, કામણ-ટૂમણ દ્વારા લોકોને છેતરીને ધન ભેગું કરતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્ઞાનવાર્તાઓ દ્વારા આ અંધશ્રદ્ધાને નિર્મૂળ કરી હતી. એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણે સભામાં કારિયાણીના મહાન ભક્ત માંચા ખાચરને યાદ કરીને કહ્યું હતું કે, "ભગવાનના ભક્તને જંત્ર-મંત્ર, નાટક-ચેટકમાં ક્યાંય પ્રતીતિ ન આવે. હરિભગત હોય અને જંત્ર-મંત્રમાં પ્રતીતિ કરે, એને અરધો વિમુખ જાણવો."

"કારિયાણીના માંચા ભક્ત સત્સંગ થયા મોર્ય પણ બાળબ્રહ્મચારી હતા. એક વાર કોઈ કીમિયાવાળો એમને ઘેર ઊતર્યો. એણે ત્રાંબામાંથી રૂપું કરી દેખાડ્યું અને બોલ્યો, "તમે સદાવ્રતી છો માટે ત્રાંબામાંથી રૂપું કરવાનો આ કીમિયો તમને બતાવું. સદાવ્રત ચલાવવામાં તમને કામ લાગશે."

"કીમિયાગરની વાત સાંભળી માંચા ખાચરે હાથમાં લાકડી લીધી અને એને ગામ બહાર કાઢી મૂક્યો. ત્યારપછી એ રામાનંદસ્વામીના જોગમાં આવ્યા અને પરમ એકાંતિક સત્સંગી થયા." (વચનામૃત-ગ.મ.૩૮)

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢપુરમાં જ્ઞાનવાર્તા કરતા કહ્યું કે,

"કલ્યાણ તો એક ભગવાનના આશ્રયે કરીને જ છે. જેને ભગવાનનો યથાર્થ નિશ્ચય હોય તેને ભગવાન કાંઈ ચમત્કાર દેખાડે કે ન દેખાડે, તો પણ બીજે ક્યાંય જંત્ર-મંત્રવાળા કે પરચા-ચમત્કાર દેખાડનારાઓમાં પ્રતીતિ આવે જ નહિ." (ગ.મ.-૬૬

વહેમ અને અંધશ્રદ્ધા દૂર કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે દેશદેશાંતરમાં વસતા ભક્તો ઉપર એક પત્ર લખાવ્યો હતો, જેનો સાર નીચે પ્રમાણે હતો.

"સમસ્ત જગતના કર્તાહર્તા ભગવાન નારાયણ છે. તમામ પ્રકારના દેવતાઓ નારાયણને આધીન છે. નારાયણથી પર કોઈ નથી. જે જીવ ભગવાન નારાયણનો આશ્રય કરે છે એને કોઈ દેવી-દેવતા પીડી શકતા નથી."

"જીવન-મરણ હરિને હાથ છે, મંત્ર-તંત્ર જાણનારાઓના હાથમાં નથી, માટે નિર્ભય થઈને નારાયણનું શરણું લેવું. જો મંત્ર-તંત્રથી બીજાને મારી શકાતા હોય, તો મોટા મોટા રાજાઓએ લશ્કર શા માટે રાખવા પડે?"

"જે જીવ પવિત્રપણે જીવન જીવી હરિસ્મરણ કરે છે, એને નવ ગ્રહ નડી શકતા નથી. કોઈ મલિન મંત્ર-તંત્ર, ભૂત-પ્રેત વગેરે એને પીડી શકતા નથી. સાચી વાત તો એ છે, કે આ બધાં મલિન તત્ત્વો ભગવાનના ભક્તથી જોજનો દૂર ભાગે છે."

"શ્રીમદ્ ભાગવત અને રામાયણમાં પણ આ જ વાત કહેવામાં આવી છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણના આવા ઉપદેશોથી પ્રજા નિર્ભય બની હતી. એમની

અંધશ્રદ્ધા સાચી શ્રદ્ધામાં પરિવર્તિત થઈ હતી. એમના વહેમો દૂર થયા હતા.

તેઓ દેવી-દેવતાઓના જંગલમાંથી બહાર આવીને સર્વ કારણના કારણ એવા એકમાત્ર ભગવાન નારાયણનું ભજન કરવા લાગ્યા હતા. એમની ઉપાસના શુદ્ધ-વૈદિકી એકેશ્વરી ઉપાસના બની હતી. પ્રગટ ભગવાનની પ્રાપ્તિના કેફથી તેઓ નિશ્ચિંત, નિર્ભય અને નિષ્ફિકર બન્યા હતા.

મંત્રેલા અડદનું શાક કર્યું!

ગઢપુરમાં ખીમા સુથાર હતા. તેઓ કુશળ કારીગર હતા. એમની લાકડાંની કોતરણીનું કામ ખૂબ વખણાતું. ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને તુલસી અને સુખડના લાકડાંમાંથી કંઠી-માળા ઉતારવાની સેવા સોંપી હતી.

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "ખીમા સુથાર! આપણે સુખડના લાકડાંમાંથી કંઠીઓ બનાવવી છે. સુરતમાં સુખડ સારું મળે છે, તો તમે ભાવનગરથી વહાણમાં બેસી સુરત જાઓ અને પાંચ મણ સુખડ લઈ આવો."

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી ખીમો સુથાર ભાવનગર ગયા, ત્યાંથી વહાણમાં બેઠા. વહાણ દરિયાઈ માર્ગે આગળ વધ્યું.

વહાણમાં માણસોની ભીડ સારી એવી હતી; કોલાહલ થતો હતો, ખીમા સુથારે વહાણના એકબાજુના ખૂણામાં બેસી સ્વામિનારાયણ મહામંત્રની માળા જપવી શરૂ કરી.

આ વહાણમાં એક બ્રાહ્મણ હતો, તે કામણ-ટૂમણિયો હતો. કહેવાય છે કે એણે મલીન-મંત્રોથી કંઈક દેવી-દેવતાઓને સાધ્યાં હતાં.

ખીમા સુથારના કપાળમાં તિલક-ચાંદલો, ગળામાં કંઠી અને હાથમાં માળા જોઈ બ્રાહ્મણને કુતૂહલ થયું. મનમાં થયું, 'આ ટીલવો ક્યા પંથનો હશે? હું આને મારા મંત્રોથી વશ કરું.'

આમ વિચારી એ માંત્રિક બ્રાહ્મણ ખીમા સુથારની પાછળ થોડે દૂર બેઠો અને જાતજાતના મંત્રો બોલી ખીમા સુથાર ઉપર અડદ છાંટવા લાગ્યો!

ખીમા સુથાર શાંત ચિત્તે માળા ફેરવી રહ્યા હતા. બ્રાહ્મણના મંત્રોનો કોઈ પ્રભાવ એના ઉપર વર્તાતો ન હતો. બ્રાહ્મણ પોતાનાં મંત્રોની નિષ્ફળતા ઉપર ભારે આશ્ચર્ય અનુભવી રહ્યો હતો. તેજોવધ થયેલા બ્રાહ્મણે મારણમંત્રોનો પ્રયોગ કરી ખીમા સુથાર ઉપર અડદ છાંટ્યા, પણ ખીમા સુથાર તો જેમના તેમ શાંતિથી માળા કરતા રહ્યા. માંત્રિક બ્રાહ્મણ હતભ્રત બની ગયો!

આખરે ખીમા સુથારનું માળાનું નિયમ પૂરો થયો. એમણે આંખો ખોલી, તો ચારે બાજુ અડદ વેરાયેલાં જોયા. ખીમા સુથારે હળવે હાથે અડદ ભેગા કર્યાં અને પોતાની

પાઘડીના છેડે બાંધ્યા. બ્રાહ્મણને આશ્ચર્ય થયું કે, 'આ ટીલવો મંત્રેલા અડદનું શું કરશે?' એનાથી રહેવાયું નહીં એટલે પૂછ્યું, "ભાઈ! આ અડદનું તું શું કરીશ?"

ખીમા સુથારે હસીને કહ્યું, "મારો ભગવાન બહુ દયાળુ છે! એણે સુરત પહોંચતા પહેલા મારાં ભોજનની વ્યવસ્થા કરી દીધી. આ અડદની હું ખીચડી બનાવીશ અને નિરાંતે જમીશ!"

ખીમા સુથારની વાત સાંભળી બ્રાહ્મણ તો આભો જ બની ગયો.

વહાણ સુરત બંદરે લાંગર્યું. બધા મુસાફરો નીચે ઊતર્યા. ખીમા સુથારે એક ધર્મશાળામાં ઉતારો કર્યો. યોગાનુયોગ પેલો બ્રાહ્મણ પણ ત્યાં જ ઊતર્યો હતો.

ખીમા સુથારે પેલા મંત્રેલા અડદની ખીચડી કરી અને બ્રાહ્મણ દેવતાને કહ્યું, "હાલો, તમે પણ મારી સાથે ખીચડી જમો!"

બ્રાહ્મણને પોતાનાં જ મંત્રેલાં અડદની ખીચડી ખાવામાં ભારે ભય લાગ્યો, એણે ટૂંકો જવાબ દીધો, "હું બ્રાહ્મણ છું એટલે તમારા હાથનું રાંધેલું મને નહીં ખપે."

આટલું કહી બ્રાહ્મણ બોલ્યો, "ભાઈ! તને જો મારી આ વાત મનાય, તો તું આ ખીચડી ખાઈશ નહીં. એ તારું શરીર નીચોવી નાખશે અને ધનોત-પનોત કાઢશે."

ખીમા સુથારે આશ્ચર્યભરી નજરે બ્રાહ્મણ સામે જોઈને પૂછ્યું, "શા માટે?"

બ્રાહ્મણ બોલ્યો, "આ અડદ ભયંકર મારણમંત્રોથી મંત્રેલાં છે."

ખીમા સુથાર હસવા લાગ્યા અને બોલ્યા, "અમારો રાખણહાર જબરો છે. આ મંત્રતંત્રથી અમને કાંઈ ના થાય." આમ બોલી, નિરાંતે ખીચડી ખાવા લાગ્યા.

પેલા બ્રાહ્મણને થયું, નક્કી આણે મારા દેવ કરતાંય મોટા દેવને સાધ્યા છે, નહીંતર આમ ન બને! એણે ખીમા સુથારને નિખાલસભાવે બધી વાત કરી અને કહ્યું, "મારાં મંત્રો ક્યારેય નિષ્ફળ ગયા નથી, પણ તારી પાસે મારા મંત્રોનું કાંઈ ચાલ્યું નથી, માટે મને લાગે છે કે તારા ઉપર કોઈ મોટા દેવનો હાથ છે."

ખીમા સુથારે હસીને મર્મમાં કહ્યું, "ભૂદેવ! તમારી વાત સાચી છે. મને મોટામાં મોટા દેવ મળ્યા છે, એટલે મંત્રતંત્ર મારું કાંઈ બગાડી ન શકે!"

બ્રાહ્મણે કહ્યું, "એ કોણ છે?"

ખીમા સુથારે કહ્યું, "એની વાત સાંભળવી છે કે નજરોનજર દર્શન કરવા છે?"

બ્રાહ્મણે કહ્યું, "નજરોનજર દર્શન થાય તો વધારે સારું."

ખીમા સુથારે કહ્યું, "તો હાલો મારી હાર્યે. હું તમને મોટા દેવના દર્શન કરાવું."

બ્રાહ્મણને સાથે લઈ ખીમા સુથાર ગઢપુર આવ્યા. બ્રાહ્મણને મહારાજનાં દર્શન કરાવ્યાં. મહારાજે બ્રાહ્મણને દિવ્ય તેજોમયરૂપ દર્શન દીધું.

બ્રાહ્મણે કહ્યું, "મહારાજ! મને તમારી સેવામાં જ રાખો અને સાધુ કરો."

મહારાજે કહ્યું, "ભૂદેવ! અમારા પરમહંસો સત્ત્વગુણી છે, તમારા જેવા મલિન મંત્રતંત્રવાળાને અમે સાધુ કરતા નથી. જો તમે તમારા મલિન મંત્રો અને મલિન દેવોનો ત્યાગ કરો, તો જ અમે તમને સાધુ કરીએ."

બ્રાહ્મણે કહ્યું, "મહારાજ! એ માટે મારે શું કરવું જોઈએ?"

મહારાજે કહ્યું, "ભૂદેવ! આ મલિન દેવતાઓ કઠગુંદીના ઠળિયા જેવા હોય છે. એના પનારાથી છૂટવું એ કઠણ કામ છે. તમે છ મહિના સુધી સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરો અને તપ કરો, ત્યારે માંડ એનાથી છૂટશો."

ભૂદેવે ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે છ મહિના સુધી કઠિન તપશ્ચર્યા કરી, સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કર્યું અને મલિન મંત્રો અને મલિન દેવોથી છૂટકારો મેળવ્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને સાધુ કર્યા, 'શૂન્યાતીતાનંદસ્વામી' નામ પાડ્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસોના વૃંદમાં શૂન્યાતીતાનંદસ્વામી મોખરાનું સ્થાન ધરાવતા હતા.

મંત્રતંત્રની વાત આજે હાસ્યાસ્પદ લાગે, પરંતુ એક સમય હતો જ્યારે આવી સાધનાઓ ભરપૂર માત્રાઓમાં થતી. આશ્ચર્યની વાત તો એ છે કે વિશ્વના વર્તમાન સર્વ ધર્મોમાં આ વાત વત્તે-ઓછે અંશે સર્વત્ર પ્રચલિત હતી.

સાધનાના ત્રણ પ્રકારો છે – સાત્ત્વિક, રાજસ અને તામસ.

સાત્ત્વિક સાધના આત્મિક ઉન્નતિ માટે થાય છે. રાજસ સાધના જાતજાતના મનોરથો પૂર્ણ કરવા થાય છે અને તામસ સાધના બીજાને હેરાન, પરેશાન, ભયભીત કરી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે થાય છે.

મોટા ભાગે આવી સાધનાઓ મનોવિજ્ઞાન સાથે સંકળાયેલી છે. અજ્ઞાની, ભોળા અને નબળા મનના માણસો ઉપર આનો વિશેષ પ્રભાવ રહે છે. જોકે મોટા ભાગે તો આવી સાધનાઓને નામે દંભ અને પાંખડ જ ચાલતાં હોય છે. છતાં આવી સાધનાથી પ્રાપ્તિ થતી શક્તિઓનો ઇનકાર પણ થઈ શકે એમ નથી. સદ્‌ભાગ્યે સમયના પ્રભાવે આ સાધનાઓ હવે 'આઉટ ઑફ ડેટ' બનેલી છે.

લોખંડથી લોખંડ કપાય એમ માનસિક તૂતોનું સમાધાન માનસ શક્તિથી જ થાય, બુદ્ધિ કે તર્કોથી ન થાય.

ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉપદેશોનું મનોવિજ્ઞાન અદ્‌ભુત હતું. આપણે આગળ જોયું એમ એમણે લોકમાનસમાં એક વાત દૃઢ કરી કે "સર્વ દેવી-દેવતાઓ

ભગવાન શ્રી હરિને આધીન છે. શ્રી હરિનો આશ્રય કરે એનું કોઈ કાંઈ બગાડી શકતું નથી. સાત્ત્વિક શ્રદ્ધાથી ભરપૂર માણસોને મલિન તત્ત્વો નવ ગજ દૂરથી જ નમસ્કાર કરે છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉપદેશોથી આશ્રિતોના મનોબળ મજબૂત બન્યા હતા અને તેઓ નિર્ભય રીતે વિહરતા હતા.

સામાજિક સમરસતાના પ્રસ્તોતા

ભગવાન શ્રી સ્વામિનારાયણ સામાજિક અને ધાર્મિક સમરસતાના પોષક હતા. વર્ણાશ્રમ અંગે ભગવાન શ્રી સ્વામિનારાયણનું વલણ ભારે ઉદાર રહ્યું છે. એમણે ક્યારેય રૂઢિચુસ્તતાને પ્રોત્સાહન આપ્યું નથી.

જે લોકો સ્નાનાદિકથી શુદ્ધ રહે, પૂજન-અર્ચન કરે, નિર્વ્યસની જીવન જીવે, પ્રામાણિકતાનું પાલન કરે, પંચ વ્રતોને અનુસરે, ભજન-કીર્તન કરે, એ ઊતરતા વર્ણના હોય તોપણ ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને ક્યારેય હલકાં ગણ્યા નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મસુધારક પણ હતા અને સમાજસુધારક પણ હતા, પરંતુ એ માટે એમની રીત કહેવાતા સમાજ સુધારકો જેવી ન હતી, પરંતુ પ્રાચીન સંત-પરંપરાને અનુરૂપ હતી.

પ્રાચીન સંત પરંપરામાં જાતપાતના ભેદ ગૌણ ગણાતા હતા અને ચૈતન્યના ગુણો ઉપર વિશેષ ભાર મૂકવામાં આવતો હતો.

એક વાર જેતપુરના દરબારે કટાક્ષમાં ભગવાન શ્રી સ્વામિનારાયણને પૂછ્યું, "ઉચ્ચ કોણ અને નીચ કોણ?"

જેતપુરના દરબાર ભગવાન શ્રી સ્વામિનારાયણને વટલાયેલા માનતા હતા, કારણ કે તેઓ બ્રાહ્મણ હોવા છતાં કાઠીઓના હાથનું જમતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે બેધડક જવાબ આપ્યો, "ભક્તિ કરે તે ઉચ્ચ કુળનો અને ન કરે ને નીચ કુળનો."

ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશય હતો કે, "દરબાર! તમે ભક્તિ કરશો તો ઉચ્ચ કુળના ગણાશો, નહીંતર તમે પણ નીચ કુળના જ રહેશો."

ભગવાન શ્રી સ્વામિનારાયણનો જવાબ સાંભળી દરબારનું મોંઢું શ્યામળું થઈ ગયું.

ભારતીય સંતજીવનમાં વર્ણાશ્રમની કડક વ્યવસ્થાને બદલે ભારે ઉદારતા જોવા મળે છે અને આ ઉદારતાએ ભારતીય સમાજમાં સમરસતા ઉત્પન્ન કરવામાં મહત્ત્વનો ભાગ ભજવેલો છે. સદ્ગુરુ રામાનંદસ્વામી, નરસિંહ મહેતા, કબીર, રૈદાસ વગેરે

એમનાં ઉદાહરણો છે.

સામાજિક સમરસતાના નિર્માણ અંગે ગાંધીજી જે કાર્ય કરી શક્યા, તેની પાછળ પણ પૂર્વે થયેલા મહાપુરુષોએ રચેલી ભૂમિકા મહત્ત્વનું પરિબળ રહેલ છે.

જેમ કઠણ નારિયેળ પહેલા ઘાએ ન તૂટે, બે-ચાર ઘાએ તૂટે. એનો અર્થ એ નથી કે આગળના ઘા નિષ્ફળ ગયા છે. આગલા ઘા નારિયેળને ખોખરું કરે છે, ત્યારે જ છેલ્લો ઘા નારિયેળને તોડવાનો યશને પ્રાપ્ત કરે છે.

ગાંધીજી આ ક્ષેત્રમાં જે ક્રાંતિ કરી શક્યા, એ તો છેલ્લો ઘા હતો. હકીકતમાં ગાંધીજી પહેલાના મહાન સંતોએ આ વિસંવાદિતાભરી સમાજ-વ્યવસ્થાને ખોખરી કરી નાખી હતી.

દુર્ભાગ્યે ગાંધીજી પછીના રાજકારણીઓએ અને કહેવાતા સમાજસુધારકોએ જે રસ્તાઓ અપનાવ્યા, એનાથી સમરસતાને બદલે વર્ગ-વિગ્રહોના મૂળ ભારે ઊંડાં ગયાં અને વર્ગ-વર્ગ પ્રત્યે વેરઝેર વધારનારાં સાબિત થયાં.

સાજડનાં લાકડાંને ભમરો કોરી ખાય અને અંદરથી ખોખલો બનાવે, એ જ રીતે આ કહેવાતા સુધારકોની પદ્ધતિએ ભારતીય સમાજને ભારે ખોખલો બનાવ્યો અને વર્ગ-વર્ગ વચ્ચે વિદ્વેષના ભયંકર બીજ રોપ્યાં.

એક સામાન્ય સત્યનો સર્વને ખ્યાલ હોવો જોઈએ કે, "રાજકીય ક્રાંતિઓ રાતોરાત થઈ શકે છે, પરંતુ ધાર્મિક કે સામાજિક ક્રાંતિઓ રાતોરાત થતી નથી. એ માટે તો ધૈર્ય, સમજણ, પ્રેમ અને ઉદારતા ભારે જરૂરી છે, કારણ કે ધાર્મિક સુધારણાઓને અમલમાં આવતા ઘણો સમય લાગતો હોય છે."

ગાંધીજીનો 'હરિજન' શબ્દ ભારે મહિમાવંત અને ગૌરવ ભરેલો શબ્દ છે. હરિજન શબ્દ સામાજિક સમરસતાનો સેતુ છે, પરંતુ ત્યાર પછીના કહેવાતા સમાજ-સુધારકોએ કેટલાક એવા નવતર શબ્દોનો પ્રયોગ કર્યો, કે જે વર્ગ-વર્ગ વચ્ચે સેતુ બાંધવામાં ભારે બાધક બન્યો અને દ્વેષને વધારનાર સાબિત થયો છે.

આ કહેવાતા સમાજ-સુધારકોએ વર્ગવર્ગ વચ્ચે સેતુ બાંધવાને બદલે સાજાફાડ સુથારની જેમ આડેધડ તોડફોડ કરી છે. વિશ્વપ્રસિદ્ધ સંત સ્વામી વિવેકાનંદજીએ પણ તેઓના સમકાલીન આવા કહેવાતા સમાજ-સુધારકોના ઊંટવૈદ્યા તરફ કટાક્ષ કરી ભારતીય સંત-પરંપરાની સમરસતાની પ્રશંસા કરી છે, જે એમણે ભારતમાં આપેલાં ભાષણોમાંથી જાણવા મળે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સામાજિક સમરસતાની સ્થાપના માટે ભારતીય સંત-પરંપરાને શોભે એવો હૃદય-પરિવર્તન અને સંસ્કાર-પરિવર્તનનો માર્ગ અપનાવ્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે નાનામાં નાના અને પછાત ગણાતા વર્ગમાં દારૂ-માંસ છોડાવ્યાં હતાં. પ્રામાણિકતા અને સદાચારના સિંચન કર્યાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના સંતોના ઉપદેશને પરિણામે નાની નાની ઊતરતી કોમો પણ બ્રાહ્મણોની જેમ ગાળવું, ચાળવું, સ્નાન, પૂજા-પાઠ વગેરે ઊજળા આચાર પાળતી હતી. પરિણામે લોકોમાં કહેવત પડી હતી કે, 'સ્વામિનારાયણનો ધર્મ એટલે ઊજળો ધર્મ.'

ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુયાયી વર્ગમાં આવા આચારથી ઊજળા અનુયાયીઓનો વર્ગ બ્રાહ્મણો કરતાં પણ મોટી સંખ્યામાં હતો.

છાણીના હરિજન તેજા બાપા, કવીશ્વર નારણદાસ, જૂનાગઢના ગોવા ભંગી, લીંબડી ગામનો સગરામો વાઘરી, ટીંબી ગામના કોળી વીરા સાંખડ, અમરા ભગત, પીઠા ભગત જેવા સેંકડો ભક્તોના સુંદર પ્રસંગો સત્સંગના સાહિત્યમાં સુપ્રસિદ્ધ છે.

બ્રાહ્મણો જેવા ઊજળા થશો

વડોદરા પાસે છાણી ગામ છે. ગામમાં વણકરોની સારી એવી વસ્તી છે. વણકરોમાં તેજા બાપા નામે આગેવાન હતા. તેઓનું અંતર ભક્તિના રંગથી રંગાયેલું હતું. અધૂરામાં પૂરું સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીનો જોગ થયો. તેજા બાપાની ભક્તિ પૂર્ણિમાના ચંદ્ર જેવી સોળે કળાયે ખીલી ઉઠી.

તેજા બાપાના કંઠમાં બેવડી જાડા પારાની કંઠી (માળા) અને કપાળમાં ભડકા જેવો ચાંદલો શોભતો રહેતો. કબીરની શાળ ઉપર રામનામી ચાદર વણાય એમ એમની શાળ ઉપર 'સ્વામિનારાયણ' નામની ચાદર વણાતી રહેતી.

તેજા બાપાના સત્સંગથી કેટલાંય વણકર પરિવારો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયાં હતાં. ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલ પધારે ત્યારે તેજા ભગત ક્યારેક એકલા તો ક્યારેક વણકર મંડળીને લઈને દર્શને આવતાં.

મહારાજ પણ એમને ભારે આદરથી બોલાવતા અને પ્રસાદી આપતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાદષ્ટિ પામીને વણકરો ધન્ય ધન્ય થઈ જતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના નેણ વેણના જાદુએ તેજા બાપાના મન અને પ્રાણ હરી લીધાં હતાં. તેઓ અહર્નિશ સ્વામિનારાયણ મહામંત્રનું રટણ કરતા રહેતા હતા.

વડતાલ એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણની રમણભૂમિ. ભગવાન શ્રી સ્વામિનારાયણે વડતાલમાં ખૂબ નિવાસ કરેલો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયનો સુપ્રસિદ્ધ શિક્ષાપત્રી ગ્રંથ અહીં લખ્યો છે. વડતાલનું સુપ્રસિદ્ધ મંદિર એમણે

જાતે ઈંટ-ચૂનાનાં તગારાં લઈને બંધાવ્યું છે.

એક સમયની વાત છે, સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામીની દેખરેખ નીચે વડતાલ મંદિરના પાયાની પૂરણીનું કામ ચાલી રહ્યું હતું. સ્વયં શ્રીજી મહારાજ પણ આ સમયે અહીં વિરાજમાન હતા.

ગુજરાતની ધરતીમાં ઊંડે સુધી રેત-માટીના થર હોય એટલે પાયા ખૂબ જ ઊંડાં જાય. એમાં પણ આ તો વિશાળ અને ભવ્ય નવ શિખરોવાળા કમળાકાર મંદિરનો પાયો, એટલે પાયો પાણી આવ્યું ત્યાં સુધી ઊંડો ગાળવામાં આવ્યો!

અતિશયોક્તિ લાગે તો ક્ષમા કરશો પણ આ મંદિરના પાયામાં નવલાખ ઈંટો વપરાયેલી છે.

વડતાલમાં હાલ જ્યાં જ્ઞાનબાગ છે, ત્યાં ઈંટોના ભઠ્ઠા કરવામાં આવેલા. એ સમયની ઈંટો પણ આજની ઈંટો કરતા લગભગ બે ગણી મોટી રહેતી.

સંતો-હરિભક્તો અને સ્વયં મહારાજ પણ માથે ઈંટો લઈને આવતાં અને પાયામાં પૂરતાં. પાયાની પૂરણીની સેવા માટે છાણીથી તેજા બાપા પણ વણકરોની મંડળી લઈને આવેલા. તેજા બાપાએ મહારાજને વિનંતી કરતા કહ્યું, “મહારાજ! આ ઈંટો સારવાની સેવા હવે અમને કરવા દ્યો!” નાના હૈયાની મોટી વાત મહારાજના દિલને સ્પર્શી ગઈ.

હરિજનબંધુઓ માંડ્યા ઈંટો સારવા. ઈંટો સારવામાં આ ભક્તોનો ઉત્સાહ અનેરો હતો. દરેકના માથા ઉપર ઈંટો હતી અને મુખે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન હતી. સમસ્ત વાતાવરણ સેવા અને ભજનની સુંગધથી ભરપૂર હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ઈંટોના ઢગલા ઉપર ઊભા રહેતા, પ્રેમભરી મીટ માંડતા અને આ નાના વરણની મોટી સેવાને નીરખીને રાજી થતા. મહારાજની દૃષ્ટિ હરિજન બાઈઓ-ભાઈઓના ઉત્સાહને બેવડાવી દેતી.

વડતાલ મંદિરનો ઇતિહાસ બોલે છે કે, એ હરિજન ભાઈઓ-બહેનોએ ચાર-પાંચ દિવસમાં તો અઢી લાખ ઈંટો સારી હતી.

આ સેવાથી મહારાજ અત્યંત રાજી થયા. એમણે તેજા બાપા તથા આ હરિજન બંધુઓને પાસે બોલાવ્યા અને બોલ્યા, “ તેજા ભગત! આ તમારા નાતીલા તો ભારે સેવા કરે છે.”

મહારાજના પ્રોત્સાહક શબ્દોએ સર્વનો શ્રમ હરી લીધો.

તેજા બાપાએ બે હાથ જોડ્યા અને બોલ્યા, “આ બધાના હૈયામાં તમને પ્રગટ ભગવાનને રાજી કરવાની હામ છે.”

યોગીરાજ ગોપાળાનંદસ્વામીએ તેજા ભગતના હૈયામાં પ્રગટ ભગવાનની નિષ્ઠાનાં

બીજ બરાબરનાં રોપ્યાં હતાં.

મહારાજ થોડી વાર સર્વને રાજીપા ભરી નજરે નીરખી રહ્યા અને બોલ્યા, "તેજા ભગત! બોલો, આ સેવાના બદલામાં અમે તમને શું આપીએ? તમે જે માગશો તે અમે આપીશું."

પુરુષોત્તમ નારાયણ આજે અઢળક ઢળ્યા હતા. સામે તેજા ભગત પણ સુપાત્ર હતા. ગુરુરાજ ગોપાળાનંદસ્વામીનો જોગ અને પ્રગટ ભક્તિના પ્રતાપે એના અંતરની સર્વ એષણાઓ શમી ચૂકી હતી. મહારાજે માગવાનું કહ્યું એટલે તેજા ભગત બોલ્યા, "મહારાજ! અમારે બીજું કાંઈ તો જોઈતું નથી, પણ આપ જે ઈંટોના ઢગલા ઉપર ઊભા છો, એમાંથી એક ઈંટ અમને આપો!"

તેજા બાપાની માગણી સાંભળી મહારાજ પ્રેમભરી નજરે એમની સામે જોઈ રહ્યા. પ્રસાદીની ઈંટની માગણીમાં ભક્તહૃદયનો ભાવ અને પ્રગટની ભક્તિનો મહિમા નીતરતો હતો. મોટા મોટા રાજા-મહારાજાઓને ત્યાં દોમદોમ સાહ્યબી હોય, છતાં એ ભીતરથી તો ભિખારી જ હોય! મોટા મોટા યોગીઓ પણ સિદ્ધિઓના મોહમાં સપડાઈને મુખ્યમાર્ગથી ભટકી જતા હોય છે ત્યારે આ એક હરિજન ભગતના હૈયાનો નિષ્કામ ભાવ ભગવાનના અંતરને ભીંજવી ગયો. મહારાજે અતિ રાજી થઈને પોતાને હાથે એક ઈંટ ઉઠાવી અને તેજા ભગતના હાથમાં આપી!

તેજા બાપાએ એ મહાપ્રસાદીની ઈંટને આંખ-માથા ઉપર ચઢાવી, એના નેત્રોમાંથી આંસુડાંની ધાર વહેવા માંડી અને રૂંધાયેલા કંઠે બોલ્યા, "મારા ભગવાન! મારા બાપલિયા! આજે તમે અમને ન્યાલ કર્યા. ભરતજીને આપેલી પાદુકા જેવી આ ઈંટને અમે જતનથી જાળવીશું! આ ઈંટ અમારા નાના વરણ માટે ભક્તિનો મોટો આધાર બનશે."

તેજા બાપાની હાર્યે આખો વણકર સમાજ પણ ભાવવિભોર બની ગયો હતો. આ જોઈને મહારાજનું હૃદય પણ ગદ્ગદ્ થઈ ગયું.

મહારાજ બોલ્યા, "ભગત! હવે બીજી કોઈ ઇચ્છા છે?"

તેજા બાપા હાથ જોડી બોલ્યા, "હજુ એક ઇચ્છા છે!"

મહારાજે કહ્યું, "બોલો."

તેજા ભગતે કહ્યું, "મહારાજ! ક્યારેક છાણી ગામ પધારી અમારા વણકરવાસને પાવન કરો."

કરુણાનિધાન મહારાજ બોલ્યા, "ભલે, ભગત! અમે અવશ્ય છાણી આવીશું."

મહારાજના વેણ સાંભળી બધો જ વણકર સમાજ સ્વામિનારાયણ બાપાના નામનો

જયઘોષ કરવા લાગ્યો.

તેજા બાપા વણકર સમાજ સાથે પાછા છાણી આવ્યા. પોતાના ઘરમાં પૂજા સ્થાનમાં ઈંટ પધરાવી રોજ પૂજન-દર્શન કરવા લાગ્યા અને શબરીની જેમ આતુર હૈયે મહારાજનાં આગમનની રાહ જોવા લાગ્યા.

ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ છાણી પધાર્યા અને વાજતે-ગાજતે વણકર વાસમાં પધરામણી કરી. આજે આખો વાસ ધન્ય થઈ રહ્યો હતો.

મહારાજે સભા કરી. સભામાં માત્ર વણકર બંધુઓ જ ઉપસ્થિત હતા એટલે મહારાજે પૂછ્યું, 'તેજા ભગત! ગામમાં વણકરો સિવાય બીજી વસ્તી ખરી કે નહીં?'

તેજા ભગતે કહ્યું, 'મહારાજ! ગામમાં બ્રાહ્મણ, વાણિયા વગેરે ઘણા લોકો વસે છે.'

મહારાજે પૂછ્યું, 'તો એ કોઈ કેમ દેખાતા નથી?'

તેજા ભગતે કહ્યું, 'મહારાજ! ગામના ઉજળિયાત વરણે ગઈ રાત્રે ઢોલ વગડાવીને જાહેર કર્યું છે કે, સ્વામિનારાયણના સામૈયામાં કોઈએ ન જવું.'

મહારાજને લોકોની અજ્ઞાનતા ઉપર હસવું આવ્યું. મહારાજ બોલ્યા, "તેજા ભગત! તમારે કોઈએ મૂંઝાવાની જરૂર નથી. તમે બધા અમારા આપેલા પાંચ વર્તમાન પાળજો- દારૂ, માંસ, કેફી પદાર્થોથી દૂર રહેજો, દૂધ, પાણી, ઘી, તેલ ગાળીને વાપરજો, દોરા-ધાગામાં માનતા નહીં, રોજ સવારે નાહીધોઈને અમારા પૂજા-પાઠ કરજો. 'સ્વામિનારાયણ' મંત્રની માળા કરજો. તમે આચાર-વિચારમાં બ્રાહ્મણો જેવા ઊજળા થશો. બ્રાહ્મણો પણ તમારા જીવનમાંથી પ્રેરણા લેશે. તમે આ લોકમાં સુખી થશો અને અંત સમયે અમે તમને અમારા ધામમાં તેડી જઈશું. "

મહારાજની અમૃતવાણીનું પાન કરીને સર્વ ધન્ય થઈ રહ્યા હતા. મહારાજે પોતાના સ્નેહસાગરમાં સમસ્ત વણકરવાસને સમાવી લીધો.

તમારી રસોઈ અમને ન ખપે

મહારાજ છાણી પધાર્યા પછી થોડા સમયની વાત છે. છાણીના બ્રાહ્મણોની નાત્યમાં લગ્નનો પ્રસંગ હતો. નાત્યનો જમણવાર હતો. મોટા પ્રમાણમાં રસોઈ તૈયાર થઈ હતી. એવામાં કંઈક અણધારી અઘટિત ઘટના બની. જેને ત્યાં વરો હતો ત્યાંજ કોઈનું મરણ થયું એટલે નાત્યજમણ બંધ રાખવું પડ્યું. મોટા ભાગની રસોઈ તો થઈ ચૂકી હતી. હવે રાંધેલું ક્યાં નાખવું? એ પ્રશ્ન થયો.

કોઈએ ઉપાય સૂચવ્યો, 'આ ભોજન હરિજનવાસમાં આપી દઈએ.'

બ્રાહ્મણોએ તેજા બાપા અને વાસના આગેવાનોએ બોલાવ્યા અને સઘળી વાત કરી અને કહ્યું, "ભગત! આ ભોજન લઈ જાવ અને વાસમાં બધાને જમાડી દ્યો."

તેજા બાપા હાથ જોડીને બોલ્યા, "ભૂદેવો! બાપા! માઠું નહીં લગાડતા, પણ તમારી રસોઈ અમને નહીં ખપે!"

એક વણકરના મુખેથી 'નહીં ખપે!' શબ્દ સાંભળીને બ્રાહ્મણો આભા બન્યા, એમને આંચકો લાગ્યો, "નહીં ખપે! એટલે શું? આપણાથી ઊતરતા વરણને આપણું ન ખપે?"

બ્રાહ્મણો બોલ્યા, "ભગત! અમારા બ્રાહ્મણોનું તમને ન ખપે? આ તો ભારે નવાઈની વાત કહેવાય!"

તેજા બાપા બોલ્યા, "જુઓ ભૂદેવો! તમે તો અમારા માવતર કહેવાવ! પૂજનીય કહેવાવ! કંઈક અવળુ-સવળું બોલાઈ જાય તો ક્ષમા કરજો! પણ વાત નીકળી એટલે કહું છું, તમારામાંથી કેટલાંય બ્રાહ્મણો ના'તાં-ધોતાં ન હોય! દૂધ, પાણી, ઘી, તેલ ગાળતાં ન હોય, રસોઈ પણ અણગળ પાણીથી કરી હોય, વળી એમાં લસણ, ડુંગળી અને હીંગ નંખાયાં હોય. અમે રહ્યા ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત. અમારા ભગવાનની આજ્ઞા છે કે, 'અમારા આશ્રિતોએ ના'વું-ધોવું, ગાળવું-ચાળવું અને લસણ, ડુંગળી વગેરે પદાર્થો ન ખાવા' એટલે તમારી રસોઈ અમને નહીં ખપે!"

તેજા ભગતની વાત સાંભળી બ્રાહ્મણો શરમિંદા બની ગયા. તેજા બાપાની મધુર પણ તીર જેવી વાણી એમના અંતરને વીંધી ગઈ! બ્રાહ્મણોને મનમાં થયું, "માળો! આ હરિજન તો ખરો નીકળ્યો!"

કેટલાંક સાત્ત્વિક બ્રાહ્મણોના મનમાં થયું, "તેજા ભગતની વાત સાચી છે. કળિયુગના પ્રભાવે આપણે આપણા આચાર-વિચાર વિસરવા માંડ્યા છીએ. ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપે માળા આ હરિજનો આપણાથી પણ આગળ નીકળી ગયા!"

તેજા બાપાએ અને નાત્યના આગેવાનોએ ભૂદેવોને વંદન કરી વિદાય લીધી. બ્રાહ્મણો દિગ્મૂઢ બની એમને જતા જોઈ રહ્યા.

ચારે બાજુ વાતાવરણમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના શબ્દો ગૂંજી ઊઠ્યા, "તમે બ્રાહ્મણો જેવા ઊજળા થશો!" છાણીના વણકરવાસમાં નાનકડું પણ સુંદર મંદિર કરવામાં આવ્યું છે. આજે પણ અહીંના વણકરભાઈઓ સત્સંગ રાખે છે. મકરસંક્રાંતિના મંગળ પર્વે સંતો અહીં ઝોળી માગવા જાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસાદીની ઈંટ તેજા બાપાએ પોતાના ઘરમાં પૂજા સ્થાને પધરાવી હતી. સમય જતાં પરિવારનો વિસ્તાર વધતો ચાલ્યો. ભાઈઓમાં ભાગ પડતા રહ્યા, પરંતુ ઈંટના ભાગ કેમ પાડવા? આખરે મોટા સંતોના કહેવાથી તેજા બાપાના વંશજોએ એ ઈંટ વડતાલ મંદિરને શ્રીકૃષ્ણાર્પણ કરી છે. એ ઈંટ અક્ષરભુવનમાં પધરાવવામાં આવી છે.

ધર્મોએ ઘર બદલ્યાં!

તેજા ભગતના શિષ્ય કવિરાજ નારણદાસ થયા. તેજા ભગતના સત્સંગથી નારણદાસના અંતરમાં ભક્તિનો કેસરિયો રંગ ચઢ્યો હતો. તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત થયા હતા.

નારણદાસ ઉચ્ચકોટિના કવિ હતા. એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણની અનેક લીલાઓ પોતાની રચનાઓમાં ગૂંથી છે. એમના ઉપદેશનાં કીર્તનો હૃદયને ચોટ કરનારાં છે. નારણદાસના કીર્તનો સંપ્રદાયમાં ઘરે ઘરે ઉત્સાહથી ગવાય છે.

એક વાર નારણદાસ વડોદરા જઈ રહ્યા હતા; સવારનો સમય હતો; વિશ્વામિત્રી નદીને કિનારે નારણદાસ સ્નાન-પૂજાપાઠ માટે રોકાયાં હતાં. થોડે દૂર બ્રાહ્મણોની જાન પણ સવારના ટીમણ માટે વિશ્વામિત્રી નદીને કાંઠે રોકાયેલી હતી.

આ બાજુ નારણદાસે સ્નાન-પૂજાપાઠ કરી ટીમણ કર્યું અને વસ્ત્રથી ગાળીને પાણી પીધું.

જાનમાંના કેટલાક બ્રાહ્મણો આ બધું જોઈ રહ્યા હતા. એમના મનમાં થયું 'વેશ ઉપરથી તો આ માણસ ઊતરતી જ્ઞાતિનો લાગે છે, પણ આચારથી આપણને પણ ટપી જાય એવો દેખાય છે. આ કોણ હશે?' આવી જિજ્ઞાસાથી એક-બે જણ નારણદાસ પાસે આવ્યા અને પૂછ્યું, "ભાઈ! તમે ક્યાંના છો? અને કેવા છો?"

નારણદાસે બ્રહ્મદેવતાઓને હાથ જોડીને વિનયપૂર્વક કહ્યું, "બાપા! હું છાણી ગામનો હરિજન છું અને મારું નામ નારણદાસ છે."

બ્રાહ્મણોને આશ્ચર્ય થયું અને પૂછ્યું, "નારણદાસ! તમે હરિજન થઈને આવા ઊજળા આચાર પાળો છો?"

નારણદાસે ફરીથી વિનયપૂર્વક કહ્યું, "ભૂદેવો! આ બધો તો સ્વામિનારાયણ બાપાનો પ્રતાપ છે, હું એમનો સત્સંગી છું અને એમની કૃપાથી આ બધા આચારો અમારાં જીવનમાં ઊતર્યા છે. મેં એમના વર્તમાન ધાર્યાં છે. દારૂ-પરમાટીનો ત્યાગ કર્યો છે, લસણ-ડુંગળી અને હિંગ સુધ્ધાં ખાતો નથી."

"ભગવાન શ્રી સ્વામિનારાયણે અમને હિંસા ન થાય માટે ઘી, દૂધ અને પાણી પણ વસ્ત્રથી ગાળીને વાપરવાની આજ્ઞા કરી છે. સ્વામિનારાયણ બાપાને પ્રતાપે અમારું હરિજનોનું આખું છાણી ગામ સત્સંગી થયું છે અને બધા જ સુખી થયા છે."

બ્રાહ્મણોએ કહ્યું, "પણ નારણદાસ! આ બધા તો બ્રાહ્મણોના ધર્મ! આમાંથી કેટલાક નિયમ તો અમે બ્રાહ્મણોય નથી પાળતા અને તમે હરિજન થઈને આવું બધું પાળો છો, એની અમને નવાઈ લાગે છે!"

નારણદાસ કવિ તો હતા જ, એટલે એમના કલ્પનાશીલ હૃદયમાંથી એક સુંદર વાત પ્રગટી. એમણે હળવા હાસ્ય સાથે બ્રાહ્મણોને કહ્યું.

"ઈ તો બાપા એવું છે ને કે એક વખતે અમારે ત્યાં એક આશ્ચર્યકારક બીના બની! એક દિવસ વહેલી સવારે અમારા ઘરની પછવાડે કોઈ રોતું હતું, એટલે અમારા બાપાએ એને બોલાવીને પૂછ્યું કે "ભાઈ! તું કોણ છો? અને શા માટે રડે છે?"

પે'લાએ કહ્યું, "બાપા! હું ઊજળા વર્ણનો ધરમ છું, પણ એ લોકોએ મને મારીને કાઢી મૂક્યો છે, મને કોઈ રાખતું નથી, આશરો શોધતો ફરું છું અને આશરા માટે રડું છું."

"ભૂદેવો! મારા બાપા દયાળુ સ્વભાવના હતા. એણે કહ્યું, "તું રડ મા! અમારા ઘરમાં આવી જા અને શાંતિથી રહે." એટલે એ ઊજળો ધરમ રડતો બંધ થયો અને અમારા ઘરમાં રહ્યો. ત્યારથી અમે ના'તાં-ધોતાં, સ્નાન-પૂજાપાઠ કરતાં અને પવિત્રપણે રહેતા થયા, અમારા આહાર-વિહાર પણ સુધરી ગયા." ભૂદેવો નારણદાસની વાત આશ્ચર્યથી સાંભળી રહ્યા હતા.

નારણદાસે વાત આગળ ચલાવી. "બાપા! સાંભળો, ખરી બીના તો હવે બની. અમારાં ઘરમાં અમારો જૂનો ધરમ હતો, જે ઊજળાના ધરમથી તદ્દન ઊલટો હતો. એમાં ખાવા-પીવાનો વિવેક નો'તો, ગાળવા-ચાળવાની વાત નો'તી. આવા અમારા ધરમને ઊજળાના ધરમ હાર્યે ફાવ્યું નહિ, એટલે બન્ને વચ્ચે વઢવેડ શરૂ થઈ!"

વડોદરાના બ્રાહ્મણો નારણદાસની વાતને રસપૂર્વક સાંભળતા હતા. નારાયણદાસ બોલ્યા, "ભૂદેવો! આખરે અમારા જૂના ધરમે અમારા બાપાને કહ્યું, 'એક મ્યાનમાં બે તલવાર ન પોષાય, એમ એક ઘરમાં બે ધરમ ન પોષાય. કાં, મને રાખો અને કાં એ નવાને રાખો!"

અમારા બાપાએ એને ઘણું સમજાવ્યો પણ માન્યો નહિ એટલે કહ્યું, "નવા ધરમને તો અમે આશરો આપ્યો છે. આશરાનો ધરમ જોતાં અમારાથી એને જાકારો દેવાય નહિ. તારે રહેવું હોય તો રહે અને જાવું હોય તો જા."

"અમારા બાપાની વાત સાંભળી અમારા જૂના ધરમને ખૂબ માઠું લાગ્યું અને એ અમારું ઘર છોડીને નીકળી ગયો. એ પણ આશરો શોધતો હતો, ત્યારે કેટલાક દયાળુ ઉજળિયાતોએ એને આશ્રય આપ્યો!"

આટલું કહી નારણદાસે મંદ હાસ્ય સાથે વાતનું સમાપન કરતા કહ્યું, "બાપા! માઠું ન લગાડશો. આ તો આશરા-ધરમની વાત છે. ઉજળિયાતનો ધરમ અમારે ત્યાં આવ્યો; અમે એને આશરો આપ્યો. અમારો ધરમ કેટલાક ઉજળિયાતને ત્યાં ગયો. એમણે એને આશરો આપ્યો, એટલે આમાં કાંઈ નવાઈની વાત નથી."

નારણદાસની નિખાલસ, નિધડક, નિર્મળ અને સદાચારના તેજ ભરેલી વાણી સાંભળીને બ્રાહ્મણો દંગ રહી ગયા. એમને થયું, 'માળો! આ હરિજન તો બોલવામાં ભારે જબરો છે; વાદમાં જીતાય એવો નથી! આણે તો આપણને મીઠી વાણીએ વાતવાતમાં ન કહેવાનું કહી દીધું; આવા બોલકા માણસ સાથે જીભાજોડી કરવામાં સાર નથી.' આમ, વિચારી બ્રાહ્મણો ઝંખવાતે ચહેરે પાછા ફર્યા.

ભક્તરાજ શ્રી નારણદાસ શ્રેષ્ઠ કવિ હતા. એમણે અનેક કીર્તનો રચ્યાં છે. જેમાંનું એક કીર્તન માણવા જેવું છે,

જુઓ જુઓ છેલાજીનું છોગલિયું, છોગલિયાની શી કહું વાત. છેલાજીનું-૧
ઘણું શોભે છે સોનેરી પાઘમાં, છોગલિયાની નવલી ભાત. છેલાજીનું-૨
ફર ફર ફર ફરકે છોગલિયું, ઝળ ઝળ ઝળ ઝળકે તાર. છેલાજીનું-૩
ફૂલ તોરા ગુલાબી લટકે છે, ત્યાં ભ્રમર કરે છે ગુંજાર. છેલાજીનું-૪
માંહી મોંઘા મણીને હીરા છે, રૂડી લટકે મોતીડાંની લે'ર. છેલાજીનું-૫
છેલ છોગાળા છોગલાં મેલીને, પ્રભુ આવો અમારે ઘેર. છેલાજીનું-૬
ઝીણી ઝીણી રે ભાત છે જામાની, જમણા કરમાં રેશમી રૂમાલ. છેલાજીનું-૭
મળ્યા નારાયણદાસનો નાથજી, નીરખીને થઈ છું નિહાલ. છેલાજીનું-૮

સાહિત્યક્ષેત્રે વિવિધ પ્રકારની હજારો રચનાઓ છે, પરંતુ માત્ર એક છોગલિયાંનું આટલું સુંદર વર્ણન કોઈ કવિએ કર્યું હોય એવું ભાગ્યે જ જોવા મળે.

ભક્તકવિ નારણદાસને તો ધન્યવાદ છે જ, પરંતુ એ જમાનામાં ઊતરતી ગણાતી કોમને બ્રાહ્મણો જેવા સદાચાર પાળતી કરનાર ભગવાન શ્રી સ્વામિનારાયણને હજારો હજાર વંદન!

કાશ! ભગવાન શ્રી સ્વામિનારાયણની આ સંસ્કાર પરિવર્તનની પ્રક્રિયા જો ઉત્તરવર્તી કાળમાં પણ ચાલુ રહી હોત, તો એનું પરિણામ આજે કંઈક જુદું જ હોત!!!

બોલો, અમે આત્મા છીએ!

ભગવાન શ્રી સ્વામિનારાયણ એક વખત અગતરાઈ પધાર્યા હતા. ગામની બહાર આંબાવાડિયામાં ઊતર્યા હતા. થોડે દૂર કેટલાક હરિજનોના છોકરાં રમતાં હતાં. મહારાજે એમને નજીક બોલાવ્યાં. છોકરાંઓ અચકાતાં અચકાતાં મહારાજ પાસે આવ્યાં અને દૂર ઊભાં રહ્યાં.

મહારાજે એમને પ્રેમથી પાસે બોલાવતા કહ્યું, "છોકરાઓ! ડરો નહીં, પાસે આવો."

મહારાજની પ્રેમભરેલી વાણીથી છોકરાંઓનાં હૈયામાં હિંમત આવી. મહારાજનાં

મીઠાશ ભરેલા શબ્દોથી છોકરાંઓ ભારે આનંદ અનુભવવા લાગ્યાં, છોકરાં પાસે આવ્યાં.

મહારાજે એમને ખોબો ભરી ભરીને સાકર આપી. છોકરાં ખુશખુશાલ થઈ ગયાં. પછી મહારાજે એમને પૂછ્યું, "છોકરાઓ! તમે કોણ છો?"

છોકરાંઓ બોલ્યા, "બાપજી! અમે 'હરિજન' છીએ."

મહારાજે કહ્યું, "છોકરાઓ તમે હરિજન નથી, તમે તો આત્માઓ છો. માટે બોલો 'અમે આત્મા છીએ."

છોકરાંઓ બોલ્યા, "અમે આત્મા છીએ."

માસ્તર જેમ મોંપાઠ લેવડાવે એમ મહારાજે બધા છોકરાઓ પાસે "અમે આત્મા છીએ, અમે આત્મા છીએ" એવી મોંપાઠ લેવડાવી."

મોટા મોટા પણ આત્માની વાતમાં અટવાઈ જતા હોય છે, ત્યારે આ નાના નાના છોકરાઓ આત્મા-બાત્મામાં શું સમજે? પરંતુ એમને તો મહારાજ પાસે મોજ પડી રહી હતી. કોઈ ઉચ્ચ વર્ણના મોટા માણસ એમને આટલા પ્રેમથી બોલાવે. એ એમના જીવનની પ્રથમ ઘટના હતી.

મહારાજના નિર્મળ પ્રેમે એમનાં શરમ સંકોચ દૂર કરી દીધાં હતાં. મહારાજ પાસે મોંપાટ લેવામાં એમને મઝા પડતી હતી, એટલે તેઓ આત્મા-આત્માનું રટણ કરતા હતા.

થોડી વાર આ રીતે મોંપાઠ લેવડાવ્યા પછી મહારાજે થોડી હળવી વાતો કરી. ફરી પાછું મહારાજે પૂછ્યું, "છોકરાઓ તમે કોણ છો?"

છોકરાઓ બોલ્યા, "બાપજી! હરિજન છીએ."

મહારાજની પાસે બેઠેલા બધા હસવા લાગ્યા. મહારાજે સભાજનોને કહ્યું, "વિષયોના જોગમાં જીવ ચામડિયો થઈ ગયો છે. પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે અને પોતે જે નથી તે માની લીધું છે. તમારામાંના મોટા ભાગનાની દશા પણ આ છોકરાઓ જેવી છે. અમે વારંવાર બ્રહ્મરૂપ થવાની વાત કરીએ છીએ, પણ આ જીવ બ્રહ્મભાવને બદલે દેહભાવમાં જ રમ્યા કરે છે. પોપટિયા જ્ઞાનની પેઠે આત્મા-આત્માનું રટણ કરે છે, પરંતુ પંચવિષયના દાણાની લાલચે માયાના પિંજરે પૂરાયેલો જ રહે છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણનો ઉપદેશ આમજનતાના હૃદય સોંસરવો ઊતરી જાય એવો હતો. ઉદાહરણ સાથેની એમની સીધી-સાદી ભાષા સર્વને સમજવામાં સરળ રહેતી. ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશય આમજનતાને સદાચારને રસ્તે વાળી સુખી અને સંસ્કારી કરવાનો હતો.

સ્વાભાવિક રીતે ઊંડા તત્ત્વજ્ઞાનને બધા લોકો નથી સમજી શકતા નથી પચાવી શકતા. ગહનમાં ગહન તત્ત્વજ્ઞાનને મહારાજ ખૂબ સરળ રીતે, ગામડાંના અભણ લોકોને

પણ ગળે ઊતરી જાય એ રીતે સમજાવતા.

બીજી મહત્ત્વની વાત એ છે કે સ્વામી વિવેકાનંદજી કહે છે એમ વેદાંત વ્યવહારમાં વણાવું જોઈએ. વેદાંત આકાશના ભડાકા જેવું ન હોવું જોઈએ. જે વેદાંત લૌકિક વ્યવહારને ઉન્નત બનાવવામાં કામ ન આવે, એ વેદાંત પાંકડી ગાય જેવું વાંઝિયું ગણાય. પાંકડી ગાય દેખાવે સારી હોય, પણ ન વીયાય કે ન દૂધ આપે. એ જ રીતે જે તત્ત્વજ્ઞાન આમજનતાના દુ:ખ-દારિદ્રને દૂર કરવાના ઉપયોગમાં ન આવે, એ તત્ત્વજ્ઞાનનો કોઈ અર્થ નથી.

ભૂખથી પીડાતા માણસને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ દેવાનો ન હોય, ભોજન આપવાનું હોય, રોગથી પીડાતા માણસને આત્મજ્ઞાનનો ઉપદેશ ન અપાય, એને ઔષધ આપીને સાજો કરાય.

દુ:ખી માણસ 'કર્મના ફળ ભોગવે છે' એવું કહેવું એ એનો ઉપહાસ છે. દુ:ખી માણસના દુ:ખ-દારિદ્રને દૂર કરવા એ જ સાચી ધાર્મિકતા છે.

અગતરાઈના આ પ્રસંગ દ્વારા મહારાજે એક સાથે બે હેતુ સાર્યા હતા. એક તો એમણે નાનામાં નાના ઊતરતા વર્ણને વાસ્તવમાં 'તેઓ કેટલા મહાન છે' તેનો બોધ કરાવ્યો હતો અને બીજું, એમણે ઝીણામાં ઝીણાં તત્ત્વજ્ઞાનને સરળતાથી સમજાવી દીધું હતું.

ચૂડાની ભંગી બાઈ ગંગા

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ લોયા પધાર્યા હતા અને અહીંયા સુરા ખાચરના દરબારગઢના પ્રાંગણમાં સભા ભરી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણની સભા હોય, ત્યાં બાઈઓ-ભાઈઓની બેઠક અચૂક અલગ હોય.

ભગવાન શ્રી સ્વામિનારાયણની સભામાં સંતો-ભક્તો, બાઈઓ-ભાઈઓ પોતપોતાના વિભાગમાં બેસીને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃતોનું શ્રવણ કરી રહ્યાં હતાં.

એ સમયે એક ઝાંપડી ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શને આવી. એનું નામ ગંગા હતું. આ બાઈ ચૂડા ગામની વતની હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે આ ભંગી બાઈને અત્યંત ભાવ હતો. ગંગાએ સાંભળ્યું કે ભગવાન શ્રી સ્વામિનારાયણ લોયા પધાર્યા છે, એટલે એ ચૂડાથી પગે ચાલીને મહારાજનાં દર્શને આવી હતી.

ગંગાએ દૂરથી મહારાજને વંદન કર્યાં. મહારાજે સભામાં બેઠેલી બહેનોને કહ્યું, “તમે એક ખૂણે આ બાઈને બેસવાની જગ્યા કરી આપો.”

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા થઈ એટલે બાઈઓએ ગંગાને બેસવા માટે જગ્યા તો કરી આપી, પરંતુ 'ભંગી બાઈને સાથે કેમ બેસાડાય!' એવી ભાવનાથી સભામાં બેઠેલી બાઈઓ બબડાટ કરવા માંડી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ બાઈઓના અણગમાને પારખી ગયા. એમણે સૂરા ખાચરના પત્ની શાંતાબાને પૂછ્યું, "શાંતાબા! તમારાં ફળિયામાં કે તમારાં એકઢાળિયામાં ઢોર મરી જાય, તો એને લઈ જવા કોણ આવે છે?"

શાંતાબાએ કહ્યું, "મહારાજ! એ તો ભંગી લઈ જાય છે."

મહારાજ કહે, "તમારા ઘર, ઓસરી કે આંગણામાં કૂતરાં-બિલાડાં મરી જાય તો એને કોણ લઈ જાય છે?" શાંતાબાએ કહ્યું, "મહારાજ! એ પણ ભંગી જ લઈ જાય છે."

મહારાજ કહે, "શાંતાબા! તમારાં ફળિયામાં, ઓસરીમાં, આંગણામાં ભંગીને આવવા દો છો, તો આ ગંગા તમારી સભામાં એક બાજુ બેસે, તો તમને શું વાંધો છે? તમે માખીઓની જેમ બણબણાટ શા માટે કરો છો?" મહારાજની વાત સાંભળતા જ સભામાં સોપો પડી ગયો. મહારાજે કહ્યું, "આ ભંગીલોકો તમારી આટલી આટલી સેવા કરે છતાં તમે એના પ્રત્યે સૂગ રાખો તે સારું નથી અને બીજું સાંભળો, આ બાઈ પૂર્વ જન્મમાં ઉજળિયાત કોમમાં શ્રીમંત શેઠાણી હતી. એને પોતાની નાતનું ભારે અભિમાન હતું. એ ઊતરતા ગણાતા વર્ણનો ભારે અનાદર કરતી હતી."

"એક વાર એવું બન્યું કે એ બાઈ પોતાનાં ઘરની મેડીએ બારી પાસે ઊભી હતી. ચોમાસાની ઋતુ હતી. એ સમયે એક ફૂટડો ભંગી યુવાન વાંસળી વગાડતો વગાડતો નીકળ્યો. જુવાન છોકરો ભારે રૂપાળો હતો અને વાંસળી વગાડવામાં ભારે કુશળ હતો."

"વરસાદી વાતાવરણ, આહ્‌લાદક હવા, બંસરીનો મધુર સ્વર અને છોકરાંના રૂપે એ બાઈને કામાંધ કરી. કામવાસનાને પરિણામે એનાં અંતરમાં સાચા-ખોટા ઘાટ ઊઠવા લાગ્યા. આ માનસ-પાપને પરિણામે એ બાઈ બીજા જન્મે શેઠાણી મટીને ભંગીને ઘેર અવતરી, એ જ આ ગંગા છે."

સુણી બોલિયા સારંગપાણિ, હતી પૂર્વ ભવે તે શેઠાણી || ૩૭ ||
પ્રભુ ભક્તિ પરોક્ષની કરતી, વ્રતદાન વિશેષ આચરતી |
એક અવસરે બારીયે બેઠી, પણ નજર ગઈ તેની હેઠી || ૩૮ ||
એક ઝાંપડો નીકળ્યો ત્યાંય, દીલે ફૂટડો વાંસળી વાય |
હતો વર્ષા ઋતુ તણો કાળ, સ્વર વંશીનો લાગે રસાળ || ૩૯ ||
શેઠાણી તણા ચિત્તની વૃત્તિ, ઝાંપડામાંહી ખેંચાઈ અતિ |
અંતકાળે તે સાંભરી આવ્યો, તેથી ઝાંપડી દેહ ધરાવ્યો || ૪૦ ||

(હરિલીલામૃત-ક-૭,વિ-૫)

"સદ્ભાગ્યે આ બાઈના અંતરમાં અમારા પ્રત્યે ભક્તિ જાગી છે. એણે અમારો આશ્રય કર્યો છે. 'આશરે આવનારનું કલ્યાણ કરવું' એ અમારું વ્રત છે. અમે અમારા વ્રતને સંભારીને આ ગંગાને ગંગા જેવી નિર્મળ બનાવી છે. અમારા આશરાને પ્રભાવે એ બાઈના સર્વ સારાં-નરસાં કર્મો નાશ પામ્યાં છે, માટે આ ગંગા દેહના અંતે અમારાં અક્ષરધામને પામશે. તમે બાઈઓ પણ જો સાવધાન નહિ રહો અને એ શેઠાણીની પેઠે ઊતરતા વર્ણનો તિરસ્કાર કરશો, તો તમારે બીજાં જન્મે એને જ ઘેર જન્મ ધારણ કરવા પડશે!"

ભગવાન શ્રી સ્વામિનારાયણના અમૃતમય વચનોના વરસાદથી હરિભક્ત બાઈ-ભાઈઓનાં અંતરમાંથી જાતિગત તિરસ્કારની ભાવના ધોવાઈ ગઈ.

સંપ્રદાયના વિકાસમાં સ્રીઓનો ફાળો

સ્વામિનારાયણ સંપ્રદાયના વિકાસમાં જેટલો સંતોનો ફાળો છે એથી સવાયો સ્રીઓનો ફાળો રહ્યો છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં એક શબ્દ પ્રસિદ્ધ છે, 'મામાનો સત્સંગ'

'મામાનો સત્સંગ'નો મતલબ છે, મામાના ઘરેથી કરિયાવરમાં આવેલો સત્સંગ. જે પરિવારમાં સત્સંગ ન હોય તેવા પરિવારમાં એક કન્યા પરણીને સાસરે આવે, સાથે કરિયાવરમાં સત્સંગ લેતી આવે. આ સત્સંગને 'મામાનો સત્સંગ' કહેવાય.

જોકે, ખરેખર તો 'મામાના સત્સંગ' ને બદલે 'માનો સત્સંગ' એમ કહેવું જોઈએ, પરંતુ પુરુષ-પ્રધાન સમાજ રચનામાં માને બદલે મામાનું સ્થાન ગોઠવાઈ ગયું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે બાઈ-ભાઈઓ વચ્ચે કેટલીક મર્યાદાની વાડ્યો રચી હતી. એ મર્યાદાની વાડ્ય બહેનો પ્રત્યેના તિરસ્કારને લીધે ન હતી, ધર્મની એ વાડ્ય ભક્તિના છોડને રક્ષવા માટે હતી. જો એ મર્યાદા તિરસ્કારના પાયા ઉપર હોત, તો 'માનો સત્સંગ' આટલો વિસ્તર્યો ન હોત.

સાચી વાત તો એ હતી, કે કેટલાક ધર્મગુરુઓ ભક્તિને નામે ભારે ભ્રષ્ટાચાર આચરી રહ્યા હતા. એનાથી લોકોનો મોટો વર્ગ અંદરથી થાકી ગયો હતો, પરંતુ મુક્તિ માટેનો મારગ મળતો નહોતો.

ધર્મભીરુ પ્રજામાં ધર્મના નામે સર્જાયેલા આ કુટિલ અધર્મ-બંધનોને ફગાવી દેવાની હિંમત પણ ન હતી. આશ્ચર્યની વાત એ હતી કે, કેટલાકને તો એ ભ્રષ્ટાચાર લાગતો જ ન હતો. એમના ઉપર ધર્મના અફીણના ઘેનની ઘેરી અસર થયેલી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણની જ્ઞાનવાર્તાઓએ લોકોમાં જાગૃતિ આણી હતી. લોકો સત્ય-અસત્યને સમજતા થયા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે બાંધેલી સ્રી-

પુરુષ વચ્ચેની મર્યાદાની વાડ્યને સમાજના વિશાળ વર્ગે આવકારી હતી. ખાસ કરીને બહેનોના બહુ મોટા વર્ગ માટે આ વાડ્યને લીધે ધર્મગુરુઓની નાગચૂડમાંથી મુક્ત થવાનો માર્ગ મોકળો થયો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ મર્યાદા બાંધવાની સાથોસાથ સ્ત્રીઓના ઉત્કર્ષ માટે આયોજન પણ કર્યાં હતા. એમણે સ્ત્રીઓ માટે અલગ મંદિરોનાં સર્જન કરાવ્યાં હતાં. જેનું સંચાલન સંપૂર્ણ રીતે સ્ત્રીઓના હાથમાં સોંપ્યું હતું.

અલગ મંદિરોને લીધે બહેનોમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું હતું; તેઓ લખતા-વાંચતા થયા હતા, મંદિરોમાં શાસ્ત્રોનું વાંચન અને કથાવાર્તા કરતા થયા હતા.

કિશોરલાલ ઘનશ્યામ મશરૂવાલા લખે છે કે, "સ્ત્રીઓ માટે દર્શન તથા જ્ઞાનની સ્વતંત્ર વ્યવસ્થા કરવામાં સ્વામિનારાયણ પહેલા છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણે સાધુઓનો વિશાળ વર્ગ તૈયાર કર્યો, એ જ રીતે સાધુ જેવું જ જીવન જીવતા સાંખ્યયોગી બહેનોનો વર્ગ પણ તૈયાર કર્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન અને ઉપદેશથી આ બહેનોના અંતરમાં વૈરાગ્ય પ્રગટ્યો હતો. એમણે સંસાર હરામ કર્યો હતો.

સાંખ્યયોગી બહેનોના નિયમો સાધુ જેટલા કડક નથી. સાધુઓ માટે સ્ત્રીઓ સાથે બોલવાની મનાઈ છે; જ્યારે સાંખ્યયોગી બહેનો પુરુષોનો સ્પર્શ કરી શક્તા નથી, પણ એમની સાથે વાત કરી શકે છે. મોટી કથા કે ઉત્સવ-સમૈયાના પ્રસંગોએ સાંખ્યયોગી બહેનોને બેસવા માટે અલગ વ્યવસ્થા કરવામાં આવે છે, જેથી આ બધાનો લાભ તેઓ માણી શકે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં અનેક મહાન મુક્તરાજ બહેનો થયા હતા, જેમના જીવન મોટા મોટા યોગીઓથી પણ ચડિયાતા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિના ધ્યાનનાં પરિણામે અનેક બહેનોને નિરાવરણ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી.

નોંધ - આ અંગે લેખક દ્વારા 'સ્વામિનારાયણ સંપ્રદાયમાં બહેનોનું સ્થાન' એક પુસ્તિકા અલગથી લખાયેલ છે, જે આ વિષય ઉપર વિશેષ પ્રકાશ પાડે છે.

આ કુગ્રામમાં ન રહેવું

એ જમાનામાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો સત્સંગ રાખવો એ પુરુષો માટે તો કઠણ હતું જ, પણ સ્ત્રીઓ માટે અત્યંત કઠણ હતું.

સંપ્રદાયના ઉદય કાળે સંતોએ અનાડી લોકો તરફથી જેટલા ત્રાસ વેઠ્યા હતા, એટલા જ અસહ્ય ત્રાસ બહેનો-દીકરીઓએ સાસરિયામાં વેઠ્યા હતા. એ બહેનો-દીકરીઓએ મૂંગે મોંઢે મુશ્કેલીઓ વેઠીને પણ સત્સંગની મોંઘેરી મૂડીને જાળવી લીધી હતી.

સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં બહેનો-દીકરીઓએ વેઠેલા ત્રાસના અનેક ઉદાહરણો પ્રસિદ્ધ છે, જેમાંનું એક ઉદાહરણ છે, ગોરવિયાળીના 'રૂકમાઈબાઈનું'.

ગોરવિયાળી ગામ ઓઝત નદીને કિનારે વસેલું છે. સોરઠની જીવાદોરી ગણાતી ઓઝત નદીનો આરંભ આ વિસ્તારમાંથી થાય છે.

એક સમયની વાત છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગોરવિયાળી ગામે પધાર્યા હતા. સ્થાન બહુ રમણીય હતું; હરિયાળાં વૃક્ષથી ઓઝતના કિનારા ઓપતા હતા; નદીમાં નિર્મળ નીર વહી રહ્યાં હતાં; પંખીઓ કલરવ કરતાં હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ઓઝત-ગંગામાં સ્નાન કર્યું. નદીને કિનારે ઝીણી સ્વચ્છ રેતી ઉપર વિરાજમાન થયા.

ગોરવિયાળી ગામમાં કેટલાક સત્સંગીઓ વસતા હતા. આહીર ભક્ત કરસન બાંભણિયા, કણબી ભક્ત રૂડો અને હીરો સાવલિયા, ભગો-મૂળો અને ભાયો સુહાગિયા એમાં મુખ્ય હતા. આ બધા ભક્તજનો મહારાજની સેવામાં ઉપસ્થિત હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતો-પાર્ષદો અને ભક્તો સાથે જ્ઞાનગોષ્ઠિ કરી રહ્યા હતા.

આ ગોરવિયાળી ગામ ચારણોનું ગણાતું. કેટલાક આગેવાન ચારણો અનાડી અને માથાભારે હતા. હવે બન્યું એવું કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ વિરાજમાન હતા ત્યાંથી થોડે દૂર ચારણોએ ડાયરો ભર્યો હતો. કસુંબા-પાણી અને હાંસી-મજાક થઈ રહ્યાં હતાં.

ડાયરામાંથી કેટલાકને કમત સૂઝી. એણે કહ્યું, "આ સ્વામિનારાયણના બાવા બાઈયુંથી બહુ બીવે. આપણે બે-ચાર અવળચંડી બાઈઓને આ સ્વામિનારાયણના ટોળા તરફ મોકલીએ તો બધા ભાગંભાગ કરશે, તો આપણને જોવામાં મજા પડશે!"

આ અનાડીઓએ પોતાની વાત પૂરી ભજવી. બે-ચાર બાઈઓને ભગવાન શ્રી સ્વામિનારાયણ તરફ મોકલી.

નખરાળી બાઈઓને આવતી જોઈ મહારાજ એમનો ઈરાદો સમજી ગયા. સભામાં બેઠેલા શૂરવીર કાઠી દરબારોના ભવાં ખેંચાયાં. બે જણા તલવાર ખેંચી આડા ઊભા રહ્યા અને કહ્યું, "ખબરદાર! જો આગળ વધી છો તો."

બાઈઓ હેબતાઈને ઊભી રહી ગઈ. મહારાજે પાર્ષદોને વાર્યા અને કહ્યું, "એક તો બાઈયું ઉપર હાથ ન ઉપાડાય, બીજું આ બાઈઓ તો કઠપૂતળી જેવી છે. એની દોરી તો દૂર બેઠેલા અનાડી લોકોના હાથમાં છે, માટે એને જવા દો."

બાઈઓ તો ડરીને દૂર ભાગી ગઈ, પરંતુ આ ઘટનાથી મહારાજનાં અંતરમાં ખૂબ જ દુઃખ થયું. એમણે સભામાં બેઠેલા ગોરવિયાળી ગામના હરિભક્તોને કહ્યું, "ભક્તો! આ ગામ કુગ્રામ છે, માટે અમારા ભક્તોએ આ ગામમાં ન રહેવું." આટલું કહીને

પોતાના પાર્ષદો અને ગામના આગેવાનો વચ્ચે સંઘર્ષ ન થાય, એ હેતુથી મહારાજ ત્યાંથી રવાના થઈ ગયા.

ગોરવિયાળીના હરિભક્તોએ પણ મહારાજની આજ્ઞાને માથે ચડાવી ગોરવિયાળીનો ત્યાગ કર્યો. કરસન બાંભણિયા બગસરા પાસેના હામાપર ગામે જઈને વસ્યા. ભગો, મૂળો અને રૂડો પટેલ વગેરે કુંડલા પાસેના પીઠવડી ગામે જઈને વસ્યા.

હવે બનેલું એવું, કે રૂડા સાવલિયાના બહેન રૂકમાઈબાઈનું લગ્ન હળિયાદના રફાળિયા પરિવારમાં થયેલું. એમના પતિનું નામ કલ્યાણભાઈ હતું. ભાઈઓ તો મહારાજનાં વચને પીઠવડી વસ્યા, પણ રૂકમાઈબાઈને તો હળિયાદમાં જ રહેવું અનિવાર્ય હતું.

મહારાજ! મને આ નરકથી છોડાવો

હળિયાદમાં એક બાવો રહેતો હતો. તે ગામગુરુ ગણાતો. આ બાવો ભગવાન શ્રી સ્વામિનારાયણના નવા પંથનો ઘોર વિરોધી હતો.

રૂકમાઈ બાઈના સાસરિયા બાવાના શિષ્યો હતા. રૂકમાઈ બાઈ નવો પંથ પાળે એ બાવાજીને કે સાસરિયાને જરાય પસંદ ન હતું.

બાવો નિરંતર રૂકમાઈ બાઈના સાસરિયાને ઉશ્કેરતો રહેતો હતો. કોઈ પણ રીતે રૂકમાઈ નવા પંથની કંઠી તોડી નાખે એવી એની મુરાદ હતી.

રૂકમાઈના સાસુ-નણંદ પણ ભારે અકોણા હતા, પરિણામે રૂકમાઈ બાઈને સાસરિયામાં ભારે ત્રાસ રહેતો હતો. રૂકમાઈ બાઈ ભગવાન શ્રી સ્વામિનારાયણના પૂજા-પાઠ, આરતી, દીવો કરે એ એમને રૂચતું નહોતું.

આખો દિવસ મે'ણાં-ટોણાં અને રોકટોક ચાલુ જ રહેતી. રૂકમાઈ બાઈ ધીરજથી તીર જેવાં મે'ણાંના માર સહન કર્યે જતા હતા.

રૂકમાઈ બાઈ લસણ-ડુંગળી ખાતા નહિ. રૂકમાઈ બાઈના સાસુ એમની પાસે પરાણે લસણ-ડુંગળીવાળું જ શાક કરાવતી. રૂકમાઈ બાઈ પાણી સાથે કોરો રોટલો ખાઈને દિવસ પસાર કરતા.

અકોણી નણંદ ક્યારેક રોટલા ઉપર લસણ અને ડુંગળી ઘસતી, ત્યારે રૂકમાઈ બાઈને ઉપવાસ થતો. તેઓ માત્ર પાણી પીને દિવસ પસાર કરતા. કોઈ કોઈ વાર તો એની સાસુ ગોળામાં પણ ડુંગળીનો દડો નાખતી. પરિણામે, રૂકમાઈ બાઈને નિર્જળા ઉપવાસ થતો.

બાવાજીની ઉશ્કેરણીથી રૂકમાઈનો પતિ પણ રૂકમાઈને ભારે પરેશાન કરતો, માર

મારતો, ક્યારેક એક બાજુ ઉપવાસ થતા અને બીજી બાજુ પરણ્યા પતિનો માર સહન કરવો પડતો.

રૂકમાઈ બાઈનું પિયરીયું છેક દૂર પીઠવડી હતું. રાવ-ફરિયાદ કરવાનું કોઈ ઠેકાણું ન હતું. રૂકમાઈ બાઈ અખૂટ ધીરજથી મૂંગે મોંઢે આ બધું સહન કરતા હતા અને મહારાજને સંભારતા હતા.

એક વાર ત્રાસની હદ થઈ. કલ્યાણ પટેલે રૂકમાઈને માર મારી ઓરડામાં પૂરી દીધા. ભૂખ્યાં-તરસ્યાં રૂકમાઈ બાઈ મહારાજને આર્તનાદે પ્રાર્થના કરતા રહ્યા.

મધરાતનો સુમાર થયો, અંધારા ઓરડામાં અજવાળાં પથરાયાં, અજવાળામાં રૂકમાઈને મહારાજનાં દિવ્ય દર્શન થયાં.

મહારાજે કહ્યું, "દીકરી! બહુ દુ:ખ વેઠવા પડે છે?"

રૂકમાઈ બાઈ રડી પડ્યા અને બોલ્યા, "મહારાજ! મને આ નરકથી છોડાવો."

રૂકમાઈ બાઈની આપવીતી જોઈને મહારાજ ખૂબ જ દિલગીર થયા. મહારાજને થયું, 'આ તે કેવું આશ્ચર્ય? જગતમાં ફેલ કરે છે, એ ફડાકા મારતા ફરે છે અને સદાચાર પાળે છે એને સહન કરવું પડે છે!'

મહારાજે રૂકમાઈ બાઈને સાંત્વના આપી ધીરજનું ભાથું બંધાવ્યું અને બોલ્યા, "રૂકમાઈ! આંખો મીંચી જા!"

રૂકમાઈ બાઈએ આંખો મીંચી. મહારાજ બોલ્યા, "હવે આંખો ખોલ્ય."

રૂકમાઈ બાઈએ આંખો ખોલીને જોયું તો એમના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેઓ ગઢપુરમાં દાદાના દરબારમાં પહોંચી ગયા હતા!

મહારાજ બોલ્યા, "રૂકમાઈ! ચિંતા કરીશ નહિ, અહીં સુખેથી રહે. બધાં સારાં વાનાં થઈ રહેશે."

મહારાજે જીવુબાને ભલામણ કરી કે, "તમે આ રૂકમાઈને દીકરી તરીકે રાખજો અને બધી રીતે સાચવજો."

જીવુબા બોલ્યા, "ભલે, મહારાજ!"

આ બાજુ હળિયાદમાં સવાર પડી. રૂકમાઈ બાઈના સાસુએ ઓરડો ખોલ્યો, તો રૂકમાઈને ન જોયા. સાસુના પેટમાં ફાળ પડી, આ રાંડ ક્યાં ગઈ? ઓરડે તો તાળું છે! બારી-બારણાં જેમનાં તેમ બંધ છે! શું થયું? શું થયું? કરતાં કરતાં આખો પરિવાર આડોશી-પાડોશી ભેગાં થઈ ગયાં. ચારે બાજુ શોધખોળ આદરી. વાડી-સીમ, ખેતર ખૂંદી વળ્યાં, કૂવા-અવાડા જોઈ વળ્યાં પણ રૂકમાઈ બાઈ ન મળ્યાં.

ચારે બાજુથી બંધ ઓરડામાંથી રૂકમાઈ બાઈ કઈ રીતે ભાગી ગયા? તે કોઈને

ઘેડ્ય પડતી ન હતી! કોઈકે કહ્યું કે, ‘લાગે છે કે, રૂકમાઈ પિયર ભાગી ગઈ હોવી જોઈએ.’ આ શંકાને આધારે કલ્યાણ પટેલ બે-ચાર માણસોને સાથે લઈને રૂકમાઈ બાઈને ખોળતા ખોળતા પીઠવડી પહોંચ્યા.

મહેમાનોને લઈને ગઢપુર આવો

કલ્યાણ પટેલ જેવા પીઠવડી પહોંચ્યા, એ જ સમયે ગઢપુરથી મહારાજનો સંદેશો લઈને બે પાર્ષદો આવ્યા. પાર્ષદોએ કહ્યું, “રૂડા પટેલ! મહારાજે કહેવડાવ્યું છે, કે હળિયાદથી જે મહેમાન આવ્યા છે એને લઈને ગઢડા આવો. રૂકમાઈ બાઈ હળિયાદથી ગઢડા આવ્યા છે, એ અંગે રૂબરૂમાં વાત કરવાની છે.”

કલ્યાણ પટેલ વગેરે હળિયાદના માણસોને આશ્ચર્ય થયું કે, ‘આપણે અહીં આવ્યા છીએ, એ વાતની સ્વામિનારાયણને કેમ ખબર પડી? નક્કી સ્વામિનારાયણ ભારે જાદુગરા લાગે છે.’

રૂડા પટેલ હળિયાદના મહેમાનોને લઈને ગઢપુર પહોંચ્યા. મહારાજે બેય પરિવારને સાથે બેસાડ્યા અને પછી સાસરિયા પક્ષ તરફ પ્રભાવશાળી મીટ માંડીને પૂછ્યું, “તમે રૂકમાઈ બાઈને હેરાન શા માટે કરો છો?”

ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રતાપી સ્વર રૂકમાઈ બાઈના સાસરિયાથી જીરવી શકાય તેમ ન હતો.

મહારાજે પૂછ્યું, “રૂકમાઈ ઘરનું કામ કરે છે કે નહિ? રસોઈ કરે છે કે નહિ? ઠામ-વાસણ માંજે છે કે નહિ? છાણ-વાસીંદા કરે છે કે નહિ?”

રૂકમાઈ બાઈના સાસરિયાએ કહ્યું, “સ્વામિનારાયણ! કામકાજની કોઈ ફરિયાદ નથી. રૂકમાઈ બાઈ કામ કરવામાં તો ક્યારેય પાછી પાની કરતા નથી.”

સાસરિયાઓનું મન કહેવા માગતું હતું કે, ‘રૂકમાઈબાઈના કામકાજ અંગે કોઈ રાવ-ફરિયાદ નથી. વાંધો તો એ તમારો નવો પંથ પાળે છે, એની હાર્યે છે.’ પરંતુ મહારાજના પ્રતાપ આગળ એના મોઢાં ઊઘડી શક્યા નહિ.

મહારાજે એ જ પ્રભાવશાળી સ્વરે કહ્યું, “તો જે દીકરી આટલું આટલું કામ કરતી હોય એને પુરસ્કાર દેવાને બદલે તમે અનાજ ખાવા દેતા નથી, પાણી પીવા દેતા નથી, ઉપરથી માર મારો છો, શા માટે?”

મહારાજનો પ્રશ્ન સાંભળી કલ્યાણ પટેલ અને સાસરિયા પક્ષના લોકો મોં નીચું ઘાલી ભોંય ખોતરવા લાગ્યા.

મહારાજે કહ્યું, “જો તમે આજથી એને હેરાન ન કરો તો રૂકમાઈ તમારી સાથે

હળિયાદ આવશે, નહીંતર અહીં અમારી પાસે રહીને ભજન કરશે."

મહારાજનાં દર્શન અને વાણીનો પ્રભાવ જાદુઈ અસર કરી ગયો હતો. મહારાજનાં દર્શન માત્રથી કલ્યાણ પટેલનું અંતર તો ક્યારનુંય ઓગળી ચૂક્યું હતું!

કલ્યાણ પટેલે કહ્યું, "હવે અમે એને હેરાન નહિ કરીએ, એને જે પૂજા-પાઠ, ધરમ-ધ્યાન કરવા હશે તે કરવા દઈશું. એની અમે ખાતરી આપીએ છીએ."

કલ્યાણ પટેલની વાત સાંભળી મહારાજે બાઈઓની સભામાં બેઠેલા રૂકમાઈ બાઈ સામે જોઈને કહ્યું, "દીકરી! તારે હવે હળિયાદ પાછું જવાનું છે અને સાસરિયામાં રહીને અમારું ભજન કરવાનું છે!"

રૂકમાઈ બાઈનું હૈયું ભરાઈ આવ્યું અને બોલ્યા, "મહારાજ! મારું સાસરિયું અને નરક બેય સરખા છે. હું નરકમાં જઈને શું કરું? મને અહીં જ લાડુબા અને જીવુબાની જોડે તમારી સેવામાં રાખો."

મહારાજે કહ્યું, "દીકરી! અમારે એ નરકને તારા દ્વારા સ્વર્ગમાં ફેરવવું છે. તારા દ્વારા અમારે હળિયાદમાં સત્સંગ વધારવો છે, માટે તારે સાસરિયે તો જવું જ પડશે."

રૂકમાઈ બાઈનું તપ ફળ્યું

ભગવાન શ્રી સ્વામિનારાયણે વિચાર્યું, 'આ રૂકમાઈના સાસરિયાની બુદ્ધિ કુસંગના પાશથી જાડી થઈ ગયેલી છે, તેને શુદ્ધ કરવા માટે કંઈક કરવું પડશે.' શાસ્ત્રોએ કહ્યું છે, 'જેનો આહાર શુદ્ધ થાય, એનું જ અંતઃકરણ શુદ્ધ થાય છે.'

રૂકમાઈ બાઈના સાસરિયાના અંતઃકરણને શુદ્ધ કરવા માટે મહારાજે એક અનોખો રસ્તો અપનાવ્યો. મહારાજે રૂડા પટેલને પૂછ્યું, "રૂડા પટેલ! તમે બહેન રૂકમાઈ બાઈને કરિયાવરમાં શું આપ્યું છે?"

રૂડા પટેલે કહ્યું, "મહારાજ! મારાથી જે બન્યું છે, તે બધું કર્યું છે."

મહારાજ કહે, "એમ નહિ, તમે એમને ચાર વસ્તુ આપો. એક તાજી વિયાયેલી ભેંસ, બીજું બે ગુણી બાજરો, ત્રીજું બાજરો દળવાની ઘંટી, ચોથું સૂતર કાંતવાનો રેંટિયો."

રૂડો પટેલ બોલ્યા, "ભલે, મહારાજ!"

મહારાજે રૂકમાઈ બાઈને કહ્યું, "રૂકમાઈ! આ બાજરો સત્સંગીના ઘરનો છે. અમારા સત્સંગીઓ પોતાની ઊપજમાંથી ધર્માદા તરીકે દસમો-વીસમો ભાગ કાઢે છે, એટલે આ બાજરો શુદ્ધ છે. આ બાજરાને જાતે ઘંટીએ દળજે, પછી એ લોટના રોટલા તારે હાથે ઘડજે, એ રોટલા તારા પરિવારને ખવડાવજે, એટલે એમની બુદ્ધિ શુદ્ધ થશે અને પરિણામે એમના જીવનમાં સત્સંગના બીજ પાંગરશે."

"ભેંસના દૂધમાંથી દહીં, માખણ અને છાશ કરજે. ગામના જે બાઈઓને છાશ જોઈએ તેને પ્રેમથી આપજે. આમ કરવાથી ગામની બાઈઓમાં સત્સંગ થશે."

"આ રેંટિયે સૂતર કાંતતાં કાંતતાં, અમારાં કીર્તનનું ગાન કરજે, ગામની બાઈઓને ભેળી કરી કથાવાર્તા કરજે, બધાને ના'તાં-ધોતાં કરજે, 'સ્વામિનારાયણ' મહામંત્રની માળા કરવાનું કહેજે. અમારા આશીર્વાદ છે, તારે લીધે આખા ગામમાં સત્સંગ થશે." રૂકમાઈ બાઈએ મહારાજની આજ્ઞા મસ્તક પર ચડાવી.

આ રીતે બેય પરિવાર વચ્ચે સુલેહ કરાવી, મહારાજે રૂકમાઈ બાઈને હળિયાદ મોકલ્યા. મહારાજના આશીર્વાદથી રૂકમાઈ બાઈનો ત્રાસ નાબૂદ થયો.

મહારાજનો અનોખો ઉપાય કારગત નીવડ્યો. રૂકમાઈ બાઈની તપશ્ચર્યા ફળી. એમના ઘરમાં તેમ જ ગામમાં સત્સંગ થયો.

રૂકમાઈ બાઈની સહનશીલતાની ગામે કદર કરી. ભગવાન શ્રી સ્વામિનારાયણના ઊજળા ધર્મને વખાણ્યો અને ધીરે ધીરે લગભગ આખું ગામ સત્સંગી થયું. આજે પણ સ્વામિનારાયણ સંપ્રદાયમાં હળિયાદનો સત્સંગ વખણાય છે.

આવા એક રૂકમાઈ બાઈ નહિ, અનેક રૂકમાઈ બાઈઓએ સહનશીલતા અને સદાચારની સુગંધ દ્વારા ગામના ગામ સત્સંગના રંગથી રંગી નાખ્યા હતા. બાપના સત્સંગ કરતાંય માનો સત્સંગ સવાયો ફાલ્યોફૂલ્યો હતો.

માના સત્સંગનો આ કસુંબલ રંગ આજે પણ સેંકડો ગામોમાં આગવી ભાત ઉપસાવી રહ્યો છે.

પરણીને ભગવાન ભજવા!

ઝીંઝાવદરના દરબાર અલૈયા ખાચર ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ભક્ત હતા. તેઓ ભારે ટેકીલા, શૂરવીર અને બાળ બ્રહ્મચારી હતા.

એક કોળી પરિવાર દરબારના ઘરમાં ઘરકામ કરતો અને માલઢોરની સાચવણી કરતો. આ પરિવારમાં એક નાની દીકરી હતી, નામ રામબાઈ હતું.

રામબાઈ નાના હતા, ત્યારે જ એમના માતા-પિતાનું મૃત્યુ થયું હતું. આથી દરબાર અલૈયા ખાચરે રામબાઈને પોતાની દીકરીની જેમ જ રાખ્યા હતા અને લાડેકોડે ઉછેર્યા હતા.

રામબાઈ દરબાર અલૈયા ખાચરની સાથે અવારનવાર ગઢપુર મહારાજનાં દર્શને જતા હતા અને જીવુબાનો સમાગમ કરતા હતા.

રામબાઈ પૂર્વ જન્મના મુમુક્ષુ હતા અને એમાંય જીવુબાનો જોગ થયો, એટલે

એમની મુમુક્ષુતા સોળે કળાએ ખીલી ઊઠી હતી. એણે નાનપણથી જ 'વરવું તો હરિને જ વરવું, પણ મરી જાય એવા વરને ન વરવું' એવો દૃઢ નિર્ધાર કર્યો હતો.

ધીરે ધીરે રામબાઈ જુવાન થયા એટલે દરબાર અલૈયા ખાચર એમને કોઈ સારા કોળી પરિવારમાં વરાવી-પરણાવી પોતાની જવાબદારી પૂર્ણ કરવા માગતા હતા.

'પોતા માટે મૂરતિયાની શોધ ચાલી રહી છે' એ વાતની ખબર પડી, એટલે રામબાઈએ ભારે સંકોચ સાથે દરબાર અલૈયા ખાચરને કહ્યું, "બાપુ! મારા માટે મૂરતિયો શોધવાની વાત માંડી વાળો. મારો મૂરતિયો મેં શોધી લીધો છે!"

બાપુ કાંઈ સમજી શક્યા નહિ. તેઓ થોડી વાર રામબાઈની સામે જોઈ રહ્યા અને બોલ્યા, "દીકરી! મારે તો તને સુખી જોવી છે. કોઈ શરમ-સંકોચ રાખ્યા વગર બોલ્ય, તેં શોધેલો મૂરતિયો કોણ છે?"

રામબાઈએ કહ્યું, "બાપુ! મારે મરી જાય એવા મૂરતિયા સાથે નથી પરણવું; મારે તો અખંડવરનો ચૂડો પહેરવો છે, આજીવન બ્રહ્મચર્ય પાળી, સાંખ્યયોગ ધારણ કરી, મહારાજનું ભજન કરવું છે."

દરબાર આશ્ચર્યથી યુવાન દીકરી સામે જોઈ રહ્યા. એમણે રામબાઈને સમજાવવા બહુ પ્રયાસ કર્યો પણ રામબાઈ એકના બે ન થયા. દરબારે કહ્યું, "દીકરી! મારી વાત શાંતિથી સાંભળ, એક તો તને ન પરણાવું તો લોકમાં મારી આબરૂ જાય; લોકો વાંહેથી વાતો કરે કે, પારકી હતી એટલે ન પરણાવી! અને દીકરી! બીજી વાત એ છે કે પરણીને પણ ભગવાન ક્યાં નથી ભજાતા?"

રામબાઈએ અલૈયા ખાચરને કહ્યું, "બાપુ! એક પ્રશ્ન પૂછું?"

અલૈયા ખાચર બોલ્યા, "બોલ્ય દીકરી."

રામબાઈ બોલ્યા, "બાપુ! જો પરણીને ભગવાન ભજાતા હોય, તો તમે બાળ બ્રહ્મચારી કેમ રહ્યા? લગન શા માટે ન કર્યાં?"

અલૈયા ખાચરે કહ્યું, "દીકરી! મને તો પ્રગટ પુરુષોત્તમ નારાયણની પ્રાપ્તિ થઈ; એમનાં ધ્યાન-ભજનનો અમૃતરસ મેં પીધો, પરિણામે સંસારની ખાટી છાશ હરામ થઈ ગઈ."

રામબાઈએ હસીને કહ્યું, "બાપુ! જે ખાટી છાશ તમે ન પીધી તે મને શા માટે પાઓ છો?"

દરબાર તો દીકરી સામે જોઈ રહ્યા; રામબાઈ પોતાને આમ આંટીમાં લેશે, એવી એમને કલ્પના પણ ન હતી! શું ઉત્તર આપવો? એ સમજી શકાયું નહીં, એટલે એમણે વચલો માર્ગ કાઢ્યો, "દીકરી! આપણે મહારાજ કહે એમ કરવું."

રામબાઈ બોલ્યા, “ભલે બાપુ! પૂછાવો મહારાજને!”

ગઢપુરમાં મહારાજ પાસે આ અનોખી સમસ્યા રજૂ થઈ. મહારાજે રહસ્યભર્યો સંદેશ મોકલ્યો કે, “રામબાઈને કહેજો, પરણીને ભગવાન ભજવા!”

મહારાજનો ઉત્તર આવતા અલૈયા ખાચરને આનંદ થયો, રામબાઈ મનમાં મૂંઝાયા. તેઓ ધ્યાનમાં બેઠા અને મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા, “મહારાજ! તમે આ કેવી કસોટી કરી?”

અચાનક રામબાઈના અંતરમાં અજવાળું થયું અને એ અજવાળામાં એણે મહારાજના સંદેશનું અનોખું રહસ્ય ઉકેલી લીધું. ધ્યાન પૂરું કરી રામબાઈએ કહ્યું, “બાપુ! કરો લગ્નની તૈયારી. આપણે તો મહારાજ જેમ કહે તેમ જ કરવું છે.”

રામબાઈને માની ગયેલા જોઈને બાપુને આનંદ થયો. કોળી જ્ઞાતિમાંથી યોગ્ય મૂરતિયો શોધવામાં આવ્યો, ઘડિયા લગન લેવાયા, વાજતે-ગાજતે જાન માંડવે આવી, ધામધૂમથી લગ્નવિધિ ચાલ્યો.

અલૈયા ખાચરના સગાસંબંધી, કાઠી દરબારો અને કોળી આગેવાનો એકઠા થયા હતા. આખાયે ઝીંઝાવદર ગામમાં આનંદ અને ઉત્સાહની હેલી વરસી રહી હતી.

આખા ગામને રામબાઈ પ્રત્યે આદર અને પ્રેમ હતા. સર્વને એમ જ લાગતું હતું કે, ‘અમારી જ દીકરી પરણી રહી છે.’

લગ્નને માંડવે વરરાજા સાથે ફેરા ફરતાં ફરતાં રામબાઈએ ગોર મહારાજને હળવે રહીને પૂછ્યું, “દાદા! આ પરણવાનું પૂરું ક્યારે થાય?”

ગોરદાદા રામબાઈના પ્રશ્નનો મર્મ સમજી ન શક્યા અને સમજી શકે એવું એમનું ગજું પણ નહોતું! એમણે તો ભોળા ભાવે કહી દીધું, “દીકરી! આ ચોથો ફેરો પૂરો થાય એટલે પરણવાનું પૂરું.”

ચાર ફેરા પૂરા થયા, અલૈયા ખાચરે કરિયાવર જાહેર કર્યો. લોકોએ શક્તિ પ્રમાણે હાથગરણું કર્યું. ઓઢણાની ઓટમાંથી રામબાઈ આ બધું જોઈ રહ્યા હતા. હાથગરણાનો વિધિ પૂરો થયો એટલે એકાએક રામબાઈ ઊભા થયા, ઘૂંઘટ ખોલી નાખ્યો, શરીર ઉપરના ઘરેણાં ઉતારી વરરાજાના ખોળામાં ઢગલો કર્યો. માંડવાના માણસો સ્તબ્ધ થઈ ગયા. ‘રામબાઈ શું કરે છે?’ તે કોઈને સમજાતું નહોતું.

રામબાઈએ વરરાજાને ઓવારણાં લીધા અને બોલ્યા, “ખમ્મા મારા વીરને! આ બહેનની ભેટ સ્વીકારી લે!”

ચારેબાજુ હાહાકાર થઈ ગયો. બધાને થયું, ‘કાં તો આ છોકરી ગાંડી થઈ છે, કાં તો એમાં કોઈ ભૂતપ્રેતનો પ્રવેશ થયો છે.’

અલૈયા ખાચર એકદમ ઊભા થઈ ગયા અને બોલ્યા, "હાં.. હાં.. દીકરી! તું શું બોલે છે એનું તને ભાન છે?"

રામબાઈએ હસીને કહ્યું, "બાપુ! પૂરેપૂરી ભાનમાં છું. મહારાજની આજ્ઞાનું પાલન થાય છે. મહારાજનો સંદેશ હતોને કે 'પરણીને ભગવાન ભજવા.'

"બાપુ! આ પરણવાનું પૂરું થયું અને હવે હરિ ભજવાનું શરૂ થશે. આજથી આ વરરાજો મારો માડીજાયો વીર છે."

"બાપુ! તમને લોકલાજની બીક હતી, મને મારું વ્રત તૂટવાની બીક હતી. મહારાજ દયાળુ છે, એમણે તમારુંય રાખ્યું અને મારુંય રાખ્યું. હવે તમને કોઈ નહિ કહે, કે દીકરીને ન પરણાવી."

"બાપુ! હવે મને ઝીંઝાવદરમાં રહેવું નહીં ફાવે. વેલડું તો તૈયાર જ છે, મને ગઢપુરને માર્ગે વળાવો."

વરરાજાની સાથે આવેલા જાનૈયાઓ અકળાઈ ઊઠ્યા હતા. વરરાજો સ્તબ્ધ બનીને આ બધો તાલ જોઈ રહ્યો હતો. કોણ જાણે ભગવાને વરના દિલમાં શું પ્રેરણા કરી? એ ઊભો થઈ ગયો, જાનૈયાઓને શાંત કર્યાં અને બોલ્યો, "મને લાગે છે કે આ રામબાઈ જોગમાયાનો અવતાર છે, નહીંતર આવું બને નહીં. આવું ક્યારેય સાંભળ્યું નથી. આવી જોગમાયા સાથે મને ચાર ફેરા ફરવાનો અવસર મળ્યો એ મારા અહોભાગ્ય છે. મારે આ જોગમાયાને કોચવવી નથી. આજથી રામબાઈ મારા મા-જણ્યા બહેન છે."

સૌને લાગતું હતું કે, 'આ વરરાજો નથી બોલતો, એના અંતરમાં રહીને કોઈ દૈવી શક્તિ બોલી રહી છે.' એકઠો થયેલો કાઠી ડાયરો, કોળી ડાયરો અને સઘળા સાજન-માજન આ જોગમાયાના અવતારને જોતા રહ્યા.

અલૈયા ખાચરના હૈયાના બંધ ખૂલી ગયાં હતાં. એમણે ચોધાર આંસુએ રડતા રડતા રામબાઈને ગઢપુર વળાવ્યા. રામબાઈએ આજીવન સાંખ્યયોગ પાળ્યો અને સહજાનંદી નારીરત્નોમાં શિરોમણિ બન્યા.

આ જૂનો જમાનો હતો, કોળીઓની ગણતરી ઊતરતા વર્ણોમાં થતી હતી, એમની શાખ પણ બહુ સારી નહોતી. ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપથી આવી જ્ઞાતિમાં આવા ઉચ્ચ કોટિના આત્મા પાકે એથી વિશેષ બીજી ધર્મક્રાંતિ કઈ હોઈ શકે?

બળી તારી ચૂંદડી!

ભગવાન શ્રી સ્વામિનારાયણના નારીરત્નોમાં વાંકિયાના રાજબાઈ મોખરાનું સ્થાન ધરાવતા હતા. એમનું જીવન નાનપણથી જ દિવ્ય ચમત્કારોથી પૂર્ણ હતું. તેઓ કાઠી

કુળમાં જન્મ્યા હતા. તેમના પિતાનું નામ અલૈયા ખાચર હતું.

તેઓએ પણ ઝીંઝાવદરના રામબાઈની પેઠે જ નાનપણથી સાંખ્યયોગ પાળવાનો સંકલ્પ કર્યો હતો અને પુરુષનો સ્પર્શ હરામ કર્યો હતો. એમના સંકલ્પની માતાપિતાને ખબર ન હતી. એથી એમણે રાજબાઈનું સગપણ કર્યું.

લોકરિવાજ પ્રમાણે સાસરિયા પક્ષ તરફથી ચૂંદડી આવી. રાજબાઈ તો મીરાંબાઈની જેમ પોતાના મનના માનેલા બાળગોપાલની મૂર્તિ સાથે રમતા હતા. માએ એ ચૂંદડી પટારા ઉપર મેલી. રમતાં રમતાં રાજબાઈ મા પાસે આવ્યા. માએ હરખાતે હૈયે કહ્યું, "રાજુ! તારી ચૂંદડી આવી!"

રાજબાઈ બાળ સહજ છણકો કરી બોલ્યા, "મા! બળી તારી ચૂંદડી! મારે તો ચૂંદડી આવે મહારાજની!"

રાજબાઈના મુખમાંથી જેવા આ શબ્દો સર્યા કે એ સાથે જ પટારા ઉપર પડેલી ચૂંદડી સળગીને રાખ થઈ ગઈ!

ઘરના સભ્યો આ ઘટના નિહાળીને આશ્ચર્ય પામ્યા. 'આ શું થયું? કેમ થયું?' તે કોઈને સમજાયું નહીં.

રાજબાઈ મોટા થયા. એમને પરણવાની ઇચ્છા ન હતી, પરંતુ મા-બાપે પરાણે પરણાવ્યા.

સાસરે વિદાય થતી વખતે રાજબાઈએ આર્ત હૈયે મહારાજને પ્રાર્થના કરી, "હે મહારાજ! મારા વ્રતની લાજ રાખજો!"

પરણ્યાની પહેલી રાત હતી. રાત્રિનો દોઢ પ્રહર વીતી ચૂક્યો હતો. રાજબાઈ ઓરડાને એક ખૂણે બેસીને સ્વામિનારાયણ મહામંત્રની માળા કરી રહ્યા હતા અને વ્રતરક્ષા માટે મહારાજને પ્રાર્થના કરી રહ્યા હતા.

કોડભર્યા વરરાજાએ ઓરડામાં પ્રવેશ કર્યો, ત્યાં તો ભારે ચમત્કાર જણાયો. આ કાઠી યુવાને રાજબાઈની જગ્યાએ ઘુરકાટ કરતી સિંહણને જોઈ. એ એકદમ બહાર ભાગ્યો, ઓરડાનું બારણું વાસી દીધું, રાતભર ઓસરીને ખૂણે પડ્યો રહ્યો.

સવારે એણે પોતાના પરિવારજનોને રાતની બીના જણાવી. કોઈ એની વાત માનવા તૈયાર નહોતું. પરંતુ એ કાઠીના દીકરાએ કહ્યું, "તમે માનો કે ન માનો, આ બાઈ કારણરૂપ છે. આવા કાનેતર સાથે જિંદગી ન જાય, આજથી રાજબાઈ મારે બહેન સમાન છે! આ મારો નિશ્ચય છે."

કાનેતર જૂના જમાનાનો શબ્દ છે. જે વ્યક્તિમાં ભૂત-પ્રેત કે દૈવી શક્તિનો વાસ હોય, અવનવાં રૂપ ધરવાની શક્તિ હોય તેને 'કાનેતર' કહેવાય.

રાજબાઈના સાસુએ રાજબાઈને સાચી હકીકત પૂછી. રાજબાઈએ કહ્યું, “મા! મારો પંથ સંસારીઓથી નોખો છે. મેં પુરુષનો પડછાયો હરામ કર્યો છે. મને પરાણે પરણાવવામાં આવી છે. મારા વ્રતની લાજ રાખવા જ મારા ભગવાને આ ચમત્કાર જણાવ્યો છે.”

રાજબાઈના સાસુ દૈવી પ્રકૃતિના હતા. એમણે પરિવારજનોને સમજાવી રાજબાઈને પિયર વળાવ્યા. રાજબાઈના માતા-પિતા દીકરીને પાછી આવેલી જોઈને ભારે દુઃખી થયા.

રાજબાઈએ સઘળી હકીકત જણાવી અને કહ્યું, “મહારાજે મારી લાજ રાખી છે! હવે મારે વાંકિયામાં નથી રહેવું, મને ગઢપુર મેલી જાઓ.”

રાજબાઈના માવતર એમને લઈને ગઢપુર આવ્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણે એભલ ખાચરને કહ્યું, “દરબાર! તમારે ચાર દીકરીઓ છે, આને પાંચમી માનો અને દાદા ખાચર આને ધર્મની બહેન માને.”

એભલ પરિવારે મહારાજના આદેશને ઝીલી લીધો. એભલ બાપુએ રાજબાઈને પાંચમી દીકરી તરીકે રાખ્યા.

રાજબાઈ મહાપ્રતાપી હતા. એમના પ્રત્યેક આશીર્વાદને મહારાજ સત્યસિદ્ધ કરતા હતા. મહારાજ ધામમાં પધારવાના થયા ત્યારે એમણે દાદા ખાચરને ભલામણ કરી હતી. “દાદા! રાજબાઈને સાચવજો.”

મહારાજની આજ્ઞા શિરોધાર્ય કરી દાદા ખાચરે કહ્યું, “ભલે મહારાજ!”

સમય વીતતો ચાલ્યો. એક દિવસ મહારાજે રાજબાઈને દર્શન દીધા અને કહ્યું, “હવે અમે તમને અમારા ધામમાં તેડી જઈશું.” રાજબાઈએ જીવુબા-લાડુબા વગેરે સાંખ્યયોગી બહેનોને કહ્યું, “આવતી કાલે મહારાજ મને ધામમાં તેડી જશે. મારી એક વિનંતી છે, મારા આ શરીરને આજીવન કોઈ પુરુષનો સ્પર્શ થયો નથી, એટલે શરીરનો અગ્નિસંસ્કાર દાદા ખાચર સિવાય બીજો કોઈ ન કરે.”

બીજે દિવસે બધાને એવાં દિવ્ય દર્શન થયાં કે, ‘મહારાજ રાજબાઈને તેડવા આવ્યા છે.’ રાજબાઈએ જ્યારે દેહ મૂક્યો ત્યારે આકાશમાંથી ચંદનની વૃષ્ટિ થઈ; જે સેંકડો ગઢપુરવાસીઓએ નજરોનજર નિહાળી.

હવે બન્યું એવું કે રાજબાઈના શરીરને જ્યારે દાદા ખાચર અગ્નિ દાહ આપી રહ્યા હતા, ત્યારે અગ્નિ વારંવાર ઠરી જતો હતો. નો’તાં વાદળ, નો’તો વરસાદ, નો’તો વાયુ, છતાં કેમેય અગ્નિ લાગતો ન હતો.

દાદા ખાચરે કોઈ સેવકને કહ્યું, “તું દોડતો જા અને સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીને આ વાત કર.”

ગોપાળાનંદસ્વામીના પ્રત્યુત્તરની રાહ જોતા સર્વે ધૂન-ભજન કરવા લાગ્યા. આ બાજુ ગોપાળાનંદસ્વામીએ જ્યારે આ વાત જાણી, ત્યારે તેઓ ધ્યાનમાં ઊંડા ઊતરી ગયા. થોડી વાર પછી સ્વામી ધ્યાનમાંથી જાગ્યા, હસ્યા અને બોલ્યા, "અરે! રાજબાઈ તો સતી છે, એટલે અગ્નિદેવ એના શરીરનો સ્પર્શ કરતા ડરે છે. એને થાય છે કે સતીનો સ્પર્શ કરીશ, તો મારી ઉષ્ણતા ચાલી જશે!"

સ્વામીએ સંદેશાવાહકને કહ્યું, "તમે જઈને દાદા ખાચરને કહો કે અમારે વચને અગ્નિદેવને પ્રાર્થના કરે કે, "હે અગ્નિદેવ! સતી તો ગયા. આ તો પંચભૂતનું ખોળિયું છે, માટે આને અડવામાં બાધ નથી."

ગોપાળાનંદસ્વામીના કહ્યા પ્રમાણે દાદા ખાચરે કર્યું, ત્યારે જ રાજબાઈના શરીરનો અગ્નિસંસ્કાર સંપન્ન થયો.

મહાસતી રાજબાઈના આત્માને શત શત વંદન!!!

આ અમારી થાપણને સાચવજો

સ્વામિનારાયણ સંપ્રદાયના નારીરત્નોમાં ઝમકુબાઈ મોખરાનું સ્થાન ધરાવે છે. સંપ્રદાયમાં તેઓ સહજાનંદી 'મીરાં' ગણાય છે.

ઝમકુબાઈ ઉદેપુરના મહારાણી હતાં. ઉદયપુરના મહેલના કણેકણમાંથી વરસતી મીરાંબાઈની ભક્તિ એને વારસામાં મળી હતી. ઉદેપુરનો રાજવૈભવ એને રૂચતો ન હતો. સત્સંગ, કથા, કીર્તન એમને પ્રિય હતાં.

કોઈ સાધુસંતોના મુખે એમણે ભગવાન શ્રી સ્વામિનારાયણની યશોગાથાઓ સાંભળી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન માટે એમનું દિલ આતુર હતું.

તેઓ કોઈ પણ ભોગે ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે પહોંચવા માગતા હતા, પરંતુ રાજભવનની સાત થરી ચોકીઓ એમને આડી આવતી હતી.

એક દિવસ રાત્રિના સમયે એમણે હિંમત કરી, કોઈ ન જાણે તે રીતે પાણીના નિકાલના ગરનાળામાંથી બહાર નીકળી ગયા અને ગઢપુરની વાટ લીધી.

સવારનો સમય થતાં રાજમહેલમાં દેકારો મચી ગયો. ઝમકુબાઈને શોધવા માટે રાણાના ઘોડેસ્વારો ચારે દિશામાં રવાના થયા.

એકલા-અટૂલા ઉતાવળી ગતિએ ચાલ્યા જતાં ઝમકુબાઈને થયું, 'આ ઘોડેસ્વારો મને આંબી જશે.' એમણે ચોતરફ દૃષ્ટિ કરી તો દૂર એક મરેલા ઊંટિયાનું હાડપિંજર પડ્યું હતું. આ દુર્ગંધ મારતા હાડપિંજરમાં ઝમકુબાઈ સંતાઈ ગયા. કહેવાય છે કે આમાં એણે ત્રણ દિવસ અને ત્રણ રાત પસાર કર્યા હતા.

ઘોડેસ્વારોને પાછા વળતા જોયા, ત્યાર પછી ઝમકુબાઈએ ફરીથી ગુજરાતની વાટ લીધી. પોતે રાજરાણી હતા, નવયુવાન હતા, સહજ સુંદર હતા. એમના માટે એકલા-અટૂલા વાટ ખેડવી કઠણ હતી.

રસ્તામાં વણજારાની પોઠ્યો મળી. ઝમકુબાઈ પોઠ્યોને સહારે આગળ ચાલ્યા, પણ ઝમકુબાઈનું રૂપ જોઈને વણજારાની દાનત બગડી.

ઝમકુબાઈએ એની આંખ્યોના વિકારને વાંચી લીધા અને રાત્રિએ કોઈ ન જાણે તે રીતે ચૂપચાપ નીકળી ગયા.

વાટ વિકટ હતી, રસ્તો અજાણ્યો હતો, માત્ર દિશાને આધારે ચાલવાનું હતું. અનેક ઉપાધિઓ વેઠતાં વેઠતાં તેઓ આગળ વધી રહ્યા હતા. આખરે ભગવાને વૃદ્ધ બ્રાહ્મણનો વેશ લઈ એમની સહાયતા કરી અને ગઢપુર પહોંચાડી દીધા!

માછલાંને જેમ પાણી મળે અને આનંદ થાય, એ જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન કરતાં ઝમકુબાઈના દિલમાં અત્યંત આનંદ થયો.

અંતર્યામી ભગવાન ઝમકુબાઈની બધી જ વિગત જાણતા હતાં. એમણે જીવુબા અને લાડુબાને કોઈ વિશેષ વાત કર્યાં સિવાય માત્ર એટલી ભલામણ કરી, 'આ નવા આવેલા મહેમાનને સાચવજો.'

જીવુબા જેવા મહાન ભક્તોના મંડળમાં વસવાનું થયું, એટલે ઝમકુબાઈને અત્યંત આનંદ થયો. તેઓ અત્યંત મહિમા બુદ્ધિથી નીચામાં નીચી ટેલચાકરી કરવા લાગ્યા. 'પોતે રાજરાણી છે' એ વાત જ ગૌણ કરી નાખી. તેઓ બહેનોનાં વસ્ત્રો ધોતાં, ઓરડાઓમાં ઓળીપો કરતા, સંજવારી કાઢતા, રોટલા ઘડતા, એંઠા વાસણો પણ માંજતાં. જીવુબા એમને ઘણું રોકે, પણ માનતા નહીં. એમના મનમાં થતું, 'આવા ભક્તોની સેવા તો મોટા મોટા દેવતાઓને પણ દુર્લભ છે.' આમને આમ આશરે પંદરેક દિવસ વીત્યા.'

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણે સભામાં દૂર બહેનોની સભામાં બેઠેલા જીવુબાને પૂછ્યું, "જીવુબા! તમે પે'લા નવા આવેલા મહેમાનને સાચવો છો ને?"

જીવુબા બોલ્યા, "મહારાજ! અમે એમને નથી સાચવતા એ અમને સાચવે છે!"

મહારાજ એકદમ ચોંકી ગયા અને પૂછ્યું, "એ તમને સાચવે છે એટલે શું?"

જીવુબા બોલ્યા, "મહારાજ! એ તો પરાણે અમારા લૂગડાં ધોવે છે, સંજવારી વાળે છે, રસોઈ કરે છે, એઠાં વાસણ માંજે છે!" જીવુબાની વાત સાંભળી મહારાજ ગંભીર થઈ ગયા અને ખાતરી કરવા ફરીથી પૂછ્યું, "શું કહ્યું?"

જીવુબાએ એ જ વાત ફરીથી દોહરાવી. મહારાજે ઠપકાના સૂરે કહ્યું, "એ મહેમાન પાસે તમે આવાં કામ કરાવો છો?"

જીવુબા થોડા ઝંખવાયા અને બોલ્યા, "મહારાજ! અમે ઘણાં વારીએ છીએ, પણ માનતા નથી."

મહારાજે કહ્યું, "જીવુબા! એ કોણ છે, એની તમને ખબર છે? તમારો ભાઈ દાદો ખાચર તો છ-સાત ગામડાંનો ધણી છે, જ્યારે આ મહેમાનને ત્યાં દાદા ખાચર જેવા કેટલાય નોકર છે!"

હજુ ઝમકુબાઈ કોણ છે, એનો ફોડ મહારાજ પાડતા ન હતા. મહારાજની વાત સાંભળી જીવુબા દિલગીર થયા; એમણે ઝમકુબાઈની માફી માગી.

ઝમકુબાઈ રડવા જેવા થઈ ગયા. એના મનમાં થયું, 'મહારાજે આવી વાત ન કરી હોત તો સારું હતું.'

આ બાજુ મહારાજ વિચારતા હતા કે, 'ઝમકુબાઈ અહીં છે એ વાત પ્રસિદ્ધ થશે, તો દાદા ખાચર મુશ્કેલીમાં મુકાશે; ઉદેપુરના રાણાના કોપનું ભાજન બનશે.'

ઝમકુબાઈ વધારે સમય ગઢપુર રહે એ જોખમી હતું. મહારાજ એમને કોઈ દૂરનાં સ્થળે ગુપ્ત રાખવા માગતા હતા.

એવામાં કચ્છનો સંઘ આવ્યો. મહામુક્તરાજ સાંખ્યયોગી લાધીબાઈ સંઘમાં સાથે હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે લાધીબાઈને એકાંતમાં બોલાવીને કહ્યું, "લાધીબાઈ! આ ઝમકુબાઈને તમારી સાથે કચ્છ લઈ જાવ. 'એ કોણ છે?' એ કોઈને કહેશો નહીં. આજથી અમે એનું નામ 'માતાજી' પાડીએ છીએ, એટલે તમે પણ એમને માતાજી કહીને બોલાવજો. આ અમારી થાપણ આજથી તમને સોંપીએ છીએ."

કચ્છના હરિભક્તો શ્રદ્ધા અને વિશ્વાસમાં અજોડ ગણાય છે. વાતને જીરવી જાણવામાં એમનો જોટો જડે એમ નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણને કચ્છના હરિભક્તો ઉપર પૂરો ભરોંસો હતો અને એટલે જ એમણે પોતાની આ મહામૂલી થાપણ કચ્છમાં સંઘરી હતી.

પહેલા થાપણ પાછી સોંપો!

માતાજી લાધીબાઈની સાથે ભૂજ ગયા. બન્ને બહેનપણીઓ સાથે રહેતી, સાથે ભજન કરતી, સાથે ધ્યાન કરતી. ક્યારેક સત્સંગમાં તો ક્યારેક ધ્યાનમાં રાત્યોની રાત્યો વીતી જતી. આકરાં તપ અને અખંડ જપ બન્નેના જીવનમાં વણાઈ ચૂક્યા હતાં. બન્નેની સ્થિતિ જીવનમુક્ત જોગણીઓ જેવી હતી.

એવામાં એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણે લાધીબાઈને દર્શન દીધાં અને કહ્યું, "લાધીબાઈ! તમારો સમય પૂરો થયો છે. આવતી કાલે બપોરે અમે તમને અમારા

ધામમાં તેડી જઈશું." લાધીબાઈ બોલ્યા, "મહારાજ! આ ધન્ય અવસરની તો હું ઘણા સમયથી રાહ જોઉં છું."

મહારાજે કહ્યું, "તો તૈયાર રહેજો." આટલું કહી મહારાજ અદૃશ્ય થઈ ગયાં. લાધીબાઈએ ઝમકુબાઈને કહ્યું, "બહેન! આવતી કાલે મહારાજ મને ધામમાં તેડી જશે."

ઝમકુબાઈ હસીને મર્મમાં બોલ્યા, "એમ તમારાથી ધામમાં ન જવાય, તમે ધામમાં જાવ તો પાછળથી મહારાજે તમને સોંપેલી થાપણનું ધ્યાન કોણ રાખશે?"

લાધીબાઈ ઝમકુબાઈની સામે જોઈ રહ્યા અને પૂછ્યું, "એટલે તું શું કહેવા માગે છે?"

ઝમકુબાઈ બોલ્યા, "બીજું કાંઈ નહીં, થાપણ જેની છે એને એના હાથમાં સોંપી દ્યો, પછી ધામમાં જાવ."

લાધીબાઈએ કહ્યું, "એટલે તારા કહેવાનો અર્થ શું છે?"

ઝમકુબાઈએ કહ્યું, "અર્થ સીધો-સાદો અને સરળ છે. તમારા પહેલા મને ધામમાં મોકલો, પછી તમે ધામમાં આવજો."

લાધીબાઈ હસ્યા અને બોલ્યા,"ભલે આ અંગે હું મહારાજને પૂછી લઈશ."

આટલું કહીં લાધીબાઈ ધ્યાનમાં બેઠા, મહારાજને સંભાર્યા એટલે મહારાજે દર્શન દીધાં અને પૂછ્યું, "કેમ લાધીબાઈ! કેમ યાદ કર્યો?"

લાધીબાઈએ ઝમકુબાઈએ કરેલી વાત મહારાજને કરી. મહારાજ હસીને બોલ્યા, "માતાજી તો ખરા નીકળ્યા! ભલે તથાસ્તુ! કહેજો ઝમકુબાઈને, એ પણ આવતી કાલે તૈયાર રહે. અમે પહેલા એમને ધામમાં તેડી જશું, પછી તમને તેડી જશું."

લાધીબાઈએ ઝમકુબાઈને કહ્યું, "બહેન! તારી વાત મહારાજે સ્વીકારી લીધી છે."

આટલું સાંભળતાં જ ઝમકુબાઈના અંતરમાં આનંદ આનંદ થઈ ગયો. આ સહજાનંદી મીરાં સહજાનંદમાં સમાવા માટે અધીરી બની.

આ બન્ને મુક્તાત્માઓ આવતી કાલે શરીર છોડશે, એ વાત હરિભક્તોમાં વિસ્તરી. ભક્તજનો આ મહાન સાંખ્યયોગી બહેનોનાં દર્શને આવવા લાગ્યા.

જ્યારે સમય થયો, ત્યારે મુક્તોના વૃંદ લઈને મહારાજ પધાર્યા. સર્વ પ્રથમ ઝમકુબાઈને ધામમાં તેડી ગયા, ત્યાર પછી આશરે એક કલાકે લાધીબાઈને ધામમાં તેડી ગયા. હરિભક્તોએ બન્ને સાંખ્યયોગી બહેનોનો અગ્નિ સંસ્કાર એક જ સ્થળે અને એક જ સાથે કર્યો.

સ્વામિનારાયણ સંપ્રદાયના સાહિત્યમાં આવાં તો અનેક ઉદાહરણો સુવર્ણ અક્ષરે અંકિત થયેલા છે.

સુખિયા હતા વધારે સુખિયા કર્યાં

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં દાદા ખાચરના દરબારગઢના ચોકમાં લીલુડા લીમડાની નીચે સભા ભરીને વિરાજમાન હતા. એ સમયે નેનપુરથી દેવજીભગતના ઘરવાળા મહારાજના દર્શને આવ્યા.

દેવજી ભગત અને એમના ધર્મપત્ની ભારે ભક્તિવાન હતાં. બન્ને ખેતીનું કામ કરતાં, પરિશ્રમ કરી પેટ ભરતાં અને હારોહાર્ય ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન કરતાં.

સંત-સમાગમના પરિણામે બન્નેના અંતરમાં સમજણનો સાગર છલકાતો હતો. એવામાં અચાનક સંજોગવશાત્ એક આઘાતજનક પ્રસંગ બન્યો. એમને ત્યાં એક દેવ જેવો જુવાનજોધ દીકરો હતો; દીકરો પરણવાલાયક થયો હતો; એવામાં અચાનક એનો અક્ષરવાસ થયો.

સંસારમાં એકનો એક જુવાનજોધ દીકરો આમ અચાનક આખરી વિદાય લે, ત્યારે સંસારીઓ ઉપર કેવું આભ તૂટી પડે, એ સર્વને સમજાય એવી બાબત છે. પરંતુ આ ભક્ત દંપતીની વાત નોખી હતી!

જુવાનજોધ દીકરાના અક્ષરવાસની આઘાતજનક ઘટનાને 'શ્રીજી મહારાજની મરજી' એમ માનીને બન્ને જણાએ આઘાતને જીરવી લીધો. દેવજી ભગતે ઘરવાળાને કહ્યું, "આપણો દીકરો તો અક્ષરધામની ગાદીએ બેઠો, આપણે શોક કરવાનો ન હોય."

દેવજી ભગતના ઘરવાળા પણ એટલા જ સમજદાર હતા. એમણે કહ્યું, "મહારાજે દીધો હતો, મહારાજે લઈ લીધો. શોક શેનો? જેવી મહારાજની મરજી!"

ભગતે કહ્યું, "પણ આ સંસારીઓ આપણે ત્યાં ખોટી રોકકળ કરવા આવશે, માટે એમ કરો, તમે ગઢડા જાઓ અને હું વાડીએ રહીશ. આપણે કોઈ લૌકિક ક્રિયાની ઝંઝટ કરવી નથી."

દેવજી ભગતના ઘરવાળાએ વાતને વધાવી લીધી. એમણે ગઢપુરની વાટ લીધી. આ બાજુ ભગતે ઘર બંધ કરી, ખડકીને સાંકળ વાસી, આગળના ભાગે બાવળ-બોરડીના ગળાયા મૂકી વાડીની વાટ લીધી; વાડીએ જ વાસ કર્યો અને ભજન સ્મરણ કરતાં કરતાં દિવસો પસાર કરવા લાગ્યા.

આ બાજુ દેવજી ભગતના ઘરવાળા ગઢપુર પહોંચ્યા. પોતાના માથા ઉપર સીધા-પાણીનો સૂંડલો હતો, તે નીચે મૂકી તેઓએ મહારાજને પંચાંગ પ્રણામ કર્યાં.

અંતર્યામી મહારાજ બધું જ જાણતા હતા છતાં પૂછ્યું, "કેમ બહેન? અમારા દેવજી ભગત સુખિયા તો છે ને!!" દેવજી ભગતના ઘરવાળાએ કહ્યું, "મહારાજ! તમારી કૃપાથી ભગત સુખિયા તો હતા જ, એમાંય હમણાં તમે વધારે સુખિયા કર્યા છે."

સભામાં બેઠેલા ભક્તોને બાઈની વાત સમજાણી નહિ. એમને તો એવું જ લાગ્યું કે, 'મહારાજે થોડી સુખ-સાહ્યબી વધારે આપી હશે!' પરંતુ વાત કંઈક જુદી જ હતી.

દેવજીભગતના ધર્મપત્નીના કહેવાનો મર્મ સભામાં બેઠેલા કોઈ સમજ્યા નથી એ મહારાજે જોઈ લીધું હતું, એટલે એમણે ફરીથી પૂછ્યું, "બહેન! સુખિયા હતા અને વધારે સુખિયા કર્યાં એટલે શું?"

દેવજી ભગતના ઘરવાળા બોલ્યા, "મહારાજ! આપની કૃપાથી અમારે ત્યાં એક જુવાનજોધ દીકરો હતો, વરવા-પરણવા લાયક થયો હતો એટલે અમને એની થોડી ચિંતા થતી હતી, પરિણામે ભજનમાં થોડો વિક્ષેપ થતો હતો. આપે કૃપા કરી એને આપની પાસે અક્ષરધામમાં બોલાવી લીધો, પરિણામે વ્યવહારિક વિક્ષેપ શાંત થયો. હવે વધારે સુખેથી ભજન-સ્મરણ થાય છે. એટલે વિશેષ સુખિયા થયા."


માથે આભ તૂટી પડ્યા જેવી ઘટનાને દેવજી ભગતના ઘરવાળાએ સાવ સામાન્ય બીના બની હોય એમ બયાન કર્યું. દેવજી ભગતના ઘરવાળાની વાત સાંભળી સભા સ્તબ્ધ થઈ ગઈ. એકનો એક જુવાનજોધ દીકરો ગુજરી ગયો હોય અને એની જનેતા આટલી સ્થિતપ્રજ્ઞતાથી વાત કરતી હોય, ત્યારે સર્વને આશ્ચર્ય ન થાય તો શું થાય?!

ભગવાન શ્રી સ્વામિનારાયણે સભામાં પ્રગલ્ભ સ્વરે વાત માંડી, "ભક્તો! સંસારમાં રહેવા છતાંય આ બેયની સમજણ જનક રાજાને પણ ટપી જાય એવી છે. વાતો કરવી, ઉપદેશ આપવો સહેલો છે, પરંતુ આવી કસોટીના પ્રસંગે ભલભલા જ્ઞાનીઓ પણ આકુળવ્યાકુળ થઈને ગોથાં ખાઈ જતા હોય છે. એમની ધીરજ અને સમજણ વરાળ થઈને ક્યાંય હવામાં ઊડી જતા હોય છે, જ્યારે આ દંપતીનું ધૈર્ય અને સમજણ મેરુ જેવા અડગ છે!"

વાત કરતાં કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણે માર્મિક ટકોર કરી, "આ દાદા ખાચરના દરબારગઢમાં થોડા દિવસ પહેલાં એક નાની દોથાં જેવી દીકરી ગુજરી ગઈ તોય રોકકળ કરીને આખો દરબારગઢ માથે લીધો હતો, અમારો પણ મલાજો રાખ્યો ન હતો. ક્યાં આ અભણ ખેડૂત પરિવારની સમજણ? અને ક્યાં તમારી સમજણ?! એટલે તો અમે આ દેવજી ભગતને અને એમના ઘરવાળાને ભક્તોમાં શિરોમણિ ગણીએ છીએ; અમે એમને અમારી માળાના પહેલા પારામાં સ્થાન આપ્યું છે!"

ભગવાન શ્રી સ્વામિનારાયણને ત્યાં આવા ઉત્તમ એકાંતિક ભક્તોનો સમુદાય મોટા પ્રમાણમાં હતો.







સ્વામિનારાયણ સંત માધવપ્રિય સ્વામી મળવા જેવા સાધક છે. એમના સત્સંગમાં માત્ર શબ્દનું નહીં પણ મૌનનું પણ આકાશ ઊઘડે છે. એમની પાસે વિચારનું ભાથું છે અને આચારસંહિતા છે.

એમના શબ્દોમાં ક્યાંય પણ આક્રમણ નથી હોતું. હૃદયનિષ્ઠ સમજણથી માધવપ્રિયજી વાત કે વ્યાખ્યાન કે કથા કહેતા હોય છે. એમને સાંભળવા અનેક ભાવિકો ટોળે વળે છે, પણ ટોળાનું તેઓ સત્સંગના મેળામાં રૂપાંતર કરી શકે છે.

જીવનભર એમણે સંસ્કૃત શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો છે. એ વિદ્વાન છે, પણ વિદ્વત્તાના ભાર વિનાના. એ સહજ અને સ્વાભાવિક છે. કશુંયે કોઈને આંજવા માટે બોલતા નથી. એમનું કામ તો મનુષ્યના મન અને હૃદયને માંજવાનું છે. એમની સાથે અમસ્તી પણ વાત છેડો તો ક્યાંય વાણી કે મૌનમાં અહમ્‌ની મુદ્રા જોવા નહીં મળે.

ગુજરાતના ગામેગામ એ પરિવ્રાજક થઈને ફરતા હોય છે અને મનનો થાક ઉતારે એવી કથા કહેતા હોય છે. માત્ર ગુજરાતમાં જ નહીં દેશપરદેશમાં પણ એમની વાણીના અમૃતને પીવા માટે કેટલાયે તરસ્યા કાન અને પ્રાણ આપમેળે ખેંચાઈ આવે છે.

— સુરેશ દલાલ

ISBN : 978-81-7997-692-0

₹ 500